પરિષદ-ગ્રંથાવલિ ગ્રંથ બીજો

પરિષદ-પ્રમુખોનાં ભાષણો

[ગુજરાતી સાહિત્ય પરિષદના પહેલેથી તેર અધિવેશનના પ્રમુખોના ભાષણોનો સંગ્રહ]

ગુજરાતી સાહિત્ય પરિષદ

પ્રાપ્તિસ્થાન

ભારતીય વિદ્યા ભવન

નવગુજરાત

અંધેરી : મુંબઈ

પરિષદ-ગ્રંથાવલિ ગ્રંથ બીજો

પરિષદ-પ્રમુખોનાં ભાષણો

[ગુજરાતી સાહિત્ય પરિષદના પહેલેથી
તેર અધિવેશનના પ્રમુખોના ભાષણોનો સંગ્રહ]

ગુજરાતી સાહિત્ય પરિષદ

પ્રાપ્તિસ્થાન

ભારતીય વિદ્યા ભવન

નવગુજરાત

અંધેરી : મુંબઈ

: પ્રકાશક :
ગુજરાતી સાહિત્ય પરિષદ
માટે
ડૉ. મણિલાલ પટેલ
ભારતીય વિદ્યા ભવન
[illegible]
ચોપાટી : મુંબઈ

પ્રથમ આવૃત્તિ : પ્રત ૫૦૦

ચાર રૂપિયા

: મુદ્રક :
મણિલાલ કલ્યાણદાસ પટેલ
શ્રી સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ
પાંચ કુવા દરવાજા બહાર
અમદાવાદ

નિવેદન

ઇ સ ૧૯૪૦ ના સપ્ટેમ્બર માસમા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિકારીમડળે નિર્ણય કર્યો કે પરિષદ–ગ્રથાવલિ અને પરિષદના પ્રકાશનોનુ પ્રકાશનકાર્ય ભારતીય વિદ્યા ભવન મારફત કરાવવુ વસ્તુત ભારતીય વિદ્યા ભવને જાતે પરિષદના આ કાર્યનો પોતાની પ્રવૃત્તિમા સમાવેશ કરવાનુ માગી લીધુ હતુ તદનુસાર આ પ્રકાશન–પરિષદ ગ્રથાવલિનો બીજો ગ્રથ, ‘ પરિષદ–પ્રમુખોના ભાષણો ’ ગુજરાતી સાહિત્ય પરિષદના પહેલેથી તેર અધિવેશનના પ્રમુખોના ભાષણોનો સગ્રહ–ગુજરાતની સાહિત્યરસિક પ્રજા સમક્ષ અમે રજૂ કરીએ છીએ અને એના સપાદન અને પ્રકાશનમા નિમિત્ત બનવાનો અવકાશ આપવા માટે પરિષદના અધિકારીમડળનો આભાર માનીએ છીએ

આ ગ્રન્થ પ્રગટ કરવામા જેઓએ સીધી કે આડકતરી, એક કે બીજા પ્રકારે, જે કઇ સાહાય્ય કરી છે તે માટે તે સર્વનો અહીં અમે આભાર માનીએ છીએ

ભારતીય વિદ્યા ભવન

ગુજરાતી સાહિત્ય પરિષદનાં નવાં પ્રકાશનો

- ઐતિહાસિક સંશોધન
  શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી . ૫-૦-૦
- અહેવાલ અને નિબંધસંગ્રહ
  ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન
  તેરમું અધિવેશન, કરાંચી . ૮-૦-૦
- અહેવાલ અને નિબંધસંગ્રહ
  શ્રી હૈમ સારસ્વત સત્ર—
  ગુજરાતી સાહિત્ય પરિષદનું
  ખાસ સંમેલન, પાટણ ... ૩-૦-૦
- પરિષદ-પ્રમુખોનાં ભાષણો
  ગુજરાતી સાહિત્ય પરિષદનાં
  પહેલેથી તેર અધિવેશનના
  પ્રમુખોનાં ભાષણોનો સંગ્રહ ... ૪-૦-૦

: પ્રાપ્તિસ્થાન :

ભારતીય વિદ્યા ભવન

નવગુજરાત

અંધેરી : મુંબઇ


અનુક્રમણિકા

★

પરિષદ–પ્રમુખોનાં ભાષણો

realpatidar.com

realpatidar.com



સ્વ. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી
[ઇ. સ. ૧૮૫૫–૧૯૦૭]
પ્રમુખ · પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદ,
અમદાવાદ, ૧૯૦૫.

શ્રી. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનું ભાષણ

પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

જૂન—જુલાઈ ૧૯૦૫

સ્વ. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

ઈ. સ. ૧૮૫૫ થી ૧૯૦૭ સુધીના જીવન વિસ્તારમાં સ્વ.ગોવર્ધનરામભાઈએ ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવા અનેક પ્રયત્નો કર્યા છે. ઇ. સ ૧૮૮૭માં સરસ્વતીચન્દ્રનો પહેલો ભાગ પ્રગટ કરીને એમણે ગુજરાતી નવલકથાને નવે માર્ગે પ્રયાણ કરાવ્યું. અને એ કથાના ચાર ભાગ સંપૂર્ણ થતાં તો ગુજરાતને આકર–ગ્રંથ–"પુરાણ" સ્વ. ગોવર્ધનરામભાઇ તરફથી મળે છે.

ચિન્તનશીલતા અને જ્ઞાન એ સ્વ. ગોવર્ધનરામભાઈનાં પ્રધાન લક્ષણો છે. નવલરામની જીવનરેખા, સાક્ષરજીવન, દયારામનો અક્ષરદેહ, Classical Poets of Gujarat વગેરેમાં એમની વિવેચનશક્તિનો પણ આપણને પરિચય થાય છે. પરંતુ સ્વ. ગોવર્ધનરામભાઈ પ્રધાનતઃ તો દ્રષ્ટા હતા. અને એમનું દર્શન ઊંડું અને વિશાળ હતુ. એમની જ્ઞાનસમૃદ્ધિ પણ એવી જ વિપુલ હતી.

સરસ્વતીચન્દ્રના ચાર ભાગોમાં પણ શું નથી ? સમાજ, સંસાર, રાજનીતિ, ધર્મ, આચાર, ફિલસૂફી વગેરે આપણા સમગ્ર જીવનને સ્પર્શતાં અનેક તત્ત્વો એમાં છે. કર્તાની સર્વ વ્યાપી દૃષ્ટિમાંથી ભાગ્યે જ કંઇ બહાર રહી જાય છે.

ગુજરાતને આંગણે સાહિત્ય પરિષદ ભરવાના મનોરથો ઊગે છે અને ગુજરાતના સાહિત્યકારો પાટનગરમાં એકત્ર થાય છે. એ સમયે ઈ. સ. ૧૯૦૫ની સાલમાં ગુજરાતને સદ્‌ભાગ્યે સ્વ. ગોવર્ધનરામભાઇ જેવા એક જબ્બર સાહિત્યકાર ગુજરાતમાં હતા અને તેથી આપણી એ પહેલી પરિષદનું પ્રમુખપદ સ્વ. ગોવર્ધનરામભાઈથી અલંકૃત બને છે.

ઉપોદ્ઘાત

આજનો પ્રસગ કેટલીક રીતે ગુચવડા ભરેલો લાગે છે તેનું કારણ સાહિત્યની બાબતો જેટલી સાક્ષરોને ઉપયોગી છે, તેટલી સામાન્ય વર્ગને જણાશે કે કેમ તે જોવાનુ છે આ સભાના કાર્યક્રમમા જોડણી, લિપિ વગેરે શાસ્ત્રીય વિષયો છે, તેમા સામાન્ય માણુસને રસ ન પડે, છતા આટલા બધા ગૃહસ્થો આનદ સાથે પધારેલા છે અને પદર–સોળ ગૃહસ્થો પોતાના લખાણુ મૂકશે, તે તમે કેટલી ધીરજથી સાભળશો અને તેમા તમને રસ પડશે કે નહિ તે વિષે ગભીર શકા છે પ્રથમથી એટલા માટે જણાવુ છુ કે, જેઓ ઘણો શ્રમ કરી આવ્યા છે તેઓ નિરાશ ન થાય તે માટે તૈયારી રાખવી જોઈએ જે લેખ આવ્યા છે તે દરેક મહત્ત્વના છે અને તે વિશ્વાસ તથા આશાથી સાભળશો સાહિત્ય બહુ જરૂરનુ છે, પરતુ હાલમા સાહિત્ય લખનારને હિદમા કોઈ પૈસો આપનાર નથી અને જેમ લોકો તરફથી તેમ સરકાર તરફથી ટેકો મળતો નથી તેમ સાહિત્ય બહાર પાડનાર પુસ્તકો બહાર પાડે છે, પણુ વાચનાર મળશે કે નહિ તે વિચાર મનમા ઉત્પન્ન થાય છે, માટે તેવાઓએ ધૈર્યથી કામ લેવાની ફરજ સમજવી એવી વિનતિ છે

બીજી વાત, પ્રમુખને કામ સોપેલુ છે, તે કામ એક રીતે કશુ નથી અને બીજી રીતે જોખમ ભરેલુ છે બીજી સભામા "ઠરાવો" થાય છે, જે એક પક્ષના હોય છે આમા તેવુ કઈ નહિ મળે

સાધારણુ રીતે આપણે વખત વિચારીને એવી યોજના કરી છે કે, જે વિચાર મૂકાશે અને જેના લખાણુ વચાશે તે સબધે ચર્ચા રાખવાની નથી હાલ તો વકીલની માફક પુરાવો એકઠો કરવો છે જોડણી, લિપિ વગેરેમા મતભેદ છે અને એક યુગ જાય અને બીજો આવે તેવી સ્થિતિ છે હાલ તો સધ્યાકાળની સમીપે છીએ અને રાત્રિ વીતીને મળસકુ થાય ત્યારે સિદ્ધ સ્વરૂપ આખરે પ્રકટ થાય

કોઈ કહેગે કે જુદા જુદા અભિપ્રાય દર્શાવે તેમા ફળ શુ, પરતુ તેમાજ ફળ છે સૌ ઊભરા કાઢ્યા પછી પાશ્ચાત્ય શાસ્ત્રના નિયમ પ્રમાણે અનેક ચર્ચા થયા પછી જે ઉત્તમ હશે તે જય પામશે હાલની વસ્તુમા તમારું કામ સાભળી રહેવાનું છે અને ધૈર્ય રાખવાનુ છે

આ સભાનો ઉપક્રમ આપણા મંત્રીએ વિસ્તારથી દર્શાવેલો છે. તે ઉપક્રમનો નિર્વાહ સભ્યજનોએ કરી બતાવવાનો છે અને તે પછી તેનો ઉપસંહાર યથાશક્તિ, યથામતિ મારે શિર છે; તો આ આરંભ-સ્થાને તે વિષયોથી તટસ્થ રહેવામાં અને અન્ય વક્તાઓના મધુર ગુંજારવથી પ્રસન્ન થઈ, તે પછી તેમનું અનુકરણ કે તેમના વિષયોનું અનુસ્તવન કરવામાં, તેમના પ્રતિ મારો ધર્મ વધારે સચવાશે એમ ધારી આ સ્થાને મને તમારા પ્રમુખસ્થાને પ્રતિષ્ઠા આપવા માટે તમારો ઉપકાર માનું છું, અને હવે પછી જે વિષયો ચર્ચાવાના છે, તેના સિવાય કાંઈ અન્ય વિષયોમાં ચંચૂપાત કરવાની રજા માગું છું.

આ યુગનો તાલબન્ધ

બન્ધુજનો, આ યુગ, રાજકીય, સાંસારિક અને અન્ય વિષયના સમાજોનો છે. કોઈ સ્થાને કોંગ્રેસો તો કોઈ સ્થાને કોન્ફરન્સો, કોઈ સ્થાને ક્લબ નામે તો કોઈ સ્થાને એસોસિયેશન નામે, સમાજો આ તેમ અન્ય દેશોમાં ભરાય છે. જ્યાં સર્વ પાસ આવા સતારના રણકારા સંભળાય છે, ત્યાં આપણા એકતારાનો ધ્વનિ પણ તેમાં ભળે અને સામાજિક પ્રવૃત્તિના લક્ષમાં કાંઇક વૃદ્ધિ કરે, તો તે ચિત્ર દેખીતુ સુન્દર જ છે. જ્યાં ચારે પાસ ગાનતાન મચી રહેતું હોય એવા પ્રદેશમાં ઊભું રહેલું પ્રાણી ગાનાદિકમાં કુશળ નહિ હોય, તો બોલ્યા વિના હૃદયમાં ગાન ઉતારવા માંડશે, તેના હાથપગ તેની પ્રેરણા વિના તાલ આપતા હોય તેમ નૃત્ય કરશે, અને પ્રસિદ્ધપણે વર્તતા ગાનમાં અપ્રસિદ્ધપણે આ હૃદય અને શરીર લય પામશે. જો ગાનમાં કુશળ ન હોનાર આવો લય પામશે, તો ગાનમાં પ્રવીણ સત્ત્વો પ્રકટપણે એવા ગાન ભેગું ગાન કરવા મંડી જશે આવી જાતના લયનું કારણ આ સૃષ્ટિમાત્રનો જડ-ચેતન-વ્યાપી એક નિયમ છે અને તે નિયમનું નામ Rhythmic Law-તાલબન્ધ અથવા અનુપ્રાસયોજના આપીએ તો સમજાય એવું છે. આપણી સાહિત્ય પરિષદ, આખા આર્યાવર્તના એક સમાજપ્રવર્તક નૃત્યમાં આવા તાલબન્ધ નિયમના બળથી ઊભી થઈ છે. જે સરસ્વતીદેવીને આપણા ઋષિમુનિઓએ વીણાધારિણી ગણેલી છે, તે દેવીના ભક્તો આવા નિયમ પાળે, તો તે દેવીની પૂજા ફલદાયિની થશે એવી આશા કેવળ શુષ્કવાદ જેવી નથી.

તાલભંગમાં તાલબન્ધ

આ "આશા શુષ્કવાદ જેવી નથી" એ શબ્દોનો ઉચ્ચાર કરુ છુ, ત્યા એક શકા મારા હૃદયમાં ઊભી થાય છે. આવા તાલબન્ધ એક પાસથી દૃષ્ટિગોચર થાય છે, તો બીજી પાસથી તાલભગના કઠોર ચિત્ર પણ દૃષ્ટિગોચર થયા વિના રહેતા નથી કોગ્રેસમા ઐકયની ગર્જનાઓ જે કાળે થાય છે, તે જ કાળે તેમા નૃત્ય કરનારાઓના ચરણો ઉપર કોઈ ગુપ્ત રીતે તો કોઇ પ્રકટ રીતે, લાકડીઓ મારી તેમને લૂના-લગડા કરી દેવાના પ્રયત્ન કરનારાઓના ચિત્ર પણ જોઉ છુ સોશિયલ કોન્ફરન્સને પણ એવા જ ઘાત થાય છે અને તમે જે કોઇ સામાજિક કામ કરશો, તે સર્વમા પણ એક પાસથી તાલબન્ધ તો બીજી પાસથી આવો જ તાલભગ પણ જોશો આવે પ્રસગે તાલબન્ધના પક્ષના કોઈક હૃદયો નિરાશ થાય છે, તો કોઈક હૃદયોમા વધારે શૌર્ય ચડતુ દેખુ છુ કોઈક પગ ભાગી જઈ નૃત્ય કરનારમાથી એક જણાને ઓછો કરે છે, તો કોઈ સ્થાને એ એકને સ્થાને બીજા બે નૃત્ય કરનાર ઊભા થાય છે, કોઇક સ્થાને પૃથ્વી પરથી પડતી લાકડીઓના પ્રહારને બળે ભાંગી પડવાને સાટે કેટલાકના ચરણો વધારે વધારે ઊંચા ઊછળી ઊછળી વધારે વધારે નૃત્ય કરે છે આ સર્વ જોઈ હુ નિરાશ થતો અટકુ છુ ધીમે ધીમે તાલભગમા પણ તાલબન્ધની જ સાકળો દેખુ છુ ને તાલબન્ધ અને તાલભગ ઉભયને પ્રેરનાર એક પરમતત્ત્વને જોઇ તેનામા શ્રદ્ધા પામુ છુ એ પરમતત્ત્વને બળે જેમ દાડિયા રમનારા એકબીજાના હાથના દાડિયાને પોતાના હાથના દાડિયા વડે ઝાપટે છે, તે જ રીતે તાલભગવાળાના પ્રહારથી ઝપટાતા તાલબન્ધમા અને તાલબન્ધને પ્રેરતા તાલભગમા, હુ કોઈ મહત્તર તાલબન્ધ દેખુ છુ ગણિતશાસ્ત્રીઓ વત્તા અને ઓછાના ચિહ્ન—plus અને minus—વાળી સખ્યાઓ એકઠી કરી એક કૌસમા મૂકી તેનો ઉપયોગ કરે છે, તેમ સસારના ગણિતનો પરમ-શાસ્ત્રી પણ આ તાલબન્ધ અને તાલભગને આવા જ કૌસમા મૂકી કોઈ પરમ સાધ્યને સાધે છે, તેને પાશ્ચાત્ય શાસ્ત્રીઓ Evolution કહે છે

ગુજરાતી સાહિત્ય પ્રત્યેનો ધર્મ

ગુજરાતી સાહિત્યનો વિસ્તાર વધારવો અને એ સાહિત્યને લોકપ્રિય કરવુ, એ આ સભાનો ઉદ્દેશ છે ઉદ્દેશના વિષયમા તાલભગ

રમનારાઓ રમતાં રમતાં જાતે લડી પડે છે, ત્યારે કેટલાક રમનારાઓ બાજી પરનાં દાંતનાં અને લાકડાંનાં રમકડાંને રમાડતાં, એ રમકડાંના જયપરાજયથી પોતાના હૃદયને જયપરાજયની વૃત્તિઓથી પરાભવ પમાડતા નથી. ડાહ્યા વકીલો અસીલોને માટે યુદ્ધ કરવામાં આગ્રહ રાખે છે અને તે કાળે જ એકબીજાના સ્નેહભાવને હીન કરતા નથી. એક પાસથી તેઓ અસીલને માટે લડે અને બીજી બાજુથી તેમનાં હૃદય હસી હસી અન્યોન્યની પ્રીતિ કરે, એવો એ ધંધાનો અનુભવ છે. તમે પરસ્પર સાથે પૂરા આગ્રહથી ચર્ચા ચલાવો તેની સાથે જ એ ચર્ચા કરતાં પ્રીતિ અને બન્ધુતાની ચન્દન-અર્ચાથી ચર્ચાવ, અને તમારાં હૃદય વધારે સંધાય, એ કળા તમે પામશો, તો આ સભામાં હૃદયના તાલભંગનો સ્પર્શ નહિ થાય. ઉત્તરરામચરિત નાટકમાં લવ અને ચન્દ્રકેતુ શસ્ત્રયુદ્ધ કરતાં કરતાં હૃદય-પ્રીતિ પામી ગયા; એ આર્યોની પદ્ધતિનું અનુકરણ આપણી સભાના સભ્યજન ધારશે તો કરી શકશે.

એવી પ્રીતિથી થોડો ભાગ-ગુજરાતી સાહિત્યવૃક્ષના પાંચ પર્વ (પેરાઇઓ)-મૂકવા માગું છું.

ગુજરાતી સાહિત્યના ઉદય પહેલાં કેવું સાહિત્ય હતું ?
બ્રાહ્મણ તથા જૈન વિદ્વાનોનું સાહિત્ય
રાજકીય ઇતિહાસ અને અસર

ગુજરાતી સાહિત્ય, શેલડીને જેમ પેરાઈ હોય તેમ પેરાઈ નાંખીને વધેલું છે; ને નરસિંહ મહેતાની પેરાઈ નાખી વધેલું છે તે મૂકવા માગું છું. ૧૮૫૦ પછી અર્વાચીન કવિઓને બાદ કરવામાં આવ્યા છે, કારણ હાલના વિદ્વાનપુરુષોને તે પ્રસિદ્ધ છે. ગુજરાતી ભાષાનાં થડ-મૂળ ક્યારે બંધાયાં, નરસિંહ મહેતા પહેલાં કેવું સાહિત્ય હતું, તે બતાવવાની જરૂર છે. હાલ જ્યારે કોઇ કવિતા લખવા બેસે છે ત્યારે મનમાં કાંઇ વિચાર ઉત્પન્ન થાય તે ઉપરથી લખે છે; પરંતુ નરસિંહ મહેતા અને મીરાંબાઇને તેમ થયું નહોતું. જેમ જ્વાળામાંથી કડાકા થઇ નવો અગ્નિ પ્રગટે, તેમ તેમને થયું હતું; જે તેમના ઇતિહાસથી જાણીતું છે.

પર્વ પહેલું : મૂળ અને થડ

૧ ગુજરાતમા ગુજરાતી સાહિત્યના ઉદય પહેલા કેવુ સાહિત્ય હતું, કઇ ભાષામા હતું, રાજકીય સ્થિતિ કેવી હતી તે વિષે જાણવાની જરૂર છે તેના ગુણથી ગુજરાતી સાહિત્યના મૂળથડની જનની-ભૂમિની ઓથે Heredity થી શુ ઊતર્યું, તે વિષે જાણવાની જરૂર છે

(अ) રજપૂત રાજાઓનો કાળ.—ઈસ ૭૪૬-૧૨૯૮ વન રાજથી કર્ણદેવ વાઘેલો અણહિલવાડ પાટણમા સસ્કૃત સાહિત્યનો યુગ તે ગુજરાતી સાહિત્યના આદિ યુગનો પૂર્વજ હતો

ઈ સ. ૮૨૫	યાદવોએ દ્વારકા છોડયુ અને તેઓના નાયક દઢ-પ્રહાર રાજાની સાથે દક્ષિણમા ચન્દ્રાદિત્યપુર અથવા શ્રીનગરમાં જઈ વસ્યા
ઈ સ. ૧૦૧૦-૪૧	ધારાના વિદ્વાન રાજા ભોજે અણહિલવાડ લાટ દેશ (સુરત સુધીના) વગેરે ઉપર ચડાઈ કરી તેણે રચેલા પુસ્તકો—સરસ્વતીકંઠાભરણ, રાજ-મૃગાંકકરણ વગેરે
ઈ સ ૧૦૧૦	આનદપુર (વડનગર) ના ઉવ્વટે અવન્તીમા વાસનેયસહિતા ઉપર ભાષ્ય લખ્યુ
ઈ સ ૧૦૨૪	જિનેશ્વર નામના જૈન યતિએ અણહિલવાડના દુર્લભ પાસેથી 'ખરતર' પદ મેળવ્યું, એણે ખરતર ગચ્છ સ્થાપ્યો અને અષ્ટવૃત્તિ તથા લીલાવતી લખ્યા.
ઈ સ. ૧૦૫૦-૫૫	વિક્રમાંકદેવચરિત (૧૦૫૦ માં લખાયેલું તેમા સોમેશ્વર ચાલુક્યે ધારાના ભોજ ઉપર મેળવેલી જીતનુ વર્ણન છે)
ઈ સ. ૧૦૫૦	ત્રિલોચનપાલ ચાલુક્યનું લાટ દેશ પર રાજ્ય હતું, એ સબધી સુરતનો તામ્રલેખ છે

-ઉપરનાં તમામ પુસ્તકો સસ્કૃત ભાષામાં રચાયેલા છે ઈસ દશમા શતકથી ભાષાસાહિત્યની શરૂઆત થાય છે

ઈ. સ. ૧૦૫૧ તામિલમાં હાલાસ્યમાહાત્મ્યનું રૂપાંતર મધુપુરાણ લખાયું.

ઈ. સ. દશમા શતકમાં હિંદી ભાષા હતી પણ એનું સાહિત્ય નહોતું.

ઈ. સ. ૧૩ મું શતક—મલ્લિનાથ ટીકાકાર અને તેમના પુત્ર નરહરિ; કાવ્યપ્રકાશના સરસ્વતીતીર્થ નામના ટીકાકાર થયા.

ઈ. સ. ૧૨૬૦ દેવગિરિના યાદવરાજા મહાદેવે ગુજરાત ઉપર ચડાઇ કરી અને વિશળદેવ ઉપર વિજય મેળવ્યો. તેનો મુખ્ય અમાત્ય હેમાદ્રિ, એણે ચતુર્વર્ગ-ચિન્તામણિ નામનો ગ્રન્થ તથા વાગ્ભટ્ટ પર ટીકા લખી. હેમાદ્રિનો આશ્રિત બોપદેવ હતો. તેણે હરિલીલા, શતશ્લોકી વગેરે ગ્રન્થો લખેલા છે; બધા સંસ્કૃતમાં છે.

આ વખતમાં તામિલ વ્યાકરણ લખાયું.

ઇ. સ. ૧૨૯૨ સંસ્કૃત ગ્રન્થો ઉપર વાર્તિક લખનાર જિનપ્રભસૂરિ અને હેમચંદ્રની સ્યાદ્વાદ-મંજરી ઉપર ટીકા લખનાર મલ્લિષેણસૂરિ હતા.

ઈ. સ. ૧૨૯૩ કાવ્યપ્રકાશ ઉપર જયન્તી ટીકા લખનાર જયન્ત ગુજરાતના સારંગદેવના રાજ્યમાં હતો.

ઉપસંહાર

સુરત સહિત આખા ગુજરાત કાઠિયાવાડમાં રજપૂત રાજાઓનો અમલ હતો અને સાહિત્ય સંસ્કૃત હતું. જૈન વિદ્વાનોમાં પણ ઘણુંખરું સંસ્કૃત સાહિત્ય હતુ. ગુજરાત બહાર પણ એ જ સાહિત્ય હતું, પણ હિંદી ભાષાનો અને તામિલ સાહિત્યનો ઉત્તર દક્ષિણમાં જન્મ થયો હતો. રજપૂત રાજાઓ વિષે ભાટચારણોના રાસા વગેરે-રાસમાલા-ગુજરાતી ભાષાની બહેનપાણી પ્રાકૃત અને અપભ્રંશ ભાષાઓમાં લખાયા. કંઈક મારવાડી, કંઇક વ્રજ અને કંઇક બીજી ભાષામાંથી મિશ્રણ-તે રાજકવિઓની ભાષા હતી અને બ્રાહ્મણ જૈન વિદ્વાનોની સાહિત્યભાષા સંસ્કૃત હતી. જન્મ પામતી ગુજરાતી એ સર્વમાં મિશ્રણરૂપે બોલાતી હોવી જોઇએ. સાંપ્રત કચ્છી ભાષા

જેવી કદાચ તે વખતની ગુજરાતી ભાષા હશે કચ્છી ભાષામા સસ્કૃત શબ્દો ઘણા થોડા ફેરફાર સાથે બોલાય છે (જેમકે, દોહિત્રને સ્થાને દોત્રો, પૌત્રને સ્થાને પોત્રો વગેરે) પણ તેમા સાહિત્ય નથી

મુસલમાન-યુગમાં ગુર્જર સાહિત્ય

(આ) ૧૨૯૮-૧૪૨૦

(અણહિલવાડ પાટણ અલાઉદ્દીન તરફથી સર થયા પછી મુસલમાન સૂબાઓ વગેરેની હાડમારીમાં પડ્યુ, ત્યાથી તે ૧૪૧૭ મા અમદાવાદ બધાતા સુધી)

રાજકીય ઇતિહાસ

ઈ સ ૧૨૯૮ સોમનાથ, અણહિલવાડ અને ખભાત અલાઉદ્દીનના મોગલ સૂબાઓએ સર કર્યા

૧૩૦૮ અલાઉદ્દીને ઝાલાવાડ જીત્યુ

૧૩૧૫ ગુજરાતમા બડ.

૧૩૨૦ કાઠિયાવાડમા લાખા ફુલાણીનો વિજય

૧૩૩૯ મહમદ તઘલખ દિલ્હીને સાટે દોલતાબાદને (દેવગિરિને) રાજનગર કરે છે

૧૩૪૫ ગુજરાતમા બડ

૧૩૪૬ ,, ,,

૧૩૪૭ ગુજરાતમા બ્રાહ્મણશાહીનો આરભ

૧૩૪૯ મહમદ તઘલખે જૂનાગઢ લીધુ

૧૩૫૦ મહમદ તઘલખ ગોડળમા
(પછી ગુજરાતમા સૂબાઓનો કાળ)

૧૩૭૬ ગુજરાતના સૂબાનું બડ

૧૩૯૧ ગુજરાતમા બડ

૧૩૯૪ સૂબો જાફરખાન ઇડર જીતે છે

૧૩૯૬. એ જ સૂબો સોમનાથ દેવાલયનો નાશ કરે છે અને પોતે સ્વતત્ર થાય છે

૧૩૯૯ તૈમુર

૧૪૦૫ તૈમુરના મરણના સમાચાર ગુજરાતમા આવે છે

૧૪૦૭ ગુજરાત અને માળવા વચ્ચે વિગ્રહ (મુસલમાનો બે પાસ)

૧૪૧૩. ,, ,,

૧૪૧૭. પહેલા અહમદશાહે ૧૪૦૦માં બંધાવવા માંડેલું અમદાવાદનું કિલ્લાકામ સંપૂર્ણ થયું.

૧૪૨૦. અહમદશાહે ગુજરાતમાં શાંતિ પ્રવર્તાવી.

ધાર્મિક સાહિત્ય

૧૩૨૦. મેરુતુંગ (જૈન)

૧૩૨૨. સાતમા મધ્વગુરુ વિદ્યાતીર્થનું મૃત્યુ.

૧૩૩૪. હરિભદ્રસૂરિની જમ્બુદ્વીપ સંગ્રહિણી ઉપર પ્રભાનન્દસૂરિની ક્ષેત્રસંગ્રહિણીવૃત્તિ.

૧૩૩૯. આઠમા મધ્વગુરુનું મૃત્યુ.

૧૩૪૩. નવમા મધ્વગુરુનું મૃત્યુ.

૧૩૪૮. જૈન કર્તા મેરુતુંગ (૧૩૦૦ ના મેરુતુંગથી ભિન્ન.)

૧૩૫૩. તપગચ્છના કુલમંડનનો જન્મ.

૧૩૬૮. સોમતિલકસૂરિ(શીલતરંગિણીના કર્તા)નું મૃત્યુ.

૧૩૭૩. વિમલચન્દ્રસૂરિની પ્રશ્નોત્તરમાલા ઉપર દેવેન્દ્રની ટીકા.

૧૩૭૬. દશમા મધ્વગુરુનું મૃત્યુ,

૧૩૮૪. અગિયારમા મધ્વગુરુનું મૃત્યુ

૧૩૯૬. અભયદેવસૂરિનું " તિજયપહુત્ત " સ્તોત્ર.

અન્ય સાહિત્ય

૧૩૦૦. કય્યટઃ પતંજલિના મહાભાષ્ય ઉપર ભાષ્યપ્રદીપનો કર્તા.

૧૩૧૦. ગુજરાતના રાજા સારંગદેવ (કરણઘેલાનો બાપ)ના મન્ત્રી વિક્રમનો પુત્ર તેજસિંહ તે દૈવજ્ઞાલંકૃતિનો કર્તા.

૧૩૧૦. અલંકારનો ગ્રંથ–પ્રતાપરુદ્રીય–તેનો કર્તા વિદ્યાનાથ ઓરંગમાં થયો.

૧૩૩૬. જયવલ્લભ પ્રાકૃત વજ્જાલય નામના ગ્રંથ ઉપર છાયાકાર રત્નદેવ.

૧૩૪૩. રુદ્રપાલીયગચ્છના જિનપ્રભની ષડ્દર્શની.

૧૩૪૯. રાજશેખરસૂરિએ (દિલ્હીમાં) " પ્રબંધકોશ " કર્યો અને અન્યત્ર શ્રીધરની ન્યાયકન્દલી ઉપર " પંજિકા " રચ્યાં.

૧૩૫૦. સાયણાચાર્ય માધવાચાર્ય (વિજયનગરના મંત્રીઓ.)

૧૩૬૬. સંઘતિલકાચાર્યનું કુમારપાલચરિત્ર.

૧૩૭૨. રત્નશેખરસૂરિનું શ્રીપાલચરિત્ર.

ઉપસ હાર—અણહિલવાડ પાટણ પડયા પછી સવા સો વર્ષ વીત્યા બાદ ગુજરાતના સાહિત્યના મૂળ નરસિંહ મહેતા વગેરેએ રોપવા માંડયાં, તે પહેલાના આ સવા સો વર્ષનો મુસલમાન-યુગ—તેમા (ક) ગુજરાતની બહાર કય્યટનું ભાષ્યપ્રદીપ (૧૩૦૦) વિદ્યાનાથનુ પ્રતાપરુદ્રીય (૧૩૧૦) અને સાયણાચાર્ય અને માધવાચાર્ય (૧૩૫૦) ના સસ્કૃત સમર્થ ગ્રથો રચાયા છે, ત્યારે તેજસિંહના એક ગ્રથ (૧૩૧૦) વિનાના સર્વ ગ્રથો ગુજરાતમા માત્ર જૈનસાધુઓના રચેલા છે એ ગ્રથો પણ મોટા ભાગે ધર્મસાહિત્યના અને સસ્કૃત સાથે પ્રાકૃતમા પણ છે એ સાધુઓએ તેમના "ગચ્છો" નો આશ્રય પામી આટલો સાહિત્યવૃક્ષ ઊગવા દીધો છે, ત્યારે બ્રાહ્મણાદિક અન્યવર્ગનુ સાહિત્ય જે રજપૂત રાજાઓના કાળમા જ સ્ફુરતું હતું, તે કેવળ અસ્ત થયુ અને એ સાહિત્ય કેવળ અસ્ત થયા પછીના કાળમા ગુજરાતી સાહિત્યનુ મૂળ પ્રથમ રોપાયુ

(ખ) દિલ્હીના બાદશાહો, ગુજરાતના સૂબાઓ અને અન્ય નાના મોટા સરદારોના વિગ્રહ આ યુગના આરભથી તે ૧૨૫૦ સુધી ચાલ્યા, અને તેનો ક્ષોભ ઝાલાવાડ, જૂનાગઢ, ગોડળ વગેરે કાઠિયા-વાડના ભાગોમા અને બાકીના ગુજરાતમા ચાલી રહ્યો હતો તેવામા જૈનગચ્છોના ચાર પાચ સાધુઓ ઉક્ત સાહિત્યના એકતા આધારરૂપ હતા તે પછીના પચીશેક વર્ષમા એટલે ૧૩૭૬ સુધીમા રાજકીય શાતિ જેવુ પ્રમાણમા હતું, તેમા પણ બીજા પાચેક જૈન સાધુઓ જ એવા આધારભૂત હતા અને તે પછી લગભગ પચાસ વર્ષ સુધીમા તો જૈનસાહિત્ય પણ લગભગ શાત થઈ રહ્યુ અનેક બડો, ઈડર અને સોમનાથ ઉપર મુસલમાનસરદારોની ચડાઇઓ, તૈમુર લગે આખા હિંદુસ્તાનમા વર્તાવેલો ભયકમ્પ, અને અતે ગુજરાત અને માળવાના સુલતાનો વચ્ચેના વિગ્રહ, એ બનાવો ગુજરાતમા પચાસ વર્ષોમા ક્ષોભના વમળ વિસ્તારે છે અને સાહિત્યને કેવળ અસ્ત કરી દે છે.

શ્રમણયુગમાં સાહિત્ય

(ગ) પણ પ્રશ્ન એવો ઊઠે છે કે, જૈન સાધુઓ જેટલી સાહિત્યધારા ટકાવી શક્યા તેનો કાંઈ અશ પણ અન્ય વિદ્વાનોમા કેમ ન દેખાયો? તેઓ ક્યા ભરાઈ બેઠા હતા? આના ઉત્તરમા દન્તકથામાથી એવો ઉત્તર નીકળે છે કે, તેઓ ઘરબાર છોડી અન્ય

ઘરબાર શોધવાના વમળમાં પડ્યા હતા. વાણિયા-બ્રાહ્મણોના ઉદ્યોગ અણહિલવાડ પાટણમાં અશક્ય થતાં, તેઓ પોતાનું સર્વસ્વ લઈ અન્ય સ્થાનો શોધવા લાગ્યા. આજના કાળમાં ગુજરાત, કાઠિયાવાડમાં અનેક સ્થાનોમાં વાણિયા-બ્રાહ્મણની અનેક જાતિઓ જોવામાં આવે છે. તેમાંની કેટલીક અણહિલવાડ પાટણની આસપાસ આવેલાં એક વેળાનાં નગરોમાંથી આવી છે. કોટીશ્વર અથવા કોટયર્કને ઇષ્ટદેવ ગણનારા ખડાયતા બ્રાહ્મણ-વાણિયાનું મૂળ સ્થાન ખડાલ કે ખડાત જે હોય તે; હાટકેશ્વરને ઇષ્ટ દેવ ગણનાર નાગર બ્રાહ્મણો અને નાગર-વાણિયાનું મૂળ સ્થાન વડનગર અને વીસનગર; ઝારોળા વાણિયાઓનાં ઝારોલ ગામ અને હીમજમાતા, દેશાવળ વાણિયાનાં દીસા અને સિદ્ધેશ્વરી; શ્રીમાળી બ્રાહ્મણ વાણિયાઓનાં સ્થાન શ્રીમાળ અને ભિન્નમાળ અને ઇષ્ટદેવી મહાલક્ષ્મી અને મોઢ બ્રાહ્મણવાણિયાનું મોઢેરા. આ સર્વ જ્ઞાતિઓનાં આ મૂળસ્થાનો અને ઇષ્ટદેવોનાં દેવાલયો અણહિલવાડ પાટણની આસપાસના પ્રદેશમાં આવેલાં છે અને રજપૂત રાજાઓને આશ્રયે ઉદય પામેલા ઉદ્યોગ અને વિદ્યાઓમાં વળગેલી આ જ્ઞાતિઓ આશ્રયભંગ થયે, અન્ય આશ્રય શોધવા નીકળી પડેલી દેખાય છે. અમદાવાદ એ શતકમાં બંધાયું ન હતું. ચાંપાનેર, સુરત, મથુરા, કાશી વગેરે સ્થાનો સુધી આ નાસતી ભાગતી જ્ઞાતિઓ પ્રસરી ગઈ, પણ ગુજરાત-કાઠિયાવાડમાં આખરે ઠરેલી જણાય છે. આ ભ્રમણયુગ હતો અને એવા યુગમાં ગચ્છોના આશ્રયમાં રહેલા જૈન સાધુઓ જેટલું સાહિત્ય ટકાવી શક્યા તેનો અંશ પણ આ સંસારીઓ કેમ ન જાળવી શક્યા એ એમના આગલા ઇતિહાસથી સ્પષ્ટ થાય છે. જૈન ગ્રંથકારોની ભાષા તેમના અસંગ જીવનને બળે શુદ્ધ અને સરલ-રૂપે તેમના સાહિત્યમાં સ્ફુરે છે, ત્યારે આખા દેશના પ્રાચીન ભીલ આદિ અનાર્ય જાતિઓ અને રાજ્યકર્તા મુસલમાન વર્ગ એ ઉભયના સંસર્ગથી બ્રાહ્મણ વાણિયાઓની નવી ભાષા કેવી રીતે જુદું ધાવણ ધાવી બંધાઈ, તે પણ તેમના આ ભ્રમણના ઇતિહાસથી જ સમજાશે. એ સાધુઓની અને આ સંસારીઓની ઉભયની ગુજરાતી ભાષા આમ જુદે રૂપે બંધાવા પામી, તેની સાથે ઉક્ત યુગને અંતે ઉક્ત કારણોથી સંસ્કૃત વિદ્યા અને સાહિત્ય લોપ પામી ગયાં અને જો કોઈ નવું સાહિત્ય ઊગવા સરજેલું હોય, તો તેની ભાષા લોકની આ નવી ગુજરાતી જ હોવી જોઇએ, એવું અનુમાન આટલા ઇતિહાસમાંથી ફલિત થાય છે.

ઈ સ ના દશમા શતકમા હિદી ભાષા ઉત્તર હિદુસ્તાનમા જન્મી, તે કાળે ગર્ભરૂપે સ્ફુરવા પામેલી ગુજરાતી ભાષાના અસ્થિપજરમાં ચારસો પાચસો વર્ષોની ગર્ભસ્થિતિએ પરિપાક દશા આણી, સસ્કૃત સાહિત્યનો લોપ થતા, ગુજરાતી ભાષામા સાહિત્યજીવન સ્ફુરવા લાગ્યુ હોય એમ સમજાય છે કારણ, આપણા આદિ કવિઓની ભાષા તેવા પરિપાકને પામેલી સ્થિતિમા પ્રગટ થાય છે

સાહિત્યવૃક્ષનો ઋતુ

(ધ) આ જ યુગમા ગુજરાત બહાર અને શકરાચાર્યના દેશમા જ તેમના અદ્વૈતમાર્ગના વિજયયશોને પાછા હઠાવે એવો મધ્વમાર્ગ પ્રવર્તે છે અને દશ મધ્વગુરુઓ એક પછી એક આ પ્રવર્તનના આધાર બને છે મધ્વાચાર્ય અને રામાનુજ ઉભય ધર્મ-ગુરુઓ દક્ષિણમા બારમા શતકમા ઉદય પામ્યા હતા, પણ તેમના પથ ગુજરાત સુધી હજી આવ્યા ન હતા એમના પૂર્ણોદયનો કાળ કાઈક આ યુગમા જ હતો અને તેમના સાધુઓ ગુજરાતમા અને ઉત્તર હિદુસ્તાનમા કઈક આ યુગને અતે આવવા લાગ્યા હશે, એમ હવેના યુગના ઇતિહાસથી સમજાય છે ગુજરાતની ઉક્ત પ્રકારની ભૂમિમા અને ઉક્ત પ્રકારના ઋતુમા ભારથી ઉકત પ્રકારનો પવન વાવા લાગ્યો, તેવામા આપણા આદિકાળના કવિઓની શક્તિથી આપણા સાહિત્યવૃક્ષના બીજો રોપાયા

(૨) આદિ ગુર્જર સાહિત્ય. ૧૪૦૦–૧૫૦૦ સુમારે

આ બીજ આખા ગુજરાતમા રોપાયા નહિ, પણ જૂનાગઢ, દ્વારકા, પાટણ, અને સિદ્ધપુરમા પ્રથમ પ્રકટ થયા આ બીજયુગ લગભગ પદરમા શતકના અત સુધીનો છે

આ યુગમા સર્જકીય ઇતિહાસ–અને આર્યાવર્તમા સાહિત્ય અને ધર્મ

(અ) અમદાવાદના સુલતાનોની ચડાઇઓ–માળવા ઉજ્જન વગેરે ઉપર (૧૪૨૨), ઈડરના રાજા પુજાનું યુદ્ધમા મરણ (૧૪૨૮), ઝાલાવાડના રાજાની હાર (૧૪૩૦) સુરત પાસેનું બગલાન (૧૪૩૨), ચાપાનેર ઉપર ચડાઇ (૧૪૪૯) માળવાવાળા મહમદની કપડવણજ આગળ હાર (૧૪૫૧)

(आ) अमदावाद जुमा मस्जिद बंधाइ रही (१४२९), हात-मती
उपर अहमदनगरनो पायो (१४२७), अहमदशाहनुं मरण
(१४४२) अने महमद करीमशाहने गादी.

(इ) माळवा अने गुजरातनी संयुक्त सेनाओ उपर मेवाडना राणा
कुम्भानो विजय (१४४३), कुंभानी गुजरात उपर चडाइ
(१४५८), महमद बेगडो–चांपानेर उपर (१४८३ थी १४८५),
शिरोहीनो राजा गुजरात उपर (१४८७), कुंभानो पुत्र गादी
उपर (१४८९), ईडर उपर बेगडो (१४९६).

(उ) गिरनार उपर पांचमा राजा मांडलिकनो लेख (१४५९). राजा
मांडलिक हार्यो ने वटलायो (१४७१).

(ए) लाहोरमां शीखगुरु नानकनो जन्म (१४६९) अने मरण
(१५३८) वल्लभाचार्यनो जन्म (१४७९) बंगाळाना नदियामां
वैष्णव गुरु चैतन्यनो जन्म (१४८५), कबीरजीनो उदय (१४९०).

(ऐ) गीतगोविन्दना कर्ता जयदेव (१२मुं शतक) बंगाळामां; रामा-
नंद आग्रामां; कबीर बनारसमां; विद्यापति बिहारमां: तेणे
राधाकृष्णनुं रुपक लख्युं (मोगलना समयमां); मीरांबाइनी
गीतगोविंद उपरनी टीका; वल्लभाचार्य बनारसमां, आग्रामां
सुरदास, अने तुलसीदास अकबरना राज्यमां: तेओए आध्या-
त्मिक रहस्य विषे लख्युं. तेमां तुलसीदासे रामसीता विषे
(रामायण) लख्युं अने सुरदासे राधाकृष्ण संबंधे लख्युं.
तुलसीदासे उत्तर हिन्दुस्थानमां रामनी भक्तिनो उपदेश कर्यो.
तेवो उपदेश अमदावादमां दादुए कर्यो अने दादुना शिष्योए
रजपुतानामां कर्यो. बंने जहांगीरना राज्य वखते थया.

(ओ) नरसिंह महेतो (१४१५–८१),मीरां (१४०३–१४७०), पाटणनो
भालण (१४३९–१५३९); सिद्धपुरनो मोढब्राह्मण भीम
हयात हतो (१४८४); ए जाते उदीच्य हतो.

बीजरूप कविओ–नरसिंह वगेरे

आ शतकना पूर्वार्धमा नरसिंह अने मीरां अने उतरार्धमां
भालण अने भीम थइ गयां.

पूर्वार्धः—अमदावादमां प्रथम सुलतानीनो पायो नंखायो
अने आखा गुजरातमां तेमना तरफनो क्षोभ व्यापी रह्यो हतो.

તે વખતે માત્ર બે સ્થાને, નરસિંહના જૂનાગઢમા અને મીરાબાઈના દ્વારકામા, જેની ઉજ્જડ સ્થિતિએ કોઈ રાજાને કે સુલતાનને આઠમા શતક પછી આકર્ષ્યા નથી, ત્યા જ શાંતિ અને ઉદય હતા. તુર્કો ગુજરાત ઉપર ચડાઈઓ કરતા હતા, પરંતુ તેના બીજા ખૂણામા પડેલી દ્વારામતીમા જઈ શકે એમ નહોતું. તે દ્વારામતીએ મીરાને શાંતિ અને આશ્રય આપ્યા હતા, ત્યારે નરસિંહને સ્વદેશે આશ્રય આપ્યો હતો. ગૃહકુટુંબ અને જ્ઞાતિ સાથે ઉભય ભક્તોએ સબંધ છોડ્યો હતો અને શ્રીકૃષ્ણ સાથે નવો સબંધ બાંધ્યો હતો. ઉભયની કવિતામા અકૃત્રિમ શૈલી અને હૃદયપ્રસાદ છે. કઈ શક્તિએ દીવાસળી બનીને એમના હૃદયમા નવી જ્વાલાઓ પ્રકટી, અને કયા તેલથી એ જ્વાલાઓ તેમના મરણ સુધી હોલાઈ નહિ, અને તેમના ઉત્તરાધિકારીઓને દયાદ કરતી ગઈ, એટલા પ્રકરણના શોધમા ચમત્કૃતિ હોવી જોઈએ. ગુજરાતના આ આદિકવિઓમા આ જ્વાલાઓ ગુજરાત બહારના કોઈ પ્રસિદ્ધ નવા ધર્મપ્રવર્તકો-માથી નથી આવી, કારણ તે સર્વ આ કવિયુગના આયુષ્ય પછી જન્મ્યા અથવા ઉદય પામ્યા છે (જુઓ, ઉપર ‘એ’) તેમજ સર્વ પ્રવર્તકોના ઉપદેશના બીજ નરસિંહ અને મીરાના કાવ્યોમા છે, અને આ બેની કીર્તિ ગુજરાત બહાર કાશ્મીર અને સમુદ્ર સુધી પ્રસરી હતી, એ બે વાત ધ્યાનમા લઈએ છીએ ત્યારે ગુજરાતના આ બે રત્નની અમરપ્રભાઓથી આ સર્વ પ્રવર્તકોને ઉપદેશબીજ મળ્યા છે એવું ભાન થવાને પ્રસંગ છે. કોઈ નવો યુગ બેઠો હોય તેમ આખા હિંદુસ્થાનના સર્વ ભાગમા, આ પ્રવર્તકો નવા દીવા પેઠે પ્રકટ્યા હતા અને (જયદેવ અને મીરા સિવાયના સર્વ) તે દીવા-ઓના મૂળ દીવા નરસિંહ અને મીરા ગુજરાતમા તેમનાથી આગળ પ્રકટ્યા હતા.

આ મૂળ દીવાઓમા કોઈ પણ અન્ય જ્યોતિના પ્રભાવથી જ્વાલાઓ પ્રકટી હોવી જોઈએ તે વિષયે તેમની દન્તકથાઓ ઉપરાંત કાઈ પુરાવો શોધીએ તો તેમાથી પણ મળી જડે એમ છે.

(૧) મીરાબાઈ–(જુઓ, ‘અ’)

(૨) શ્રીમદ્ ભાગવતની અસર–આ શતકના ઉત્તરાર્ધના બીજ ઉપર થઈ, ગૂ કા ભા ૪ પૃ ૪૭, ભાગવત માહાત્મ્ય પૃ ૪૯–૫૧ ભાગવતના અધ્યાયોનો સાર અને પૃ ૧૫૨મા ફલશ્રુતિનો શ્લોક—

"પંડિત બોપદેવ દ્વિજ એક, કીધો હરિલીલા વિવેક,
તેને આધારે કહીએ કથા, સરોવર જગલો ફ્રવો યથા."

શ્રીમદ્ ભાગવત બોપદેવનું કરેલું છે એમ આજ કેટલાક માને છે અને કેટલાક નથી માનતા; પરંતુ બોપદેવે વર્તમાન ભાગવતરૂપે અથવા અન્ય ભાગવતરૂપે કંઈ પણ ગ્રન્થ તો કરેલો જ હતો. અને તે ગ્રન્થનો આત્મા આ કાળે ગુજરાતમાં સ્ફુરતો હતો, એટલું આથી સિદ્ધ થાય છે. બોપદેવના દેશના રાજાએ ગુજરાત ઉપર મવિજય પ્રયાણ ઈ. સ. ૧૨૬૦ માં કર્યું હતું એ આપણે જોયુ છે, અને તેણે રચેલી હરિલીલાને આધારે આપણા ભીમ કવિએ પણ ઉક્ત પ્રકારે હરિલીલા રચી છે ને તેમાં ભાગવતના અંશ આવે છે. એ રાજાના કાળથી તે ભીમના કાળ સુધી, જે બોપદેવની ભાગવતકથા ગુજરાતમાં કીર્તિમતી હતી, તે જૂનાગઢના રજપૂતરાજ્યમાં અપ્રસિદ્ધ નહિ હોય; અને એ કથાનાં બીજ અને રહસ્ય આપણા નરસિંહ મહેતાના હૃદયની જ્વાલારૂપ થયાં હતાં એમ એવા ગ્રન્થોમાં સ્પષ્ટ સ્ફુરે છે.

મીરાંને ગમેલું ગીતગોવિંદ અને નરસિંહને ગમેલું રાસલીલાવાળું ભાગવત* એ ઉભય ગ્રન્થોનું પૃથક્કરણ કરીએ તો દેવકથા અને દેવરહસ્ય એવા અંશ બેમાંથી નીકળે છે. અને તે ઉપરાંત ભાગવતમાંથી અધ્યાત્મજ્ઞાન, યોગ વગેરે પણ નીકળે છે, અને એ સર્વ અંશોનું શિખરસ્થાન પરાભક્તિમા આવે છે.

* રા. આનંદશંકર ગયા શ્રાવણના "વસંત" માં, (૧) મુંબઈ સમાચારના એક લેખકે આપેલી મીરાબાઇની જન્મમરણ તિથિઓ ઉપરથી અને (૨) ચૈતન્યાનુયાયી જીવા ગોસાંઈના પ્રસંગથી, એવું અનુમાન કરે છે કે, મીરાં સોળમા શતકના મધ્યમા (૧૫૪૦ માં) વિદ્યમાન હતાં, અને એમના હૃદયની જ્વાલા ચૈતન્યસંપ્રદાયથી પ્રકટી હતી. જે ગોસાંઇના પ્રસંગની કથા મીરાંએ ગાઇ છે, તે જીવા ગોસાઇની જ હતી એમ માનવાનું કારણ મીરાંના કે કોઈ ઐતિહાસિક લેખમાં નથી. તેમાં ઉક્ત જીવનમરણ તિથિઓને માટે કાંઇ આધાર નથી અને હોય તો તે બીજી કોઈ મીરાં સંબંધે હોવો જોઇએ. કારણ કર્નલ ટૉડ આપણાં મીરાંબાઇને મેવાડના કુમ્ભા રાણાની રાણી ગણે છે અને તેની તારીખો મારા ભાષણ પ્રમાણે છે. આબુ પર્વત વગેરેના લેખોમા પણ એ જ તારીખો છે અને બાબર બાદશાહે હરાવેલા રાણા સંગ-(સંગ્રામસિંહનો કુંમ્ભો પિતામહ હતો: માબેલ ડફ્કૃત ક્રોનોલૉજી ઑફ ઈંડિયા, પૃષ્ઠ ૨૮૭ આ છેલ્લા પુસ્તકના પૃષ્ઠ ૨૮૪ ઉપરથી મહમદ બેગડાએ કરેલા પાંચમા રા'મંડલિકનો પરાજય પણ ઈ. સ. ૧૪૭૨ માં

આ યુગના ચારે કવિજન સંસ્કૃતના સંસર્ગી હતા તીર્થસ્થાન સિદ્ધપુરમા, આ શતકના પાછલા ભાગમા રાજકીય શાતિ રહેલી જણાય છે અને અણહિલવાડ પાટણમાથી ઊગેલા અંકુર જેવા પાટણ નગરમા જૈન સાધુઓ પ્રથમની પેઠે પાછા સંસ્કૃત પ્રાકૃત સાહિત્યને રચવામા લાગ્યા હતા અને રાજકીય સ્થાન મટી એ પણ તે કાળે તીર્થ નહિ તો તીર્થ જેવુ જ આ સાધુઓએ કરેલુ જણાય છે અન્ય વર્ણોનો ભ્રમણયુગ સમાપ્ત થતા, ભીમ અને ભાલણને આ સ્થાનોમા સંસ્કૃત અભ્યાસનો યોગ થયો છે, અને ઘણા કાળથી મૂકી દેવાયલા સંસ્કૃત સાહિત્યને સ્થાને ગુજરાતી સાહિત્ય રચવા લાગ્યા એ સાહિત્યમા દેવકથાથી ઉપક્રમ થયો અને ભાલણે કાદમ્બરી જેવી માનુષી કથાનુ સંસ્કૃતમાથી ભાષાતર કર્યું પણ તેમણે તો જ્યારે ભીમની ભાષા બોલીને કહીએ તો સરોવર કાઠેના કૂવાનું પાણી પાયુ છે, ત્યારે નરસિંહ અને મીરાએ પોતાના હૃદયપાતાળના ઝરાઓમાનુ પાણી પાયું છે દેવકથા ઉપરાત દેવ–રહસ્યના ચમકારા ઉભય હૃદયમા થઈ રહ્યા છે મીરાબાઇ એમ જાણતા હતા કે, વ્રજમા તો એક જ પુરુષ છે અને સ્થૂલ શરીરના સર્વ પુરુષો તો ભક્તદૃષ્ટિએ સ્ત્રીઓ જ છે આવુ જ દેવરહસ્યજ્ઞાન અને તે ઉપરાત અધ્યાત્મજ્ઞાન એ ઉભયના સંયોગ–વિયોગ, નરસિંહની કવિતામા સ્ફુરે છે આથી તેના જ્ઞાન-ભક્તિના પદ સમજી તેમાંથી મળેલા પ્રકાશની ભાવનાથી તેની દેવકથા વાચનારાને જ એ કવિની અન્ય કવિતાઓનું માહાત્મ્ય સમજાશે

રાસલીલા–નરસિંહના અધ્યાત્મ પદ

રાસલીલાને અન્તે ભાગવતકાર પૂર્વપક્ષ કરી પૂછે છે કે, "ગોપીઓ કૃષ્ણ સાથે રાસ રમવા આખી રાત ગઈ હતી, તેમના સ્વામીઓએ તેમની અસૂયા કેમ ન કરી?" તેના ઉત્તરમા તે સમાધાન કરે છે કે "એ સ્વામીઓએ તો સ્ત્રીઓને પોતાની પાસે જ

છે, અને પૃષ્ઠ ૨૬૫ પ્રમાણે કબીરની તારીખ ઈ સ ૧૪૯૦ છે કબીર અને નરસિંહની હૃદયજ્વાલાઓના અમુક લેખની સમાનતા સ્વીકારતા બાધ નથી, પણ કાળક્રમ ઉપરથી જ અનુમાન કરીએ તો કબીરની હૃદય-જ્વાલાનુ બીજ નરસિંહમાથી પ્રાપ્ત થયુ હશે એમ કહેવુ ઉચિત છે નરસિંહમા ભાગવતનો કે જયદેવનો અંશ વિશેષ હતો, એ ચર્ચામા આ પ્રસગે ઉદાસીનતા છે ગો મા ત્રિ

દીઠી છે, એટલે ગઈ દીઠી નથી તો અવસ્થા શાની થાય ?" અર્થાત્ ગોપીઓનાં સ્થૂલ શરીર તેમના સ્વામીઓ પાસે જ રહેલાં હતાં અને તેમને વ્યભિચાર–દોષ થયો ન હતો; માત્ર તેમનાં સૂક્ષ્મ શરીર શ્રીકૃષ્ણ સાથે રાસલીલા રમવા ગયાં હતાં, અને એ કૃષ્ણ તો ગોપીઓના તેમ તેમના સ્વામીઓના સર્વના હૃદયમાં અધ્યક્ષ હતા. અને તેમની સાથે સમાગમ પામેલાં ગોપીઓનાં સૂક્ષ્મ શરીરને એ રાસ–લીલાનો સમય તે "બ્રહ્મરાત્રિ"નો સમય હતો. અન્ય ભૂતોની નિશાને કાળે આ ગોપીઓનો આ જાગર–કાળ તે તેમની બ્રહ્મરાત્રિ. વલ્લભ-પંથમાં પુરુષો પ્રતિજ્ઞા લે છે કે, "હું વ્રજની ગોપી છું." તે આવી રીતની બ્રહ્મરાત્રિના આવા ભક્તિરસના રાસને ઉદ્દેશીને કહેવાય છે. અને નરસિંહનો ' સુરતસંગ્રામ " પણ એ જ બ્રહ્મરાત્રિની સૂક્ષ્મશરીરભાવનાઓને ઉદ્દેશે છે.

નરસિંહના આધ્યાત્મપદની સંગતિ કરીએ છીએ ત્યારે તેના આવા આશય સ્પષ્ટ થાય છે. "નિર્ગુણ નાથને નીરખી નવ શકો, સગુણ સુરતી ત્હારે કેમ જાણે ?" એ પંક્તિમાં કવિ સ્પષ્ટ કહે છે કે નિર્ગુણનાથના અધ્યાત્મજ્ઞાન થયા પછી, તેના સ્વરૂપ પ્રત્યયના દૃઢીકરણ માટે "સગુણની સુરતી" અર્થાત્ ભક્તિયોગ છે અને એ નિર્ગુણની ઉપેક્ષા કરી કેવળ સગુણને સાધનાર તો, કવિના મત પ્રમાણે "ચૈતન્ય નિન્દા કરે, જડનું વન્દન કરે, અચેત ભૂલ્યો તે ભિન્ન ભાવ આણે." નાથ ક્યાં છે એ પ્રશ્નના ઉત્તરમાં કવિ કહે છે કે, "નેત્રમાં નાથ છે" અને તે ઉત્તરમાં છાન્દોગ્ય ઉપનિષદ્‌ના "एष तेऽक्षिणि पुरुषो दृश्यत" એ વાક્યનો આશય છે. એ દર્શનથી એક "અકળ અનુપમ મૂર્તિ" ભાસશે. વિશ્વ તે રાસના સંગીતથી ઊભરાયલું ભાસશે, અને "ભાસશે બ્રહ્મ વ્રજવનવેલી"–બ્રહ્મરૂપ વ્રજ-વનની વેલી આ રાસમાં પ્રત્યક્ષ થશે. વળી યોગદૃષ્ટિ પામી કવિ કહે છે કે, "નીરખ ને ગગનમાં કોણ ઘૂમી રહ્યો, તે જ હું તે જ હું શબ્દ બોલે" ત્યારે "તે જ હું" ના સંસ્કૃત અક્ષર "सोऽहम्" સંભારી એક બીજા કવિનું વાક્ય સ્મરણમાં આવે છે કે, "સોહં જાપ જપંતાં પામે બ્રહ્મને પળમાં યોગી" એ બ્રહ્મ–એ હરિ–પાસે છે–પોતાનામાં છે; પણ તેની અને મનુષ્યની સ્થૂલ દૃષ્ટિની વચ્ચે "ૐકાર" આડો પડેલો છે એવું કવિ ગણે છે. આ "ૐકાર" કયો ? માણ્ડૂક્યોપ-નિષદમાં વર્ણવેલા ચતુષ્પાદ બ્રહ્મના ત્રણ પાદ–જાગ્રત, સ્વપ્ન, અને

સુષુપ્તિ–રૂપ ઓંકારના ત્રણ પાદ દૂર કરો, તો ચતુર્થ પાદમા નિર્ગુણ હરિ પ્રત્યક્ષ થાય છે એ માત્રા-રહિત ચતુર્થ બ્રહ્મપાદ આ માત્રાવાળા ત્રિપાદ ઓંકારમા વર્તે છે તે ઓંકારને ભેદી ચતુર્થ પાદ જોવો, જાગરિત સ્વપ્ન–સુષુપ્તિરૂપઓંકારપાદ આડા પડેલા છે તે દૂર કરી, તેમા રહેલુ નિર્ગુણ આત્મતત્ત્વ અનુભવવુ, એ જ અભિપ્રાયવાળી ગોપી પાસે નરસિંહ કહેવડાવે છે કે —

"પ્રભુજી છે પાસે રે, હરિ નથી વેગળા રે, આડોને પડચો છે ઓંકાર,
"દિનકર રૂંધ્યો રે જેમ કોઈ વાદળે રે, થયુ અજવાળુ મટયો અંધકાર,
"વાદળુ ને મટયુ રે, લાગ્યુ જેમ દીસવા રે ભાનુ કાંઈ દેખાયો ને તે વાર,"
"લોકડીયાની લાજ રે, બાઈ મે તો નાણીયો રે, મેલી કુળતણી કંઈ લાજ,
"જાદવાને માથે રે છેડો લેઈ નાખીયો રે, ત્યારે પ્રભુ–વર પામી છુ આજ"

મીરાંબાઈએ વ્રજમા જે એક જ પુરુષ સર્વના પતિરૂપ દીઠેલો તે જ આ ગોપી જુવે છે એ પતિની અને ગોપીની દૃષ્ટિ વચ્ચે પ્રથમ માયાનો ઓંકાર વાદળા પેઠે વચ્ચે પડચો હતો, તે દૂર થતા, ભાનુ પ્રકાશે છે અને ગોપી પ્રભુ–વરને પામે છે નિર્ગુણ અમાત્ર આત્મતત્ત્વ વિના ગોપીનો આ બીજો વર નથી ભક્તમાત્ર એ તત્ત્વની ઉપાસક ગોપી છે એ ઉપાસક ગોપીરૂપ બુદ્ધિઓ અનેક છે, પણ તે સર્વમા અનેક પ્રતિબિમ્બોરૂપે વસેલુ આત્મતત્ત્વનુ વસ્તુરૂપ બિમ્બ તે સર્વ બુદ્ધિઓમા વિલસે છે ત્યારે ભક્તિરસના રાસ મચે છે કવિ તેને "અનંત ઓચ્છવ"નુ નામ આપી, તેનુ ફળ ઉપાસકને પ્રત્યક્ષ થતુ વર્ણવતા કવિ કહે છે કે,

"ઝળહળ જ્યોત ઉદ્યોત રવિ કોટમા હેમની કોર જ્યા નીસરે તોલે
સચ્ચિદાનંદ આનંદક્રીડા કરે સોનાના પારણામાહી ઝૂલે"

જ્યા આ સોનાના પારણામા ઝૂલતા સચ્ચિદાનંદને કવિ કથે છે ત્યા, ઈશાવાસ્યોપનિષદ્ સોનાના પાત્રમા સત્યતત્ત્વને ગુપ્ત રહેલુ ગણી કથે છે કે,

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥

ત્રીજો ભાગ—પરચૂરણ સર્વ—મુક્તાનંદ, નિષ્કુળાનંદ, પ્રેમાનંદ-સ્વામી, બાપુ, રણછોડ ભક્ત, હરિભટ, હરિરામ, નિરાંત અને રાધાબાઈ અઢારમા શતક જેવા તણખા. ઉપરચોટિયા કવિની સંખ્યા—માત્ર વીસ પચીસ અને એ પણ તણખાજ. તણખા—તે વૃક્ષને શિખરે આવેલાં નાનાં નાનાં ખરી પડતાં ફૂલો જેવા.

ચોથો ભાગ—જૈન કવિઓ, બે ચારેક, અઢારમા શતક પેઠે.

પાંચમો ભાગ—દયારામઃ દેવરહસ્ય—નરસિંહ પછી દયારામમાં ૮૪; અધ્યાત્મ—અલ્પ; દેવકથા વિસ્તારવાળી તેમ તણખા જેવી, બે જાતની, પણ માનુષી વૃત્તિઓથી ઊભરાતી, છતાં પણ પ્રેમાનંદના જેવા માનુષી હૃદયના ઉચ્ચ અને સ્થાયી વિકારોની પ્રતિષ્ઠાને સાટે નિરંકુશ અને ઊછળતા ક્ષણિક વિકારોની પ્રતિષ્ઠા એ પોતાની શક્તિ; વૈરાગ્ય અને ભક્તિ શુદ્ધ, પણ મનુષ્યહૃદયની નિર્બલતાને સ્વીકારીને તેમાંથી ઉદ્ધાર માગવા હરિશરણ; નરસિંહ અને મીરાંનાં હૃદયમાં વિશુદ્ધિના બળથી પ્રભુ સાથે ઐક્ય.

ઉપર કહી ગયા છીએ તે પ્રમાણે જોતાં જણાશે કે, ગુણ અને પાપમાં ઈષ્ટદેવોની વૃદ્ધિ થતી જાય છે એ 'ભ્રમણશાન્તિ' નું સ્પષ્ટ ચિહ્ન સ્ફુટ થાય છે; જુઓ પરિશિષ્ટ.

ઉપસંહાર

પાંચ પેરાઈઓ નાંખી ઊગેલો ઊગેલો ગુજરાતી પ્રાચીન સાહિત્યનો વૃક્ષ આમ સમાપ્ત થાય છે. તે પછી હાલની વિદ્યાનો—અર્વાચીન સાહિત્યનો વૃક્ષ એ જ વૃક્ષમાંથી બીજી વડવાઈઓ પેઠે નવી ભૂમિમાં મૂળ નાખી ઊગ્યો છે. એ નવી ભૂમિ સાથે એક પાસથી અને પ્રાચીન વૃક્ષ સાથે બીજી પાસથી જોડાયલા વડવાઈઓરૂપે વિસ્તાર પામતા આપણા અર્વાચીન સાહિત્યવૃક્ષની સ્થિતિ સુપ્રસિદ્ધ છે અને તેને માટે આજ અવકાશ નથી; પણ જે પ્રાચીન વૃક્ષ સાથે એ નવીન વૃક્ષ જોડાયલો છે તે વૃક્ષની સુસ્થિતિ ઉપર નવા વૃક્ષની સુસ્થિતિનો પણ આધાર છે. માટે પાંચસો વર્ષથી પાંચ પેરાઇઓ નાંખી ઊગી નીકળેલા આપણા પ્રાચીન સાહિત્યના રસથી આપણે ભોમિયા થઈશું, તો જ તેના રસાયણનો ઉત્તમ લાભ પામીશું.

એ પ્રાચીન વૃક્ષની ભૂમિ રજપૂત રાજાઓના કાળના કેવા કેવા સમર્થ સંસ્કૃત ગ્રન્થોથી બંધાઈ હતી અને એ ભૂમિમાંથી આપણા

આદિકવિઓએ કેવી રીતે બીજ અને પોષણ લીધા છે, તે નરસિંહના દૃષ્ટાંતથી આપણે જોયુ એ આદિકવિઓના સાહિત્યમા ચડેલાં તત્ત્વ–કથાભાગ, રસભાગ, રહસ્યભાગ અને જ્ઞાનભાગ, થડમૂળમાથી ચડતા રસ પત્રપુષ્પાદિકમા ચડે તેમ આપણા પ્રાચીન સાહિત્યની છેલ્લામા છેલ્લી પેઢીઓમા અને તેમના અંશોમા ચડયા છે તે આપણે જોયુ આપણી અર્વાચીન વડવાઈઓ ભલે નવી ભૂમિઓમા પ્રવેશ કરે, પણ તેમનું મૂળ પોષણ તો આ પ્રાચીન વૃક્ષોમાથી જ સતત ધારારૂપે ચાલ્યુ આવશે, તો જ તે આપણા લોકના જીવનમા ભળી શકશે નવા સાહિત્યના પોષકોએ આ વાત ભૂલવા જેવી નથી અને તેમાના કેટલાકના લેખને સામાન્ય વાચનારાઓ ગમે તો દોષ દૃષ્ટિથી જુવે છે અને ગમે તો જોતા જ નથી તે સાહિત્યરોગનું કારણ એક એ છે કે, આ નવા સાહિત્યકારો આપણા પ્રાચીન વૃક્ષના રસોનુ સેવન યથેષ્ટ કરતા નથી અને એ સેવન વિનાના પાક લોકને પચતા નથી

બીજી પાસથી દૃષ્ટિ કરીએ છીએ તો આપણા પ્રાચીન વૃક્ષના ઇતિહાસમાં તેના થડમૂળની સ્થિતિ અને ત્રીજા પર્વની એટલે પ્રેમાનંદના યુગની સ્થિતિ–એ બે ભાગ જેવા બલિષ્ઠ નીવડયા છે તેવા બળવાળા અન્ય ભાગ નીવડયા નથી છેલ્લા પર્વમા દયારામે પણ બલિષ્ઠતા ઘણી દર્શાવી છે અને હાલમા તેની કવિતામાના કેટલાક અંશ નિન્દ્ય ગણાવાથી તેનું બળ હીન થઈ ગયુ છે પરંતુ આ પરિણામને માટે કેટલીક રીતે એ મહાકવિની ઉચ્છૃંખલતાને માથે મુકાયલો આરોપ યોગ્ય છે તો બીજી રીતે એ કવિની વાણીના શક્તિપાત ઝીલવામા હાલના લોકની અશક્તિ પણ દેખાય એવી છે નરસિંહ મહેતાના કાળ પછી દેવરહસ્યનો મર્મજ્ઞ વર્ગ નષ્ટ થયો છે તે રહસ્યોનો પુનરુદ્ધાર કરવા દયારામ જે પ્રયત્ન કરે છે, તે તેના રસિકવલ્લભ આદિ કાવ્યોમાથી જડશે આવા મર્મજ્ઞ વર્ગ વિના ભક્તિની જ્વાલાઓ પૂર્ણ કલાથી પ્રકટ થવી કઠણ છે આપણા જૂના વર્ગના વડીલોમા ભક્તિની જ્વાલાઓ છે પણ તે અસમંજસ અને અપૂર્ણ હોય છે અને રહસ્યની મર્મજ્ઞતા તેમનામા દિવસે દિવસે ક્ષીણ થાય છે આપણા ઇંગ્રેજી સાહિત્યમા ઊછરેલા વિદ્વાનો મોડાવહેલા આ મર્મજ્ઞતાને પામી શકવાનો સંભવ છે પણ ભક્તિની જ્વાલાઓ તેમના હૃદયમા શુદ્ધ સત્તાથી પ્રકટ થઈ શકવી તે ઘણા કાળ સુધી કઠણ નીવડશે પણ

કેશવચન્દ્રના જેવાં હૃદય આ વર્ગમાં કોઇ દિવસ નીવડી શકશે એવી આશા એ જ મહાત્માના દૃષ્ટાન્તથી સાર્થક થાય છે. જ્યારે એવો કાળ આવશે, ત્યારે જે સાહિત્યબળ આપણા પ્રાચીન વૃક્ષે ધારેલુ છે તેવું બળ નવીન વૃક્ષ પણ ધારી શકશે.

દેવરહસ્ય અને ભક્તિરસને વિષયે આવી આશા છે, તો પ્રેમાનંદની, સામળની અને દયારામની કવિતાઓમાં સ્ફુરતા માનુષવ્યવહારના હૃદયરસ એ કવિઓના જેવું બળ પ્રાપ્ત કરવામાં આવશ્યક છે. શેલી અને વર્ડ્ઝવર્થના ઉત્કૃષ્ટ હૃદયરસ આપણે ચાર ઈંગ્રેજી જાણનારાઓને પ્રિય લાગે તે સ્વાભાવિક છે અને તેથી આપણા સાહિત્યનો ઉત્કર્ષ સંભવે છે. પરંતુ તે જ રસનું આપણા લોકોના રસની બાલભાષામાં કાંઈક અવતરણ કર્યા વિના આ ઉત્કર્ષ લોકમાં પ્રસરવાનો નથી. એ અવતરણ કેવી કળાથી કરવું તેનાં દૃષ્ટાંત નરસિંહ મહેતાની અને અખાની વાણીમાંથી જડશે. કારણ તેમણે તેમના કાળના લોકોના હૃદય–કિલ્લાઓ સર કર્યા હતા, તે લોકનું કેવળ અનુસરણ કરીને નહિ, પણ લોકપ્રવાહના સામા મોરચા મારીને સર કર્યા હતા.

પ્રેમાનંદ પેઠે બાલવર્ગ ભરેલા લોકને અનુસરી વશ કરવામાં, તેમ નરસિંહ અને અખાની પેઠે, તેમને સર કરી વશ કરવામાં, જે જે કળાઓ શોધવાની છે, તે જ શોધનમાં પ્રાચીન અને અર્વાચીન સહિત્ય વૃક્ષોનાં સાથે લાગાં પોષણ વીર્યવૃદ્ધિ અને ઉત્કર્ષ છે. તે શોધન આવી સાહિત્યપરિષદોથી સિદ્ધ થાય, તો તેમાં જૂના અને નવા સર્વ વર્ગનું કલ્યાણ સમાયલું છે.

પરિશિષ્ટ

પંદરમા સૈકામાં ઉત્તર ગુજરાત, અમદાવાદના સુલતાનના તાબામાં હતું. અને છેક પશ્ચિમમા આવેલા જૂનાગઢને ૧૪૭૨ માં જે તિથિએ સુલતાન મહમદ બેગડાએ સર કર્યું તે તિથિ નરસિંહ મહેતાની કારકિર્દીના અંતકાળનો સમય બતાવે છે. પણ તે પછી સુલતાન પૂર્વ ગુજરાતમાં પોતાના વિજયની હદ વધારતો જતો હતો અને મૂળ ગુજરાત દેશની રાજ્યધાની ચાંપાનેર, કે જે હાલમાં ખંડેર થઈ ગયુ છે, તે જીતવામાં તે રોકાયલો હતો; અને જ્યારે તે સત્તાહીન થયો ત્યારે એક શતક કરતાં વધારે વખતથી ગુજરાતમાં અંધેર હતું અને આવા સમયમાં કાવ્યનું પોષણ અશક્ય હતું. ૧૫૭૩ માં અમદાવાદ અકબર બાદશાહે કબજે કર્યું, પરંતુ તે સૈકાના અંત સુધી પ્રજામાં સુલેહ પ્રસરી દેખાતી નથી. અને જ્યાં

દેશમા સુલેહ શાતિ પ્રસરી ત્યારે કવિઓની ઝાખી પણ દેશમા થવા લાગી આટલા દીર્ઘકાલ પર્યન્ત કવિતાનો વિષય અતિશય શૂન્ય રહ્યો તેનુ કારણ દેશની છિન્નભિન્ન દશા જોતા સમજાય છે અને ચાપાનેર કે જેનું નામ રસ સસ્કારથી શૂન્ય નથી, તેમા પણ કાઈક કવિના ઉદય પામી હોવી જોઈએ અને આ નગરના નાશ સાથે તે નાશ પામી હોય એવુ પણ હોવાનો સભવ કેમ ન હોય? સત્તરમા સૈકામા શાતિ અને સુલેહ ઉદય પામ્યા તેની સાથે જે ત્રણ મહાકવિઓની ઝાખી આપણી દૃષ્ટિમર્યાદામા આવે છે તે પ્રેમાનદ, સામળ અને અખો છે આ ત્રણમાના દરેક જણે પોતપોતાની નવીન પદ્ધતિ પર કામ આરભ્યુ છે, દરેકે બીજાની કૃતિમા રહેલી ન્યૂનતા પૂરી પાડેલી છે અને દરેક જણ પોતાના મહાકાર્યમા ઉત્તમ નીવડયા છે આજ સુધી કવિતાના વિષય માત્રમા ધર્મ અને ભક્તિના પ્રવાહ એકલા જ જોવામા આવતા હતા તેના કરતા તે બાધી હદના દર્શનને સ્થાને આ નવા યુગમા કાઈ વિશેષ દર્શન થવા માડેલું જોઈ, આપણને બહુ અનુકુળ પડતી નવાઈ લાગવાનો પ્રસગ આવે છે કારણ કે હવે આ દેશમા કવિતાની ઇમારત પોતાના સ્વતત્ર પાયા ઉપર પહેલવહેલી વાર જ બધાય છે અને આ કવિતા જાતે કૃત્રિમ બધનોમાથી આમ મુક્ત થઇ એટલે, મનુષ્યજાતિની બુદ્ધિઓની અને ભાવનાઓની વિકાસશક્તિ અને ઉન્નતિ આપવાના પોતાના કર્તવ્યનો એ કવિતા હવે આરભ માડે છે ધાર્મિક કવિતા હલકી પાડવાના આશયથી આ કહેવામા આવ્યુ નથી પરતુ જાણે કે કવિતાને પોતાનો સ્વતત્ર વિષય કાઈ હોય જ નહિ તેવી રીતે જે સ્થાનિક વહેમોએ કવિતાને આ દેશમા સેકડો વર્ષો સુધી ફક્ત ધાર્મિક વિષયની માત્ર દાસી જેવી કરી રાખી છે, તે લોહવહેમોને અસ્ત કરવાના આશયથી ઉપર પ્રમાણે કહેવામા આવ્યુ છે આ પ્રકારે આ મહાન અને સર્વમાન્ય કવિઓના ગ્રન્થો જનસમૂહને યોગ્ય રીતે સમજાવવાની જરૂર છે, તેનું મુખ્ય કારણ એવુ છે કે, ઉપર કહ્યા પ્રમાણે કવિતાના સ્વતત્ર કાર્યારભથી જે લાભ મળી શકે એવો છે તે કાઈ નાનો સુનો નથી (Classical Poets, Pages 27–28)
(ભાષાન્તર કરનાર, બળવતરામ બુલાખીરામ ત્રિવેદી)

અખો, પ્રેમાનદ અને સામળ, સત્તરમા શતકમા ગુજરાતી કવિતાની ભૂમિ પર પ્રકાશ આપનારા ત્રણ મુખ્ય તારા છે અને ઉત્તરોત્તર સૈકાના ઇતિહાસથી જણાઈ આવે છે કે, ગુજરાતી સાહિત્યના આખા ઈતિહાસમા આ ત્રણ જ કવિઓએ ધર્મ વિષયના કેવળ દાસત્વ સિવાયની શુદ્ધ અને સ્વલક્ષણવતી કવિતા લખી છે આ દેશની પ્રજાનો સુલેહ અને આબાદીએ હજી વધારે વિકાસ થવા દીધો હોત તો આ કવિત્રિપુટીએ અને પ્રેમાનદના સાડત્રીસ શિષ્યોએ જે પદ્ધતિ પર કાવ્યની અભિવૃદ્ધિ કરી તે પદ્ધતિ જન સમૂહની પ્રકૃતિને આરોગ્ય અને વીર્યવત્તા આપવામા કાઈ થોડી સાધનભૂત

ન થાત; અને અર્વાચીન ગુજરાત દેશમાં હાલ જે જાતની પ્રજાઓ વસે છે, તે કરતાં વધારે બુદ્ધિ શુદ્ધિવાળા અને લક્ષણવાળા જીવો ઉદય પામ્યા હોત; પરંતુ દૈવે તેથી ઊલટું જ ઇચ્છયું બાદશાહ શાહજહાનનો અમલ પૂર્ણ થવો ને ઔરંગઝેબનું તખ્તનશીન થવું–આ બે બનાવ જાતે જ વિનાશકારક હતા એટલું જ નહિ પણ તેની સાથે સાથે મરાઠાના લૂંટારા ટોળાંનું અભ્યુત્થાન થયું કે જેના આવવાથી કવિઓના અને વ્યાપારીવર્ગના દેશને કાંઈ સારા શકુન થયા નહીં.

અઢારમા સૈકાનો આરંભ ગુજરાતમાં થયો તેવું જ તેનું પોત અવ્યવસ્થાના પ્રવર્તનથી તેણે પ્રકાશ્યું. પોતાના સૂબાઓ અને સેનાપતિઓનો ઔરંગઝેબને વિશ્વાસ નહોતો, તેમ તેઓ એકબીજાના પર પણ વિશ્વાસ રાખતા નહિ અને તેઓને માંહોમાંહે એક બીજાનાં ચારકર્મ અને વિનાશ કરવાને રાખવામાં આવતા હતા: તેથી તેઓએ ગુજરાતને પોતાનાં યુદ્ધાનું, ખટપટનું ક્ષેત્ર બનાવી મૂક્યું. બળતામાં ઘી હોમવાને જુદા જુદા મરાઠા સરદારોએ આ દેશમા તે જ પ્રમાણે વર્તવા માંડયું. અને તેઓની એક-બીજા સાથેની તેમ મુગલોના કુસંપી સરદારોની સાથેની અનિયમિત અને સંતાકૂકડી જેવી યુદ્ધકળાથી આખા ગુજરાતમાં ચારે પાસ લૂંટ અને વિગ્રહના સર્વવ્યાપી અગ્નિનો ભડકો પથરાવા લાગ્યો. ત્રીસ વર્ષ સુધી આવી અસ્ખલિત લડાઇ થયા પછી, છેક ૧૭૩૨માં વડોદરાને રાજધાની શહેર તરીકે ગાયકવાડો મુકરર કરવા પામ્યા. અને આ પછી કેટલાક દશકા સુધી લડાઈ તથા અવ્યવસ્થા બંધ પડયાં નહિ. અઢારમા સૈકાના પૂર્વાર્ધમા એવા અનેક પ્રસંગો આવતા કે, જ્યારે ચાર મરાઠા અને બે મોગલ સરદારો મળી સાથે લાગી, પોતાની તરવારોનો ડર બતાવી, જે ચીજો માગે તે ગુજરાતની વસ્તીએ પૂરી પાડવી પડતી; અને જ્યારે નામની રાજસત્તા તેઓમાંથી એક અથવા બીજા પાસે થોડા કાળ માટે દેખાતી ત્યારે પણ, લડાઇ અને લૂંટની બીક તો હંમેશ રહેતી. આ સૈકાની લગભગ મધ્યમાં જ્યારે મુગલોને બિલકુલ હાંકી કાઢવામાં આવ્યા, ત્યારે સુલેહનો શબ્દ પહેલવહેલો જણાયો; પણ હજીએ પેશ્વા અને ગાયકવાડ, દેશમાં પડખે પડખે એક બીજાની ઇર્ષા કરી રાજ્ય કરતા હતા. આ પ્રસંગનો લાભ લેવા કોળી તથા ઇતર તોફાની જાતી ચૂકી નહિ. અને એમ કહીએ કે આખું સૈકું અને ઓગણીસમા સૈકાનાં થોડાં વર્ષ આખા દેશમાં લૂંટ અને વિગ્રહનાં હતાં, તો તે ખોટું નથી. શાંતિકાળની કળાઓના ઉદયને માટે વડોદરામાં પણ અવકાશ નહોતો. કારણ જ્યારથી રાજાઓનું તે રાજનગર થયું, ત્યારથી હંમેશ મોટા અને નાના વર્ગની ખટપટોનું મધ્યસ્થાન પણ થઇ પડયું હતું.

આના પહેલાના સૈકામાં કવિતાનો જે વિકાસ આ દેશમાં થયો હતો, તેવા કાઇ પણ વિકાસને દેશની આવી સ્થિતિએ બિલકુલ બંધ કર્યો એ

વાત સમજી શકાય એવી છે, પરન્તુ એક વખત સંજોગાયથી જ્વાળા કેવળ હોલાઇ જાય એવું ન થયું તે જ્વાળા માત્ર એક જુદા રંગથી અને ઓછા જોશથી સળગવા લાગી શુંગાર કવિતાના ઉદ્ગાર શુષ્ક કવિતારૂપે બંધ થયા, પરંતુ આ અંધકારના યુગમાં અનેક નવા ધર્મના પંથોને ઉદ્ભવ પામવાની અનુકૂળતા મળી અને ભૂતકાળની કવિતામાંથી તેમને પોષણ મળ્યું નરસિંહ, મીરાં અને પ્રેમાનંદ તથા અખાના અમર આત્માઓ પ્રથમ અખંડ ગ્રહોની પેઠે પ્રકાશ્યા હતા તેના હવે કકડા થઈ તેમાંથી અનેક ગૃહખંડો બંધાયા અને જેમ જેમ અઢારમું શતક પુરું થવા આવે છે ને ઓગણીસમું શતક ઉદય પામવા માંડે છે તેમ તેમ આ નાના કવિઓ અને કવિ ખંડો દૃષ્ટિમર્યાદામાં ઊભરાવા માંડે છે અને તેમની સંખ્યાઓ વધારે વધારે ધાડી થતી જાય છે

તેમના પહેલાના શતકમાંના મહાકવિઓમાંથી એક અથવા બીજા કવિની ભાવનાના વારસાની સ્પષ્ટ નિશાનીઓ આ નવા કવિઓમાં જણાઇ આવે છે પરન્તુ અંદરથી અને બહારથી આ દેશ ઉપર જે અનેક ધર્મ-પંથોના ધોધ એકદમ ઝોકવામાં આવ્યા હતા તેમાંના એક અથવા બીજા પંથની વિચારણાઓથી અને શ્રદ્ધાઓથી આ કવિઓમાંના એક એકની કવિભાવના છવાઈ ગયેલી છે ગુજરાતની ઉત્તરમાં મીરાંના પતિનું રાજ્ય મેવાડ છે સમકાલીન નરસિંહ મહેતાની પેઠે આ આર્યા સ્ત્રીની શ્રદ્ધા વિષ્ણુધર્મ ઉપર હતી, મેવાડના રાજાઓનો ધર્મ એ આર્યાનાથી એ જીવતા જુદોજ હતો અને તેથી ખટપટ અને સતાવણી એમાંથી બચવાને તેને ગુજરાતમાં નાસી આવવું પડ્યું હતું, પરંતુ મેવાડના લલાટમાં તેના ધર્મનો અંગીકાર કરી તેનો ખંગ વાળવા લખેલું હતું આ પંથનો સ્થાપનાર વલ્લભાચાર્ય જેને મુંબઈમાં ચાલેલા મહારાજ લાઈબલ કેસે પ્રસિદ્ધિમાં આણ્યો છે, તેનો ૧૪૭૯માં મીરાં અને નરસિંહ મહેતાના કવિજીવનના અંતસમયની લગભગમાંજ જન્મ થયો વલ્લભ મેવાડના જૂના કાળથી ચાલતા આવેલા એકલિંગના ધર્મને સ્થાને આ નવો પંથ સ્થાપવામાં વિજયી થયો અને એ અરસિક અને વિરક્ત પંથને સ્થાને વલ્લભે એક એવો પુષ્ટિમાર્ગનો નવો સંપ્રદાય ચલાવ્યો કે, જેમાં નરસિંહ મહેતાની ભાવનાઓને જન્મ આપનાર જ્ઞાનમાર્ગ અને કાવ્યરસના ચીલામાં, ઈશ્વર-દત્ત વિધિનિષેધ અને પ્રતિજ્ઞાઓની અમુક સંખ્યાઓને ચલાવવા માંડી, અને નિરંતર ભક્તિએ ધીમે ધીમે આ વિધિનિષેધોનો અને પ્રતિજ્ઞાઓનો સ્વીકાર તેમના રહસ્યને સ્થાને દેખીતા વિષયવાસના ભરેલા શબ્દાર્થ સમજીને કર્યો હવે ગુજરાતના ચોસર જેવા આદિ કવિના રૂપકો, ધર્મમાં તેમજ કવિતામાં અજ્ઞાત થઇ ગયા આ પંથોની સમગ્ર રચના અશિક્ષિત જનસમૂહ માટે સ્પષ્ટ પદાર્થમાં, પ્રતિષ્ઠા કરેલી મૂર્તિઓમાં અને પૌરાણિક

કથાઓમાં દેવભાવનાનું મિશ્ર સ્વરૂપ પામી જાય છે. પ્રાચીન રૂપકો ભુલાઈ જવા છતા, આ કાળના કવિઓ વખતોવખત મનુષ્યની કરેલી મૂર્તિઓમાં વિશ્વના અદૃષ્ટ નિયંતાની ચિરંજીવ સંજ્ઞાઓને સાચવી રાખે છે, અને ભક્તજનમા એવી ભાવનાને ભરે છે કે, જેથી તે ભક્ત પ્રતિમાના આકારના ધ્યાનમાં લીન થઇ, અંતે નિરંજન ઈશ્વરને પ્રત્યક્ષ કરે અને પ્રત્યક્ષમૂર્તિમાં વિશેષ રૂપે પ્રત્યક્ષ થતા પરમ દૈવતની અંતઃકરણથી પૂજા કરે, અને અંતે પુરાણોક્ત ઈશ્વરાવતાર ઉપરની પ્રીતિમાં સંક્રાન્ત થઈ, તે દ્વારા નિરંજન નિરાકાર પરમાત્માને માટે અમૂર્ત પ્રીતિ રાખવાનું સાધન પામે. કવિઓની આ રચનાપદ્ધતિ, પછી તે વિષ્ણુ, શિવ કે શક્તિ વાસ્તે હોય તો પણ તે પદ્ધતિ ફક્ત કાળના કવિઓમાં સામાન્ય લક્ષણરૂપ છે. જે સૈકામાં અખો કવિ આ અને અન્ય ધર્મની સામે મર્મ પ્રહારો કરતો હતો, તે શતક વખતે આખા ગુજરાતમાથી વલ્લભની સત્તા નિર્મૂલ નહિ કરી શક્યું હોય તો પણ ગુજરાતી કાવ્યોમાંથી તો વલ્લભની તે ધર્મસત્તાને દૂર રાખેલ છે. પણ જ્યાં આ સૈકું સમાપ્ત થયું અને તે પછીના સૈકાની રાજકીય અવ્યવસ્થા અને અંધકારે આ દેશને કેવળ રાજકીય નહિ પણ ધાર્મિક અને નૈતિક વિષયમા ચડાઈ કરી આવનારાઓને શરણ કર્યા; તે ક્ષણે જ વલ્લભના શિષ્યો દેશમાં ટોળાબંધ આવવા લાગ્યા અને પુરુષો તેમ સ્ત્રીઓ તેમાં ઘણે ભાગે વણિકવર્ગે ઉન્માદનો આ નવીન પંથ સ્વીકાર્યો. આ કવિઓ કે જેઓ સાધારણ સમયમાં દૃઢ મગજના રહી શકત, તેઓ આ નવા પંથનું આવી અસ્તવ્યસ્ત સ્થિતિમાં આવી પડેલા સૈકામા મદદરૂપે ગાણું ગાવા લાગ્યા. પરોક્ષ વા અપરોક્ષ આ પંથને માનનારા બીજા બાર કવિઓ આ દેશ ને કાળમાં એવી જાતની સ્ત્રૈણ કવિતા પૂરી પાડે છે કે તેમાં નથી જોવામાં આવતા નરસિંહ મહેતાનાં તત્ત્વજ્ઞાન તથા ભક્તિભાવ કે નથી જોવામાં આવતી મીરાંની કોમળ શુદ્ધતા (Classical-Poets, Pages 56-61 ભાષાન્તર કરનાર, બ. ખુ. ત્રિવેદી.)

આ શતકમાં આ ભોગવિલાસના પંથના અનેક કવિઓ આમ થઈ ગયા તો વિરક્તમાર્ગની છાયાઓ દૃષ્ટિમાંથી છેક ખસી ગઈ નથી અને વલ્લભને દૂર રાખી વિષ્ણુને પૂજનાર વર્ગ ડાકોરમાં સબળ થતો હતો ને જૂના કવિઓની ભક્તિથી જીવન પામતો હતો. સ્વામીનારાયણના પંથનો દીર્ઘદર્શી અને વ્યવહારનિપુણ પાયો નાખનારા, રામાયણના અવતારી પુરુષના શાંત અને સદ્‌ગુણી પૂજકો, મહાયોગી શિવજીના ઉગ્ર ભક્તો, ચુવાળના મેદાનોમાં તેમ ચાંપાનેરના ખંડેરો પાસે, પાવાગઢના શિખરો ઉપર તેમ આરાસુરના શિખરો ઉપર કોઈક અગમ્ય મુહૂર્તોમાં પ્રતિષ્ઠા પામેલી જગદમ્બાના ભક્તો અને અંતે પ્રાચીનતર કાળથી આબુ અને શેત્રુંજયના શિખરો ઉપર ટોળાંબંધ જાગેલા પ્રાચીન અને વિનીત જૈનો:

–આ અને બીજા ઘણાક ધર્મપ થો આ દેશની અ દરથી અને બહારથી ચોમાસાના ઘાસ પેઠે ચારે પાસ ઉગી નીકળ્યા આખા દેશમા દેવાળયોની એક વિશાળ જાળ પ્રસારી રહ્યા, સર્વ જ્ઞાતિઓ અને વર્ગોને પોતાની સત્તામા મહાબળથી લઇ રહ્યા, વિષ્ણુના દેવાલયોની સ ખ્યાને પોતાની સ ખ્યા કરતા ઓછી કરી દીધી અને કવિતાના વિષયોમા પણ આ યુગમા આ પ થો તરી આવ્યા આગરે ચાર જૈન જતીઓ, સ્વામીનારાયણ પ થના દસ સાધુઓ, છ રામભક્ત અને શિવ તથા શક્તિના ચાર પૂજકો કવિ-તાના વિષયમા પોતાના ભાગ્ય અજમાવે છે અને તેમા ઓછોવત્તો જય પામે છે જો વૈષ્ણવમાર્ગના કવિઓમા બલિષ્ઠ દયારામ, બહુ લેખક ગિરધર અને રત્ના ભાવસારના જેવા કેટલાક હૃદયવેધક અને નાના શૃગાર પદ્ય લખનારા બીજા થોડાક કવિઓ આ યુગમા પ્રકટ ન થયા હોત તો ઉપર લખેલ અન્ય પ થના કવિઓ સ ખ્યામા અને ગુણોત્કર્ષમા વૈષ્ણવ કવિઓ કરતા વધી જાત, કારણ ઉપર લખેલ કવિઓ ઉપરાત આશરે પ દર જ્ઞાનમાર્ગી કવિઓ પણ આ યુગમા પ્રગટ થાય છે અને અખો તથા કબીર વગેરેના જેવા તો છેક નહિ પણ તેમનાથી ઊતરતા તો પણ સુદર અને ઉચ્ચ ભાવનાવાળા સ સ્કારોને આ કવિઓ પોતાની કવિતાથી ગુજરાતની વસ્તીના હૃદયો આ યુગમા ભરવા માડે છે અને કોને નમવુ અને કોને માનવુ તે સૂઝી ન શકવાથી આ સર્વ દેવો અને કવિઓ વચ્ચે ઊભેલો મનુષ્ય આ દેશના ધર્મવૈચિત્ર્યમા જન્મ પામેલો હોઇ ભ્રમિત થઈ જાય છે અને માત્ર એક વાત સિદ્ધ ગણે છે કે સર્વ દેવોને, સર્વ સત્તા-ઓને અને સર્વ કવિઓને, નમ્રતાથી નમસ્કાર કરવા (Classical Poots, Pages 61–63 સારરૂપે) અને દૃઢ શ્રદ્ધાપૂર્વક માનવો તો માત્ર પોતાના કુટુમ્બના ઈષ્ટદેવને જ



સ્વ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ
[ઈ. સ. ૧૮૫૯–૧૯૩૮]
પ્રમુખ : બીજી ગુજરાતી સાહિત્ય પરિષદ,
મુંબાઈ, ૧૯૦૭.

શ્રી. કેશવલાલ હર્ષદરાય ધ્રુવનું ભાષણ

બીજી ગુજરાતી સાહિત્ય પરિષદ : મુંબાઈ

સપ્ટેમ્બર ૧૯૦૭

સ્વ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ

[ઈ. સ. ૧૮૫૯ થી ઈ. સ. ૧૯૩૮]

કેશવલાલભાઈ મુખ્યતઃ એમના સંસ્કૃત ગ્રન્થોના અનુવાદોથી ગુજરાતને પરિચિત છે. અને એ ક્ષેત્રમા એમનું કાર્ય ઘણું વિશાળ છે મૂળ સંસ્કૃત કૃતિઓ—નાટકો અને કાવ્યોની સર્વાંગ સરસતા ગુજરાતીમાં ઉતારવામાં તેઓની સફળતા જેવી તેવી નથી. કેટલેક સ્થળે તો મૂળ સરસતાને તેમણે બઢાવી પણ છે. વળી તે સાથે જ એ કૃતિઓને લગતી ઐતિહાસિક માહિતી પણ તેઓ અથાગ પરિશ્રમ કરીને મેળવતા. ભાસ, કાલિદાસ, જયદેવ, વિશાખદત્ત વગેરેની કૃતિઓના અનુવાદો સાથે એમના ઐતિહાસિક સંશોધનનો પરિચય આપણને થાય છે.

તે સાથે પ્રાચીન ગુજરાતીના એક અખંડ અભ્યાસી તરીકે પણ એમનું નામ ગુજરાતી સાહિત્યના ઈતિહાસમા નોધાયેલું રહેશે. ભાલણે કરેલો કાદમ્બરીનો પ્રબન્ધબદ્ધ અનુવાદ એમણે ગુજરાતને આપ્યો છે. દુર્ભાગ્યે એ ગ્રન્થને ઉત્તર ભાગ એવા જ સંશોધિત સ્વરૂપમાં એમની ઈચ્છા છતા એ ગુજરાતને નથી આપી શક્યા પણ પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્યો અને રત્નદાસનું હરિશ્ચન્દ્રાખ્યાન એમણે ગુજરાતને આપ્યું છે. આ બધા ગ્રંથોના સંપાદનમાં એમનો ભાષા-શાસ્ત્રનો પરિચય આપણી નજરે પડે છે. અને એ હકીકત ગુજરાતથી અજાણી નથી કે ઇ. સ. ૧૯૧૫માં Wilson Philological Lectures આપવાનું નિમંત્રણ યુનિવર્સિટીએ એમને આપ્યું હતું. એમની તબિયત નાદુરસ્ત હતી. એમણે નરસિંહરાવભાઇનું નામ સૂચવ્યું એને એ ભાષણો નરસિંહરાવે આપ્યાં

પ્રેમાનંદના સાહિત્યનો એમનો અભ્યાસ અને પ્રેમાનન્દ પરત્વેના એમનાં વિધાનો ગુજરાતને પરિચિત છે. આવા કેશવલાલભાઈ બીજી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ અલંકૃત કરે છે અને પરિષદનું ગૌરવ પૂર્વવત્ દીપતું રહે છે.

ઉપોદ્ઘાત

સાહિત્યરસિક મહિલાઓ અને ગૃહસ્થો !

તમે જે મહાન પદનો ભાર બંધુપ્રેમથી મારે શિર મૂકો છો તે, રુચિ અરુચિનો, સ્વીકાર અસ્વીકારનો અને ઇચ્છા અનિચ્છાનો પ્રશ્ન બાજુ ઉપર મૂકી नम सर्वकार्यप्रतिपत्तिहेतवे कर्तव्यधर्माय એ મહાસૂત્રને માન આપી, ધારણ કરવા ઉદ્યુક્ત થાઉં છું. મારી ગતિ મેરેથનના સંગ્રામમાં સેનાનીપદે નિમાયલા સ્પાર્ટાના અગતિક શિક્ષાગુરુના જેવી છે. આથેન્સનો અભ્યુદય ઇચ્છનારા ગણવીરના અપ્રતિમ ઉત્સાહથી તે દુર્બળ શિક્ષાગુરુ વિજયશાળી થયો, તેવો આજ હું પણ ગુર્જર–સાહિત્યની અભિવૃદ્ધિ ઉપર પ્રેમ રાખનાર ને તેના ઉત્કર્ષમાં આનંદ માનનારા અનેક સાહિત્યવીરોના ઉત્સાહથી યશસ્વી થવાનો લોભ રાખું છું.

પહેલી પરિષદના પ્રમુખ

સાહિત્ય પરિષદનું આ બીજી વારનું મળવું થાય છે. પ્રથમ મેળાવડામાં એક વિશાળ હૃદયના, ઊંડી લાગણીવાળા, પ્રખર તર્કશીલ, ઉજ્જ્વળ પ્રતિભાશાળી, કર્તવ્યનિષ્ઠ અગ્રગણ્ય સાક્ષરે પ્રમુખપદ શોભાવ્યું હતું. એ સાક્ષરે જે નિવૃત્તિની પ્રીતિથી ધનપ્રદ પ્રવૃત્તિનો પરિત્યાગ કરી નડિયાદમાં નિવાસ સ્વીકાર્યો હતો, તે નિવૃત્તિ એમનો અમર આત્મા અત્યારે અમર ધામમાં ભોગવે છે. ભાવના ભૂતાવળને ધુણાવનાર ને બોલાવનાર, નવીન વિદ્યાના મનોરાજ્યનું પ્રતિબિંબ પાડનાર ને સત્પુત્રીના અલ્પજીવનનું ઉજ્જ્વળ ચિત્ર આલેખનાર એ અગ્રેસર લેખકને કોણ સ્મરતું નહિ હોય? મહૂમ શ્રી ગોવર્ધનરામનો નામ તો અહિં ખાલી જ છે.

પરિષદ મળવાના સ્થાન

પરિષદનો પ્રથમ મેળાવડો બે વર્ષ ઉપર તેને જન્મ આપનારી સાહિત્યસભાના નિવાસસ્થાન અમદાવાદમાં મળ્યો હતો. પનોતા પ્રેમે ઉછેરેલા બાળકને તેની માતા આજે આ રત્નાકરની પુત્રી મુંબઈના ખોળે મૂકે છે. અહીં એક તરફ મહાસાગર ગંભીર ગાન કર્યો કરે છે, મહાગતિ કોઈ સમયે વાંસળીના તો કોઈ સમયે ભેરીના સૂર કાઢતો વહી જાય છે ને ઋતુઓ પ્રકૃતિનો રાસ રમ્યા કરે છે. અહીં સ્પર્ધામાં ધૂમાધૂમ થતા મચાઓ વેગભેર ભમી રહ્યા છે, પાછળની

વરાળની અને વીજળીની ગાડીઓ એક છેડેથી બીજે છેડે દોડધામ કરી રહી છે ને વ્યાપારનાં શેતરંજનાં મ્હોરાંઓ સર્વત્ર ફેલાઈ જઇ, અનેકાનેક દાવ ખેલતા ચોપટનું ધાંધલ મચાવી રહ્યાં છે. એવા પ્રવૃત્તિના ધામમાં પરિષદનાં પગલાં વળવાં ઉચિત જ છે. મુંબઈનું વાતાવરણ વ્યાપારના કોલાહલોને તેમજ વિદ્યાનાં આંદોલનોને અવકાશ આપવા પૂરતું વિશાળ ને અનુકૂળ છે. અહીં દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક, ત્રૈમાસિક ને અન્ય સામયિક પત્રો સર્વદેશી ચર્ચા ચલાવ્યાં કરે છે. અનેક વિદ્યાપરાયણ સંસ્થાઓ લેખથી ને ભાષણથી શોધખોળ ને વિદ્યાવૃદ્ધિમાં આગળ ને આગળ પગદંડો કર્યે જાય છે. સંગીત, શિલ્પ, ચિત્ર, સ્થાપત્ય આદિ કળા, કોઇ વ્યક્તિના તો કોઈ સંયુક્ત મંડળના પ્રયત્નથી, વિકાસ પામવાનું કરે છે. આ પશ્ચિમ હિંદુસ્તાનનું પાટનગર દક્ષિણમાં આવ્યું છતાં આપણા દાક્ષિણાત્ય બંધુનું જ કંઈ નથી; આપણું પણ છે. ગૂજરાતના પ્રબોધના ઇતિહાસમાં સ્થાન પામવા યોગ્ય બુદ્ધિવર્ધક સભાનું આ મુંબઈ જ કાર્યાલય હતું. ફાર્બસ સભાની સંચિત શક્તિના ભાવી વ્યાપારનું ક્ષેત્ર તે આ જ છે. મરાઠી ને કાનડીની સાથે ગૂજરાતી સાહિત્યને એમ. એ. માં આવકાર આપનાર શારદાપીઠનું આ ધામ છે. પેશવાઈનું પૂના ભલે દક્ષિણીનુંજ કહેવાઓ, સલ્તનતનું અમદાવાદ ભલે ગૂજરાતીનું જ ગવાઓ અને અમીરાતનુ હૈદ્રાબાદ સિંધી બાંધવોનું જ ભલે લેખાઓ. મુંબઈ તો સર્વનું જ છે ને આપણું તો છે જ. પારસી અને મુસલમાન બંધુઓ સાથે ગૂજરાતી હિંદુઓએ જ મુંબઇને સોનાની મુંબઈ બનાવી છે. તેમના મધ્યમાં એટલે સ્વજનના મધ્યમાં–આપ્ત મંડળમાં–પરિષદ સાહિત્યની અભિવૃદ્ધિની ચર્ચા ચાલુ રાખવાને મળેલ છે.

સાહિત્ય તે શું ?

જેની અભિવૃદ્ધિ પરિષદને ઇષ્ટ છે તે સાહિત્ય તે શું ? કેટલાક કાવ્ય—નાટકને સાહિત્ય કહે છે. બીજા નવલકથાને સાહિત્યમાં ઉમેરે છે. ત્રીજા ચરિત્રગ્રંથને ભેગા ગણે છે. ચોથા નીતિ નિબંધની સાહિત્ય કોટીમાં ગણના કરે છે. પાંચમા પ્રવાસનાં વર્ણનોનો સાહિત્યમાં સમાસ કરવા માગે છે. છઠ્ઠા ગિબનકૃત રોમના સામ્રાજ્યની પડતી ને પાયમાલીની તવારીખને સાહિત્યમાં ઊંચું સ્થાન આપે છે. એમ

સાહિત્યની મર્યાદા મુસાફરની દ્રષ્ટિમર્યાદાની પેઠે આવીને આઘી જાય છે આપણા પૂર્વજોએ તો સાહિત્યને વાઙ્મય નામ આપી તેમા સર્વનો સમાવેશ કર્યો છે જે કઈ સસ્કારી ગ્યાથી ભાષામા લોકોત્તર લેખ કે કથન તે સાહિત્ય સજ્ઞાને પાત્ર છે વાણી, જગલી મનુષ્યને ભરતમુનિ જેને વાચિક અભિનય કહે છે, તેની જ ગરજ સારે છે તિર્યગ્જાતિમા અવ્યક્ત ધ્વનિ જે કામ બજાવે છે, તેના જેવુ જ કામ જગલી મનુષ્યમા વ્યક્ત વાણી બજાવે છે વ્યક્તિની જ લાગણીનો તે યાદૃચ્છિક ઉદ્‌ગાર બને છે અન્યને બોધ, તે માત્ર આનુષગિક છે સુધરેલા મનુષ્યમા, જેમ નાણુ દ્રવ્યના વિનિમયને માટે અને મૂલ્યના સતોલનને માટે લેખાય છે, તેમ વાણી વિચારના વિનિમયને માટે અને ભાવના સવિભાગને અર્થે, વ્યવહારનુ મુખ્ય અને મહત્ત્વનુ સાધન બને છે કેળવાયના મનુષ્યને વાણી આવા લૌકિક વ્યવહાર કરતા લોકોત્તર પ્રયોગને માટે વધારે ઇષ્ટ છે સામાન્ય મનુષ્ય જ્યારે બોલીને બોલવાને માટે જ શુકવત વાપરે છે, ત્યારે બોલી બોલાતા આપોઆપ પળાતા ઉચ્ચારણના નિયમોનુ શાબ્દિક તેમાથી દોહન કરે છે બોલીના બોલોને બોલાતા કરી તેમની સાત પેઢીનો ઇતિહાસ કઢાવે છે વળી વૈયાકરણી એક વાકયમા શબ્દો કૌટુમ્બિક બની શી રીતે પરસ્પર સકળાય છે તેના નિયમો સાધે છે, બોલીફેરનુ સ્વરૂપ નોધે છે અને શબ્દસિદ્ધિની સાથે શબ્દશુદ્ધિ નિર્ધારે છે, તથા એક રાષ્ટ્રને માટે એક લિપિનો અને એક ભાષાનો પ્રશ્ન આડકતરી રીતે વિચારે છે વાણીના વર્ણબદ્ધ મળતત્ત્વોને એક વર્ગ જ્યારે ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ નિહાળે છે, ત્યારે અન્ય વર્ગ શબ્દોના ભાવપ્રદર્શક સામર્થ્ય-ને જ પકડી લઈ, લોકોત્તર ભાવચિત્રના કાવ્ય રચે છે, બુદ્ધિસવાદી અલકારથી શણગારે છે, હૃદયમવાદી છદોમા ગોઠવે છે ને શ્રોત્રસવાદી સગીતમા ઉતારે છે ત્રીજો વર્ગ, મસ્કારી હૃદયના ઉચ્ચ વિશુદ્ધ સસ્કારો જે ધાર્મિક અને તાત્ત્વિક ચિતનમા તથા આધ્યાત્મિક ને નૈતિક પરીક્ષણમા પરિણામ પામે છે, તેના ઉલ્લેખથી સાહિત્યને બળત્તર બનાવે છે ચોથો વર્ગ, જેના જીવનની એક પણ કળા રાષ્ટ્રના ઉત્કર્ષને માટે પ્રકાશી હોય, તેવી વ્યક્તિના ચરિત્રને ચારિત્રની ચિનાવળીથી અને નિજમડળ તથા અન્યમડળના સામાજિક અને રાજકીય ઇતિહાસના સદર્ભથી સાહિત્યને શણગારે છે પાચમો વર્ગ ઇતિહાસની પતાકા ને પ્રકરીરૂપ સસારશાસ્ત્રના વિવિધ અગો

ખિલાવે છે. એવી રીતે મનુષ્યજીવન ઉચ્ચ કરવાને, દુઃખનો ભાર હલકો કરવાને અને સાત્ત્વિક સુખની સંપત્તિ વધારવાને અભિનયકળા, ગાનકળા, ચિત્રકળા, શિલ્પકળા, સ્થાપત્યકળા અને મોટાઇનો દેખાવ ન કરનારી સાદી ગૃહ–કળાઓનું વિવેચન વળી અન્ય વર્ગો કરે છે. આ ઉપરાંત આવો જ આડકતરાતો સંબંધ ઊંચી કેળવણીમાં સર્વત્ર દેશી સાહિત્યને સ્થાન આપવાની અને સામાન્યવર્ગમાં ઉપયોગી રસાયાનાદિ વિદ્યાનું સામાન્ય જ્ઞાન ફેલાવવાની ચર્ચા સાહિત્ય સાથે ધરાવે છે.

આરંભ ક્યારથી ?

પરિષદ જે સાહિત્યના વિકાસ માટે ઉદ્યુક્ત છે, તે ગૂજરાતી સાહિત્યનો આરંભ પાંચસો વર્ષ ઉપર થયો એમ સામાન્ય રીતે મનાય છે. સર્વે ભાષામાં કાવ્ય સાહિત્ય જ પહેલવહેલું ખેડાય છે, તે પ્રમાણે આપણી ભાષામાં પ્રથમ કવિતા જ લખાયલી બહુધા મળી આવે છે. ગૂજરાતી ભાષામાં આદિ કવિનું માન નરસિંહ મહેતાને સર્વાનુમતે અપાય છે. વિશેષમાં એમ પણ માનવું છે કે, એ રસિક નાગરકવિના સમય પહેલાનું સાહિત્ય તે પ્રાકૃત કે અપભ્રંશ સાહિત્ય, ગૂજરાતી સાહિત્ય નહિ. આ રીતે એ ભક્તરાજનું નામ કવિઓની કાલાનુપૂર્વી દર્શાવવામાં જ નહિ, પણ ભાષાઓની મર્યાદા બાંધવામાં પણ કામે લગાડાય છે. અત્યાર સુધીમાં જે જૂજ શોધખોળ થઇ છે, તેમાં નરસિંહ મહેતાની પૂર્વે થયેલા કોઇ સમર્થ કવિનુ નામ મળી આવ્યું નથી, કે જે એમને આદિકવિના સ્થાનથી ઉથલાવી પાડે. પરંતુ ભાષાની બાબતમાં તો કહેવું જોઇએ કે ઇસવી સનના પંદરમા શતકની મર્યાદા જે બંધાયલી છે તે ચારસો પાચસો વર્ષ અથવા કદાચ તેથી પણ બેએક સદી વધારે પાછી હઠાવવી પડશે. કોઇ કહેશે કે, તમે તો ભીમદેવ અને સિદ્ધરાજના સમયની વાતો કરો છો; પણ હેમચંદ્રાચાર્ય જ તે સમયની ભાષાને એમની અષ્ટાધ્યાયીમાં અપભ્રંશ નામ આપે છે. એ કહેવું ખરું છે. પણ અપભ્રંશ નામથી ભુલાવો ખાવાનો નથી. જો નામથી જ દોરાઇએ, તો અખાની વાણીને ગૂજરાતી ય નહિ, અપભ્રંશ નહિ, પણ પ્રાકૃત કહેવી પડશે; કેમકે વેદાંતી કવિ પોતે જ તેને પ્રાકૃત નામ આપે છે. ભાલણ ને પદ્મનાભ પણ કાદંબરી અને કાન્હડદેપ્રબંધ પ્રાકૃતમાં લખ્યાનું જણાવે છે. એ કાવ્યોની ભાષા

મહારાષ્ટ્રી, શૌરસેની, માગધી કે પૈશાચી નથી, પણ ગૂજરાતી જ છે કેવળ નામ ઉપર આધાર રહેતો હોય, તો નરસિંહ મહેતાને ગૂજરાતીના આદિ કવિ કહી શકાશે નહિ, કેમ કે તેમના પોતાના જ શબ્દોમા કીહએ, તો તેમનું સુગતમ ગ્રામ કાવ્ય ‘ अपभ्रष्ट गिरा ’ મા એટલે કે અપભ્રંશમા છે જેવી રીતે આપણા આ આદિ કવિના ઉત્તમ કાવ્યની ભાષા અપભ્રંશ નામે ઓળખાવ્યા છતા ગૂજરાતી જ છે, તેવી રીતે હેમચન્દ્રાચાર્યની અષ્ટાધ્યાયી નો અપભ્રંશ તે ગુજરાતી જ છે એટલે દરજ્જે વૈદિક ભાષા જે સામાન્ય રીતે સસ્કૃત નામથી ઓળખાય છે, તે લૌકિક સસ્કૃતથી ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ ભિન્ન છે, તેટલે દરજ્જે અથવા તેથી પણ વિશેષ આ અપભ્રંશ, જે પ્રાકૃત નામથી પ્રસિદ્ધ છે તે મહારાષ્ટ્રી આદિ પ્રાકૃત થી ભિન્ન છે પ્રાકૃતનુ વ્યાકરણ-કલેવર સસ્કૃત વ્યાકરણના મૂળતત્ત્વોનું બધાયલુ છે જે Synthetical stage એટલે સમસ્ત દશામા સસ્કૃત છે, તે જ દિશામા નિર્દિષ્ટ પ્રાકૃત છે સસ્કૃતના જ રૂપાખ્યાનના પ્રત્યયો ઘસાયના ઘસાયલા પ્રાકૃત મા કાયમ રહ્યા છે અપભ્રંશમા એ પ્રત્યયો છેકાછેક ઘસાઈ જઈ, તેમની જગા નવા પ્રત્યયોથી પૂરવામાં આવે છે નામનું પ્રથમના એકવચનનુ પ્રાકૃત રૂપ અને ક્રિયાપદનું વર્તમાનકાળનું અંગ, એ અપભ્રંશ મા મૂળ બને છે ને તેના ઉપર સમગ્ર રૂપાખ્યાનની ઇમારત ગઠાય છે એ રીતે જેને Analytical stage એટલે વ્યસ્તદશા કહે છે, તેમા અપભ્રંશ ભાષાને પ્રવેશ કરતી આપણે જોઇએ છીએ

ગૂજરાતી ભાષાના ત્રણ યુગ

વાસ્તવિક રીતે ગૂજરાતી ભાષાના ત્રણ યુગ છે ઇસવી સનના દસમા અગિયારમા શતકથી ચૌદમા શતક સુધીનો પહેલો યુગ પન્દરમા શતકથી સતરમા શતક સુધીનો બીજો અને તે પછીના શતકોનો ત્રીજો પહેલા યુગની ભાષાને અપભ્રંશ કે પ્રાચીન ગૂજરાતી નામ આપવુ ઘટે છે બીજા યુગની ગુજરાતી જે સામાન્ય રીતે હાલમા જૂની ગૂજરાતીના નામથી ઓળખાય છે, તેને મધ્યકાલીન ગૂજરાતી કહેવી યોગ્ય છે ત્રીજા યુગની ગૂજરાતીને અર્વાચીન ગૂજરાતી સંજ્ઞા આપવામા મતભેદ હોય જ નહિ પહેલા પાચ શતકોની ભાષા ગૂજરાતી છે તેની પ્રતીતિ માટે કાલક્ષેપનો ઉપાલભ વહોરીને પણ, શતકવાર ઉદાહરણ આપવાની જરૂર છે એ પાચ શતકના સાહિત્યને જે અન્યાય થયો છે કેમ કે મધ્યકાલીન ગૂજરાતીને જ પ્રાચીન

કાવ્ય ત્રૈમાસિક અને પ્રાચીન કાવ્યમાલાના અભિમત તંત્રી ગૂજરાતી ગણવા ના પાડે છે, ત્યાં પ્રાચીન ગૂજરાતીનો તો ધડો જ થવો કેવો! માતપિતા મોટાં છોકરાંને ઈનિકાર કરી નાવારસ ઠેરવે ને નાના બાળકને જ કબૂલ રાખે તેના જેવું આ તો થાય છે. અવમાનિત સાહિત્યની શોધખોળ થતી નથી, અભ્યાસ થતો નથી, ચર્ચા થતી નથી ને તેને ન્યાય મળતો નથી. આંધળે બ્હેરું કુટાય છે ને ગૂજરાતી અગૂજરાતીની યોગ્યતા તપાસાયા વગર અવળું વેતરાયે જાય છે. વગર ઓળખ્યે અથવા ભૂલમાં અથડાઈ અજ્ઞાનના અંધારામાં પ્રકાશની રાહ જોયા વગર આપણે આપણા સાહિત્યવડની જમીનમાં ઊંડી ઊતરેલી વડવાઇઓ વાઢી નાંખવા પ્રવૃત્ત થઇએ છીએ. આ સાહસ અટકાવવા તે તે શતકની ભાષાનાં ઉદાહરણ નીચે આપવામાં આવે છે.

ચૌદમા—પંદરમા શતકનું ગૂજરાતી

શ્રીકૃષ્ણના ભક્ત નરસિંહ મહેતાને જૂનાગઢના શિવભક્ત રા. મંડળિક સાથે વાદ પડ્યો, તે અરસામાં ઉતારાયલા वसन्तविलासમાંથી કેટલીક કડીઓ પ્રથમ આપીએ છીએ. એ કાવ્યની એક લિખિત પ્રત ડેક્કન કૉલેજના સરકારી સંગ્રહમાં પણ છે. જૂના ગૂજરાતશાળા-પત્રમાં પૂર્વે એ કાવ્ય મારા તરફથી છપાયું હતું. એમાંથી દસ જ વૃત્ત અહીં ઉતારું છું.

खेलन वा वि सुखाली (जाली गूरव विश्राम) ।
मृगमदपूरि कपूरिहिं पूरि हि जल अभिराम ॥
अभिनव परि शिणगारी नारी रमइं विसेसि ।
चन्दन भरइं कचोली, चोली मण्डन रेसि ॥
कामुक जन मन जीवन तौं वन नगर सुरङ्ग ।
राजु करइं अभङ्गिहिं रङ्गिहि राउ अनङ्ग ॥
कुसुम तणूं करि धणहृ रे गुण ह भमरलामाल ।
लख लाघवि नवि चुकए मूकए सर सुकुमाल ॥
इम देखी रिद्धी कामनी कामनी किनरकण्ठि ।
नेहगहेली माननी माननी मूकइं गण्ठि ॥
केसू कली अति वांकुडी आंकुडी मयणची जाणि ।
विरहिणीनां इणं कालि ज कालिज काढइ ताणि ॥
सकल कला हुं निशाकर शा करं सइरि संताप ।

अवला म मारि कलङ्की शङ्की भ्या हव पाप ॥
वहिन् रहि नहीं मनमथ मन मथतु दीह राति ।
अङ्ग अनोपम शोषए पोषए वइरणि राति ॥
विरह सहू ते भागलु कागलु करलउ पेखि ।
वायसना गुण वरणए अरण ए त्यजइ विशेखि ॥
मुख आगलि तू मलिनरे नलिन जई जलि नाहि ।
दन्तह बीज दिखाडि म दाडिम तू मुख माहि ॥

ઉપરના ઉતારામા નરસિહ અને પદ્મનાભમા મળી આવતો चो પ્રત્યય, ભાલણમા મળી આવતું कर રૂપ ને પદ્મનાભમા મળી આવતો लउ પ્રત્યય વિદ્યમાન છે તે ઉપરાત જેને બીજી કે ચોથી વિભક્તિ કહે છે તેના અર્થમા પ્રાકૃત દ્વિતીયા–ષષ્ઠીના दन्तह રૂપનો પ્રયોગ એમા ધ્યાન ખેચે છે વળી અર્વાચીન હિદી મરાઠીના સામાન્ય કૃદતનુ પૂર્વરૂપ गेण्हहे વ્યા ૮।૪।૪૪૧। तुम तवे मणाणहमणा हमणाह च । સૂત્રની સ્મૃતિ આપે છે, તથા પ્રાચીન ગૂજરાતીનો रेसि પ્રત્યય है વ્યા ।૮।૪।૪૨૫। तादर्थ्य केहिं–तेहि रेसि–रेसिं–तणेणा । સૂત્ર યાદ દેવરાવે છે આ રૂપ ને પ્રત્યય પદરમા શતકથી જૂના હોવાથી આપેલો ઉતારો ચૌદમા શતકની ભાષાનુ પણ ભાન કરાવવા સમર્થ છે આથી તે શતકની ભાષાના દ્રષ્ટાત પ્રાકૃત પિગલ સૂત્રમાથી શોધતા નથી એ ગ્રન્થમા લક્ષણ બાધ્યા છે તે મધ્યકાલીન ગૂજરાતીમા છે, ને ઉદાહરણો પણ મોટે ભાગે તેજ ભાષામા છે

તેરમા શતકનુ ગૂજરાતી

તેરમા શતકની લોકભાષાના ઉદાહરણ મેરુતુગ પૂરા પાડે છે એણે प्रबन्ध चिन्तामणि રચ્યાની સાલ ઈ૦ સ૦ ૧૩૦૫ છે તેથી મધ્યમ ગણતરીએ એના પ્રબધોમાનુ अपभ्रंश સાહિત્ય તેરમા શતકનું લેખીએ છીએ નીચેના દુહા मुञ्जराजप्रबन्धमाथी લીધા છે

मुञ्जु भणइ मुणाल वइ जुव्वणु गयउ म झूरि ।
जइ सक्कर सय खण्ड थिय तोइ सु मिट्ठी चूरि ॥
जा मति पच्छइ सपजइ सा मति पहिली होइ ।
मुञ्जु भणइ मुणालवइ विघन न वेटइ कोइ ॥
झोली तुट्टिवि किंन मुअउ किं न हुउ छारह पुञ्ज ।
घरि घरि नच्चावी यइ जिम मक्कड तिम मुञ्ज ॥

सायरु खाई लङ्क गट गढ वइ रावण राउ ।
भग्ग करवइ सवि भजि गय मुञ्ज म करउ विसाउ ॥

નીચેનાં રાણકદેવીનાં વચનો 'સિદ્ધરાજપ્રબંધ 'માં ધ્યાન ખેંચનારાં છે.

तइं गढुआ गिरनार काहु मणि मच्छर धरिउ ।
मारितां खेंगार एकु वि सिहरु न ढालिउ ॥
जेसल मोडि म बाह वलि वलि विरूउ भावि यउ ।
नइ जिम नवा प्रवाह नवघण विणु आवइ नहि ॥
वाटी तउ वढवाण वीसारतां न वीसरइ ।
सोनासमा पराण भोगावह तइं भोगवइ ॥

નીચેનાં સુભાષિત પણ મન હરે એવાં છે.

जइआ रावणु जाइउ दहमुहु इक्कसरीउ ।
जणणी पीहली चिंतवइ कवणु पिया विह खीर ॥
एहु जम्मु गयु नग्गउ भडसिरि खग्गु न भग्गु ।
तिक्खां तुरा न माणिआं गोरीगलइ न लग्गु ॥
कसु करु पुत्तकलत्तधी कसु करु करसण वाटि ।
आइवु जाइवु एकला हत्थ विन्नि वि झाडि ॥

અગિયારમા-બારમા શતકનું ગુજરાતી

હવે अपभ्रंश કિંવા પ્રાચીન ગૂજરાતીનાં વ્યાકરણ આદિપ્રવર્તક અને प्राकृत બોલીઓના પાણિનિ હેમચંદ્રાચાર્ય તેમની अष्टाध्यायीમાંથી ઉદાહરણ ઉતારીએ છીએ. એ સમર્થ ગુર્જર ગ્રન્થકારનો સમય ઈ૦ સ૦ ૧૦૮૮–૧૧૭૨ છે. આથી એના अपभ्रंश ખંડમાં સંગ્રહેલું સાહિત્ય બારમા અને અગિયારમા શતકની લોકભાષાના દ્રષ્ટાંત તરીકે લઇએ છીએ.

वायसु उड्डावन्ति अइ पिउ दिट्ठउ सहसत्ति ।
अद्धा वलया महिहि गय अद्धा फुट्ट तडत्ति ॥
हिअडा फुट्टि तडत्ति करि काल क्खेवें काइं ।
देक्खउं हय विहि कहिं ठवइ पइ विणु दुक्खस याइं ॥
साहु वि लोउ तडप्फडइ वड्डत्तणह तणेण ।
वड्डप्पणु पुणु पाविअइ हत्थि मोकलडेण ॥
जइ न सु आवइ दुइ घर कांइ अहो मुहु तुज्झु ।
वयणु जु खण्डइ तउ सहिए सो पिउ होइन मुज्झु ॥
जइ स सणेही तो मुइअ अह जीवइ निन्नेह ।

विहिंवि पयारेहिं गइ अधण किं गज्जइ खल मेह ॥
बप्पीहा पिउ पिउ भणवि कित्तिउ रुअहि हयास ।
तुह जलि महु पुणु वल्लहइ बिहुवि न पूरिअ आस ॥
हिअइ खुडुक्कइ गोरडी गयणि धुडुक्कइ मेहु ।
वासारत्ति पवासुअह विसमा सकडु एहु ॥
त तेत्तिउ जलु सायर हो सो तेवडु वित्थारु ।
तिसहे निवारणु पलु विनवि पर धुध्धुअइ असारु ॥
ज दिट्ठउ सोमग्गहणु असइहिं हासउ निसङ्कु ।
पिअमाणु स विच्छोहगरु गिलि गिलि राहु मयङ्कु ॥
अन्ने ते दीहर लोअण अनु त भुअजुअलु ॥
अनु सु घणथणहारु त अनु जि मुहकमलु ।
अनु जि केस कलावु सु अन्नु जि पाउविहि ।
जेण णिअम्बिणि घडिअ स गुणलावण्णनिहि ।
पिअसगमि कउ निद्दडी पिअहों परो क्खहो केम्व ।
मइ बिन्निवि विन्नासिआ निद्द न एम्व न तेम्व ॥
जाइज्जाइ तहिं देसडइ लब्भइ पियहो पमाणु ।
जइ आवइ तो आणिअइ अहवा त जि निवाणु ॥
जइ पवसन्ते सहु न गय न मुअ विओए तस्सु ।
लज्जिज्जइ सदेसडा दिन्तेहिं सुहय जणस्सु ॥
खज्जइ नउ कसरक्केहि पिज्जइ नउ घुण्टेहिं ।
एम्वइ होइ सुहच्छडी पिए दिट्ठें नयणेहि ॥
सिरि जरखण्डी लोअडी गलि मणियडा नवीस ।
तोवि गोट्ठडा कराविआ मुद्धए उट्ठ वईस ॥
जम्भा लग्गा डुङ्गरिहिं पहिउ रडन्तउ जाइ ।
जो एहा गिरि गिलणमणु सो कि धणहें धणइ ॥
सिरि चडिआ तोडन्ति फल पुणु डालइ मोडन्ति ।
तोवि महद्दुम सउणाहु अवराहिउ न करन्ति ॥

નીચેના બે દુહા મુંજ રાજાને લગતી પ્રાચીનતર લોકકવિતાના હોઇ લક્ષ રોકે છે

रवराइ सा विसहारिणी ते कर चुम्बिवि जीउ ।
पडि बिम्बिय मुञ्जाउ जउ जेहि अडोहिउ पिउ ॥

वाह विछोडवि जाहि तुहुं हुउ तेम्वइ को दोसु ।
हिअ अहिअ जइ नीसरहि जाणउं मुञ्ज सरोसु ॥

હેમચંદ્રાચાર્યનો સંગ્રહ મોટો છે. મહાભારત ભાગવત આદિ કાવ્યો તેમના સમયમાં અથવા તે પહેલાં રચાયેલાં હતાં. અને अपभ्रंश સાહિત્ય એટલે કે પ્રાચીન ગૂજરાતી સાહિત્ય સારું ખેડાયલું હતું, તેની એમના ઉતારામાં આપણને ઝાંખી થાય છે. વળી, ગૌડમંડળમાં કવિ જયદેવે गीतगोविन्दथी રાધાકૃષ્ણની પ્રીતિ ગાઇ તે પહેલાં ગૂર્જરભૂમિમાં એ રસરાજના અધિષ્ઠાતાની અને એ રાસેશ્વરીની પ્રેમગાથા अपभ्रंश કવિઓ ગાઇ રહ્યા હતા, તેનું પણ સંગ્રહિત વચનોથી ભાન થાય છે. પરંતુ એ બધા ફકરા અહીં ઉતારવા જેટલો અવકાશ નથી. આ ટૂંકી નોંધ, ગૂજરાતી સાહિત્યના આરંભનો અવધિ અગિયારમા શતકની પણ પૂર્વે જાય છે, તેનો સહજ ખ્યાલ આપવા માટે છે.

બીજા અપભ્રંશ સાહિત્યનો સહજ નિર્દેશ

प्राकृतद्वयाश्रयने પ્રસિદ્ધ कुमारपाळचरितना છેલ્લા સર્ગનો પાછલો ભાગ હેમચંદ્રાચાર્યે अपभ्रंशમાં રચેલો છે. મુંજરાજના સમયમાં થયેલા અમિતગતિના શિષ્યનો छक्कम्मोवएसो પણ अपभ्रंशમાં છે. વળી મહાકવિ કાલિદાસના विक्रमोर्वशीयना ચોથા અંકમાં જે પ્રક્ષિપ્ત ભાગ મળી આવે છે તે પણ अपभ्रंशમાં છે. साहित्यदर्पणના કર્તા વિશ્વનાથ कर्णपराक्रम નામે कडवकबद्ध મહાકાવ્ય अपभ्रंशમાં રચાયાનું લખે છે. જૈન ભંડારોમાં, બારીક તપાસ કરાશે તો ઘણાં અમૂલ્ય રત્નો નીકળી આવવાનો સંભવ છે. अपभ्रंश સાહિત્ય બહાર પડવાથી આપણી ભાષાની તેમજ બંગાળી, હિંદી, મરાઠી વગેરે બીજી પણ અર્વાચીન ભાષાની ઉત્પત્તિ ઉપર અપૂર્વ પ્રકાશ પડશે. બૌદ્ધોની પાલી અને જૈનોની अर्धमागधी वैदिक महासंस्कृत સાથે જે સંબંધ ધરાવે છે, તેના કરતાં પણ વધારે નિકટનો સંબંધ આપણી अपभ्रंश ભાષા સાથે એ બધી ભાષાઓ ધરાવે છે.

પ્રથમ યુગનું ઉત્તેજક સાહિત્ય

ઉપરની હકીકત ધ્યાનમાં લેતાં ગૂજરાતી સાહિત્યની કાલમર્યાદા હજારેક વર્ષની થવા જાય છે. આટલું જૂનું સાહિત્ય તેની ભગિનીઓના ભંડારમાં મળી આવતું નથી, તેને લીધે એ સવિશેષ મૂલ્યવાન

બને છે એ સાહિત્યના આપણે ત્રણ યુગ પાડ્યા હતા પ્રથમ યુગનુ પ્રાચીન ગૂજરાતી સાહિત્ય નિર્મળ પ્રેમભાવના પોષતું ને ઉજ્જવળ દેશભક્તિથી ઊભરાતું ઉત્સાહપૂર્ણ છે જે કાળમા જેવી દેશની સ્થિતિ, તેવુ તેનુ તે કાળનુ સાહિત્ય હોય છે મહારાણી ઇલિઝાબેથના રાજ્યકવિથી આજ પર્યંત આપણા પ્રતાપી રાજકર્તાઓનો ઉત્તરોત્તર અધિકાધિક ઉદય થતો આવ્યો છે, તો તેમનુ સાહિત્ય પણ એ સદી ઓનુ પરમ તેજસ્વી અને ઉત્કર્ષશાળી છે ઇસવી સ ની અગિયારમી, બારમી ને તેરમી સદી ગૂજરાતના પરમ અભ્યુદયની હતી ચાચિયા અને લૂટારાને શાસન થતા કરી વ્યાપાર જળમાર્ગે ને સ્થળમાર્ગે ધમધોકાર ચાલી રહ્યો હતો દેશનો ઉદ્યોગ ખિલાવવાને માટે બહારથી શિલ્પીઓ તેડાવી વસાવ્યા હતા કુરુક્ષેત્ર, પાચાલ, શુરસેન, પ્રયાગ, અયોધ્યા આદિ સ્થળના શ્રોત્રિય બ્રાહ્મણોને આણી, દેશમા જુદે જુદે સ્થાને સ્થાપ્યા હતા વિદ્વાનોને સપૂર્ણ આશ્રય મળી રહ્યો હતો, તે એટલે સુધી કે, હેમચદ્રાચાર્યનું વ્યાકરણ હાથીની અબાડીમા રાજદરબારી સવારીના ઠાઠથી મોટી ધામધૂમ સાથે મહારાજા સિદ્ધરાજના સરસ્વતી ભડારમા પધરાવવામા આવ્યુ હતું સિંધ, માળવા, કનોજ, અયોધ્યા, ચેદિમડળ, અપરાત અને ચૌલમડળપર્યંત દિગ્વિજયી ગુર્જરવીરોની વીરહાક ગાજી રહી હતી આવા સમયના સાહિત્યમા શૌર્યાતનની જ્વાળા અને સ્વદેશપ્રીતિની જ્યોતિ ભભૂકી રહે તે સ્વાભાવિક છે સાહિત્યના ઉત્કર્ષ સાથે દેશનો ઉત્કર્ષ સધાયલો જ છે નાખી નજર ના પહોચે એવા જે પ્રાચીનયુગમા, પ્રકૃતિની વિવિધ વિભૂતિમાં પ્રકાશતા દિવ્ય સત્ત્વનો મહિમા ઋષિઓએ ગાયો, તે જ યુગમા આર્યોના આધિપત્યે આર્યાવર્તને આર્યાવર્ત બનાવ્યો, જે સમયે ઉપનિષદ સાહિત્યની પરમોજ્જવળ બ્રહ્મભાવના પ્રગટી, તે સમયે ગાર્ગી, વિકન્ન આદિ મહિલાઓ પૂજાઇ અને અરુધતી સપ્તર્ષિની પક્તિમા માન્યપદ પામી જે જમાનાએ રામાયણ અને મહાભારત જેવી વિશ્વવિખ્યાત વીરસહિતાઓને જન્મ આપ્યો, તેણે ભારતભૂમિની નૈતિક ને આધ્યાત્મિક ઉન્નતિ પણ જોઈ જે વખતમા બુદ્ધ ભગવાનના ઉદ્બોધક વચનોના ત્રિપીટક ગૂથાયા, તે વખતમા વિશ્વવિજયી સિકદરના સમર્થ અનુયાયીઓએ સાર્વભૌમ ચદ્રગુપ્તની અને તેના મહા પ્રતાપી પૌત્ર અશોકની મૈત્રી શોધી, જે કાળમા વિશુદ્ધ દાપત્યપ્રીતિનુ આદર્શ મેઘદૂત ઉદ્ભવ્યુ, તે કાળમા ભરતખડે સ્વરાજ્ય પાછુ

મેળવ્યું. ઉત્કર્ષકાળનું સાહિત્ય આ રીતે ઉત્સાહપૂર્ણ હોય છે. ગૂજરાતી સાહિત્યનો પ્રથમ યુગ તે ગૂર્જરાતના ભવ્ય ઉદયનો હતો. તેથી તે યુગના સાહિત્યમાં પુરુષ-પરાક્રમનું ગંભીર ગાન છે. મહાન યતિ હેમચંદ્રાચાર્યના મૂલ્યવાન સંગ્રહમાં એક વાર ફરીને આપણે ચંચુપાત કરીએ, જ્યારે યદૃચ્છાએ સંગ્રહીત સુભાષિત આવાં શૂર પૂરનારાં છે, ત્યારે તે સમયનું ઉદ્દેશપૂર્વક રચેલું સાહિત્ય તો કેવું ઉત્તેજક હશે તે કલ્પનાગમ્ય છે. સંગ્રહમાનાં થોડાંક વચન આપણે આપણા કાર્યસર ઉતારીએ છીએ.

धवलु विसूरइ सामि अहा गरुआ भरु पिक्खेवि ।
हउ कि न जुत्तउ दुहुं दिसिहि खण्डइं दोण्णि करेवि ॥
भल्ला हुआ जु मारिआ बहिणि महारा कन्तु ।
लज्जेज्जं तु वअंसि अहु जइ भग्गा घरु एन्तु ॥
जी विउ कासु न वल्लहउ धणु पुणु कासु न इट्ठु ।
दोण्णिवि अवसर निवडि अहिं तिण सम गणइ विसिट्ठु ॥
अम्हे थोवा रिउ वहुअ कायर एम्व भणन्ति ।
मुद्धि निहालहि गयणयलु कइजण जोण्ह करन्ति ॥
महु कन्तह बे दोसडा हेल्लि म झङ्खहि आलु ।
देन्तहो हउं पर उव्वरिअ जुज्झन्त हो करवालु ॥
जइ भग्गा पारकडा तो सहि मज्झु पिएण ।
अह भग्गा अम्हहं तणा तो तें मारि अडेण ॥
पुत्ते जाएं कवणुगुणु अवगुणु कवणु मुएण ।
जा वप्पीकी भूंहडी चम्पिज्जइ अवरेण ॥
महु कन्तह गुट्ठट्ठिअहो कउ झुम्पडा वलन्ति ।
अह रिउरुहिरे उल्हवइ अह अप्पणें न भन्ति ॥
सरिहिं न सरेहिं न सरवरेहि नहि उज्जाण वणेहि ।
देस रवण्णा होन्ति वढ निवसन्तेहि सुअणेहि ॥
हिअडा जइ वेरि अ घणा तो कि अब्भि चडाहुं ।
अम्हाहिं बे हत्थडा जइ पुणु मारि मराहुं ॥
पाइ विलग्गी अन्त्रडी सिरु ल्हसिउं खन्धस्सु ।
तो वि कटारइ हत्थइउ वलि किज्जउं कन्तस्सु ॥

અલંકાર-પ્રસ્થાનની અસર

આ યુગના પૂર્વભાગમાં સંસ્કૃત અલંકાર-પ્રસ્થાનની અસર

અપભ્રંશ સાહિત્ય ઉપર થતી જોવામા આવે છે સમસ્યાપૂર્તિ, શ્લેષ આદિ સભારંજની કવિતા અને સુભાષિતના મુક્તક આ સમયમા સસ્કૃતની પેઠે અપભ્રંશમા પણ રચાય છે એ યુગના ઉત્તરભાગમા રજપૂત રાજાની અવનતિ થાય છે ને મધ્યકાલીન ગૂજરાતીના યુગમા તો દેશ પરચક્ર નીચે કચરાય છે

મધ્યયુગમાં પૂર્વ યુગનાં આંદોલનો

પેશવાઈ લોપ થયા છતા પેશવાઈએ આપેલો વેગ મરાઠી સાહિત્યમા જેમ ટકી રહેલો જોઈએ છીએ, તેમ રાજ્યની ઊથલપાથલ થયા છતા પણ ગતરાજ્યના સમયનો વેગ આ મધ્યયુગના આરભમા કેટલોક વખત ટકી રહે છે અને નરસિંહ, ભાલણ અને પદ્મનાભ જેવા કવિરત્ન પાકે છે, પરતુ તેમની કવિતાનો પ્રવાહ જુદે માર્ગે વહે છે સ્વતત્ર નાગર કવિ નાતજાતની અને આલકારિકની મર્યાદા ઉલ્લઘી પ્રસગદૃષ્ટિથી રાસલીલા અને દાણલીલામા ભાગ લેતો ભક્તિશૃગારના ઉન્નત પ્રદેશમા સ્વચ્છદ ઘૂમે છે વિદ્વાન બ્રાહ્મણ કવિ कादम्बरी ને भागवत દશમસ્કંધ ગૂજરાતીમા સસ્કૃતમાથી ઉતારી પોતાની રસવૃત્તિનો વેગ શમાવે છે, ને આશ્રિત નાગરકવિ આશ્રયદાતાના પૂર્વજના પરાક્રમનુ યશોગાન ગાઈ હૃદયમા શાન્ત્વે કે મધ્યયુગના બીજા ગણાવવા જેવા સમર્થ લેખકે નથી મોટા ભાગે સ્થૂળ ધર્મબુદ્ધિ તૃપ્ત કરવા મહાભારત રામાયણના અને નાનામોટા આખ્યાનોના જોડકણા જોડાયલા આ સમયમા મળી આવે છે, અથવા તો સામાન્ય જનસમાજની વિનોદવૃત્તિ સતોષવા વાર્તાઓ ગદ્ય ને પદ્યમા લખાયલી જોઈએ છીએ ભાલણસુત ઉદ્ધવ વાલ્મીકિના રામાયણનું પ્રતિબિંબ ઉતારે છે વીરાસુત નાકર પુરાણીના મુખે સસ્કૃત કથા સાભળી, સાણગોળાવાળા ઉપર ઉપકાર અર્થે પુણ્યબુદ્ધિથી ભારતના પર્વો વડે જે એ ધર્મ-સહિતા પાછળ યુગમા ઘણા કથાભટો મડી પડે છે

મધ્યયુગનુ ધર્મમદ મૂલોપજીવક સાહિત્ય

વિષ્ણુદાસ, શિવદાસ, દેવીદાસ, મુરારિ, શ્રીધર આદિ કથકોના આખ્યાનોની ને કથાઓની ધર્મગદ નિ મત્ત્વ પ્રજાના ખપતી પુષ્કળ થાય છે બોરમદ પરગણાનો વતનો આખ્યાનશૈલીમા વાર્તાની વિનોદશૈલી મેળવી શુકદેવ–આખ્યાન રચે છે નાગર વચ્છરાજ જેને પ્રેમાનદનો શિષ્ય વીરજી સુરેખાહરણના આરભમા સ્મરે છે, તે રસિકવત્રિની વાર્તામા ખખડાન્તુ ગૂઢ રૂપક સમાવે છે જૈન યતિ નેમવિજયધર્મા

અને આચારના ઉપદેશ અર્થે અદ્ભુત કથનનો ઉપયોગ કરે છે. એ લેખોની કૃતાર્થતા જમાનાની જરૂરિયાતો પૂરી પાડવાની સાથે સાહિત્ય-વૃક્ષનાં મૂળ સજીવન રાખવામાં સમાપ્ત થાય છે. સારસ્વત પ્રવાહ જે પંદરમા શતકમાં પવિત્ર દર્શન દઈ, સોળમા અને સત્તરમા શતકમાં શોષાઈ સુકાઇને ન છતો જેવો થઈ ગયો હતો, તે અઢારમા શતકમાં પાછો વિસ્તારથી જોસભેર પ્રગટ વહેવા માંડે છે.

વ્યક્તિના પ્રતાપથી સજીવન રહેલાં મૂળ નવપલ્લવ થવાં

આદિ કવિની રસદૃષ્ટિ ને તત્ત્વદૃષ્ટિ વિભક્ત થઈ પ્રેમાનંદ અને અખામાં સંક્રાંત થઈ. એકે પોતાની નવું જીવન પ્રેરનારી વાણીથી નૂતન રસિક મંડળ ઊભું કર્યું અને તેમાં પોતે તારામંડળમાં ચંદ્રવત્ સુધા સીંચતો પ્રકાશ્યો. નાગર ગુરુથી ભાષાભક્તિનો મંત્ર પામી, પ્રવૃત્તિનાં પ્રચંડ આંદોલને તેણે સાહિત્યને અનેક દિશામાં અપૂર્વ વેગથી બહલાવ્યું. સાંસારિક જીવોનાં પ્રપંચ અને ક્ષુદ્રતાથી સંસાર જેને નીરસ લાગ્યો હતો, એવો બીજો અકવિ મનાવામાં માન ગણતો જ્ઞાની કવિ નિઃસંગ રહી અચળ્યો રસ ચળાવવામાં ઉદ્યુક્ત રહ્યો.

સાહિત્યના સુકવણામાં એક અમર વેલ

અરાઢમા શતકમાં ભાલણના સાહિત્યરસિક શ્રોતાને સ્થાને વાર્તાના ચમત્કારના ભોગી શ્રોતા જ હતા. એમની રુચિને પોષતું વાર્તાસાહિત્ય જેનાં મૂળ નેમવિજય વચ્છરાજ વગેરેએ સજીવન રાખ્યાં હતાં, તે રખીદાસના સીહુંજના ચોરામાં વિસ્તાર પામ્યું. ઓગણીસમું શતક શમમય દુર્બળ સાહિત્યનું છે. તેમાં ઘણે ભાગે ભજનિયાં ને વૈરાગ્યનાં પદ સાહિત્યની પાનખર ઋતુનાં શુષ્ક પત્રવત્ જ્યાં ત્યાં પથરાય છે. દેશમાં અવ્યવસ્થા એક છેડેથી બીજે છેડે મચી રહે છે. અશાંતિને લીધે વ્યાપાર અટકી પડે છે લડાયક ધાડાંના ત્રાસથી ખેતીવાડીને ભારે ધક્કો પહોંચે છે. ઉન્નત ભાવના સમર્પનારું ધર્મચૈતન્ય ઉપશાંત છે. ગુરુકુળમાં કેળવણીનો પ્રચાર બંધ પડ્યો છે. એવા સંકટના સમયમાં કરતાલ વગાડી ભજન કીર્તન ગાઈ, આશ્વાસન આપનારા ધુટિયો ભગત, નિરાંત ભગત, રણછોડ ભગત, તથા ઉત્સાહ અને પ્રવૃત્તિનાં મૂળ બાળી નાખનારા વૈરાગ્યનો બોધ આપનાર નિષ્કુલાનંદ, કેશવદાસ, અલખ, બુલાખીરામ જેવાની પદરચનાનોજ વિકાસ થવો શક્ય છે. સાહિત્યના આ સુકવણામાં એક જ વેલી નવપલ્લવ રહી નયનને અને હૃદયને ઠારે છે. તે નર્મદાને તટે ઉદ્ભવી છતાં અન્ય દેશકાળનું પાણી પી ફૂલીફાલી જણાય છે. નરસિંહ ભાલણ ને પ્રેમાનંદનો ધટ્ટ પરિચય દયારામભાઈની વાણીમાં જોઇએ

છીએ, પણ એ ફક્કડ કવિ કોઈનો દેવાદાર રહ્યો નથી મહેતાને નામે નવા પદ જોડીને, ભાલણની દશમલીલાનો પોતાની વાણીમા ઉદ્ધાર કરીને અને પ્રેમાનદના ઓખાહરણમા બારોબાર ઉમેરો કરીને, દયારામે બ્રહ્મીઋણ વાળી દીધુ જણાય છે પાછના સાહિત્યનું સક્ષિપ્ત સમાલોચન અહિં પૂરુ થાય છે શુકલપક્ષની અષ્ટમીએ ચદ્રનુ અર્ધુ બિમ્બ તેજપુજથી અજવાળીને સુધાથી સીચી પ્રકૃતિદેવી બાકીના મડળની ઉજ્જવળ રૂપરેખા જ દોરે છે, તેમ, આ સાહિત્યના સુધાનિધિના બિમ્બનું પ્રતિબિમ્બ પણ અહી અધૂરુ જ દોર્યું છે પહેલી પાચ સદીનુ સાહિત્ય સગ્રહાયુ નથી—શોધાયુ જ નથી બીજી પચશતીના પણ ઉત્તમોત્તમ ગ્રન્થો હજુ પ્રકાશમા આવવા બાકી છે નરસિહનો સહસ્રપદી રાસ પૂરો ઉપલબ્ધ નથી ભાલણનુ રામબાલચરિત ત્રુટિત જ મળ્યુ છે એનો દશમસ્કધ પ્રકાશકની રાહ જુએ છે પ્રેમાનદના ત્રણ જ નાટકો છપાયા છે બીજા આઠ કયા છે? કયા છે એના લાખ લાખ પૂરના ત્રણ કાવ્યો? કયા છે પ્રથીરાજ રાસાને ટકોર મારતું વલ્લભે વખાણેલુ કર્ણચરિત્ર? એ વલ્લભના નવે રસના નોખા નોખા કાવ્યો પણ બધા પ્રસિદ્ધ થયા નથી પિતાને પરિતોષ પમાડનારી કૃષ્ણવિષ્ટિ પણ શોધી કઢાઈ નથી ગૂજરાતી સાહિત્યના ઇતિહાસમા અત્યત ઉપયોગી વલ્લભકૃત પ્રેમાનદકથા પણ પ્રકાશમા અણાઈ નથી જેટલુ સાહિત્ય બહાર પડ્યુ છે, તે અપ્રસિદ્ધ સાહિત્યના મુકાબનામા થોડુ છતા યે મગરૂરી ઉપજાવનારુ છે નરસિહ મહેતાના ગોવિદગમન, સુરતસગ્રામ ને ચાતુરીમા પર્યેષક હૃદય ગાઢ પણ આર્દ્ર ભક્તિરસના પારદર્શક પડો ઉકેલે છે ભાલણની રામકૃષ્ણની બાળલીનામા રસિક હૃદય વાત્સલ્યભાવની સુઘડતા જુએ છે પદ્મનાભના પ્રબધની કવિતા વાચી ઉત્સાહશીલ હૃદય ઉછળ્યા વગર રહેતું નથી ભાષાભક્ત પ્રેમાનદની વાણીની તો વાત જ શી કહેવી? એના અભિમન્યુ—આખ્યાનના વીરરસથી નાદોર દરબારમા રજપૂત સામત પીરહાક કરી ઊઠ્યો હતો એના નાટકો સસ્કૃત નાટકોની સમોવડી કરે એવા છે એનુ માધાતા—આખ્યાન વાચી ઠાવકા મનુષ્યને પણ હસવુ દાબી રાખવુ મુશ્કેલ પડે એમ છે એના પુત્ર વલ્લભની બાનીનો ઝોક કોઈ ઑર જ છે પ્રેમાનદના મડળના વૃદ્ધ પ્રસાદ કવિ દ્વારકાદાસના વચનો રોમેરોમ રસ ઉભરાવે છે દયારામ આદિ શૃગારી કવિની ગરબીઓ લાખોને આદ્યાપિ પણ ભક્તિમા ને શૃગારમા લીન કરી નાખે છે

નૂતન સાહિત્યમાં પારસી મુસલમાન સહોદરનાં સહકારિતા અપેક્ષિત

કાવ્યમાર્ગમાં જૂનું સાહિત્ય યશસ્વી બન્યું છે ખરું પણ કાવ્યમાં જ સાહિત્યની પરિસમાપ્તિ થતી નથી. કાવ્યસાહિત્યમાં પણ કાલિદાસની સુઘડતા અને શેલી-ટેનિસનની ઉન્નત પ્રતિભા, મિલ્ટનની પ્રૌઢતા અને શેકસ્પિયરની સર્વદેશી કુશળતા આવવી હજુ અપેક્ષિત છે; તેની સાથે કળાવિધાન અને શૈલી પણ કેળવાય તે અપેક્ષિત છે. એ સાહિત્ય કેવળ પુરાણમૂલક છે, તે સંસારમૂલક થવું પણ ઇષ્ટ છે. બીજા સાહિત્યના માર્ગો તો ઘણે ભાગે અક્ષુણ્ણ જ છે. કવિ નર્મદાશંકરના સમયથી ગદ્ય કંઈક ખેડાવા લાગ્યું છે. ચરિત્રનિરૂપણ તરફ પણ કંઈક લક્ષ દોરાયું છે. સંગીતકળા સંબંધી કંઈક કુતૂહલ ઉત્પન્ન થયું છે પણ, હજુ કરવાનું બહુ છે. બંગાળી ને મરાઠી સાહિત્યના મુકાબલામાં ગૂજરાતી સાહિત્ય પછાત છે. એના સર્વદેશી વિકાસનો આધાર ગુર્જરભૂમિના પુત્રો હોવાનું અભિમાન ધરાવનારાઓ ઉપર છે. સાહિત્યના કાર્યક્ષેત્રમાં જાતિનો, જ્ઞાતિનો, ધર્મનો, કર્મનો કે વર્ણનો ભેદ નથી. હિન્દુ, પારસી, મુસલમાન સર્વે જેમની જન્મભાષા ગૂજરાતી છે, જેમના શિક્ષણનો પાયો ગૂજરાતીમાં નખાયો છે ને જેમનો વ્યવહાર મોટે ભાગે ગૂજરાતીથી ચાલે છે, તે પછી પારસી હો, હિન્દુ હો કે મુસલમાન હો, સૌએ સહોદર છે. બધાની ગૂજરાતી સાહિત્યના ઉત્કર્ષમાં સહકારિતા અપેક્ષિત છે. એક વખત સમશેર બજાવવામાં આગળ પડનાર મુસલમાનભાઇએ કલમપેશીમાં પાછળ પડવું યોગ્ય નથી. જૂની હિન્દીના શણગારરૂપ પદ્માવતી નામે વાર્તાકાવ્યનો કર્તા મુસલમાન જ છે. મુસલમાન રાજ્યકાળમાં ઉત્તર હિન્દુસ્તાનમાં એવા મુસલમાન કવિઓ અનેક થયા છે. હાલ પણ ઉત્તરમાં મુસલમાન શાયરો મશહુર છે. જે લાભ ઉત્તર હિન્દુસ્તાનના મુસલમાનો હિન્દીને આપે છે, તે લાભની ગૂજરાતી ભાષા પણ અહીંના મુસલમાનભાઇઓ પાસેથી આશા રાખે તે બરહક છે. હિન્દુસ્તાનની ગાયનકળા મુસલમાન ઉસ્તાદોએ ખિલાવી સજીવન રાખી છે.

સાહિત્યમાં ભાષાની વિશુદ્ધિ અને એકતા

એવી જ ઉસ્તાદી ગૂજરાતી સાહિત્ય ખિલાવવામાં આપણે તેમની માગીએ છીએ. આપણા ઉત્સાહી પારસીબંધુઓ તો સાહિત્યક્ષેત્રમાં

આગળ જ છે એમના અગ્રેસર લેખકોએ મરહૂમ કવિ દલપતરામે ગુર્જરીવાણીવિલાપમા મૂકેલુ આળ ખોટુ પાડ્યુ છે તેમ છના ઘણા મનબારી, ઘણા તારાપોરવાળા, ઘણા ખબરદાર, ઘણા વાયુચક્રશાસ્ત્ર ચર્ચનાર, ઘણા ઈરાન આદિની તવારીખ લખનાર, ઘણા આરોગ્ય અને વૈદ્યકશાસ્ત્રનુ ઉપયોગી જ્ઞાન ફેલાવનાર, ઘણા દેશપરદેશના રમુજી એહવાલ આપનારની સાહિત્યોપાસક ટોળામા ભરતી કરવાને અને ભાષાની એકતા જાળવવાને જરૂર છે પારસી ભાઇઓ અંગ્રેજીમા કાબેલિયત મેળવવા જે મહેનત લે છે તે મુબારક છે, પણ તે મહેનતના ફળરૂપ તેમના જ્ઞાનનો લાભ ગૂજરાતી બોલનારી સર્વ આલમ એક સરખી રીતે લઈ શકે એટલા માટે પારસી બોલીમા નહિ પણ ગૂજરાતી ભાષામા તેમના હાથે ગ્રન્થો લખાવા ઈષ્ટ છે અમુક ભાગની કે અમુક કોમની બોલીમા ગ્રન્થ લખાવાથી ભાષાની વિશુદ્ધિ જળવાતી નથી, લેખકટોળામા ફૂટ પડે છે ને લેખનો લાભ સમસ્ત મંડળ લઈ શકતું નથી આથી સાહિત્યની ભાષાની એકતા અને વિશુદ્ધિ જાળવવા હમેશા સુધરેલા દેશોમા લેખકો પોતે જ ભાષા પ્રત્યેની પૂજ્ય બુદ્ધિથી, સાહિત્ય પ્રત્યેના ગૌરવથી અને સ્વબધુ પ્રત્યેના પ્રેમથી કાળજી રાખતા જોવામા આવે છે બ્રિટિશ દ્વીપોના એક ભાગનો હો કે બીજા ભાગનો, દેશી હો કે વિદેશી, યુરોપ ને અમેરિકાનો હો, એશિયા ને આસ્ટ્રેલિયાનો હો, ગોરો હો કે કાળો, જે કોઈ લેખક અગ્રેજીમા જ ગ્રન્થ લખવા પ્રવૃત્ત થાય છે, તે (King's English) એટલે રાજરુઢ અગ્રેજીમા જ લખે છે પારસી બોલી મૂકી રુઢ ગુજરાતી ભાષા વાપરવી કઇ પારસી ભાઇઓને મુશ્કેલ નથી જે વાચનમાળા હિન્દુ-મુસલમાનો શીખે છે, તે જ પારસીઓ શીખે છે એ વાચનમાળાથી સુરતી બોલીનુ સુરતીપણુ અને કાઠિયાવાડી બોલીનુ કાઠિયાવાડીપણુ ગયુ છે એ વાચનમાળામાથી કેળવાયલા પારસીઓની પારસી બોલીનુ પારસીપણુ ઘણે ભાગે ઘસાયુ છે પારસીઓમા મગરૂર થવા જેવુ એ છે કે, સ્ત્રીશિક્ષણનો બહુ સારો ફેલાવો છે પારસી બાળકીઓ અને હિન્દુ બાળકીઓ એક જ વાચનમાળા વાચે છે આ જોતા સામયિક અને જાથુ સાહિત્યમા પારસી બોલીના આયુષ્યનો વરતારો ટૂકો જણાય છે પણ એ વરતારો સાચો પાડવાનું પારસી લેખક મડળના હાથમા છે પારસી રોજિંદા પત્રોના માલિકોના હાથમા છે, જ્ઞાન પ્રસારક સભા જેવી સસ્થાઓના હાથમા છે આશા

છે કે, કેળવાયલા ઉત્સાહી પારસી ભાઇઓ જમાનાના ઝોકને માન આપશે.

ધર્મરંગે રંગાયલા સાહિત્યનો સમય ગયો છે

પારસી ભાઇઓ રૂઢ ગૂજરાતી ભાષા વાપરતા થાય, તેની સાથે ગૂજરાતી ભાઇઓએ પણ સાહિત્યની દિશામાં એક અગત્યનો ફેરફાર કરવાની જરૂર છે. કેવળ પૌરાણિક (Mythological) સાહિત્યને પડખે શુદ્ધ સંસારી સાહિત્ય તેમણે ખેડવું જોઇએ, જેમાં પૌરાણિક કથાઓથી અજાણ્યા પારસી અને મુસલમાન ભાઇઓ સરખો આનંદ લઇ શકે. આની શરૂઆત થઇ ચૂકી છે. કેવળ ધર્મના રંગે રંગાયલા સાહિત્યનો સમય વીત્યો છે. એક સમય એવો હતો કે, જ્યારે સર્વ ઉપદેશ અને સર્વ જ્ઞાન આપવાનું દ્વાર ધર્મ હતો, પ્રતીતિ શ્રદ્ધાને પ્રીતિ ઉપજાવનારો માર્ગ દેવકથા હતી, રુચિ અને આદર પ્રગટાવવાનો પ્રકાર અદ્દ્ભુત કથન હતું. સમયબળને અનુસરી આરોગ્ય સંરક્ષણાર્થે સ્નાનશૌચાદિના સામાન્ય નિયમ ધર્મનું અંગ બન્યા; દેશાટનનો લાભ આપનારું તીર્થમાહાત્મ્ય શત શાખાએ વિસ્તર્યું; નીતિનો બોધ દેનારાં અનેક અદ્દ્ભુત ઉપાખ્યાનો ઉદ્દ્ભવ્યાં; અને જ્ઞાનનિર્વાણનો માર્ગ સર્વને માટે ખુલ્લો મૂકનાર ઐતિહાસિક બુદ્ધ ભગવાન ઈશ્વરાવતાર બન્યા. એ જમાનો આજ નથી. જૂના જમાનાએ 'શીલવતીનો રાસ'ને અને 'રોપદર્શિકા'ને જન્મ આપ્યો તો નવો જમાનો 'સરસ્વતીચંદ્ર'ને અને 'કાન્તા'ને જન્મ આપે છે. ભૂતકાળમાં વ્યક્તિની સ્તુતિના રાસા અને પ્રબંધો રચાતા, તો વર્તમાનકાળમાં સામાજિક સ્થિતિના ઇતિહાસ લખાય છે. પ્રાચીન યુગમાં ધર્મના સંગ્રહાર્થે સાધુઓના મહાન સંઘો મળતા, ત્યારે અર્વાચીન સમયમાં નાગરીપ્રચારિણી સભા, એક લિપિપ્રચારિણી પરિષદ, સાહિત્ય પરિષદ જેવાં મંડળ ભિન્ન ભિન્ન ભાષાનાં સાહિત્ય સર્વમાન્ય કરવા, પોતાનું ભૂતપૂર્વ સાહિત્ય સંગ્રહવા, પ્રવર્તમાન સાહિત્યનો સર્વતોમુખ વિકાસ સાધવા સ્થળે સ્થળે મળે છે.

પૂર્વનું ઉત્તેજક અને પશ્ચિમનું પોષક સાહિત્ય

આવા મેળાવડાનું સાર્થક્ય ક્યારે કે, જ્યારે અશ્વિનોએ ચ્યવન ભાર્ગવમાં નવું જીવન પ્રેર્યું હતું તેવું નવું જીવન વૃદ્ધોમાં પ્રેરાય અને રાજર્ષિ વિશ્વામિત્રના સાહચર્યમાં રામલક્ષ્મણ જેમ વીરચર્યામાં ઉદ્યુક્ત થયા તેમ યુવકો પોતાનું પરાક્રમ પ્રકાશવા પગભર થાય. આરંભ

મહાન છે, ખડેર ફરી વસાવવાના છે, ઉજ્જડ પ્રદેશ આબાદ કરવાનો છે, નવા થાણા નાખવાના છે, આપણને ગૂગળાવી નાખતી આલકારિકોની કિલ્લેબધી આપણે તોડી પાડવાની છે, સાહિત્યના ઉદ્યાનમા જડ નાખી વધેલા નિંદ્ય રોપાઓ નીદી કાઢવાના છે, ભયકર પ્રાણીઓની આશ્રયભૂત ઝાડી સાફ કરવાની છે, તૃષા છિપાવનારા જળાશયો ખણવાના છે, આબાદી વધારનારી નહેરો ખોદવાની છે, ઉત્પન્નની આપ–લે સરળ કરનારા માર્ગો ઉઘાડવાના છે આ કામમા આપણા પૂર્વજો પીઠ પૂરી રહ્યા છે કાવ્યક્ષેત્રમા નવો વિજય મેળવવાને આદિકવિ વાલ્મીકિ આપણને કોકિલકઠથી તેડે છે. આર્થિક વિદ્યાઓને પુનરુજ્જીવન આપવાને આરણ્યક પાલકાવ્ય હસ્તીના નિર્ઘોષથી પુકારે છે કુમાર સુકળાઓને ખિલાવવાને વીણા સારતા નારદ સાથે નાટ્ય મુનિ ભરત સજ્જ્ઞા કરે છે રસાયનાદિક વિદ્યાનો રાગ જગાડવાને વીતરાગ નાગાર્જુન પ્રબોધે છે સાહિત્યના રાજ્યનો વિસ્તાર કરવાના પ્રયાસમા સહાયભૂત થવા અનેક અક્ષરદેહધારી સાહિત્યવીરો વ્યૂહબદ્ધ આપણી પીઠે તત્પર ઊભા છે જેઓમા આપણા માજી પ્રમુખ ભાગ મુકાવી મોખરે આવી ઉત્સાહપૂર્ણ મુખમુદ્રાથી આપણને ઉત્તેજે છે વળી આ તરફ આપણા મહાન રાજકર્તા આપણને આગળ દોરવા સન્મુખ તૈયાર છે બેકન ને સ્પેન્સરની સરદારી નીચે તત્ત્વક્ષેત્રમા ઘૂમો શેકસપિયર, મિલ્ટન અને ટેનિસનની સહાયતાથી કાવ્યક્ષેત્રમા આગળ ધસો પોપ, ગ્રિમ અને મેકસમુલરના અગ્રેસરપણામા શબ્દ-વિદ્યા અને પૌરાણવિદ્યાના અજાણ્યા પ્રદેશ સર કરો આ અને બીજા વિષય હાથ કરવામા સાહાય્ય આપવા પશ્ચિમના વીરોની સેનાઓ સજ્જ જ છે વિજય મેળવવામા કોઈનો પ્રતિરોધ નથી પ્રતિરોધક કહીએ, તો તે આપણું આલસ્ય જ છે, આપણો પ્રમાદ જ છે, આપણી કર્તવ્યવિમુખતા જ છે, આપણી હૃદયભીરુતા જ છે, આપણો અનુત્સાહ જ છે આલસ્ય મરડો મા, આલસ્યને જ મરડી નાખો પ્રમાદ ખાઓ મા, પ્રમાદને જ ખાઈ જાઓ પ્રવૃત્તિધર્મની ભગવદ્ગીતોપનિષદનો નિત્યપાઠ જ્યા થાય છે, ત્યા અનુત્સાહ કયાથી, હૃદયભીરુતા ચી, કર્તવ્યવિમુખતા કેવી ? જેના મનમા રાષ્ટ્રને પ્રબોધવાની ઊર્મિ છે, તેને ઊઘવાનુ નથી, જેના મગજમા કઇ નવુ ઉત્કર્ષક કહેવાની પ્રેરણા છે, તેને મૌન ધારવાનું નથી, જેની પ્રતિભામા વીજળિક શક્તિના અંશ ઝણઝણે છે તેને જડવત્ બેસી રહેવાનુ નથી આપણામા સામર્થ્ય નરનો તોટો ન હોવો જોઇએ

આપણી શારદાપીઠના પદવીધારી નરો

પ્રતિવર્ષ આપણી શારદાપીઠમાંથી પદવીધારી નરો સંખ્યાબંધ બહાર પડે છે. આ આપણા વીરો શું નિર્વીર્ય છે? નહિ જ નહિ. ત્યારે શું એમ છે કે કોઈ પૂછે તો જ સહદેવ જોષીની પેઠે તેમના જ્ઞાનનો તેઓ આપણને લાભ આપે? ના ના, તેમ ન હોય. ત્યારે તો એક જ દિશામાં તર્ક દોડે છે. સીતાજીની ભાળ કાઢવા નીકળેલા મહાવીરો અરણ્ય ને પર્વત ઓળંગતા ઓળગંતા દક્ષિણ મહાસમુદ્રને તીરે જઈ પહોંચ્યા, ત્યારે નલનીલ સાથે હનૂમાન પણ શોચ કરવા લાગ્યા કે હવે શું કરવું? આ મહાસમુદ્ર શે ઓળંગાય? તે ક્ષણે વિચક્ષણ જાંબુવાને મારુતિને તેમના સામર્થ્યનું સ્મરણ કરાવી ઉત્સાહપૂરતાં વચનથી કહ્યું કે, "કવિરાજ! તમે પણ આમ શોચ કાં કરો છો? તમારે તો આ મહાસમુદ્ર ગોષ્પદ માત્ર છે." આવી કોઈ જાતની સ્મૃતિ આપણી શારદાપીઠના વીરોને આપવાની જરૂર હોય તો કોણ જાણે! એમનામાં નિગૂઢ સામર્થ્ય છે. એઓ ચાહે તો, એક વખત મહાન શંકરાચાર્યે આકાશમાર્ગે ચાલી જતી સરસ્વતીને યોગબળે આકર્ષ્યાનું કહેવાય છે તેવી રીતે. આ વીરો પણ દ્વીપાંતરમાં જઈ વસેલી સરસ્વતીને અને તેની પૂંઠે લક્ષ્મીને પણ એમની વિદ્યાના બળે આકર્ષી લાવે. જે પશ્ચિમમાં છે ને પૂર્વમાં નથી, એવું કેટલુ બધું તેઓ અહીં વસાવી શકે એમ છે? બાળશિક્ષણ, સાર્વજનિક આરોગ્ય, પ્રતિનિધિ–સત્તાક રાજ્ય આદિ ખાસ પશ્ચિમના જ કહેવાતા વિષયમાં કેટલુ ઉપયોગી જ્ઞાન આપવાનું તેમને સહજ છે? પશ્ચિમના જનસમાજમાં ઉદ્‌ભવ પામેલી હિતકારક યોજનાઓ આ દેશના જનસમાજને અનુકૂળ કરવાનું એમનાં અવલોકન અને અનુભવની સત્તાની બહાર નથી. રસાયનવિદ્યાનો ઉપયોગ અપવાદભૂત પ્રો. ત્રિભોવનદાસ કલ્યાણદાસ ગજ્જર અને તેમના શિષ્યો સિવાય કેટલાએ ઔદ્યોગિક અભિવૃદ્ધિમાં કર્યો? પ્રાચીન મહાકવિની સૃષ્ટિનાં ભવ્ય ચિત્રોનો ઉપયોગ સદ્‌ગત ચિત્રકાર રવિવર્મા ઉપરાંત કેટલાએ હૃદય-દ્રાવક ચિત્રકળાની ખિલવણીમાં કર્યો? મિલ, ફૉસેટ ને સિજવિકના લેખનું રટણ કરી, મિ. રાનડે કે સર ફિરોજશાહ, ઑા. મિ. ગોકલદાસ કે મિ૦ ગોખલે જેવાં અથવા તો દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈ કે ઑા મિ ચીમનલાલ હરિલાલ સેતલવાડ જેવા

આર્થિક પ્રશ્નોના ચિંતક કેટલા ઊભા થયા? અગ્રેજીનો અક્ષર પણુ ન ભણુનાર સદ્‌ગત ભગવાનલાલ ઇન્દ્રજી શોધખોળમા યુરોપિયન શોધકોની હમોહમી કરે, એક પરીક્ષા પસાર ન કરનાર રા બ રણછોડલાલ છોટાલાલ સી આઈ ઈ શહેરસુધારાના અટપટા સવાલોનો નિર્ણય આણે, મધ્યમ દરજ્જાની કેળવણી ધગાવનાર સદ્‌ગત દી બ મણિભાઈ જસભાઈ સ્ત્રીકેળવણીનો વિષય હાથ લે અને આપણા પદવીધારી બધુઓ તેમા ચ ચૂપાત પણુ ન કરે એમ કાઈ હોય? સદ્‌ગત રા સા મહિપતરામ રૂપરામ નીલકઠ હરકોઇને જેવુ આવડે તેવુ લખવાને પ્રેરતા તેમને કોઇ ન આવડવાનું નામ દેતું તો તેઓ ભાર દઇને કહેતા કે, 'ન કેમ આવડે? લખો એટલે આવડશે' માટે આ બધુઓ પ્રત્યે એટલુ જ કહેવુ છે કે શરમાઓ નહિ, સકોચ ખાઓ નહિ, પોતાને તુચ્છ લેખો નહિ તમારી પાસે મૂલ ન થાય એવુ ધન છે તમે તેને અનુભવથી ઓળખાવો, તમે તેને અવલોકનથી ખિલાવો, તમે તેને ઉપયોગથી બહલાવો ને પછી એ ધન તમે તમારા ઓછા ભાગ્યશાળી અશિક્ષિત અથવા અલ્પશિક્ષિત બધુઓને આવકારદાયક થાય એવા રૂપમા આપો આપણુ લખાણુ નામ અમ` કરે એવુ ન હોય તેની પરવા નહિ કીર્તિ એ પ્રવૃત્તિનું પ્રવર્તક તત્ત્વ નથી પ્રવર્તક તો કર્તવ્ય છે કર્તવ્યની પરિસમાપ્તિ કર્તવ્યમા જ છે, તેનો કર્તવ્યથી ભિન્ન અન્ય ઉદ્દેશ છે નહિ માતાપિતા સતાનને ઉછેરે છે, રાજા પ્રજાને પાળેપોષે છે, શ્રીમાન અનાથની સભાળ લે છે શેરીમા રમતા નાના બાળકને રસ્તે જનાર ગાડીઘોડાના ઝપાટામાથી ઉગારી લે છે ને નદીમા તણાતાને તરી જાણુનાર તારે છે એ પ્રત્યેક પ્રત્યેકનું પોતાનુ કર્તવ્ય છે ને તે કરે છે કરનાર સ્વધર્મ બજાવે છે એ જ એનુ ગૌરવ છે ન કરનાર સ્વધર્મમા ચૂકે છે ને દોષિત થાય છે

આપણા શિક્ષિત મહેતાજીઓ

પદવીધારી સુશિક્ષિત પુરુષો મોટા શહેરોમા વહે ચાયલા છે, પણુ શિક્ષણુશાસ્ત્ર ને શિક્ષણુકળાના પ્રમાણુપત્ર ધારણુ કરનારા ગૂજરાતી મહેતાજીઓ બધા દેશમા ફેલાઈ ગયેલા છે તેમનો અવકાશનો સમય જે તેમને ગામડામા ભારે પડતો થઈ પડે છે ને જે તેઓ હલકી ખટપટ કે તુચ્છ કારભારમા ગૂમાવે છે, તેનો તેમના પોતાના હિતને માટે ને તેમના બધુઓના હિતને માટે સદુપયોગ કરવા ધારે, તેં

અનેક માર્ગ છે. જૂના સાહિત્યનો સંગ્રહ કરવાની, સમાજના આચાર વિચારનું અધ્યયન કરવાની, મનુષ્યકુળની ખાસિયતનું અવલોકન કરવાની, જે મંડળમાં તેમનું જીવન નિર્માયું છે તેમને જ્ઞાન અને સાહિત્યનો રસ લગાડવાની, તેમની વૃત્તિઓ કેળવવાની, તેમને ઉચ્ચ ભાવનાઓ અર્પવાની અને તેમને સર્વ પ્રકારે પોતાની વિદ્યાનો, શક્તિનો અને સહૃદયતાનો લાભ આપવાની તેઓ અસાધારણ અનુકૂળતા ધરાવે છે. બાળકેળવણી એ તો તેઓ જે વેતન ખાય છે તેનો બદલો છે. જનસમાજના શિક્ષિત સામાજિક તરીકેના નિજ કર્તવ્યનો તેમાં સમાસ થઇ જતો નથી. કુટુંબમાં રહી કૌટુંબિકોની ઉપેક્ષા કરે તે સ્વધર્મથી ભ્રષ્ટ થાય છે; તેવી રીતે સમાજમાં રહી સામાજિક બંધુઓ પ્રત્યે બંધુકૃત્યમાં જે પ્રમાદ કરે છે તે જનસમાજનો દેવાદાર રહે છે અને સર્વ સમાજના પરમ અધ્યક્ષ જગદીશ્વરનો અપરાધી બને છે. જનસમાજ એક સહકારી સંસ્થા છે. એ સંસ્થાના સહકારધર્મથી શિક્ષિત સુશિક્ષિત સાધનસંપન્ન ને સાધનરહિત એકસરખા બંધાયલા છે.

સાધનસંપન્ન બંધુઓ અને સાહિત્યપીઠની યોજના

સ્વાગતમંડળના ઇતિહાસરસિક અધ્યક્ષ શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજી શોધખોળમાં અને ઐતિહાસિક સંગ્રહમાં પોતાની સમૃદ્ધિનો સદુપયોગ કરી રહ્યા છે. શેઠ ગોકળદાસ તેજપાળ, શેઠ મંગળદાસ નથુભાઇ, શેઠ પ્રેમચંદ રાયચંદ, સર જમશેદજી જીજીભાઇ, સર કાવસજી જહાંગીરજી, શેઠ જમશેદજી નસરવાનજી તાતા વગેરે મુંબઇના ધનાઢ્ય ગૃહસ્થોની ઉદારતાની પિછાન આપવી તે સૂર્યચંદ્રને ઓળખાવવા જેવું ગણાય. તેમણે કેળવણીની અભિવૃદ્ધિ માટે બહુ કર્યું છે. પણ સાહિત્યની સેવામાં પોતાનું સર્વ ધન સમર્પનાર ને ગૂજરાત વર્નાક્યુલર સોસાયટીને છેવટની વારસદાર ઠરાવી જનાર તો સુરતના સદ્ગત શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ જ છે. સાધનરહિત બંધુઓને માટે સાધનસંપન્ન ગૃહસ્થો પુસ્તકશાળા ને વાચનશાળા ઉઘાડે છે. તેને માટે તેમને અભિવંદન આપવું ઘટે છે. તેની સાથે પુસ્તકશાળાનો પુસ્તક—સંગ્રહ મૂલ્યવાન બનાવવા અને વાચનશાળાનું વાંચન વજનદાર કરવા. સાહિત્યને ઉત્તેજન આપવા સંયુક્ત ભંડોળ ઊભું કરવાની તેમને વિનંતિ છે. ગૂજરાત વર્નાક્યુલર સોસાયટીની પ્રવૃત્તિ તેના બંધારણને લીધે એકદેશી છે. ફાર્બસ

સભાની પ્રવૃત્તિની દિશા કઇ ભિન્ન છે પરંતુ તે પણ સર્વતોમુખ નથી સાહિત્ય સભામા ઉત્સાહ છે ત્યારે સાધન નથી આ ખોટ પૂરી પાડવા સર્વતોમુખ ઉત્તેજન આપનારી સાધનસપન્ન સાહિત્યપીઠ સ્થાપવાની જરૂર છે, જે વિશુદ્ધ ભાવનાવાળુ અને ઉપયોગી જ્ઞાનવાળુ અલ્પમૂલ્ય સાહિત્ય એકેએક ગામ જ્યા ગૂજરાતી નિશાળ હોય સા મફત છૂટથી વહેચી સાહિત્યની ગગા આગણે આગણે વહેતી કરે, જે વધારે મૂલ્યના પુસ્તકોની અવેતન જગમ પુસ્તકશાળા સ્થાપી સગીન જ્ઞાનનો પ્રચાર કરે, જે ભાષણોથી ને નિબધોથી લોકોના હૃદય કેળવે અને સત્પ્રવૃત્તિનો સદુપયોગ જાગૃત કરે, જે સ્વકાર્યરસિક પગારદાર પુરુષો દ્વારા શોધખોળ ચલાવે, ટૂકામા સાહિત્યની સગ્રાહક, સરક્ષક, સવર્ધક, પ્રચારક ને અધ્યાપક મડળી નીવડે, આવી સાહિત્યપીઠની સ્થાપના લક્ષ્મીના વિશ્રામભૂત ઉત્તમ પુરુષોના હાથમા છે

વાચકવર્ગ તરફથી સાહિત્યને આવકારની જરૂર છે

સાધનરહિત બધુઓ પણ સાહિત્યની વૃદ્ધિને માટે બહુ કરી શકે એમ છે જેમને અક્ષરજ્ઞાન છે તેઓ સારુ સાહિત્ય વાચે, તે પણ સાહિત્યની એક અશે કૃતાર્થતા છે, સારા ભાષણોને અને સારા લેખોને આવકાર આપે, તે પણ તેની કદર છે, બુદ્ધિનો ઉપયોગ કરી સારાનરસાનો વિવેક કરે, તે પણ ઉત્તેજન છે

આટલું કરે તો વાંચનાર કયા છે, સાભળનાર કયા છે, સમજનાર કયા છે, કદર બૂજનાર કયા છે એ જે ફરિયાદ ઉઠાવવામા આવે છે, તે દૂર થાય

સમષ્ટિ-શ્રેય માટે વ્યષ્ટિ-પ્રવૃત્તિ

આ રીતે સાહિત્યની અભિવૃદ્ધિમા સર્વની પ્રવૃત્તિને સ્થાન મળે છે સાહિત્યના ક્ષેત્રમા કોઇનો બહિષ્કાર નથી સર્વનો સહકારી ઉદ્યોગ સ્વીકાર્ય છે સત્સગીનું મદિર જ્યારે બધાય છે, ત્યારે કોઇ સત્સગી ઈંટો ઉપાડી કે તગારા વહી શરીર વહેવરાવે છે, કોઇ સત્સગી પથ્થર ઘડે છે, વેરે છે કે કોરે છે, કોઈ ઇમારત આંકે છે તો કોઇ પાયા ખોદે છે, કોઈ ચણતર ચણે છે તો કોઇ ચિત્રનું કામ કરે છે, કોઇ સર્વના ઉપર દેખરેખનો ભાર ઉપાડે છે, તો કોઈ ખર્ચનો ભાર માથે લે છે સર્વ પોતાના ગજા પ્રમાણે કાર્યભાગ બતાવી ઉત્સાહ પ્રદર્શિત કરે છે એ નાનામોટા સૌ પુણ્યના સરખા અધિકારી છે સર્વ કર્મના સાક્ષી પરમ પુરુષની દષ્ટિમા સૌનો

પ્રયાસ સરખો આવકાર પામે છે. એ ભારવાહક, એ કર્મકર, એ શિલ્પી, એ સૂત્રધાર, એ સમવેક્ષક, એ ધનદાતા, સંસારી પાળા કે સાધુ સૌ આ મહાન કાર્યમાં પોતાના વ્યષ્ટિજીવનને સમષ્ટિજીવનમાં હોમે છે. આવી સ્વધર્મપરતા, આવી સમષ્ટિશ્રેયની ભાવના, આપણું સાહિત્યમંદિર બાંધવાને સરસ્વતીના સત્સંગીઓમાં ઇષ્ટ છે. કાર્યક્ષેત્ર ક્યાં નાનું છે ? સૌને માટે પોતપોતાની યોગ્યતા અનુસાર પ્રવૃત્તિના અનેક માર્ગો ખુલ્લા છે. સ્વલક્ષણવતી કવિતા રચવાની પ્રતિભા ધરાવનાર કવિને ઘણા પ્રદેશ અક્ષુણ્ણ છે. તેમાં જ તે ઘૂમે એમાં સાહિત્યને લાભ છે. જેનાથી સ્વકલ્પિત લેખ નથી લખાતો, તેને માટે બીજી ભાષામાંથી અનુવાદનો માર્ગ ઉઘાડો છે. કેવળ સ્વભાષાનિષ્ઠ ને સ્વભાષામાં ઘણું યે કરવાનું છે. અનેક પુસ્તકો ઊધઇ ખાય છે અથવા પટારામાં કે પોથીમાં અંધારામાં પડ્યા છે, તેમનો ઉદ્ધાર કરવાનો છે. લોકગીત, લોકવાર્તા, રાસા-પવાડા, સિક્કા ને શાસનપત્ર-શિલા લેખો ને પાળિયા, વહી ને દસ્તાવેજો સંગ્રહનારા પ્રયત્નની વાટ જુએ છે. હૃદયચક્ષુથી જોનારને લોકના રીતરિવાજો, વહેમો અને રૂઢ સંસ્કારો અવલોકન માટે તૈયાર છે. વિદ્યાના રસિકને નાનાં નાનાં પ્રદર્શનો માટે સાધનો ચોતરફ વેરાયલાં છે. પ્રતિમાવિધાન, ચિત્રવિધાન. સંગીતપરિચય આદિ અનેક કળાઓનો નિરાંતે એકાંતમાં અભ્યાસ થઇ શકે એમ છે. સરસ્વતીની સેવાના માર્ગ અનેક છે, જ્યારે દેવપૂજનના પ્રકાર આઠ જ છે. એક એક માર્ગ અનેક ઉપાસકોને યાવજ્જીવ વ્યાપૃત રાખે એવો વિશાળ છે. શ્રદ્ધાળુ સેવકોના લખલૂટ ધર્મદાયનું શ્રીજીના મુખવાસનું તાંબૂલ બને છે તેમ પણ છે ને વિદુરની ભાજી તથા સુદામાના તાંદૂલ પણ ભગવાનને બહુ પ્રિય છે તેમ પણ છે. સરસ્વતીદેવીને પણ ઉપાસકોની ખરા હૃદયની સેવા સ્વીકાર્ય છે.

અસત્પ્રવૃત્તિ ને તામસીવૃત્તિ અનિષ્ટ છે

આ મહા ઉદ્યોગમાં સંભાળવાનુ એક જ છે. અસત્પ્રવૃત્તિ સાહિત્યમાં વર્જ્ય છે, તામસી વૃત્તિ અનિષ્ટ છે, માટે આ પ્રવૃત્તિમય સંસારના સ્વામીનો અનુગ્રહ ઇચ્છી, તે પ્રવૃત્તિના પ્રેરકને પ્રાર્થના એટલી જ છે કે—

असतो मां सद्गमय । तमसो मां ज्योतिर्गमय । ओम् शांतिः शांतिः शांतिः ।

realpatidar.com



સ્વ. અંબાલાલ સાકરલાલ દેસાઈ
[ઇ. સ. ૧૮૪૪–૧૯૧૪]
પ્રમુખ : ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ,
રાજકોટ, ૧૯૦૯.

સ્વ. અંબાલાલ સાકરલાલ દેસાઈનું ભાષણ

ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ : રાજકોટ

ઑક્ટોબર ૧૯૦૯

સ્વ. અંબાલાલ સાકરલાલ દેસાઈ

(ઈ. સ. ૧૮૪૪ થી ૧૯૧૪)

પ્રધાનતઃ જેમને સાહિત્યકાર ન ગણાય એવા આ અંબાલાલભાઈ ગુજરાતના એક સુપ્રસિદ્ધ નાગરિક, એમના કાળના એક મહાન યોજક અને સંસ્કારપ્રેરક હતા. શિક્ષક હતા તે દરમ્યાન એમણે અનેકને પ્રેરણા આપી અને તેમાંના અનેક એમની પ્રેરણા પીને ગુજરાતની એક કે બીજે પ્રકારે સેવા કરવા પ્રવૃત્ત થયા. શ્રી. નરસિંહરાવના 'સ્મરણમુકુર'મા પડેલું એમનું ચિત્ર આજે પણ ગુજરાતને જોવું હોય તો મોજૂદ છે.

પ્રધાનતઃ ઉદ્યોગ અને એવી પ્રવૃત્તિઓ દ્વારા દેશની આર્થિક સ્થિતિ સુધારવી એ અંબાલાલભાઈનું સ્વપ્ન હતું. એકનિષ્ઠાથી એમણે પોતાના જીવન દરમ્યાન એ કાળમાં પણ સ્વદેશીની ભાવના જાગ્રત કરવા અને જાગ્રત થઇ હોય ત્યાં એ ભાવનાને સદોદિત રાખવા પ્રયાસો કર્યા છે. એક નાની સરખી 'શાન્તિદાસ'ની વાર્તામાંથી પણ એમનો આ જીવન-મંત્ર આપણને મળી આવે છે તે ઉપરાંત 'અર્થ-શાસ્ત્રના સિદ્ધાન્તો' અને એમનાં ભાષણો તથા લેખોનો સંગ્રહ પણ આજે તો ગુજરાતને ઉપલબ્ધ છે.

જીવનની સુધારણાની જે જે દિશાઓ છે, તે બધીને સ્પર્શતું અંબાલાલભાઈનું વ્યક્તિત્વ આપણને દર્શાવે છે કે, તે એક મહાન ગુજરાતી હતા. અને એક મહાન ગુજરાતી તરીકે જ સાહિત્યકારોએ પણ એમને પરિષદનું સુકાન સોંપ્યું હતું અને કુનેહથી એમણે એ સુકાન સંભાળ્યું હતું, એ તો ઈતિહાસ કહે છે.

ઉપોદ્ઘાત

શ્રીમતી મહારાણી સાહેબ, ગોંડળના નેક નામદાર ઠાકોર સાહેબ સર ભગવતસિંહજી, લીંબડીના નેક નામદાર ઠાકોર સાહેબ દોલતસિંહજી, રાજકોટના નેક નામદાર ઠાકોર સાહેબ લાખાજીરાજ અને પરિષદના સભાસદો ને સદ્ગૃહસ્થો !

આપ જેવા ગુર્જરખંડના મહા શિષ્ટ ને સંસ્કારી સ્ત્રી પુરુષોના દર્શનથી મારા મનને અપૂર્વ હર્ષ થાય છે આવા મહાન વિદ્વાનમંડળના દર્શન કરી, થોડો સમય તેમના સન્નિકર્ષ તથા સંગમા કાઢવો એ લહાવો આ જીવનના જે મોટા ને અનુપમ લહાવાઓ છે, તેમાનો છે આવા પ્રકારના મોટા સમાજની સેવામા એક અંગ તરીકે સામેલ રહેવુ એ પણ મોટુ માન છે તેમા વળી પ્રમુખના આસન ઉપર રહી એ સેવા બજાવવી, એ ઘણી અસાધારણ પ્રતિષ્ઠા છે તમે સર્વ શિષ્ટ સજ્જનોએ એ પ્રતિષ્ઠા મને આપવાનુ યોગ્ય ધાર્યું માટે હું સર્વનો મારા અંતરથી આભાર માનું છુ એ આસન લેવાની તમારી ખુશી છે કે નહિ, એમ મને અવકાશથી પૂછવામા આવ્યુ હોત તો હું શો ઉત્તર દેત તે કહેવાને હાલ અસમર્થ છુ, પણ એટલુ જ કહેવુ બસ છે કે, દેશ સમસ્તના કાર્યોમા નિમંત્રણ થાય એ જ દેશની આજ્ઞા સમાન છે એ નિમંત્રણ માથે ચઢાવવામા આનાકાની કરવાની મારા જેવાની મગદૂર નથી હવે આ સામાન્ય આજ્ઞાને તાબે થતા માત્ર એક કૃપા માગી લઉ છુ, તે એ કે, જેવી ઉદાર વૃત્તિથી આ આસનનું કાર્ય ઉપાડવાનું મને સોંપવામા આવે છે, તેવી જ વૃત્તિથી મને અંત લગી આપ સર્વ સહાય થઇ નિભાવી લેશો

સાહિત્ય પરિષદની ભાવના

આવા પ્રકારે સાહિત્યની પરિષદો ભરવાના લાભાલાભ વિષે કોઇ કંઇ શંકા ઉઠાવે, તો તેથી કોઇ રીતની અવગણના થઈ એમ સમજવું દુરસ્ત નથી. હરકોઇ નવીન સંસ્થા વિષે એવો સવાલ ઊભો થવો સાહજિક છે. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રેરકો હવે આ પ્રશ્નનો ઉત્તર અનેક રીતે આપી શકે છે. મહારાષ્ટ્રના વિદ્વાનોએ આ જ અરસામાં એવી પરિષદ વીરક્ષેત્રમાં આ વર્ષે ભરી છે ને બંગાળામાં પણ ન્યાયમૂર્તિ શારદાચરણ મિત્રની અધ્યક્ષતા નીચે બંગભાષાની પરિષદ ભરાઈ હતી. આ ઉપરથી વિનય સાથે એટલું તો કહી શકાય કે, ગુજરાતે આવું મંડળ એકઠું કરવામાં કંઇ અલૌકિક પગલુ ભર્યું નથી.

ગયાં ચાર વર્ષના અનુભવનો આધાર લઇને ઉઠાવેલી શંકાનું કેટલેક અંશે સમાધાન કરી શકાય છે. આ પરિષદના કારણથી ગુજરાતના સર્વ જાતના તથા ઇતર પ્રાંતોના સદ્‌ગૃહસ્થો જેમાંના ઘણાએક વિદ્વત્તાથી, સાક્ષારતાથી, શિષ્ટતાથી, જ્ઞાનથી, ડહાપણથી, વિવેકથી, જગતના અનુભવથી ને શુદ્ધ જીવનથી સર્વત્ર પંકાયલા છે, તે એક સ્થળે ભેગા થાય, એ કંઈ નાનોસૂનો લાભ નથી. મહાકવિ ભવભૂતિ કહે છે કે—

सतां सद्भिः संगः कथमपि हि पुण्येन भवति ।

સન્તનો સન્ત જોડે સમાગમ ખરા પુણ્યના યોગથી થાય છે. વળી એવા સમાગમથી લોકોમાં સાહિત્ય પ્રત્યે ઉત્સાહ અને પ્રેમ ખીલે છે, સાહિત્યની બૂજ વધતી જાય છે ને સાહિત્યરૂપી દીપકનું તેજ વૃદ્ધિ પામે છે. પરિષદના પ્રાસંગિક લાભમાંના આ લાભ છે. આ ઉપરાંત વિદ્વત્તાવાળા, સૂક્ષ્મ વિચારવાળા, ઊંડી મનભાવનાવાળા ગ્રંથો, નિબંધો, કાવ્યો, કવનો આ પરિષદને લીધે જ લખાયાં છે ને તેથી આપણી ભાષાના સાહિત્યમાં અમૂલ્ય વધારો થયો છે. વળી આપણી ભાષાના ઇતિહાસ અને ઉત્પત્તિ વિષે આ પરિષદોને લીધે જ કંઇ નવો પ્રકાશ પડ્યો છે. એમ કહેવામાં આવે કે પરિષદ ન ભરાતી હોત તો પણ આમાંના કેટલાક પ્રબંધ લખાયા વગર રહેત નહિ, તો તે તકરાર માત્ર થોડે અંશે ખરી છે. કેટલાક તો પરિષદની પ્રેરણાથી જ લખાયા છે ને પરિષદ ન હોત તો ભાગ્યે જ લખાત.

આ પ્રમાણે આ પરિષદનો મેળાવડો વિદ્વજ્જનોને પ્રેરણારૂપ થઇ ગયો છે એ પણ પરિષદનો સાક્ષાત્ લાભ છે

આ પ્રમાણે આવતા બધા નિબંધ સાંભળવાનો બધાને લાભ મળતો નથી, એવો દોષ કાઇક અંગે પરિષદના કાર્યવિધિ ઉપર મૂકી શકાય અન્ય દેશોમા કામ ચલાવવાની સુગમતા સારુ પરિષદના વિષયવાર ખંડ પાડી, જુદા જુદા વિષય જુદા જુદા સ્થળમા વંચાવવામા આવે છે ને તેથી જેને જેનો પ્રેમ તે તે ખંડમા બેસે છે ને એકંદર નિબંધો ઘણા લઇ શકાય છે વળી એક કરતા વધારે વિષયના શોખીનોની સગવડ સાચવવાને સારુ જુદા જુદા ખંડોના ક્રમમા આગળ પાછળ ફેરફાર કરી ઘણાનુ મન સાચવી શકાય છે આવો વિધિ ગ્રહણ કરવાનો સમય અત્રે આવ્યો છે કે નહિ, તે જાણવા હું સમર્થ નથી, પણ ઘણા ગૃહસ્થોની મરજી થાય તો તેને દાખલ કરવાનો માર્ગ ગમે ત્યારે લઇ શકાય

ઉત્તમ ગ્રંથોને અવકાશ અને ઉત્તેજન આપવાનું આ પરિષદ મોટુ સ્થળ થાય અને ઉત્તમ ગ્રન્થકારોને આ પરિષદનુ અભિનંદન લેવાની વાંછના થાય, તો બેશક આપણા સાહિત્યને ઘણું જ ઉત્તેજન મળે કાળાન્તરે પરિષદ આવુ સ્વરૂપ પામે, એવી આપણે ઉમેદ રાખીએ તો તે અઘટિત નથી

ઉપર જે લાભ બતાવ્યા છે, તે જો કે ખરેખરા છે, તો પણ આવા મહાસમારંભને પૂર્ણ રીતે ઘટે તેવા તે વિપુલ, વિસ્તીર્ણ ને સ્થાયી નથી આવી સમિતિઓના વાસ્તવિક ફાયદા તો ચિરકાળ ટકે તેવા તથા પ્રજા સમસ્તના ભીતરભાગને અસર કરે તેવા થવા જોઇએ તેવા લાભ સાધવાને આપણે શુ શુ કરવુ જોઇએ, તે નક્કી કર્યા પહેલા સાહિત્ય એટલે શુ તે આપણે એકવાર આપણા એક વિચારથી નક્કી કરવુ જરૂરી છે હવે વિદ્વાનોએ ઇતર દેશોમા એવુ ગ્રહણ કર્યું છે કે "માણસના મનોગત સર્વ પ્રકારના વ્યાપારની વાણી" એટલે સાહિત્ય સમજવુ બીજી પરિષદના વિદ્વાન પ્રમુખે સાહિત્યનું લક્ષણ આપ્યુ છે, તે ઉપરની વ્યાખ્યાને ઘણુ મળતું છે, પણ તે વધારે ચોક્કસ છે, તે એવુ કે કે, "સંસ્કારી સ્થાયી ભાષામા લોકોત્તર લેખ કે કથન" એ જ સાહિત્ય આ બે લક્ષણ ઘણા વ્યાપક છે, એ ઉઘાડુ છે આ અર્થથી જુદો ને કઇક અંગે સંકુચિત અર્થ સાહિત્યનો

ઘણી વાર કરવામાં આવે છે. કાવ્યો, નાટકો, સંવાદો, નવલકથાઓ, વાર્તાઓ, રૂપકો, નિબંધો અને બીજા એવા લેખો; એટલાને આ બીજા અર્થમાં સાહિત્યના કુંડાળામાં દાખલ કરવામાં આવે છે; એટલે આ બીજા અર્થની મર્યાદામાં તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, ઇતિહાસ વગેરે અનેક જાતનાં ગૌરવવાળાં સાહિત્યનો સમાવેશ થતો નથી. કોઈ પ્રસંગે કયા અર્થમાં સાહિત્ય શબ્દ વાપરવો એ લખનારની મરજી ઉપર છે. પણ વિષયનો અર્થ સંદિગ્ધ રહેવાથી, ઘણી ભ્રાન્તિ, અને ભ્રાન્તિને લઇને ઘણા નકામા વાદ ઉત્પન્ન થાય છે. આ મંડળ ‘સાહિત્ય’ નો વિપુલ ને વ્યાપક અર્થ લઈને પોતાનો ઉદ્યોગ આદરે છે એટલું જ કહેવું બસ છે. બીજી પરિષદના વિદ્વાન પ્રમુખે કહ્યું છે તે પ્રમાણે ગુજરાતી ભાષાનું સાહિત્ય એટલે ગુજરાતી વાઙ્મય સમજવાનુ છે.

આ પ્રમાણે લક્ષણબંધી કર્યા પછી, આવી પારષદે કરવાનાં કર્તવ્યો શાં તેની સીમાનું ડોળિયું કરવું સુગમ પડે છે. પ્રથમ તો હાલનું એટલે આપણા પૂર્વજોએ તથા આપણે પેદા કરેલું સાહિત્ય-ધન શું છે, તે કેવા પ્રકારનું ને કેવી કિંમતનું છે, તેનું આપણે ખરેખરું ને પૂર્ણ જ્ઞાન મેળવવું એ ઘણું અગત્યનું છે. ગુજરાતી જૂના સાહિત્યનો ઘણો ભાગ હજુ ખૂણેખાંચરે પડ્યો પડ્યો ઊધઈનું પોષણ કરે છે. માટે તેવું જીર્ણ ને જૂનું સાહિત્ય કેટલું છે, તેની પ્રથમ નોંધ કરાવવી જોઇએ. પછી તે હાલના પ્રગટ થયેલા સાહિત્યની બાજુએ એક સ્થળે આપણને સ્વાધીન રહે ને તેનો લાભ આપણા સાક્ષરોને મળે તેમ કરવું જોઈએ. ઘણો ખર્ચ કરતાં પણ આ પ્રયાસને સફળ થતાં કેટલોક લાંબો કાળ લાગશે. લગભગ ૩૫–૪૦ વર્ષ થયાં, પણ હજુ સંસ્કૃત જીર્ણ પુસ્તકોની શોધખોળ પૂરી થઇ નથી. આ પ્રમાણે એક દિશાએ એ ઉદ્યોગને ચાલતો કરી બીજી દિશાએ તેના જેવો પણ તેથી વધારે કઠણ ઉદ્યોગ છે, તે ગ્રહણ કરવો જરૂરનો છે. હજુ વાર્તાઓ, રાસડાઓ, રાસો, ગાનો, કવિત, લોકકથાઓ, લોકગીત, ઈત્યાદિ રૂપે ગુજરાતી ઘણું સાહિત્ય માણસના સ્મરણરૂપી નાશવન્ત આધારે રહેલું દિન પર દિન ક્ષય પામતું જાય છે. તેને કાગળ ઉપર ને અક્ષરરૂપમાં લાવવું એ આવી પરિષદનું બીજું કર્તવ્ય છે. સ્વર્ગવાસી ફરામજી બમનજી માસ્તરે એક વાર આવો પ્રયાસ કર્યો હતો. તેમની રચેલી, ‘ગુજરાત ને કાઠિયાવાડની

વાર્તાઓ ઉપરથી આવુ સાહિત્ય કેટલુ બધુ મૂલ્યવાન છે, તેનો ખ્યાલ આવે છે આ પણ લાબા પ્રયાસ અને મોટા ખર્ચનુ કામ છે આની સાથે જૂના તામ્રલેખ, શિલાલેખ, પાળિયા, સિક્કા અને હરેક જાતની જૂની વસ્તુની શોધ કરી આપણા પૂર્વજો અને પૂર્વ ઇતિહાસનુ જ્ઞાન દહાડે દહાડે પૂર્ણ કરવાનો શ્રમ લેવો, એ પણ આ પરિષદોના કર્તવ્ય પૈકી એક છે આ પ્રયાસોમા આપણા જૈન બંધુઓના એ જ દિશાના પ્રયાસથી આપણને ઘણી સહાય મળવાની આશા છે આપણાં સાધન અને આપણા કાર્ય કરનારા થોડા છે, માટે દેશની બીજી આવા જ લક્ષવાળી સસ્થાઓ જોડે એકાર્થતા કરી પ્રયાસ કરવાથી સર્વને સુગમતા અને લાભ છે

આ પ્રયાસો આરભવાને સારુ તથા તે સતત જીવતા રાખવાને તથા સફળ કરવાને સારુ એક—બે મત્રી તથા કાયમ કમિટીની સસ્થા રચવી જરૂરી છે એટલુ જ નહિ પણ તેને નાણારૂપી પૂર્ણ સવડ ગુર્જરસાહિત્યના પ્રેમીઓએ કરી અપવી આવશ્યક છે આ પ્રથમ પાયો રચ્યા વગર દર્શાવેલુ ફળ મળવાનો ઘણો થોડો જોગ છે

પરિષદે પોતાના કર્તવ્ય સાધવાને આવી સ્થાયી ઘટના રચ્યા ઉપરાત પણ બીજી દિશાઓએ પોતાની નજર સતત રાખવી પડશે ને તે ભણી પણ શ્રમનો વ્યય નિરતર કરવો પડશે આવી પરિષદના પ્રમુખની યોજના જો વર્ષ કે બે વર્ષ અગાઉથી કરવાનું બનતુ હોય, તો તે પ્રમુખના આસન અને મુખથી અથવા બીજા શિષ્ટજનના મુખથી ગુજરાતી સાહિત્યની ગયી વર્તમાન સ્થિતિનુ એક સમગ્ર પટદર્શન થોડે થોડે કાળાન્તરે આપણને મળી શકે વળી જગતના સસ્કારી દેશોમાના એકાદનુ સાહિત્ય લઈ, તેની જોડે સરખામણી કરવાથી આપણા ગુજરાતી સાહિત્યના કયા કયા પ્રદેશ સારા ખેડાયા છે, કયા હજુ સમૂળગા ઉજ્જડ છે, કયામા થોડો કે ઘણો આપણે પ્રવેશ કર્યો છે, ને કયાને આપણે હાથ પણ અડકાડ્યો નથી, એ વગેરેનું સમગ્ર દર્શન આપણા સાક્ષરોના મુખથી પરિષદ આગળ આવી શકે અને તેથી પણ ઘણો અમૂલ્ય લાભ આપણા સાહિત્યને મળી શકે વળી આપણા ભરતખડવાસી બન્ધુઓના સાહિત્ય જોડે સરખામણી કરવાથી પણ સારો લાભ આપણને મળી શકે, માટે દરેક પરિષદના કર્તવ્ય પૈકીનુ આ કર્તવ્ય છે, એમ ગણના થવાની જરૂર છે

આ પ્રમાણે સમર્થ પુરુષોના હસ્તે કાળે કાળે ગુજરાતી સાહિત્યનું સમગ્ર દર્શન થવાથી સાહિત્યની ખિલવણી તથા વૃદ્ધિ સારુ સાર્વજનિક ઉપાય શા કરવા, તે વિષે આપણને માર્ગ સૂઝશે. એમ માલૂમ પડવાનો સંભવ છે કે, કેટલાક પ્રદેશો જે હાલ પડતર ભૂમિ જેવા છે, તે આપણા કેટલાક બન્ધુઓ પોતપોતાની મેળે જ ખેડવા ઉપાડી લેશે, અને તેમાં મંડળીના મેલનથી કરવાનું કાંઇ નથી. કેટલાક ભણી આપણા ભાઇઓનું માત્ર લક્ષ દોરવાને થોડો પ્રયત્ન કરવો પડશે, કેટલાક પ્રદેશો તો નૈસર્ગિક પ્રેરણાવાળા અલૌકિક જનો મળશે તો જ ફળદ્રૂપ થશે; અને વિદેશી જ્ઞાનરૂપી ખાતરની જે પ્રદેશોમાં અપેક્ષા છે, તે પ્રદેશોમાં આવી સાહિત્ય પરિષદે ઉપાડવાનો ભાર વિશેષ માલૂમ પડશે. આ રીતે ગુર્જર સાહિત્યને પોષક અને મનોરંજક ક્ષેત્ર અને વાડી બનાવવાનો પ્રયત્ન હરેક ગૂર્જર કરશે એવી આપણી સંપૂર્ણ ઉમેદ છે. તેમાં વિશેષ કરીને આપણા વિદ્વાન અને સંસ્કારી પુરુષો પોતાના ભાગનો ભાર અથવા તે કરતાં પણ વધારે ભાર ઉપાડવાને આનાકાની નહિ કરે એમ માગવાનો આપણો હકક છે. જ્યારે આપણા વિદ્વાન ને સંસ્કારી પુરુષો હાલ કરતાં વધારે વધારે સંખ્યામાં ને ઘણી હોંશથી આ કામમાં મંડશે, ત્યારે ગુર્જર ભાષાનો રથ કડકડાટ દોડશે. આ કર્તવ્યો કાયમની સંસ્થા વગર બનવાં અશક્ય છે. ગમે તે રીતનો પ્રયત્ન કરવામાં આવે, તો પણ એક વાત સ્મરણમાં રાખવાની અતિશય જરૂર છે, તે એ કે નૈસર્ગિક કે મૂળ સ્વતંત્ર ગ્રંથો ગુજરાતીમાં રચાય, તો જ આપણું શ્રેય થશે. જગતનું સર્વ જ્ઞાન અને વિજ્ઞાન ભાષાંતર દ્વારા કે એવી જ રીતે આપણે આપણા દેશમાં વસાવવું એ ઘણું ઉપયોગી છે. પણ જ્યારે આપણો અન્તરનો આત્મા જાગૃત થઈ પોતાના મમત્વનો વિકાસ કરી, બહારનું બધું જ્ઞાન, વિજ્ઞાન, વિચાર પોતાના કોઠામાં ઉતારી, તે જ્ઞાન અને લાગણી પોતાનારૂપ કરી, પોતાની અન્તરની વાણી વડે તે બતાવી શકશે, ત્યારે જ આપણા સાહિત્યનો તેમ જ આપણા જનસમૂહનો ઉદય થયો સમજાશે. અનુકરણથી કોઇ પ્રજા મહત્ત્વને પામી નથી, ને પામનાર નથી.

ભરતખંડની એક ભાષા

આપણા વિસ્તીર્ણ ભરતખંડમાં એક ભાષા થવી ઈષ્ટ ને શક્ય

છે કે નહિ, ને તે થવાનો હાલ સંભવ છે કે નહિ, તે વિષે મેં મારા વિચાર અન્ય સ્થળે જણાવ્યા છે એ વાતને છ માસ વીતી ગયા છે, પણ વચગાળામા એ અભિપ્રાયમા ફેરફાર કરવા જેવુ કંઈ સબળ કારણ મને મળ્યુ નથી કાળાંતરે શુ થશે તે ભાખવાની મારામા શક્તિ નથી, પણ ફરી ફરીને મનન કરતા મારો એ વિચાર દૃઢ થતો જાય છે આપણું ૮૦૦ વર્ષનુ સાહિત્ય જે આપણા આજ લગીના જીવનનો આદર્શ છે, જેનુ બળ ને અબળ આપણી રગે રગમાં વ્યાપી રહ્યું છે જે સાહિત્ય આપણા પૂર્વજોના નિરંતર વ્યાપારથી ઘડાયુ છે, જે સાહિત્ય અક્ષત જાળવવા અને વધારવાના સંકલ્પથી આપણા વૃદ્ધોએ આપણને વારસામા આપ્યુ છે, તેને ભરતખંડના ઐક્યની ભાવનારૂપી વેદી પર હાલ તરત અર્પી દેવાને મારુ મન હા પાડી શકતુ નથી જે ઐક્ય ઉપર કેટલાકનુ મન હાલ મોહી જાય છે, તે મારે સર્વથા માન્ય છે પણ ગુજરાતી, મરાઠી, બંગાળી, તેલંગી, તામીલ વગેરે બધી વર્તમાન ભાષાઓના સાહિત્યના દેહોનો ભોગ આપ્યા સિવાય એ મેળવવાનો બીજો માર્ગ છે કે નહિ, તે ઠંડા મગજથી વિચારવાનું છે મારા નમ્ર વિચાર પ્રમાણે હાલની સ્થિતિ જોતા, સામ્રાજ્યરૂપી ઐક્ય સાધવાનો પ્રયત્ન કરવો, તે જ યોગ્ય ને ફળદાયક માર્ગ છે તે સામ્રાજ્યની સાધારણ ભાષા હિંદી કે અંગ્રેજી કરવામા હરકત નથી, પણ હાલ આપણી ભાષા અને સાહિત્ય છે તેવા રાખવાથી ઐક્ય સાધવામા હરકત કે ઢીલ થાય છે, એમ મને લાગતુ નથી જ્યારે એકતાની ભાવના અતિ પ્રબળ થઈ સર્વત્ર હિંદીનો કે બીજી સામાન્ય ભાષાનો પ્રચાર વધશે, તે વખતે સર્વ વૈભાગિક સાહિત્ય કદાચ એની મેળે તજવામા આવશે, પરંતુ એ કાળ હજુ ઘણો દૂર લાગે છે

એક લિપિ દેવનાગરી

હિંદુસ્થાનમા એક ભાષા હાલ થવી અશક્ય હોય, તો પણ એક લિપિ થવાથી પ્રાંતપ્રાંતના વસનારને એકબીજાનુ સાહિત્ય સમજવામા થોડીઘણી સુગમતા થાય, એ પક્ષમા ઘણી તકરારની જગ્યા નથી એક લિપિ કરવી તો તે કઈ કરવી તે વિષે મતભેદ પડ્યો છે બનારસની નાગરીપ્રચારિણી સભા અને બંગાળની એક લિપિ-વિસ્તારક સભાએ દેવનાગરી એટલે બાળબોધ લિપિને પસંદ

કરી છે, અને તેનો પ્રચાર કરવાને શ્રમ અને ખર્ચ વેઠે છે. એમનો અંતિમ ઉદ્દેશ ઘણો સ્તુત્ય છે, એ વિષે બહુ વાદ નથી. પરંતુ ઉત્તર-હિંદુસ્થાનમાં ફારસી એટલે ઉર્દૂ લિપિનો ઘણો વાપર છે તેથી, તથા ઉર્દૂવાળાને નાગરી લિપિ સામાન્ય થવાથી પોતાનો રોજગાર જવાની ધાસ્તી પેઠી છે, તેથી સંયુક્ત પ્રાંતોમાં એ વિષે ઘણી તકરાર ઊઠી છે. મહારાષ્ટ્રને એ વાત અનુકૂળ છે, અને દ્રાવિડ પ્રાંતોનું મન હજુ આપણને સમજાયું નથી. આપણે અહી ઘણા કાળથી એઉ લિપિ ચાલે છે, અને જો કે ગુજરાતીનો સામાન્ય પ્રચાર છે, તો પણ કેટલાંક કીમતી પુસ્તકો બાળબોધ એટલે નાગરીમાં છપાયાં છે. એ લિપિ છાપવાનું ખર્ચ કંઈક વિશેષ થાય છે, તેથી સસ્તા લૌકિક સાહિત્યમાં બાળબોધ વાપર્યાથી તે મોંઘું થવાની નડતર આવે છે, ને આપણે અહી પણ સામાન્ય લોકનો તે ઉપર ભાવ દીસતો નથી. વળી મૂળ નિશાનનું ભાન હજુ ઘણા થોડાને જ થયું છે. એટલે હાલ એકદમ પગઉપાડો થઈ શકે એમ દીસતું નથી. માત્ર ધર્મનાં ને વિજ્ઞાનનાં પુસ્તક તેમાં છાપવાનો પ્રચાર વધે તો તે ઇષ્ટ છે. આ ઉપરાંત આ વિષય સર્વની નજર આગળ હમેશ રાખી, સાહિત્ય વિષે કર્તવ્યની જે ટીપ થાય તેમાં તેને સામેલ રાખવો ઘટે છે.

હિંદી ભાષા

આખા ભરતખંડની રાજકીય એકતા થવા સારુ તથા હિંદુ-ધર્મનું માહાત્મ્ય વધારવા સારુ હિંદી ભાષાનું જ્ઞાન પ્રસારવાની ઇષ્ટતા દર્શાવવામાં આવે છે, તે દૃષ્ટિબિંદુ આ પરિષદના ઉદ્દેશની સીમામાં ભાગ્યે જ આવી શકે; પરંતુ આપણા શિષ્ટજનોએ મનમાં વિકાસ તથા વિદ્યા ને સાહિત્યની વૃદ્ધિના અર્થે હાલની ૨૯ ભાષાઓમાંથી એક-બે કે તેથી અધિક જેટલી બને તેટલી ભણવી યુક્ત છે. હિંદી ભણવાથી તુલસીકૃત રામાયણ જેવા સાહિત્યના મહાગ્રંથોનું જ્ઞાન થાય એટલું જ નહિ, પણ તે ભાષા ભણનારાને પ્રવાસ ને વ્યાપારમાં તેમ જ સાર્વજનિક કાર્યોમાં ઘણી અનુકૂળતા ને લાભ થાય એમાં સંશય નથી. યુરોપના વેપારીઓ બીજી ભાષાઓ વ્યાપાર આગળ વધારવા શીખે છે. ઉત્તર હિંદુસ્થાન જોડે ગુજરાતનો વેપાર હાલ ઘણો છે, ને દિવસે દિવસે વધશે; સબબ હિંદી ઉપર આપણા દેશી ભાઈ-ઓએ વિશેષ લક્ષ આપવું ઘટારત છે. ગુજરાતીનું જૂનું સાહિત્ય

કેટલુંક હિંદીની શાખા જે વ્રજ છે તે ઉપરથી ઘડાયું છે એટલે ગુર્જરીના ભાષાપંડિતને હિંદીનું સારું જ્ઞાન સંપાદન કરવું અગત્યનું છે

જનસમૂહની કેળવણી

જનસમૂહને શિક્ષણ આપવાથી આપણા સાહિત્યના ઉત્કર્ષને જેટલી પુષ્ટિ મળવાનો જોગ છે, એટલો બીજા કોઈ પણ એક ઉપાયથી મળવાનો નથી છેક ગરીબમાં ગરીબ સ્ત્રી કે પુરુષને પણ લેખન, વાચન ને ગણિતના સંસ્કાર તથા સામાન્ય વિજ્ઞાનનું જ્ઞાન મળવું આવશ્યક છે, જ્યારે લોક સમસ્ત વાચવાના શોખીન થશે, ત્યારે લેખકોને અપૂર્વ ઉત્તેજન મળશે, ને સાહિત્યના સત્ત્વમાં ઘણો ઉત્કર્ષ થશે વળી એવું પણ બનશે કે, એ ગરીબમાંથી કેટલાક સંસ્કાર પામી સાહિત્યમાં નવું બળ પ્રેરશે ગુજરાતના કેટલાક સ્વદેશી રાજ્યોમાં આવી કેળવણી મફત આપવાનો લોકોપકારક માર્ગ ઉઘાડો થઈ ગયો છે, તેનો પ્રથમ જશ શ્રીમંત મહારાજ સયાજીરાવ ગાયકવાડને તથા કાઠિયાવાડમાં ગોંડલ, લીંબડી વગેરેના સંસ્કારી રાજાઓને ઘટે છે હું ધારું છું કે અત્રે પધારેલા સદ્‌ગૃહસ્થોની કામના એવી છે કે, આ પ્રાંતના સર્વ નાનામોટા રાજ્યોમાં એ જ ધોરણે સાર્વજનિક કેળવણીનું સૂત્ર થોડા વખતમાં દાખલ થાય માત્ર આ સંબંધમાં એક જ સૂચના કરવી ઇષ્ટ છે, તે એ કે સામાન્ય કેળવણીનો પૂર્ણ લાભ મેળવવો હોય, તો તેની રચના એવા હેતુથી કરવી જોઈએ કે, એથી લેખન, વાચન વગેરેના સંસ્કાર ઉપરાંત જન જનના ચરિત્રનો વિકાસ થાય તેમના તન અને મનનું આતમબળ વૃદ્ધિ પામે, અને દેશાભિમાન, દેશભક્તિ, સ્વાર્પણ વગેરે ઉચ્ચ લાગણીઓની અભિવૃદ્ધિ થાય, અને તેની જોડે નિર્વાહનો કસબ હુન્નર શીખે આથી જુદી કેળવણી બહુ ફળદાયી ભાગ્યે જ થાય

જનસમૂહની કેળવણીનું પૂરેપુરું ફળ મેળવવા સારુ બીજી એક વાત અત્રે સૂચવવાની છૂટ લઉં છું તે એ કે પ્રાથમિક કેળવણીનો લાભ પામેલાને શાળા છોડયા પછી વાચવાલાયક પુસ્તકો રચાવવાં જોઈએ શ્રીમંત ગાયકવાડ મહારાજે આ વાત ઉપર મારું લક્ષ ખેંચ્યું હતું અને આ પરિષદના નિયામકોની પણ એ દિશાએ નજર ગયેલી દીસે છે માત્ર કંઈક સૂચના કરવી ઉચિત હોય તો તે એટલી

જ છે કે, ગરીબને વાસ્તે રચાયેલાં ચોપાનિયાં કે પુસ્તકોની ભાષા કેવળ સરળ, તરત સમજાય એવી અને નકામા સંસ્કૃત શબ્દના આડંબરથી મુક્ત હોવી જોઇએ. વિષય અને તેનું વર્ણન પણ તેમનાં જ્ઞાન અને કેળવણીના ગજા ઉપરાંત હોવું ન જોઇએ. તેવું સાહિત્ય સસ્તું જોઇએ, એ વિષે તો વાદ જ નથી.

સ્ત્રી કેળવણી

સાહિત્યનો ઉત્કર્ષ સાધવાનો એક ઘણો ફળદાયક માર્ગ સ્ત્રી-કેળવણીનો પ્રચાર કરવાનો છે. તે સ્ત્રી કેળવણીનો થોડોઘણો પ્રારંભ સર્વત્ર થયો છે, પણ તે બસ નથી. હાલ શિક્ષણનો લાભ માત્ર કાચી વયની કન્યાઓ લે છે, તેથી વધારે વયની કન્યાઓને બહોળી કેળવણી આપવાનો આ સૂચનાનો આશય છે. આવું ઊંચા પ્રકારનું શિક્ષણ આપણી સ્ત્રીઓને ગુજરાતી ભાષા દ્વારા આપવું જોઇએ, ને તેવું આપવાને સ્ત્રીઓ સારુ ઉચ્ચ શાળાઓ (high schools) સ્થાપવી જોઇએ. તેવી શાળાઓમાં આગળ જતાં ગુજરાતીમાં વિજ્ઞાનનું શિક્ષણ આપી, છેક બી. એ. ના ક્રમની કેળવણી આપી શકાશે. હાલ તુરત આ બધું બનવું દુર્ઘટ દીસે છે, તો પણ તેમાં આજકાલની કન્યાશાળાઓ કરતાં ઘણા સારા સંસ્કાર આપી શકાશે, એમાં શક નથી. જે થોડી સ્ત્રીઓથી બને તેઓ અંગ્રેજી ભણી પુરુષોની બરોબરી કરી, તેઓના જેવી પદવીઓ મેળવે, તેમાં કંઇ હરકત દીસતી નથી, પણ તેવો લાભ લેવાનું ઘણી થોડીથી જ બનશે. સામાન્ય રીતે સ્ત્રીઓને અધકચરું અંગ્રેજી જ્ઞાન આપવાથી કંઇ પણ વિશેષ ફળ નથી. માટે તે ભણવાનો કાળ ઉગારી, તેને બદલે બીજું વિજ્ઞાન ને સારા સંસ્કાર આપણી ભાષા દ્વારા આપણી બહેનદીકરીઓને આપવાનું આપ સર્વને લાભકારી જણાશે. આ અર્થે સ્થાપેલી સ્ત્રીઓની ઉચ્ચ શાળાઓનો લાભ આપણા સંસારના રિવાજોને લીધે ઘણી સ્ત્રીઓ તુરતમાં લઇ શકશે નહિ, તો પણ કન્યાશાળાનો અભ્યાસક્રમ થોડે થોડે વધારી, તે માર્ગે માર્ગે ચાલી ઉચ્ચ શિક્ષણનો આરંભ કરવાનું હાલ બની શકે એમ દીસે છે. શિક્ષકોની ખોટ ને શીખનારની અછત હાલ પણ નડે છે ને હજુ કેટલાક કાળ લગી નડશે; પણ ધીમે ધીમે તે ઘટતી જશે. અને સ્ત્રીઓ વાચકવર્ગમાં દાખલ થશે, ત્યારે લેખકના લેખોના સત્ત્વમાં સુધારો થશે, એટલું જ નહિ પણ

ભાષાની શુદ્ધિ ને સંગીતા પણ વૃદ્ધિ પામશે, ને લેખકોને ઘણુ ઉત્તેજન મળશે વળી સ્ત્રીઓ પોતે પણ સાહિત્યના સમૂહમાં કીમતી વધારો કરશે, ને પાછી મીરાબાઇ, ગાર્ગી, મૈત્રેયી જેવી અલૌકિક નારીઓ આ દેશમા અવતરી, સર્વત્ર સદ્‌ગુણ, દેશભક્તિ, પાતિવ્રત્ય, ધર્મ અને સુજ્ઞાનની કાન્તિ પ્રસારશે

ગુજરાતી દ્વારા શિક્ષણ

અંગ્રેજી શાળાઓમા અપાતું અંગ્રેજી ભાષા સિવાયનુ સર્વ જ્ઞાન ગુજરાતી ભાષાદ્વારા આપવાની અગત્ય વિષે મે મારા વિચાર અનેક વાર દર્શાવ્યા છે પચીસ વરસ પૂર્વે સર વુલિયમ હન્ટરના શિક્ષણ કમિશન આગળ મે તે નિવેદન કર્યા હતા, ને ત્યાર પછી પ્રસંગે પ્રસંગે તેમ કરવાની તક આવી ત્યારે તે પ્રગટ કરવાને ચૂક્યો નથી પણ હજુ તેનુ કંઈ પણ ફળ થયુ નથી અથવા ફલાશા બંધાય એવા ચિન્હ પણ દીસતા નથી હવે જો એ વાત માત્ર વગરની કે સામાન્ય ગૌરવની હોત તો કદાચ તે હું મૂકી પણ દેત પણ જેમ જેમ કાળ જાય છે, તેમ તેમ તેનુ મહત્ત્વ મને વધારે વધારે લાગતુ જાય છે, માટે આપ સર્વની સમક્ષ વિનયથી પણ આગ્રહપૂર્વક ફરીને તે હું મુકુ છુ હાલ પ્રચારથી આપણા યુવાનોને તનની, મનની અને તેની જોડે ધનની ભારે હાનિ થાય છે, માટે એ વાત મૂકી દઉ તો દેશસેવાના અંગની મારી કર્ત્તવ્યતામા ઘણો ભ્રંશ થાય જગતમા કોઇ પણ સ્થળે સામાન્ય જ્ઞાન પરભાષામા આપવાનો આપણા દેશના જેવો વિપરીત શિક્ષણક્રમ નહિ હોય, વળી આગળ જ્યારે અંગ્રેજી શાળામા ઘણુ શિક્ષણ આપણી ભાષાદ્વારા અપાતું હતું, તે વખતના ફળ જોડે વર્તમાન પ્રચારના ફળ સરખાવ્યાથી પણ મારી પ્રતીતિ દૃઢ થઈ છે ચાલતા શિક્ષણમા શીખેલા પુરૂષોની કૃતિ, વિચાર, હોશ, ઇત્યાદિમા સામાન્ય રીતે જે મન્દતા અને નિર્માલ્યપણુ કેટલીક વાર નજરે પડે છે, તેના કારણોમાનુ એક મળભૂત કારણ આ હાનિકારક પદ્ધતિ છે એ પદ્ધતિ જેમ બને તેમ વહેલી પડતી મૂકી અંકગણિત, બીજગણિત, ભૂમિતિ, પદાર્થવિજ્ઞાન, ખગોળ, ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃત—મારાશ કે અંગ્રેજી સિવાયના બધા વિષય માતૃભાષા દ્વારા શીખવવામા આવે, તો વિદ્યાર્થીને પડતો શ્રમ કમી થઇ શાળાઓમા ભણતા દરેક યુવાનના આવરદાના કમીમાકમી બે ચાર

અમૂલ્ય વર્ષ ઉગરે એટલું જ નહિ પણ આપણા બાળકોના તનની, મનની ને હૃદયની શક્તિઓનો ઉકેલ ઘણો સારો થાય. કેળવણીનો ખર્ચ પણ કમી થાય. ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિ ઇચ્છનારાઓની આ મહા સમાજ સમક્ષ એ સૂચના ઘણી આશાભર હું મૂકું છું. વળી ગુજરાતનું રાજ્યસ્થાન જે કાઠિયાવાડ, તેના ધોરી સ્થળમાં એ સૂચના મૂકવાથી તે વિષે વ્યવહારુ પગલાં લેવાઇ અનુભવ મેળવવાની પણ સુગમતા વધારે થવા જોગ છે. આ વિષય ઉપર શાન્તતાથી લક્ષ પહોંચાડવાની સર્વને મારી ખાસ વિનંતી છે. વ્યવહારુ રીતે ગ્રહણ કરીને આ સૂચનાને મેં નિયમિત કરી અંગ્રેજી ઉચ્ચ શાળાઓના ક્રમ વિષે દાખલ કરી છે, તેમાં પુસ્તકોની ખોટરૂપી અડચણ આવવાનો સંભવ હવે રહ્યો નથી. ને શિક્ષકો પણ મળી શકે છે. આ આરંભથી આગળ વધતાં વધતાં અન્તિમ નિશાન આપણી માતૃભાષા સર્વ પ્રકારનું જ્ઞાનવિજ્ઞાન આપવાનું છે. તે સાધવાનો માર્ગ બેશક વધારે વિકટ છે. અને પુસ્તકો તથા શિક્ષકો તેમજ પરિભાષા વગેરેની અડચણો જોઇ જોઇને ઉભા રહેવાથી અડચણો દૂર થતી નથી. તેમના સન્મુખ જવાથી તે ઓછી થાય છે. સર્વ જ્ઞાનનું દ્વાર માતૃભાષાને એટલે ગુર્જરખંડમાં ગુજરાતીને આપણે બનાવવી છે અને એમ થઇ શકશે ત્યારે જ આપણા સાહિત્યમાં ખરો જુવાનીનો જીવ અને ઉત્સાહ આવશે એ વાત નિઃસંશય છે.

અભિવૃદ્ધિ; સરકાર અને રાજ્યનો વ્યવહાર

સાહિત્યની અભિવૃદ્ધિનો રાજ્યકારભારના વ્યવહારની જોડે નિકટ સંબંધ છે એ સિદ્ધ વાત છે. હિંદમાંના બ્રિટિશ ભાગમાં અનેક કારણોથી અંગ્રેજી વિદ્યાની કેળવણી લેવાના તથા તેમાં ઉચ્ચ જ્ઞાન ને શક્તિ મેળવવાના ફાયદા એટલા પ્રસિદ્ધ થયા છે, કે તેથી તે કેળવણી પાછળ આપણા ગુર્જર દેશના લોક પણ ટોળાબંધ વળ્યા છે. વળી દેશી રાજ્યોમાં પણ તે કેળવણીને પ્રસંગવશાત્ ઉત્તેજન આપવામાં આવ્યું છે. તો પણ તે રાજ્યનો બધો કારભાર; દફતર આદિ ગુજરાતી ભાષામાં ચાલે છે, ને ન્યાયના ફેંસલા પણ તેમાં લખાય છે. આ રિવાજ સાહિત્યના હિતમાં ઘણો લાભકારી છે, માટે તેને દૃઢ કરી તેનો પ્રચાર કરવાની આપણા ગુર્જર ખંડના સ્વદેશી રાજકર્તાઓની પાસે સાહિત્યસેવકો માગણી કરે તો તે અસ્થાને નથી.

વડોદરામા ઇન્સાફના અમલના કે મલા દેશી ભાષાઓમા લખવાનું ઠર્યા પછી ગુજરાતી ભાષાની શૈલી અને શુદ્ધતામા ઘણો સુધારો થયો છે, એટલુ જ નહિ, પણ શબ્દાર્થ પણ નિર્ણિત અને ચોક્કસ થયા છે કાઠિયાવાડ એ ગુજરાતનુ રાજસ્થાન છે તેમા એ જ નિયમ ગ્રહણ કર્યાથી એ કરતા પણ વધારે લાભ થાય એમા શક નથી.

શુદ્ધ ભાષા

શુદ્ધ ભાષા તે શુ ને કેવા શબ્દરૂપને તથા વાકચપ્રયોગને શુદ્ધ ગણવા અને કેવાને અશુદ્ધ ગણવા એ વિષય ઉપર આપણા વિદ્વાનોનુ લક્ષ દોરાયેલુ છે, એ સતોષની વાત છે પણ આ પ્રશ્નનો નિર્ણય કરતા પહેલા શુદ્ધાશુદ્ધનુ ધોરણ પ્રથમ નક્કી કરવુ આવશ્યક છે શુદ્ધ એટલે શુ ને અશુદ્ધ એટલે શુ ને એમા વાદ પડે, તો કયા સામાન્ય નિયમ પ્રમાણે વર્તવુ, એનો પ્રથમ નિર્ણય થવો જોઇએ એવો નિયમ ન થાય ત્યા લગી, ઘણુ મતાતર અને શબ્દયુદ્ધના ઝઘડા થવાનો સભવ છે જે શબ્દરૂપ કે વાકચપ્રયોગને વિષે સામાન્ય રીતે એક જ મત હોય તે રૂપ અને પ્રયોગ તે મત પ્રમાણે જ થવા જોઇએ, ને તેથી ભિન્ન થાય તો તે અશુદ્ધ ગણાય આટલે લગી મતફેરનો માર્ગ નથી વળી સામાન્ય રીતે શબ્દ ને વાકચના અર્થ ચોક્કસ ને નિશ્ચિત વ્યાપ્તિવાળા જોઇએ એ વિષે પણ વાદ થવાનો સભવ નથી પણ એટલેથી આગળ વધતા શબ્દશુદ્ધિનો નિર્ણય કરવાનો એક તરફથી એવો માર્ગ પકડવાનુ વલણ દીસે છે કે સસ્કૃત મૂળ રૂપ સરખો જે શબ્દ તેને શુદ્ધ શબ્દ સમજવો અને જે તેથી આઘો ગયો હોય તેને અશુદ્ધ ગણવો એટલા માટે ઘણા જ વિનય સાથે કહેવાની જરૂર છે કે, આ નિયમમા મતફેરનો ઘણો અવકાશ રહે છે સસ્કૃત ઉપરથી ગુજરાતીનો શબ્દસમૂહ તથા વાકચરચના નીકળ્યા છે, એ વાત ખરી છે બેશક, ગુજરાતી ભાષા એ સસ્કૃતની પુત્રી છે, પણ માની આગળી પકડી ચાલનાર બાળપુત્રી તે નથી તેણે પોતાનો વ્યવહાર ઘણા સૈકા થયા પોતાને માથે ઉપાડી લીધો છે સેકડો વર્ષની રાજક્રાન્તિઓ, વ્યવહારક્રાતિઓ, ધર્મક્રાન્તિઓ વગેરે મોટી આફતોમા તેણે પોતાનું અસ્તિત્વ અને જીવન જાળવ્યુ છે કાળને નમીને પોતાના ચલણચલણ તે બદલતી ગઇ છે ટૂકામાં કહીએ તો તે સ્વતત્ર ભાષાના પદને પામી છે, તેથી બીજી સ્વતત્ર

ભાષાના સમાન જ પોતાની ગણના થવાનો હક્ક તે માગી શકે છે. હવે દરેક સ્વતંત્ર ભાષામાં તે ભાષાની સ્થાપિત થયેલી શબ્દરૂઢિ અને વાક્યરૂઢિ જ સર્વથા પ્રબળ ગણાય છે. તે રૂઢિ મૂળ ભાષાથી જુદી હોય તો પણ તે શુદ્ધ ગણાય છે ને તેવો પ્રચાર હાલ જગતની સર્વ ભાષા વિષે છે. અંગ્રેજી ભાષા ઍન્ગ્લો-સૅક્સન (Anglo-Saxon) ઉપરથી નીકળી છે અને ફ્રેન્ચ ભાષા લૅટિન ઉપરથી નીકળી છે, તો પણ હાલ એ ભાષાઓમાં વપરાતા કોઈ અમુક શબ્દ કે વાક્યોનો પ્રયોગ મૂળથી જુદો હોય માટે તે અશુદ્ધ ગણાતો નથી. તેમ જ ગુજરાતીમાં કોઇ અમુક શબ્દ કે વાક્યપ્રયોગ મૂળ સંસ્કૃતના વ્યાપારથી અર્થમાં કે જોડણીમાં જુદો કે ઊલટો હોય, તેટલાં જ કારણથી તેને અશુદ્ધ ગણવો એ ઘટિત નથી. જ્યાં ચાલતી આવેલી રૂઢિ નક્કી થઇ હોય ત્યાં શુદ્ધતા અને અશુદ્ધતા રૂઢિ વડે જ માત્ર નક્કી થઈ શકે. સ્થાપિત રૂઢિ એ જ શુદ્ધતા ને અશુદ્ધતાનું સર્વસ્વીકૃત માન છે. આ વિષે મારા જૂના મિત્ર શ્રી. દોરાબજી એદલજી ગીમી, જે આ પ્રદેશમાં કેટલાક કાળ વિદ્યાગુરુને સ્થાને બિરાજતા હતા, તેમણે ભાષા-ઉત્પત્તિ વિષે એક નાનું પણ ઘણી વિદ્વત્તાવાળું ચોપાનિયું રચ્યું છે, તે ઉપર વિદ્વજ્જનોનું લક્ષ જવું ઘટે છે. તે એમ લખે છે કે, "સંસ્કૃત પ્રમાણે ગુજરાતીમાં લખવું જોઇએ એ દલીલ ખોટી છે; કોઈ પણ શબ્દ ભાષામાં બદલાતો બદલાતો આજ જે સ્વરૂપમાં કાયમ થયો હોય, તે જ તેનું ખરું સ્વરૂપ માનવું જોઇએ." શબ્દશુદ્ધિ વિષે આ નિયમ સ્વીકારવામાં આવશે, તો ઘણી તકરારો તથા ચર્ચાનો પ્રસંગ રહેશે નહિ. આ સંબંધે વિચારમાં ભિન્નતા, ભ્રાંતિ કે દોષ જે જોવામાં આવે છે તે ધોરણ નક્કી નથી તેને લીધે છે. એક ભાષા બીજી ભાષામાંથી જન્મ પામી હોય, માટે તેણે તેની માતાનું જ સર્વ સ્વીકારવું જોઇએ, એવો ગર્ભિત સિદ્ધાંત કેટલાક સજ્જનોએ માન્ય કર્યો છે, તે જ આ મતભેદનું મૂળ છે એ સિદ્ધાંત જો સર્વથા ગ્રહણ કરવામાં આવે, તો સંસ્કૃત ને લૅટિન આદિ ભાષાઓને મૂકીને પણ તેમની માતૃભાષા જે મૂળ આર્યભાષા-તેના લગી જવાની અવસ્થા પ્રાપ્ત થાય. ગમે તેમ હોય તો પણ હાલની જીવતી ભાષાઓ એ પ્રમાણે કરવાને કે પોતાની માતૃભાષા ઉપર જ આધાર રાખી બેસી રહેવાને કબૂલ નહિ જ થાય.

આ વિષયમાં કેટલોક નકામો ગૂંચવાડો "અપભ્રંશ" શબ્દના

પ્રયોગથી થયો છે. અપભ્રશ એટલે મૂળથી બદલાયેલો શબ્દ એમ હું સમજુ છુ પણ સાધારણ રીતે એમ સમજ હોય છે કે, મૂળથી બદલાઇને બગડેલુ રૂપ તે અપભ્રશ પરતુ ખરો પ્રકાર આ પ્રમાણે નથી મૂળથી બદલાઇને નવા થયેલા કેટલાક રૂપ તો એવા સૂચક, મર્મવાળા, અર્થવાન હોય છે કે, તેમનો અર્થ ને પૂર્ણ ભાવ મૂળ રૂપમા હોતો નથી આથી કરીને એવી ભ્રાતિ થઇ છે કે, અપભ્રશ તે અશુદ્ધ હોય ઉદાહરણ તરીકે રાજાની ‘ આણ ’ કે દેવની ‘ આણ ’ એ પ્રયોગમા જે અર્થ છે, તે અર્થ રાજ-આજ્ઞા કે દેવ-આજ્ઞામા આવતો જ નથી, તેમ સાસરવાસા યોગ્ય કન્યાને જે આણુ કરવામા આવે, તેનો અર્થ આમન્ત્રણ કે આજ્ઞાપનમા આવતો નથી નૃત્ય શબ્દમા નાચનુ સામર્થ્ય નથી, કોઇ તત્ત્વ ગરનો ભરમ એ ભ્રમ નથી, કથનો અર્થ કાન્તમા નથી, મહતનો મહાનમા નથી, લહાવાનો અર્થ લાભમા નથી સબબ, મૂળ સસ્કૃત શબ્દનુ માહાત્મ્ય વધારવાથી, અથવા તેને પાછા લાવવાથી ભાષાની શુદ્ધિ કે વૃદ્ધિ થવાનો જોગ નથી ભાષાશુદ્ધિને સારુ તથા તેની ખિલવણી સારુ આપણા મહાકવિ પ્રેમાનદ, શામળ, દયારામ વગેરેના ગ્રથોનો ઘણો બહોળો અભ્યાસ થવો જરૂરનો છે

ફારસી ને દેશી શબ્દો

ફારસી શબ્દોને શુદ્ધ ગુજરાતી લખાણમા રાખવા કે નહિ, એ પણ ઉપરના પ્રશ્નના ફાટારૂપ પ્રશ્ન છે લગભગ સાતસો વર્ષથી એવા શબ્દો દાખલ થતા આવ્યા છે ને એમાના કેટલાક તો છેક ભાષાના અન્તર્ભાગમા પેસી ગયા છે ને તે કદી કાઢી શકાય એવા નથી કબજો, કાયદો, કેદ, મેજ, ખુરશી વગેરે કેટલાક બોલ તો એવા છે કે, તે કાઢવાનું મન કરીએ, તો તેની જગાએ એવા સાર્થક શબ્દ તરત ઘડવાનુ બને નહિ ને કોઈ મનસ્વી રીતે ઘડે તો પણ, તેમા જૂનાનો અર્થ આવી શકતા કેટલાક કાળના કાળ જાય, પણ જો સવાલ પૂછવાની છૂટ હોય તો આપણે પૂછીએ કે, ફારસી શબ્દો ટાળવાનો વિચાર શા માટે કરવો જોઈએ? ગુજરાતના ઐતિહાસિક બનાવોના બળથી જેમ સસ્કૃત શબ્દો ને દેશી શબ્દો ગુજરાતી ભાષામા આવ્યા છે, તેમ ફારસી પણ ભળી ગયા છે ને તેમ જ હાલ અગ્રેજી શબ્દો ભળતા જાય છે ત્યા ભાષાનો નિભાવ આપણા સાધુ

શબ્દોથી થતો હોય, ત્યાં માત્ર ગફલતથી કે શુદ્ધતાના અનાદરથી કે બીજાં એવાં જ કારણથી પરભાષાના શબ્દ વાપરવા, એ કોઈ પણ સંસ્કારવાળા જનને ગમે નહિ. પણ રૂઢ થઇ ગયેલા સાધારણ શબ્દો, પછી તે ફારસી કે બીજા હોય, તેનો ત્યાગ કરવાની ઇચ્છા શા માટે કરવી? એકાદ જણ પોતે પોતાના ઘરને ખૂણે બેસી ફારસી શબ્દ તજીને બધા સંસ્કૃત વ્યુત્પત્તિવાળા શબ્દો વાપરવાનો પ્રયત્ન કરે, તો તે તેના તરંગની વાત છે, પણ વિચારવંત પુરુષો તરફથી તેને ભાગ્યે જ ઉત્તેજન મળશે.

આ સંબંધમાં બીજો એક વિચાર મને સૂઝે છે, તે આ મંડળ આગળ મૂકી આ પ્રકરણ સમેટવા ધારું છું. આપણ સર્વની એવી ઇચ્છા છે કે, આપણા ઇસ્લામી બંધુઓ આપણી જોડે સામેલ રહી, ગુર્જરી ભાષાની ખિલવણી ને ફાળવણીમાં સહાયક થાય. હવે દુનિયાદારીના વ્યવહારકુશળ પુરુષો દાખલ આપણે વિચારવાનું એટલું છે કે, ફારસી શબ્દ કેવળ વર્જવાથી આ હેતુ સિદ્ધ થશે કે નહિ? આપણા ઇસ્લામી બંધુઓ અનેક કારણોથી એવા શબ્દો આપણા કરતાં અનેક ગણા વાપરે છે; તેમને આથી સારું લાગશે ખરું? તેઓ આપણાં સંસ્કૃતમય પુસ્તકો હાલ પણ વાંચી શકતા નથી; સારાંશ કે, ફારસી શબ્દો ટાળવાની વાત વધારે પ્રસરશે તો, ગુજરાતમાં બે જાતનાં સાહિત્ય ચાલવાનો પ્રસંગ આવશે. (૧) મુસલમાન ભાઇઓ અને સામાન્ય લોકો સમજે તેવું અને (૨) સંસ્કૃત ભણેલા લોકો સમજી શકે તેવું; આવું પરિણામ સાહિત્યપ્રેમીઓને ઇષ્ટ નહિ જ હોય.

ઉર્દૂ વિષે

ઉર્દૂ ભાષા વિષે આવાં મંડળ સમક્ષ બે બોલ બોલવા અનુચિત નહિ ગણાય. ગુજરાતમાં લગભગ ચોથા ભાગની વસ્તી આપણા ઇસ્લામી બંધુઓની છે. તેઓમાંનો એક ભાગ મૂળ હિંદુઓ હતા ને હજુ પહેરવેશ હિંદુઓના જેવો પહેરે છે ને ઘરમાં પણ ગુજરાતી બોલી બોલે છે. આટલે લગી તો એ સાહિત્યની દૃષ્ટિએ બધી સ્થિતિ મનમાનતી છે, પણ તે સિવાયનો બીજો ભાગ જે સંખ્યામાં નાનો છે, તે ઘરમાં તેમ જ વ્યવહારમાં ઉર્દૂ કે હિંદુસ્તાનીનો ઉપયોગ કરે છે. આ બીજા ભાગ

તરફથી એવી માગણી થાય છે કે, ઇસ્લામી ભાઇઓનુ બધુ શિક્ષણ ઉર્દૂ દ્વારા થવુ જોઈએ ગુજરાતનું ઐકય ને ગુજરાતી સાહિત્યનો દિન પર દિન ઉત્કર્ષ ઇચ્છનારે આ માગણી ઉપર જરૂર વિચાર કરવો ઘટે છે સર્વ મુસલમાન ભાઈ ઉર્દૂ બોલી અને ફારસીની લિપિ શીખે ને તેમા લખેલા પુસ્તકો સહેલથી વાચવાને શકિતવાન થાય ને વળી તેમનુ પવિત્ર ધર્મપુસ્તક કુરાને—શરીફ પણ પઢી શકે, એટલુ બેશક તેમને માટે અવશ્યનુ છે પણ આ અર્થ સાધવા સારુ બધુ શિક્ષણ જુદુ રાખવાની અગત્ય છે કે નહિ ? આપણા પારસીભાઈઓ દેશ સમસ્તની સામાન્ય શાળાઓમા શિક્ષણ લઈ, પોતાના ધર્મપુસ્તક વાચવા અને સમજવા પૂરતો જુદો બદોબસ્ત કરી શકે છે, જૈનો પણ કરે છે, તો તેમ ઇસ્લામી ભાઇઓ પણ સહેલાઇથી કરી શકે નાગપુરમા આપણા ગૂર્જર ભાઇઓએ હિન્દુ, મુસલમાન, પારસી સર્વેએ મળી એક ગુજરાતી શાળા કાઢી છે, તેમા હિસાબ, વાચન વગેરે પ્રાથમિક કેળવણી બધી જાતના છોકરાઓને એક હારે આપવામા આવે છે, ને તે સિવાય ત્યાના દાઉદી વહોરાઓએ પોતાના છોકરાને કુરાન વાચતા શીખવવાનો જુદો ઇલાજ લીધો છે હવે નાગપુરમા બન્યુ છે, તે બીજા સ્થળે પણ બની શકે તેવુ છે આ સૂચના કેવળ મિત્રભાવથી આગળ કરવામા આવે છે

હિંદુ મુસલમાન એ હિંદની ડાબી–જમણી આખો છે ઈશ્વરે પોતાની અકલ–માયાને વાપરી બેઉનુ પાનુ ભેગુ નાખ્યુ છે, તે હવે ન નાખ્યુ થાય તેવુ નથી બને હિંદને પોતાનો દેશ ને માતૃભૂમિ ગણે છે સંસારના બધા વ્યાપાર રોજગારમા ને બીજા અગત્યના વ્યવહારમા બેઉ ભેગા ને ભેગા જ રહી સાથે કાર્ય કરે છે આ પ્રમાણે એકતા વધારવાથી બેને લાભ થાય છે, એ ઉઘાડુ છે બેના હિતમા ઘણીખરી વાતોમા લગાર પણ વિરોધ નથી જેમા તેવો સંભવ હોય ત્યા દરેક પોતપોતાનું કામ સંભાળી લે એ ઉચિત છે પણ ગુર્જરખંડની ગુર્જરી ભાષાની ખિલવણી કરવામા બેઉનો સરખો સ્વાર્થ રહેલો છે, એ મદમદીય વિદ્વાનો પણ ઊંડો વિચાર કરતા કબૂલ કરશે આપણા ઇસ્લામી બંધુઓ ઘણા ઉદાર મનના ને ઝીણી અક્કલવાળા ને કળાકૌશલમા કસબી છે તેઓના સાહસ અને કસબથી ગુર્જરખંડને ઘણો લાભ

થયો છે ને હજુ પણ થશે. એ લાભનું વહેણ સાહિત્યના પ્રદેશમાં હજુ વળ્યું નથી. તે દિન પર દિન વર્ધમાન વેગમાં વળે અને ગુર્જર સાહિત્યનો ઓઘ, વેગ અને સત્ત્વ વધારવામાં ઇસ્લામી બંધુઓ મોટો ભાગ લે, એવી આપણા સર્વની વાંછના છે; માટે આ ઇશારો કરવાની છૂટ લીધી છે.

જોડણી -

ગુજરાતી ભાષાના શબ્દોની જોડણી એકસરખી કરવી ઇષ્ટ છે, એ વિષે બે મત નથી. પણ તે એકતા શી રીતે સાધવી, એ હજી આપણને બરોબર સૂઝતું નથી. એ પ્રશ્ન ઉપર આપણા શિષ્ટ મંડળમાંના અનેક વિખ્યાત પુરુષોએ લક્ષ આપ્યું છે ને પોતપોતાના અભિપ્રાય દર્શાવ્યા છે. શ્રી. નવલરામ, મણિલાલ, માધવલાલ, નરસિંહરાવ, ગોવર્ધનરામ, કમળાશંકર વગેરેએ આ વિષય ઉપર ઘણી ઝીણી નજરે વિચાર કરી, પોતપોતાના મત બાંધ્યા છે; પણ હજુ નિર્ણયનું સ્થળ પાસે આવ્યું હોય એવાં ચિહ્ન દીસતાં નથી. વસ્તુસ્થિતિ એવી છે કે, દરેકનું ધોરણ કંઇ કંઈ અંશે જુદું છે ને એક ધોરણ વગર એકતા થાય નહિ. હવે એકતા સાધવાના માર્ગ માત્ર બે દીસે છે. (૧) કાં તો વાદવિવાદ કર્યા પછી એક ધોરણ નક્કી થાય તો તે માર્ગ, અથવા તો (૨) એક જ ધોરણ રાખવાનો પ્રયાસ મૂકી દઇ બાંધછોડ કરી, કંઈ વ્યવહારુ માર્ગ કાઢવો.

શબ્દોના ઉચ્ચાર પ્રમાણે લેખન થાય એ વિષે મતફેર જણાતો નથી, પણ ભાગ ભાગના ઉચ્ચાર સરખા નથી તેથી શુદ્ધ ઉચ્ચાર કયો લઇને ચાલવું, એ પ્રશ્ન પાછળ બધી કટાકટી મચી રહી છે. તેથી મુશ્કેલી ને ગૂંચવણ પણ વધ્યાં છે. કેટલાક વિદ્વજ્જનો શબ્દની વ્યુત્પત્તિની સહાય લઇ ઉકેલ કાઢવા માગે છે ને કેટલાક વ્યુત્પત્તિની દરકાર રાખતા નથી. આ રીતની સ્થિતિ છે બીજી પરિષદમાં આ પ્રશ્નનો નિર્ણય કરવા એક કમિટી નીમી હતી. તે બેશક બધી બાજુનો વિચાર કરી નિકાલ કાઢશે. હાલ સૂચના કરવી ઘટિત હોય તો તે એટલી જ છે કે, સામાન્ય રીતે જોતાં ભાષાના શબ્દની ઘટના એક જ ધોરણ ઉપર ગતકાળમાં થઇ નથી ને હાલ પણ થતી નથી. ને શબ્દ ઘણાં ભિન્ન ભિન્ન

બળોને વશ રહીને થાય છે ને ફરે છે માટે એક ધોરણ ઉપર જ બધુ જોડણીનું તંત્ર રચવાના પ્રયત્ન કરવા કરતા બાધછોડ કરી ઉચ્ચાર, રૂઢિ, સરલતા, વ્યુત્પત્તિ વગેરે સર્વ જુદા જુદા બળોને યોગ્ય વજન આપવાથી આ જૂના પ્રશ્નનો નિકાલ થવો જોઇએ પરંતુ હાલ તુરતમા આપણે એવા નિકાલ ઉપર આવી શકીએ એવો થોડો જ જોગ દીસે છે

પદાર્થવિજ્ઞાનની પરિભાષા

પદાર્થવિજ્ઞાનનો પ્રસાર કરવામા પ્રથમ પ્રશ્ન તેની પરિભાષાનો આવે છે એવા શબ્દ હાલ કે આપણા જૂના શાસ્ત્રમા અસ્તિત્વમા નથી તેની ખોટ શી રીતે પૂરવી ? કેટલાકનો મત એવો છે કે, સંસ્કૃત કે ફારસીની મદદથી નવા શબ્દ રચવા અને કેટલાકનુ કહેવુ એવુ છે કે, અસલ અંગ્રેજીમા છે તે જ ગ્રહણ કરવા પ્રથમનો મત ભાષાશુદ્ધિના અભિમાનને પુષ્ટિકારક છે, એ વાત ખરી પણ તે સર્વત્ર ગ્રાહ્ય થઇ શકે એવો નથી મહાપ્રયત્ન કરતા પણ નવી । પદાર્થોની સંજ્ઞા આપણી પ્રાચીન ભાષા વડે ઘડવી સહેલ નથી શ્રીકાશીક્ષેત્રની 'નાગરીપ્રચારિણી સભા'એ આ કામ ઉપાડી લઇ વૈજ્ઞાનિક કોશ તૈયાર કરાવ્યા છે, તેમા પણ પદાર્થના નામ તો અંગ્રેજીમા જ જેવા ને તેવા કેટલેક ભાગે રાખ્યા છે અને ક્રિયા તથા વિધિદર્શક શબ્દો કેટલાક સંસ્કૃત ઉપરથી તો કેટલાક ફારસી ઉપરથી નવીન રચ્યા છે આપણે પણ એવો જ રસ્તો પકડવો પડશે, એમ મને લાગે છે

કોશ અને વ્યાકરણ

આપણા મંડળના કાર્યો મધ્યે ગુજરાતી ભાષાનો કોશ રચાવવાનું કામ છે તે પરિષદ કે એવી કોઇ સંસ્થાએ ઉપાડી લેવા લાયક છે તેવો કોશ શુદ્ધ ને પૂર્ણ હોવો જ જોઇએ તેમા પ્રત્યેક શબ્દના બધા અર્થ કાળ પ્રમાણે ગોઠવવા, તેના અર્થના દૃષ્ટાંતો અને આધાર-રૂપ ગ્રન્થકારોના ઉતારા આપવા, વગેરે આપણા વિદ્વાન મંત્રીએ જે જે સૂચનાઓ કરી છે, તે લક્ષમા લેવા લાયક છે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ વૈભાગિક યોજનાથી કોશ કરાવવાનો આરંભ કર્યો છે કાયમની સંખ્યા તથા પૂરતા નાણા અને અનુભવી


સાક્ષરોની સહાયતા વગર એ કાર્ય પાર જાય નહિ; માટે એ ત્રણ ઉત્પન્ન કરવા ઉપર પ્રથમ પ્રયત્ન થવો ઇષ્ટ દીસે છે.

ગુજરાતી ભાષાનું એક સમર્પક વ્યાકરણ ઘડવાનું કામ તેટલું વિકટ નથી; પણ તેમાં ગુજરાતી સાહિત્ય તથા ગુર્જરી ભાષાના સંપૂર્ણ રીતે વાકેફગાર અને તેની જોડે સંસ્કૃત—ફારસીમાં પ્રવીણ ને સામાન્ય ભાષાશાસ્ત્રમાં કુશળ એવા પુરુષ વગર આપણી કામના સિદ્ધ થવી કઠણ છે. એવી યોગ્યતાવાળા પુરુષ ઘણા નથી ને જે થોડા છે તે બીજા વ્યવહારમાં રોકાયેલા છે. એટલે હાલ સુગમ રસ્તો નજરે પડતો નથી. પરંતુ આને અર્થે પણ કાયમનું ફંડ ને કાયમની સંસ્થાની આવશ્યકતા છે.

ગુજરાતી સાહિત્યનો ઉત્કર્ષ

ગુજરાતી સાહિત્યનો ઉત્કર્ષ કઈ કઈ રીતે સાધી શકાય તેનો ઈશારો ઉપર હું કરી ગયો છું, તેનો ઉપસંહાર કરી આપનો વખત લેવો દુરસ્ત નથી. પણ એ સર્વેનો સામાન્ય આધાર ને માર્ગ એ છે કે, તે અર્થને ઉદ્દેશીને આપણે એક સમર્પક ને કાયમ સંસ્થા બનાવવી. એવી વ્યાપક સંસ્થાને સારુ દ્રવ્ય જોઇશે. તે વિષે મને કંઇ ચિંતા નથી; કેમકે હું એમ માનું છું કે, દ્રવ્ય તો કર્તવ્યપરાયણ ને હોંસીલા કાર્ય કરનારને મોડુંવહેલું મળ્યા વગર રહેતું નથી. જે જે સારાં કામ અટકી રહે છે, તે દ્રવ્ય વગર નહિ, પણ તે ઉપાડવાને સમર્થ નરો નથી હોતા તેથી અટકે છે. વળી સર્વ એકઠા થઇને કામ કરવાની શક્તિ આપણામાં ઘણી અલ્પ છે અને મારા મનથી સર્વ શુભ કાર્યમાં મોટી અડચણ તે એ જ છે. જન જનની સુજનતા તથા શુદ્ધ મનન ને શુદ્ધ જીવન સિવાય એ નિર્બળતા દૂર થવાની નથી. માટે તેવી સુજનતા, શુદ્ધ મનન ને શુદ્ધ વર્તન પ્રસારવા તરફ વર્તમાન સાહિત્યનું વલણ થાય, તો આપણને અમૂલ્ય લાભ થાય; કારણ કે શુદ્ધ જીવન ને સુજનતા એ જ વ્યક્ત પુરુષ તથા જનસમાજની સમૃદ્ધિનું મૂળ છે. એ વગર કોઈ પણ પ્રકારના સામાજિક ઉદયની આશા રાખવી વ્યર્થ છે.

realpatidar.com



સ્વ. રણછોડભાઈ ઉદયરામ દવે
[ઇ. સ. ૧૮૩૮–૧૯૨૩]
પ્રમુખ : ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ,
વડોદરા, ૧૯૧૨.

શ્રી. રણછોડભાઈ ઉદયરામ દવેનું ભાષણ

ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ : વડોદરા
એપ્રિલ ૧૯૧૨

સ્વ. રણછોડભાઈ ઉદયરામ દવે

(ઈ. સ. ૧૮૩૭ થી ૧૯૨૩)

આજથી સો ઉપરાંત વર્ષ પૂર્વે રણછોડભાઈ જન્મેલા. એમના સમયમાં શિક્ષણ મેળવવું અને વિકાસ સાધવો એ કેટલું મુશ્કેલ હશે તેની તો આજે કલ્પના પણ ઘણાને નહિ આવે. છતાં એમના જમાનાનાં સાધનોનો અને બળોનો બને તેટલો લાભ લઈ રણછોડભાઇએ પ્રગતિ સાધી. એમનું જાહેર જીવન અમદાવાદમાં શરૂ થયેલું.

ગુજરાત આજે એમને ઓળખે છે રંગભૂમિ અને નાટકને લોકપ્રિય બનાવવાના પ્રયાસ કરનાર સાહિત્યકારોના આદિપુરુષ તરીકે. એમણે જાતે પણ ‘ લલિતા-દુઃખદર્શક નાટક ’, ‘ જયકુમારી વિજય નાટક ’ આદિ ઘણાં નાટકો લખ્યાં છે અને એ બધાંમા પણ વિષયની વિવિધતાનું અને જનસમાજને ઉન્નત બનાવવાની એમની વૃત્તિનું દર્શન થાય છે.

સાહિત્ય પરિષદને પ્રમુખપદે તો તેઓ ૧૯૦૭માં બીજી પરિષદ મળી ત્યારે આવ્યા હોત. પણ એમને સંયોગ અનુકૂળ ન હતા એટલે એમની ચૂંટણી ફરીને ચોથી પરિષદ વખતે થઈ અને એમણે એ પ્રમુખસ્થાનેથી ગુજરાતી સાહિત્યના તત્કાળ ધ્યાન ખેંચતા પ્રશ્નોની ચર્ચા કરી.

એમણે ગુજરાતને ઘણું આપ્યું છે. સતત પ્રવૃત્તિમાં જીવન ગાળનાર રણછોડભાઇની શક્તિ અને ઉત્સાહ આજે પણ એમના સાહિત્યવિસ્તારમાં મૂર્તિમન્ત છે.

ઉપોદ્ઘાત

શ્રીમંત મહારાજા શ્રી સયાજીરાવ, સેનાખાસખેલ, સમશેર બહાદુર, સન્માનકારિણી સભાના પ્રમુખ શ્રીમંત રાવબહાદુર સંપતરાવ સાહેબ અને વર્તમાન પરિષદના સભ્ય, સન્નારીઓ અને પ્રેક્ષકજનો !

આજના સાહિત્ય સંમેલન સમયે પ્રમુખસ્થાન સ્વીકારવાને જ્યારે મને પૂછવામા આવ્યુ ત્યારે, પ્રથમ તો મે નિરામી જવાની ધારણા કરી હતી, તે એવા વિચારથી કે, વિશેષ યોગ્યતાવાળા અને વિશેષ ઉત્સાહવાળા પુરુષોને આગળ કરીને, મારા જેવા વૃદ્ધે તો તેમની પીઠ ઠોકીને બની શકે તે પ્રમાણે તેમને સહાયભૂત થવુ એ જ ઘટિત છે કારણ કે હવે પછી પરિષદ ભરાઈ ત્યા સુધી કરવાના કાર્યોનુ જોખમ પ્રમુખને શિર રહેવુ જોઈએ તે પ્રમાણે કાર્યસિદ્ધિ થઈ શકે નહિ તો અવસ્થાભાર વહન કર્યો ગણાય પણ લાગલુ જ મારા મનમા એમ સ્ફુરી આવ્યુ કે, આપણને તો મહાસમર્થ શ્રીમંત મહારાજા સાહેબનો આશ્રય મળવાનો છે, તેથી તેમની સહાયને લીધે આપણા કાર્યમા કોઈ પણ પ્રકારની ન્યૂનતા આવવાનો સંભવ જ નથી તો બેધડક આવા શુભ કાર્યમા આપણે ઊભા રહેવુ, એ જ ઉત્તમ માર્ગ છે મહાશયો ! આવા જ વિચારથી મે પ્રમુખસ્થાન સ્વીકાર્યું છે અને તેમ કરવાનો મારો મુખ્ય હેતુ એ છે કે, જો કે હુ હવે વૃદ્ધ થયો છુ, તથાપિ ગુર્જરગિરાના વાઙ્મયનો વિસ્તાર વધેલો જોવાની મારી તીવ્ર તૃષ્ણા અતિ બળવતી થતી જાય છે માટે તેના કાર્યમા ઉત્સાહથી ભાગ લેવો એ મારા અંતઃકરણે આનંદદાયક માન્યુ છે તેથી, સજ્જનો ! આપે સર્વેએ એકમતે પ્રમુખ થવાનો પ્રસંગ મને આપ્યો છે, એટલા માટે આપ સર્વનો હુ અંતઃકરણપૂર્વક આભાર માનુ તેના પહેલા, જે ઐશ્વર્યસંપન્ન મહાવ્યક્તિ અહી બિરાજમાન છે, અષ્ટદેવના અંશે અહી પ્રત્યક્ષ મૂર્તિમાન છે, એવા મહારાજાધિરાજ શ્રીમંત સયાજીરાવનો આપણે સર્વેએ પ્રથમ આભાર માનવો એ

યોગ્ય છે. મહાશયો ! આ મહામંડળને યોગ્ય મહત્તા આપી ઉત્સાહી કરનાર આ દેવાંશી પુરુષની ઉદારવૃત્તિ કેટલી છે તે તો જુઓ ! એઓશ્રી સર્વત્ર અધિપતિ છતાં આવા જનસમૂહના કાર્ય આપણે સ્વતંત્રતાથી કેવી રીતે કરીએ છીએ, તે પોતાની નજરે જોવાને, આપણને ઉત્તેજન આપવાની ખાતર પોતાની સમક્ષ આપણને આટલી બધી છૂટ આપે છે ! તેમાં વિશેષ કરીને મારે એઓશ્રીનો આભાર કેવા શબ્દોમાં માનવો એ સૂઝી આવતું નથી.

રાજશ્રીના પ્રતાપી તેજમાં અંજાઈ જવાય તે સ્વાભાવિક છે. રાજાના પ્રતાપનો મહિમા કાલિદાસ જેવા મહાકવિને અસર કરનારો લાગ્યો છે. તો તેના આગળ મારું તે શું ગજું ? તો પણ આભારનું કાંઈક લૌકિક ચિહ્ન બતાવવા, મહાશયો ! મારી સાથે એક અવાજે સર્વ બોલો કે—

(ગીતિ)

હૃદયકમળ ફૂલવાથી આદરફૂલડાં વધાવનાં ધરીએ.
નજર રખી પરિષદ પર કૃપા કરીને સ્વીકાર તે કરીએ.

પ્રથમ ધર્મ બજાવવો યોગ્ય હતો તે આ રીતે બજાવ્યો; હવે મહાશયો ! આપ સર્વેનો સામટો ઉપકાર માનીને હું મારા ભાષણનો પ્રારંભ કરું છું.

ગૂર્જરભૂમિ અને તેના મુખ્ય પાટસ્થળ

શ્રીગુર્જરીગિરાના ઉત્કર્ષમાં સતત ઉત્સાહ રાખનાર અને તેમાં પ્રવૃત્તિ કરનાર સજ્જનોનું આ ચોથી વારનું સંમેલન વર્તમાનકાળમાં, ભારતના નૃપતિઓના અનેક રીતે અગ્રણી ગણાતા, શ્રીમંત મહારાજાધિરાજ શ્રી. સયાજીરાવ ગાયકવાડના રાજ્યની રાજધાનીરૂપ અનેક રીતે પ્રસિદ્ધ એવા આ વટપદ્ર–વડોદરામાં થયું, એ સર્વને અભિનંદનીય છે.

પ્રાચીનકાળમાં લાટ, આનર્ત અને સુરાષ્ટ્ર એ દેશો નિરનિરાળા હતા. તેવા સમયમાં ઉત્તર પંજાબ તરફથી આ તરફ ગૂર્જરો આવ્યા અને તેઓએ જેટલો ભાગ જીતી લીધો, તેટલો ગૂર્જરાષ્ટ્ર અથવા ગૂજરાત અથવા એવા નામથી ઓળખાવા લાગ્યો. આ ભાગમાં બોલાતી ભાષા ગૂર્જર અથવા ગૂજરાતીગિરાના નામથી પ્રસિદ્ધિ પામી. આરંભમાં તો આ ભાગની ભાષા અપભ્રંશ કહેવાતી હતી; પણ

ને વાગ્વ્યાપારાદિ કારણોથી ઉત્તરોત્તર અધિક ન્યૂન વિકૃતિ પામી તેણે હમણાં જેમ બોલાય છે તેવી સ્થિતિનું રૂપ ધારણ કર્યું. જેમ એક સુન્દર સ્ત્રી વિવિધ જાતના ભિન્ન વસ્ત્રાલંકારોથી અલૌકિક સૌન્દર્યવતી જણાય તેમ, આપણી ગૂર્જરી ભાષા જુદા જુદા સમર્થ લેખકોએ અર્પેલા ભાષા અને વિચાર આદિ વસ્ત્રાલંકારોથી સુશોભિત બની આપણા તેમજ અન્ય ભાષાભક્તોના મન હરવા શક્તિમાન થઈ છે.

આવી ગૂર્જરી ગિરા જેઓની માતૃભાષા છે, તેના લોકોના નિવાસસ્થળની મર્યાદા ઉત્તરમાં કચ્છ-કાઠિયાવાડ અને દક્ષિણમાં મુંબઈ ગણી શકાય. એ બંને વિભાગની રાજધાનીઓ મુંબઈ અને રાજકોટમાં આપણી બીજી અને ત્રીજી પરિષદો ભરાઈ. એ ઉભયની મધ્યમાં જે ચારુતર [illegible] છે, તે એક પ્રકારે બે મહાન સત્તાથી વિભક્ત છે. તેના અમુક ભાગમાં બ્રિટિશ સત્તા છે અને અમુક ભાગમાં શ્રીમંત ગાયકવાડ સરકારનું શાસન પ્રવર્તે છે. પ્રથમની રાજધાની અમદાવાદમાં આપણી પ્રથમ પરિષદ ભરાઈ, દ્વિતીયની રાજધાની આ સુશોભિત વટપદ્ર-વડોદરા નગરીમાં ક્રમે કરી, વર્તમાન ચોથી પરિષદ ભરવાનો લાભ આપણને પ્રાપ્ત થયો છે.

વડોદરા નગર

પ્રાચીન ઇતિહાસનું અવલોકન કરતાં, વટપદ્ર નામથી આ નગરનો ઉલ્લેખ સુમાર સંવત ૧૧૫૮ માં થયેલો જણાય છે. પ્રારંભમાં જ એ મોટું શહેર હોવું જોઈએ. પછીથી તે અનેક કારણોથી ઉત્તરોત્તર ઉન્નતિ પામતું ગયું છે.

વર્તમાન નરેશ શ્રીમાન સયાજીરાવના ઉત્સાહ, [illegible], પ્રજા-પ્રેમ આદિ અનેક ગુણસંપત્તિ જે અન્ય રાજાઓને અનુકરણીય છે તેના યોગે કરીને, આ નગરની જાહોજલાલી તથા અન્ય ઉત્કૃષ્ટતાની સીમા સમયાનુસાર ઉત્પન્ન કરી, [illegible], વૃદ્ધિ પામતી જાય છે. ટૂંકામાં એટલું જ કહી શકાય છે કે, વડોદરાનું રાજ્ય દેશી રાજ્યોના સમૂહના એક અગ્ર અને દર્શનીય સ્થળરૂપ છે.

વડોદરા રાજ્યના બે મહાન અલંકાર

૧-કવિ પ્રેમાનંદ

આ રાજ્યના એક મહાન અલંકારરૂપ મહાકવિ પ્રેમાનંદ [illegible] આશરે [illegible] વર્ષ ઉપર આ નગરમાં થઈ ગયા કે ગુજરાતી ભાષાના

ગણાતા આરંભકાળ પછી, સુમારે બસો વર્ષનો તે સમય હતો; તેઓના ગ્રંથો સાક્ષી પૂરે છે કે, તેઓ એક સમર્થ વિદ્વાન અને સંસ્કૃત, હિન્દી આદિ ભાષાઓથી સુપરિચિત હતા. પોતાની માતૃભાષાનું કાવ્ય નામનું અંગ, પરમ પુષ્ટ તથા વિશેષ સુંદર કરવા, તેમણે કેડ કશી હતી અને પાઘડી નહિ બાંધવાનું પણ પણ લીધું હતું. તેમણે પોતે શૃંગાર, હાસ્ય. કરુણ આદિ વિવિધ રસોથી છલકાઈ જતા, ઉપમા આદિ અનેક અલંકારોથી વિભૂષિત, નાનાવિધ પદબંધવાળા. અમર કીર્તિ આપનારા ગ્રંથો રચ્યા એટલું જ નહિ પણ, રત્નેશ્વર આદિ શિષ્યરત્નો પણ ઉત્પન્ન કર્યા; તેમની માતૃભાષાની અનુકરણીય સેવાથી ગૂર્જરભાષા સુપોષિત થઈ. કવિરાજ પ્રેમાનંદની કૃતિઓ બે પ્રકારની હતી—એક સામાન્ય વર્ગને માટે અને બીજી ઉચ્ચતર વર્ગને માટે લખાયલી; તેમાંથી પોતાના સમયના લોકહૃદયને આલેખનારી પહેલી, ઘણીખરી. પ્રચલિત ગેય રાગોમાં છે. અને તેમાં નળાખ્યાન, ઓખાહરણ, સુદામાચરિત્ર, મામેરું આદિ ગૂજરાતમાં ઘેર ઘેર ગવાતાં આખ્યાનો લોકપ્રિયતા પામ્યાં છે.

તે સમયે તેનો ઉચ્ચ સત્કાર કરનાર વર્ગના અભાવથી અથવા તો બીજા કોઈ કારણથી, તેમની જ અષ્ટાવક્ર—આખ્યાન આદિ બીજી કૃતિઓનાં સંબંધમાં તેમ થયું જણાતું નથી.

૨—અપર રત્ન

શ્રીમંત નામદાર મહારાજાધિરાજ સયાજીરાવ ગાયકવાડ—તેમના ગૂર્જર સાહિત્ય ઉપર ઉપકારો

ગમે તેમ હો, પરંતુ પ્રેમાનંદ જેવા મહાન પુરુષને તથા રત્નેશ્વર, ધીરો, ભોજો, દયારામ, તથા તેવા જ બીજા પોતાના રાજ્યના અલંકારભૂત સાક્ષરોને યથાર્થ સજીવ અને અમર કરવાના મહત્ કર્મનું અપૂર્વ માન, આરંભમાં નામદાર મહારાજાશ્રીને ઘટે છે. જેમ નામદારશ્રીની સૂક્ષ્મ દૃષ્ટિ રાજ્યતંત્રના પ્રત્યેક નાનામોટા કાર્યને નીરખી રહી છે, તેમ તેઓની મર્યાદામાંથી સાહિત્યક્ષેત્ર પણ બાકી રહેવા પામ્યું નથી. તેઓશ્રીની વિદ્યાવિલાસવૃત્તિ સુપ્રસિદ્ધ છે. તેઓશ્રીએ અનેક ગ્રંથો રચ્યા છે. એટલું જ નહિ પણ તેઓશ્રી એક સુભાષિત વક્તા છે. એવા પુરુષસિંહ સર્વત્ર વિદ્યાને તથા સાહિત્યને ઉત્તેજન આપે એમાં આશ્ચર્ય નથી. આ રાજ્યમાં પૂર્વે છ શાળાઓ હતી

અને તેનુ ખર્ચ રૂા, ૧૩,૦૦૦ થતુ હતુ તેને બદલે હાલમા, ૩,૦૨૬ નિશાળો થઈ છે અને કેળવણી ખાતે ખર્ચ ૧૪,૦૬,૦૮૬ રૂપિયાનુ થાય છે ગ્રથકર્તાઓને પ્રતિવર્ષ ઉત્તેજન આપવામા આવે છે ગઈ માલ રૂા ૨,૫૦૦ તેમને બક્ષિસ અપાયા હતા વળી સાહિત્યનો લાભ જનસમૂહને રાજ્યમા સર્વત્ર મળે એટલા માટે પુસ્તકાલયની વ્યવસ્થાના સબધમા પણ વિશેષ-શિક્ષણ અપાય છે અને પ્રત્યેક મુખ્ય ભાગમા વિદ્યાપ્રચારાર્થે મહાન પુસ્તકાલયો સ્થાપવામા આવ્યા છે વળી રાજ્યને ખર્ચે મફત અને ફરજિયાત કેળવણી સર્વત્ર અપાય છે, અને અનેકવિધ વિષયોનુ શિક્ષણ ગૂજરાતી ભાષા દ્વારા જ અપાય, એવી એક મહાન સસ્થા સ્થાપના પૂર્વે, તે કામને યોગ્ય શિક્ષકો તૈયાર કરવા એક શાળા પણ તેઓશ્રીએ ચાલુ કરાવી છે અર્થાત્ વિદ્યાની પ્રવૃત્તિ માટે જેટલુ આવશ્યક છે, તેટલુ બધુ આ રાજ્યમા એકત્ર કરાયેલુ જોવામા આવે છે *

આ સર્વ, નામદાર મહારાજાશ્રીને નિ સશય પ્રજાના આભારને પાત્ર બનાવે છે

* મિ બોર્ડનને ડિરેક્ટર ઓફ સ્ટેટ્સ લાયબ્રેરીઝ ઠરાવીને પુસ્તકાલયોની સારી વ્યવસ્થા કરાવી છે લક્ષ્મીવિલાસ લાયબ્રેરીને સેન્ટ્રલ લાયબ્રેરી યોજી છે ત્યાથી રાજ્યના બહારના ગામોમા પુસ્તકો મોકલવામા આવે છે વડોદરા શહેરમા ૧,૦૦૭ સેન્ટ્રલ લાયબ્રેરીના મેમ્બર છે પ્રતિ દિવસ ૧૦૦ સુધી પુસ્તકો વાચનારમા ફેરવવામા આવે છે રીડિંગ રૂમમા ૨૦૦ વર્તમાન પત્રો અને ચોપાનિયા રાખવામા આવે છે નિત્યના વાચનારની સખ્યા ૧૯૦ની હમણા થવા જાય છે રાજ્યનો દાખલો જોઈને તેમના સરદાર નવાબ મીર મહ્દરૂદીન હુસેનખાન જેઓ ઉર્દૂના લેખક છે, તેમણે આઠ પુસ્તક રચી તેની ૧૫ હજાર પ્રતિ લોકોને મફત વહેચી છે તેમણે એક સારી ઇમારતમા લાયબ્રેરી સ્થાપીને મોટો પુસ્તકસગ્રહ જનસમુહને સોપી દીધો છે ઉપયોગ કરનારાને એનો મફત લાભ મળે છે

હમણા ૨૪૨ સરક્યુલેટિંગ લાયબ્રેરી સ્થપાઇ ચૂકી છે ગામડાની લાયબ્રેરીને શહેરની લાયબ્રેરી પુસ્તક પૂરા પાડે એવી એક સુલભ યોજના કરવામા આવી છે ૩૦ થી ૪૦ પુસ્તકો એક કેસમા રાખીને ફેરવી શકાય એમ કર્યુ છે, તેથી ઘેર બેઠાં વાચવાને સ્ત્રીઓને પણ અનુકૂળતા થઈ પડી છે વળી સેન્ટ્રલ લાયબ્રેરીને અનુકૂળ આવે એવુ એક મહાન પુસ્તકાલય બધાવવાની યોજના ચાલે છે

પ્રસ્તુત ગૂજરાતી ભાષાના સંબંધમાં નામદાર મહારાજાશ્રીએ જે સમદૃષ્ટિ અને ઉદારતા દર્શાવ્યાં છે તે, અત્યંત પ્રશંસાને પાત્ર છે. તેમની જ આજ્ઞાથી સ્વભાષા દ્વારા વિજ્ઞાન આદિનું શિક્ષણ આપવા કળાભુવનની સ્થાપના થઈ અને જ્ઞાનમંજૂષા-ગ્રંથાવલિની યોજના થઈ. અને તેઓશ્રીની જ આજ્ઞાથી પ્રાચીન ગૂર્જર કાવ્યસાહિત્યના રત્નખાણરૂપ પ્રાચીન કાવ્યમાળાના ૩૫ સટીક અંકો પ્રસિદ્ધ થયા. એ અંકો પ્રેમાનંદ, દયારામ આદિના યશઃશરીરને કાળબળથી નાશ થતાં અટકાવવામાં સારા સાધનભૂત થયા. એ શુભ કાર્યની યોજનામાં મારા સન્મિત્ર રાજ્યનીતિવિશારદ દીવાન બહાદુર મણિભાઈ જશભાઈ પણ આદ્ય સૂચકરૂપે ભાગી હતા. તેમનો એ ઉપકાર ગૂર્જરપ્રજાએ સંભારી રાખવા યોગ્ય છે. એ કાર્યારંભના ઉપરી, મારા મિત્ર રાવબહાદુર હરગોવિંદદાસે તથા કાવ્યસંશોધન અને ટીકાના કાર્યના અગ્રણી રા. રા. છોટાલાલ નરભેરામે પણ જે યથાયોગ્ય શ્રમ લીધો છે તે પણ ધન્યવાદને પાત્ર છે.

વળી આ રાજ્યમાં પુણ્યતમ અને પુરાતન સ્થળો બહુ સંખ્યામાં છે. જેવાં કે ગૂજરાતની પ્રાચીન રાજધાની અણહિલવાડ પાટણ, સિદ્ધપુર પાટણ, તેથી પણ વિશેષ પુરાતન સુપ્રસિદ્ધ વડનગર, કારવણ (કાયાવરોહણ તીર્થ), ચાણોદ, કર્નાળી, મોંઢેરા, ડભોઈ ઇત્યાદિ છે. તેમાંથી ડભોઈનાં પુરાતન કામોનું એક સચિત્ર પુસ્તક મહારાજાશ્રીએ બહુ દ્રવ્ય ખરચીને પ્રસિદ્ધ કરાવી, આ વિષયમાં પણ પોતાની અભિરુચિ અને પ્રસન્નતા દર્શાવ્યાં છે. એ આદિ અનેક નાનાં મોટાં કાર્યો એઓશ્રીની દેખરેખ નીચે થયાં છે. વળી સુપ્રસિદ્ધ વિદ્વાન સ્વર્ગસ્થ મણિલાલ નભુભાઈ દ્વિવેદીને ખાસ આશ્રય આપી, અણહિલવાડ પાટણના જગદ્વિખ્યાત પ્રાચીન જૈન ભંડારો તપાસાવી તેમાંથી ઉપલબ્ધ કેટલાએક સારા ગ્રંથોનાં ભાષાંતર કરાવી પ્રકટ કરાવ્યાં છે.*

*ત્યારપછી આ ભાષાંતરનું કાર્ય ચાલતું રાખવાને રા. જયસુખરાય પુરુષોત્તમરાય જોષીપુરા એમ. એ.ની પસંદગી કરવામાં આવી છે. તેઓ સારા લેખક હોતાં ઘણાં પુસ્તક પ્રકટ કર્યાં છે. કેળવણી અપાતી શાળાઓ અને તેને લગતી યોજનાઓ, સુદૃઢ અને સરળ હેતુથી, હૃદયપરીક્ષણ આદિ ગ્રંથોનાં રચનાર રા. નંદનાથ કેદારનાથ દીક્ષિતને પસંદ કરીને યુરોપ મોકલવામાં આવ્યા હતા. તેઓ ૧૯૦૭ ઑક્ટોબર માસમાં અઢી વર્ષનો અનુભવ મેળવી પાછા આવ્યા. દોઢ વર્ષ સુધી તો લંડનની યુનિવર્સિટીમાં ખાસ અભ્યાસ કરી અનુભવ મેળવ્યો, અને પછી ફ્રાન્સ,

આ પ્રમાણે વિદ્યાવૃદ્ધિના મુખ્ય સાધનો ઉપર ઘણી કાળજી રાખવામાં અગ્રણી નરેશવર્તની સાહિત્યના વિષે જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે.

ભારતવર્ષના રાજલક્ષ્મીના નિવાસરૂપ રાજમહારાજાઓએ આવા ચરિત્રનું અનન્ય અનુકરણ કરી, સ્વરાજ્યમાં વિદ્યાલક્ષ્મીની સમૃદ્ધિ કરવી બહુ યોગ્ય છે. તેમજ, ગૂર્જરી ભાષાના અભિમાની વિદ્વાનોએ પણ પ્રેમાનંદની મતિ અને કૃતિને અનુસરવા સદા ખંતીલા રહેવાની કાળજી રાખવી ઘટે છે.

ગત પરિષદોનું પશ્ચાદવલોકન

ગત આઠ વર્ષમાં ત્રણ પરિષદો ભરાઈ ચૂકી. તેઓમાં નાના વિષય સંબંધી અનેક ઉચ્ચાવચ પંક્તિના નિબંધો આવ્યા હતા. તેમાં કેટલાએક સૂચનાત્મક હતા અને કેટલાએક વસ્તુપ્રસંગક હતા, તો કેટલાએક અધિક ચર્ચાને અવકાશ આપે એવા હતા. નિર્દિષ્ટ ધારી શ્રમ લઈને તૈયાર કરવામાં આવી હતી. તેમાંના વિષયોમાંથી ઘણા ઉપર એક પણ નિબંધ ન હતો, ત્યારે કોઈ કોઈ વિષય ઉપર અનેક નિબંધ આવ્યા હતા. ઘણા વિષયો અચુમિત રહ્યા છે. તે સંબંધી સારા લખાણ થઈને ઉત્તરોત્તર ઉત્તમ નિબંધો લખાતા જાય, તેમજ સારી રીતે ચર્ચા થઈને લખાયલા નિબંધોમાંથી સાર ખચાઈ નિર્ણય ઉપર આવીને તેમાંથી કંઈ લોકોપયોગી નવીં વડાઈ, તેની પ્રસિદ્ધિ થાય, એવી મારી સબળ ઇચ્છા છે.

આવા પ્રસંગના સત્વર નિર્ણયે આવવા જેવા વિષયોમાંથી

જર્મની, સ્વીટ્ઝર્લૅન્ડ આદિ દેશોમાં અપાતા શિક્ષણની પદ્ધતિનું તેમણે મનન અને અવલોકન કરી, વિગતવાર રિપોર્ટ કર્યો અને ૧૯૦૯માં એ વિષય એજ્યુકેશન કમિશન આગળ, મિ સ્લેડનના પ્રમુખપણા નીચે ચર્ચાયો દેશી ભાષામાં ઉચ્ચ શિક્ષણ તો આપવું એ સ્તુત્ય છે એમ સ્થપિત થયું, પણ તે વ્યવહારુ નથી એમ તે સમયે જણાવવામાં આવ્યું તથાપિ, છતાં મહારાજશ્રીને આ નિર્ણય યોગ્ય લાગ્યો નથી એ આગળ આવતા કથનથી સમજાશે વળી મહારાજશ્રીએ ધર્મ અને નીતિના શિક્ષણની યોજના કરવા માટે રા ડાહ્યાભાઈ લલ્લુભાઈ પુરોહિતને યુરોપમાં મોકલ્યા તેઓ ત્યાં જઈ નિરીક્ષણ કરી આવ્યા છે અને તે સંબંધમાં તેમનો વિગતવાર રિપોર્ટ રજૂ થતાં આ અગત્યના સંબંધમાં અતિ ઉત્તમ યોજના ચાલુ થશે એવો પૂરો ભરોસો છે.

પરિષદે એક જોડણી વિષેનો અગત્યનો વિષય ચર્ચા અને નિર્ણય માટે હાથમાં લીધો છે. એ વિષય અધિક ઊહાપોહ કરવા જેવો, વધુ અગત્યનો હોતાં, તેનું નિરાકરણ સત્વર કરી નાખવાની ઘણી અગત્ય છે. આ વિષયમાં વિવાદનાં સ્થાન ઘણા છે અને તે અગત્યનાં છે ખરાં, પણ તેનો જ્યારે ત્યારે પણ અંત આણ્યા વિના સિદ્ધિ નથી. કેમ કે, ગૂજરાત વર્નાક્યુલર સોસાયટીએ ગુર્જર ભાષાનો કોશ રચવાનુ જે ઉપયોગી કાર્ય હાથમાં લીધું છે, તેમાં આપણી પરિષદે નિર્ણય કરેલા નિયમાનુસાર શબ્દોની જોડણી દાખલ થાય. તો તે આપણે એક મહાન કાર્ય કર્યું ગણાશે.

રાજકોટની પરિષદથી આપણી પરિષદની કાર્યવહીમાં દાખલ થયેલો બીજો વિષય યુનિવર્સિટીની કેળવણીમાં દેશી ભાષાઓનો પ્રવેશ કરાવવા વિષેનો છે. આ વિષે પ્રથમ પ્રયત્ન ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેએ કર્યો હતો. આવા પ્રકારની સૂચનાઓ જેમ પ્રારંભમાં વિવાદને પાત્ર થઈ, તેમાં નાના પ્રકારના વિઘ્નો નડે છે તેમ. આ વિષયમાં પણ થયું હતું. તો પણ આવા ઉપયોગી અને મહાન કાર્યમાં ભગીરથની પેઠે પ્રયત્ન કરવામાં ઉત્તરાધિકારીઓ મંડ્યા રહેવાથી શુભ પરિણામ આવી ચૂક્યું છે. યુનિવર્સિટીની આદિ અને અન્તની બે પરીક્ષાઓ–મેટ્રિક્યુલેશન તથા એમ.એ. એ બેમાં દેશી ભાષાઓને સ્થાન મળ્યું છે. એના પરિણામરૂપે ગૂજરાતી પુસ્તકોનું અધિક વાચન તથા લેખન વિસ્તરાવા માંડ્યું છે, અને ભાષાદિમાં સુધારો અનેક દિશામાં પ્રકટ થતો જોવામાં આવે છે. હમણાં બી. એ. ની પરીક્ષાઓમાં પ્રાચીન દેશી ભાષાઓને દેશવટો આપવામાં આવ્યો છે; તો તેનુ સ્થાન આપણી વર્તમાન ભાષાઓને આપવામાં આવે એટલા માટે. પ્રયત્ન ચાલતો કરવાનું કામ મને અગત્યનું લાગે છે. કારણ કે મારું માનવું એવું છે કે, અનેક જાતિના સમાજો પર સાહિત્યની પ્રબળ અસર થાય છે અને તે સાહિત્યની ઉન્નતિ અને વિસ્તાર સારુ તેનું પરિશીલન ફરજિયાત થવાની અગત્ય છે. કારણ કે ઘણી વાર જોવામાં આવે છે કે, આ સંસારની અનેક ઉપાધિઓ, તથા મનુષ્યગત નાનાવિધ દોષોને લીધે, અમુક કાર્યો ગમે તેવાં લાભદાયક અને સારાં હોય છે, તો પણ તે ફરજ–ધર્મના બંધન વિના સારી રીતે પ્રાપ્ત કરી શકાતા નથી.

દેશી ભાષા દ્વારા ઉચ્ચ કેળવણી

વળી આ હેતુ સિદ્ધ કરવા માટે દેશી ભાષામાં ઉચ્ચ કેળવણીના વિષયો વિદ્યાર્થીઓને શીખવવાની વ્યવસ્થા અતિશય અગત્યની છે. વિદેશીય વિષયો, વિદેશીય ભાષામાં સમજાવવા કરતાં સ્વદેશી ભાષામાં શીખવવા વધારે ઉચિત છે, કેમ કે તેથી, વિદ્યાર્થીઓને પણ તે વિષય સમજવાની સરળતા થાય છે.

માતૃભાષા દ્વારા જેમણે સારી અને સંગીન કેળવણી લીધેલી હોય છે તેમની લેખનશૈલી અભ્યાસે કરીને છટાદાર થયેલી જોવામાં આવે છે. બ્રિટિશ સરકારે કૃપાવંત થઈને સન ૧૮૦૦ પછી તેની પ્રથમ પચ્ચીશીથી, ખુદ મહેતાજીઓ તૈયાર કરવા માટે, મુંબઈમાં નૉર્મલ સ્કૂલ સ્થાપી, ત્યારપછી દેશી ભાષામાં કેળવણી આપવાનો પ્રારંભ થયા. દેશી ભાષાનો સારો અભ્યાસ કરીને જેઓને પાછળથી અંગ્રેજી ભાષામાં કેળવણી લેવાનો લાભ મળ્યો, તેઓ સામાન્ય રીતે સારું જ્ઞાન પ્રાપ્ત કરી શક્યા, અને તેઓએ દેશી ભાષામાં લેખ લખવા માંડ્યા. તેથી તેઓ પરિણામે સારા લેખકો નીવડ્યા છે એમ આપણા જોવામાં આવ્યું છે. કેળવણી ખાતા માટે નૉર્મલ સ્કૂલ દ્વારા અથવા બીજી રીતે ઉચ્ચ પ્રકારનું શિક્ષણ પામી, યોગ્યતા મેળવેલા જનોમાં કવિ નર્મદાશંકરની પણ પ્રથમ ગણના હતી. તેઓ કતાર ગામના મહેતાજી નિમાયા હતા અને પછી મુંબઈમાં આવી સાહિત્યના ઉત્સાહમાં મંડ્યા રહેવાથી પાછળથી, પોતે મેળવેલી યોગ્યતાને પાત્ર થયા હતા.

મુંબઈમાં આ સ્કૂલ સ્થપાયા પછી અમદાવાદમાં નૉર્મલ સ્કૂલ પ્રથમ સ્થપાઈ અને તેમાં રા. સા. મહીપતરામ નિમાયા. તેઓ યુરોપમાં જઈ, ત્યાંની શિક્ષણપદ્ધતિનું અવલોકન કરી આવ્યા. ગૂજરાતી નિશાળોમાં સારું જ્ઞાન મેળવ્યા પછી જેઓ નૉર્મલ સ્કૂલમાં દાખલ થયા, તેઓમાં ઉપર જણાવ્યું તેમ, જેમણે અંગ્રેજી જ્ઞાન પ્રાપ્ત કર્યું તેઓ સારા લેખકો થયા છે એટલું જ નહિ પણ તેઓ જ્યાં જ્યાં ગયા છે, ત્યાં ત્યાં વિદ્યાવૃદ્ધિના કાર્ય કરવામાં, સામાન્ય લોકોને બોધ આપવામાં અને કેળવણીના લાભ આપવામાં આગેવાન નીવડ્યા છે. રા. સા. મહીપતરામ પોતે સારા ગ્રંથકાર હોવાથી, તેમના શિષ્યો પણ તેમનું અનુકરણ કરવા લાગ્યા હતા. મારા મિત્ર હરિલાલ તથા તેમના જોડિયા રા. હરિવલ્લભ આદિ તેમાં રહેલા ઘણા ગણાવી શકાય એમ છે. મુંબઈમાં સાપ્તાહિક 'સત્યવક્તા' ચલાવનાર પણ રા. હરિલાલ હતા.

માતૃભાષા દ્વારા સારી કેળવણી લીધેલા કેવા નીવડે છે તેનાં હજી વધારે દાખલા બતાવી શકાય એમ છે; પણ તેના વિસ્તારમાં નહિ ઊતરતાં એટલું જ કહેવુ બસ છે કે, હવે તો દેશી ભાષામાં ઉચ્ચ કેળવણી આપવાનો સમય એની મેળે જ પ્રાપ્ત થયો છે. ચોથા ધોરણ સુધી ગૂજરાતી શાળામાં અભ્યાસ કરી, અંગ્રેજી શાળામાં દાખલ થયેલા કોઈ ભાગ્યે જ સારા લેખક થયા હશે; પણ જેઓ દ્વિતીય ભાષા તરીકે સંસ્કૃત ભાષા લઈને પોતાનું દેશી ભાષાનું જ્ઞાન ઉત્તમ કરી શક્યા છે, તેઓ જ સારા લેખક નીવડ્યા છે. પ્રથમ તો મફત કેળવણી આપવામાં આવતી અને પુસ્તકોના પૈસા બેસતા નહિ. હમણાં ભારે ફી આપવી પડે છે, વીશીખર્ચ દસથી તે પંદર રૂપિયા સુધી ભરવું પડે છે, તેથી ગરીબ છોકરાઓ ઊંચી કેળવણીનો લાભ લેતા અટકી પડ્યા છે. તેઓની આંતરડી ઠારવાને દેશી ભાષામાં મફત ઉચ્ચ કેળવણી આપવાની યોજના કરવાની ખરેખરી અગત્ય આપણે શિરે આવી પડી છે.

નાના પ્રકારની વિદ્યા–વિજ્ઞાનશાસ્ત્રના પેટામાં આવી જાય છે. તેની કેળવણી દેશી ભાષા દ્વારા આપવાની પાઠશાળાઓ સ્થાપવામાં આવશે, તો આ કાર્યની સારી રીતે સિદ્ધિ થશે. આવી પાઠશાળાની અગત્ય નામદાર શ્રીમંત સયાજીરાવ મહારાજ સાહેબના ધ્યાનમાં બરાબર ઊતરી છે, એ ખુશી થવા જેવી વાત છે. આ વિદ્યાવિલાસી મહારાજા સાહેબે મરાઠી સાહિત્ય પરિષદને પોતાની રાજધાનીમાં ભરવાનુ માન આપ્યું હતું, તે પ્રસંગે તેઓ શ્રીમુખે વદ્યા હતા કે:–

"દેશી ભાષાઓ દ્વારા ઊંચામાં ઊંચી કેળવણી, શુદ્ધ અપાતી થવી જોઈએ એવું મારું મત પણ છે. દેશી ભાષાઓની ઉન્નતિ કરવી જોઈએ; દેશી ભાષાઓ દ્વારા શિક્ષણ આપવાનો આરંભ જ્યારે યુનિવર્સિટી કરવાની હોય ત્યારે કરે, પણ અમે શરૂઆત કરવાના છીએ. આખા રાષ્ટ્રના ઉદ્ધાર માટે દેશી ભાષાઓ જ સાધન હોઈ શકે."

આવા સુદૃઢ જેમના વિચાર જે આપણને જ બોધ કરે છે, તેમને વિનવવા જવાનો અવકાશ ક્યાં રહે છે? '**राजा कालस्य कारणम् ।**' પોતે વિદ્યાવૃદ્ધિનો યુગ વર્તાવી દીધો છે. પોતે શ્રીમુખે વદ્યા તે જ પ્રમાણે વર્ત્યા છે. આ સ્થાને કહેવાને હર્ષ ઉત્પન્ન થાય છે કે, એ કૃપાળુ મહારાજશ્રી પોતે જ ગૂજરાતી પાઠશાળાનો પ્રારંભ કરી ચૂક્યા છે. મહારાજશ્રીના બેતાલીસ મોટાં નગર અથવા શહેર છે, ત્યા

ઉચ્ચ કેળવણીના ધોરણે શિક્ષણ આપવાની યોજના થાય છે અને ત્યાંથી પસાર થનારા અભ્યાસીઓ ગૂર્જર પાઠશાળામાં દાખલ થાય, ત્યાં જે ઉચ્ચ જાતિનો અભ્યાસક્રમ યોજ્યો હોય, તેની પરીક્ષામાં જેઓ પાસ થાય, તેઓને ક્રમવાર પદવીઓ આપવામાં આવે, તેમ જ તેમાં પાસ થયેલાઓને સરકારી નોકરીમાં દાખલ કરવામાં આવે, તો આવી પાઠશાળાની સ્થિતિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જાય એમાં નવાઈ નથી મને લાગે છે કે, આવી યોજના નામદાર મહારાજાશ્રીએ ધારી રાખી હશે જ અને તેમનું યથાયોગ્ય પરિણામ આપણે સત્વર જોઈશું

નામદાર ગાયકવાડ સરકારની મોટી વસ્તીને* ગૂર્જર ભાષામાં ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરી પોતાના સાધનો મળવાથી, તેઓની ઉન્નતિ થવામાં પણ વાર લાગવાની નથી આખી વસ્તીમાં હમણાં ભણનારાની સંખ્યા ૧,૮૫,૮૭૭ થાય છે, તેમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાગે

આપણી બ્રિટિશ રાજ્યની ગૂજરાતી પ્રજા માટે ગૂર્જર પાઠશાળાઓ સ્થાપવા આપણે પ્રયત્ન કરીશું તો તે પણ બની શકે એમ છે વિદ્યાખાતાના ઉપરી અધિકારીઓનો અભિપ્રાય દેશી ભાષા દ્વારા ઉચ્ચ કેળવણી આપવાનો જણાયો હતો

સાહિત્યનો ઉદ્દેશ—જનસમાજની ઉન્નતિ સાથે સંબંધ

આટલું ગત પરિષદે ઉપાડેલી કાર્યવાહી સંબંધી જે સૂચન કરવા યોગ્ય હતું તે મેં દર્શાવ્યું છે વાચનમાળાનો પ્રશ્ન પણ તેણે ઉપાડ્યો છે પરંતુ તે માટે એક સ્વતંત્ર કમિટી નિમાયલી હોવાથી એ પ્રશ્નમાં ઊતરવું એ યોગ્ય નહિ લાગવાથી, હવે હું પ્રાકૃત સાહિત્ય આદિ સંબંધમાં મારા વિચારો યથાશક્તિ જણાવું છું

સાહિત્ય શબ્દપ્રધાન અર્થમાં જેટલું વાઙ્મય છે તેને લાગુ પડે છે, પણ ગૌણ અર્થમાં તે આનંદ સહિત ઉપદેશ આપનાર એવા કાવ્યાદિના અર્થમાં વપરાય છે આપણે એ સંકુચિત અર્થનો ત્યાગ કરી જ્ઞાને માત્ર—તેના વિષયો અને તેનાં સાધનો—એ સર્વનું ગ્રહણ કરવાનો છે અને એ જ દૃષ્ટિબિન્દુ લક્ષમાં રાખીને, સાહિત્ય પરિષદોમાં

---

* ૧૦,૫૫,૨૩૫ પુરુષો, અને ૯,૭૬,૮૬૭ સ્ત્રીઓ સાથે કુલ ૨૦,૩૨,૭૯૮ માણસની વસ્તી છે ૪૨ શહેર અને ૩૦૫૪ ગામ છે, તેમને માટે ૪૧ અંગ્રેજી અને ૨૯૮૫ ગુજરાતી નિશાળો છે આ ઉપરથી જણાય છે કે, માત્ર થોડાં જ ગામ નિશાળ વિનાનાં બાકી હશે

અપેક્ષિત નિબંધોના વિષયોની યાદીઓ વિસ્તારમાં આપી છે. પ્રથમ પરિષદના પ્રમુખ સદ્‌ગત સાક્ષર શ્રી. ગોવર્ધનરામે પોતાનાં ભાષણમાં સાહિત્યને માત્ર ઉપર જણાવેલા દ્વિતીય અર્થમાં લઈને તેના વિભાગો દર્શાવ્યા હતા; અને તેનો આરંભકાળ આશરે ૧૪૦૦ નો દર્શાવ્યો હતો. બીજી પરિષદના પ્રમુખ સાક્ષર શ્રી. કેશવલાલે, પોતાના ભાષણમાં પ્રધાન પણ આશરે તે કાળને દોઢ–બે શતક પૂર્વે ઠરાવવા પ્રયત્ન કર્યો હતો. ત્રીજી પરિષદના પ્રમુખ મારા મિત્ર દી. બા. અંબાલાલભાઈએ એક લિપિ, જોડણી. શબ્દો આદિ સાહિત્યના હેતભૂત વિષયો ઉપર વિચારદૃષ્ટિને પ્રેરી હતી. એ સર્વ ઉપયોગી વિષયો હતા.

સાહિત્યની સમાજ ઉપર અને સમાજની સાહિત્ય ઉપર અસરો રૂપ જ જે પરસ્પર, ઉપકાર્ય–ઉપકારક ભાવ છે, તે આપ સર્વના લક્ષમાં છે જ. સાહિત્યની ઉન્નતિ એ સમાજની પ્રગતિ છે અને સમાજની પ્રગતિ એ નવા નવા સાહિત્યને પ્રકટ કરાવી તેને વિસ્તારે છે. જેમ જેમ વાચક વર્ગ અધિક જ્ઞાનની ઉપલબ્ધિ સારુ. ઉચ્ચ વિષયો ગ્રહણ કરવા સારુ જિજ્ઞાસુ થાય છે, .તેમ તેમ લેખક વર્ગને નવા નવા શબ્દો અને વિચારદર્શન શૈલીની જરૂર પડતી જાય છે; વાક્યો આદિની રચનામાં અધિક સાવધાન થવું પડે છે અને એ પ્રકારે તેઓ ભાષાના શબ્દકોષ. વિચારદર્શન તથા લેખનશૈલીની અભિવૃદ્ધિ કરે છે.

સાહિત્યના વિભાગો

વિષય પરત્વે સાહિત્યના ત્રણ વિભાગો પડે છે. કાવ્ય (Poetry) દર્શન (Philosophy), અને વિજ્ઞાનશાસ્ત્રો (Science). એમાં વિજ્ઞાન એ ઐહિક–એટલે સૃષ્ટિજન્ય પદાર્થો સાથે સંબંધ ધરાવે છે. દર્શનનો સંબંધ ઈશ્વરાદિ પારલૌકિક પદાર્થો પરાયણ છે. આ બન્ને વિષયો ઘણાં ગંભીર હોતાં શ્રમ વિના એકદમ સાધ્ય થઈ શકે તેવાં નથી.કાવ્યનો વિષય નૈસર્ગિક હોતાં મનુષ્ય પ્રાણીનાં મનમાં એની મેળે સ્વાભાવિક રીતે ઉદ્‌ભવેલો રહે છે, અને સમાજ ઉપર તે સત્વર અસર કરી શકે છે, તેથી જ પૂર્વકાળથી આરંભમાં કાવ્યસાહિત્યની યોજના થતી આવી છે, કેમ કે એ, મનને પ્રસન્નતાપૂર્વક કઠિણ વિષયોમાં પણ અભિમુખ કરાવે છે, અને શ્રમિત થયેલાં મનોને વિનોદ પ્રાપ્ત કરાવે છે, તથા મુગ્ધોને અર્થાત અનુભવીઓને સંસારની સ્થિતિનું દર્શન અને ભાન કરાવે છે. આવો વિવેક હોવાથી સાહિત્યની ઉત્પત્તિ

અને તેના અંગોના વિકાસના સમયમાં સર્વ ભાષાઓમાં કાવ્ય-સાહિત્ય વધારે લોકપ્રિય અને વિસ્તાર પામેલું જોવામાં આવે છે. આપણી ગૂર્જરાતી ભાષામાં તો આત્મજ્ઞાનાદિ વિષયનો પ્રચાર કવિતાના સાધન દ્વારા થએલો છે. પરંતુ વિજ્ઞાનની તેટલી ઉન્નતિ થતી અટકી પડી છે તેના કારણ એ છે કે, માયાના પ્રપંચમાંથી જ્ઞાનીઓ વિમુક્ત થતા ગયા, આ નાશવંત સંસાર ઉપરથી તેમની વૃત્તિ વિરામી ગઈ, તેઓ જ નાનાપ્રકારની વિદ્યા શીખવનારા હતા, અને નાના પ્રકારની હમણા જે શોધ થતી જોવામાં આવે છે, તેમાંની જે તે સમયે પ્રચલિત હતી તે તેમણે વિસારી દીધી, અને પરિણામે તેમનું શિક્ષણ આપનાર રહેતા રહેતા બંધ થઈ ગયા. વળી આ દેશમાં અન્ન-પાનાદિની જોઈએ એટલી અનુકૂળતા હોવાથી સર્વનો નિર્વાહ સારી રીતે ચાલવા લાગ્યો, એટલે તેમને તે માટે વિશેષ કડાકૂટ કરવાની અગત્ય રહી નહિ. પરંતુ સમય વિતતો ગયો તેમ તેમ, દેશની સમૃદ્ધિ જોઈને બહારના લોકોનું આગમન થવા લાગ્યું અને સમયે સમયે તેમના તરફથી દેશ ઉપર આક્રમણો થવા લાગ્યાં. તેમાં વળી, કળિયુગના યોગે કરીને માંહોમાંહે આન્તરકલહો ચાલતા જ રહ્યા.

પરંતુ ગત શતકથી એ કલહો બ્રિટીશ સામ્રાજ્યની શીતળ છાયા નીચે, નષ્ટપ્રાય થઈ ગયા છે, એટલે હવે ફરીને ખીલવાનો વારો આવ્યો છે. તેથી નવીન દિશામાં સાહિત્યે હવે ક્રમે ક્રમે પ્રગતિ કરવા માંડી છે.

બ્રિટિશો સાથે આપણો સંબંધ વ્યાપાર દ્વારા થયો હતો. એ સંબંધ ઈશ્વરેચ્છાથી બહુ દિશામાં વિસ્તૃત થઇ ગયો, અને સંક્ષેપમાં કહીએ તો વર્તમાનકાળમાં પરસ્પર વ્યાપારે એક વિલક્ષણ સ્વરૂપ ધર્યું છે, તે એ છે કે, આ વખતના સમયમાં પશ્ચિમવાસીઓએ વિજ્ઞાનની જે વૃદ્ધિ કરી છે, તેનો લાભ તેઓ આપણને આપે છે અને તેના બદલામાં, આપણા પૂર્વજોએ જે અપૂર્વ અને અલૌકિક રહસ્યમય આધ્યાત્મિક આદિ સુપ્રતિષ્ઠિત કર્યું છે, તેનો લાભ તેઓ લે છે.

આપણું ગૂર્જરાતી કાવ્યસાહિત્ય કાલકૃતભેદથી બે પ્રકારનું છે. એક પ્રાચીન અને બીજું અર્વાચીન.

કાવ્ય સાહિત્ય

ગૂર્જરાતી ભાષાનું ઉપલબ્ધ પ્રાચીન કાવ્યસાહિત્ય ભારત-સન્માન્ય પરમભક્ત નરસિંહ મહેતાથી આરંભાતું ગણું જતો મળે

છે. એ સમય ભક્તિનો હતો. ધર્મનો હતો. ગૂજરાતમાં ગીતગોવિંદ, ભાગવત આદિ કૃષ્ણલીલાનાં વર્ણન કરનારાં કાવ્ય અને પુરાણોએ સારો પ્રવેશ કર્યો હતો. તેનાં સંસ્કારોથી નરસિંહ મહેતા તથા તેનાં સમકાલીન કવિઓની કવિતા રચાયેલી છે. જેમ કવિ બાણ તથા બીજે સંસ્કૃત કાદંબરી. ભાગવત. પ્રબોધચંદ્રોદય આદિનાં વધઘટ કરેલાં અવતરણો ગૂજરાતી ભાષામાં કર્યાં, તેમ છૂટક પદો અને રાગબદ્ધ કવિતા પણ બની. મુખ્યત્વે તે કવિતા ધર્મમૂલક છે. તે પછીના શતકમાં નાના પ્રકારનાં પદોને બદલે પુરાણમૂલક અનેક મોટાં જુદાં જુદાં આખ્યાનો ગેય રાગોમાં રચાવા માંડ્યા, અને તે લોકોમાં બહુ પ્રચલિત થયાં. આવા લેખકોમાં વિષ્ણુદાસ મુખ્ય હતા. ત્યાર પછીના શતકમાં આવાં આખ્યાનો ઉપરાંત લૌકિક વાર્તાઓ કવિતામાં રચાવા માંડી; એમાં શામળભટની વાર્તાઓ મુખ્ય છે. આ સમયમાં છપય આદિ જાતિ અને બીજા છંદોનો ઉપયોગ થવા માંડ્યો. પ્રેમાનંદનો શિષ્ય રત્નેશ્વર સંસ્કૃત સુપઠિત કવિ હતો. તેણે વસંતતલિકા આદિ વૃત્તોમાં કવિતા રચી. એ સમયમાં ગૂર્જર કાવ્યસાહિત્ય બહુ વિસ્તાર પામી ગયું છે; એક તરફ શ્રૃંગારાદિ રસમય આખ્યાનો લખાતાં હતાં. તેમ બીજા ભાગમાં શાન્તરસપ્રધાન કવિતાસાહિત્ય પણ સમાન પ્રમાણમાં રચાયુ જ જતું હતું. કવિરાજ પ્રેમાનંદ સંબંધી ઉપર કથન થએલું હોવાથી અત્રે તેની પુનરુક્તિ આવશ્યક નથી. અખાએ ઉચ્ચ વેદાંતનો કવિતા દ્વારા પ્રચાર કર્યો અને ધીરો, ભોજો આદિ બીજા કવિઓએ સામાન્ય લોકોમાં પ્રિય થઈ પડે એવાં પદોમાં સિદ્ધાંત–દર્શનના સાધનભૂત વૈરાગ્ય આદિનો ઉપદેશ કર્યો.

ગૂર્જર ભાષાના સાહિત્યમાં એક વિલક્ષણતા એ જણાય છે કે. કેટલેક ભાગે જુદા જુદા કવિઓએ. કેવળ શ્રૃંગાર કે કેવળ વૈરાગ્ય વર્ણવ્યો છે, અને કેટલાક ભાગમાં તો એક જ કવિએ એ બન્ને વિરોધી રસોનો ઉત્કૃષ્ટરીતે જનસમાજને આસ્વાદ આપ્યો છે. દયારામની શ્રૃંગાર અને વૈરાગ્ય ઉભય રસની કવિતા છે. સદ્‌ગત ગોવર્ધનભાઈના સરસ્વતીચંદ્રમાં આદ્ય બે ભાગમાં તથા અંતિમ બે ભાગમાં એવો રસભેદ છે. એક પાસ નર્મદાશંકર જુસ્સાવાળી તેમ જ શ્રૃંગાર-રસપ્રધાનવાળી કવિતા રચતા જતા હતા. તો બીજી પાસ કવિ દલપતરામ નીતિવર્ધક તેમ જ ઉદ્યોગપ્રેરક કવિતાઓ રચતા હતા. એ પ્રમાણે તેમનામાં પણ આવો ભેદ હતો.

પ્રાચીન કવિઓની શ્રેણીનો સમય ગૂજરાતના સુપ્રખ્યાત કવિ, રસમૂર્તિ દયારામભાઈની હયાતી સુધીનો ગણી, તેનો અંત પણ તે જ સમયે સાથે ગણવો ઉચિત છે

ગૂજરાતી જૈન સાહિત્ય

પ્રાચીન કાવ્યસાહિત્યના ક્ષેત્રમા જૈન લેખકોએ પણ સગીન વૃદ્ધિ કરી છે, તે આપણા લક્ષ બહાર રાખવુ ઘટતુ નથી ગૂજરાતના ઇતિહાસમા જૈનોએ બહુ અગ્રણી ભાગ લીધો છે, પણ તે વિષયનો વિસ્તાર કરવાને આ યોગ્ય સ્થળ નથી જૈન મુનિઓએ ઘણા રાસા, સઝાયો, આદિ અનેક રસપૂર્ણ કવિતા નાના પ્રકારના દેશી રાગોમા, તેમ જ છદોમા લખી છે સવત[1] ૧૪૦૦ થી તે સાહિત્યનો પ્રસિદ્ધ આરભ થયો હોય એમ હમણા જણાય છે પ્રારભ થોડે થોડે થતા પાછળથી તેમા બહુ ગ્રથો રચાયા છે, તેમા કેટલાક બહુ વખાણવા યોગ્ય કાવ્યગ્રથો પણ રચાયા છે જેવા કે—શ્રીપાળરાસ, રસતવિલાસ, વિમળમત્રી રાસ, નળાખ્યાન, નદબત્રીશી, મૃગાવતી રાસો, મદનરેખા આદિ

બ્રાહ્મણ તથા જૈન વચ્ચે ધર્મમૂલક વિરોધ હોવાથી, જો કે બન્નેની ભાષા એક હતી પણ, પોતપોતાના ધર્માનુયાયીઓને ઉપયોગમા આવે તેને માટે, બન્નેને ભિન્ન સાહિત્ય રચવાની અગત્ય પડેલી જણાય છે આના ધર્મવિરોધનુ સારુ પરિણામ એ આવ્યુ કે, એથી ભાષા-સાહિત્યના ગ્રથોની સખ્યામા સારો વધારો થયો ખેદની વાત તો એ થાય છે કે, એક ધર્મના એક માર્ગના પથીઓ બીજા માર્ગના પથીઓનુ ગ્રહણ કરતા નથી, અને તેથી ગૂજરાતી સાહિત્યની ચર્ચામા અત્યાર સુધી મોટે ભાગે, જૈન સાધુઓનો જોઇતો ઉલ્લેખ થયો દેખાતો નથી પણ કાવ્યાદિ જેવા સાહિત્યમા, ધર્મ જેવા ભિન્ન વિષયને કાઈ પણ લાગતુવળગતુ નથી, અને જેનુ રસ એ જીવન છે, એવુ કાવ્યાદિ સાહિત્ય જૈનોએ લખ્યુ હોય તો પણ, તે તેના રસવત્તા ધર્મને લીધે સર્વ રસિક વાચકોએ ગ્રહણ કરવા યોગ્ય છે

(૧) ગૌતમ સ્વામીનો રાસ સવત ૧૪૧૨મા લખાયેલો તથા બીજા ૯ સવત્સ રાસ એ બે રાજકોટમા ભરાયલી પરિષદના પ્રદર્શનમા મુકાયા હતા સવત ૧૪૦૫ માં વસ્તુપાળ રાસ, પછી ભારતબાહુ રાસ ઈત્યાદિ રચાયા છે

અણહિલવાડ પાટણ, જેસલમેર આદિ ભારતનાં અનેક સુપ્રસિદ્ધ સ્થળોએ, પુસ્તકનાં ભંડારો સ્થાપી જૈનોએ, જૈન તેમ જ બ્રાહ્મણ-ધર્મીઓને હાથે રચાયલા અનેક ગ્રંથોનું સંરક્ષણ કર્યું છે. એવો જૈનોનો મહાન ઉપકાર આપણે ભૂલી જવો જોઈએ નહિ.

શિક્ષણ અને વિદ્યાવૃદ્ધિના પ્રયાસ

પ્રાચીન સાહિત્ય સંબંધી આટલું દિગ્દર્શક જણાવ્યા પછી, હું હવે અર્વાચીન સાહિત્ય સંબંધી જણાવું છું. કૃપાવંત બ્રિટિશ સરકારના આશ્રય હેઠળ નવીન કેળવણી આપવાને અર્થે જે શિક્ષણ અને વિદ્યાવૃદ્ધિના પ્રયાસો આદરવામાં આવ્યા છે, તે અર્વાચીન સાહિત્યનાં ખેડાણમાં મુખ્ય ભાગ ભજવે છે. એ નવીન શિક્ષણપદ્ધતિ અને વિદ્યાવૃદ્ધિના પ્રયાસનાં ઉઘાડેલાં નવીન ક્ષેત્રોમાં તે જમાનાના કેળવાયલાઓએ જે કર્તવ્ય બજાવેલું છે, તે અર્વાચીન સાહિત્યની ઘટનાના પૂર્વરંગ જેવું હોવાથી. તેનું દિગ્દર્શન અત્રે કરવું ઉચિત છે.

ગૂજરાતી પ્રજાને નવીન શિક્ષણ આપવાના હેતુથી સન ૧૮૨૦ માં નેટિવ સ્કૂલ બુક અને નેટિવ સ્કૂલ સોસાયટી સ્થાપવામાં આવી. તે સમયે એલ્ફિન્સ્ટન મુંબઈના ગવર્નર હતા. તેઓનો અભિપ્રાય લોકને દેશી ભાષાઓમાં કેળવણી આપવાનો થવાથી, સન ૧૮૨૨માં 'હિન્દ નિશાળ' અને 'પુસ્તક મંડળ' એવું નામ ધારણ કરેલી સંસ્થા ચાલતી થઈ. તેમાં અંગ્રેજ અધિકારીઓને સામેલ કરવામાં આવ્યા હતા. પ્રથમ પુસ્તકો મરાઠી ભાષામાં રચાયાં. તે વેળાએ કેળવણીના આગેવાન મરાઠી હતા, તેથી તેમણે અથવા તો અંગ્રેજોએ મળીને ગૂજરાતીમાં કેળવણીનાં પુસ્તકોનાં ભાષાન્તર કર્યાં.[૧]

૧. લિપિધારા, ડાડસ્લીની વાતો, બોધવચન, ઈસપનીતિ (અંગ્રેજીમાંથી મરાઠીમાં થયેલી, તે ઉપરથી ગૂજરાતીમાં ભાષાંતર બાપુ શાસ્ત્રીએ કરેલું.) (નાની) બોધકથા, બાળમિત્ર (અંગ્રેજી ઉપરથી મરાઠીમાં થયેલું, તે ઉપરથી ગૂજરાતીમા) પંચતંત્ર (સંસ્કૃત ઉપરથી પ્રથમ મરાઠીમાં થયું અને તે ઉપરથી ગૂજરાતીમાં થયું) ગંગાધર શાસ્ત્રી ફડકેએ રચેલું વ્યાકરણ (નાનું અને મોટું). આ બધા પુસ્તકો દેવનાગરી લિપિમાં છપાયાં હતાં. 'વિદ્યાના ઉદ્દેશ, લાભ અને સંતોષ' એ નામનું પુસ્તક રેવરેંડ ગૃહસ્થે અંગ્રેજી ઉપરથી ગુજરાતીમાં રચીને છપાવ્યું હતું. 'ઈંગ્લેંડ દેશનું વર્ણન' એવા નામનું લીટી દોરીને ગૂજરાતી અક્ષરે છપાયલું એક પુસ્તક હતું.

પછવાડેથી રણછોડભાઈ ગિરિધરભાઈ આદિ પઠિત ગૃહસ્થો એ હિલચાલમાં દાખલ થયા, ત્યારે ગૂર્જર ગિરાને શોભા મળવા લાગી તેમના પછી કરસનદાસ મછારામ,[1] મોહનલાલ રણછોડદાસ[2] અને પ્રાણલાલ મથુરાદાસ[3] એઓએ સારાં ભાષાંતર કર્યાં આગળ જતાં સૃષ્ટિજન્ય ઈશ્વરજ્ઞાન, મંત્રશાસ્ત્રના મૂળતત્ત્વ, ગ્રીન સાહેબની ખગોળ-વિદ્યા, ઈત્યાદિ ગ્રંથોનો તેમાં ઉમેરો થયો હતો

પ્રારંભ સમયની એલ્ફિન્સ્ટન પાઠશાળાના આ ગૃહસ્થો અભ્યાસી હતા એમના પછી એ જ પાઠશાળામાં અભ્યાસ કરનાર અને બીજા ગૃહસ્થો હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ, મયારામ શંભુનાથ, કરસનદાસ માધવદાસ, કરસનદાસ મૂળજી, મહીપતરામ રૂપરામ, નર્મદાશંકર લાલશંકર, દલપતરામ ખખ્ખર, ઝવેરીલાલ ઉમિયાશંકર, ગંગાદાસ કિશોરદાસ આદિ ગૂજરાતી ભાષાના ઉત્કર્ષ માટે સ્થપાયેલ 'બુદ્ધિવર્ધક' હિન્દુ સભામાં ભાષણો આપનારા અને આ ભૂમિમાં સુધારાનાં બીજ રોપનારા કાર્યમાં અંતઃકરણપૂર્વક મંડ્યા હતા

આણી તરફ સુરતવાસી દુર્ગાશંકર મહેતાજી, નંદશંકર અને નવલરામ આદિ વિદ્યાવૃત્તિના કાર્યોમાં મંડી પડ્યા હતા અમદાવાદમાં પ્રથમ ભોગીલાલ પ્રાણવલ્લભદાસે વિદ્યાનાં બીજ વાવ્યાં હતાં અને ત્યાંથી ઝવેરીલાલ ઉમિયાશંકર આદિ ઉત્સાહી પુરુષોને મુંબઈની પાઠશાળામાં મોકલવા યોગ્ય કરીને તેમને ત્યાંના વિદ્વાન મંડળમાં દાખલ થવાની યોગ્યતાએ પહોંચાડી દેવાને સાધનભૂત થયા હતા મગનલાલ વખતચંદ અને એદલજી ડોસાભાઈ એઓએ 'ગુજરાતનો ઇતિહાસ' આદિ પુસ્તકો રચ્યાં હતાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની ફાર્બસ સાહેબે સ્થાપના કરી હતી (૧૮૪૮) વર્તમાનપત્રો અને માસિક પણ પછવાડેથી ચાલતાં થયાં હતાં

પછી અમારો સમય આવ્યો રા બ ભોળાનાથભાઈ, કવિ દલપતરામ, રા સા મહીપતરામ, રા મનસુખરામ, રા ભાઈશંકર નાનાભાઈ આદિનું મંડળ રચાયું હતું પ્રથમ જે વિદ્યાભ્યાસક સભા સ્થપાયેલી બંધ પડી ગઈ હતી, તેનો મંત્રી મને નીમ્યો હતો

---

૧ શાળોપયોગી નીતિગ્રંથ

૨ મરાઠી બખરના બે ભાગનું મરાઠી ઉપરથી ભાષાંતર અને છત્રે કનો ઇતિહાસ

૩ કોલંબસનો વૃત્તાન્ત (અંગ્રેજી ઉપરથી)

અને તે સભા પૂરેપૂરી જાગ્રત કરવામાં અમે સર્વેએ પૂરી કાળજી રાખી હતી. મુંબઈની બુદ્ધિવર્ધક સભામાં કવિ નર્મદ ગર્જના કરી રહ્યા હતા, ત્યારે અમદાવાદમાં કવિ દલપતરામ પોતાની કવિતાની મધુરતાથી સભાનું મનરંજન કરતા હતા. અમદાવાદમાં ધર્મસભા સ્થાપવામાં આવી હતી અને 'ધર્મપ્રકાશ' ચોપાનિયું ચાલતું કર્યું હતું અને ગૂજરાતી ભાષાની વૃદ્ધિ કરનાર અને તેની સેવામાં તત્પર મંડ્યા રહેનાર શાસ્ત્રી વ્રજલાલ પણ આ વેળાએ અહીં જ વિદ્યાપ્રસારનાં આવાં કાર્યોમાં મહાલતા હતા. તેઓ તેના તંત્રી હતા. પાછળથી તેમણે ગૂજરાત વર્નાક્યૂલર સોસાયટીમાં ગૂજરાતી ભાષાનો કોષ રચવાની યોજના પણ કરી હતી.

મારા પરમ મિત્ર સદ્‌ગત મનઃસુખરામ પ્રથમ મુંબાઈ ગયા અને પછીથી હું પણ ત્યાં જવા પ્રેરાયો. તેમ જ બીજા પણ કેટલાક ત્યાં ભેગા થતાં, મુંબઈગરા અને અમદાવાદીનું મિશ્રણ દૂધમાં સાકર ભળ્યા પ્રમાણે વિદ્યાવૃદ્ધિના કાર્યમાં અનુકૂળ થઇ પડ્યું.

સુરાષ્ટ્રની રાજધાની રાજકોટમાં પ્રથમ ભોગીલાલભાઇ અને સુધારાનો ઝુંડો પકડી રહેલા દુર્ગારામ મહેતાજી તથા પછવાડેથી મોતીલાલ રામપ્રસાદ, નવલરામભાઇ, ગોપાળભાઈ સૂરભાઈ એઓને આ સૂનું અને નવીન ક્ષેત્ર સોંપતાં તેઓએ ત્યાં વિદ્યાવૃદ્ધિ કરવામાં પાછી પાની કરી નથી. વડોદરા રાજ્યમાં પણ આ સમયે આવો વિદ્યાવૃદ્ધિનો પ્રારંભ થવા માંડ્યો હતો.

આ પ્રમાણે મુંબઇ, સુરત, અમદાવાદ, રાજકોટ આદિ મુખ્ય સ્થાનોમાં વિદ્યાવૃદ્ધિનો પ્રારંભ થયા પછી, ભાષાખેડાણનાં કાર્યો પણ ચાલતાં થયાં હતાં અને તે નાના પ્રકારે વિસ્તારાતાં હતાં. વિદ્યાપ્રચારિકા નવી સંસ્થાઓમાં છાપખાનાં પણ સ્થપાતાં જતાં હતાં. આ પ્રમાણે સાહિત્યક્ષેત્રમાં નવી જાતનાં બીજ રોપાતાં હતાં અને તેને ખિલાવનારા નવીન માળીઓ નવીન પ્રકારના બુટ્ટાનો ઉઠાવ કરતા હતા.

ધર્મના જ્ઞાનના પ્રચારને અર્થે મુબઈમાં ભૂલેશ્વર આગળ શુદ્ધાદ્વૈત જ્ઞાનનો બોધ સદ્‌ગત ગટુલાલજી અને અદ્વૈત જ્ઞાનનો ઉપદેશ વેદધર્મસભામાં વે. પા. જયકૃષ્ણ વ્યાસ વ્યાખ્યાનો દ્વારા આપતા અને અપાવતા હતા. તેને માટે પુસ્તકો અને ચોપાનિયાં પ્રકટ થતાં હતાં.

વૈદકજ્ઞાન આપવાને વૈદ્ય પ્રભુરામ, ડૉ ભાલચદ્ર અને ડૉ પોપટભાઈના પ્રયાસથી એક સસ્થા સ્થપાઇ આ સર્વેના પરિણામમા પછવાડેથી બીજી સારી સસ્થાઓ સ્થપાઈ છે

જૈનોએ પણ પોતાના ધર્મવિષયક જ્ઞાનના ભડાર ખોલીને પુસ્તકો છપાવી તથા સસ્થાઓ સ્થાપીને પ્રગતિ કરવા માડી હતી તેમના પ્રાચીન સાહિત્યના પ્રયાસ વિષે નિરાળુ કથન કર્યું છે

સધિરૂપ સાહિત્ય

આ પ્રકારે સર્વત્ર સામટા ઉદ્યોગો ચાલતા દયારામ પછી સાહિત્યની પ્રગતિ નાનાવિધ થવા માડી તેનુ દિગ્દર્શન થતા જણાશે કે પૂર્વના કરતા એક નવીન પ્રકારનુ વિલક્ષણ રગ ધારણ કરતુ સાહિત્ય ઉત્પન્ન થયુ છે અને તે યુનિવર્સિટીદ્વારા વધારે શિક્ષણ પામેલા યુવકોના હાથથી જે નવીનતર સાહિત્યનો આરભ થવા માડ્યો છે, તેની મધ્યેના અવકાશની પૂરતી કરનારુ છે એ ઉભયને જોડનારુ છે, સાકળરૂપ છે, સધિરૂપ છે ખરુ જોતા, એ સાહિત્યમા કેવળ નવીન વિચારોની પ્રધાનપણે મકતના નથી, તેમ જ, તે કેવળ પ્રાચીનનુ અનુસરણ પણ નથી પરતુ સાહિત્યના વિવિધ બીજોનો તેમા નિક્ષેપ થયો છે એ સબધમા આ અવસરે અલ્પમા ઉપસહાર કરુ તો તે ક્ષન્તવ્ય જ ગણાશે

સધિરૂપ સાહિત્યનો જે સમય ઉપર જણાવ્યો, તેને અમારા સમયના સાહિત્યનો સમય કહેવામા આવે, તો તેમા કાઈ બાધ નડે એમ નથી એ સાહિત્યના મુખ્ય ભેદકારક ચિહ્ન, ગદ્યલેખો તથા નાટકો, તેમ જ જૈનોને સ્થળે પારસી ભાઇઓએ જે ભાગ લેવા માડ્યો, તે ગણી શકાય એમ છે દયારામભાઇના સમય સુધીમા ગદ્ય-ભાગ, બહુધા કોઈ કોઈ સસ્કૃત ગ્રથોના શાસ્ત્રીય શૈલીમા ભાષાન્તરો થતા, તે હતો ગદ્ય માત્ર કથન કરવામા જ વપરાતુ, એટલે વિશિષ્ટ સાહિત્યમા તેનો આશ્રય લેવાતો નહિ એમ લાગે છે પરતુ ત્યાર પછી તો, અગ્રેજી ભાષામા નિબધાદિ લેખો ગદ્યમા હોય છે, તે જોઇને ગૂજરાતીમા તેવો જ આરભ થવા માડ્યો આવા આરભિક ગદ્યમા હમણા વિકાસ પામેલી વિવિધ શૈલીના ચમત્કારો ન હતા પણ તેની ભાષા સરળ અને સાદી હતી પરતુ અમારા જ સમયમા થોડા કાળમા ક્રમે ક્રમે તેમા સાહિત્યોચિત લક્ષણો આવવા માડ્યા

મારા મિત્ર સદ્‌ગત મનઃસુખરામે ઉત્તરોત્તર સંસ્કૃત શબ્દોના અધિક ઉમેરણના પ્રયત્નો પોતાના લેખોમાં કર્યા. તે સમયે ભાષાશુદ્ધિ તથા શબ્દલેખન શૈલીના સંબંધમાં પણ હાલની પેઠે બહુ વાદવિવાદ થતા. તે તે સમયનાં "બુદ્ધિવર્ધક" "બુદ્ધિપ્રકાશ," "સૌરાષ્ટ્ર દર્પણ" આદિના વિષયો જોવાથી જણાય એમ છે. એ ગદ્ય ક્રમે કરીને કેટલા બધા વિકાસને પામ્યું છે એ સર્વેને સુવિદિત જ છે.

જ્ઞાનના જે જે વિવિધ વિષયો છે, તે સંબંધમાં કોઈ કોઈ સારા લેખકો તે સમયમાં થયા; તેમાં ગદ્યનિબંધલેખકોમાં કવિ નર્મદાશંકર અને રા. મનસુખરામ સારી પ્રતિષ્ઠા પામેલા છે. કવિ નર્મદાશંકરે ગદ્ય તથા પદ્ય બન્નેની રચના કરી તથા અંગ્રેજી કવિતાનું અને મરાઠી કવિતાનુ કેટલેક અંશે અનુકરણ કર્યું; દયારામ આદિ પ્રાચીન કવિઓના લેખો અને ચરિત્રોનો ઉદ્ધાર પણ કર્યો; અને સાધન વિષયમાં પિંગળ, રસ અને અલંકારોના પ્રવેશકો રચ્યા. કોષ રચવાનો સ્તુત્ય પ્રયત્ન પણ તેઓએ જ કર્યો. કવિ દલપતરામે પિંગળ રચ્યું હિંદી કવિતાનું અનુકરણ કર્યું, નીતિવર્ધક કવિતાઓ રચી અને ગૂજરાતને ચિરસ્મરણીય અને પરોપકાર ફાર્બસ સાહેબના આશ્રય વડે ઐતિહાસિક શોધો કરી. રા. બ. નંદશંકરે કરણઘેલાની સુપ્રસિદ્ધ લોકપ્રિય કથા નવીન શૈલી ઉપર ગદ્યમાં રચી.

કરસનદાસ મૂળજી સુધારાના આગેવાન નાયક હતા. તેમણે નીતિવચન, સંસારસુખ, ઇંગ્લાંડનો પ્રવાસ, આદિ પુસ્તકો રચ્યાં અને "સત્યપ્રકાશ" વર્તમાનપત્ર ચલાવી છેવટે તે "રાસ્તગોફ્તાર" સાથે મેળવી દીધુ. તેઓ કેટલીક મુદ્દત સુધી "રાસ્તગોફ્તાર"ના તંત્રી હતા. રાવસાહેબ મહીપતરામે પણ નવલકથાઓ રચી, તેમ જ નાના વિધના વિષયો અને તેમાં વિશેષ કરીને કેળવણીના વિષયો ચર્ચ્યા. શાળોપયોગી પુસ્તકો રચ્યાં અને મારી જ પ્રેરણાથી 'ભવાઈ-સંગ્રહ' અવ્યવસ્થિત હતો તેનો ઉદ્ધાર કરી પ્રસિદ્ધિમાં આણ્યો. મુંબઈમાં હતા ત્યારે પણ તેઓ "સત્યપ્રકાશ"ના અધિપતિનું કામ કરતા અને પ્રકીર્ણ વિષયો લખતા.

નાટ્યશાસ્ત્રમાં પ્રવેશ કરવાને અર્થે અને ભવાઈ જેવા ભૂંડાં રૂપકો ભજવી બતાવવાનો અટકાવ થાય એવા હેતુથી મેં પણ નાટકોનો વિષય હાથમાં લીધો. રા. રા. ભાઇશંકર ન્હાનાભાઈએ

પણ એ નવ માર્ગે નાટક રચ્યા. હીરા કવિ શંકરલાલે સાવિત્રી નાટક સંસ્કૃત અને ગુજરાતીમાં રચ્યું. શાસ્ત્રી વ્રજલાલ કાલિદાસે ભાષા સંબંધી શોધો કરી અને પ્રકીર્ણ ગદ્ય લખ્યું. યુરોપ આદિ દેશોમાં પણ જેની કીર્તિ પહોંચી ગયેલી એવા પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીએ, સુપ્રસિદ્ધ ડાક્તર ભાઉ દાજીના આશ્રયથી પ્રાચીન ઐતિહાસિક શોધોમાં શ્રમ લેવા માંડ્યો હતો. એમના જેવી કીર્તિ હજી સુધી નવીન વર્ગમાં કોઈએ પ્રાપ્ત કરી જણાતી નથી. તે પછી રાજકોટ સંગ્રહસ્થાનવાળા ક્યુરેટર આચાર્ય વલ્લભજી હરિદત્તે પણ શ્રી ભગવાનલાલના પ્રયાસનું ઘણે અંશે અનુકરણ કર્યું છે. શ્રી રતિરામ દુર્ગારામ કર્દિ એ દિશામાં પ્રયત્ન કરતા હતા, અને જો તેઓ વિશેષ જીવ્યા હોત તો, દાખલો નોંધવા જેવા કૃત્ય કરે એવા હતા. તેમણે ગુજરાતના ઇતિહાસ સંબંધી કેટલાક લેખો લખ્યા છે.

નવલગ્રંથાવલિમાં આવેલી સાહિત્યગૂંથણી કરીને વિવેચક નવલરામે પણ સાહિત્યમાં નૂતન પ્રકાર ઉમેર્યો છે. એમણે પ્રધાનપણે કેળવણી વિષેના પ્રશ્નો હસ્તગત કર્યા હતા. ગ્રંથોનું વિવેચન કરનાર ટીકાકાર તરીકે એમની કીર્તિ અચળ રહી છે. સર્વદેશીય લખાણ કરવાની એમનામાં શક્તિ હતી. ઝવેરીલાલ, દલપતરામ ખખ્ખર એઓએ "બુદ્ધિવર્ધક"માં લેખો લખ્યા અને શાકુન્તલના ભાષાન્તર કર્યા. બીજા પણ કેટલાક લેખકો આ સમયમાં થયા છે. વિજ્ઞાનાદિ વિષયસંબંધી કેટલાક લેખકોએ તે સમયના વર્તમાનપત્ર અને અને માસિકોમાં નાનામોટા લેખો લખી દેશમાં પ્રવેશ પામેલી ઘણી નવી શોધો ઉપર અજવાળું નાખવા માંડ્યું હતું. ઉચ્ચ તથા મધ્યમ વર્ગના લોકોમાં ઉચ્ચ વિચારો પ્રકટાવવા સારુ (અમદાવાદમાં) "બુદ્ધિપ્રકાશ" (મુંબઈમાં) 'બુદ્ધિવર્ધક," (કાઠિયાવાડ–જૂનાગઢ–માં) "સૌરાષ્ટ્રદર્પણ," (રાજકોટમાં) "વિજ્ઞાન વિલાસ" એવાં એવાં માસિકો પ્રસિદ્ધ થતાં હતાં. "ધર્મપ્રકાશ" ધાર્મિક વિષયો માટે નીકળતું હતું અને સુપ્રસિદ્ધ કેશવલાલ હરિરામના 'આર્યધર્મ પ્રકાશ" ચોપાનિયામાં ધર્મસંબંધી વિષયો આવતા. આ પ્રમાણે માસિકોની સાહિત્યપ્રવૃત્તિ ચાલવા સાથે સામાન્ય ગ્રંથો લખાતા હતા, પણ ઉચ્ચ પ્રકારના દર્શનશાસ્ત્રો સંબંધમાં બહુ જાણવાયોગ્ય લેખો કે ગ્રંથો લખાયા નહોતા. શાસ્ત્રી વ્રજલાલે એક ન્યાયનો ગ્રંથ અને મનસુખરામે કરેલું વિચારમાળાનું

ધર્મના કારણને લઇને જૈનોનાં સાહિત્ય ઉપર જેમ ઓછી અભિરુચિ જણાય છે, તેમ ભાષાના કારણને લઇને પારસીભાઇઓ સાહિત્યસેવામાં ઓછા ગણાય, એમ થવા દેવા જેવું નથી. વાચક-વર્ગમાં આવી ઉપેક્ષા, તેમના વાર્તાના ગ્રંથો સંબંધમાં થતી નથી એ વાત ખરી છે, પણ સામાન્ય રીતે કોઈ પણ પ્રકારનો બાધ નડે નહિ, એમ થવાને ભાષા અને શૈલીમાં તો નવા સાક્ષર પારસી યુવકોએ હિન્દુ ભાઇઓનું અનુકરણ કરવું જ જોઇએ. તેમણે પોતાના પણ ગ્રંથોની ભાષાશુદ્ધિ તથા શબ્દલેખનપદ્ધતિ સંબંધમાં વિશેષ કાળજી રાખવી જોઇએ, કે જેથી તેમના ગ્રંથો ગૂજરાતી સાહિત્યમાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરી શકે.

નવીન સાહિત્ય

આપણી ભાષામાં જુદાં જુદાં સાહિત્યોની સંપત્તિ આટલે સુધી મારા સમકાલીન સાક્ષરબંધુઓએ વધારી મૂકી હતી, તેવામાં નવીન ગ્રૅજ્યુએટોએ સાહિત્યનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં બની શક્યા પ્રમાણે પ્રયાસ કર્યા. પૂર્વના લેખકોએ ગૂર્જર-સાહિત્યસંપત્તિ વધારવાને એકલા સંસ્કૃત-ભંડારનો આશ્રય લીધો હતો, ત્યારે આધુનિક લેખકો સંસ્કૃત તેમ જ અંગ્રેજી આદિ ભાષામાં પ્રસિદ્ધ થયેલા સાહિત્યભંડારમાં પેઠા. તેઓએ ભાષાન્તરો, અનુકરણો અને પ્રાપ્ત કરી લીધેલી વસ્તુ ઉપરથી તથા સ્વકલ્પિત તરંગો ઉપરથી નાના પ્રકારની રચનાઓ કરવા માંડી. પણ ટૂંકામાં કહીએ તો ઇંગ્લિશ લેખોનું વિશેષ-તાએ તેમણે અનુકરણ કરવા માંડયું. એવા નવશિક્ષિતોમાં પણ રા. ભીમરાવે પ્રાચીન રીતિ પ્રમાણે પૃથુરાજ રાસો કાવ્ય લખ્યું. તેમ જ રા. રા. દોલતરામ કૃપારામ પંડ્યાએ જૂની શૈલી ઉપર કાવ્યમાં ઈંદ્રજીતવધ, કથામાં કુસુમાવલિ આદિ રસભરિત કલ્પનાયુક્ત બોધદાયક કૃતિઓ લખી. રા. મણિલાલે થોડી ભાવપૂર્ણ ગઝલો અને કાન્તા નાટક રચ્યાં. રા. ગોવર્ધનરામે કાવ્ય તથા નવલકથા ઉભય લખ્યાં. રા. નરસિંહરાવે પાશ્ચાત્ય નીતિની કવિતાનો દુર્ઘટ થઇ પડેલો પરિચય ઇંગ્લિશ નહિ જાણનારા મોટા વર્ગને કરાવ્યો. ઇ. સ. ૧૮૮૮થી તેઓ શબ્દ લેખનપદ્ધતિ સંબંધી ચર્ચા અદ્યાપિ પર્યંત ચલાવતા રહ્યા છે.

નવા વર્ગના ગદ્યલેખકોમાં રા. મણિલાલ નભુભાઇના 'પ્રિયંવદા'

અને ' સુદર્શન ' માના લેખો ગૂજગતી - લેખનશૈલીના –આદર્શરૂપ છે રા રમણભાઈએ સાહિત્ય સબધમા બહુ સાગ વિવેચનો લખ્યા છે દશ્યકાવ્ય વિષયમા વિસ્તારભય આદિ કેટલાક કારણોથી તે સબધમા વિશેષ અત્ર કથવુ ઉચિત જણાતુ નથી

હાલમા કાવ્યવર્ગમા ગ કલાપી (તે લાઠીના સ્વર્ગસ્થ ઠાકોર સાહેબ સૂરસિહજી)ના કાવ્યો અને કથાવર્ગમા રા ગોવર્ધનરામનુ સરસ્વતીચદ્ર, જે પ્રશસાને પાત્ર થયા છે તે બહુ યોગ્ય છે સ્વ કવીશ્વર દલપતરામના પુત્ર ન્હાનાલાલે બહુધા ગદ્યશૈલીના કાવ્ય લખ્યા છે તેમના છદ અને રાગબદ્ધ કાવ્યોનો લોકમા કાઈક આદર થતો જાય છે હાલની મોટે ભાગે ચાલતી સાહિત્યપ્રવૃત્તિ સબધી આ એક સૂચના કરવી ઈષ્ટ છે કે, અમુક ભાષાની સાહિત્યની સપત્તિની ઉચ્ચતાનુ માપ અનુવાદો અને ભાષાતરોથી નથી થતુ, પણ તેની અદર સ્વતત્ર પ્રતિભાશક્તિથી લખાયલા ગ્રથોની સખ્યાથી થાય છે, પરતુ હાલમા તેવી પ્રતિના ગ્રથો બહુધા લખાય છે

વળી મિશ્ર પદ્ધતિ ઉપર લખાતી કવિતામા રા કેશવલાલ હરિરામકૃત કેશવકૃતિ તથા રા મણિલાલ છબારામની કવિતા ગૂજરાતી ભાષામા સારુ સ્થાન લે તેવી અને લોકપ્રિય જણાય છે

સ્ત્રીજનોની કૃતિઓમા સ્વ૰ ન લલ્લુભાઈ ગામળદાસના સુપુત્રી સદ્દગત અ સૌ સુમતિના લેખો તથા સમાલોચકમા એક સ્ત્રીજનની સજ્ઞાથી લખનાર ગ સ્વ સવિતાની કવિતા આદિ સારા, ચિત્તાકર્ષક થયાનુ જાણ્યામા છે તેઓની મનોહારિણી સરળ વાણીમા સારો રસ અને ઉપદેશ રહેલા છે સદ્દગત સુમતિએ " દિવ્યમેધપાલમાલ " એવા નામનુ એક કાવ્ય લખ્યુ છે તેમા એક હરિગીત જાતિ તેમણે રચી છે તે તેમને જ લાગુ પડતી હોવાથી આ સ્થાને ઉમેરુ છુ

હરિગીત

તુજ મૃત્યુ પછી તારી પ્રસશા, અખિલ જગમા પ્રસરશે,
તુજ કીર્તિરથ બો સર્વ સ્થલમા, જગતના જન નાખશે,
તુજ કાર્યના લેખો લખાશે શ્વેત શીલાઓ પરે,
તુજ ગુણના ગાનો ગવાશે કાવ્ય કરશે કવિ ખરે

સૌ સુમતિએ ધાર્યું નહિ હોય કે આ પોતાનો લેખ પોતા ઉપર જ લાગુ પડવાનો છે

દાર્શનિક ગ્રંથો

જ્ઞાનપૂર્વક ભજન કરવા જેવા આ ઉપયોગી વિષયમાં જનસમૂહ સારો કેળવાયેલો નહિ હોવાથી તે વિષયના જાણકાર લખનારાઓ હોવા છતાં પણ આપણા સાહિત્યમાં જોઇએ તેવી વૃદ્ધિ થઇ નથી. બંગાળી ભાષામાં માનસશાસ્ત્ર અને દર્શનશાસ્ત્ર સંબંધી નવીન વિચારશીલ લેખોની સંખ્યા વધતી જાય છે. તેનું કારણ પણ તે લોકોનો તે વિષય પર પ્રેમ વધવાને લીધે જ છે. તેથી જ મને એવી સબળ આશા રહે છે કે, ધીરે ધીરે તે તરફ વળતી જતી લોકરુચિને સંતોષે એવા આ વિષયના સ્વતંત્ર વિચારના ફળરૂપ ગ્રંથો લખાશે.

દર્શનશાસ્ત્ર સંબંધી ચર્ચા, પાતંજલ યોગદર્શન, રા. બ. કમળાશંકરનો બ્રહ્મસૂત્રનો અનુવાદ તથા આચાર્ય નથુરામકૃત બ્રહ્મ-સૂત્ર એ આદિ ગ્રંથ પ્રગટ થયા છે. ગીતાનાં જુદાં જુદાં ભાષાન્તરો થયાં છે. મારા મિત્ર સદ્‌ગત મનઃસુખરામનું ગીતાનું કવિતામાં ભાષાન્તર અને તે ઉપર વિસ્તારપૂર્વક ટીકાનો ઘણો ઉપયોગી ગ્રંથ લગભગ પૂરો થવા આવ્યો છે. એમનો જ વિચારસાગર જિજ્ઞાસુઓને વધારે પ્રિય થઈ પડેલો જણાય છે. યોગવાસિષ્ટ, યોગકૌસ્તુભ યોગચિંતામણી, સર્વદર્શન આદિ ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. સાક્ષર મણિલાલ નભુભાઈનો સિદ્ધાંતસાર, શ્રીમદ્‌ ભગવદ્‌ગીતાનું સટીક ભાષાન્તર અને સંગીતશાસ્ત્રી ગોપાળ રાવ બર્વેનો યોગનો ગ્રંથ— ઇત્યાદિ ગ્રંથો પ્રસિદ્ધ થયેલા છે.

વળી, આવા ગૂજરાતી સાહિત્યમાં, ગદ્યમાં તેમ જ પદ્યમાં એક નવીનતાભર્યો વધારો શ્રીમાન નૃસિંહાચાર્યે સ્થાપેલા ‘શ્રેયસાધક અધિકારી મંડળ’ દ્વારા થયો છે. આ મંડળ ભણીથી મહાકાલ આદિ પાંચ માસિકો નીકળે છે. આ માસિકોમાં જે લેખો આવે છે તે મુખ્યત્વે કરીને મનુષ્યજીવનને વધારે સુખી કરે અને વધારે ઉચ્ચ સ્થિતિએ પહોંચાડે એવા જ્ઞાનના ભરેલા અને ઉચ્ચ ધોરણને અનુસરીને લખાય છે. તે સાથે વળી શારીરિક વિષયો સંબંધી તેમ જ કેટલીક વાર શ્રેષ્ઠ શાસ્ત્રીય પ્રકારના પણ લેખો જોવામાં આવે છે. આ માસિકોની ભાષા શુદ્ધ અને સંસ્કારી જણાય છે અને તેની શૈલીમાં એક અમુક જાતની વિલક્ષણતા પ્રગટ થયેલી જોવામાં આવે છે, કે તેને લીધે તેનો જુદો નિર્દેશ કરવો યોગ્ય જણાય છે. આ મંડળનો ઉદ્દેશ શુષ્ક ધર્મી થઇ જવાનો જણાતો નથી અને તેથી તેના ઉપદેશકો તેવો ઉપદેશ

પણ કરતા નથી, પણ જ્ઞાનના વિષયોની સાથે સાથે સનાતન ધર્મને તથા સિદ્ધાંતને અનુકૂળ આવે તેવી સિદ્ધાંતપ્રાપક ક્રિયાઓ વિષે પણ ઉપદેશ કરવામાં આવે છે પ્રારંભમાં આવા નૂતન મંડળને વધતાં જે અડચણો નડવી જોઈએ તે નડી હતી પરંતુ ગુજરાતમાં સ્થપાયેલા એવા બીજા કેટલાક સમાજો હજુ સુધી જ્યાંના ત્યાં સ્થિર રહેલા જણાય છે, ત્યારે આ મંડળ તો સ્ત્રીવર્ગ અને પુરુષવર્ગ બન્નેમાં લોકપ્રિયતા ધારણ કરતું ચાલ્યું જાય છે ખેદ એટલો જ થાય છે કે, શ્રીમાન્ નૃસિંહાચાર્ય પછી તેમના શિષ્ય છોટાલાલ માસ્તર કે જેમણે આ સમાજ સારી રીતે જમાવી રાખ્યો હતો, તેઓએ થોડા સમય પૂર્વે વિદેહપદ ધારણ કર્યું છે આ ભાઈ જૈન હતા છતાં પણ વેદાન્તનો અભ્યાસ થતાં તેઓ બ્રાહ્મણધર્મ પાળતા હતા

વિજ્ઞાનવિષયક સાહિત્ય

જનસમૂહને અને તેથી આખા દેશને વિજ્ઞાન સાહિત્ય અતિ ઉપયોગી છે વિજ્ઞાનશાસ્ત્રના જ્ઞાનની ડગલે ડગલે અગત્ય પડે છે વિજ્ઞાન વિષયની વૃદ્ધિ ઉપર સાહિત્યની ઉન્નતિ અને દેશની ઉન્નતિનો આધાર રહ્યો છે વિજ્ઞાનશાસ્ત્રના અભ્યાસ વિના નાના પ્રકારના ઉદ્યોગોનો અને નવીન કારીગરીનો વિસ્તાર થવાનો નથી અને તેમ થયા વિના દેશનું દારિદ્ર્ય જાય એમ નથી આ વિષે મારા મિત્ર રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળાએ 'દેશી કારીગરીને ઉત્તેજન' એના નામનો બહુ ઉપયોગી અને સારો ગ્રંથ રચીને, તેમાં જે દેશદાઝ બતાવી છે અને એ સાક્ષર કાંટાવાળાએ તે દ્વારા દેશબાંધવોમાં જે હૃદયભેદક કાંટો ખોસ્યો છે, તે વિજ્ઞાનશાસ્ત્રનો બહોળો અભ્યાસ થવાથી જ નીકળી શકે એમ છે

વિજ્ઞાન સાહિત્યનું મથાળું ઘણું વિસ્તારવાળું છે એમાં ઘણાં શાસ્ત્રોનો સમાવેશ થાય છે ભૌતિકવિદ્યા, પ્રકૃતિવિજ્ઞાન, પદાર્થવિજ્ઞાન, ભૂસ્તરવિદ્યા, રસાયનશાસ્ત્ર, પ્રાણીવિદ્યા, વનસ્પતિશાસ્ત્ર ઇત્યાદિનો સમાવેશ થાય છે રા. સા. મહિપતરામે ભૂસ્તરવિદ્યાના મૂળતત્ત્વો પદાર્થવિજ્ઞાન આદિ પુસ્તકો અંગ્રેજી ઉપરથી રચ્યાં છે રા. [illegible]ભાઈ દેરાસરીએ "સરળ પદાર્થ વિજ્ઞાન" નામનો ગ્રંથ રચ્યો છે રા. બ. [illegible]એ 'ભૂસ્તરવિદ્યા'ની રચના કરી છે રસાયનશાસ્ત્ર સંબંધી પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરે બહુ સારી યોજના કરી છે [illegible] કે, [illegible] મુદતમાં એમનું કારખાનું સગોઆદિના કારખાનાને ટક્કર

મારે એવું થાય. મારા મિત્ર સદ્‌ગત ડૉ. ધીરજરામ દલપતરામે નાનું કેમિસ્ટ્રી ' નું જે પુસ્તક બહાર પાડ્યું હતું તે પ્રથમ જ હતું. દાક્તર કેખુશરો વિકાજીએ પણ આ વિષય ઉપર લખાણ કર્યું છે. હાલમાં પોરબંદરના રા. જયકૃષ્ણ ઇંદ્રજીએ વનસ્પતિશાસ્ત્ર નામે એક મોટો ગ્રંથ બહુ શ્રમ લઈ પ્રકટ કર્યો છે. ગૂજરાતી વાચનમાળામાં ઉપરના વિષયોના પાઠોની યોજના કરવામાં આવે છે એ પણ ઠીક કર્યું છે.

આપણી ગૂજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી એ વિષયના કેટલાક ગ્રંથો હાલમાં પ્રકટ કરવાનું સ્તુત્ય કાર્ય શરૂ થયું છે. તેમ જ ના. શ્રી. ગાયકવાડ સરકાર તરફથી પણ જ્ઞાનમંજૂષાદિ ગ્રંથાવલિ દ્વારા એવા લોકોપયોગી વિષયો લોકોમાં અધિક પ્રચાર પામે એવા પ્રશસ્ત પ્રયાસો થયા છે, તો પણ એવા સાધનોનો લાભ લોકો વધારે ને વધારે લઈ શકે તેમ થવાની ઘણી અગત્ય છે.

નવીન લેખકોને સૂચના

મારા માનવા પ્રમાણે સાહિત્યનો એવો ક્રમ છે કે, પ્રથમ સામાન્ય સાહિત્ય પાકે પાયે રચાય છે, ત્યાર પછી વિશેષ સાહિત્યનો વારો આવે છે. ગૂર્જર સાહિત્યમાં સામાન્ય સાહિત્ય અગાઉ કરતાં ઉચ્ચ પ્રકારનું થયુ છે અને હવે વિશેષ સાહિત્યનો આરંભ થવાની જરૂર જણાય છે. આજથી પચાસ વર્ષ પહેલાં તે પ્રકારનો વાચકવર્ગ અને લેખકવર્ગ હતો તેથી બહુ ઉચ્ચ પ્રકારનો હાલનો ઉભય વર્ગ અનેક કારણોથી થયો છે. એ નિર્વિવાદ પ્રત્યક્ષ જણાઈ આવે છે. તેનાં, સામાન્ય કેળવણીનો અધિક પ્રચાર. યુનિવર્સિટીમાં અપાતું શિક્ષણ, મુદ્રણાલયોની સહાયતા. વાચકોની વધતી જતી અભિરુચિ અને અનુકૂળતા અને તે કારણોથી વધતો જતો લેખકોનો ઉત્સાહ તેમ જ સ્ત્રીકેળવણીનો વિસ્તાર એ આદિ કારણો છે.

ગૂજરાતી સાહિત્ય ખરી અને દૃઢ ઉન્નતિએ પહોંચે એમ કરવા તેની વૃદ્ધિ ચાહનારાંઓએ પૂર્વાપરનો વિચાર કરી, પોતાનાં પગલાં ભરવા માંડવાનો હવે સમય આવી પહોંચ્યો છે. આ કાર્ય આપણા નવીન યુવકવર્ગને હાથે થવાનું છે. અને તેથી તેઓને થોડી યથામતિ નમ્ર સૂચનાઓ કરવી યોગ્ય જણાય છે.

હમણાંના યુવકવર્ગનો એ દિશામાં ઉત્સાહ બહુ પ્રશંસનીય છે. અમુક વિશેષ કાર્યોમાં તત્કાલ અર્થલાભ કે ધન્યવાદ ન મળે, તો પણ મંદ ન થતાં તે પાછળ તેમણે સતત મંડ્યા રહેવું જોઈએ. કાવ્યવાદિકોમાં અંધ અનુકરણો થવાને બદલે ર સાદિક

કાવ્યતત્ત્વોની જે મીમાસા હજી લગણ થઈ છે તેથી પણ વધારે થવાની અગત્ય છે તેમા માત્ર થોડી જ વ્યક્તિઓ ભાગ લેતી જણાય છે, તેથી વધારે લેતી થશે ત્યારે તેના ઇષ્ટ અને મારા પરિણામો આવશે પ્રગટ થતા કાવ્ય અને કથાઓ આદિ ઉપર પણ વધારે નિષ્પક્ષપાત, વધારે વિસ્તૃત અને રસાદિક વિશેષ આવશ્યક કાવ્ય-તત્ત્વોની વધારે પરીક્ષા કરતા એવા સમાલોચનો થવાની વિશેષ અપેક્ષા રહે છે ભાષા, વ્યુત્પત્તિ આદિને અગે થતા વાદવિવાદો આડે તેડે અને વાકેચૂકે માર્ગે ચડી જવાને બદલે સત્યપ્રાપ્તિ જેમ શીઘ્ર થાય તેમ થવુ જોઈએ બાદ એ '**वादे वादे जायते तत्त्वबोध** " એના ઉચ્ચ આશયથી કે ફલબુદ્ધિથી થવો જોઈએ આવુ થવાથી આપણુ સાહિત્ય અવશ્ય સુદરતર થશે

અમુક જાતિની ગ્રથવૃદ્ધિનુ માપ માસિકોમા આવતા તે તે વિષય સબધી લેખોના માપ ઉપરથી અનુમાની શકાય તેમ છે એમ જોતા હાલના માસિકોમા તેના શાસ્ત્રીય કે વિજ્ઞાન સબધી લેખો ઓછા જોવામા આવે છે અને તેના વાચકો તેથી પણ ઓછા હશે જ આ સ્થિતિમા સુધારો થવો ઘટે છે પાઠશાળામા શિક્ષણ દ્વારા આ કામો અધિક થઈ શકે, તેના પ્રબધો જ્યા સુધી થયા હોય નહિ ત્યા સુધી ક્રમબોધની શૈલી દ્વારા કરતા ભાષણોથી થોડુ ઘણુ થઇ શકે ખરુ સાહિત્ય પરિષદમા આવી વ્યાખ્યાનમાળાની યોજના થઈ હતી પરતુ તે સબધમા હજી કાઇ પણ થયુ હોય એમ જણાતુ નથી આ વાત જે મને સાક્ષરરૂપે સિદ્ધ થયેલા સજ્જનોને બે બોલ કહેવાને લલચાવે છે

રા બ કમળાશકર, રા રા કેશવલાલ, રા રા નરસિહરાવ, રા બ રમણભાઈ આદિ કેટલાક સજ્જનો તો અનેક નાના પ્રકારના વ્યવસાયમા નિમગ્ન હોવા છતા અનેક પ્રકારે ગૂજરાતી ભાષા સાહિત્યની વૃદ્ધિમા પણ સતત પ્રયત્ન કરી રહ્યા છે એને માટે એઓ બહુ ધન્યવાદને પાત્ર છે અને એમના ઉદ્યોગ અને ઉત્સાહના દૃષ્ટાતો આપણા યુવકવર્ગને ખરેખર અનુકરણીય છે વળી, પ્રતિષ્ઠિત સાક્ષરોમા કેટલાક સારા વિદ્વાનો તરીકે પકાયેલા છે અને સારી શક્તિવાળા છે, પરતુ તેઓ તરફથી લેખો કે ગ્રથોદ્વારા ઉત્સુક વાચકોને જે લાભ મળવો જોઈએ તે જોઈતા પ્રમાણમા મળતો નથી અથવા મળે છે તો તે નહિવત જ મળે છે આ વાત પણ આવે પ્રસગે સ્મરણમા આવતા ખેદ થાય છે

અંતમાં મારે લેખકબંધુઓને એવી વિજ્ઞપ્તિ કરવાની છે કે. લેખોની સંખ્યા કરતાં લેખોના ખરા ગુણોની સંપત્તિ ભણી લક્ષ રાખવું યોગ્ય છે. અને તેમ થવામાં વધારે વિશાળ વાચન અને વધારે ઊંડા અભ્યાસ તથા વિચારની અગત્ય છે, એ લક્ષ બહાર રહેવું જોઈએ નહિ.

વળી વર્તમાન સાહિત્યનું અવલોકન કરતાં જે એક બીજી સૂચના કરવાનું મન થાય છે તે એ કે, જેઓ ઉચ્ચ પંક્તિના લેખકો છે અને જેઓ પ્રાસાદિક કવિતા કરી શકે છે, તે સિવાયના લેખકોએ માત્ર સામાન્ય કવિતા કે વાર્તા રૂપ સાહિત્ય રચી તેમાં સરસાઇ મેળવવાના પ્રયત્નોમાં પોતાની શક્તિ રોકવાને બદલે આપણા સાહિત્યના અંગમાં જે ન્યૂનતાઓ છે તે પૂર્ણ કરવા તરફ પોતાનાં ચિત્ત લગાડવાં. એ દિશામાં પણ તેમણે કરેલા પ્રયાસોની સાહિત્યસેવામાં સારી રીતે ગણના થઈ શકશે. એવા હાથ ધરવા જેવા ઉપયોગી વિષયોમાં ચિત્ર, સંગીત, શિલ્પાદિ લલિત કળાઓ તથા તેઓના ગુણદોષોની પરીક્ષા કરવાની શક્તિ ઉત્પન્ન કરે એવા ઉપદેશક ગ્રંથો, ઐતિહાસિક શોધો આદિ યાદીમાં આપેલા ઘણા ઘણા વિષયો ગણાવી શકાય એમ છે. અને આપણા ગૂર્જર સાહિત્યના હજી વિશેષ યોગ્ય વિકાસને અર્થે એ અચુમ્બિત વિષયો સંબંધી લેખો લખાવાની અગત્ય છે.

અપ્રસિદ્ધ પુસ્તકો

આપણી જૂની ગૂજરાતી કવિતાથી ગૂર્જર પ્રજાને વધારે પરિચિત કરવાનું પ્રથમ માન કવીશ્વર દલપતરામને ઘટે છે. તેઓએ કાવ્યદોહનના અનુક્રમે ૧૮૫૮ અને ૧૮૬૪માં બે ભાગ પ્રગટ કર્યા; ત્યારથી જે લોકો ગૂજરાતી પાંચ સાત કવિઓને જાણતા હતા, તેઓ તેથી વધારે કવિઓની કૃતિઓ જાણવા લાગ્યા. તે નમૂનાઓ ઉપરથી પ્રાચીન હસ્તલિખિત ગ્રંથો સંબંધી વધારે શોધખોળ આદિ થવા માંડ્યાં અને શીલાછાપખાનામાં પ્રથમ જૂના કવિઓનાં ઘણાં પુસ્તકો અશુદ્ધ અને અસ્તવ્યસ્ત છપાયાં હતાં તે સંસ્કારાયાં. સન ૧૮૬૦માં કવિ નર્મદાશંકરે રસિક કવિ દયારામની કવિતાના સંગ્રહ દ્વારા તથા સન ૧૮૭૨માં કવિ પ્રેમાનન્દકૃત દશમસ્કંધ દ્વારા પ્રાચીન કાવ્યગ્રંથોનો રસાસ્વાદ ગૂર્જર પ્રજાને ચખાડ્યો. સન ૧૮૮૪માં રા. બ. હરગોવિંદદાસે ત્રૈમાસિક દ્વારા પ્રાચીન કાવ્યો પ્રગટ કરવા માંડ્યાં. પરંતુ

થોડા વર્ષ પછી તેમના એ કાર્યની નવીન સંગીન યોજના થવાથી તે પડતુ મુકાયુ પરતુ, પ્રાચીન કવિઓના કાવ્યગ્રંથોને મારા આકારમા તથા મારા કાગળ ઉપર છાપવાનો પ્રથમ આરંભ 'ગુજરાતી'ના સુપ્રસિદ્ધ સાહિત્યરસિક તંત્રી રા રા ઇચ્છારામ સૂર્યરામ દેસાઈએ સન ૧૮૮૬મા 'બૃહત્કાવ્યદોહન' દ્વારા કર્યો તેના પ્રગટ થયેલા છ ભાગો ઘણા પ્રાચીન કવિઓનો આપણને સારો પરિચય કરાવે છે ત્યારપછી થોડા અંતરમા જ નડિયાદના રા ચતુરભાઈ શંકરભાઈએ અપ્રસિદ્ધ ગૂજરાતી પુસ્તકો માસિક દ્વારા પ્રસિદ્ધ કરવા માડયા પરતુ, યોગ્ય આશ્રયના અભાવે એકાદ વર્ષ પછી તે કાર્ય બંધ થયુ એમ એની પરીક્ષામા એ પ્રાચીન સાહિત્યનો અભ્યાસ હાલમા દાખલ થયા પછી ગ્રેજ્યુએટ વર્ગમા એ પ્રાચીન કૃતિઓનો અભ્યાસ કરવા અધિક પ્રવૃત્તિ થઈ છે અને એ યોગ્ય જ છે એ પ્રાચીન કૃતિઓ કેવળ ગૂજરાતી જાણનારા વર્ગમા તો બહુ પ્રિય છે, પરતુ નવા શિક્ષિત વર્ગમા અધિક પ્રિય થવા મારુ એ પુસ્તકોની નવીન પદ્ધતિ પ્રમાણે સંશોધિત આવૃત્તિઓ રસાદિક ટીકાઓ સાથે પ્રગટ થવાની અગત્ય છે

ઐતિહાસિક શોધો

શ્રીમાન ફાર્બસ સાહેબે રચેલી 'રાસમાળા'નુ ભાષાતર થયા પછી ઘણા વર્ષો વ્યતીત થયા, છતા પણ ખરા ગૂજરાતને લગતા ઇતિહાસ સબધમા કાઈ નવીન જાણવા યોગ્ય શોધખોળો ગૂજરાતવાસીઓ દ્વારા થઈ જણાતી નથી આચાર્ય વલ્લભજી તથા રતિલાલ દુર્ગારામે પ્રાચીન વિષયો પર સારુ લક્ષ આપ્યુ હતુ, પરતુ ખાસ નોધવાયોગ્ય નવીનતાઓ પ્રકાશમા આવી નથી આ વિષયમા ગૂજરાત દેશ બહુ સામગ્રી આપે તેવો છે અને નિરર્થક વાર્તાલાપોમા વેળાનો વ્યય કરવા કરતા ઐતિહાસિક શોધોમા શક્તિનો વ્યય કરવા જેવુ છે જૂનુ શિલ્પ, જૂના ધર્મો, જૂના સિક્કા, જૂના લેખો જૂની વાર્તા, જૂના ગીત એ સર્વ નાના પ્રકારની સ્મરવૃત્તિઓને સતોષ તથા ઉત્તેજન આપે એવા છે આ બાબતમા બ્રિટિશ પુરુષો છતા જે રસવૃત્તિ અને ઉત્સાહપૂર્વક ઘણા વર્ષોથી શ્રમ લીધા કરે છે, અને તેઓ દ્વારા જે જે વાતો પ્રકાશમા આવી છે, તે સર્વ સારુ તેઓ બહુ ધન્યવાદને પાત્ર છે

વર્તમાનપત્રોનુ સાહિત્ય

આ પ્રસગે જણાવવુ જોઈએ કે, માસિકપત્રો સાથે આપણા

સાપ્તાહિક તથા દૈનિક વર્તમાનપત્રો અનેક પ્રકારે જે લોકસેવા કર્યે જાય છે, તેની અવગણના કરી શકાય એમ નથી. માસિકો કરતાં વર્તમાનપત્રો અધિક સંખ્યાના લોકોને હસ્તગત થાય છે, અને તેઓ પોતાની એ શક્તિથી જાણીતા છે. એ વાત તેઓમાં જે રૂપાન્તર થયું છે તેથી સિદ્ધ છે. કેવળ વર્તમાન જ પ્રગટ કરીને તેઓ સંતોષ પામતા નથી; પરંતુ કોઈ કોઈ વાર ચાલુ સામાજિક, ધાર્મિક, રાજ્યકારી આદિ વિષયો ઉપર ધ્યાન આપનારા સારા લેખો પ્રગટ કરે છે. એવાં પત્રોમાં મુખ્યત્વે 'મુંબઈ સમાચાર' અને 'ગુજરાતી' આદિ પ્રસિદ્ધ છે. તેમાં 'ગુજરાતી' આદિ કેટલાંક તો અમુક અમુક પ્રસંગે ચર્ચાપત્રોને અવકાશ આપી તેમ જ સારા લેખો લખાવી, અમુક વિષયો ઉપર લોકમત કેવો છે તે જાણવાની સરળતા કરી આપે છે. વળી તે તથા અન્ય પત્રો સારા લેખકો પાસેથી નાનાવિધ વિષયો મંગાવી પોતાના મોટી સંખ્યાના વાચકવર્ગને શુભ પ્રસંગે ભેટ આપવા માટે ખાસ અંકો પ્રગટ કરે છે. આવા મનોરંજક ઉપાયો યોજી તેઓએ સામાન્ય વાચકવર્ગમાં કેટલેક અંશે ગ્રંથાદિ દ્વારા કરતાં બીજે પ્રકારે પણ જ્ઞાનનો સારો ફેલાવો કર્યો છે. અમદાવાદમાં પણ 'પ્રજાબંધુ' 'ગુજરાતી પંચ' આદિ સાપ્તાહિક પત્રો લોકમત કેળવવામાં પણ ઠીક સાધનભૂત થાય છે.

પાશ્ચાત્ય દેશોમાં તો માસિકો અને વર્તમાનપત્રો લોકમત ઉપર કેવી પ્રબળ અસર કરે છે તે આપથી અજાણ્યું નથી. હાલનાં આપણાં વર્તમાનપત્રો પણ કાંઈક અંશે તેવું બળ ગ્રહણ કરતાં થયાં જણાય છે. વળી એ વર્તમાનપત્રોની ભાષા પણ પૂર્વ કરતાં બદલાઈ ગઈ છે. અને તે લોકકેળવણી કેટલે અંશે વધી છે, તેનું માપ બતાવનાર એક સાધન છે.

ભાષાશુદ્ધિ અને પ્રગતિ

પારસી પત્રોની ભાષા પણ અગાઉ કરતાં વધારે શુદ્ધ થઈ છે. વર્તમાનપત્રો પણ આમ સાહિત્યવિષયક લોકસેવામાં સાધનભૂત થવાની સાથે ભાષાને ઊંચી અને શુદ્ધ બનાવવા પ્રયત્નો આદરે છે. તો હિંદુ ભાઈઓને હાથે ચાલતાં વર્તમાનપત્રોની તો થાય જ એમાં નવાઈ શી? હાલમાં વર્તમાનપત્રોના લેખોમાં અગાઉ કરતાં સંસ્કૃત શબ્દોની અધિકતા જોવામાં આવે છે, ભાષા પણ સામાન્યતઃ સંસ્કારી જણાય છે. વાક્યોમાં પણ ગૌરવ લાવવા પ્રયત્ન થયેલો દેખાઈ આવે છે,

અને લેખનશુદ્ધિ ઉપર પણ અધિક લક્ષ અપાય છે

મારા મહૂગત મિત્ર મન સુખરામનો શબ્દશુદ્ધિ એટલે કે અન્ય ભાષાના શબ્દોને બદલે તે સ્થાને સંસ્કૃત ભાષાના શબ્દો વાપરવાનો બહુ આગ્રહ હતો અને બીજાઓને પણ તેઓ તેનો જ ઉપદેશ કરતા હતા તેઓના મતનો તેના આરંભના સમયમા બહુ ઉપહાસ થતો હતો પરંતુ તે ઉપહાસને હમણાની વસ્તુસ્થિતિએ ખોટો પાડ્યો જણાય છે 'હાઈ કોર્ટ'ને બદલે ન્યાયમંદિર, 'ગવર્નમેન્ટ ગેઝેટ'ને બદલે આજ્ઞાપત્રિકા, 'હેન્ડબિલ'ને બદલે હસ્તપત્ર, 'હોટેલ'ને બદલે ઉતારાગૃહ, 'યુનિવર્સિટી'ને બદલે શારદાપીઠ, વિશ્વવિદ્યાલય, 'વોલન્ટિયર'ને બદલે સ્વયંસેવક, 'પૂઅર-હાઉસ'ને બદલે અનાથાશ્રમ, 'સિસ્ટર્સ હોમ'ને બદલે સેવાસદન—'નર્સીસ'ને બદલે સેવિકાઓ, આવા આવા અનેક શબ્દોની યોજના કરનારા નવા લેખકો તો 'ટિકિટ'ને બદલે મૂલ્યપત્રિકા, 'સ્ટેશન'ને બદલે અગ્નિરથ—સ્થાપન-સ્થલ, અને 'ટમ્બલર'ને બદલે લેખિનીનૃત્યાલય આદિ ઉપહાસિક શબ્દો યોજી ઉપહાસ કરનારાઓનો જાણે કે પ્રતિઉપહાસ કરી રહ્યા છે આ સર્વે ધીમે ધીમે પણ અજ્ઞાત રીતે ભાષાની પ્રગતિ કઈ દિશામા થતી જાય છે તેનુ નિઃસંદિગ્ધ સૂચન કરે છે

સાહિત્ય પરિષદ આગળ ચર્ચાના બે વિષયો

હમણા આપણી આગળ જોડણીનો તથા સાહિત્ય પરિષદના બંધારણમા એવા પ્રશ્નો નિરાકરણ સારુ ઉપસ્થિત થયેલા છે આમાંનો પ્રથમ પ્રશ્ન કેટલીક મુદતથી ચર્ચાપાત્ર થયો છે આ સંબંધી પાછળ કથન થયેલુ છે વિશેષ એમા એટલુ જ કહેવુ જોઈએ કે વિચાર વિષયમા મતભેદ થવા જ જોઈએ અને તે આ વિષયમા થાય એ યોગ્ય જ છે પણ જ્યારે ત્યારે એક નિર્ણય પર આવ્યા વિના સિદ્ધિ નથી તો બાંધછોડની રીતિએ વ્યાવહારિક દૃષ્ટિ ઉપર લક્ષ રાખીને તેનો નિવેડો લાવવા માટે વિશેષ મતને માન આપીને છેવટનો નિર્ણય આણવા ઉપર સર્વે સાક્ષરોનો અભિપ્રાય થાય, તો આપણી પરિષદે મહાન કાર્યનો છેડો આણ્યો ગણાશે અને એ પ્રમાણે થાય એમ સર્વેની પણ અભિલાષા હશે એમ હું ધારુ છુ

બીજો પ્રશ્ન સાહિત્ય પરિષદના બંધારણનો છે એમા પણ ખેંચાખેંચી કરવા જેવુ નથી આપણી પરિષદનુ મહાન કાર્ય એક-સરખી સરળ રીતે ક્રમે ચાલ્યુ જાય તેવી યોજના વિચારપૂર્વક

करवानी छे. विद्यादिनां कार्यो विद्वानो समाधानीथी करे छे एवो दाखलो लेवा अने मेळववानो छे. ऐक्य शुं छे ए आपणे बतावी आपवानुं छे. विद्वानोनो एकमत केवी रीते थई जाय छे ते शीखी, आपणे लोकने ए शीखववानुं छे. माटे जो सरळताथी चोख्खा हृदये एक निर्णय पर हमणां आवी शकाय एम होय तो आ चर्चापात्र विषयनो निर्णय हमणां लाववो, नहि तो दीर्घसूत्रताने वळगतुं आपणे चालतुं राखवुं होय तो तेम करवुं उचित छे. ह्जी बे दिवस छे तेटलामां आ विषयोनो पाको विचार व्यवस्थापक सभामां करीने जे निर्णय आपी शके ते अगाउथी ज नक्की करी राखवो, अने एटला ज माटे सूचनार्थे हुं आ कथन अहीं करूं छुं.

आपणा आ पायारूप कार्यना संबंधमां जलदी निर्णय लाववामां युरोपखंडनी प्रख्यात फ्रेन्च एकेडमी, इंग्लंडनी एकेडमी, ओरियेन्टल कोन्ग्रेसो तथा आपणा देशना बंगीय साहित्य परिषद, हिंदी साहित्य संमेलन, मराठी साहित्य परिषद, तेलुगु परिषद आदिनां बंधारणोना नियमो आपणने बहु मार्गदर्शक अने सहायकारक थई पडे तेम छे.

फ्रान्सनी विद्वत्-परिषद (एकेडेमी)

युरोपखंडनी एकेडेमीओ (विद्वत्परिषदो) आ हेतुथी स्थपाएली छे; अने तेमांय फ्रेन्च एकेडेमी केम आटली बधी जगत्प्रसिद्ध थयेली ते अत्रे हु जणावुं छुं, आशा छे के ते प्रासंगिक गणाशे. स्वार्थना अंश विना साहित्य, विज्ञान, कला आदिनी खिलवणी-प्रगतिने लक्षबिन्दु राखीने तदर्थे श्रम लेनारा मंडळने विद्वत्-परिषद-'एकेडेमी'-कहेवामां आवे छे. युरोपखंडना सर्व देशोनी लगभग सघळी एकेडेमीओनो जाहेर प्रजामां स्वीकार थयेलो छे. तेनी स्थापनामां तेम ज तेना निभावमां ते ते राज्योए सारो आश्रय आपेलो छे अने अद्यापिपर्यंत ते आश्रय चालु ज छे. युरोपमां एवी एकेडेमीओ (विद्वत्-परिषदो) बहुधा पांच प्रकारनी छे. (१) विज्ञानविषयक (२) साहित्यविषयक (३) पुराणवस्तुशोध-विषयक अने इतिहासविषयक (४) वैदकीय अने शस्त्रप्रयोगविषयक अने (५) ललितकलाविषयक.

आ सर्व विद्वत्-परिषदोना हेतुओ अने कार्योनुं अवलोकन

કરવાનો અહી અવકાશ નથી પરંતુ આદર્શરૂપ એની સત્તરમા સૈકાની બીજી પચ્ચીસીમા સ્થપાયેલી ફ્રેન્ચ વિદ્વત્‌-પરિષદ સબધી હું ટૂંકમા માર્ગદર્શક થઈ પડે એટલુ જ અહી જણાવુ છુ આ પરિષદ સન ૧૬૩૫મા રાજાની આજ્ઞાથી સ્થપાઈ હતી શરૂઆતમા કેટલાક સાહિત્યરસિક મિત્રો મળતા અને મોટે ભાગે સાહિત્યના જ વિષયો ચર્ચતા વળી એકાદ લેખકના પ્રગટ થયેલા ગ્રથ ઉપર પણ તેના ગુણ-દોષની ટીકા કરતા અને અભિપ્રાયો દર્શાવતા આ ખાનગી મડળની કીર્તિ ચોમેર ધીરે ધીરે પ્રસરી અને રાજ્યના રક્ષણ હેઠળ તેને પગવાનો મળ્યો તેની સ્થાપનાનો હેતુ નીચે પ્રમાણે નક્કી થયો હતો

(૨૪ મી કલમ) —આ વિદ્વત્‌-પરિષદનુ મુખ્ય કાર્ય આપણી ભાષાને માટે પૂરતી સભાળ અને ખતથી ચોક્કસ નિયમો ઘડવાનુ અને તેને શુદ્ધ સુભાષિત, અને એ કલાઓ તથા વિજ્ઞાનોનુ નિરૂપણ કરવાને સમર્થ બનાવવાનુ રહેશે[1] સામાન્ય જનસમાજના મુખથી, ધારાશાસ્ત્રીઓની ગરબડસરબડ કે વાક્છટાથી, અજ્ઞાન ખુશામતિયાઓના ગેરઉપયોગથી તથા વ્યાખ્યાનપીઠોમા વક્તાઓના દુરુપયોગથી જે અશુદ્ધતાઓ તેમા પેઠેલી છે—તેમનાથી ભાષાને નિર્મળ[2] કરવાનુ એ વિદ્વાનોએ ધાર્યું

આ કાર્ય માટે પ્રથમ ચાળીસ વિદ્વાનોની યોજના થઈ તેઓ આરભમા વારાફરતી પોતાનામાના દરેક વિદ્વાને લખેલા નિબધ ઉપર વિવેચન કરતા તેની આરભની પ્રવૃત્તિથી જણાઈ આવે છે કે, તે સમયે એ નિબધો, કઈ ખાસ પ્રતિભાશક્તિવાળા કે લક્ષણવાળા ન હતા પછી તેમણે સુપ્રસિદ્ધ વિદ્વાનના ગ્રથની સમાલોચના કરવા માડી પણ તે સમયે એવો નિયમ હતો કે, એ લેખકની વિનતિ વિના

1 "The principal function of the academy shall be to labour with all care and diligence to give certain rules to our language, and to render it pure, eloquent and capable of treating the arts and science" (art 24) *Encyclopaedia Bri* Ed 11 V I P 100

2 They proposed "to cleanse the language from the impurities it had contracted from the mouths of the common people, from the jargon of the lawyers, from the mixed uses of ingnorant courtiers and the abuses of the pulpit"

ગ્રંથની સમાલોચના કરવી નહિ. ધીરે ધીરે આ વિદ્વત્પરિષદે પસંદ કરેલા લેખકોના ગદ્યપદ્ય ગ્રંથોની સૂચિ પ્રગટ કરી. તેમાંના પસંદ કરેલા સઘળા શબ્દો અને પદોના સંગ્રહમાંથી તેમણે એક કોષ તૈયાર કર્યો. આ વિદ્વત્-પરિષદનો ઇતિહાસ વાંચવાથી બીજી ઘણી ઉપયોગી બાબતો સંબંધી માહિતી મળી શકે એમ છે.

અહીં યુરોપિયન વિદ્વત્-પરિષદના હેતુ અને કાર્ય સંબંધી ઉપર કરેલા સૂચન ઉપરથી આપ સર્વ મહાશયો આપણી ગૂજરાતી સાહિત્ય પરિષદના ઉદ્દેશ અને કર્તવ્ય સંબંધી વિચાર કરશો. તેમ જ હિંદની ઉપર જણાવેલી સાહિત્ય પરિષદોના ઉદ્દેશોની પણ નિરીક્ષા કરીને આપણી પરિષદને માટે એક યોગ્ય. અનુકૂળ, સાધ્ય કર્તવ્યમાર્ગ શોધી કાઢશો. હવે આ પરિષદ ચોથી હોવાથી ભવિષ્યમાં આપણી પરિષદે વિશેષ સંગીન અને નિર્ણાયક કાર્ય હાથમાં લેવાની આવશ્યકતા છે.

મારા અભિપ્રાય પ્રમાણે સાહિત્ય પરિષદોનો હેતુ એવો હોવો જોઈએ કે, અભિપ્રાયોની ભિન્નતાનો વિચાર કરી, તેનું મથન કરી, તેમાંથી સારરૂપ એકતા તારવી કાઢવી, ને પ્રત્યેક ગૂજરાતી ભાષાના અભિમાની વાચકો, લેખકો, આદિએ ભિન્ન ભિન્ન માર્ગે ન જતાં, તથા પોતાની શક્તિઓ જુદે રસ્તે વિખરાવી ન દેતાં સર્વ સંઘની તુલ્ય એક સાહિત્યસેવાની સિદ્ધિરૂપ જે મંદિર—અથવા ઉદ્દેશ તેના પ્રતિ સાથે મળી સહગમન કરવું. કોઈ પણ પ્રકારના તાલભંગને અવકાશ ન આપતાં તાલબંધની સર્વત્ર યોજના કરવી એ જ સુશિક્ષિત સાક્ષરોની પદવીના અભિલાષીઓનું ખરું કર્તવ્ય છે. આવા સર્વ ઉદ્દેશોની સિદ્ધિ અર્થે આપણી પ્રથમ પરિષદના આરંભમાં જ સદ્ગત ગોવર્ધનરામભાઈએ જે સૂચન કર્યું હતું, તેનું હું માત્ર અહીં તમને સ્મરણ કરાવું છું.

સાંપ્રત સમયે હિંદમાં એકપ્રજાત્વની ભાવના જાગ્રત થયેલી છે. તેને અંગે, દેશની જુદી જુદી ભાષાનાં સાહિત્યોના અનેકવિધ વિકાસો થવા માંડ્યા છે. ગૂજરાતી ભાષાના સાહિત્યને આવે સમયે સમૃદ્ધ કરવુ એ આપણું કર્તવ્ય છે. તે સારુ ઉપર જણાવ્યું તેમ હિંદની આગેવાન સાહિત્ય પરિષદોના સમાગમમાં આવવાની અને તે તે ભાષાના સાહિત્યનો વિશેષ પરિચય કરવાની જરૂર છે. તેથી મને આ નીચેની યોજના માર્ગદર્શક જણાવાથી તે સંબંધી હું અત્રે કંઈક રેખાદર્શન કરાવું છું.

હિંદની સાહિત્ય પરિષદોની એકતા

હિંદની વિશાળ વસ્તીની મુખ્ય ભાષાઓના આગેવાનોએ પોતપોતાની સાહિત્ય પરિષદો સ્થાપી છે, તો આ પરિષદોએ એકબીજી વચ્ચે વ્યવહાર ચલાવીને પ્રત્યેક ભાષાની ખામીઓ પૂરી કરવી અને આગળ સાહિત્યનો વિસ્તાર વધારતા જવું

અંગ્રેજી ભાષામાં અનેક શાસ્ત્રોના ગ્રંથ રચાયેલા હોવાથી તેના કોષમાં શબ્દોનું સારું ભંડોળ થયું છે એ ભાષામાંથી જે શાસ્ત્રીય વિષયોના ગ્રંથોના અનુવાદ કરવા હોય અથવા અનુકરણ કરવા હોય, તો તે માટે હિન્દની સર્વ ભાષામાં જે જે નવા શબ્દોનો ઉપયોગ કરવો પડે, તે સર્વની યોજના કોષ ભંડારમાંથી કરીને સર્વે ભાષાના ગ્રંથોમાં તેના જ નિયમે ઘડેલા શબ્દો યોજવા જેમકે, 'ટાઉનહૉલ' ને બદલે પૂરાલય, 'યુનિવર્સિટી'ને માટે વિશ્વવિદ્યાલય, શારદાપીઠ, શાળામંડળ આદિ શબ્દોમાંથી કોઈ પણ હિંદની સર્વે ભાષામાં દાખલ થાય એ જ પ્રમાણે વિજ્ઞાન આદિ વિષયો સબંધી પારિભાષિક શબ્દો સર્વે ભાષામાં એક જ પ્રકારના દાખલ કરવા

અંગ્રેજી અને હિંદની મુખ્ય ભાષાના કોષને એવું કોઈ નામ આપીને સર્વેની સંમતિથી જો એવો એક કોષ થાય, તેમાં પ્રથમ શબ્દ અંગ્રેજી, તેના અર્થ સંસ્કૃત, ગૂજરાતી, બંગાળી, હિંદી, મરાઠી અને તામીલ સાથે સાથે આપવામાં આવે હિન્દની ઘણીખરી ભાષાઓ સંસ્કૃતમાંથી ઉત્પન્ન થયેલી હોવાથી એકબીજાનો સબંધ એવો છે કે તે સમજવાને અઘરું પડતું નથી તેમાં વળી કોષનો આશ્રય મળે તો કાંઈ મુશ્કેલી નડે નહિ શાસ્ત્રીય ગ્રંથોની રચના કરવી હોય તો તેની પસંદગી માટે સર્વે પરિષદોનો એક મત થાય એવી એક સ્મરણી તૈયાર કરી અને અનુકૂળતા પ્રમાણે પ્રત્યેક પરિષદે તેના ગ્રંથ રચાવવાને વહેંચણી કરી બંગાળીમાં આવા પાંચ ગ્રંથ થાય તે ઉપરથી આપણી ભાષામાં આપણે તેનું અનુકરણ કરી લેવું આપણી ભાષામાં જેટલા ગ્રંથ તૈયાર કરવાનું કરે તેટલા તૈયાર થતા તે ઉપરથી બંગાળી કે મરાઠી ભાષાવાળા ભાષાંતર કરી લે આવો પરિચય પડવાથી, ગ્રંથ રચનાર પુરુષોનો એકબીજાની ભાષાનો અભ્યાસ વધવાથી હિંદની ચાલતી ભાષાઓ ઉપર પણ કાબૂ આવી જશે જે ભાષા, જે સુવ્યવસ્થિત રીતે સમજતો હોય તેવા સુરક્ષ પાસે

તે પ્રયાસોનાં પુસ્તકોનો ઉપયોગ કરાવવો. આ પણ સહેલી રીત છે.

ભાષાનો આવો ઉપયોગ લીધા પછી શાસ્ત્રીય વિષયો શીખવવાની તેવી જ વિભાગીય યોજના થઈ શકે તેમ છે. ખગોળવિદ્યા શીખવવા માટે એક સ્થળે વેધશાળા સ્થાપી હોય, તેમાં જે દેશી ભાષામાં જ્ઞાન આપવામાં આવતું હોય તે ભાષા જાણનારા ત્યાં જઈને જ્યોતિષી થઈ આવે. યાંત્રિક વિદ્યાનું જ્ઞાન આપવાને માટે બીજા યોગ્ય સ્થાને શાળા સ્થાપી હોય, તો ત્યાં જઈને જેઓને તે શાસ્ત્ર શીખવું હોય તો તે શીખી આવે. આમ થવાથી પ્રત્યેક પ્રાંતમાં સર્વે વિદ્યા શીખવવા માટે જુદી જુદી યોજના કરવા મોટું ખર્ચ કરવું પડશે નહિ. વહેંચણી થવાથી કાળે પડતું ખર્ચ થઈ શકવાને અડચણ આવશે નહિ. સરકારને પણ ઘણી સરળતા થશે. હિંદ બહારથી કળાઓ શીખી લાવવાને અથવા શાસ્ત્રીય વિષય શીખી લાવવાને પણ તેવી જ વહેંચણી થઈ શકશે.

આ પ્રમાણે પ્રાન્તવાર વહેંચણીથી જે કામ સિદ્ધ કરી શકાય એમ હોય તે કાર્ય સિદ્ધ કરવાની યોજના કરવી.

અહીં હિંદની સર્વ પરિષદોની એકતા સંબંધી જે કહેલું છે. તેને સમર્થન આપનારા પ્રયાસ વિદ્વાનોએ આ કારણે કરવાની અગત્ય છે. હાલમાં ગૂજરાતમાં કેટલાક વિદ્વાનો મરાઠી અને બંગાળીથી પરિચિત છે. તેમને આ એકતા સંધાય એવી સરળતા કરી આપવી જોઈએ. એ ભાષાની પરિષદોમાં તેમણે ભાગ લેવો જોઈએ અને તેના વિદ્વાનોને આપણી ભાષા તરફ આકર્ષી લાવવા જોઈએ. આથી હિન્દની મુખ્ય ભાષાઓનો અભ્યાસ કરવાની વૃત્તિ સતેજ થશે અને તે આયંદે ફળદાયી નીવડશે એમ મારી આશા છે.

બાળબોધ લિપિ

આમ સમગ્ર દેશમાં વિવિધ વિષયોના શિક્ષણ અને વિશેષ કેળવણીના પ્રચારને માટે સાહિત્ય પરિષદોની એકતા સંબંધી જે ઉપર કહેલું છે, તેમાં બાળબોધ લિપિ દાખલ થવાથી વિશેષ સરળતા થાય એમ છે. મરાઠી બંગાળી આદિ ભાષાઓના જે ઉત્તમ અને ઉપયોગી ગ્રંથો પ્રગટ થાય છે, તે ભાષાના કોષ આદિ આધાર લેવા યોગ્ય જે સુચિગ્રંથો પ્રસિદ્ધ થાય છે, તે ગ્રંથો એ બાળબોધ લિપિમાં પ્રગટ થયેલા હોય તો તે ગ્રંથોનો પરિચય સુશિક્ષિત અભ્યાસી

સરળતાથી કરી શકે તેને અભાવે તેમ જ બંગાળી, મોડી આદિ લિપિઓ શીખવાની સરળતા નહિ હોવાને લીધે એ ભાષાના ઉત્તમ અને ઉપયોગી ગ્રંથોનો લાભ લઈ શકાતો નથી આથી બાળબોધ લિપિમાં ગ્રંથો પ્રગટ કરવાની આવશ્યકતા છે

“ બાળબોધ લિપિ દાખલ કરવા હાલ એકદમ પગઉપાડો થઈ શકે એમ દીસતું નથી, તેથી સાહિત્ય વિષે કર્તવ્યની ટીપમાં તેને દાખલ કરવી ” એવું ત્રીજા પરિષદ—પ્રમુખ તરફથી કથન કરવામાં આવ્યું હતું

ગૂજરાતી અક્ષરની તરફેણમાં છાપવાની સરળતાનો એમાં ગુણ છે એમ કહેવામાં આવે છે તે કદાપિ એ લિપિના ઓછા પ્રચારથી તેનું કામ કરનારાઓની જાણ આદિ કારણને લીધે હશે, પરંતુ એ તકરાર વધારે વજન આપવા સરખી નથી બાર કરોડની હિંદની ભાષાના અક્ષર બાળબોધ છે મરાઠી પુસ્તકોની લિપિ દેવનાગરી છે સંસ્કૃત પુસ્તકો સર્વે દેવનાગરીમાં જ છપાય છે નવીન ગૂજરાતી ભાષાના પ્રારંભ ગ્રંથ દેવનાગરીમાં છપાતા હતા વળી ખાસ હસ્ત-લિખિત પુસ્તકો ઘણેભાગે એ લિપિમાં લખાયેલાં છે બીજા પણ ઘણાક ગ્રંથો એ જ લિપિમાં છપાય છે એ પ્રમાણે દેવનાગરી લિપિનો વહેતો પ્રવાહ છે તેમાં કોઈને કચવાવું પડ્યું નથી ગૂજરાતી અક્ષરો તો માથા બાંધ્યા વિનાના બોડિયા છે એકેએક માથું બાંધવા તેની કડાકૂટ ટાળવાને તેને બદલે પ્રથમ લીટી દાખલ થઈ અને હવે તો લીટીને પણ રુખસદ આપી છે આવા અક્ષરના સહવાસમાં આવી પડવાથી તેનાથી વિખૂટા પડવા કદાપિ જો વૃત્તિ ઓછી થતી હોય, તો હવે એવો આગ્રહ પકડી રાખવાની અગત્ય નથી ગ્રંથ ગૂજરાતી લિપિમાં છપાય તો ખર્ચ ઓછું થાય છે, એ વાત ટકી શકે એમ નથી છપાવનારને બન્ને લિપિ સરખે ભાવે પડે છે તેમ છતાં તેમ હોય તો પણ જનસમૂહની એકતાના સવાલ આગળ તે નભી શકે એમ નથી મદ્રાસના એક પુસ્તકસંગ્રહમાં સંસ્કૃત પુસ્તકો છે, તે બધાં રોમન અક્ષરમાં (Transliteration) છાપી નાખવાની સૂચના થઈ હતી, તે ખેદકારક હતી, પણ હજી લગણ તે કામ પડી ભાગ્યું છે, તે ઘણું જ સારું થયું છે કેટલાક તામ્રપત્ર ઉપરના પ્રાચીન લેખ રોમન અક્ષરથી પ્રગટ કરવામાં આવે છે તે સંસ્કૃત લિપિના અક્ષરો

વાંચવાનો જેઓને અભ્યાસ પડેલો હોય નહિ, તેની સરળતાને ખાતર આમ કરવામાં આવે છે. આ પ્રમાણે વળી કોઈ રોમન અક્ષરમાં ગૂજરાતી ગ્રંથ છપાવવાની ભલામણ કરવા કીકતો જણાવે છે કે, છપામણી ઘણી સસ્તી થાય એમ છે, અને એ અક્ષર આખી પૃથ્વીમાં વંચાય છે; માટે તે લિપિ દાખલ કરવી, તો તેમ કદી પણ આપણે કરી શકવાના નથી. માટે બીજી ઓછી અગત્યની દલીલો વેગળી મૂકીને ગૂજરાતી ભાષાના ગ્રંથો દેવનાગરી લિપિમાં જ પ્રગટ કરવા એ જ ઉત્તમ માર્ગ છે.

આ પ્રયાસમાં ના. મહારાજશ્રી ગાયકવાડ સરકારે શુભ પગલું ભરેલું છે. આ રાજ્યની 'આજ્ઞાપત્રિકા' બાળબોધ લિપિમાં જ પ્રકટ થાય છે. તેમ અન્ય ઉપયોગી ગ્રંથો પણ એ લિપિમાં પ્રકટ કરવાના પ્રબંધો ઉપાડાયેલા છે અને ભવિષ્યમાં આ પ્રબંધ વિશેષ પગભર થશે.

આથી આ દિશામાં જો સત્તાધારીઓની સહાયતા મળે અને તેમના તરફથી તેને આદર આપવાના પ્રયાસો ઉઠાવવામાં આવે, તો આ કાર્ય વિશેષ અંશે સધાશે. ખાનગી પત્રવ્યવહાર આદિમાં બાળબોધ દેખા દે છે. તેમ એ ચાલુ રહે એ વાંધાભર્યું નથી. પરંતુ ઉપયોગી ગ્રંથોનો સરળતાથી દેશમાં વિશેષ સારો પ્રસાર થાય અને વિચારની આપલે કરવાની સરળતા વધે તેથી બાલબોધ લિપિ દાખલ કરવાની આવશ્યકતા છે.

ઉપસંહાર

સદ્‌ગૃહસ્થો! આપણી સર્વની ઇચ્છા, ગૂર્જર ભાષાની તથા સાહિત્યની ઉન્નતિ કરવી એ જ છે. તેને સારુ આપણો કર્તવ્યપ્રદેશ કેટલો બધો વિસ્તીર્ણ છે તે ઉપર અલ્પમાં સૂચવ્યો છે. એની સિદ્ધિ કરનાર લેખકવર્ગ ત્રણ પ્રકારનો છે: એક કેવળ ગુજરાતી ભાષા દ્વારા કેળવાયલો, બીજો ગૂજરાતી સહ અન્ય હિંદી, બંગાળી, મરાઠી આદિ ભારતીય ભાષાઓના અભ્યાસીઓનો અને ત્રીજો ગૂજરાતી સાથે સંસ્કૃત અને અંગ્રેજી, ફારસી, ફ્રેન્ચ આદિ વિદેશીય ભાષાઓના ગ્રંથોથી સંસ્કૃત થયેલી બુદ્ધિ ધારનારાઓનો., આ સર્વે જો પ્રથમ પોતાનો અભ્યાસ દૃઢપણે વધારી તેનાં ફળ આપવામાં યથાધિકાર ઉત્સાહપૂર્વક વર્તન કરશે, તો આપણી શુભ વાંછના ઇશ્વરકૃપાથી સત્વરે સિદ્ધ થશે.

સજ્જનો ! સાહિત્ય પરિષદને ચિરકાળ ઉત્તરોત્તર સફળ જીવન ઇચ્છી, અને **सघे शक्ति कलौ युगे** એ વ્યાસવચનનુ સ્મરણ કરાવી, મારા જીવનના અતિમ ભાગમા મારા વિચારો, આ ચોથી સાહિત્ય પરિષદ્‌રૂપ એક સન્માન્ય મડળ સમક્ષ નિવેદન કરવાનો જે પ્રસગ કાર્યવાહક મડળ દ્વારા મને આપવામા આવ્યો છે, તેને માટે હુ આપ સર્વનો અત કરણપૂર્વક આભાર માની એમનાની આજ્ઞા લઉ છુ



સ્વ. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા

[ઇ. સ. ૧૮૫૯–૧૯૩૭]

પ્રમુખ · પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદ,

સૂરત, ૧૯૧૫.

શ્રી. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાનું ભાષણ

પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદ : સુરત

મે ૧૯૧૫

સ્વ. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા

[ઈ. સ. ૧૮૫૯ થી ૧૯૩૭]

" નાટક ને નવલકથા સિવાયનાં ઘણાં ખરાં સાહિત્યનાં ક્ષેત્રોમાં લગભગ પચાસ વર્ષ સુધી એમની હાક વાગતી હતી. ઘણા વિષયોમાં એમનો નિર્ણય અંતિમ ગણાતો. શુદ્ધિ અને સત્યશોધનથી પ્રેરાયેલી આ ભીષ્મપિતામહની આણથી સાહિત્યકારો ને સાહિત્યરસિકો બંને ધ્રૂજતા હતા. ઘણી વાર તો જાણે અચળ ધ્રુવ હોય એમ એ આપણા સાહિત્યવ્યોમમાં શોભતા "

આવા ઉજ્જવલ શબ્દોમાં શ્રી. મુનશીએ જેમનો પરિચય આપ્યો છે તે નરસિંહરાવભાઈની પ્રવૃત્તિ ગુજરાતી સાહિત્યને અનેક રીતે ઉપકારક બની છે. ૧૮૮૭મા 'કુસુમમાળા' પ્રગટ કરીને તેમણે ગુજરાતી કવિતાને નવી દિશામાં સંક્રમણ કરાવ્યું. તે પછી 'હૃદયવીણા' 'નૂપુરઝંકાર' અને 'સ્મરણસંહિતા' એ એમની કાવ્યસર્જન પ્રવૃત્તિનો પરિપાક છે.

ગુજરાતી ગદ્યના વિકાસમાં એમનું નામ ઉજ્જ્વલતાથી પ્રકાશશે. પાંડિત્યના ભારથી સહેજ પણ દબાઈ ગયા વગર એમનું ગદ્ય સંસ્કૃત ભાષાના ગૌરવ અને શિષ્ટતાને ધારણ કરે છે, અને ગૌરવની ગંભીરતામાં પણ એ વિશદતાનો ત્યાગ કરતું નથી. વિવેચન અને ચિન્તનના એમના અનેક લેખો આ સત્યની પ્રતીતિ કરાવતા ઊભા છે. ગુજરાતના વિવેચન સાહિત્યને એમણે ઘણી સમૃદ્ધિ અર્પી છે. સત્ય, નીડરતા, અભ્યાસદોહન, નિષ્પક્ષતા અને સાહિત્યનાં સાચાં તત્ત્વોની મુલવણી: આ બધું એમનાં નાનાં મોટાં વિવેચનોમાં પ્રત્યક્ષ થાય છે. ગ્રન્થકર્તાઓને સમજે તો ઉપકારક અને સાહિત્યના અભ્યાસીઓને અનેક રીતે માર્ગદર્શક બને એવા એમનાં વિવેચનો છે.

ગુજરાતી ભાષાનો શાસ્ત્રીય અભ્યાસ કરનાર ગુજરાતના આદિ પંડિત નરસિંહરાવ, એ પણ આજે સર્વવિદિત છે. આ વિષયમાં એમની ઝીણવટ, ચોકસાઈ અને સંશોધનશક્તિનો ગુજરાતને પરિચય થાય છે.

ત્રીજી અને ચોથી બંને સાહિત્યપરિષદોમાં એમનું નામ પ્રમુખપદ માટે સૂચવવામાં આવ્યું હતું. પુરોગામીઓ માટે ઉદારતાથી એ ખસી ગયા, અને સૂરતમાં ભરાયેલી પાંચમી સાહિત્ય પરિષદના પ્રમુખપદે એમની વરણી થઈ. એમનું એ વખતનું ભાષણ આજે પણ અને સર્વદા અભ્યાસશીલ ગુજરાતીઓને ઉપયોગી થાય તેવું છે.

ઉપોદ્‌ઘાત

तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयो

× × ×

धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥

સાહિત્યસેવાપરાયણ અને વિદ્યાવિલાસી બન્ધુઓ તથા ભગિનીઓ!

આપણી આ પાંચમી સાહિત્યપરિષદના પ્રમુખપદનું માન અને જવાબદારી મારે શિર અર્પવા માટે આપ સર્વનો હું અન્તઃકરણથી ઉપકાર માનું છું. ગુજરાતી સાહિત્યપરિષદ ભરવાની યોજના પહેલ પ્રથમ ઈ. સ. ૧૯૦૫માં અમદાવાદની સાહિત્ય સભાના અધિકારીઓએ મારી આગળ વાતપ્રસંગે પ્રકટ કરી તે વખતે એ ઉચ્ચાભિલાષી પ્રયાસ માટે તે ક્ષણે તો સંકોચ, અશ્રદ્ધા અને કાંઈક અંશે સફલતાની સિદ્ધિ વિષે ભય—એવા ભાવ મારા મનમાં થયા હતા. થોડા સમયમાં જ એ પ્રથમ પ્રયાસના વિજયે એ લાગણીઓને શમાવી દીધી. એ પ્રથમ પરિષદનું પ્રમુખસ્થાન ગુર્જર વિદ્વાનો અને કવિઓમાં અગ્રેસર ગોવર્ધનભાઈને યથોચિત રીતે અપાયું હતું. એ પ્રસંગે મારા મનમાં પણ આવ્યું નહોતું કે ભવિષ્યમાં એ પદવીનું માન મને આપવામાં આવશે. કાલક્રમે અને કાલબળે ગુર્જર સાહિત્યના રસિકવર્ગે એ સ્થાનમાં મને બેસાડવાનું ઉચિત ધાર્યું તો એ પસંદગીને આજ્ઞારૂપ માનીને મારે કર્તવ્યનો ભાર સ્વીકારવા સિવાય બીજો માર્ગ જ નહોતો. મારી ઇચ્છાને ગૌણ સ્થાન આપી આપ સર્વની ઇચ્છાને પ્રધાનપદ આપ્યા વિના છૂટકો જ નહોતો. અન્ય વિકલ્પને અવકાશ જ નહોતો. આ સ્થિતિમાં, જેવો છું તેવો, આપ સર્વની સમભાવભરી સહાયતાથી, પાર પાડી શકું તો હું કૃતાર્થ કૃતકૃત્ય થયો એમ માનીશ.

આ આપણા આરંભને સતનું નામ ભારે લાગે તો ક્ષણભર ચિન્તન કરી જોજો. પ્રાચીન કાળમાં આપણા પૂર્વજો જે મનના મનો

માંડતા હતા તે જેમ ઇષ્ટ દેવતાને પ્રીત્યર્થ યજ્ઞ કરતા હતા તેમ આજ આપણે આપણી ઇષ્ટ દેવતા—સરસ્વતી દેવી—ને આરાધવા શું એકત્ર થયા નથી ? આપણા સત્રને વિશેષ રૂપ આપણે આપી શકીએ એમ છે. આ સત્રમાં યજ્ઞબલિ તરીકે દ્વેષ, ઈર્ષ્યા, અહંતા ઇત્યાદિ પશુઓને હોમી દઈશું; કીર્તિ, ધન, ઇત્યાદિ લાભને ઇષ્ટ લક્ષ્યની બહાર રાખીશું; અને કામ્ય કર્મ જેવી આ ઇષ્ટિ નહીં પણ નિષ્કામ સરસ્વતીપૂજા એ જ આ સત્રનું વિશિષ્ટ લક્ષણ બનાવીશું. આવા મહાન સત્રમાં ઋત્વિજોની પદવીમાં મારું સ્થાન બ્રહ્માના અધિકારનું જ આપે રાખ્યું છે તે એક દૃષ્ટિએ, અલ્પ શ્રમના ભાગને લીધે, સુખકર છે, તેમ, અન્ય દૃષ્ટિયે, यज्ञस्य हैप भिषग् ब्रह्मा એ બ્રહ્માનું કર્તવ્ય જોતાં વૈદ્યને શિર જે જવાબદારી રહે છે તેથી વિષમ કર્તવ્યથી ભરેલું પણ છે; આશા એટલી જ રાખું છું કે આપણા સત્રમાં એ વૈદ્યકાર્યનો પ્રસંગ જ થવા નહીં પામે; એ આશા સફળ થવી એ આપ સર્વના સૌજન્ય ઉપર આધાર રાખે છે. એ સૌજન્ય ઉપર મારો પૂર્ણ વિશ્વાસ છે. વળી યજ્ઞના સમારંભમાં બ્રહ્માની કને તો સર્વજ્ઞપણાની અપેક્ષા રખાય; તે વિષયમાં ઊનતા મારામાં જણાશે એ મને ભય રહે છે; પરંતુ તમારા સર્વના સ્નેહભાવનો વિચાર આવતાં એ ભયનું જોર બહુ અંશે નરમ થઈ જાય છે.

આ સ્નેહભાવને સ્થળ, કાળ, પ્રસંગ ઇત્યાદિની મર્યાદા છે; અને તેથી તેટલા જ ઉપર આધાર ન રાખતાં, જ્ઞાનના પ્રદેશમાં પરિક્રમણ કરનારાઓને ઉચ્ચ માર્ગમાં રાખનારી એક બીજી ભાવના ઉપર હું વધારે બળથી ભાર મૂકી તે તરફ આપ સર્વનું ધ્યાન ખેંચું છું. વિદ્યા, જ્ઞાન, સાહિત્ય—એ સર્વ માનવ જાતિના બુદ્ધિરૂપ ઉચ્ચ વ્યાપાર-વિષયમાં પ્રત્યેક વ્યક્તિને સાચું પ્રેરક બળ શું છે ? સત્યનું અન્વેષણ —અનન્ય ભાવથી, સત્ય તરફ પ્રેમથી, અન્વેષણ—એ જ. તો અન્વેષણમાં જે જે અભ્યાસીઓ નિર્મમત્વથી પ્રવૃત્ત થાય છે તેમના મનમાં પરસ્પર સહકારિતાનું બળ—એ સહકારિતાના ભાનનું બળ—હોય તો અને તેથી જ એક બીજાની ઊનતાઓ બન્ધુભાવથી, સહકારિતાથી પૂરી શકાય છે. પ્રત્યેક જણ એ અન્વેષણમાં પોતપોતાની શોધક-દીપિકા લઈને પગલાં ભરે છે, અને અન્ય દીપિકાથી તેમાં પ્રકાશ ઉમેરવો, ભયનાં સ્થાન, ખાડા, હોય તે દર્શાવવા, અથવા ખોટી દિશામાં અન્ય

બન્ધુ જતો હોય તે માટે ચેતવણી આપવી—એ હેતુ જ પ્રેરક છે આ દૃષ્ટિ રાખ્યાથી શ્રમ, કલહ, માનવ સ્વભાવને સુલભ રાગદ્વેષ, એ સર્વનો લોપ થાય છે જ્ઞાન અને સત્યના અન્વેષણમા સતત પ્રવૃત્તિ રાખનારાઓમા આ ભાવના તરફ જ પ્રીતિ હોય છે, તો આજ આપણે એ વિષય માટે વિશેષ પ્રસગનો સમારમ્ભ આદર્યો છે તેમા એ જ પ્રેરક બળ—સત્યનુ અન્વેષણ, એ અન્વેષણમા સહકારિતાનો ભાવ, એ ભાવની અનન્યતા એ પ્રેરક બળ—વિશેષ ઉલ્લાસથી આપણને પ્રવૃત્ત કરશે એ આશા વ્યર્થ નહી ગણાય આપણે સવ સરસ્વતી દેવીના સહચારી ભક્તો છીએ, એ દેવીનો પ્રસાદ કોઈને વધારે મળે, કોઈને ઓછો મળે, કોઈને મળે નહીં એમ ચાલ્યુ જાય એક શ્રુતિ-વચન છે કે —

उत त्व पश्यन्न ददर्श वाचमुत त्व शृण्वन्न शृणोत्यनाम्।

उतो त्वस्मै तन्व१ विसस्रे जायेव पत्य उशती सुवासा ॥

(ઋગ્વેદ ૧૦, ૭૧, ૪)

'વાગ્દેવીને એક જણ જુવે છે છતા દેખતો નથી, બીજો એને સાભળે છે છતા સાભળતો નથી, પ્રેમવશ પત્ની સુન્દર વસ્ત્રો ધારેલી પોતાના પતિની આગળ પોતાનુ રૂપ દર્શાવે છે તેમ વાગ્દેવી વળી ત્રીજાને પોતાનુ સ્વરૂપ પ્રત્યક્ષ કરે છે'

આ કારણથી એ દેવીના સ્વરૂપદર્શનનો લાભ આપણા અન્ય બન્ધુઓ જે તે જોવાને વધારે ભાગ્યશાળી છે તેમની પાસેથી લેવાને શા માટે તત્પર નહીં રહીએ? એવા અન્ય બન્ધુઓમા પણ પોતપોતે કરેલા દર્શનના અનુભવોની સરખામણી કર્યાથી લાભ થાય એ જ સહકારભાવે શા માટે ન સેવો?

સુરત અને સાહિત્યસેવા

આ ઊચી ભાવનાથી પ્રેરાઈને આજ પ્રમાણે ગુજરાતી સાહિત્યપરિષદની પાચમી બેઠક આ પ્રાચીન નગરમા ભરી છે સુરતનો પ્રાચીનતાનો હક આ પ્રસગને માટે બહુ સગત ના ગણાય પરતુ સાહિત્યસેવાનો ઇતિહાસ વાંચીશું તો એ દૃષ્ટિથી સુરતનો હક સ્થાપવાને માત્ર એક નામ—મોટા અક્ષરે લખવાનુ નામ—બસ છે, —નર્મદ કવિ જે જમાનામા કવિતો ધંધો તે ઉદરનિર્વાહનુ સાધન

ગણાઈ તે હીન ભાવનાની સાથે અવશ્ય જોડાએલા કેટલાય આત્મગૌરવવિરોધી ગુણો પ્રગટ થતા હતા; રાજાની સ્તુતિ, રાજ્યના અમલદારોની ખુશામદ, એ હલકા ભાવોથી કવિતા બહુ બહુ વાર પ્રેરાતી હતી; સરસ્વતીને દેવીપદમાંથી ભ્રષ્ટ કરી દાસીપદ અપાતું હતું; તે જમાનામાં એ દેવીની અનન્ય ભાવથી—આત્મગૌરવના બળથી ઉત્તેજિત થઈ, દેશસેવાના ઉત્સાહથી ઊભરાઈ જઈ, આપણા ગુર્જર સાહિત્ય ક્ષેત્રમાં સેવા કરનાર નર એક નર્મદ જ હતો. કવિ તરીકે એનામાં ઘણી ઊનતાઓ હશે; ભલે, તે આપણો પ્રશ્ન નથી. પરંતુ ઉપર દર્શાવેલા ગુણોથી સાહિત્યસેવાને ગૌરવને ગૂંગળાવનારા રાજદરબારના પ્રદેશમાંથી કાઢીને વિશુદ્ધ ભાવના વાતાવરણમાં મૂકનાર કવિ નર્મદાશંકર આ સુરત શહેરના ઇતિહાસમાં અસાધારણ દીપ્તિથી દીપનાર નક્ષત્ર તરીકે આપણા સાહિત્યના વ્યોમમંડળમાં ચિરકાર સ્થિર રહેશે. અસહાય, આત્મબળ ઉપર જ ભરોસો રાખનાર, નર્મદે ગમે તેવો પણ આદિ પ્રયાસના ગુણોથી ભરેલો ગુજરાતી ભાષાનો કોશ કર્યો છે. તે પછી આજ સુધી એ દિશામાં ઊનતાપૂરક પ્રવૃત્તિ કોઈની પણ થઈ છે ખરી? માત્ર કોશથી જ નહી. પણ ગદ્યપદ્યમય અનેકાનેક કૃતિઓથી—નવીન ભાવનાના ઉત્સાહબળ વડે પ્રેરાયલી કૃતિઓથી—પોતાની આસપાસ વિશાળ મંડળમાં એ ભાવનાનો તેજસ્વી સંપર્ક લગાડીને સાહિત્યપ્રવૃત્તિનો ઉચ્ચ અધિકાર સ્થાપીને, નર્મદ કવિએ ગુર્જર સાહિત્યની અનન્ય સેવા કરી છે.

એ નર્મદ કવિનું સમર્થ લેખનીથી જીવન આલેખનાર, માર્મિક ભાષાની સંક્ષિપ્ત શૈલી ઉપર પ્રભુત્વ ધારણ કરનાર, ઠરેલ વિવેચનો લખનાર અગ્રણી વિવેચક અને ગંભીર કવિત્વવાળી રચના રચનાર, નવલરામભાઈનું નામ આ સાથે જ ખડું થાય છે. સુરતના એ વતની હતા. પરંતુ એમનું સાહિત્યપ્રવૃત્તિનું જીવન તળ ગુજરાત અને કાઠિયાવાડમાં બહુ ભાગે ગયું હતું, તેથી સુરત સાથેનો એમનો સંબન્ધ કાંઈક અંશે શિથિલ ગણાય; પરંતુ આરંભકાળના સાહિત્યના સંસ્કાર સુરતમાંથી અને સુરતના એકલવીર નર્મદના સંબન્ધમાંથી સધાયા હતા તે દૃષ્ટિએ એમની નામગણના અહીં અસ્થાને નથી. નર્મદ કવિની અગ્નિજ્વાળામાંથી બીજા અનેક ફૂટી નીકળેલા સ્ફુલિંગોની ગણના કરવાની અહીં જરૂર નથી. સુરતને સાહિત્યના ઇતિહાસમાં માનનું સ્થાન આપ-

નાગ આ બે સમર્થ વ્યક્તિઓ જ બસ છે પરંતુ નંદશંકર તુળજાશંકર, મહીપતરામ રૂપરામ, દુર્ગારામ મહેતાજી એ તેજસ્વી વ્યક્તિઓને સુરત જોડેનો સંબંધ ભૂલવાનો નથી, અને એમની ગણના નર્મદ અને નવલ એ યુગ્મની સાથે સમાન ભૂમિમાં જ કરવાની છે

વૃદ્ધશ્રાદ્ધ

એ સમર્થ સાહિત્યસેવકો પોતાની તરફની સેવા બજાવીને આ જીવનમાંથી ચાલી ગયા છે, એમની સેવાના ફળનો લાભ આપણે લેવાનું અહીં ભૂલીએ તો એમની કદર કાઈક અંશે આપણે જાણી એમ ગણાશે આ સરસ્વતીભક્તોને વિશે આ રીતે બોલતા છેવટની સાહિત્ય પરિષદ પછી આજ આપણે મળીએ છીએ તે વચગાળામાં આપણે ખોયેલા અન્ય વિદ્વજ્જનોનું સ્મરણ થયા વિના નહી રહે દિવાન બહાદુર અંબાલાલ સાકરલાલ વડોદરાની સાહિત્યપરિષદમાં આપણને પ્રોત્સાહન આપવા માટે હાજર રહ્યા હતા, એમનું સ્થાન આજ ખાલી છે, એ જોતા કોને ખેદ નહિ થાય ? રાજકોટમાં સાહિત્યપરિષદનું પ્રમુખસ્થાન એમને મળ્યું તે સમયે એમની યોગ્યતાથી અજાણ્યા ગણતર વર્ગ તરફથી એમને જે અન્યાય મળ્યો હતો તે એમના તે પરિષદ વખતના ગંભીર વિચારપૂર્ણ અને સુચક ભાષણે તેમ જ પ્રમુખપદથી કરેલા કામે તદ્દન વિલુપ્ત કર્યો હતો તે સૌના સ્મરણમાં હશે કવિતા કે નાટકો લખ્યાથી જ સાહિત્યપરિષદના પ્રમુખપદની યોગ્યતા પ્રાપ્ત થાય છે એ સંકુચિત કલ્પના છે ગંભીર ચિંતન, સાહિત્યના વિકાસ માટે તનમનથી પરિશ્રમ, ઇત્યાદિ ગુણો અંબાલાલભાઈનામાં નહોતા એમ કોણ કહી શકશે ? પરંતુ અત્યારે એમની યોગ્યતા માટે હિમાયત કરવાનો પ્રસંગ નથી એમની ખોટ આપણને ખરેખરી પડી છે એ હુ કહુ છુ તે એ મારા પૂજ્ય ગુરુ હતા તેથી અને તેથી ઉત્પન્ન થતા ભક્તિભાવથી જ કહુ છુ એમ નથી, સર્વ સુજ્ઞો એ ખોટ પડયાનું સ્વીકારશે જ એમ માનુ છુ આપણા આજના પરિષદના કાર્યમાં એ અને અન્ય પરલોકવાસી સાહિત્યસેવકોના આત્માઓનું આવાહન કરીને આરંભ કરીશુ

આપણે લાભ પણ જોઈએ, પ્રત્યક્ષ દૃષ્ટિમાં પડે તેમ એ નહી હોય પરંતુ સમભાવ સાથે નિરીક્ષણ કરીશુ તો જણાશે કે આપણા કાર્યમાં સહાય કરનાર યુવક મંડળ છે તેમાથી અનેક નવીન ઉત્સાહ-

બળથી, નવીન બુદ્ધિબળથી અને નવીન વિદ્યાબળથી ભવિષ્યમાં સાહિત્ય-પરિષદને પુષ્ટ કરનારા નીવડશે એવા છે; એમની નામગણના આ પ્રસંગે કરવાથી એમને જ અન્યાય થાય માટે એમની ઉત્સાહભરી સહાયતાનો સ્વીકાર કરીને જ મૌન રાખું છું.

એક અભ્યર્થના

મારા આજના ભાષણ માટે તમે જો મોટી આશાઓ બાંધી હશે, તો, લાચાર છું, તમારે નિરાશ થવું પડશે. આજ પહેલાં ચાર પરિષદો થઈ ગઈ તેથી કરીને હું તો એક રીતે પ્રતિકૂલ દશામાં પડ્યો છું; એ પરિષદોના પ્રમુખસ્થાને આવેલા વિદ્વાન પૂર્વાધિકારીઓ જે જે કહી ગયા, તે તે બાબતોમાં મારે માટે તો દ્વાર બંધ જ થયાં છે; એ વિષયોની પુનરુક્તિ ના થાય એમ મારે સાચવવાનું વિષમ કામ આવ્યું છે. તે ઉપરાંત જગતમાં જ્ઞાનનો ભંડાર એવો વધી પડ્યો છે કે સામાન્ય રીતે પણ પૂર્વગામીઓનાં ભાષણોની સરખામણી કર્યા વિના સ્વતન્ત્ર રીતે પણ હું કશું નવીન ભાગ્યે જ કહી શકીશ. પારકું ચોરેલું ઘણે ભાગે દેખો, અથવા તો ચોરેલો માલ નથી એમ ખપાવી દેવાનો પ્રયત્ન કરીને જૂનાને નવું રૂપ આપેલું જણાય તો મને સવાંશે દોષ ના દેશો. આ જમાનો ચોરીનો જ છે. આપણે બધા એક દૃષ્ટિએ ચોર જ છીએ, અને આ "ચોરોની પરિષદ" જ છે એમ ઉપહાસદૃષ્ટિ વાપરીને જોનાર એક જણે વિનોદમાં એ મથાળાથી એક ઉપહાસલેખ લખ્યો હતો તે અત્યારે નવીન અર્થમાં સ્મરણમાં આવેછે. મારે કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે જ્ઞાનની સામગ્રી આપણી કને આ વ્યાપક વિદ્યાપ્રસારના સમયમાં સર્વસુલભ હોઈ નવીનતાની ઝળક જતી રહેલી, સર્વને પરિચિત વસ્તુ જેવી, ઢેર ઢેર પ્રત્યક્ષ છે. એ સામગ્રીનો ઉપયોગ અપૂર્વ રીતે કરીને, એક જ ઈંટોના સમૂહમાંથી જુદા જુદા નમૂનાનાં મન્દિર રચી શકાય તે સ્વરૂપે, નવીનતા જો હું આણી શકું તો તેટલે અંશે મને નવીનતા સાધ્ય છે, એ સાધનમાં શ્રમ અને કળાનો ખપ પડે છે; તે જેટલે અંશે મને આવડશે તેટલે અંશે સિદ્ધિ થશે.

વિદ્યાસેવા ઉપરના આક્ષેપની પરીક્ષા.

અહીં જરાક થોભીએ. આપણે આવી પરિષદો ભરીને આપણી સાધનમૂડી વ્યર્થ ખરચી નાખવાનું મૂર્ખકૃત્ય કરીએ છીએ એમ તો

નથી થતું? પ્રજાના જીવન જોડે અતિ નિકટ સંબંધ રાખનારા આર્થિક, રાજકીય, પ્રશ્નો આપણી પાસે આગ્રહથી દબાણ કરીને ખુલાસો માગે છે તેના સમયમાં, ચોમેરે યુદ્ધના દુઃખમય પરિણામોની પરમ્પરા વચ્ચે, દેશનો વેપાર દુર્દશામાં છે તેવે વખતે, ગરીબ લોકો ભૂખે મરે છે તેના સમયમાં, આપણે અહીં બેઠા ભાષા, સાહિત્ય, કવિતા ઇત્યાદિ અનુત્પાદક વિષયોની જ્ઞાનમન્દિર શોભાવનારી ચર્ચા કરવા બેસીશું એ શું કર્તવ્યદ્રોહ જેવું નથી થતું? આ પ્રશ્નો હું નકામા નથી પૂછતો, કેટલાક ડાહ્યા પુરુષો આ પ્રકારનો આરોપ આપણા આજના પ્રયાસ ઉપર મૂકવાને તત્પર થયા છે દેશની હાલની વિશેષ અપવાદરૂપ સ્થિતિની વાત બાજુ ઉપર મૂકતા પણ કેટલાકોનો મત એમ છે કે શુદ્ધ સાહિત્યની ચર્ચામાં કાળ ગુમાવવો એ દેશદ્રોહરૂપ છે, એ લોકોને મતે તો ધાન્યનો એક અંકુર ફૂટતો હોય તેને સ્થળે બે અંકુર ફૂટે એવા વ્યાપારમાં આપણી બુદ્ધિ, ધન, અને ઉદ્યોગની સંપત્તિ વાપરવી તે સાહિત્યના નિષ્ફળ પ્રયાસો કરતા હજારગણું શ્રેયસ્કર છે

આ મિત્રોને શો ઉત્તર દઈશું? એ જ કે દેશની હાલની વિષમ સ્થિતિમાં દુઃખ ઓછાં કરવાના જે જે માર્ગ છે તે આદરવાની જોડે આપણે આ પરિષદનો વ્યાપાર અનુમાન વિરોધી નથી બનતો એ માર્ગોમાં જે જે કર્તવ્યો કરવાનાં તે પણ થયે જાય છે, અને તે સાથે આપણું આ કાર્ય ભલે થાય, એમાં દુઃખ માનવાનું કારણ કશું નથી આર્થિક પ્રશ્નોને જ જીવનનું કેન્દ્ર ગણનારાને તો કવિજન ઉત્તર એ જ આપશે કે જીવનનું સાર્થક્ય કેવળ ધનોપાર્જનમાં નથી સમાયું, ધનસંપત્તિ તે સુખસંપત્તિનો પર્યાય નથી, કે એ સંપત્તિનું નિયત કારણ પણ નથી કવિજન કહેશે કે ફક્ત એક આત્માને સત્ય સુખના, વિશુદ્ધ આનન્દના, માર્ગમાં એક ક્રમ ઊંચે ચઢાવી શકાય, તો તે સ્થિતિ આર્થિકસંપત્તિ કરતાં હજાર ગણી મૂલ્યવાન છે કાઇક આ ધોરણે જ સાહિત્ય અને એવા બુદ્ધિવ્યાપાર યોજનારા વિષયોના સેવકો ધનસંપત્તિના સેવકોને ઉત્તર આપી શકશે જ્ઞાનના વિષયમાં વિહાર કરનાર સરસ્વતી-પૂજક પોતાની તેમ જ અન્ય બન્ધુઓની માનસિક ઉન્નતિમાં, શુદ્ધ વિદ્યાનન્દમાં, જે સેવા કરે છે તેની કદર રૂપિયા–આના–પાઈથી સર્વ વિષયોની કીમત આંકનારા ભાગ્યે જ કરી સકશે

આમ ના ભૂલી જવું ના જોઈએ કે વિદ્યા અને સાહિત્ય સેવકોએ પરોક્ષ રીતે–અને કવચિત્ સાક્ષાત્ રૂપે–દેશની સાંસારિક, અને

આર્થિક, અને રાજકીય ઉન્નતિ ઉપર સમર્થ અસર કરી છે, અને એવાં દૃષ્ટાન્ત જગતના ઇતિહાસમાં ચિરંજીવ રહ્યાં છે. 'Uncle Tom's Cabin' એ વાર્તા અમેરિકામાંથી ગુલામગીરી નાબૂદ કરનાર કારણરૂપ બની હતી; રૂસોનાં લખાણોએ ફ્રાન્સની પ્રજામાં ભારે જીવન પરિવર્તન કર્યું હતું; ડેન્ટીની કવિતામાં ઇટલીના જીવનોદ્ધારનાં મૂળ હતાં; ઇરેસ્મસના લેખો યુરોપના ધર્મપરિવર્તનના આદિ કારણ હતા, અને એનું પણ ઊંડું મૂળ સૅવેનરોલા સુધી અને છેક પ્લેટો સુધી લઈ જવાય એમ છે. ઇરેસ્મસના 'Eucharidion' તથા 'Adagia' એ બે ગ્રન્થોની અસર વ્યાપક થઈ હતી તેથી પણ વિશેષ રૂપે બાઇબલના એના ભાષાન્તરે 'રિફૉર્મેશન' (Reformation)નાં બીજ વાવ્યાં હતાં. તે જ રીતે વેદનાં ભાષાન્તર યુરોપના પંડિતોએ કર્યાં તેથી આપણા હિન્દુસ્તાનમાં ધર્મ, સંસારજીવન, ઇત્યાદિ ઉપર નવો પ્રકાશ પડી પરિવર્તન થયું એમ પ્રો. મૅક્સ મ્યુલર માને છે.* ડિકન્સની વાર્તાઓના પ્રતાપે તે સમયમાં ન્યાયખાતામાં અને વકીલ સૉલિસિટર વર્ગોમાં તથા દિવાની જેલખાતામાં પ્રવર્તતા અંધેર તથા અન્યાય દૂર થવા પામ્યાં હતાં. આપણા ગુજરાતી સાહિત્યમાં એટલાં ઉત્કટ અને વ્યાપક દૃષ્ટાંતો નહીં જડે; તોપણ 'લલિતાદુઃખદર્શક' નાટક ભજવાતું જોઈ એક બાઈએ પોતાની પુત્રીનો અયોગ્ય વર સાથેનો વિવાહ ટાળી નાંખ્યો હતો તે વાત નોંધવા લાયક છે; 'સરસ્વતીચન્દ્ર'ની અસર પ્રજાજીવન ઉપર નહિ, પણ સાહિત્ય ઉપર થઈ છે તેથી તે આ પ્રશ્નને સંબંદ્ધ થશે નહિ.

પરિષદની કલ્પના અને એનો સંક્ષિપ્ત ઇતિહાસ

તો આપણે હવે આપણું કામ હાથ લઈએ. આપણી સાહિત્ય પરિષદનો ઇતિહાસ અને એની કલ્પના વિશે કાંઈક પશ્ચાદવલોકન અહીં અસ્થાને નહીં ગણાય. તે કરવામાં આરંભમાં જ પરિષદ એ સંસ્થાને ઇતિહાસ જોઈ જઈશું તો આપણી દૃષ્ટિ સુસ્થિત થશે. અતિ પ્રાચીન સમયમાં આપણા આર્ય પૂર્વજોએ પરિષદ નામે એક સંસ્થા સ્વીકારેલી 'બૃહદારણ્યક'માં જણાય છેઃ શ્વેતકેતુ પંચાલોની પરિષદમાં ગયાની વાત ત્યાં કહેલી છે; એ શિવાય પરિષદ વિશે અનેક સ્થળે ઉલ્લેખ છે. મૅક્સ મ્યુલર કહે છે કે પરિષદ એટલે બ્રાહ્મણોનું એક મંડળ,

* 'ટ્રાન્ઝેક્શન્સ ઑફ ધી સેકન્ડ ઈન્ટરનૅશનલ કૉંગ્રેસ ઑફ ઓરિએન્ટાલિસ્ટસ,' પા. ૧૯૧.

કોલેજ, કે એવી સંસ્થા જેમાં જુદી જુદી શાખાના (જુદા જુદા ચરણના) બ્રાહ્મણો જોડાયલા હતા એ પરિષદોના વિશેષ ગ્રન્થો તે પાર્ષદ અને પાર્ષદનો એક વિભાગ તે પ્રાતિશાખ્ય ભિન્ન ભિન્ન વૈદિક શાખામાં સ્વીકારાયલા ઉચ્ચારાદિની ચર્ચા કરનારા ગ્રન્થ તે પ્રાતિશાખ્ય

મનુ, યાજ્ઞવલ્ક્ય, પરાશર એ સ્મૃતિકારોએ પરિષદની રચના બતાવી છે તે પ્રમાણે મીમાંસા, ન્યાય, વેદાઙ્ગ જાણનારા ૨૧ બ્રાહ્મણોની પરિષદ બનતી હતી, એ સંખ્યા ઓછી પણ, જરૂર પડ્યે, થઈ શકતી હતી, તે એટલે સુધી કે એક બ્રાહ્મણને પણ પરિષદ ગણાય એમ સંભવ હતો ધર્મશાસ્ત્રના સંદિગ્ધ પ્રશ્નોનો નિર્ણય, લોકોની માગણીથી, આપવો એ આ પરિષદોના કર્તવ્યોમાંનું એક હતું એમ પણ મનાય છે કે દેશ કાલને અનુસરીને ધર્મશાસ્ત્રમાં ફેરફાર કરવાનો પ્રસંગ આવે તો પરિષદ્ ભરીને એ વિશે નિર્ણય થતો હતો આ પરિષદોમાંના બ્રાહ્મણોના વિદ્યા, વય, ઇત્યાદિને અંગે અધિકારના લક્ષણ પણ ઠરાવેલા હતા

હજી કેવળ વિદ્યાના—કાવ્યાદિક શાસ્ત્રોના—પંડિતોની પરિષદોનો સમય આવ્યો નહોતો જે અલ્પ સમયમાં પુસ્તકો છાપવાની કળા ઉત્પન્ન થઈ નહોતી, અને પુસ્તકોનો પ્રસાર થવાના સાધન અલ્પ હતા, તેના સમયમાં પંડિતોની સભાઓ ભરાતી અને પંડિતોએ રચેલા નવીન ગ્રન્થો રચાતા હતા એ સમય ઉપરના સમય પછી કાંઈક મોડો નજરે પડશે બૌદ્ધ સાધુઓની સંગીતિ નામની સભાઓમાં પણ આ પ્રકાર નજરે પડે છે અશોકે અને કનિષ્કે મેળવેલી સંગીતિઓ સુપ્રસિદ્ધ છે એ સંગીતિઓનો કાર્યવ્યાપાર ધર્મમાં સંદિગ્ધ પ્રશ્નોના ખુલાસા મેળવવા, અવ્યવસ્થા મટાડવી, ભિક્ષુઓની આચારવ્યવસ્થામાં સુધારો કરવો, ઇત્યાદિ ધર્મવિષયનો હતો જૈન પરિષદ વલભીપુરમાં સંવત ૫૧૦ માં મળ્યાનું કહેવાય છે તે વલભીપુરના ઐતિહાસિક ઉત્પત્તિ સમય જોડે અસંગત થાય છે પરંતુ તેટલાથી વસ્તુત પરિષદ્ મળી નહોતી એમ નથી થતું મગધમાં પ્રથમ જૈન પરિષદ્ મળેલી કહેવાય છે, તેણે "માગધી ભાષામાં સૂત્રસંગ્રહ કર્યો હતો અને વલભીપુરની પરિષદે એ સૂત્રોને સ્થાનિક ભાષાનું રૂપ આપ્યું હતું" ("વિમલ પ્રબન્ધ"નો ઉપોદ્ઘાત, રા૦ મણિલાલ બકોરભાઈ વ્યાસકૃત, પૃ૦ ૭) બીજી પરિષદ મથુરામાં

કહેવાય છે. આ પરિષદોનું સ્વરૂપ આપણી હાલની પરિષદોથી જુદા પ્રકારનુ એમાં તો શક નહીં. અને ખરું જોતાં આ મંડળનું નામ પરિષદ નહોતું; સંઘ એમને કહેતા હતા. પોતાના આગમનો સંગ્રહ કરવો ઇત્યાદિક તે સમયમાં ઉપસ્થિત થાય તેનું જ એ સંઘનું કાર્ય હતું.

આ ત્વરિત પશ્ચાદવલોકનમાંથી એટલું જણાય છે કેઃ—

પરિષદના મંડળ માટે અધિકારનું તત્ત્વ

(૧) આ પરિષદોના કાર્યવ્યાપાર તથા હેતુ (क) વૈદિક શાખાઓ અને ચરણોના અધ્યયનને અંગે ચર્ચાદિક; (ख) ધર્મશાસ્ત્રના સંદિગ્ધ પ્રશ્નોનાં વિવરણ, દેશકાલાનુસાર ફેરફાર; (ग) છાપવાની કળા ઇત્યાદિ પ્રચારનાં સાધનોને અભાવે પંડિતોની રચનાઓની પ્રસિદ્ધિ માટે અવકાશ, ઇત્યાદિ હતા;

(૨) પ્રાચીન પરિષદોમાં સ્થાન પ્રાપ્ત કરવા માટે વિદ્યાદિક પરત્વે અધિકારની મર્યાદા દૃઢ હતી; અને એ મર્યાદાને લીધે સંકુચિત વૃત્તિ, સર્વગ્રાહિતા સાથે વિરોધ, ઇત્યાદિ અંશો દૂષણરૂપ નહોતા મનાતા.

પ્રાચીન સમય અને ચાલુ વર્તમાન સમયની વચ્ચે આ સિવાય અન્ય સ્વરૂપની પરિષદો જાણવામાં નથી.

આપણા વર્તમાન સમયની પરિષદની સ્વરૂપકલ્પના માટે એના અસલ નમૂના તરફ નજર કરવી પડશે; પાશ્ચાત્ય દેશોમાં 'કોંગ્રેસ ઓફ ઓરિએન્ટાલિસ્ટ્સ' (Congress of Orientalists) ઇત્યાદિ પરિષદો ભરાય છે તે સંસ્થાને જ આદર્શરૂપ લઈને આપણી પરિષદની કલ્પના થઈ લાગે છે. (હાલ બંગાળામાં બંગપરિષદ છે તે સંસ્થાનું સ્વરૂપ કાંઈક જુદા પ્રકારનું છે; કાયમનાં સ્થાન, સભ્યવર્ગ, અધિકારીવર્ગ ઇત્યાદિથી બનેલી પાશ્ચાત્ય 'એકેડેમી' (Academy)–વિદ્વન્મંડળી–ના ધોરણે એ પરિષદ રચાયલી જણાય છે; માટે આપણી પરિષદ માટે માત્ર નામના સરખાપણાથી ભ્રમ થવો ન જોઈએ તે લક્ષમાં રાખવાનું છે). પરંતુ બંગપરિષદના કાર્યરૂપે સાહિત્યસંમેલનો બંગાળામાં થાય છે તે આપણી ગુજરાતી સાહિત્યપરિષદના સ્વરૂપનાં છે. મરાઠી સાહિત્યસંમેલનો પણ એ જ નમૂનામાં છે.

પાશ્ચાત્ય 'ઓરિએન્ટલ કોંગ્રેસ'નું સ્વરૂપ આપણે આદર્શરૂપે લીધુ છે તે ખરું; પરંતુ બંનેના કાર્યક્ષેત્રના વિસ્તારમાં ભેદ હોવાને

લીધે બન્ને વચ્ચે ભેદ આપોઆપ ઉત્પન્ન થાય છે 'ઓરિએન્ટાલિસ્ટ્સ કોંગ્રેસ'નો વ્યાપાર સંસ્કૃત, અરબી, ચીનાઈ, ઇત્યાદિ ઇત્યાદિ સર્વ પૂર્વખંડની ભાષાઓ વગેરે સંબંધે પ્રાચીન ઇતિહાસ, ઇત્યાદિના અભ્યાસકોની પ્રવૃત્તિઓમાં પ્રવર્ત્તે છે, આપણે તો અવશ્યમેવ ગુજરાતી ભાષાના પ્રદેશમાં સંકોચ રાખી પ્રવૃત્તિ કરવાની છે યુરોપની કોંગ્રેસમાં આખા જગતમાંથી વિશેષ વિષયોનો ખાસ અભ્યાસ કરેલા પંડિતો અને વિદ્યાના પ્રતિનિધિઓ ભેગા થાય છે, આપણે તો આપણામાં છે તેવા અલ્પ અભ્યાસીઓનું જ મંડળ ભેગું થઈ શકે છે, યુરોપની કોંગ્રેસમાં વિષયોના વિભાગ એટલા બધા અને મહત્ત્વના છે, અને તે તે વિભાગ માટે અન્વેષક અને શ્રોતા સર્વનું મંડળ એવું મોટું બનવું શક્ય છે કે કોંગ્રેસને જુદા જુદા વિભાગમાં વહેંચવાની ફરજ પડે છે, આપણી સ્થિતિ, સર્વે વિષયમાં આપણી દરિદ્રતાને લીધે તેમ જ ગુર્જર ભાષામાં જ પ્રવૃત્તિ રોકવાની આવશ્યકતાને લીધે, એથી ઊલટી છે ત્યાંની કોંગ્રેસમાં મળનારા બહુધા ખાસ અભ્યાસી પંડિતો, વિશિષ્ટ નિપુણતાવાળા વિદ્વાનો હોય છે, આપણા મંડળમાં હાલ લભ્ય છે તે વિદ્વાનો ભેગા સર્વ વિદ્યારસિક વર્ગનો સંગ્રહ થાય છે

આટલા દૃષ્ટિનિક્ષેપ ઉપરથી એટલું તો જણાશે કે પ્રાચીનકાળની આપણા દેશની પરિષદોના અને હાલની સાહિત્યપરિષદના વિષયમાં ભેદ હોવા છતાં, પ્રાચીન પરિષદોની ઘટનામાંથી, તેમ જ હાલની પાશ્ચાત્ય પરિષદોની ઘટનામાંથી, મુખ્ય તત્ત્વભૂત અંશ પરિષદના સભ્યના અધિકારમાં વિશિષ્ટ વિદ્યાદિની આવશ્યકતા, અને એની બહારના વર્ગનો અસંગ્રહ—એ જણાય છે પરિષદનું ગૌરવ, કર્તવ્ય, મહત્ત્વ, ઇત્યાદિ જોતાં સંકુચિતપણાનો ભાસ ભલે થાય, પરિષદના ઉપર વાતો સખી બહિષ્કારિતાનો આરોપ ભલે આવે, પણ પરિષદનું પરિષદ્પણું માગી જ લે છે કે એ સ્વરૂપઘટના ફરે નહીં હવે આપણી પરિષદના સ્વરૂપમાં શિથિલતા કરવી કે નહિ એ પ્રશ્ન આપણી આગળ વારંવાર ઉપસ્થિત થાય છે દેશકાલને લક્ષમાં લેતાં એટલું તો સ્વીકારવું પડશે કે પ્રાચીન પરિષદોના જેટલી અથવા હાલની યુરોપની પરિષદોના જેટલી દૃઢ મર્યાદા સાચવવી આપણે માટે શક્ય પણ નથી અને ઇષ્ટ છે કે આપણી પરિષદને અધિકારનું બન્ધન તદ્દન તોડી નાખી ગમે તે વર્ગનો સંગ્રહ કરીને મંડળ મેળો બનાવવી નહિ

પરિષદના ઉપર સંકુચિતવૃત્તિનો આરોપ મૂકનારાઓ એટલું જ વિચારે કે દરેક વિષયમાં ખાસ અધિકારની આવશ્યકતા હોય ત્યાં સંકુચિતતાનો ભાસ આવે જ, તો એ આરોપ મૂકતાં તેઓ કાંઈક અચકાય. ધારો કે કાલને વહાણે એંજિનીયરોની પરિષદ ભરાય, દાક્તરોની પરિષદ મળે, તો તેમાં અન્યવર્ગને સ્થાન ન આપવા માટે ફરિયાદ વાજબી ગણાશે ? તો શું શુદ્ધ સાહિત્ય એ શ્રમ વિના, અધિકાર વિના; સર્વસાધ્ય છે કે તેમાં અધિકારમર્યાદાનો પ્રવેશ થવાનો ભાસ માત્ર થતાં પોકાર ઉઠાવશો ?

આ આરોપના ભેગભેગો આ જ સ્વરૂપનો બીજો આરોપ આપણી પરિષદ ઉપર મુકાય છે તે તપાસીએ; તે એ કે યુવકવર્ગનો એમાં સંગ્રહ થતો નથી. આ આરોપ માટે પણ ઉપરનો ઉત્તર બસ થશે. વિશેષમાં; એટલું જ કહેવું બસ છે કે સાહિત્યપરિષદની ઘટનામાં વયનું બન્ધન કોઈ ઠેકાણે છે જ નહિ; વય એ અનુભવની ઊનતાને લીધે કદાચ બાધક બને, પરંતુ તે સિવાય વય તે બાધ છે જ નહીં. મહાકવિ ભવભૂતિએ સુશ્લિષ્ટ વાણીમાં દર્શાવેલું સત્ય—

गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः

એ સત્ય—આ પરિષદ સ્વીકારે જ છે. અને પ્રત્યક્ષ જ જુવો; યુવકવર્ગ વિના આ પરિષદમાં ઉત્સાહ, કાર્યબળ, ઇત્યાદિ આવે ક્યાંથી ? મૂળ આ પરિષદની કલ્પના ઉત્પન્ન કરનાર કોણ હતું ? અમદાવાદની ‘ સાહિત્યસભા ’ એ નામથી બનેલું યુવકમંડળ જ. આ સમાધાન પછી જણાશે કે સાહિત્યપરિષદની ભાવનામાં ગૌરવ હોય, એના કાર્યક્ષેત્રમાં વિદ્યા, જ્ઞાન, ઇત્યાદિની કક્ષાની ઉચ્ચતાની આવશ્યકતા હોય, એનાં કર્તવ્યોમાં મહત્ત્વ હોય, તો તે ગૌરવ, ઉચ્ચતા અને એ મહત્ત્વના પ્રમાણમાં મંડળમાં સંખ્યાનું નહિ, પણ અધિકારનું નિયન્ત્રણ અવશ્યમેવ આવશે. એ નિયન્ત્રણ માટે સમજુ વર્ગ, પોતાની યોગ્યતાની ખરી મર્યાદા જાણનાર વર્ગ, કદી પણ ફરિયાદ કરશે નહિ.

ગુજરાતી સાહિત્યપરિષદનો સંક્ષિપ્ત ઇતિહાસ

આ સ્થળે આપણી સાહિત્યપરિષદનો દસ વર્ષનો ઇતિહાસ ઝડપથી જોઈ જવાનું મન થાય છે. ઈ. સ. ૧૯૦૫માં અમદાવાદની ‘ સાહિત્યસભા ’ના યુવકવર્ગમાં પ્રથમ કલ્પના સ્ફુરી કે સાહિત્યપરિષદ ભરવી. મારા સ્મરણ પ્રમાણે આ નવીન જ કલ્પના હતી. મહારાષ્ટ્રમાં

એ સમયમા રાજ થયેલી મરાઠી પરિષ ની સસ્થામાથી પ્રેરણા ઉત્પન્ન થઈ નહોતી 'ગુજરાત સાહિત્યસભા' એમ નામરૂપાન્તર એ મડળનુ થયુ તે વખતે યોજેલા ઉદ્દેશોમા 'સાહિત્યપરિષદ' ભરવી એ એક ઉદ્દેશ હતો પ્રથમ પરિષદના રિપોર્ટ (આમુખ, પૃ ૩) ઉપરથી જણાશે કે નર્મદ અને મણિલાલ દ્વિવેદીની અભિલાષા પરિષદ ભરવાની હતી ગમે તેમ હો, ગુજરાતી સાહિત્યપરિષદને ઉત્પન્ન કરવાનુ માન એ 'સાહિત્યસભા'ના યુવકવર્ગને જ ઘટે છે, એટલુ જ નહિ, પણ એ નવીન કાર્યને અગે અનેક અડચણો, સમભાવ વિનાના પુરુષો તરફના ઉપહાસ, ઇત્યાદિને જીતી એ સમારમ્ભને વિજયી બનાવવાનો યશ પણ એમનો જ છે આ યશ સ્થાનિક જ છે, બાકી દૂરતમ કારણદર્શન કરવા જઈશુ તો યુગના પ્રેરકબળોને જ અન્તિમ યશ તો મળશે. સતારામા પ્રથમ મરાઠી સાહિત્યસમ્મેલન ઈ સ ૧૯૦૫–૬મા ભરાયુ, બગાળામા ઈ સ ૧૯૦૭મા પ્રથમ સાહિત્યસમ્મેલન થયુ–પરતુ એ કલ્પનાનો મૂળ આરમ્ભ ઈ સ ૧૯૦૩થી થયો હતો,–અને ગુજરાતમા ઈ સ ૧૯૦૪મા ઉનાળામા સ્વ ગોવર્ધનરામની સાથે 'સાહિત્યસભા' (અમદાવાદ)ના પ્રમુખ રા રમણભાઈ તથા તન્ત્રીઓ રા ઠાકોરલાલ હરિલાલ દેસાઈ તથા રા રણજિતરામ વાવાભાઈ એમણે પરિષદ ભરવાની ચર્ચા કરી હતી આમ ભરતખડના ત્રણ મુખ્ય અને દૂર દૂર પડેલા પ્રાન્તોમા આ પ્રકારનુ સચલન અન્યોન્યનિરપેક્ષ આત્મસ્ફુરણાથી લગભગ એક સમયમા જ પ્રવૃત્ત થયુ હતુ આ તે યુગના માનસિક બલપ્રવાહની સૂચના કરે છે એ ત્રણેનો આદર્શ પાશ્ચાત્ય 'ઓરિએન્ટલ કોંગ્રેસ' ઉપર જ રચાયનો હતો હિન્દી ભાષાનુ સાહિત્યસમ્મેલન આ ત્રણ કરતા કાઈક પછીના સમયમા પ્રગટ થયુ છે, ઈ સ ૧૯૦૯–૧૯૧૦ મા કાશીની નાગરીપ્રચારિણી સભાના પ્રયાસથી એની ઉત્પત્તિ થઈ એ સમ્મેલન દર વર્ષે થાય છે, એનો ઉદ્દેશ આપણી પરિષદથી કાઈક અગે ભિન્ન છે વિમર્શન, ચિન્તન, ઉપરાત ગ્રન્થકારોને ઉપાધિદાન ઇત્યાદિથી સમ્માનિત કરવા, એક ભાષા અને એક લિપિ માટે પ્રચારપ્રવૃત્તિ, ઇત્યાદિ મિશ્ર સ્વરૂપની એ પરિષદની કાર્યપ્રવૃત્તિ છે

ચારે ગુર્જર પરિષદોની હકીકત જુદી જુદી બાબતને અગે સરખાવી જોવાથી સુગમતા થશે પ્રથમ પરિષદ (અમદાવાદમા ઈ સ ૧૯૦૫ મા) મળી તે વખતે પ્રમુખ સ્વ૦ ગોવર્ધનભાઈની પસદગી કાર્યકર્તાઓએ શુદ્ધ પસદગીને ધોરણે જ કરી હતી, એમા સવરણ ('ઇલેક્શન')'નું

તત્ત્વ નહોતું; બીજી પરિષદ (મુંબઈમાં ઈ. સ. ૧૯૦૭માં) થઈ તે સમયે પ્રમુખપદ માટે રા૦ કેશવલાલ હર્ષદરાય ધ્રુવને પણ વ્યવસ્થાપક મંડળમાં કાંઈક એવા જ ધોરણે પસંદ કરવામાં આવ્યા હતા; ત્રીજી પરિષદ (રાજકોટમાં ઈ. સ. ૧૯૦૯માં) ભરાઈ ત્યારે સ્વ૦ દિવાન-બહાદુર અંબાલાલભાઈની પસંદગી કાંઈક મિશ્ર ધોરણે કરવામાં આવી હતી. સંવરણનું તત્ત્વ આ સમયે નિયન્ત્રિત રૂપમાં પ્રવિષ્ટ થયું. મત આપનાર અધિકારી મંડળ યોગ્ય કારણોથી મર્યાદિત રાખીને એ તત્ત્વ સ્વીકારાયુ હતું. ચોથી પરિષદ (વડોદરામાં ઈ. સ. ૧૯૧૨માં) મળી ત્યારે રા૦ રણછોડભાઈ ઉદયરામ પ્રમુખ નિમાયા હતા, તે પ્રસંગે આરમ્ભમાં સંવરણનું તત્ત્વ પૂર્ણ રૂપમાં સ્વીકારાયું હતું, મત આપવાનો અધિકાર અમુક રકમ ભરી સત્કારમંડળના સભ્ય બને તેમને આપવામાં આવ્યો હતો, પરંતુ છેવટે તે ધોરણ છોડી દઈ, સર્વની સંમતિથી રા. રણછોડભાઈને પ્રમુખપદ અપાયું હતું.

પરિષદે કરવાનાં કાર્યો તરફ દૃષ્ટિ કરતાં જણાય છે કે પ્રથમ પરિષદમાં માત્ર નિબન્ધો વંચાવવા, કોઈપણ જાતના ઠરાવ રજૂ કરી પસાર કરવા નહિ, એ માર્ગ સ્વીકારાયો હતો; અપવાદ માત્ર જોડણી સંબન્ધી વ્યવસ્થા સાહિત્યસભાને સોંપવાનો ઠરાવ પ્રમુખે રજૂ કર્યો તે હતો; અને કેટલીક છૂટક સૂચનાઓ જુદી જુદી બાબતો વિશે કેટલાક ગૃહસ્થોએ માત્ર રજૂ કરી હતી. બીજી પરિષદમાં નિબન્ધો ઉપરાંત થોડાક ઠરાવો કરવાનું દાખલ થયું હતું; જોડણી તથા લિપિ માટે કમિટી નીમવાનો ઠરાવ એમાં હતો. ત્રીજી પરિષદમાં નિબન્ધો ઉપરાંત અનેક મહત્ત્વના વિષયો વિશે ઠરાવો થયા હતા; 'વાંચનમાળા'માં ખામીઓ હોવાથી તે વિશે પગલાં ભરવાની કમિટીની નિમણૂક; જોડણી કમિટીને ચોથી પરિષદ સુધી લંબાવવાનો ઠરાવ; પરિષદનું પુસ્તકાલય નવું ઊભું થયું તે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને સોંપવુ; વ્યાખ્યાન-માલાની યોજના; પરિષદનું બંધારણ ઘડવા માટે કમિટીની નિમણૂક; ત્રણ જનરલ સેક્રેટરીઓ નીમવાનો ઠરાવ; પરિષદ ભંડોળની કમિટી; ઇત્યાદિ-મહત્ત્વની બાબતો પ્રવિષ્ટ થઈ હતી. એ ભંડોળમાંથી અત્યાર સુધીમાં બે ગ્રન્થો રચાવાઈને અથવા યોજાઈને પ્રસિદ્ધ થયા છે:— (૧) બ્રિટિશ હિન્દનું રાજ્યબંધારણ અને (૨) નવલરામભાઈનો 'ઇંગ્લાંડનો ઇતિહાસ'; અને મૅક્‌ડોનલ્ડકૃત 'સંસ્કૃત સાહિત્યના વૃત્તા-

ન્તં’નુ ભાષાન્તર હજી પ્રસિદ્ધ થવાનુ છે ચોથી પરિષદમા નિબન્ધો ઉપરાંત ઠરાવો કેટલાક મહત્ત્વના થયા હતા, જોડણીકમીટીનો રિપોર્ટ વચાઈ દફતરે નોંધવાનો ઠરાવ, બધારણ-મિટીએ રિપોર્ટ રજૂ કર્યો તે યોજના પાચમી પરિષદ સુધી સ્વીકારી તે પછી આગળ ચલાવવા અથવા ફેરફાર કરવાનો ઠરાવ, જનરલ સેક્રેટરીઓની નિમણુંક, ઇત્યાદિ ઠરાવો

આ ઉપરાંત બીજી પરિષદમા લિપિ વિશે ચર્ચા, ત્રીજી પરિષદમા ‘ વાચનમાળા ’ વિશે તથા ‘ યુનિવર્સિટીમા ગુજરાતી ભાષાને સ્થાન’ એ વિશે ચર્ચા, અને ચોથી પરિષદમા, ‘લિપિ,’ ‘ એક ભાષા દ્વારા ઊંચી કેળવણી’ અને ‘ જનસમૂહમા સાહિત્યનો પ્રસાર ’ એ વિષયો વિશે ચર્ચા દાખલ થઈ હતી તે ઉપરાંત બીજી પરિષદમા છપાયેલા ગ્રન્થોનુ પ્રદર્શન બહુ જ નાના પાયા ઉપરનુ, ત્રીજી પરિષદમા મોટા પાયા ઉપર પ્રદર્શન—શિલાલેખો, તામ્રપત્રો, દસ્તાવેજો, હસ્તલેખો, છાપેલા પુસ્તકો, ઈત્યાદિ ઈત્યાદિનુ અને ચોથી પરિષદમા રાજકોટ કરતા બહુ નાના ધોરણનુ પ્રદર્શન—પુસ્તકો, હસ્તલેખો, અને વિદેહ વિદ્વાનોની છબિઓનુ—એમ દાખલ થયુ હતુ ચારે પરિષદને અગે નાના મોટા ધોરણે મિત્રમેળાપ કરવામા આવ્યા હતા બીજી પરિષદ વખતે મુબઈના પારસી લેખકમડળે પરિષદને આપેલો સત્કાર ધ્યાન ખેચનારો હતો, હિન્દુ અને પારસી લેખકો વચ્ચેનુ અતર ઓછુ થવાનુ એ એક પ્રથમ પગલુ હતુ, તે પ્રસગે ઘણા પારસી વક્તાઓએ નિખાલસપણે સ્વીકાર્યું હતુ કે પારસી ગુજરાતી ભાષા દૂષિત છે અને સસ્કાર એને આપવાની આવશ્યકતા છે

આ સર્વ અગો પરિષદમા હતા, છતા એ બધી પરિષદોમા મુખ્ય અશ તો નિબન્ધોનુ વાચન તે જ હતુ પ્રથમ પરિષ૰ વખતે ૨૧ નિબન્ધો આવ્યા હતા, અને કોઈને પણ આરમ્ભસમયમા નિરુત્સાહ ન કરવો એ ધોરણ રાખેલુ હતુ તેથી બધા સ્વીકારાયા હતા બીજી પરિષદ વખતે “ પરિષદના શૈશવમા નિયમપાલનનો કડક આગ્રહ રાખવો એ અનુચિત હોવાથી ” સ્વીકારાયા હતા એવા રિપોર્ટને અતે ટીપ આપી છે તે ઉપરથી જણાય છે કે આટલા દયાળુ દર્શનવાળી વ્યવસ્થાને પણ બે નિબન્ધો “ તદ્દન નિમાલ્ય હોવાથી ” છોડી દેવા પડવા હતા એ બીજી પરિષદમા ૪૧ નિબન્ધો આવ્યા

સાધવામાં સહાયભૂત થવાને તથા કાંઈ સાચું અને સ્થાયી હિત સંપાદન કરવાને, પ્રત્યેક આગ્રહથી ઉદ્યુક્ત થયેલા છીએ.”)

પરિષદનો એક લાભ અથવા હેતુ તે મંડળમાં સાથે ખાવાપીવા માટે તથા આનન્દસમાગમ માટેનો મેળાવડો થાય છે તે છે, એ વાત ગૌણરૂપે સ્વીકારીને પ્રો૦ મૅક્સ મ્યૂલર પરિષદના ખરા અને સ્થાયી લાભ બે બતાવે છેઃ—

(૧) આપણને આ સંમેલનો આપણા જ્ઞાનની ધનસામગ્રીની ગણના કરવાને, પરસ્પર કાર્યની સરખામણી કરવાને, આપણે ક્યાં છીએ તે જોવાને તથા કઈ દિશામાં જવું જોઈએ તે શોધવાને શક્તિમાન કરે છે;

અને (૨) આપણે ક્યાં આવી પહોંચ્યા છીએ, જગત માટે શું કરીએ છીએ, અને બદલામાં જગતે આપણે માટે શું કરવું જોઈએ એમ અપેક્ષા રાખીએ છીએ, તે વખતોવખત જગતને કહેવાનો આપણને પ્રસંગ આવાં સંમેલનોથી મળે છે.

એ પરિષદના બીજા જ વર્ષમાં એના પાંચ વિભાગ કરવામાં આવ્યા હતા; પ્રત્યેક વિભાગનો પ્રમુખ જુદો હતો, અને એક વિભાગની બેઠકને એક દિવસ આપવામાં આવ્યો હતો; વિભાગોની નામગણના આમ હતીઃ—‘સેમેટિક,’ ‘તુરાનિયન,’ ‘આર્યન,’ ‘હૅમિટિક,’ ‘આર્કિયોલૉજિકલ’ તથા ‘એથ્નૉલૉજિકલ.’ આ વિભાગોની વિસ્તીર્ણતા તથા સ્વરૂપ જ વિભાગ કરવાની આવશ્યકતા દર્શાવે છે; એ પરિષદની દર્શનમર્યાદા જ પૃથ્વીના અર્ધ વિસ્તાર ઉપર વ્યાપેલી હતી. રાત્રે રાત્રે પરિષદની બેઠકો થતી અને દિવસે પરિષદનું મંડળ બ્રિટિશ મ્યુઝિયમ જેવાં સ્થળોનાં નિરીક્ષણ કરી આવતું હતું.

આ પરિષદોના પૂર્ણ ઇતિહાસમાં ઊતરવા જતાં લંબાણ થાય. પરંતુ એટલું તો જણાય છે કે પરિષદ માટે બંધારણ, અધિકારીમંડળ, પ્રમુખો, ઇત્યાદિની યોજના, વગેરે પ્રશ્નોને ગૌણ સ્થાન આપી પરિષદનું સર્વ લક્ષ પોતાના વિદ્યાવિષયક કર્તવ્યમાં જ પૂરેલું રહેતું હતું. તે સાથે પરસ્પર સહકારિતા, કલહત્યાગ, સત્યશોધન તરફ અનન્ય દૃષ્ટિ, એ ભાવોથી એ પરિષદોનો કાર્યવ્યાપાર પ્રેરિત થતો. બીજી પરિષદના પ્રમુખસ્થાનના ભાષણમાં ડૉ૦ સૅમ્યુઅલ બર્ચ બોલ્યા હતાઃ—

“Orientalists, too, are all, so to say, men born of

the same family, and, like a family, mutually interested, in the success of their respective studies Before that, as students, all the distinctions of race, creed and nationality disappear or are forgotten Even criticism ought neither to be nor become personal, inasmuch as science places for its object the highest scope of the mind—truth, which is in most cases difficult to find, and no reproach to miss"

("પૂર્વના દેશોના વિષયોના અભ્યાસકો એક રીતે જોતાં એક કુટુમ્બમાં જન્મેલા પુરુષો છે, અને, એક કુટુમ્બીઓની પેરે, પોતપોતાના અભ્યાસમાં વિજય મેળવવામાં અન્યોન્યના હિતે જોડાયલા છે આ દૃષ્ટિથી અભ્યાસકો તરીકે જાતિ, ધર્મ, અને પ્રજાપણાના ભેદ લુપ્ત થાય છે અથવા ભુલાઈ જાય છે ટીકા પણ અંગત રૂપની હોવી અથવા થવી ન જોઈએ, કેમકે જ્ઞાનના અન્વેષણનો વિષય માનવબુદ્ધિનો ઊંચામાં ઊંચો વ્યાપારવિષય–સત્ય તે છે, સત્ય જે બહુ પ્રસંગે જડવું કઠણ છે, અને પ્રાપ્ત ન થવું તે લજ્જાસ્પદ નથી")

આવા મહાન ભાવોથી પ્રેરાયેલા, આખા જગતના વિસ્તીર્ણ જ્ઞાનવિષયોના પંડિતોની, વિશાળ અન્વેષણક્ષેત્રમાં વિચરનારી, પરિષદ્ ને આદર્શ તરીકે લેનારી આપણી પરિષદ છે અલબત, એ મહાન પ્રયાસ ક્યાં અને આપણો સંકુચિત ક્ષેત્રનો, અલ્પ અધિકારનો, પ્રયાસ ક્યાં? તથાપિ આપણા આદર્શમાં રહેલા ઉન્નત ભાવો આપણા પ્રેરક બળ બને તો નિઃસંશય કાલક્રમે આપણો અધિકાર વધતાં વધતાં આપણી પરિષદ્‌ની યોગ્યતા વધારી શકીશું

આપણા પ્રયાસની સામે વાંધો ઉઠાવવામાં આવે કે તમે putting the cart before the horse ("ગાડું આગળ અને બળદ પાછળ જોડવા") એવું કામ કરો છો, પરિષદ્ પંડિતોની હોય પંડિતપરિષદ્ માટે તમારામાં ખરા પંડિતો ક્યાં છે? પરિષદ્ તે કાંઈ પંડિતો બનાવવાનું કારખાનું નથી પણ બનેલા પંડિતોનો સમુદાયસમાગમ છે —ઉત્તર શો આપશું? સ્વીકારવું પડશે કે પૂરેપૂરી પરિષદની સ્થિતિ આપણે અહીં નથી. ત્યાં પ્રથમ પંડિતો અને પછી પરિષદ—એ સ્વાભાવિક ક્રમનું દર્શન થાય છે પરંતુ આપણામાં ના થોડા ગણતર પંડિતો—નાના પાટના પણ ખરા

પંડિતો—નહિ જડે ? અને એવાની જોડે સમાગમ થવાથી આપણને આપણી અપંડિતતા, ઊનપંડિતતા, સુધારવાનો પ્રસંગ આવી પરિષદોમાં મળે એ પણ એક ઓછો લાભ નથી. વળી એ પણ વિચારવાનું છે કે દેશકાલની સ્થિતિ વિચારતાં પ્રાશ્ચાત્ય પરિષદની સર્વાંશે સ્વરૂપસમાનતા માટે વાટ જોઈ બેસી રહેવું એ ઇષ્ટ નથી. આપણા દેશના હિતસાધન માટે અડધી સામગ્રી વડે પણ કામ ચલાવવાની જરૂર છે.

તો આપણી પરિષદના હેતુ હાલ શા છે ? મારી દૃષ્ટિએ તે આ પ્રમાણે હોવા જોઈએ અને છે:—

આપણી પરિષદના હેતુ

(क) ગુર્જર સાહિત્યને તથા ભાષાને સમૃદ્ધ શી રીતે કરવાં તે વિશે તપાસ કરવી:
(ख) એ સમૃદ્ધિ કરવા માટે ઉપાયો યોજવા સાધનો મેળવવાં:
(ग) પ્રાચીનઅર્વાચીન ગુર્જર સાહિત્ય અને ભાષાનો અભ્યાસ કરી વિદ્વાનોએ જે શોધ કરી હોય તેનો વિચાર કરવો:
(घ) ગુર્જર ભાષા અને સાહિત્યની વિશુદ્ધિ જાળવવી, તેમનું જીવન પ્રવર્તાવવું, મરણમાંથી રક્ષણ કરવું.

ગુર્જર સાહિત્ય તથા ભાષાની સમૃદ્ધિની તપાસ તથા ઉપાયયોજના

વૃથા ભાષાભિમાન અને દેશાભિમાનનો ત્યાગ કરીને ખરી આત્મપરીક્ષા કરશું તો જણાશે કે આપણી ભાષા તથા સાહિત્યની સ્થિતિ ખરેખર દરિદ્ર જ છે. અંગ્રેજી અને યુરોપની અન્ય સંસ્કારી ભાષાઓનાં સાહિત્ય જોડે સરખામણી કરીશું તો એમ જ ભાસ થશે કે એ દેશનાં ભાષાસાહિત્ય ઊંચા ઊંચા સૂર્યલોકમાં વિચરે છે, અને આપણી ભાષા અને સાહિત્ય પૃથ્વી ઉપર અંધકારમય પ્રદેશમાં ભટક્યા કરે છે. સાહિત્યના વિભાગો અંગ્રેજી ઈત્યાદિમાં કરીશું તો તત્ત્વજ્ઞાન, ઈતિહાસ, વિજ્ઞાન, નીતિ, તત્ત્વશાસ્ત્ર, ઈત્યાદિ અનેક વિભાગમાં સંખ્યાબન્ધ પુસ્તકો જડશે, અનેક વિદ્વાનો તે તે વિષયના ખાસ અભ્યાસકો બની કર્તવ્યમાં પ્રવૃત્ત થયેલા જોઈશું; શુદ્ધ સાહિત્યમાં કવિતા, વાર્તા, નાટક, બાલસાહિત્ય, લોકગીત, ઇત્યાદિ ઈત્યાદિ અનેક શાખાઓમાં તે જ પ્રમાણે સમૃધ્ધ અવસ્થા નજરે પડશે. આ

સર્વમા આપણાથી એક શાખામા પણ અભિમાન કરવા જેવી સમૃદ્ધિ બતાવી શકાય એમ નથી આ ચિત્રથી ગ્લાનિ થાય ખરી, પણ નિરુત્સાહ થવાનુ કારણ નથી કેમ કે ભાષા અને સાહિત્ય તે પ્રજા-જીવનના પ્રતિબિમ્બ છે એ જીવનનો વાણીમય સાક્ષાત્કાર છે, અને આપણા પ્રજાજીવનમા ઇશ્વરયોજનાથી પાશ્ચાત્ય સંપર્કને પરિણામે નવી જાગૃતિ આવી છે તેથી કાલક્રમે જીવનવિકાસ થયા વિના રહે-વાનો નથી આ વિકાસ જેમ જેમ સબળ રૂપ થશે, આપણા જીવનમા તત્ત્વજ્ઞાન વિજ્ઞાન, કવિત્વભાવના, ઇત્યાદિ વ્યાપારો ખરેખરા પ્રવેશ કરશે, પ્રજાની નાડીનાડીમા જ્ઞાનનુ રુધિર વહન કરશે, તેમ તેમ આપણી ભાષા અને સાહિત્ય અનુકૂલ રૂપ અવશ્યમેવ ધારણ કરશે

આ દૃષ્ટિએ પ્રજાના સાસારિક, ધાર્મિક અને રાષ્ટ્રીય જીવન અને ભાવનાઓ જોડે ભાષા અને સાહિત્યનો સબન્ધ પ્રગટ થશે, સાક્ષાત્ તે તે જીવનના અંગના સાહિત્યથી ભિન્ન, પણ સસાર, ધર્મ અને રાષ્ટ્રના પ્રાણથી અનુપ્રાણિત થઈને ભાષા તથા સાહિત્યના સ્વરૂપ ઘડાય છે તે રીતે સબન્ધ આવશે બાકી એ ત્રણ વિષયમા સાહિત્યપરિષદના વ્યાપારને અતિક્રમણ કરવા દેવો ન જોઈએ, કેમકે આપણી પરિષદ તે સાહિત્યપરિષદ છે, સાસારિક, ધાર્મિક, કે રાષ્ટ્રીય પરિષદ નથી અલબત્ત સાહિત્યનો સબન્ધ આ ભાવનાઓ જોડે આવવાથી શુદ્ધ સાહિત્યની સ્વતન્ત્રતાનો કાંઈક લોપ થાય છે, કેમકે શુદ્ધ સાહિત્યના અધિષ્ઠાતા મહાન નાયકોના ગ્રન્થો તો માનવજીવનની વિશાળ ભૂમિ ઉપર વિસ્તીર્ણ મન્દિર ચણીને સ્થિતિ કરે છે શેક્સપીઅર, મિલ્ટન, ડેન્ટી, વાલ્મીકિ, કાલિદાસ, ભવભૂતિ, ઈત્યાદિ આખી પૃથ્વીના કવિ-ઓ—અમુક દેશકાલના નહિ પણ આખા જગતના કવિઓ—તે તો આ ઊંચા પાયા ઉપર જ ઊભા રહે છે આ વિચારતા તો અમુક દેશકાલના સંકુચિત લક્ષણ વડે મર્યાદિત થયેલા વિષયની કવિતાને જ કવિતા તરીકે લેખનારાઓ સર્વકાલીન કવિતાનુ સ્વરૂપ જ ભૂલી જાય છે તે સહજ જણાશે આપણી સાહિત્યપરિષદે વિશિષ્ટકાળનુ તેમ જ સર્વકાલીન સાહિત્ય એ બને તરફ દૃષ્ટિ કરવાની છે, જો કે ઘણી-વાર અમુક સાહિત્ય સર્વકાલીન થશે તે વાત થોડો વખત અગમ્ય રહે છે વળી આ, સર્વકાલીન અને સાર્વદેશિક સાહિત્યને પણ ભાષા તો કવિની—ગ્રન્થકર્તાની—પોતાના દેશની જ સાધન રૂપે વાપરવી પડે અને તેથી કરીને અમુક મર્યાદામા દેશીય અંશ પ્રવેશ પામે જ.

આ પક્ષે સ્વભાષાની શુદ્ધિ, વૃદ્ધિ, સમૃદ્ધિની તપાસ પ્રસ્તુત બનવાની જ.

ત્યારે આપણા સાહિત્યને અને આપણી ભાષાને સમૃદ્ધ કરવા માટે ઉપાયયોજના શી? પાશ્ચાત્ય જ્ઞાનના તેજ.પ્રવાહે આપણને માર્ગ દેખાડ્યો છે તે તરફ નજર કરીશું તો જણાશે કે આપણા પ્રાચીન સાહિત્યનો અભ્યાસ તેમ જ પાશ્ચાત્ય સાહિત્યનો અભ્યાસ જે રીતે વધારે પ્રસાર પામે અને વધારે દઢરૂપ થાય તે રીતે પ્રયાસ કરીએ એ એક મુખ્ય સાધન છે. આપણા પ્રાચીન સાહિત્યમાં સંસ્કૃત તેમ જ પ્રાકૃત સાહિત્યનો સમાવેશ થઈ જાય છે તે કહેવાની જરૂર નથી. આ સાહિત્યનો અભ્યાસ તે જાતે જ અન્તિમ લક્ષ્ય નથી—અલબત તેમ માનીને એ અભ્યાસ તીવ્ર વિદ્વત્તાથી થઈ શકે, તે જુદી વાત. પરંતુ એ અભ્યાસથી પ્રજાજીવનનો સાક્ષાત્કાર કરનારી ભાષાનો ને સાહિત્યસમૃદ્ધિનો ઇતિહાસ જોઈ એમાંથી કાલાનુસાર આપણી સમૃદ્ધિ વધવાના માર્ગ શોધવામાં એ અભ્યાસનું છેવટ સાર્થક્ય છે. તેમ ન થાય તો કેવળ પુસ્તકપંડિતોના નિષ્ફળ જીવનથી દેશને જે હાનિ થાય તે થવાની. પંડિતોના જ્ઞાનનો દેશસેવામાં વિનિયોગ થાય તે સાફલ્ય પ્રાપ્ત ન થવાનું.

માટે કાલાનુસાર આપણી ભાષાની સમૃદ્ધિ વધારવા માટે યોગ્ય મર્યાદામાં (ભાષાનું વ્યક્તિત્વ જાળવી રાખીને) ઉદારભાવથી શબ્દો, વચનો, વિચારો, ઇત્યાદિના ઉમેરાથી, અને સાહિત્યની સમૃદ્ધિ નવીન ભાવનાઓના યોગ્ય ઉમેરાથી—જે રીતે થાય તે તરફ આપણી પ્રયાસપ્રવૃત્તિ થવાની જરૂર છે. અલબત, આ ભાવનાઓ આપણા વ્યક્તિજીવનમાં તેમ જ પ્રજાજીવનમાં સ્વાભાવસિદ્ધ જેવી બની હશે તો જ પરિણામી સાહિત્ય સજીવ, સત્ય, અને સમર્થ થશે. કવિતા લખનાર કવિ જે ભાવનાને પોતાની કૃતિમાં મૂર્ત રૂપ આપે છે, તે ભાવના તરફ કવિને અન્તઃકરણમાંથી શ્રદ્ધા, પૂજ્યભાવ હોય તો એની કવિતા અકૃત્રિમ અને સત્ય ભાવવાળી થશે. અને એ સત્ય ભાવના ગુણ માટે તે તે ભાવના તરફની શ્રદ્ધા આત્મબલિદાનની પણ માગણી કરે છે. ઉદાહરણ તરીકે, દેવસેવાની ભાવના લ્યો. એ ભાવના માટે જ્યાં સુધી આત્મબલિદાનની તત્પરતા નહિ હોય ત્યાં સુધી એ ભાવનાના તરફ ખરી શ્રદ્ધાની ખામી જ રહેશે, અને ત્યાં સુધી

એ ભાવનાનું સાહિત્ય કૃત્રિમ અને સત્યભાવ વિનાનું, નિર્જીવ, દામ્ભિક બનશે

ભાષાસમૃદ્ધિ વધારવા માટે ઉદાર ભાવ રાખી સર્વ સ્થળેથી શબ્દાદિકનો સ્વીકાર કરવો એ પક્ષને મર્યાદાની જરૂર તો છે જ સર્વસ્વીકારની પદ્ધતિ એવી પણ ન થવી જોઈએ કે ભાષાની વિશુદ્ધિને હાનિ પહોંચે 'મોકલી આપવું,' 'શું ચિન્તા,' ઈત્યાદિ દૂષિત પ્રયોગોને માટે, તેમ જ અંગ્રેજી ભાષારૂઢિના તરજૂમિયા ઉતારા, અંગ્રેજી વાક્યરચનાની કઢંગી નકલો, ઈત્યાદિ માટે, ભાષાના જીવન તત્ત્વની દૃષ્ટિએ જોતા, કશો પણ બચાવ નથી આવા પ્રયોગોની અશુદ્ધિનું બીજ તપાસવા જઈશું તો જણાશે કે પ્રજાજીવન સાથે વિરોધ એમા કોઈને કોઈ રૂપે સમાયેલો હોય છે પ્રજાજીવનમાથી જે પ્રયોગો સ્વાભાવિક વિકાસક્રિયાથી પ્રગટ થતા નથી તે ભાષાની વિશુદ્ધિને ક્ષતિકર બને છે અંગ્રેજીમા a storm in a tea cup' એ કહેવત છે તેના પ્રતિબિમ્બરૂપે આપણી ભાષામા કોઈ કહેવત ન જડે તે માટે "ચાના પ્યાલામા તોફાન" એમ કહેવત ઘડી કાઢીશું તો તે પ્રજાજીવનનું પ્રતિબિમ્બ તો નહિ જ બને એ જ રીતે ગુજરાતી કહેવત "સો દહાડા વહુના" એનું અંગ્રેજીમા રૂપાન્તર કરવા જતા તેવી જ વિફલતા થવાની પ્રજાના નિત્યજીવનમા ચાનો પ્રવેશ સંપૂર્ણ ઓતપ્રોત થઈને એ પ્રકારની કહેવત આપોઆપ ભવિષ્યમા સ્વાભાવિક વિકાસથી ઉદ્ભવ પામે તો જુદી વાત પરન્તુ ચાનો પ્યાલો નગરવાસીમા તેમ જ ગ્રામવાસીમા પણ પ્રવેશ પામ્યો છે છતા જીવનમા ઓતપ્રોત નથી, અને જીવનાંગ નથી, જીવનને બહારથી વળગાડેલો પ્રકાર છે ભાષાનો વિકાસ પ્રજાજીવનમાથી થાય છે એ તત્ત્વ અહિં આકસ્મિક રીતે સૂચિત થાય છે

માટે ભાષાના જીવનનું રક્ષણ કરવું એ પણ આપણું કર્તવ્ય છે, બહારના અંશોનો સ્વીકાર, પોતાના વ્યક્તિસ્વરૂપને બાધક ન થાય તે રીતે કરવો એ જેમ ઇષ્ટ છે તેમ, અન્ય પક્ષે, ભાષાના જીવનસ્વરૂપને અનિષ્ટ આક્રમણોથી અસ્પૃષ્ટ રાખી રક્ષણ કરવું તે પણ કર્તવ્ય છે આમ ભાષાના વ્યક્તિજીવનના રક્ષણરૂપી કર્તવ્યને લીધે જ હિન્દી અથવા અન્ય ભાષા ભરતખંડ માટે (સમાન ભાષા નહિ, પણ) એક ભાષા—અનન્ય ભાષા—બનાવવાનો પક્ષ આપણી સાહિત્ય

પરિષદના વ્યક્ત ઉદ્દેશને બાધક બનવાનો રહે છે. આ વિશે અન્ય પ્રસંગે હું સવિસ્તર સ્થિતિપરીક્ષા કરી ચૂક્યો છું.* અહિં પ્રસંગોપાત્ત આટલું દિગ્દર્શન બસ છે.

પ્રજાજીવનનો સાક્ષાત્કાર ભાષામાં છે તો તો ભારત રાષ્ટ્રીય ભાવના માટે આખા ભરતખંડ માટે એક ભાષાની આવશ્યકતા ઉત્પન્ન થઈ જ એમ શંકા નીકળે. પરંતુ જરાક ઊંડો વિચાર કરીએ. પ્રજાજીવન અને રાષ્ટ્રીય જીવન એ સમાન વ્યાપ્તિના શબ્દો નથી; પ્રજાજીવનનો વ્યાપાર રાષ્ટ્રીય જીવનમાં પર્યાપ્ત નથી થતો. સાંસારિક જીવન, ધાર્મિક જીવન, ઈત્યાદિ જીવનના વિવિધ પ્રદેશનો સંગ્રહ એમાં થાય છે. તે દષ્ટિથી પ્રાન્તિક રીતરિવાજ ઈત્યાદિમાં ભિન્નતા અનિવાર્ય છે. ઊંચા ભાવનાઓ સર્વપ્રાન્તોને સમાન હોય તે ખરું. પણ ભાષા કાંઈ ઘડી ઘડાતી નથી, કે ભાંગી ભંગાતી પણ નથી. એ તો પ્રકૃતિના નિયમોને વશ ઉગનારું વૃક્ષ છે. બીજું, રાષ્ટ્રીય ભાવના હજી આદિમ બંધાવાની હાલતમાં છે, તેનો સાક્ષાત્કાર હજી પ્રજાજીવનમાં આભ્યન્તર વિકાસમાંથી નથી થયો, બાહ્ય સંસ્કારના રૂપમાં જ છે,—ઈત્યાદિ સ્થિતિ વિચારીશું તો ઉપર કાઢેલી શઙ્કાનો નિરાસ થઈ જશે.

આપણી ભાષાનું મરણ ન થવા દેવું—આ એક આપણે સંભાળવાનું છે. ડોક્ટર ફ્લીટ જે વખતે શોલાપુર જિલ્લામાં કલેક્ટર હતા તે વખતે એમના પ્રસંગમાં હું આવ્યો હતો. તે અરસામાં વાતપ્રસંગે એમણે કહ્યું કે દેશી ભાષાઓના વિકાસ માટેના પ્રયાસો વ્યર્થ છે, વખત જતે અંગ્રેજી ભાષા તે જ હિન્દુસ્તાનની ભાષા થવાની છે. આ વિલક્ષણ મતનો ઉત્તર મેં અન્યત્ર** આપ્યો છે. આપણી પ્રાન્તીય ભાષાનો ઇતિહાસવિકાસ એ મતને ખોટો પાડશે, એમ તે સ્થળે મેં દર્શાવ્યું છે. અહીં એટલું ઉમેરું છું કે હિન્દુસ્તાનના લોકોના પ્રાચીન કાળથી વિકાસ પામેલા સુધારાનો ઇતિહાસ ભૂલી જઈને એમને અમેરિકાના ઇંડિયનોની સાથે સમાન કક્ષામાં મૂકનારા કેટલાક એમ કહે છે કે એ અમેરિકાની જંગલી પ્રજાની

* "ભરતખંડ માટે એક ભાષા" એ નિબન્ધ, ત્રીજીગુજરાતી સાહિત્ય પરિષદના રિપોર્ટમાં પ્રગટ થએલો જુવો.

** "ભરતખંડ માટે એક ભાષા"એ નિબન્ધ પૃ–ક ૩૭–૩૮ ('ત્રીજી સાહિત્યપરિષદનો રિપોર્ટ').

પેઠે હિન્દુસ્તાનની પ્રજા પણ નાબૂદ થશે તેના જેવો જ આ મતમાં ઇતિહાસ અને વસ્તુસ્થિતિનો અનાદર પ્રગટ થાય છે જો ભરત-ખંડની પ્રજા અસ્તિત્વમાંથી લુપ્ત થશે, ભરતખંડમાંથી શુદ્ધ પ્રાચીન ધર્મનું સ્વરૂપ ભુંસાઈ જઈ સર્વત્ર ક્રિશ્ચિઆનિટી વ્યાપશે, તો બેશક પ્રાન્તીય ભાષાઓનો નાશ થશે પણ હજી તે સમયને બહુ વાર છે

પણ જે રીતે સંસ્કૃત ભાષા હાલના સમયમાં મરણ પામેલી જ ગણાય તેમ આપણી ભાષાઓનું મરણ થશે તો કેમ? સંસ્કૃત ભાષા તે હવે જીવનની ભાષા કોઈ પ્રદેશમાં નથી (વસ્તીપત્રકના રિપોર્ટમાં નિરન પ્રદેશમાં સંસ્કૃત ભાષા બોલાતી કહેલી છે ખરી, પરંતુ તે માત્ર ૭૧૬ જણા બોલે છે એમ કહેલું છે, અને એ જીવનભાષા તરીકે હોવા વિશે સંશય છે) આ પરિણામ આપણી ભાષા ન પામે તે માટે સંસ્કૃત ભાષાના મરણના કારણો તપાસીશું તો આપણને બચાવનો રસ્તો જડશે સંસ્કૃત ભાષાએ પોતાના સ્વરૂપમાં જોઈએ તેટલી સ્થિતિસ્થાપકતા જાળવી નહિ, પોતાના પરિવેષ્ટનો ('એન્વીરોન્મેન્ટ્સ')—આસપાસ વીંટાયલા બળો—ની સાથે યોગ્ય અનુકૂલતા, સમયોચિત ફેરફાર કરવાની ક્રિયા તરફ વલણ ન રાખ્યું, અને બહુધા અણનમકણી લોખંડ જેવી સ્થિતિ પકડી રાખી, પ્રજાના આન્તર જીવનમાં પ્રવર્તિત થયેલા રૂપાન્તરોને મૂર્ત કરવા માટે તે તે પ્રમાણમાં ભાષામાં રૂપાન્તરો ન થવા દીધા, તેથી સંસ્કૃત ભાષા પરિણામે મરણ પામી માટે આપણે મરણભય ટાળવા માટે આપણી ભાષાને એ આગ્રહી સ્થિતિમાં અક્કડાઈ જવા દેવી નહિ એ મુખ્ય પ્રતિબન્ધક ઉપાય છે પરંતુ સામે એ પણ સંભાળ રાખવાની જરૂર છે કે આપણી ભાષાનું જીવનબિન્દુ અન્તઃસ્વરૂપ તજી દઈને વિદેશી સ્વરૂપો અવિચારથી સંઘરવા ન જોઈએ નવીન ભાવનાદિક આસપાસ આવીને અનુપ્રાણન કરે તો તે વખતે ભાષાના ઇન્દ્રિયદ્વારો બંધ પણ ન રાખવા પરિવેષ્ટનોમાંના પ્રતિકૂલ હોય તે જોડે યુદ્ધ કરવું અને અનુકૂલ હોય તે જોડે આલિંગન કરી એનો પ્રાણ મેળવી દેવો આમ सर्वनाशे समुत्पन्ने अर्धं त्यजति पण्डित એ બોધનો સારો ઉપયોગ કરવો, મૂર્ખ પંડિતોએ કર્યો હતો તેવો નહિ

ભાષાને મરણમાંથી બચાવવા માટે આ સામાન્ય ધોરણ બસ છે અલબત્ત, પરમ અન્તે તો મરણ સર્વનું છે જ, ભાષા, શાસ્ત્ર, સાહિત્ય,

ઇત્યાદિ સર્વનું. પરંતુ તે પ્રલયકાળના સમયના વિનાશ માટે ખેદ પણ નથી કરવાનો, અને તેટલા માટે દુનિયા ચાલે છે ત્યાં સુધી તો ભાષાના રક્ષણ માટે પ્રયાસ કરતાં અટકવાનું પણ કારણ નથી. એ પ્રયાસ કરતે આપણે ધ્યાનમાં રાખવાનું છે કે દેહ કરતાં મનોવ્યાપાર અધિક પ્રભાવવાળી વસ્તુ છે, અને મનોવ્યાપારના વિચારમય રૂપને પૂર્ણ બળમાં પ્રગટ કરવાનું સામર્થ્ય કોઈ પણ માનવભાષામાં નથી; ભાષા તે વિચારપ્રકટનનું આખરે અલ્પબળ સાધન છે; છતાં તે સાધનમાં આપણાથી બને તેટલું સામર્થ્ય પૂરવું એ આપણું લક્ષ્ય જોઈએ. બીજું ધ્યાનમાં રાખવાનું એ છે કે આ યુગમાં, જગતના દૂર દૂર દેશનાં સ્થળો વચ્ચે પરસ્પર ગાઢ વ્યવહારસંબન્ધના યુગમાં, કોઈ પણ છૂટક પ્રજા જગતનાં ચાલક બળો ('વર્લ્ડ ફોર્સીઝ')થી અસ્પૃષ્ટ રહી શકશે નહિ, તેથી ભાષા ઉપર પણ એ વ્યાપક બળોની અસર પહોંચવાની જ. તેટલે અંશે ભાષાને બાહ્ય સંસ્કારોથી બચાવવાનો વ્યર્થ પ્રયાસ ન કરવો તે ખરું છે. તથાપિ ભાષાનું વ્યક્તિરૂપ સાચવવાનો પ્રયાસ તે આ તત્ત્વને બાધક નહીં બને. મેં અન્ય પ્રસંગે * દર્શાવ્યું છે તે પ્રમાણે યુરોપખંડમાં પંદર વર્ષ ઉપરાંતથી દેશદેશની ભાષાનું સ્વતંત્ર સાહિત્યમય બંધારણ થવાનું વલણ શરૂ થયેલું છે અને એનું પ્રાબલ્ય ચાલુ છે; અને વિશ્વનાં ચાલક બળોની વ્યાપકતા ઉપર કહી તે, ધ્યાનમાં રાખતાં એ બળનો પ્રભાવ આપણા દેશની પ્રાન્ત ભાષાઓ ઉપર પણ થવાનો, અર્થાત્ ભાષાનું વ્યક્તિસ્વરૂપ બાંધવું તથા વિકસાવવું એને પણ વિશ્વનાં ચાલક બળોમાં સ્થાન છે. આમ છતાં બીજાં ચાલક બળોની પ્રવૃત્તિ પણ ભેગભેગી થવાની; —જેવાં કે માનવ જાતિમાં બન્ધુતા સાધનારાં, એકીકરણ કરનારાં, આત્મિક બળો. આ બળો ભાષાના વ્યક્તિવિકાસને પોષક થાય એમ સમન્વય સાધવો, અને ભાષાને પણ એ એકીકરણ સાધનારાં આત્મિક બળોનું સાધન બનાવવું, એ તો પરમોત્તમ સેવા ગણાશે.

ગુર્જર ભાષા તથા સાહિત્યનું ઇતિહાસદર્શન

આપણી ભાષા તથા સાહિત્યની વિશુદ્ધિ જાળવવાની સાથે એ એને સમૃદ્ધ કરવાનું કર્તવ્ય આપણે શિર આવ્યું છે. એ બજાવવામાં

* 'ભરતખંડ માટે એક ભાષા'' એ નિબન્ધ પૃાઠ क ૧૨, क ૧૩, 'ત્રીજી સાહિત્યપરિષદનો રિપોર્ટ' જુવો.

ખરો માર્ગ જાણવા માટે એ બનેની હાલની સ્થિતિ અને પૂર્વનો ઇતિહાસ સક્ષેપમા જોઈ જવાની કાંઈક જરૂર લાગે છે આજ જે સ્થાને હુ ઊભો છુ તે સ્થાનના મારા પૂર્વાધિકારિઓમાથી એ જણે આપણી ભાષા તથા સાહિત્યનુ ઇતિહાસદર્શન વિદ્વત્તાથી અને વિશાલ દૃષ્ટિથી કાંઈક વિસ્તૃત રૂપે કર્યું છે, એટલે એના એ પ્રદેશમા સચરણ કરવુ હવે આવશ્યક કે ઇષ્ટ નથી માત્ર એ ઇતિહાસ-દર્શનની પુરવણીરૂપે તેમ જ સ્વતન્ત્ર સક્ષિપ્ત રેખાલેખન રૂપે હુ થોડુ ક કહી જઈશ

ભાષા

પ્રથમ ભાષાનો ઇતિહાસ તથા સ્થિતિ લઈશુ આપણી ભાષા સસ્કૃતમાથી સર્વાશે સાક્ષાત્ ઊતરી આવી નથી, વચલા ગાળામા પ્રાકૃત, અપભ્રશ, ઇત્યાદિ ક્રમોમા થઈને હાલનું સ્વરૂપ ઘડાયુ છે, એ સ્વરૂપમા सस्कृतसम, संस्कृतभव, અને सास्कृतभिन्न એ ત્રિવર્ગ શબ્દોના સમહ સમાયા છે, ઇત્યાદિ સત્યોથી વિદ્વાનો એટલા પરિચિત થઈ ગયા છે કે એ સર્વેની વિગતોમા ઊતરવાની અને પુનરુક્તિ કરવાની કશી જરૂર નથી માટે અપભ્રશથી જ આપણા સિંહાવલોકનનો આરમ્ભ કરીએ અપભ્રશ, મધ્યકાલીન અપભ્રશ, અન્તિમ અપભ્રશ (અથવા જેને ડૉ ટેસિટોરી ‘ જૂની પશ્ચિમ રાજસ્થાની ’ કહે છે તે), આરમ્ભ-કાળની ગુજરાતી, મધ્ય ગુજરાતી, અને આધુનિક ગુજરાતી—એ ક્રમમા આપણી ભાષાનો ઇતિહાસ ચાલ્યો આવેલો જણાય છે આ સર્વ ભાષાક્રમોના સ્વરૂપદર્શક ઉદાહરણો તે તે કાળના સાહિત્યમાથી ઉતારવાની જરૂર નથી રા કેશવલાલ ધ્રુવના બીજી સાહિત્યપરિષદ વખતના પ્રમુખપદથી કરેલા ભાષણમા, તેમ જ અન્ય વિદ્વાનોના જુદા જુદા લેખોમા એ પ્રકારનું સ્વરૂપદર્શન થઈ ચૂક્યુ છે તેથી આજ હું અન્ય માર્ગ પકડીશ તે તે સમયની ભાષાના ગુજરાતીના હાલ સુધીના વિકાસ જોડે નિકટ સબન્ધ રાખનાર વાગ્વ્યાપારના લક્ષણદર્શી સ્વરૂપોનુ સક્ષિપ્ત દર્શન જ હુ કરી જઈશ

અપભ્રશમા પ્રવર્તતા મુખ્ય વાગ્વ્યાપાર —

(૧) રેકારનો (વિકલ્પે) લોપાભાવ,

આ તત્ત્વને લીધે સ प्रकटमाथी ગુજરાતીમા ‘પ્રગટ’ એ શબ્દ રકાર સહિત આવ્યો છે.

(ટીપઃ—ट નો ड આહીં નથી થયો તેટલે અંશે આ શબ્દ સાક્ષાત્ તદ્ભવ ગણવામાં બાધ આવશે, કેમકે બીજાં રૂપાન્તરો પ્રાકૃતઅપભ્રંશદ્વારા થયેલાં છે. તેથી ट નો ड ન થયો તે અપવાદસ્વરૂપ ગણવું ઠીક છે). विक्रय–વકરો. आश्रय–આશરો એ પણ આ પ્રકારનાં ઉદાહરણો છે.

(૨) अभूतोऽपि क्वचित् (' સિ. હે.', ૮–૪–૩૯૯) એ સૂત્રને આધારે રકારનો અકારણ ઉમેરો.

ઉદાહરણઃ—સં. शाण, ગુજ૰ 'સરાણ' (श्राण એમ થઈ પછી વિશ્લેષ થઈ 'સરાણ');

સં. पक्ष–पक्खं–પાંખું–પ્રાંખું–પડખું;

સં. कोटि–कोडि *–ક્રોડ–કરોડ (દસ લાખથી દસગણી સંખ્યા);

સં. तुष्टः–तुट्ठो–ત્રૂઠ્યો;

(ટીપઃ—આં ર કારનો ઉમેરો અકારણ તો ખરો જ, પરંતુ કાંઈક સંસ્કૃતનો ભાસ આપવાનો લોભ એ પણ પ્રવર્તક કારણ હોય; એક દક્ષણી પાઘડી બાંધેલા ગુજરાતી પુરુષને પૂછ્યું કે તમે આવી પાઘડી કેમ બાંધી છે? તો ઉત્તર મળ્યોઃ—"હમે અસલથી જ **દ્રક્ષણી** પાઘડી બાંધીએ છીએ." આ ખરી બનેલી વાત પછી, પેલા ગામડાનો અભણ બ્રાહ્મણ સાસુ આગળ સંસ્કૃત ભણ્યાનો ડોળ બતાવવાને બોલ્યો હતો કે—"ત્રેક્ષી ખ્રીટિયેથી અબ્રોટિયું લ્રાવો" તે બનાવટી ઉપહાસવાર્તાનું પ્રયોજન રહેતું નથી.)

(૩) (અનાદિ અસંયુક્ત) क નો ग;

સં. प्रकटनुं પ્રગટ; प्रकरण પગરણ; मुकुटनुं મુગટ; द्यूतकारनुं જુગાર; रत्नाकरनुं રતનાગર; व्यक्तिनुं વિગત; ઇત્યાદિ.

(૪) लिङ्गमतन्त्रम् ('સિ. હે.', ૮–૪–૪૪૫) એ સૂત્રની પ્રવૃત્તિ ગુજરાતીમાં બહુ થાય છેઃ—मित्रं, उत्तरं, पत्रं, मुकुटं, ઇત્યાદિ નપુંસકલિંગના ગુજરાતીમાં મિત્ર, ઉત્તર, પત્ર, મુગટ, ઇત્યાદિ

* સચેદીના નાનજિયાણીએ પ્રસિદ્ધ કરેલા 'ખોજાવૃત્તાન્ત,' માં ખોજાઓના કેટલાક પદોના નમૂના આપ્યા છે, તેમાં (પૃષ્ઠ ૨૦૭ તથા ૩૧૨-૩૫૨) 'કોડી' તેમ જ 'કોડ' શબ્દ પણ છે. એ પદોના સમયનો સ્પષ્ટ ઉલ્લેખ આપ્યો નથી.

પુલિંગ શબ્દો થયા છે, वृक्ष સંસ્કૃતમાં પુલિંગ તે ગુજરાતીમાં નપુંસકલિંગ છે, 'પાંખ' સ્ત્રીલિંગનું સંસ્કૃત મૂળ 'पक्ष' પુલિંગ છે; 'આંખ' સ્ત્રીલિંગનું સંસ્કૃતમાં મૂળ 'अक्षि' નપુંસકલિંગ છે, ઇત્યાદિ ઇત્યાદિ

(૫) क પ્રત્યયનો બહુ છૂટથી ઉપયોગ, એમાં—

(क) क् નો લોપ, અને આ क પ્રત્યયને યોગે તથા લોપ થતાં પુલિંગના શબ્દો (પ્રથમા એક વચનના રૂપનાં) ને અંતે अउ અને નપુંસકમાં अउ,

(ख) આ क પ્રત્યય ન લાગે ત્યારે પુલિંગ શબ્દોને અંતે उ અને નપુંસકને અન્તે પણ उ, ('સિ હે', ૮–૪–૩૩૧–ને આધારે અન્તે उ અને ૮–૪–૩૫૪ને આધારે उ થાય છે)

(ग) આ क પ્રત્યયનો ઉમેરો કેવળ યદૃચ્છામૂલક ન હોઈ સ્વરભાર ('એક્સ ટ')ને અનુસરીને એનું અસ્તિત્વ અથવા અભાવ જણાય છે, અન્તોદાત્ત શબ્દોને क પ્રત્યય લાગતો, અને બીજાને નહિ,

(घ) આ સ્થિતિને પરિણામે ગુજરાતીમાં પુલિંગમાં ઓકારાન્ત તેમ જ અકારાન્ત શબ્દો નજરે પડે છે, તેમ જ નપુંસકલિંગમાં ઉકારાન્ત તેમ જ અકારાન્ત શબ્દો જોઈએ છીએ—એ દ્વિધા સ્થિતિનું સમાધાન મળે છે

ઉદાહરણ — પુલિંગ— નપુંસકલિંગ—

घोटक	घोडउ	ઘોડો,	मृतक	मडउ	મડું,
धवलक	धवलउ	ધોળો,	भाजनक	भाणउ	ભાણું
पादक	पायउ	પાયો,	अग्रनक	अगणउ	આગણું
मर्कटक	मक्कडउ	માંકડો			
शब्द	सद्द	સાદ,	नयन	नयण	નેણ,
मत्कुण	मक्कुण	માકણ	वचन	वयण	વેણ,
			गृह	घर	ઘર,
			दुग्ध	दुद्ध	દૂધ

આ શિવાય કાનો, કાન (સં. कर्ण), ગામો, ગામ (સં.

गर्भः); દાંતો, દાંત (સં. दन्तः); વાંસો, વાંસ (સં वंशः)-ઇત્યાદિ વૈકલ્પિક રૂપો ભિન્નાર્થ પ્રસંગે થાય છે. ત્યાં અર્થભેદે સ્વરભારનો ભેદ હશે એમ કલ્પના ઉપસ્થિત થઈ શકે એમ છે.

આ સ્વરૂપ વિશે સવિસ્તર ચર્ચા મેં "ગુજરાતી ભાષાનું બંધારણ" એ વિષયના લેખમાં કરેલી છે. ('વસન્ત' સંવત ૧૯૬૯ ચૈત્ર તથા જ્યેષ્ઠ, પૃષ્ઠ ૧૩૪-૧૩૬ તથા ૨૪૧-૨૪૭ જુવો).

(૬) अम्हारउ,महारउ, ઈત્યાદિ અપભ્રંશનાં રૂપો: कांई, कवण ઇત્યાદિ આદેશો; विनानुं विणु રૂપ; ઇત્યાદિ અપભ્રંશનાં અનેક રૂપો ગુજરાતીના હાલના શબ્દો જોડે નિકટ સંબન્ધી છે.

અપભ્રંશ પછીના અર્થાત્ મધ્યકાલીન અપભ્રંશનાં તથા અન્તિમ અપભ્રંશના ભાષાવિકાસનાં વિશિષ્ટ લક્ષણો જોઈએ:—

(૧) સંયુક્ત વ્યંજનમાંનો એક લુપ્ત થઈ પૂર્વ સ્વરનું દીર્ઘ થવું:

ઉદાહરણ: कम्म-કામ; सप्प-સાપ; तिक्खं-તીખું; पुत्त-પૂત, ઈત્યાદિ. 'પ્રબન્ધચિન્તામણિ' (વિ. સં. ૧૩૬૧)માં જે જે નમૂના દેખાય છે તે ભાષા આશરે સૈકા પૂર્વની રા. કેશવલાલ ગણે છે. તો વિ. સં.ના ૧૩ મા સૈકામાં હજી સંયુક્ત યથાવત્ રહેલો નજરે પડે છે. तुट्टि, सक्कर. मक्कड, तिक्खा हत्थ, ઈત્યાદિ રૂપો એમાં હજી છે.

વિ. સં.ના ૧૪મા—૧૫મા સૈકામાં આ સ્થિતિ બદલાઈ ઉપર કહેલો રૂપવિકાર નજરે પડે છે. 'મુગ્ધાવબોધઔક્તિક' (વિ. સં. ૧૪૫૦)માં 'નીચાઈ,' 'પાધરી', ઇત્યાદિ શબ્દો જોઈએ છીએ; 'વસન્ત-વિલાસ'(વિ. સં. ૧૫૦૮)માં मूकए, चूकए, दीठउ, लगी એ રૂપો દેખીએ છીએ; 'કાન્હડદેપ્રબન્ધ'(સં. ૧૫૧૨)માં વાત, સાપ, લાગ. માગ એમ શબ્દો જોઈએ છીએ.

ડૉક્ટર ટેસિટોરી કહે છે કે આ રૂપાન્તર ઈસવી સનના ૧૪મા સૈકા(વિ. સં. ૧૩૪૪થી પૂર્ણ

થતા સૈકા)ની ખહુ પૂર્વેથી શરૂ થયુ હતુ कहिज्जइ, भणिज्जइ ને બદલે कहीजे, भणीजे એ રૂપો 'પ્રાકૃતપિંગલ' નામના ગ્રન્થમા દેખા દે છે પરતુ એ જ પડિત બતાવે છે તેમ 'પ્રાકૃતપિંગલ'ની ભાષાનો સબન્ધ જૂનો પશ્ચિમ રાજસ્થાની જોડે તો આડ નતરો જ છે એટલે ગુજરાતીની પૂર્વજ ભાષાઓમા કદાચ આ રૂપાન્તર કાઈક મોડુ થયુ સભવે, કેમકે 'પ્રાકૃતપિંગલ'ની ભાષાનો સમય ડૉ ટેસિટોરી ઈ સ ના ૧૦માથી ૧૨મા સૈકામા મૂકે છે, અને આપણે 'પ્રબન્ધચિન્તામણિ'મા પ્રતિબિમ્બિત થયેલી વિ સ ના ૧૩મા સૈકાની ભાષામા તો સંયુક્ત વ્યજન કાયમ દીઠો છે આટલી વિશિષ્ટતા રાખીને કહેવાને બાધ નથી કે આ રૂપાન્તર અપભ્રશ અને પ્રાચીન પશ્ચિમ રાજસ્થાનીના વચગાળામા બહુ વહેલુ થયેલુ એમા શક નહિ, વિ સ ના ૧૪મા સૈકામા તો એ થઈ ચૂકેલુ હોવાનો સભવ ઉપર આપણે દીઠો છે ડૉ ટેસિટોરી પણ જે ઉદાહરણો આપે છે તે ઈ સ ૧૫૦૦થી ૧૬૦૦ (વિ સ ૧૫૫૬થી ૧૬૫૬)ની અદરના ગ્રન્થોમાથી આપે છે

(૨) ઉપરના રૂપાન્તરને મળતુ જ બીજુ રૂપાન્તર અનુસ્વારની શિથિલતા અને પૂર્વ સ્વરની દીર્ઘતાનુ છે ઉદાહરણ—चक्क—ચાક, सज्झा—સાઝ, दत्त—દાંત, सिचइ—સીંચે, मुडइ—મૂડે, ઈત્યાદિ

આ રૂપાન્તરની સમયમર્યાદા ઉપર કહેલા સયુક્તલોપની સાથે સાથે જ છે સ ૧૪૫૦નુ 'મુગ્ધાવબોધ' ચાકુડી ઉક્તિ કહે છે, સ ૧૫૦૮નુ 'વસતવિલાસ' ચાકુડી શબ્દ પ્રયોજે છે (આ ગ્રન્થોની ભાષા પોતાની રચ્યાસાલ કરતા પચીસેક વર્ષ પૂર્વની સ્થિતિ દર્શાવે છે એ ધોરણે જ ચાલીએ છીએ)

(૩) અસ્વરિત પ્રથમ શ્રુતિનો લોપ —

ઉદાહરણઃ—उपविशति —उवविसइ — उवइसइ—वइसइ —बइसइ—બેસે.

(ટીપઃ—શાસ્ત્રી વ્રજલાલે તેમ જ કેટલાક આધુનિક વિદ્વાનોએ विशति ઉપરથી 'બેસે' એમ વ્યુત્પત્તિ કાઢી છે તે આ પૃથક્કરણ જોયા પછી ભ્રાન્ત ગણાશે એમ આશા છે.)

अपत्यं–अवच्चं–वच्चं–બચ્ચું;
अस्ति–अच्छइ * –अछइ–છઈ–છે;
अन्यत्–अण्णं–अनइ–नइ–ને;
अरघट्टः–अरहट्टो–રહેંટ;
ઈત્યાદિ.

વિ. સં. ૧૩૪૮માંના બામનેરા (રજપૂતાના)માંના એક શિલાલેખમાં अरहड શબ્દ ('રહેંટવાળો કૂવો' એ અર્થમાં) છે. ** તે ઉપરથી કદાચ જણાય કે આ વિકાર એ સમયમાં હજી પ્રવૃત્ત થયો નહિ હોય. વિ. સં. ૧૪૦૦ની પછી આ લોપ પ્રગટ થાય છે. મેરુસુન્દરના 'પુષ્પમાળ–પ્રકરણ'(પ્રતસાલ સં. ૧૫૨૯ એટલે રચ્યાસાલ ૧૪૦૦ ને ૧૫૦૦ની વચ્ચે સંભવે) પુસ્તકમાં 'બઈઠું' રૂપ નજરે પડે છે.

'મુગ્ધાવબોધઔક્તિક'(સં. ૧૪૫૦)માં 'છઈ' તેમજ 'અનઈ' એ રૂપો છે;

'વસન્તવિલાસ'(સં. ૧૫૦૮)માં 'બઈઠિ' રૂપ છે;

'કાન્હડદેપ્રબન્ધ'(સં. ૧૫૫૨)માં 'છઇ' તેમ 'અછઇ', 'નઈ' તેમ જ 'અનઇ', તથા 'બઈસિઈ' એ રૂપો છે;

કર્મણમંત્રીકૃત 'સીતાહરણ'માં 'નઇ' રૂપ (=અનઈ) છે.

આમ આ અસ્વરિત પ્રથમ શ્રુતિનો લોપ વિ. સં. ૧૪૫૦ની પૂર્વે શરૂ થઈ ચૂકેલો તે પછી ચાલ્યો આવ્યો છે.

* ડૉ. ટેસિટોરી પિશેલનો આધાર લઈને ऋच्छति ઉપરથી अच्छइ—अछइ ઉપજાવે છે ('ઈન્ડિઅન એન્ટીક્વેરી,' એપ્રીલ ૧૯૧૩, પાન ૫૬); પરંતુ 'પ્રાકૃતપ્રકાશ', પરિચ્છેદ ૧૨, સૂત્ર ૧૯ પ્રમાણે શૌરસેનીમાં अस् ધાતુનો अच्छ् આદેશ છે.

** 'રિપોર્ટ ઑફ ધી આર્કિઑલોજીકલ સર્વે ઑફ ઇસ્ટર્ન ઇન્ડિઆઃ આસિસ્ટંટ સુપરિન્ટેન્ડન્ટ્સ રિપોર્ટ,' પરિચ્છેદ ૪૫, પા. ૫૨.

મરાઠીમા સંસ્કૃત ઉપરિનુ પ્રાકૃત ઉવરિદ્વારા વર થયેલુ છે તે પ્રાચીન મરાઠીમા પણ વર અથવા વરિં જ માલમ પડે છે, તેથી લાગે છે કે આ પ્રથમશ્રુતિલોપનુ તત્ત્વ મરાઠીના આરમ્ભ કરતા પ્રાચીન હોય પરતુ આ માટે વધારે અન્વેષણની જરૂર છે

(૪) 'છે' (પ્રાચીન 'છઇ') એનો સ્વતન્ત્ર ક્રિયાપદ મટી ઉપક્રિયાપદ તરીકે ઉપયોગ,

નવલરામ શાસ્ત્રી કહે છે+ કે સવત ૧૪૦૦ના સૈકા પછી ગુર્જર ભાષામા આ સ્વરૂપ પેઠુ છે, તે પૂર્વે નજરે પડતુ નથી કરોતિનુ અપભ્રશ करइ થયુ તેમા વર્તમાનકાળનો ભાવ પૂર્ણ બળથી બતાવવાની શક્તિ કાલક્રમે જતી રહી ને વધારાનુ 'છઈ' (છે) ઉમેરાઈ 'કરઈ છઈ' એમ પ્રચાર થયો, તે હાલ તો સર્વત્ર વ્યાપે છે.

આ સ્વરૂપ વિ સ ૧૪૦૦ પછી બહુ મોડુ પ્રવેશ પામ્યુ હશે એમ લાગે છે ભાલણ (વિ મ ૧૪૯૫ પછી-નો અર્થાત્ ૧૫૦૦ પછીનો કવિ) 'દીસિછિ' રૂપ ('કાદમ્બરી'મા) વાપરતો જણાય છે 'કાન્હડદેપ્રબન્ધ' ઈત્યાદિક વિ મ ૧૫૦૦-ની આસપાસના ગ્રન્થોમા 'છઈ'નો ઉપક્રિયાપદ તરીકે ઉપયોગ નજરે પડતો નથી વિ મ ૧૭૦૦ પછી એ ઉપયોગ વિશેષ જણાય છે આ વિષે વધારે ધીરજથી તપાસ કરીને પછી નિશ્ચિતતા થાય પરતુ એટલુ તો ખરુ કે વિ સ ૧૫૦૦ની પણ પછી આ પ્રકાર ચાલુ થયેલો

હવે અન્તિમ અપભ્રશ પછીના સમયની ભાષાના મુખ્ય વિશેષક સ્વરૂપો જોઈએ —

(૧) 'અઇ' અને 'અઉ' એ વિશ્લિષ્ટ સ્વરોમા જોડકાનુ 'ઐ' અને 'ઔ'મા રૂપાન્તર;

ઉદાહરણ :—'કરઇ'નુ 'કરૈ', 'ઘોડઉ'નુ 'ઘોડૌ'; ઈત્યાદિ ગુજરાતી ભાષાની ઉત્પત્તિ શોધનારને તરત જણાશે કે આ 'અઇ'–'અઉ' વાળા રૂપ બહુ જ લાબા કાળ સુધી ટકી રહી છેક મવત

+ "હાસ્યમાળા" (ઈ સ ૧૮૭૦), પૃષ્ઠ ૭૪.

૧૭૦૦ સુધી ચાલ્યાં આવ્યાં હતાં; અને તે પછી પણ 'ઇ'–'ઉ' એમ રૂપ લાંબો વખત સુધી રહ્યાં. સંવત ૧૭૫૦ પછી 'એ' અને 'ઓ' એ રૂપાન્તર થયેલાં લાગે છે.

સંવત્ ૧૫૯૯માં લખાયેલા અમદાવાદના 'ગ્રહણકપત્ર' (ઘરેણા-ખત)માં 'એણઇ', 'છોડવઇ,' 'છૂટઇ', ઇત્યાદિ સંખ્યાબન્ધ રૂપો 'અઇ' જેવા વિશ્લિષ્ટ સ્વરોનો પ્રચાર ત્યાં સુધી ચાલુ હોવાની સાક્ષી પૂરે છે; જો કે સંવત ૧૫૮૨નો "સ્વપ્નાધ્યાય" 'બિશિ' 'પાલીઇ,' 'ઊપજિ,' 'તરિ', આવિ,' ઇત્યાદિમાં ઇકારમાં રૂપાન્તર થયાની ક્રિયા પણ શરૂ થયેલી સૂચવે છે. સંવત ૧૬૦૦ પછીના દસ્તાવેજો વગેરે 'માથિ,' 'છિ,' 'બિશિ,' ઇત્યાદિ રૂપોથી અંકિત છે; સંવત ૧૭૨૮-ના દસ્તાવેજમાં પણ 'બિશિ' રૂપ છે. સંવત ૧૭૫૦ પછી લખાયેલા ગ્રન્થોમાં * 'ચિંતવે,' 'કહેશે,' 'દેશતણા,' 'તેને,' 'તેનો,' 'કરયોં,' 'કરે' ઇત્યાદિ રૂપો લહિયાઓએ કરેલું ભાષાનું રૂપાન્તર સૂચવવાની સાથે એ પણ સૂચવે છે કે તે સમયમાં 'અઇ'–'અઉ' ને બદલે 'એ'–'ઓ' એમ રૂપ રૂઢ થઈ ગયેલાં. માટે સંવત ૧૭૫૦ની સાલની મર્યાદા આ રૂપાન્તર માટે રાખવાને બાધ નથી.

'અઇ'–'અઉ' અને 'એ'–'ઓ' એ રૂપોની વચ્ચેનો અવાન્તર ક્રમ 'ઇ'–'ઉ' નથી; 'કરઇ' અને 'કરે'–એ રૂપોની વચ્ચે 'કરિ' એ રૂપ નથી; વાગ્વ્યાપારની દૃષ્ટિએ તો નથી જ. તે દૃષ્ટિએ તો 'અય્'–'અવ્' એ ક્રમ આવે છે, જે વિશે મેં અન્યત્ર ચર્ચા કરી છે. ('ધી ઇન્ડિઅન એન્ટીક્વેરી,' જાન્યુઆરી ૧૯૧૫, પાન. ૧૭–૧૯). પરંતુ સાહિત્યમાં ઇતિહાસદૃષ્ટિએ પણ 'કરિ'–'બિશિ' એ નમૂનાને વચલો ક્રમ માનતાં અચકાવું પડે એમ છે. કેમકે વાગ્વ્યાપારદૃષ્ટિએ જોતાં 'એ'–'ઓ' તે આ 'અઇ' 'અઉ' ઉપરથી જ ('અય્'–'અવ્' દ્વારા) આવે. આ કારણથી લાગે છે કે 'અઇ'–'અઉ' રૂપ 'ઇ'–'ઉ' ના સમયમાં પણ છેક વિલુપ્ત ન થતાં સામાન્તર અથવા આગળ પાછળ ચાલતાં હોવાં જોઈએ. આ વિશે તે સમયના લખાણોમાં હજી વિશેષ તપાસની જરૂર છે. પરંતુ ઉપર દર્શાવેલા તત્ત્વને બાધ આવવાનો ભય રાખવાનું કારણ નથી.

* નમૂના "ગુજરાતી ભાષાનો ઇતિહાસ" (વ્રજલાલ શાસ્ત્રીકૃત), પૃ. ૬૬–૬૭માં જુવો.

(૨) અનન્ત્ય સ્વર 'ઇ'–'ઉ' નુ અકારમા રૂપાન્તર,

ઉદાહરણ—'વિણુ'નુ 'વણ' (=વિના), 'ચિણુઇ'નુ 'ચણે', 'લુણઇ'નુ 'લણે', 'તિલ'નુ 'તલ', 'લિખઇ'નું 'લખે', 'મિલઇ નુ 'મળે', ઇત્યાદિ

આ રૂપાન્તર માટે પણ ઉપરના રૂપાન્તરની સમયમર્યાદા—વિ સ ૧૭૫૦ અને તે પછીની ઠરાવી શકાય એમ છે સ ૧૭૦૦ પછીના સમયમા પણ 'ઇ'–'ઉ' નજરે પડે છે સ ૧૭૩૨મા રચાયેલા 'પાણ્ડવાશ્વમેધ'નો કર્તા પોતાનુ નામ 'તુલસી' કરીને લખે છે

[ટીપ—મરાઠીમા હજી સુધી પણ આ વિકાર નથી, એ ભાષામા તો 'તલ'ને બદલે तिळ (તીળ) ઇત્યાદિ જ છે * આ કારણથી, આ તુલસીદાસનુ તલસીદાસ, મુકુન્દજીનુ મકનજી, શિવજીનુ શવજી જેવા રૂપોને આગળ ધરીને गुर्जराणा मुखं भ्रष्ट વાળો શ્લોક ગુજરાતી ભાષાનો ઉપહાસ કરવા માટે કોઇ મહારાષ્ટ્રીએ ઘડેલો રૂઢિપ્રવાહમા આરૂઢ થઈ પ્રાચીનતાનો ખોટો ભાસ આપનારો થયો છે ઇકાર ઉકારના આ રૂપાન્તરનો વ્યાપાર ગુજરાતીમા હાલ પણ વિશેષનામમા તો અસસ્કારી વર્ગમા નજરે પડે છે, અને વિચાર–ગુલાબ, ઇત્યાદિને બદલે વચાર–ગુલાબ, ઇત્યાદિ પણ તે જ વર્ગના પ્રયોગો છે, વળી શિષ્ટ ગુજરાતીમા ચણવુ, તલ, ઇત્યાદિ રૂપો પણ સવત ૧૭૫૦ની પૂર્વે જડે એમ નથી, આ સર્વ વિચારતા ગુર્જરોનુ મુખ ભ્રષ્ટ થયાનો ઉપહાસ પાછલા દોઢસો વર્ષની બહુ અદર જ પ્રગટ થયેલો ગણાશે, કેમકે એ રૂપો બહુ રૂઢ થઈ જાય તે પછી ઉપહાસનો વિષય બને, અને તેમ થવાને પચાસ વર્ષ તો જોઈએ]

આ સિવાય બીજા સ્વરૂપો પણ છે, તે ડૉક્ટર ટેસ્સિટોરીએ બતાવ્યા છે × તેમા ત્રણ ધ્યાન ખેચનારા છે —

(૩) 'અ'નો 'ઇ' અથવા 'ય'ના સપર્કથી શકાર, ઉદા —બેશીને ('બેસ'+'ઈ'ને), ઇત્યાદિ,

(૪) લ' નો 'ળ', મળવુ, દળવુ, ઇત્યાદિ

---

* એક અપવાદ છે पुलन (स पुलिन ઉપરથી) આ કોકણની ભાષાના સપર્કનું ફળ હશે

× 'ધી ઇન્ડિઅન એન્ટિક્વેરી', ફેબ્રુઆરી ૧૯૧૪, પા ૨૫

(૫) સહ્યભેદના 'ઇયઇ'ને બદલે 'આય' પ્રત્યય; 'કરિયઇ' ને બદલે 'કરાય,'

(૬) 'શિશિ' જેવાં રૂપ સંવત ૧૫૫૭માં ('ભુવનદીપક'ના ભાષાન્તરમાં) નજરે પડે છે; પણ તેમાં સાથે સાથે 'જોસી' પણ છે. સ્થિરતા પામીને 'સ' નો 'શ' થયાનો સમયતો સંવત ૧૭૫૦ પછી જ ગણી સકાશે.

(૭) 'લ' નો 'ળ' બોલાતાં છતાં 'લ' લખાતો હતો. 'ળ' એ સ્થિતિ છેક પાછલાં પચાસ વર્ષ ઉપર સુધી હતી; તેથી ળકાર ઉચ્ચારનો આરમ્ભ ગુજરાતીમાં કયારે થયો તે કહેવું કઠણ છે. હેમચન્દ્રે 'લોળ.' એમ સૂત્ર પૈશાચી ભાષા માટે આપ્યું છે. તે અહીં કામ નહિ આવે; એમ તો વૈદિક સંસ્કૃતમાં પણ ळ હતો. ડૉ. ટેસિટોરી તર્ક કરે છે કે ળકારનો પ્રચાર પ્રાચીન પશ્ચિમ રાજસ્થાનીના જૂના આરમ્ભકાળમાંથી શરૂ થયો હશે. તો પછી આ સ્વરૂપ ગુજરાતીને જૂની પ્રાચીન રાજસ્થાનીમાંથી પૃથક્ પાડવાનું લક્ષણ કહેવાશે નહિ. પરંતુ હાલની મારવાડીમાં ળકાર નથી પણ લકાર ઉચ્ચાર છે, અને હાલની ગુજરાતીમાં ળકાર ઉચ્ચાર છે. તે જોતાં, ળકારનો આરમ્ભ મોડો જ મૂકવો યોગ્ય લાગે છે. ડૉ. ટેસિટોરીના તર્કને માટે આધાર શો હશે તે ખબર નથી પડતી.

આ જરાક અણધાર્યા લંબાણવાળા સ્વરૂપદર્શન ઉપરથી ગુજરાતી ભાષાના વિકાસક્રમની સમયરેખા નીચે પ્રમાણે આંકી શકાશેઃ—

[અપભ્રંશ—વિ. સં. ૯૫૦ સુધી.]

મધ્યકાલીન અપભ્રંશ—વિ. સં.ના ૧૩મા સૈકા સુધી;

અન્તિમ અપભ્રંશ (=ડૉ. ટેસિટોરીની જૂની પશ્ચિમ રાજસ્થાની) —વિ. સં.ના ૧૩મા સૈકાથી સં. ૧૫૫૦ સુધી;

આરમ્ભ કાળની ગુજરાતી—સં. ૧૫૫૦ થી સં. ૧૬૫૦ સુધી;

મધ્ય ગુજરાતી—સં. ૧૬૫૦થી ૧૭૫૦ સુધી.

આધુનિક ગુજરાતી—સં. ૧૭૫૦ પછી.

આ સમયરેખાઓ દૃઢ મર્યાદાથી આંકેલી નથી એ કહેવાની જરૂર જ નથી; કેમકે સુજ્ઞોને વિદિત જ છે કે ભાષાના પ્રવાહને વચમાં

ભીતો બાંધીને ગોઠવાય નહિ, એમાં તો એક સ્વરૂપમાંથી અન્યસ્વરૂપમાં સંક્રમણ, પ્રકૃતિના જીવનવ્યાપારને અનુકૂળરીતે અણદીઠું થયે જાય છે, અને તેથી કરીને એક સમયના સ્વરૂપો કવચિત અન્ય સમયમાં પણ કેટલોક કાળ ચોભી રહેતા, રઝળતા, નજરે પડે છે.

બીજી એક વાત ધ્યાન ખેંચનારી છે. આધુનિક ગુજરાતી સ્થિરતા પામી તે પૂર્વના સમયમાં ભાષાના શબ્દોનાં રૂપો અન્તર્ગત બંધારણમાં નવા નવા વિકાર પામતા હતા, અને તે સમય સુધી ભાષાનો સ્વરૂપવિકાસ અન્તર્ગત બંધારણનો હતો એ સ્થિતિ આધુનિક ગુજરાતીના સમય પછી બદલાઈ છે હવે અન્તર્ગત બંધારણમાં ફેરફારનો પ્રસંગ નથી (ઉચ્ચારાનુસાર જોડણી પ્રમાણે લખવાની પદ્ધતિથી ભ્રમમાં પડવાનું કારણ નથી, કેમકે વસ્તુત ઉચ્ચારસ્વરૂપ તો ભાષામાં છે જ, અને પ્રાચીન સમયમાં ઉચ્ચાર અને આકાર વચ્ચે ભેદ રાખવામાં આવતો નહોતો) હવે તો નવા શબ્દો અન્ય-ભાષામાંથી આણવાનો, નવા વિચારને પ્રતિબિમ્બ આપવાને સમર્થ શબ્દો યોજવાનો, નવી વાક્યઘટનાના સ્વરૂપો ઉપજાવવાનો સમય છે અર્થાત્ ભાષાના શબ્દોનું બંધારણ તો સ્થિરતા પામ્યું લાગે છે પ્રાચીન અને આધુનિક સ્થિતિ વચ્ચે આ ભેદના અનેક કારણો છે પ્રાચીન સમયમાં દેશમાં રાજકીય રંજકારો અનેક હતા, લખવાની, છાપવાની, સાહિત્ય પ્રચારવાની, અનુકૂળતાઓ નહોતી, લોકોના ઉચ્ચાર ઉપર અંકુશના હાલના જેટલા સાધનો નહોતા, ઇત્યાદિ અનેક બળોના સંયુક્ત વ્યાપારનું ફળ શબ્દોના અન્તર્ગત બંધારણમાં ફેરફાર થવામાં પ્રગટ થતું હતું હાલ તે સ્થિતિ નથી એટલે શબ્દસ્વરૂપો તો સ્થિરતા પામી ચૂક્યા છે એમ કહી શકાય પ્રભુ

હાલની સ્થિતિમાં તો બીજો ક્ષોભકર પ્રકાર પેઠો છે એ પ્રકારના પરિણામમાં આધુનિક ગુજરાતી ખદખદતા ખીચડા જેવી બની છે, શબ્દના આન્તર સ્વરૂપમાં નહિ પણ શબ્દસમૃદ્ધિમાં અને કાંઈક અંશે વ્યાકરણસ્વરૂપમાં સંસ્કૃતમય ગુજરાતીનો મોહ, પારસી ગુજરાતીના અને મુંબાઈની ખીચડિયા ભાષાના અનિષ્ટ અંશનો આદર, ઇત્યાદિ પ્રકારોને લીધે ભાષાની વિશુદ્ધિને ક્ષોભકર સ્થિતિ ઉત્પન્ન થઈ છે એ સ્થિતિને સારે માર્ગે શી રીતે દોરવી તે પરિષદ્નું એક ચિન્તનકાર્ય છે

નરસિંહ, મીરાં, વગેરેના સમયની વ્યાપક ભાષા

એક બીજી વાત લક્ષમાં આવશે. ઉપરની ઇતિહાસચર્ચાથી સહજ જણાઈ આવશે કે મીરાં રજપૂતાનામાં ઉત્પન્ન થઈ, રહી, એણે કવિતા કરી, વળી સૌરાષ્ટ્રમાં આવી વસીને કવિતા કરી,—આમ રજપૂતાનાની આ કવિભક્તાણીના પદો ગુજરાતના લોકો શી રીતે સમજી શક્યાં હશે ? આ શઙ્કાનો ઉત્તર તે સમયમાં ગુજરાત; કાઠિયાવાડ, રજપૂતાના એ વિશાળ પ્રદેશમાં વ્યાપક એક ભાષા હતી એ સ્થિતિથી મળે છે. ‘ કાન્હડદેપ્રબન્ધ ’ની ભાષા, એના કવિનો જાલોરમાં રાજકવિ તરીકે નિવાસ, ઇત્યાદિનું સમાધાન પણ આ સ્થિતિથી મળે છે. આ ખુલાસો પૌષ ૧૯૭૦ના ‘ વસન્ત ’માં (પૃ. ૬૪૮મે) મેં સૂચવેલો; તેને ફેબ્રુઆરી ૧૯૧૪ના ‘ ઇન્ડિઅન એન્ટિકવેરી ’માંના લેખમાં ડૉક્ટર ટેસિટોરીએ અણધારી પુષ્ટિ આપી છે. જે કલ્પના મેં ઇતિહાસ અને સ્વરૂપને આધારે ઉપસ્થિત કરી હતી તે જ અનુમાન ઉપર એઓ જૂના હસ્તલેખોની પરીક્ષાદિકથી સ્વતન્ત્ર રીતે આવ્યા છે. એમણે તે ઉપરથી એમ પણ સાબિત કર્યું છે કે નરસિંહ મહેતાની કવિતા ‘કાન્હડદેપ્રબન્ધ’ની ભાષામાં જ રચાઈ હશે, અને કાલાદિક સંગતિને બળે આધુનિક રૂપમાં આપણી કને આવી છે. વિસ્તાર થાય તેથી એમના શબ્દો અહીં ઉતાર્યા નથી. ડૉ. ટેસિટોરીએ જુદા પ્રકારે સાબિત કરેલી વાત પૂર્વે પણ પંડિતોએ સ્વીકારેલી હતી. નવલરામભાઈ એમના “ ગુજરાતી ભાષાનું ઐક્ય ” નામના લેખમાં લખી ગયા છે કેઃ—

“ આશરે સાતસેં આઠસેં વર્ષ ઉપર જોઈશુ તો માલમ પડશે કે આપણું ભાષાઐક્ય હાલ છે તેથી પણ બહુ જ વધારે હતું: એ સમયના ગ્રન્થો અને પ્રાકૃત ભાષાના અર્વાચીન શોધકોના કહેવાથી સાબીત થયું છે કે એક વખત ઉપર ગુજરાતમાં જ નહિં પણ પંજાબ સિન્ધ, કચ્છ, મેવાડ, મારવાડ, વ્રજ, ખાનદેશ, ઉરિયા અને ઠેઠ બંગાળા સુધી લગભગ એક સરખી જ ભાષા બોલાતી હતી. ”

આ જરાક અતિ વ્યાપક સ્થિતિકથનનો સંકોચ આપવો પડે એમ છે, અને તે સંકોચ જૂની પશ્ચિમ રાજસ્થાની ભાષાના વિસ્તારક્ષેત્રને ડૉ. ટેસિટોરીએ આપ્યો છે, તે ઉપરથી જણાશે. વાત ખરી એમ છે કે નવલરામભાઈએ ઉલ્લેખ કરેલી વ્યાપક ભાષા તે સામાન્યરૂપે પ્રાકૃત ભાષા હતી, તેના વિભાગ માગધી, શૌરસેની,

ઈત્યાદિ હતા જ અને ડૉ ટેસિટોરીના અવલોકનનો વિષય તો ગુજ-રસ્થાન અને ગુજરાત(તળ તથા સૌરાષ્ટ્ર)મા વ્યાપક રૂપે પ્રવર્તતી અન્તિમ અપભ્રંશ (જૂની પશ્ચિમ ગુજરસ્થાની) ભાષા તે હતો

આ સર્વ અવલોકન પછી જણાશે કે ડૉ ટેસિટોરીએ કરાવેલા દર્શન પછી હવે અત્યાર સુધી પાડેલા ગુજરાતી ભાષાના યુગવિભાગમા થોડોક ફેરફાર કરવો પડશે એ ફેરફારની દિશા મે ઉપર બતાવેલી સમયરેખાઓમા બતાવી છે અગાઉ મે એ યુગવિભાગમા થોડોક ફેરફાર સૂચવ્યો જ હતો ' તેમા વધારે પેટાવિભાગ ઉમેરીને વિશિષ્ટ ભાષાલક્ષણોને આધારે અહીં પાચ વિભાગ મે પ્રગટ કર્યા છે સર જ્યોર્જ ગ્રીઅર્સને ' લિંગ્વિસ્ટીક સર્વે ઑફ ઇન્ડિઆ ' ગ્રંથ ૯, ભાગ ૨, ' રાજસ્થાની એન્ડ ગુજરાતી 'મા પૃષ્ઠ ૩૨૭મે 'મુગ્ધાવબોધ'ની ભાષાને ગુજરાતી કહી શકાય એમ કહ્યુ છે, અને અર્વાચીન ગુજરાતી સાહિત્ય નરસિંહ મહેતાની કવિતાથી શરૂ થાય છે એમ કહ્યુ છે તેમજ ' ધી ઇમ્પીરીઅલ ગેઝેટીઅર ઑફ ઇન્ડિઆ,' નવી આવૃત્તિ, ગ્ર ૨જાના પૃ ૪૦૦મે કહ્યુ છે કે ગુજરાતીનુ સાહિત્ય છેક ૧૪મા સૈકાથી ચાલી આવ્યુ છે; તે વિશે મે ઘણા કાળથી સંશયચિહ્નની નોધ અન્ય પ્રમાણોને આધારે કરી હતી, અને આજ કહી શકાય એમ છે કે ડૉ ટેસિટોરીએ સાબિત કરેલી સ્થિતિ જોતા સર જ્યોર્જ ગ્રીઅર્સનના આ વચનો ફેરવવા પડશે

ગુજરાતી સાહિત્યનુ ઇતિહાસદર્શન

હવે આપણા સાહિત્ય તરફ નજર નાખીએ આ સાહિત્યના બે સ્થૂલ સમયવિભાગ કરીશુ, (૧) ઈ સ ૧૮૫૦ (વિ સ ૧૯૦૬) પૂર્વેનુ સાહિત્ય, અને (૨) તે પછીનુ સાહિત્ય પ્રથમ વિભાગમા આવનારા સર્વ કવિઓ પાશ્ચાત્ય સપર્ક પૂર્વેના અથવા એ સપર્કના પરિણામથી અસ્પૃષ્ટ સંસ્કારવાળા આવશે, અને બીજા વિભાગમા તે સપર્ક પછીના અને વધતા ઓછા પ્રમાણમા અને સ્વરૂપમા સપર્કના સંસ્કારવાળા કવિઓ તથા ઇતર લેખકો આવશે પ્રથમ વિભાગના કવિઓની કવિતા વિશે અત્યાર સુધી એટલી બધી ચર્ચા થઈ ગઈ છે કે સર્વ વિદ્યારસિક જન એથી પરિચિત છે

+' વસન્ત ', સવત ૧૯૭૦ કાર્તિક

તેથી એ ખેડાયેલી ભૂમિ ફરીથી ખેડાવામાં શ્રમ અને સમયનો વ્યય કરીશું નહિ: માત્ર એ કવિતાના સ્વરૂપના સ્થૂલ વિભાગો અને રૂપ-રેખાનું સ્મરણ કરી જઈશું. સરળતા માટે પ્રથમ વિભાગનાં સાહિત્ય, કવિતા, અને કવિઓને પ્રાચીન એ વિશેષણ આપીશું અને બીજા વિભાગનાંને અર્વાચીન કહીશું. (આ વિશેષણો આ ચર્ચા માટે જ વાપર્યાં છે; પાછળ થઈ ગયેલી ભાષાદિકના ઇતિહાસની ચર્ચાને તે લાગુ પાડવાનાં નથી).

પ્રાચીન અને અર્વાચીન સાહિત્ય વચ્ચેના ભેદ

પ્રાચીન સાહિત્ય અને અર્વાચીન સાહિત્ય વચ્ચે એક ભેદ સાહિત્યશરીરને સંબન્ધે છે; તે એ કે પ્રાચીન સાહિત્ય પદ્યમય જ છે, ગદ્ય અપવાદ રૂપે નજરે પડે છે; અને અર્વાચીનમાં ગદ્ય તથા પદ્ય બંને સમતોલ છે. પ્રાચીન ગદ્યના છૂટાછવાયા અપવાદરૂપ દાખલા અલ્પ જ છે; એ ગદ્ય સંવત ૧૬૪૩ સુધીમાં છૂટક છૂટક છે.* આ સર્વ નમૂના ગદ્યસાહિત્યનું નામ આપવા જોગ નથી; "વૈશાખ સુદિ લૂણદાન ન દીજઈ," એવાં બોધનાં છૂટક વચનો, અથવા તો 'છાસિસઉં પાકીઉં બીલું પીજઈ હરસ જાઇ,' જેવા ઓસડના ટૂચકા, ઇત્યાદિ તૂટક વાક્યો, અથવા તો "વિપુલં વિસ્તીર્ણં પુલક એ રોમાંચ તીણિ સહિત છિ પૃથુ કહિતાં ઘણૂ વેપથુ એ ધ્રૂજવું," એવી ટીકાનાં વાક્યો, બહુ ભાગે છે; કવચિત માત્ર વાર્તાનું ગદ્ય છે: "પાડલિપુર નગર તિહાં નંદનઉ શત્રુ ચંદ્રગુપ્ત રાજા તેહનઉ પ્રધાન ચાણિક્ય પ્રતિબિમ્બ થકઉ રાજ્ય ભોગવઇ"—ઇત્યાદિ; 'શુકબોહોતરી' (વિ. સં. ના ૧૫મા સૈકાની) વાર્તાનું ગદ્ય; ઇત્યાદિ. નરસિંહ મહેતાના સમયનું 'ગદ્યરામાયણ' તે પણ કથાગ્રન્થ તરીકે અપવાદમાં મુકાશે. આ ગદ્ય તે પ્રાચીનસાહિત્યના વિશાળ પદ્યસિન્ધુની સરખામણીમાં ખાબોચિયાં જેવું છે.

અર્વાચીન ગદ્યનો આરમ્ભ સંવત ૧૮૮૪ (ઈ. સ. ૧૮૨૮)માં બાપુશાસ્ત્રીકૃત 'ઇસપનીતિ' (ભાષાન્તર—મરાઠી ઉપરથી કરેલા)થી

---

* તે પછીના એક બે નમૂના 'નર્મકોશ'ના ગુજરાતી ભાષા વિશેના પ્રકરણમાં છે. પણ તેના સમયનિર્દેશ નથી; ૧૯મા સૈકાના વિભાગમાં મૂકાયા છે

થયો કવિ નર્મદાશંકર આ સ્થિતિ વિશે કહે છે—"સંસારકાળનું પ્રભાત સંવત ૧૮૮૦ પછી થવા માંડ્યું" ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના (ઈ સ ૧૮૪૮=સંવત ૧૯૦૪), તેને અંગે 'બુદ્ધિપ્રકાશ' ચોપાનિયાનો ઉદ્ભવ (ઈ સ ૧૮૫૦=સંવત ૧૯૦૬), 'બુદ્ધિવર્ધક હિન્દુ સભા'ની સ્થાપના (ઈ સ ૧૮૫૧=સંવત ૧૯૦૭), અને તે સભાનું 'બુદ્ધિવર્ધક' માસિક (ઈ સ ૧૮૫૬=સંવત ૧૯૧૨), ઈત્યાદિ અને કેળવણી ખાતાની ઉત્પત્તિને અંગે રચાયલાં પુસ્તકો, વાચનમાળા, ઇત્યાદિ સંસ્કારસાધનો નવીન રૂપમાં પ્રવેશ પામતા ગુજરાતી ગદ્યની ઉત્પત્તિ થઈ નવલરામભાઈએ આ બુદ્ધિવર્ધક સભાના આદ્ય પ્રમુખ રણછોડદાસ ગિરધરભાઈને "ગુર્જરી ગદ્યના પિતા"+ કહ્યા છે, અને તે યથાઘટિત જ છે તે એમની ગુર્જર-ગિરાની સેવાથી વાકેફ માણસો કબૂલ કરશે ×એમના પૌત્ર પણ આ સમયને અનુરૂપ ગુર્જર ગદ્યની સેવા કરે છે, અને આપણી આ પરિષદના કાર્યમાં ધુર્ય ભાગ લે છે તે સરસ્વતીદેવીના ભક્તોને એક આર્દ્ર આનન્દનું કારણ બને એમ છે

પ્રાચીન અને અર્વાચીન સાહિત્ય વચ્ચે બીજો ભેદ સાહિત્યના વિષયસ્વરૂપને અંગે નજરે પડે છે પ્રાચીન સાહિત્યમાં નરસિંહ, મીરાં, ભાલણ, ઇત્યાદિ મોટે ભાગે ધર્મ, ધર્મના સંપર્કનો કૃષ્ણલીલાનો શૃંગાર, ઇત્યાદિ વિષય ચર્ચે છે, બાણનું 'કાદમ્બરી' જેવી રસપૂર્ણ કથાને કાવ્યરૂપમાં રસમય બનાવે છે, જૈન કવિઓ રાસાઓમાં કથાઓ ગૂંથે છે પાછળના કવિઓ પ્રેમાનન્દ જેવા આખ્યાનો, પુરાણકથાઓ, ઇત્યાદિ ગાય છે, શામળ કલ્પિત વાર્તાઓને નવીન માર્ગમાં જ દોરે છે, દયારામ શૃંગાર રસને પોતાની મોહક ભાષાશૈલીથી આકર્ષકરૂપ આપે છે, તેમ જ ભક્તિવૈરાગ્યની પણ કવિતા ગાય છે, અન્ય કવિઓ બોધપરાયણ ('ડાયડેક્ટિક') પદો, ચાબખા, ઇત્યાદિ વડે ધર્મ, નીતિ, વગેરે વિષયોને અંગીકૃત કરે છે, આમ પ્રાચીન સમયનો સાહિત્ય સમૂહ એક જુદા ખંડમાં મુકાય-એવો છે ત્યારે અર્વાચીન સાહિત્ય આ પાછલા વિષયને લગભગ છોડી જ દઈને નવીન દિશા તરફ જ

+ 'નવલગ્રંથાવલિ' ભાગ ૩ જો, પૃષ્ઠ ૩૬, છેલ્લો ફકરો.

× એ સેવાને દાખલા સારુ "પ્રાચીન સાહિત્ય" પૃષ્ઠ ... મળી શકશે.

વલણ લે છે; તેમાં પણ દલપતરામ અને નર્મદાશંકરના સમયનું સાહિત્ય એક વર્ગમાં આવશે; અને તે પછીનું ઈ. સ. ૧૮૮૦ પછીનું બીજા વર્ગમાં આવશે; અને એ બેની વચ્ચે ઊભેલું નવલરામનું સાહિત્ય એક અવાન્તર ક્રમમાં રહેલું જણાશે. નર્મદાશંકર તથા દલપતરામની કવિતાએ પ્રાચીન સાહિત્ય જોડેનો સંબન્ધ લગભગ તદ્દન છોડયો, છતાં વિચાર અને પ્રદર્શનપદ્ધતિ તદ્દન જુદા પ્રકારની ન પ્રગટ કરી; આથી આગળ ક્રમ ભરનારા નવલરામભાઈનાં 'વીરમતી નાટક" 'ભટનું ભોપાળું' 'મેઘદૂત'નું ભાષાન્તર ઇત્યાદિએ એમના પછી તરત આવનારા નવીન યુગનાં કાંઈક પ્રભાતકિરણો પ્રગટાવ્યાં.

મનસુખરામ સૂર્યરામની આરમ્ભકાળની કૃતિઓ અને રા. રણછોડભાઈ ઉદયરામની નાટકરચનાઓનો પ્રવાહ તે વળી આ વચગાળાના સાહિત્યને બે જુદાજુદા રંગ આપતાં જણાય છે. ઝવેરીલાલ ઉમિયાશંકરનું 'શાકુન્તલ' નાટક પણ આ મધ્ય ખંડમાં મુકાશે. 'કરણઘેલો,' એ એકલ પુસ્તક હોઈ એની વાર્તાસાહિત્યમાં પહેલ તથા નવીનતાને લીધે એ જમાનામાં પંચમહાલના વિશાળ મેદાનમાં એકલા ઊભેલા પાવાગઢ જેવી સ્થિતિએ ભોગવે છે. એ પણ આગામી શુદ્ધ નવીન યુગનો ડંકો વગાડનાર અગ્રેસર સવારનું સ્થાન લે છે. ભીમરાવનાં 'પૃથુરાજરાસા' અને 'દેવલદેવીનાટક' તથા 'મેઘદૂત'નું ભાષાન્તર તે પણ આ ડંકેસવારની જોડાજોડ ચાલનાર બીજા દુંદુભિવાદક તરીકે ગણી શકાશે. હરિલાલ હર્ષદરાય ધ્રુવની કવિતામાં નવીન યુગ અને પ્રાચીન યુગનું વિલક્ષણ મિશ્રણ છે.

નવીન યુગનું સાહિત્ય

કેવળ નવીન યુગ ગોવર્ધનરામ, મણિલાલ દ્વિવેદી, 'કલાપી,' ઇત્યાદિ કવિઓના જુદા જ સંસ્કાર અને પદ્ધતિથી રંગાયેલા સાહિત્યથી અંકિત થાય છે. પાશ્ચાત્ય જ્ઞાનપ્રકાશનો પ્રવાહ પૂર જોસમાં આવ્યા પછી આ સાહિત્ય ઉત્પન્ન થયું; આ સાહિત્યયુગમાં નવલકથાનું સાહિત્ય ઉત્પન્ન થયું, નાટક સાહિત્યને નવું રૂપ મળ્યું, કવિતાના વિષયમાં તો કોઈ અપૂર્વ નવો પ્રદેશ જ ઊઘડયો, અને વિજ્ઞાન, જીવનચરિત, સમાજશાસ્ત્ર, ઈત્યાદિના જે પ્રદેશો ઉઘાડવાનું મુખ્ય માન ગુજરાત વર્નાકયુલર સોસાયટી ને ઘટે છે તે સાહિત્યવિભાગને પણ અલ્પાંશે આદર અપાયો.

આ નવીન યુગના સાહિત્યનું દર્શન વધારે નજીક જઈને કરતા પહેલા એક સામાન્ય વિચાર આ સ્થળે નોધવા જેવો છે ઉપર આપણે પ્રાચીન અર્વાચીન એમ બે વિભાગ ગુર્જર સાહિત્યના કર્યા, અને અર્વાચીનના બે પેટા વિભાગ જોયા, ઈ સ ૧૮૮૦ પૂર્વેનું સાહિત્ય અને તે પછીનું, આ બેમાના પ્રથમને અર્વાચીન સાહિત્યનો પૂર્વાર્ધ અને બીજાને ઉત્તરાર્ધ એ સજ્ઞાથી ઓળખીશુ આ ત્રણ વિભાગના સ્વરૂપ જોતા જણાશે કે પ્રાચીન અને અર્વાચીન સાહિત્યનો પૂર્વાર્ધ એ બે વચ્ચે વિષયભેદ અને કાઈક અશે રૂપભેદ થયો ખરો, છતા પ્રાચીનથી તદ્દન વિચ્છેદ કરીને એ અર્વાચીન પૂર્વાર્ધનું સાહિત્ય પ્રવૃત્ત થયુ નથી, ત્યારે અર્વાચીન ઉત્તરાર્ધનું સાહિત્ય તે તો અર્વાચીન પૂર્વાર્ધના સાહિત્યથી પણ તદ્દન વિચ્છિન્ન થઇને કોઈ નવા પ્રદેશમા નવી જ ફલગો મારતું ચાલ્યુ છે, તો પછી પ્રાચીનથી તદ્દન વિચ્છેદ થયો છે તેની તો વાત જ શી ? આ સ્થિતિ શુ સુચવે છે ? સાહિત્યના વિભાગમા ઉત્ક્રાન્તિના તત્ત્વનો ત્યાગ થયો ? ભૂત ઉપર ભાવિનો પાયો ચણાય એ નિયમ અહી પ્રવૃત્ત કેમ ન થયો ? આ આભાસી નિયમભગનુ સમાધાન જડે એમ છે પ્રાચીન અને અર્વાચીનમા ભેદ પાડનાર કારણબળ પાશ્ચાત્ય નવીન જ્ઞાનપ્રકાશ હતો, તે જ જ્ઞાનપ્રકાશ અર્વાચીન ઉત્તરાર્ધનુ સ્વરૂપ બાધનારુ પ્રવર્તક કારણ હતુ પ્રથમનામા એ કારણબળ કાઈક સંકોચયુક્ત અને પ્રાચીન તરફ નજર નાખનારુ હતુ પાછળનામા તેમ ન હોઈ અપૂર્વ સ્વતન્ત્ર દૃષ્ટિ અને પ્રવૃત્તિ રાખનારુ બળ નવીન રૂપનુ જ બન્યુ હતુ આથી કરીને પ્રાચીન તરફ દૃષ્ટિ નાખ્યા છતા એ પ્રાચીન વિષયોનો તો સગ્રહ કરીને, પણ તદ્દન નવીન દૃષ્ટિ અને નવીન સ્વરૂપ એ વિષયોને આ નવીન યુગના સાહિત્યમા અર્પાયા છે હાલના નવીન યુગનો આરમ્ભ ઈ સ. ૧૮૮૦થી થયો તે વખતથી અગ્રેજી, ફારસી અને સસ્કૃત સાહિત્યના ઊંચા પ્રકારની પ્રેરણાથી એ યુગનુ સાહિત્ય અનુપ્રાણિત થયુ આ સ્થિતિમા પ્રાચીન જોડે વિચ્છેદ થયો તે માત્ર સ્થૂલ કાલ તથા સ્વરૂપના સબન્ધનો જ, બાકી પ્રેરક બળોની કાર્યમૂર્તિ આ પરિણામને અગે તપાસીશુ તો ઉત્ક્રાન્તિનિયમનો ભગ થયો છે જ નહિ પ્રાચીન અશોનો કાળબળે ત્યાગ અને નવીનનો સ્વીકાર એ ક્રિયા તો વિકાસવ્યાપારનુ અગ જ છે કોઈ દેશની ભૂમિમા અમુક કાળ સુધી અમુક જાતની ધાન્ય, ફલ, ઇત્યાદિની સમૃદ્ધિ નીપજતી જોવામા આવે, પછી કોઈ અણધાર્યો નવીન સજોગો પ્રગટ થઈને

નવીન કારણસામગ્રી પ્રગટ થાય: ધરતીના પડની અંદરનાં કમ્પાદિક સંચલનોને પરિણામે નવા જલપ્રવાહ એ ભૂમિમાં વહેવા લાગે અને એ પ્રવાહની સાથે નવા પ્રકારની માટી. કાંપ, ઇત્યાદિ સામગ્રી ઘસડાઈ આવે, નવાં બીજ ઘસડાઈ આવે; વાતાવરણમાં પણ પવનો બદલાઈ નવાં બીજ ઊડીને આવી તે ભૂમિમાં પડે—આ ફેરફારોથી નવીન ફલ, પુષ્પ, ધાન્ય, ઇત્યાદિની ઉત્પત્તિ થાય; તો એ વિકાસ-નિયમનો ભંગ સૂચવશે નહિ. એ જ પ્રકારની કાંઈક ક્રિયા આપણા સાહિત્યના નવીન યુગની ઉત્પત્તિને અંગે પ્રવર્તમાન થયેલી જણાય છે. વળી આ પ્રકારની નવાં બળોની ક્રિયાનો વ્યાપાર સાહિત્ય ઉપર બીજી આડકતરી રીતે પણ થવાથી આ નવીનતા પ્રગટ થઈ છે. ઉપર સૂચવેલાં નવા જ્ઞાનસંસ્કારનાં બળોએ પ્રજાના જીવનમાં પ્રજાની ભાવનાઓમાં, ઉલ્લાસોમાં, આકાંક્ષાઓમાં, નવો જ ફેરફાર કર્યો છે (પછી તેમાં અનિષ્ટ અંશો પ્રવેશ પામ્યા હોય તે જુદી વાત). તો સાહિત્ય તે પ્રજાજીવનનું પ્રતિબિંબ આપનારું સ્વરૂપ છે તે દૃષ્ટિએ જોતાં પણ આ નવીનતાનો ખુલાસો જડશે. યુરોપના દેશોનાં સાહિત્યમાં જોવા જશો તો આ પ્રકારની જ વ્યાપારક્રિયા ચાલેલી જણાશે. અલબત્ત, એટલું તો સ્વીકારવું પડશે કે આપણા હાલના નવીન યુગના સાહિત્યમાં કેટલીક કૃત્રિમતા છે. ખાસ કરીને કલ્પિતકથા ('ફીકશન') માં એ નજરે પડે છે. પણ એ કૃત્રિમતાનો અંશ તો આપણા યુગનો જ દોષ છે એમ નથી. બાણભટ્ટની 'કાદમ્બરી'માં કે શામળભટની વાર્તાઓમાં પોતપોતાના સમયનાં સંસારચિત્ર પડાયાં છે એ સ્વરૂપદર્શન સર્વાંશે ખરું લાગતું નથી; એમાંનાં ચિત્રો તે તે સમયની સમાજ સ્થિતિનાં પ્રતિબિંબ હોવા કરતાં કવિની હૃદયની ઇચ્છાથી ઉત્પન્ન થયેલાં, કલ્પનાએ ઘડેલાં, કૃત્રિમ બિમ્બો હોવાનો સંભવ વધારે છે. તો પણ જ્યારે હાલના સાહિત્યમાં મુખ-પૃષ્ઠ ઉપર કેટલીક કથાઓમાં 'આધુનિક સંસારનું ચિત્ર' એમ જોઈએ અને વાર્તાની અંદર એ સંસારમાં કદી નજરે ન પડે એવાં બનાવો, સંસ્થાઓ, પ્રવૃત્તિઓ આલેખાયલાં દેખીએ ત્યારે તો, કૃત્રિ-મતા કરતાં પણ વધારે ભારે, અસત્યતાનો દોષ પ્રવિષ્ટ થાય; અને એવાં પુસ્તકો હાલના વખતમાં દેખા દે છે ખરાં, તે દૂષણરૂપ ગણીશું. આ પ્રકારનાં ઉદાહરણો બાદ કરીને પણ હાલના સાહિત્યમાં કૃત્રિમતા કોઈ કોઈવાર એટલી બધી છે કે ભવિષ્યકાળનો ઇતિહાસ લખનાર

એ કૃત્રિમ સ્વરૂપને ચાલુ જનમંડળની સ્થિતિના પ્રતિબિમ્બરૂપે માનવાનો ભ્રમ કરે તો નવાઈ નહિ એટલે અમે ચાલુ સાહિત્યને ઇતિહાસની સત્યદર્શક સામગ્રી તરીકે સ્વીકારવામાં કાંઈક ભય છે એ ચેતવણી ભવિષ્યના ઇતિહાસકારને આજ આપી મૂકીશું તો એક પ્રકારની સલામતી થશે

હાલના યુગના સાહિત્યનું હવે સમીપથી દર્શન કરીએ કોણ જાણે કેમ પણ આ યુગમાં કવિતાનું સાહિત્ય બીજા સાહિત્ય કરતાં વિશેષ જથામાં ઊભરાઈ જાય છે પરિણામ એ આવે છે કે જથાથી વિપરીત પ્રમાણમાં કવિત્વગુણ નજરે પડે છે નવીન સાહિત્યનો આરમ્ભ ઈ સ ૧૮૮૦ પછી થયો ગણીએ છીએ, તે નવીન યુગના અધિષ્ઠાતા બનેલા મુખ્ય કવિઓની શૈલીની નકલો પણ બહુ થાય છે તેમાં એ શૈલીનું હૃદયતત્ત્વ ઉતારાતું નથી અને બાહ્ય રૂપના નિર્જીવ ખોખા, આગન્તુક અંગો, ઇત્યાદિ ઉપાડી લઈને અસલ શૈલીનો અજાણતાં ઉપહાસ કરનારી રચનાઓ પ્રગટ થાય છે આ દશાનું કારણ એ છે કે ગોવર્ધનરામ, મણિલાલ, કલાપી, નાનાલાલ, ઇત્યાદિની કવિતાને જે હૃદયના અન્તરની સાચી કવિત્વભાવની ઊર્મિઓ પ્રવૃત્ત કરતી હતી અને કરે છે તે ઊર્મિઓ અનુકરણથી ઉતારી શકાય જ નહિ અને તેને અભાવે એ ઊર્મિનો બહુ તો આભાસ પ્રગટ કરાય છે, અને તેવી રચના અસત્ય અને કૃત્રિમ બને છે પ્રાચીન સાહિત્યમાં ગમે તે ખામીઓ હશે, પરંતુ એમાં એક નક્કર ગુણ એ હતો કે એ સાહિત્યની કવિતામાં ખરા દિલની ઉત્સાહવૃત્તિ, હૃદયની સાચાઈ, એ ગુણો હતા અને તેથી કવિતામાં અન્ય દૂષણો ત્યાં સાચાઈનો રણકાર હતો આપણા હાલના નવીન યુગમાં બહુ ઠેકાણે આ ગુણોની ઊનતા દેખાય છે અર્વાચીન સાહિત્યના પૂર્વાર્ધમાં પણ આ સાચાઈ, ખરું દિલ, એ ગુણો હતા માત્ર આપણા નવીન યુગમાં જ ભાવનાદિકની નવીન ગતિ સાથે, કવિતા લખનારાના મોટા ભાગમાં ઉપર કહેલી ખામીઓ પ્રવેશ પામી છે એ ખામીઓની સાથે વિદ્યાદિના સંસ્કારની ન્યૂનતા અથવા પોતાના અધિકારની મર્યાદાના ભાનનો અભાવ ઇત્યાદિ લક્ષણો પણ આ દૂષણમય દશાને વધારવામાં સહાયભૂત થાય છે કેટ પિંગળના નિયમોની બાબતમાં પણ ઉત્કટ અનાદર નજરે પડે છે, અર્વાચીન પૂર્વાર્ધમાં મહેતાજીવર્ગના જો ઇતર કવિના કરતા તેમાં બીજું કાંઈ નહિ પણ પિંગળના

નિયમો સચવાતા હતા. હાલના ઉત્સાહમાં તેમ નથી. કેટલાંક નહિ પણ એ નિયમભંગમાં મોટાઈ માનનાર અંગ્રેજીકવિઓના એ લક્ષણનું અનુકરણ કરનારા કેટલાકના મનમાં એવો વિચાર ભરાઈને બંધાઈ જાય છે. એક કવિતામાં નિબંધ લખનારે લખ્યું હતું કે 'સંસ્કૃત વર્ગની તથા અપ્રતિમ સાકાર વર્ગની કૃત્રિમ નિયમબદ્ધ પદ્યરચના માટે તીવ્ર જુગુપ્સા છે એવું લાગવાથી પિંગળના નિયમો અક્ષરશઃ પળાયા નથી, અને તેથી રાગનાં કે છન્દનાં નામ નથી.'' ! રાગ અને છન્દ વચ્ચેના ભેદનું અજ્ઞાન આના લખાણમાં છે તે તો જુદી વાત, પરંતુ 'નિયમ પળાયા નથી' એ સ્વીકારથી અજ્ઞાન અપરાધરૂપે ઉઘાડું એ અપરાધને માટે આ 'ક્રાન્તિ'ની ઓથનું શરણું લે છે એ બહુ સૂચક વાત છે.

પરિણામ એ થાય છે કે જે કાવ્યશૈલીનું અનુકરણ કરવામાં આવે છે તે શૈલી નાહક બદનામ થાય છે; અનુકરણોના દોષ અનુકૃત મૂળને જ સમર્પી દેનારા નીકળે છે. એક પક્ષે નવીન શૈલીનું હાર્દ ન સમજનારાઓ બાહ્ય અંગોને પકડી લઈને નિન્દા માંડી જાય છે—જે બાહ્ય અંગો અનુકરણ કરનારા તત્ત્વભૂત સ્વરૂપ તરીકે પકડી લઈ સ્વીકારે છે—તો, બીજે પક્ષે ન્યાયદૃષ્ટિથી વિવેચન કરનારા એ બાહ્ય અંગોને જ તત્ત્વ માની ઉપાડી લેનાર વર્ગનો વાજબી ઉપહાસ કરે છે. કેટલાક માસ ઉપર એક "કોકિલા ઉર્ફે કોયલ ઉર્ફે પરભૃતિકા" ના નામથી ચર્ચાપત્ર પ્રગટ થયું હતું.* તેમાં વિનંતી કરી હતી કે આ સાહિત્યપરિષદે ઠરાવ પસાર કરવો કે કવિઓ અગર કવિ કહેવડાવનારાઓ હવે પછી કોયલ પર કવિતા લખવાની બંધ કરે —એ વિનંતિમાં આ પ્રકારનો વાજબી ઉપહાસ સમાયો હતો.

અર્વાચીન નવીન સાહિત્યની ભાવનાઓની હું નિન્દા કરવાને પ્રવૃત્ત થયો નથી. એ ભાવનાઓ તો મારે સર્વથા ઇષ્ટ. આદરણીય જ છે અને હું તેનો પૂજક જ છું. મારો હેતુ તો એ ભાવનાઓને યોગ્ય સ્થાનથી ભ્રષ્ટ થવાના ભય ચાલુ યુગમાં ક્યે સ્થળે છે તે દર્શાવવું એ છે. એ ભાવનાઓનું આમ એક પક્ષે ભ્રંશ થવામાંથી રક્ષણ કરવાની જરૂર છે; તો બીજે પક્ષે અન્ય સ્થળેથી જ એ ભાવનાના સાહિત્ય ઉપર અન્યાયયુક્ત આક્ષેપો આવે છે તેનો પણ

* 'જ્ઞાનસુધા' જુલાઇ ૧૯૧૪ નો અંક જુવો.

નિરાસ કરવાની આવશ્યકતા છે. નવીન ભાવનાનું ખરું રહસ્ય ન સમજનારા માત્ર નિન્દાપ્રવૃત્તિ જ આદરનાર વર્ગ વિશે હું નથી બોલતો. એ તો ઉપેક્ષ્ય રાશિ તરીકે જ સમજવા લાયક છે. હું બોલું છું—બોલવાને ઇચ્છું છું તે તો આપણા સાહિત્યની ગુણપરીક્ષા પરખાય અને વિશાળ વર્ગમાં પ્રસરાવનાર કેટલાક ખરા વિદ્વાનોને ઉદ્દેશીને. જ્યારે સર જ્યોર્જ ગ્રિઅર્સન જેવા પ્રમાણભૂત ગણાતા પંડિત આ યુગની કવિતા વિશે કોઈ પણ અભિપ્રાય દર્શાવે ત્યારે આપણા સાહિત્યથી અજાણ્યા પરદેશીઓ એ અભિપ્રાયને શબ્દ કાઢવા વિના જ સ્વીકારે. આવી સ્થિતિ હોવાથી એ પંડિતનો અભિપ્રાય આપણા સાહિત્યને અન્યાય આપતો જણાય તો આપણા સર્વનું કર્તવ્ય છે કે એ અભિપ્રાયની દૂષિતતા પૂર્ણ ઘોષથી દર્શાવવી. એ પંડિતના શબ્દો આ પ્રમાણે છે —

"Under English influence a number of works have issued from the press of late years, but these possess little originality, and are mostly translations."

[‘વર્નાક્યુલર લિટરેચર’ એ લેખ—‘ઇમ્પીરીઅલ ગેઝેટિયર ઓફ ઇન્ડીઆ’ (નવી આવૃત્તિ, ઇ. સ. ૧૯૦૮), ગ્રંથ ૨ જો, પા. ૪૩૦]

("અંગ્રેજી સાહિત્યની અસર થયાને લીધે કેટલાંક વર્ષોથી સંખ્યાબંધ પુસ્તકો છપાઈ પ્રગટ થયાં છે, પરંતુ એમાં અપૂર્વતા બહુ થોડી જ છે, અને ઘણે ભાગે એ ભાષાન્તર જ છે.")

સર જ્યોર્જના આ વચન માટે શું કહીએ? એ પંડિતની વિદ્વત્તા, અભ્યાસની ખંત, ઇત્યાદિ માટે પૂર્ણ માન ધરાવતાં કહેવું પડે છે કે આ મત એમણે જાતે મેળવેલા જ્ઞાન ઉપરથી નહિ પણ અન્યની પાસેથી મેળવીને પ્રગટ કર્યો લાગે છે. 'ઘણે ભાગે ભાષાન્તર છે' આ વચનમાં વસ્તુસ્થિતિ જોતાં કેટલો વિરોધ છે તે આપણે તો જાણીએ જ છીએ. સર જ્યોર્જ ગ્રિઅર્સને હિન્દી અને ગુજરાતી પ્રાચીન કવિઓ વિશે મત દર્શાવ્યો છે તેમાં પણ ગુજરાતી સાહિત્ય વિશે જાતનું જ્ઞાન ન હોય એ પરકીય આધાર ઉપર ભરોસો રાખ્યો તે પ્રમાણમાં જ એમણે જણાવેલું કે હિન્દુસ્તાનના મધ્યકાલીન સમર્થ કવિવરની સમીપ પણ ઊભા રહી શકે એવા કવિ ગુજરાતના બારમે ૧૬ સુધી પેદા થયા નથી

તુલસી, સુરદાસ, ઇત્યાદિને ઉદ્દેશીને લખેલા આ વચનમાં પ્રેમાનન્દ, દયારામ, ઇત્યાદિ સમર્થ કવિની કૃતિઓનો પરિચય ન હોય એમ જ ભાસ થાય છે. એ પંડિતને હિન્દીનો જેટલો ગાઢ પરિચય છે તેટલો ગુજરાતીનો નથી એમ માનવાને કારણ જણાય છે. ભલે, તેમ હોય તો આવો ઘાતક અભિપ્રાય પ્રગટ કરનારનું કર્તવ્ય સ્પષ્ટ એ હતું કે ગુજરાતના વિદ્વાનોમાંથી કોઈનો અભિપ્રાય પ્રથમ પૂછવો હતો. આ રીતની જવાબદારીથી આ પ્રકારના સ્થાયી લેખ લખનાર પંડિત મુક્ત થઈ શકતા નથી.

જો સર જ્યોર્જ ગ્રિઅર્સને કેવળ મિશનરી વર્ગના વિદ્વાનો ઉપર આધાર રાખીને આ અભિપ્રાય સ્થાપી દીધો હોય, તો એઓ ઊલટે માર્ગે ગયા છે એનું કારણ સમજી શકાય એમ છે. નવીન યુગના સાહિત્ય જોડે એ વિદ્વાન લોકોનો સમભાવ કાંઈક ઓછો જ જણાય છે. ગુજરાતી ભાષાનો અભ્યાસ ખંતથી કર્યો છતાં નવીન યુગના સાહિત્યના હૃદયમાં એઓ પ્રવેશ જ કરી શકતા નથી જણાતા. રેવરંડ મિ. એચ. આર સ્કોટ—આ સુરત શહેરના મિશનના અધ્યક્ષ—નો એક નિબન્ધ ઈ. સ. ૧૯૧૧માં ગુજરાત મિશનરી કોન્ફરન્સ આગળ વંચાયો હતો, તેમાં એઓ નીચે મુજબ કહે છે *:—

"There is a modern poetry, over which I do not advise you to spend time. It is the work of highly educated men, who aim at clothing the poetic fancies of English and Sanskrit poets in rather high-flown Gujarati. It is for the most part very artifical—full of Sanskrit words and turns of thought, and is obscure and difficult to understand. No doubt it has an interest and value of its own, but only those who have much spare hand can afford to take it up. But the ancient classical poetry of Narasinh Mehta, Tulsi, Premanand, Samaldas and Akho * * * is easy to understand."

("અર્વાચીન કવિતા છે; પણ તે ઉપર વખત ગાળવાની સલાહ હું આપતો નથી. ઊંચી કેળવણી પામેલાઓની એ કૃતિ છે; અંગ્રેજી અને સંસ્કૃત કવિઓની કલ્પનાઓને આડમ્બરી ગુજરાતી વસ્ત્ર પહેરાવવાં એ એમનો ઉદ્દેશ છે. બહુ ભાગે એ અતિશય કૃતિમ સંસ્કૃત શબ્દો અને વિચારશૈલીથી ભરપૂર, અવિશદ તથા સમજવી

કઠણ પડે એવી છે બેશક, એની એક જાતની કીમત છે અને એમા એક પ્રકારનો રસ પડે એમ છે, પણ જેઓને ફુરસદ બહુ હોય તે જ એ કવિતાનો અભ્યાસ હાથમા લઈ શકે પરતુ નરસિહ મહેતા તુલસી, પ્રેમાનન્દ, સામળદાસ અને અખાની પ્રાચીન શિષ્ટ કવિતા સમજવી સરળ છે ”)

આધુનિક કવિતાના ખરા અન્તસ્વરૂપનુ અજ્ઞાન, એ કવિતા રચનારાઓની દૃષ્ટિએ જોવાની અશક્તિ અથવા અનિચ્છા, એ કવિતા જોડે સમભાવની ભિન્નતા, ઇત્યાદિ ભાવો આ અન્યાયયુક્ત અભિપ્રાયના ઉત્પાદક કારણ સભવી શકે (રેવ મિ સ્કોટનો નિબન્ધ મિશનરીઓ માટે હતો અને ધર્મપ્રચારકની વિશિષ્ટ દૃષ્ટિથી લખાયો હતો, એ વાત ધ્યાનમા રાખીને આ હુ બોલુ છુ) ઉપરના જેવો અભિપ્રાય બાધનાર વિદ્વાનો એટલુ નથી ધ્યાનમા રાખતા કે કવિત્વ એ આખા વિશ્વની મિલકત છે, અને એક દેશના અને બીજા દેશના કવિની રચનામા સામ્ય આવે તે ઉપરથી એકનુ બીજાએ અનુકરણ કર્યું છે એમ અવશ્ય ફલિત નથી થતુ, આ નવીન યુગના કવિવર્ગને પાશ્ચાત્ય અને સસ્કૃત કવિઓના સસ્કાર મળેલા તે ઉપરથી એમની કવિતામા તે સસ્કારની પ્રેરણા મળે તે જુદી વાત છે અને અનુકરણ કરવુ તે જુદી વાત છે, પાશ્ચાત્ય તેમ જ સસ્કૃત કવિતાના ઉત્તમતત્ત્વને પોતાના હૃદયમા પચાવી દઈને, પરતુ સ્વાભાવિક શક્તિ અને પ્રેરણાથી, નવી કૃતિ ઉત્પન્ન કરાય તેમા જે છાયારૂપ આકૃતિ વર્તાય તે કાંઈ અનુકરણ ન ગણાય, એમ તો ટેનિસન જેવા સમર્થ અને સ્વશક્તિ-વાળા કવિમા પણ શેક્સપીઅર વગેરે પૂર્વગામી કવિઓની છાયા છે એમ દર્શાવવામા આવ્યુ છે ત્યા એની અપૂર્વ ઘટનાશક્તિ વિશે મતભેદ થાય એમ નથી પાશ્ચાત્ય કવિ જેવા એ વર્ગના, એ નમૂનાના તો કવિ ગુજરાતીમા થઈ શકે જ નહિ એ એક પ્રકારના અયોગ્ય ગર્વની લાગણી રાખવાથી વસ્તુસ્થિતિ બદલાય એમ નથી. આ યુગના અગ્રણી કવિઓની કવિતા તરફ નિર્વિકાર આદર રાખીને જુવે તો ઉપર ટાંકેલા આક્ષેપ ઉત્પન્ન થાય જ નહિ નવીન યુગની કવિતાને સમજવી કઠણ કહી પ્રાચીન કવિતાને સમજવી સરળ કહી છે તે આ સર્વની વાત છે પ્રેમાનન્દ અને અખાની કવિતા વિશે તો એ નિર્ણય આશ્ચર્યકારક જ છે અખાની એક જ પંક્તિ “ કને નહિ તે કહો શુ ખુવે ? ” એનો અર્થ સ્વ૰ મિ સ્કોટે “ He that is low

(need fear) no pride" એમ કર્યો છે તે ઉપરથી જણાશે કે અખાની કવિતા સમજવી એ ધારે છે તેટલી સહેલી નથી.

કવિતા જોડે નિકટ સંબન્ધ રાખનારું નાટકસાહિત્ય જોઈએ. પણ એમાં શુ જોઈશું? એ સાહિત્ય ખરું જોતાં આપણી ભાષામાં હજી ખેડાયું જ નથી. 'કાન્તા,' 'દેવલદેવી નાટક,' 'જયા અને જયન્ત,' 'રાઈનો પર્વત,' ઇત્યાદિ ખરા ગુણવાળાં નાટકો આંગળીને વેઢે ગણાય એટલાં છે. બીજાં નાટકો ખરા કવિત્વગુણની દૃષ્ટિથી કે કલાની દૃષ્ટિથી સ્વીકારાય એવાં જણાતાં પણ નથી, અને ગુણહીન નાટકો પણ સંખ્યામાં અલ્પ છે. હાલની રંગભૂમિ માટે રચાતાં નાટકો તો ગણનામાં લઈ શકાશે જ નહિ. જનસમાજના ઊતરતા વર્ગની હીન રુચિઓને સંતોષ આપવાનો ઉદ્દેશ જ જ્યાં પ્રધાન ત્યાં ખરું સાહિત્યલક્ષણ શી રીતે સંભવે?

નવલકથાનું સાહિત્ય નાટકસાહિત્ય કરતાં વિશેષ વિસ્તારનું છે. પરંતુ એમાં પણ ખરાં રસતત્ત્વ સાચવનારાં પુસ્તકો વિરલ જ જણાય છે. કવિતાના સાહિત્ય સંબન્ધે જે દૂષણો મેં પાછળ બતાવ્યાં—કૃત્રિમતા, હૃદયની સાચાઈનો અભાવ, ઇત્યાદિ—તે આ નાટક અને નવલકથાના સાહિત્યમાં પણ વધતા ઓછા પ્રમાણમાં દૃષ્ટિગોચર થાયછે. અર્વાચીન પૂર્વાર્ધમાં આ દૂષણ નહોતાં એ પાછળ કહ્યું જ છે; એ સમયના સાહિત્યમાં ભાષા વગેરેમાં સંસ્કારિતા નહોતી, તો હાલના સાહિત્યમાં પણ કવિતા, નાટક, નવલકથા, સર્વમાં ભાષા, વિદ્યા, ઇત્યાદિના સંસ્કારની ખામી પદે પદે જણાઈ આવેછે, અને તે અસંસ્કારિતા નવા જ પ્રકારની, સંસ્કારિતાનો ડોળ કરવા જતાં અસંસ્કારી બનાવનારી. ઉદાહરણો આપવાની જરૂર નથી. આ સર્વ દૂષણોનું મુખ્ય કારણ વિચારશૂન્યતા અને ભાવશૂન્યતા છે. કશું વક્તવ્ય હોય નહિ; તેમ વિચારની ઉત્પત્તિ જ ન હોવાને લીધે, હૃદયની ખરી ભાવોર્મિ પણ હોય નહિ; તે સ્થિતિમાં માત્ર શબ્દોની રણકારરચના, અર્થહીન રચના, શિવાય બીજું શું ઘડાય?

આ સર્વ અપ્રિય વચનો લાગશે, પરંતુ આ મારાં વચનો ઉપર વર્ણવેલી નિઃસાર કૃતિઓના લેખકોને સંબોધીને હું નથી કહેતો, સંસ્કારી સાહિત્યશાસ્ત્રીની દૃષ્ટિએ અપરાધ કરનાર વર્ગને સંબોધીને હું નથી બોલતો, પરંતુ એ અપરાધીઓનો ઉદ્ધાર કરનાર આજના

મંડના ક્રતિજો તથા ઇતર બ્રાહ્મણોને સંબોધીને કહું છું આ પરિષદ આગળ આમ આજ શુભ હેતુથી આ ફરિયાદ રજૂ કરું છું કે આપણી પરિષદ કને શાસનબળ નથી, અને હોય જ નહિ, પણ અન્ય દૃષ્ટિએ શાસનબળ જ ગણાય સાહિત્યની ભાવના ઊંચી દર્શાવવી, ઇનામી નિબન્ધોમાં તેમ જ અહીં વંચાતા નિબન્ધોમાં ધોરણ એ ઊંચી ભાવનાની સમીપ જઈ શકે એમ દૃઢ અને ઊંચું કર્યે જવું, અને એ માર્ગે ચાલી સાહિત્યની સ્થિતિ સર્વ વિભાગમાં ક્રમે ક્રમે શુદ્ધિમાર્ગમાં ચઢાવવી—આ બળ આપણી કને છે

આપણા સાહિત્યમાં કેટલાક વિભાગના સાહિત્યની વસ્તુત ઊનતા જ છે તે હવે જોઈએ જીવનચરિતનું સાહિત્ય, વિજ્ઞાનનું સાહિત્ય, દર્શન (તત્ત્વજ્ઞાન)નું સાહિત્ય સાહિત્ય વિજ્ઞાનનું સાહિત્ય—એ મહત્ત્વના વિભાગોના ખંડ આપણા સાહિત્યના સંગ્રહમાં લગભગ ખાલી જ છે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સતત પ્રયાસથી, તેમજ છૂટક વ્યક્તિઓના પ્રયાસથી આ ઊનતા કાંઈક પૂરાતી જાય છે, પરંતુ આ સર્વ દિશામાં ગતિ મન્દ છે બાલસાહિત્ય માટે હમણાંહમણાં નિરંતર પ્રયાસ શરૂ થયા છે, પરંતુ એ સાહિત્યના ખરા સ્વરૂપનું પણ દર્શન એમાં થતું નથી હાસ્યરસનું સાહિત્ય અત્યન્ત અલ્પ છે અને જે છે તેમાં ખરા ગુણગૌરવવાળું વિરલ જ છે કટાક્ષસાહિત્ય ('સેટાયર') તો છે જ નહિ એમ કહીએ તો ચાલે પણ ભૂલવું નથી કે હાસ્યરસનું સાહિત્ય અને કટાક્ષનું સાહિત્ય ઉપજાવ્યું ઊપજતું નથી, એની ઉત્પત્તિ માટે તો અનુકૂલ વાતાવરણ અને લેખકની પ્રતિભા બન્નેની જરૂર છે એ ગુણો પ્રજાના કેટલાક સ્વભાવલક્ષણ ઉપર આધાર રાખે છે, પણ તે અમુક મર્યાદામાં જ માટે આ સર્વ વિભાગોની ઊનતાપૂર્તિ કરવામાં વિષમમાં વિષમ પ્રશ્ન આ છેલ્લા બે સાહિત્યોનો બનશે આ સિવાય બે ત્રણ મહત્ત્વના વિષયની ઊનતાઓ જુદી નોંધવા જેવી છે ગુજરાતી કોશ, વ્યાકરણ, સાહિત્યનો ઇતિહાસ, અને ભાષાનો ઇતિહાસ આ ચાર વિષયના ખરા વિદ્વત્તાવાળા અને સમર્થ ગ્રન્થની આપણે ખાસ જરૂર છે અત્યાર સુધીમાં આ ચારે દિશામાં થયેલા પ્રયાસો સ્વાભાવિક રીતે જ નાના પાયા ઉપર અને ખંડિત છે આ ઊનતા પૂર્ણ કરવા તરફ આપણી પરિષદે લક્ષ રાખવાનું છે સર્વભાષાકોશ ('પોલીગ્લાટ ડિક્શનરી') જેવા ભગીરથ પ્રયત્નનો લોભ તો હાલ નહિ જ કરીએ હિન્દુસ્તાનમાં ક્રિશ્ચિયન મિશનના આરંભકાલમાં રચવા

૨૩

ફેરીએ એ દિશામાં કરેલો પ્રયત્ન દુર્ભાગ્યે સિદ્ધિ પામી શક્યો નહોતો.

આપણું વર્તમાનપત્રો અને માસિકોનું સાહિત્ય જોઈશું તો અતિશય શોચનીય સ્થિતિ નજરે પડશે. દૈનિક અને સાપ્તાહિક પત્રોમાં ભાષા, શૈલી, અર્થગૌરવ. ઈત્યાદિ દરેક વિષયમાં અશુદ્ધિ, નીચા પાયરીનું સ્વરૂપ, અને શૂન્યતા સર્વત્ર વ્યાપેલી જોઈને કોને ખેદ નથી થતો ? અંગ્રેજી વર્તમાનપત્રોની શૈલી—જેના સ્વરૂપબંધારણનું મૂળ મેકોલેની વિદ્વત્તાભરી શૈલીમાં શોધી શકાય એમ છે, તે શૈલી આપણાં પત્રોમાં આવવાની વાત તો ક્યાંની ક્યાં રહી, પણ કોઈ પણ વર્તમાનપત્રના 'લીડર' લેખોમાં શબ્દશુદ્ધિ, વાક્યરચના, ઈત્યાદિ પ્રાથમિક લક્ષણોમાં જ ક્ષતિઓ પદે પદે થાય છે. માસિકો પણ સારા વર્ગનાં તો ગણતર જ જડશે. 'ધી સ્ટ્રેન્ડ,' 'ધી ફોર્ટનાઈટ્લી રિવ્યુ,' ઈત્યાદિ માસિકોના નમૂનાનાં માસિકો આપણે પેદા કરવાને હજી વર્ષોનાં વર્ષો સુધી મથતાં સિદ્ધિ મળવી કઠણ છે. પરંતુ જે છે તે માસિકોમાં પણ ગૌરવ, શુદ્ધિ, અને ઊંચી કક્ષાના લેખ એ કેટલા વિરલ જોઈએ છીએ ? આપણા સ્થાયી સાહિત્યનું પ્રતિબિંબ આ માસિક સાહિત્યમાં પડે છે. આ સર્વ સ્થિતિદર્શન કરવાથી આપણને લાભ છે, હાનિ નથી. આપણું બધું સારું સારું જ છે એમ આંખમીંચામણાં કર્યાથી સુધરવાનો સંભવ જ નથી રહેતો. ખરો રોગ જોવો, જાણવો, એ ઉપાય કરવાની પ્રથમ અવસ્થા પ્રાપ્ત કરવાનો ક્રમ છે.

પારસી સાહિત્ય

વર્તમાન યુગના સાહિત્યનું નિરીક્ષણ કરતાં પાંચ વિભાગના સાહિત્યનું વિસ્મરણ કરવું એ વાજબી નહિ ગણાયઃ (૧) પારસીઓનું સાહિત્ય, (૨) ખોજા સાહિત્ય (૩) જૈન સાહિત્ય, (૪) સૌરાષ્ટ્રનું સાહિત્ય, અને (૫) ક્રિશ્ચીઅન પાદરીવર્ગનું સાહિત્ય. પારસીઓએ આ નવીન યુગના આરમ્ભની પૂર્વે ગુજરાતી સાહિત્યમાં જે ભાગ આપ્યો છે તે આ સ્થિતિદર્શનમાં નહી આવે. કેખુશરુ કાબરાજીનું નામ જે સાહિત્યપ્રવૃત્તિ સાથે ચિરકાળ ઉચિત રીતે જોડાયલું રહેશે તે આ નવીનયુગની પૂર્વની છે. તેથી એના ગુણદોષની સવિસ્તર નિરીક્ષા અહી અપ્રસ્તુત છે; માત્ર સંક્ષેપમાં એટલું કહેવું બસ છે કે પારસી ગુજરાતી ભાષાની અસંસ્કારી દશા સુધારવાનો એમનો સ્તુત્ય હેતુ, એમના સંસ્કૃત ભાષાના અજ્ઞાનને લીધે તેમ જ ફારસી ભાષાના શબ્દોનું પણ મર્દન

ફરી નાખવાને લીધે, તેમ જ અન્ય પારસી લેખકો એમની જોડેજોડે ન ચાલી શક્યા તેને લીધે, સર્વાંશે સફળ થયો નહિ, તથાપિ એમનો પ્રયત્ન માન અને આશ્ચર્યને ઉત્પન્ન કર્યા વિના રહે એવો નહોતો, અને સાહિત્યગ્રન્થોની ભરતી કરવાનો એમનો પ્રયાસ આ ભાષાની ખામીને લીધે આપણા વ્યાપક સાહિત્યમા યોગ્ય સ્થાન લઈ શક્યો નહિ આ યુગના પારસી સાહિત્યની સ્થિતિ તો કાબરાજીના અવસાન પછી શોચનીય જ છે—ભાષામા તેમ જ સાહિત્યવિષયમા મિ અરદેશર ફરામજી ખબરદાર જેવા અપવાદરૂપ લેખકોને તો, કેટલાક પારસી ગુજરાતીના દોષો વળગી રહેલા હોવા છતા, હિન્દુ ગુજરાતીના લેખક વર્ગમા જ ગણવાના છે પારસી લેખકબન્ધુઓ સસ્કૃત તેમ જ ફારસીનો સસ્કાર પ્રાપ્ત કરશે, અને બીજે પક્ષે આપણે કેવળ આડમ્બર માટે જ સસ્કૃતમય શૈલીનો આશ્રય કરતા અટકીશુ, તો બને પક્ષની વચ્ચેનુ અતર કાલક્રમે તૂટશે સસ્કૃત શબ્દો જ વાપરવાથી ભાષા સસ્કારી નથી થતી તે વાત તેમ જ એ શબ્દોને અશુદ્ધ બનાવીને વાપરવાથી ઊલટી હાસી થાય છે તે વાત પારસી બન્ધુઓએ સ્મરણમા રાખવાની જરૂર છે

ખોજા સાહિત્ય

ખોજા બન્ધુઓનુ સાહિત્ય વીસરવુ જોઈએ નહિ કેટલાક સજોગોને લીધે એ આપણા સપર્કમા આવ્યુ નથી પરતુ ભાષાશુદ્ધિમા એ સાહિત્ય સતોષ ઉપજાવનાર છે, પારસી સાહિત્ય માટે જે ફરિયાદ કરીએ તે ફરિયાદને એમા સ્થાન મળે એમ નથી સચેદીના નાનજિયાણીએ પ્રગટ કરેલા ‘ખોજાવૃત્તાન્ત’મા આપેલા પદોની ભાષાશૈલી કોઈક પાછના યુગની છે તેમના નમૂના ટાકવાથી વિસ્તાર થવાનો ભય છે, છતા એક બે નમૂના આપ્યા વિના રહેવાતુ નથી —

(૧) ‘સતપથ સતનુ મુખ છે, ઉલ્ટા હેત પરીત,
નાનીકા ગુરતરનુ નામ છે, ક્ષમા દયા બે ફઈ’

(૨) ‘એ જી એક વાગો હાથે અમ્રતનો, અજાણ્યો જાણે શરાબ,
એક હાથ વાચે લેક, મુખી ન મેલે વિશ્વાસ

તારીક સાતેમહમદની વાદ ભાષા પ્રખ્યાત છે, અને એમના પુત્ર અલાદીનકૃત ‘ વિશ્વભેદ ’ ઉઘાડીને વાચીશુ તો સસ્કારી ભાષા જ

નજરે પડશે. એક ખોજા વૃદ્ધ સ્ત્રી જે હાલ હયાત છે તેનાં ભજનોનું પુસ્તક મારી કને છે; તે પણ ભાષા માટે સંતોષ ઉપજાવે એમ છે.

જૈન સાહિત્ય

આપણા જૈન બન્ધુઓએ કેટલાંક વર્ષથી પ્રાચીન જૈન સાહિત્ય પ્રગટ કરવાનો સ્તુત્ય પ્રયાસ આરંભ્યો છે. એ પ્રયાસથી ગુર્જર સાહિત્યમાં ભાષાના ઇતિહાસ તેમ જ સાહિત્યના ઇતિહાસ બંનેમાં નવો પ્રકાર મળ્યો છે. તેથી એ બન્ધુઓના આપણે ખરેખરા આભારી છીએ એમણે પ્રગટ કરેલા ગ્રન્થો પ્રાચીન સાહિત્યના છતાં, એમની પ્રવૃત્તિ આ યુગમાં શરૂ થઈ છે તેથી આ યુગમાં આટલું એ પ્રવૃત્તિનું દર્શન કર્યું છે.

સૌરાષ્ટ્રનું સાહિત્ય

સૌરાષ્ટ્રના સાહિત્યને જુદું સ્થાન આપવાનું એક કારણ એ છે એ પ્રાન્તમાં વિદ્યાખાતાનો સંસ્કાર તળ ગુજરાત કરતાં મોડો પડ્યો હતો; છતાં પ્રમાણમાં સાહિત્યવિષયક જાગૃતિ ઝડપથી પ્રસરી છે. પ્રાચીન સૌરાષ્ટ્ર-સાહિત્ય—દુહા, સોરઠા (સોરઠના દુહા તે સોરઠિયા દુહા એમ ખાસ એ દેશ ઉપરથી નામ પડેલું તે પ્રસિદ્ધ સોરઠા), ઈત્યાદિ લોકગીત તથા લોકસાહિત્ય એ જુદો જ વિષય છે. નવી સંસ્કૃતિ પછીની સાહિત્યપ્રવૃત્તિ સૌરાષ્ટ્રમાં થઈ તે હાલના નવીન યુગની પૂર્વનાં ૨૫–૩૦ વર્ષ અને હાલનાં ૩૦–૩૫ વર્ષ એ બે વિભાગમાં સ્થિતિ કરે છે. પ્રથમ ભાગની પ્રવૃત્તિ આરંભકાળના ગુણ તેમ જ દોષથી લક્ષિત હતી; બીજા ભાગની પ્રવૃત્તિમાં સંસ્કૃતિ વિશેષ ભળી—જો કે પૂર્ણ નહિ, તો પણ ‘ કલાપી ’ બાદ કરતાં કોઈ બીજો યુગ આંકનારો કવિ કે લેખક પ્રગટ થયો નથી. બાકી બીજી ત્રીજી કક્ષામાં મુકાય એવી સાહિત્યકૃતિઓ અનેક અને કેટલીક પ્રશંસાપાત્ર પ્રગટ થઈ છે. રા. મણિશંકર રત્નજી ભટ્ટ, નારાયણ હેમચન્દ્ર, વગેરે કવિઓ તથા લેખકોને સૌરાષ્ટ્રના કરતાં આખા ગુજરાતના પુત્રો તરીકે લેખું છું તેથી આ વિભાગમાં એમનો ઉલ્લેખ નથી કર્યો. મહામહોપાધ્યાય શાસ્ત્રી શંકરલાલ માહેશ્વરની કૃતિઓની ગણના આ સમૂહમાંથી જુદી કરવી પડશે, કેમ કે એ કૃતિઓનું સ્વરૂપ નવીન યુગનાં લક્ષણોથી ભિન્ન છે. આ યુગના સૌરાષ્ટ્રસાહિત્યની પ્રવૃત્તિનું દર્શન કરતાં એક ખેદની વાત એ લાગે છે કે કેટલાક ઉત્તમ સંસ્કારી કવિઓએ પોતાની

સ્વતન્ત્રતા આધુનિક નાટક કંપનીઓને ગ્રાહ્ય થાય એવી ભાવનાને સમર્પણ કરી દઈને પોતાની કલાની વેલીને અયોગ્ય તરુ ઉપર વીંટીને ગૂંગળાવી નાખી છે "સાક્ષરસમૂહ"ના સન્નારી કવિ એ પ્રકારે પોતાની કાવ્યશક્તિને પરવશ બનાવે તેથી કોને આ પ્રસંગનો ખેદ ન થાય ?

ક્રિશ્ચિઅન પાદરીઓનુ સાહિત્ય

ક્રિશ્ચિઅન મિશનરી સાહિત્ય વિશે બોલવાની જરૂર નથી એ સાહિત્ય એ ધર્મના વિષયમા જ બહુધા રોકાયલુ છે, અને એ સાહિત્યની ભાષા ગુજરાતી છતા ગુજરાતી નથી એ સ્વરૂપલક્ષણ આપી બસ કરીશુ અલબત્ત, ટેલરકૃત વ્યાકરણ એ ગ્રન્થનુ સ્થાન જુદુ જ છે અને તે નવીન યુગની ઉત્પત્તિ નથી, બાકી એ ગ્રન્થની વિદ્વત્તાને મિશનરી સાહિત્ય જોડે કશો સબધ જ નથી

બોધ અને ભાવિદર્શન

આ યુગના સાહિત્યના આ નિરીક્ષણથી કાઈક ગ્લાનિ થયા વિના નહિ રહે, પરન્તુ નિરાશા માટે સ્થાન નથી આપણી આસપાસની અને અતરની સ્થિતિ જોતા, જ્ઞાનના પ્રવાહની દિશાઓ તથા બળ તેમ જ તે પ્રવાહ અને બળ ઝીલનાર વર્ગોના સામર્થ્ય, અધિકાર, ઈત્યાદિ જોતા, સાહિત્યમા આ પ્રકારની મિશ્ર દશા શિવાય બીજુ સભવે નહિ, પરતુ યોગ્ય નાયકોની મદદથી અને યોગ્ય ઉપાયના સેવનથી ભવિષ્યમા સ્થિતિ સુધરશે એમ આશા રાખવી તે નિરાધાર નથી વળી, આ યુગના સાહિત્યનુ સ્થાપન થયુ છે તે તો સુસસ્કારના પાયા ઉપર જ અને જે કાઈ બગાડા પ્રવેશ પામ્યો છે તે અન્ય સયોગોને પરિણામે એ સયોગોનો જો ક્રમેક્રમે ઉચ્છેદ થાય તો શુભ પરિણામ જ આવે

ભાવિ સુસ્થિત કરવાના ઉપાય

આ શુભ પરિણામ આણવા માટે ઉપાય શા ? પ્રથમ તો પ્રસગમા એ પ્રકારનો વિદ્યાપ્રચાર કરાવવો કે જેથી દરેક વ્યક્તિ શુદ્ધ સસ્કાર મેળવે, તે સાથે જ પોતાના અધિકારની મર્યાદા પણ જાણી શકે પછી બીજુ સાધન એ કે નવીન ભાવનાઓ પ્રસગના ઉદ્ભવ્યા પાત્રમા, નાડીમા વહેતા રુધિરપ્રવાહની પેઠે, શ્વાસોચ્છ્વાસમા ફેલાતા પ્રાણવાયુની પેઠે, પ્રવર્તે એ માર્ગ લેવાના માટે હવિરૂ,

લેખકવર્ગ, અને ઇતર વિદ્યારસિકો જોડે સહવાસમાં આવે એવા પ્રસંગ રચાવા જોઈએ. આ ઉપરાંત, લેખકોનું એક મંડળ બંધાય. પરસ્પર બન્ધુતા ફેલાવા સાથે અરસપરસના અનુભવો, વિચાર, ઈત્યાદિની આપલે થાય, તે માટે એ મંડળમાં પ્રવૃત્તિ ચાલુ રહે એ એક સાધન છે. માસિક પત્રોના સાહિત્યમાં સુધારા માટે વિદ્યાપ્રસારની સાથે પત્રોના તન્ત્રીઓના મંડળની સ્થાપના, તે મંડળમાં દાખલ થવાના અધિકારની દઢતા, ઇત્યાદિ ઉપાય શક્ય જણાય છે. આપણી પરિષદ એક આદર્શરૂપ માસિક કાઢે એ કલ્પના પણ વિચારમાં લેવા જેવી છે.

આ સર્વ ઉપાયોનો પાયો વિદ્યા, ગુજરાતી ભાષાનું જ્ઞાન—શુદ્ધ જ્ઞાન—પ્રસાર પામે તે ઉપર છે. હાલ ગુજરાતી ભાષાનું શિક્ષણ આપણી અંગ્રેજી શાળાઓમાં લગભગ નથી જ મળતું એમ કહીએ તો ચાલે. ઘણા વિચારશીલ માતપિતા આ માતૃભાષાના શુદ્ધ અને પાકા જ્ઞાનની ખામી પોતાનાં છોકરાંમાં હોવા બાબત ફરિયાદ કરે છે. અને એ અનિષ્ટ સ્થિતિ સુધરાવવાની માગણી કરે છે. ગુજરાતીના પાકા જ્ઞાનની ખામીને લીધે બી. એ., એમ. એ.ની ઉપાધિ મેળવેલા યુવકો પણ ભાષાશુદ્ધિમાં ગોથાં ખાય છે. ‘ લખાવું ’ એ સહ્યભેદનું રૂપ અને ‘ લખાવવુ ’ એ પ્રેરક રૂપ એ બે વચ્ચે ભેદ ન સમજનારા એમ. એ.–બી. એ. જોવામાં આવ્યા છે. સંસ્કૃત ભણેલા ગ્રેજ્યુએટો પણ સંસ્કૃત શબ્દની જોડણી ખોટી કરે છે. ‘ મોકલી આપવું ’ જેવા દૂષિત પ્રયોગે એટલો પગપેસારો કર્યો છે કે “ પરિષદ માટે ડેલિગેટો મોકલી આપવા ” એમ માણસને નિર્જીવ પદાર્થની કક્ષામાં મૂકનારું વચન એક સાપ્તાહિક પત્રમાં નજરે પડ્યું હતું. આ ઉપરાંત, આપણા પ્રાચીન સાહિત્યનું જ્ઞાન તો વિરલ જ થવા લાગ્યુ છે; અને પ્રેમાનન્દ, અખો, ઈત્યાદિની કૃતિઓના અર્થ સમજવામાં પણ ભૂલો કરનારા ગ્રેજ્યુએટો જોવામાં આવે છે. આમ એક પક્ષે ઊનતા છે, તો બીજે પક્ષે જનસમૂહમાં અને તે પારસી ગુજરાતીનો આદર કરનાર મંડળમાં પણ સંસ્કૃત શબ્દો તરફ રુચિ વધતી જણાવા લાગી છે. આજથી વીસ વર્ષ ઉપર જે સ્થિતિ અસંભવિત હતી તે આજ વર્તમાનપત્રોની ભાષામાં નજરે પડે છે. વીસ વર્ષ ઉપર ‘ દરિયાઈ લડાઈ ’ શબ્દો વપરાતા, તે સ્થળે આજ મુંબાઈમાં રસ્તામાં ફેરવાતાં જાહેર ખબરોનાં પાટિયાં ઉપર (નૌકાયુદ્ધ

નહિ તો) ' નઉકા યુદ્ધ ' એમ શબ્દો જોવામા આવે છે સસ્કૃત ગબ્દ બનાવવા માટે " એરો અમૃત " એવી વિચિત્ર સ્વરચિહ્નોની મિશ્રતા એક પાટિયા ઉપર મુબાઈમા દીઠી છે, તેનો ઉપહાસ કરવાને બન્ને એમા પણ સસ્કૃત તરફ ઉત્સુકતા ભરેલુ વલણ જોઈ શકાય એમ છે

સાહિત્યપરિષદના કાર્ય અને કર્તવ્યના પ્રદેશની યોજના

આમ ભાષાશુદ્ધિના ભગમા ભાષાશુદ્ધિનો શુભ રગ જોઈ શકાશે તો નિરાશા માટે કારણ નહિ રહે માત્ર કર્તવ્ય એટલુ ઉપસ્થિત થાય ખરુ કે જે વર્ગ આ દૂષણો માટે અપરાધી છે તેને સુપથે દોરવા આ માટે આપણી પરિષદના કાર્ય અને કર્તવ્યની યોજનાનુ રેખાલેખન અહી આકી બતાવવુ અસ્થાને નહિ ગણાય —

(૧) લેખકમડળની સ્થાપના,

(૨) વર્તમાનપત્રો અને માસિકપત્રોના તન્ત્રીઓના મડળની સ્થાપના,

(૩) ગુજરાતી ભાષા અને સાહિત્યની કેળવણી અગ્રેજી સ્કુલામા દાખલ કરવા માટે યોજના,

(૪) સાહિત્યપરિષદનુ માસિક કાઢવાની યોજના,

(૫) ત્રીજી સાહિત્ય પરિષદે ઊભી કરેલી વ્યાખ્યાનમાલાની યોજનાને સજીવ કરી પ્રવૃત્ત કરવી

નવીન સાહિત્યના સસ્કારી પ્રચાર માટે આટલા સાધનો હાલ બસ જણાય છે

(૬) પ્રાચીન કવિઓના અસલ ગ્રન્થોના હસ્તલેખ ('મેનસ્ક્રીપ્ટ્સ') નો સગ્રહ કરાવવો,

(૭) એ લેખોનુ સશોધન યોગ્ય પડિતો કને કરાવવુ,

(૮) એમાથી સારા ભાગોનો જ પ્રસાર કરાવવો

પ્રાચીન સાહિત્ય માટે આટલી સૂચના બસ છે

આ રેખાલેખન બહુ વિસ્તીર્ણ જણાય છે સ્મરણમા રાખવાનુ એ છે કે આ સર્વ કાર્ય એકદમ હાથ લેવા એમ કહેવાનો હેતુ છે જ નહિ પણ પ્રોગ્રામ તૈયાર કરી મૂકવામા નુકસાન નથી, એને અમલમા

આણવા માટે ડગલે ડગલે કામ કરીશું તેમાં બાધ નથી. આ ઉપરાંત આ યોજનામાં વધારો ઘટાડો કરવા માટે એકાદ કમિટી નીમીશું તો અડચણ નથી. એ યોજનામાંના હેતુ સિદ્ધ કરવા માટે શા શા માર્ગ લેવા તે વિષે એ કમિટી સારી રીતે વિચાર કરી સલાહ આપી શકશે.

આ સર્વ કાર્ય એક વ્યક્તિથી એકલે હાથે થાય એમ નથી, તેમ આપણા મંડળને બાહ્ય સાહાય્ય મળ્યા વિના પણ થાય એમ નથી. માટે રાજારજવાડા વગેરેને આપણી પ્રવૃત્તિની સાહાય્યમાં લેવા એ ઇષ્ટ જણાય છે. શ્રીમંત ગાયકવાડ મહારાજાએ તો આપણી પરિષદને ખાસ સહાયતા આપી છે ને વડોદરાની પરિષદ વખત એમણે આપેલી હાજરી તેમ જ સંગીન મદદ ઉપરથી સાબિત થઈ ચૂક્યું છે. એ ઉપરાંત અન્ય સ્થળોમાંથી સહાયતા મેળવવા માટે આપણા કાર્યવાહકોને અધિકાર આપીશું તો ઠીક. એ સર્વ ખરું, પરંતુ કાર્યસિદ્ધિનું ખરું બીજ તો આત્મબળ જ છે, અને આ આપણી પ્રવૃત્તિને અંગે આપણો સમૂહ તે એક આત્મવ્યક્તિ છે એટલે આ પ્રસંગે આત્મબળ એટલે સંઘબળ ગણીશું. આપણી આગળ ઊભાં રહેલાં કાર્ય મોટાં છે, વિષમ છે, પરંતુ આપણી ભાષાભક્તિ પણ તે પ્રમાણમાં મોટી રાખીશું, આપણી શ્રદ્ધા અચલ સ્થાપીશું. તો પરમ અન્તે વિજય જ છે.

ભગિનીઓ તથા બન્ધુઓ ! માટે છેવટમાં એટલું જ કહેવાનું છે કે આપણી પરિષદનું કાર્ય ભારે જવાબદારીનું છે એ યાદ રાખી, આપણા આ સરસ્વતીસત્રમાં પરસ્પર પ્રીતિભાવથી પ્રવૃત્ત થવાનું પવિત્ર કર્તવ્ય લક્ષમાં રાખી, અને સાહિત્યના વિશુદ્ધ આનન્દને અનન્ય ભાવથી પ્રાપ્ત કરવાનો ઉત્સાહ ધારી, આપણે આપણા આ કાર્યનો આરંભ કરીએ, અને સર્વ કાર્યના સિદ્ધિદાતા પરમ કૃપાળુ પિતાની આશિષ માગીએ.

इतिशम्



સ્વ. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા

[ઈ. સ. ૧૮૪૪–૧૯૩૧]

પ્રમુખ છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદ,

અમદાવાદ, ૧૯૨૦.

શ્રી. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાનું ભાષણ

છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

એપ્રિલ ૧૯૨૦

સ્વ. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા

(ઈ. સ. ૧૮૪૪–૧૯૩૧)

છઠ્ઠી સાહિત્ય પરિષદને પ્રમુખપદે સ્વ. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા બિરાજ્યા હતા. ગુજરાત તેમને ઓળખે છે 'સાહિત્ય' માસિકના સંસ્થાપક અને સંચાલક તરીકે "'સાહિત્ય' એટલે આમવર્ગનું માસિક" એ ધોરણે એમણે સંપાદન કરેલું એમના પછી એમના પુત્ર મટુભાઈએ પણ એ નીતિ જ ચાલુ રાખેલી.

વડોદરા રાજ્યે ગુજરાતી સાહિત્યને વેગ મળે તેવી ઘણી પ્રવૃત્તિઓ કરેલી છે એ તો સર્વવિદિત છે. આ પ્રવૃત્તિઓમાં એક કે બીજે સ્વરૂપે હરગોવિંદદાસભાઈ સંલગ્ન હતા. અને 'પ્રાચીન કાવ્યમાળા'ના સંપાદકોમાંના તેઓ એક હતા એ તો સમસ્ત ગુજરાત જાણે છે.

કાવ્યો અને વાર્તાઓ એ બંને ક્ષેત્રોમાં, એમણે સર્જેલું સાહિત્ય આજે ઉપલબ્ધ છે. તે ઉપરાંત શિક્ષણના ક્ષેત્રમાં પણ એમણે ઘણું ઉપયોગી કાર્ય કર્યું છે. પ્રકૃતિ અને પ્રવૃત્તિથી વેપારી ગણાય એવા આ સાહિત્યકારને ગુજરાતે પોતાની અમદાવાદ ખાતે મળેલી છઠ્ઠી સાહિત્ય પરિષદનું સુકાન સોંપ્યું હતું.

સાહિત્યનો સામાન્ય જીવનવ્યવહાર સાથે સંબન્ધ વિચારી સાહિત્યને પણ વ્યવહારુ બનાવવું એ એમનો ઘણે સ્થળે વ્યક્ત થતો આશય છે. અને આ આશયના પ્રચારમાં 'સાહિત્ય' માસિકે પોતાના જીવન દરમ્યાન ઘણું કાર્ય કર્યું છે.

વડોદરા રાજ્યે એમની સાહિત્યસેવાનો કરેલો સરવાળો, રાજ્ય તરફથી એમને બક્ષાયેલા "સાહિત્યમાર્તંડ"ના ખિતાબમાં આપણી દૃષ્ટિએ પડે છે. જીવનવ્યવસાયના અનેક ક્ષેત્રોમાં ગૂંથાયેલા આ સાહિત્યકારે સાહિત્ય સાથેનો પોતાનો સંબન્ધ આજીવન જીવતો રાખ્યો હતો. એમની સરળતા એમના સર્વ વ્યવહારોમાં ભૂષણરૂપ બનતી હતી. આવા સરળ સાહિત્યકાર હતા સ્વ. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા.

ઉપોદ્‌ઘાત

સાહિત્ય પરિષદ જેવા વિદ્વજ્જનોના મહામંડળનું પ્રમુખપદ અતિ માનવંતુ ને જોખમ ભરેલું છતાં તેને માટે સત્કારમંડળીના જે સભ્યોએ, તથા જે પત્રકારોએ, સંસ્થાઓએ અને અન્ય ગૃહસ્થોએ મારા લાભમાં સંમતિ આપવાની કૃપા કરી છે, તેમનો હું ખરા અંતઃકરણથી આભાર માનું છું. મારી પૂર્વે એ પદને જે સુપ્રસિદ્ધ સાક્ષરોએ શોભાવ્યું છે, તેમની સાથે સરખામણી કરતાં મારી યોગ્યતા ઊતરતી છે, અને મારા કરતાં વધારે લાયક વિદ્વાનો ઘણા છે એમ હું માનું છું. તેમ છતાં મારી જ પસંદગી કરવામાં આવી છે, તો હું મારું કર્તવ્ય બજાવવાનો પ્રયત્ન કરીને પ્રમુખ તરીકે મારી ફરજ અદા કરવા માટે અને સાહિત્યના હિતની ખાતર, કદી કોઈને અપ્રિય લાગે એવું કથન કરવું પડે, તો તેને માટે હું ક્ષમા યાચું છું.

બીજી બાબત મારે નિવેદન કરવાની એ છે, કે સાહિત્ય શબ્દને વાઙ્મયના અર્થમાં વાપરીને આ પરિષદનું ક્ષેત્ર વિશાળ કરવું જોઈએ. સાહિત્યમાં કાવ્યો, કાદંબરીઓ ને નાટકો જ નહિ, પણ બીજા સર્વ વિષયોનો સમાવેશ કરવો, એટલે તે સર્વ જાતિના ને સ્થિતિના લોકોને ઉપયોગી થઈ પડે, એવો આશય રાખવો જોઈએ.

ત્રીજી બાબત હું નમ્રપણે એ જણાવું છું, કે આ વખત જેમ લોકસમૂહને માટે ભાષણો આપવાની યોજના કરી છે, તેમ આપણી પરિષદમાં તેઓ ભાવથી ભાગ લેતા થાય એવા ઇલાજ લેવા જોઈએ. એટલે આ પરિષદ એકના સાક્ષરમંડળ માટે જ નહિ, પણ ગુજરાતી બોલનારા સર્વને માટે સમજવી જોઈએ. સરસ્વતીદેવીના મંદિર સર્વને માટે ખુલ્લાં રહે, અને આપણે જનસમૂહને સાથે રાખીએ, તો જ સાહિત્યનો ખરો ઉપયોગ થઈ દેશની ઉન્નતિ થવાની છે.

ભાષાના ઇતિહાસ વગેરેના સંબંધમાં વિદ્વાનો ઘણું લખી ચૂક્યા છે, પરંતુ નવાં નવાં સાધનો મળી આવવાથી જે નવી નવી બાબતો પ્રકાશમાં આવતી જાય તે દર્શાવવાના તથા જુદા જુદા વિચારોની સરખામણી કરી બતાવવાના હેતુથી મેં એ વિષય છોડી દીધો નથી.

ભાષણ શરૂ કરતાં અગાઉ મારે અતિ દિલગીરી ભરેલી નોંધ લેવાની ફરજ બજાવવી પડે છે, તે એ કે ગઈ સાહિત્યપરિષદ ભરાયા પછી પાંચ વર્ષના ટૂંકા અરસામાં આપણે કેટલાક સારા લેખકો ખોયા છે. રણજીતરામ વાવાભાઈ, ભોગેન્દ્રરાવ દીવેટિયા, ચીમનલાલ દલાલ, ગણપતરામ ત્રવાડી, અમૃતલાલ પઢિયાર, શિવુભાઈ બાપુભાઈ, મલયાનિલ, ખુરશેદજી ફરામરોજ, તારાપુરવાળા, ભાગળિયા અને જહાંગીર પોલીસવાળાનો સ્વર્ગવાસ બહુ ખેદજનક છે. પડેલી ખોટ જલદીથી પૂરાતી નથી એ કમનસીબની વાત છે.

ભાષા

ભાષાની ઉત્પત્તિ મનુષ્યની ઉત્પત્તિની સાથે જ થયેલી હોવી જોઈએ, કેમકે તે વગર મનુષ્યો એક બીજાના મનમાં ઉદ્ભવતા વિચારો જણાવવાને, અને એક બીજાની સહાયતા મેળવવાને શક્તિમાન થાય નહિ. ભાષા વગર પણ કેટલીક હદ સુધી માણસ વિચાર કરી શકે છે, અને તે કરપલ્લવી, નેત્રપલ્લવી જેવી નિશાનીઓથી બીજાને સમજાવી શકે છે; પરંતુ એ મૂંગાં-બહેરાંના જેવા સાધન વડે મનુષ્યનો કારવ્યવહાર સારી રીતે ચાલી શકે નહિ. ઇશ્વરે તેને વાચા આપી છે, તે વડે તે ભાષા ઉત્પન્ન કરી શકે છે. કોઈ કહે છે કે ભાષા ઇશ્વરદત્ત છે. પરમેશ્વરે માણસને ઉચ્ચાર કરવાને વાણીસ્થાન આપ્યાં છે, તેટલા પૂરતી તે ઇશ્વરદત્ત ગણાય, બાકી ભાષાને ઉપજાવનાર સમાજ છે, અને તેથી તે સમાજની સામાન્ય મિલકત છે. એ મિલકત પેઢી દરપેઢી વધતી જાય છે; અને તેનો વારસો વંશજોને મળ્યા કરે છે. તરતનું જન્મેલું બાળક અવાચક હોય છે. ધીમે ધીમે તે કંઈ અર્થ વગરના ઉચ્ચાર કરે છે. એ ઉચ્ચાર બહુધા ઓષ્ઠસ્થાની ને કંઠસ્થાની હોય છે. તે મ મ મા બ બ બા એવા ઉચ્ચાર કરે છે, તેને નજીકનાં સગાં—તેની માતા વાચક છે એમ સમજીને જરૂર પડે ત્યારે તે મા બા કહીને પોતાની માડીને બોલાવતાં શીખે છે. તે સહેલાઈથી બોલી શકે તેટલા માટે મા, બા, મમ (ખાવાનું), ભૂ, પા, બાપા, ભાઈ, બહેન, મામા, માસી, ફોઈ, એવા ઓષ્ઠસ્થાની શબ્દો કે આદિ અક્ષરો વાળા નાના શબ્દો તેની માતા અને આસપાસનાં માણસો શરૂઆતમાં બોલતાં શીખવે છે, અને અમુક મનુષ્ય કે પદાર્થને લાગુ પાડી

આપે છે એ રીતે ભાષાની શરૂઆત થાય છે બાળકને નવુ નવુ જાણવાની જેમ જેમ જિજ્ઞાસા વધતી જાય છે, તેમ તેમ તેનુ શબ્દ-ભંડોળ વધતુ જાય છે સૃષ્ટિ સમયે માણસને થોડી વસ્તુઓનો ખપ હોય અને તેના વિચાર પણ ટૂંકા હોય, તેથી તેની ભાષા નાની હોય

ભાષાની ઉત્પત્તિ મનુષ્યની સાથે થઈ, પરન્તુ તે ક્યારે ને કેવી થઈ તે જાણવાને સાધન નથી આપણે ભાષાને અનાદિ કહીએ છીએ, પણ જો મનુષ્ય અનાદિ હોય તો ભાષા અનાદિ કહી શકાય ટેલર કહે છે કે સૃષ્ટિ સમયે માણસની ભાષા એક હતી જો મનુષ્યની ઉત્પત્તિ એકજ સ્થળે અને એકજ જાતની થઈ ને આખી પૃથ્વી પર પસરી હોય, તો આ વાત માન્ય કરી શકાય ભૂસ્તર-વિદ્યાની શોધખોળ પ્રમાણે મનુષ્યની ઉત્પત્તિને લાખો વર્ષ થઈ ગયા છે (અને એજ માન્યતા આપણી અને જૈન બન્ધુઓની છે), પરન્તુ ભૂસ્તરના જુદા જુદા યુગમા જુદે જુદે સ્થળેથી જે માણસના અવશેષ મળી આવે છે, તે ઉપરથી જુદી જુદી જાતના મનુષ્યો જુદા જુદા યુગોમા થયેલા જણાય છે એટલે તેમની ભાષા એક હોઈ શકે નહિ જુદી જુદી જાતોની બોલી એક નહિ પણ જુદી જુદી હોય ભૂસ્તરવેત્તાઓની શોધથી પાષાણયુગના 'પેલીઓલીથિક' સમયમા વસનારા મનુષ્યોના શેષ ભાગ ફ્રાન્સ અને સ્પેન વચ્ચેના પિરિનિઝ પર્વતની ગુફામાથી મળી આવ્યા છે ગુફાની ભીંતોએ પ્રાણીઓના સપ્રમાણ ચિત્રો તથા ચિત્રલેખન કાઢેલા છે, તે ઉપરથી લાખો વર્ષ પૂર્વે મનુષ્ય જાતિમા ભાષા હતી, તે ચિત્રલેખન વડે લખી જાણતી અને ચિત્રકળા પણ તે સારી રીતે જાણતી હતી, એમ માલમ પડે છે વિદ્વાનોએ ભાષા વિષે જે શોધ કરેલી છે, તે બહુ કરીને યુરોપ અને અને એશિયાની ભાષા સબધે છે, તેમા પણ તેમને ત્રણ કુટુંબ—થડની ભાષાઓ માલમ પડી છે પરન્તુ એ ત્રણનુ પણ એક મૂળ નીકળતું નથી, તો બીજી સેંકડો ભાષાઓ જે આફ્રિકા, અમેરિકા, આદિના અસલી વતનીઓમા સ્વતન્ત્ર રીતે ચાલે છે, તેમનુ એક મૂળ ક્યાંથી હોય? અર્થાત્ સૃષ્ટિ સમયે એક જ ભાષા હતી એ કલ્પના સાધાર જણાતી નથી

સામાન્ય માન્યતા એવી છે કે જંગલી લોકોની ભાષાઓ ઘણી નાની એટલે હજાર પાંચસે શબ્દોની બનેલી હોય છે પણ [illegible]

વર્ષથી ચાલી આવતા સમાજનો વ્યવહાર એટલા થોડા શબ્દોથી ચાલી જ ન શકે. મી. મેરેટ જણાવે છે કે ટેરા ડેલ ફુઇગોના જંગલી લોકોની ભાષામાં ત્રીસ હજાર કરતાં વધારે શબ્દો છે.

આર્ય ભાષા

ઉપર કહ્યું તેમ યુરોપએશિઆની મુખ્ય ભાષાઓને ત્રણ કુટુંબ—થડમાં વહેંચેલી છે. ૧ આર્ય—'આર્યન' (જેને 'ઇંડોજર્મેનિક' કે ઇંડોયુરોપિયન' કહે છે). ૨ 'તુરેનિયન' અથવા તુરાની અને ૩ સેમિટિક. એમાંની પહેલી બે ભાષાઓ સાથે હિંદની ભાષાઓને નિસ્બત હોવાથી સેમિટિકને આપણે છોડી દઈશું. યુરોપમાંની 'આર્યન' ભાષાઓ 'સેલ્તિક,' 'ઇતાલિક,' 'ટ્યુટોનિક,' 'હેલેનિક' અને 'ઇલાઇરિક' છે, અને એશિઆમાં ઇરાનની ને ભરતખંડની આર્ય ભાષાઓ છે. આર્ય લોકોનું મૂળ સ્થાન કાકેસસ પર્વત તરફ માનવામાં આવે છે. હિંદના ભાષાશાસ્ત્રના કર્ત્તા બીમ્સ કહે છે, કે તેઓ ઉત્તરપશ્ચિમ તરફથી આવ્યા હતા. કોઈ હિંદુકુશ પર્વતને આર્યોનું મૂળ સ્થાન કલ્પે છે, તો કોઈ તે સ્થળ યુરોપની ઉત્તરપશ્ચિમે હતું, એમ કહે છે. છેલ્લી શોધને આધારે ગ્રિઅર્સન જણાવે છે, કે તે યુરોપ ને એશિઆની સરહદ ઉપર એટલે દક્ષિણ રૂશિઆના મુલકમાં હતું. લોકમાન્ય ટિળક સાબિત કરે છે, કે આર્યોનું નિવાસસ્થાન ઉત્તર ધ્રુવ તરફ હતું. જગદીશ ચેટરજી કહે છે, કે તેમનું મૂળ રહેઠાણ પોન્તસ ને આર્મિનિઆ હતું. આર્ય લોકોની સાથે બાબિલોનિઅન, ઇજિપ્શિઅન, ઇજીઅન અને હીબ્રુ લોકો હિંદમાં આવ્યા હતા, એટલું જ નહિ પણ દસ્યુ—દાસ, જેમને કેટલાક વિદ્વાનો આ દેશના અસલ વતનીઓ માને છે, તે પણ આર્યો સાથે આવ્યા હતા. આ ઉપરથી જણાશે કે આર્યોની સાથે બીજી ભાષાઓ વાપરનારા લોકો પણ પ્રાચીન સમયે આ દેશમાં આવી વસ્યા હતા. બીમ્સ લખે છે કે 'તુરેનિઅન'ની પાંચ શાખા પૈકી ચાર શાખા આપણા તરફ ચાલે છે. (૧) હિમાલયી, (૨) લોહિટિ, (૩) કોલ, અને (૪) દ્રાવિડી. હિમાલયીની ૨૩ શાખા, લોહિટિ એટલે બ્રહ્મદેશની ભાષાની ૨૬ શાખા, કોલની ૯ શાખા (હિંદુસ્તાનના જંગલી લોકો સન્થાલ, ગોંડ, વગેરેની) અને, દ્રાવિડીની ૧૨ શાખા (સિંહલી સાથે) દ્રાવિડ દેશમાં વપરાય છે. દક્ષિણ હિંદુસ્તાનમાં 'તુરેનિઅન' ભાષાઓએ આ દેશની આર્ય ભાષાઓ ઉપર કેટલીક અસર કરી છે, તેમ તેમની ભાષાઓ ઉપર આર્ય ભાષાઓની

પણ ઘણી અસર થયેલી છે કોઈ એમ પણ માને છે કે આર્યોની પહેલા 'તુરેનિઅન' લોકો હિંદમા આવીને આખા દેશમા વસ્યા હતા

સંસ્કૃત ભાષા

આર્ય લોકો સામટા એકી વખતે આ દેશમા આવ્યા નહોતા જુદા જુદા ટોળા લાગ અનુસાર આવે તો તેમની ભાષામા ફેરફાર હોય જ તેમ અનેક ભાષા બોલનારી પ્રજાઓના ભેળસેળ થવાથી પણ ભાષામા વધારે ઓછું મિશ્રણ થવા પામે વેદની ભાષા થઈ તેને સંસ્કૃત નામ આપવામા આવ્યુ જગદીશ ચેટરજી જણાવે છે, કે વેદ બન્યા પછી વણે કાળે આર્યો હિંદમા આવ્યા હતા ને તો વળી આગળ વધીને એમ પણ જણાવે છે કે ' મહાભારત ' અને 'રામાયણ'ના બનાવ પણ હિંદમા બન્યા નહોતા ! નવા નવા શોધોથી કેવી કેવી વાતો પ્રગટ થશે તે કહી શકાતુ નથી પામિર, અને ગોબીના રણથી ઢંકાએલ ખળદ્રૂપ દેશમા પૂર્વે આર્ય પ્રજા વસતી હતી તેમના દેવળો ને પુસ્તકો સુદ્ધા હાલમા હાથ લાગ્યા છે, તે ઉપરથી ભાષાઓની ઉત્પત્તિના સંબંધમા વખતે નવો પ્રકાશ પડશે સિંહલીની બીમ્સે 'તુરેનિઅન'મા ગણના કરી છે, તે કદાચ હિમાલયમા વસતી સિંહલીઆ જાતની ભાષા ' તુરેનિઅન ' મળતી છે, તેઓ પૂર્વે સિંહલ દ્વીપમા જઈ રહ્યા હોય, એમ ધારીને કિંવા દ્રવિડ લોકોની મોટી સંખ્યા તેમા જઈ વસી છે, તે ઉપરથી કલ્પના કરી હશે, પરંતુ બુદ્ધ ધર્મના પ્રચાર અર્થે ઈ સ પૂ ૫૪૩મા વિજયે પાલિ ભાષા દાખલ કરી, તે પછી તેનો એટલો પ્રચાર થયો છે કે હાલની સિંહલીને આર્ય ભાષાની શાખા ગણી શકાય, અને તે જાણે ગુજરાતી સાથે બહુ સંબંધ ધરાવતી હોય એવી દેખાય છે તેમાના થોડાક શબ્દો જુઓ —

સિંહાલી	ગુજરાતી	સિંહાલી	ગુજરાતી
માસમ	માસ	એકય	એક
દવસ	દિવસ	તુનય	ત્રણ
મુલ	મૂળ	અટય	આઠ
પેટીય	પેટી	દહય	દસ–દશ
શીતલ	શીતળ	કોઈ	કયુ
કરનવા	કરવુ	દૂર	દૂર

મરનવા	મરવું	નમ	નામ
દેનવા	દેવું		
ગીયા	ગયા		

વળી હાલના સિંહલીઓમાં સંસ્કૃત શબ્દો વાપરવાની રૂઢિ વધી પડી છે. જ્યાં જ્યાં બુદ્ધ ધર્મ પ્રવર્ત્યો, ત્યાં ત્યાં પાલિ અને સંસ્કૃતની અસર થયેલી છે. જાવા ને બાલિ બેટોમાં ધર્મને લીધે તથા ખાસ કરીને પ્રાચીન આર્યો જથાબંધ જઈ વસેલા હોવાથી ત્યાં સંસ્કૃત શબ્દો ઘણા વપરાય છે. જાવાની જૂની કવિતાની ભાષા જેને કવિ ભાષા કહે છે, તે તો લગભગ આખી આર્ય ભાષા છે.

આ દેશની સર્વ આર્ય ભાષાઓ—પ્રાકૃત અને ચાલુ—નું મૂળ સંસ્કૃત છે. તેણે આપણને અખૂટ ભંડાર વારસામાં આપેલો છે. તેની મહત્તા સંબંધે પંડિત હરબિલાસે પોતાના કીમતી ગ્રંથમાં જે વિદ્વાનોના મત ટાંકયા છે, તે મેં 'સાહિત્ય' માસિકમાં છપાવેલા છે. તેથી તેમાંના એક જ વિદ્વાનનું મત અત્રે આપી સંતોષ માનીશ. સર વિલિયમ જોન્સ કહે છે કે સંસ્કૃતનું બંધારણ આશ્ચર્યકારક છે; તે ગ્રીક કરતાં વધારે પૂર્ણ, લાટિન કરતાં વધારે વિશાળ અને બંને કરતાં વધારે સુંદર રીતે સંસ્કારી છે.

સંસ્કૃત ભાષાનું સર્વોપરિપણું સાબિત કરવા માટે બીજો એક જ દાખલો બસ થશે. ભગવાન પાણિનિએ શાસ્ત્રીય રીતે લખેલા વ્યાકરણ જેવું વ્યાકરણ કોઈ ભાષામાં નથી. વળી મહામહોપાધ્યાય શ્રી હરપ્રસાદ શાસ્ત્રીએ જણાવ્યું હતું, કે શ્રીમાન્ રાજેંદ્રલાલ મીતરે વ્યાકરણશાસ્ત્રના જુદા જુદા ૮૫૦ ગ્રંથનો સંગ્રહ કર્યો હતો. દુનિયામાં છે કોઈ એવી ભાષા કે જેમાં વ્યાકરણશાસ્ત્રના સેંકડો ગ્રંથ હોય ?

લેખનકળા સંબંધે ટેલર કહે છે કે રોમીય ભાષા બોલનારે ગ્રીક લોકોને પ્રથમ અક્ષરજ્ઞાન ઈ. સ. પૂ. ૧૪૯૩-૧૫૦૦માં આપ્યું: અર્થાત્ લેખનકળા પ્રથમ રોમીય લોકોએ શોધી કાઢી એમ કહેવાનો ભાવાર્થ છે. મેક્સ મ્યુલર કહે છે કે ઈ. સ. પૂ. ૩૫૦ અગાઉનાં લેખી પુસ્તકો નથી. આ બંને મત ખરાં નથી, તેના પ્રમાણમાં પંડિત શ્યામજી કૃષ્ણવર્માએ પૂર્વદેશીય ભાષાજ્ઞોની લંડનમાં મળેલી પરિષદ (સન ૧૮૮૩)માં જે લેખ વાંચ્યો હતો તેમાં

જણાવ્યુ છે, કે મેક્સ મ્યુલરને પોતાને કબૂલ કરવુ પડ્યુ હતુ કે સૂત્રોના કર્તાઓ લેખનકળા જાણતા હતા વળી તે કહે છે કે વેદની સહિતાઓમા બ્રાહ્મણ અને સૂત્રોના ગ્રથોમા એવા શબ્દો ને વાક્યો છે, કે તે પ્રાચીન હિંદમા લેખનકળાનો ઉપયોગ થતો તે વિષે શકા રહેતી નથી પાણિનિની પૂર્વે લાબા વખત પરના જે નિયમિત પ્રબધો ગદ્યમા છે તે લેખનની મદદ વગર બને નહિ પ્રોફેસર વિલ્સન કહે છે કે હિંદુઓમા સાહિત્ય સાથે જ લેખનકળા હતી પ્રો હીરેન કહે છે કે છેક જૂના વખતથી હિંદમા અક્ષરજ્ઞાન હતુ અને તે શિલાલેખો ને તામ્રલેખોમા જ નહિ, પણ સામાન્ય જિદગીના દરેક કામમા વપરાતુ કાઉન્ટ જોનેસ્ટર્જન જણાવે છે કે હિંદુ કને ઈ સ પૂર્વે ૨૮૦૦ અથવા ઈબ્રાહિમની પૂર્વે ૮૦૦ વર્ષ પહેલાના લેખી ધર્મના પુસ્તકો હતા મહાભારત સબધે એવી વાત ચાલે છે કે વ્યાસ ભગવાને તે તૈયાર કર્યું, તેને લખવા માટે શ્રી ગણપતિએ બીડુ ઝડપીને તે લખ્યુ હતુ આ વાતને ઓછામા ઓછા પાચ હજાર વર્ષ થઈ ગયા ટેલર અક્ષરજ્ઞાન માટે ઈ સ પૂ ૧૫૦૦ પરની વાત કરે છે, પરતુ બાબિલોનના લોકોને ઈ સ પૂ ૨૦૦૦ની પહેલા લખવાની કળા માલમ હતી 'આસિરિઅન' અને 'એકેડિઅન' ભાષાના શબ્દસગ્રહો, વ્યાકરણો, કોષો અને પાઠ્ય પુસ્તકોનો શોધ લાગ્યો છે (પાટી ઉપરના હજારો લેખોમાનો ઘણો ભાગ વિલાયતના સગ્રહસ્થાનમા રાખેલો છે) બાબિલોનના લોકો ઝાડની છાલ વગેરે પર અને પાછળથી માટીની નાની પાટીઓ ઉપર વતરણાથી લખતા હતા મીસરના જેવા પ્રાચીન કાળના લોકો ચિત્રલેખન (લિપિ)થી કામ નિભાવતા ભાષા પેદા થયા પછી થોડે કાળે લેખનની જરૂર પડે, જેમકે ગામ પરગામ ખબર આપવાના, હિસાબ રાખવાના, પોતાના વિચાર સગ્રહી રાખવાના પ્રસગ આવ્યા વિના રહે નહિ શરૂઆતમા આ કાર્ય ચિત્રલેખનથી થતુ એમ માનવુ પડે છે

સસ્કૃત ભાષા એ સર્વ લોકની બોલી હતી કે કેમ એ વાત શકા પડતી છે સુધારેલી સસ્કૃત એ વિદ્વાનોની કદાપિ ભાષા હશે, પરતુ બાકીના લોકો તે સમયે પ્રાકૃત ભાષા બોલવામા વાપરતા હશે એમ લાગે છે પ્રાકૃત ભાષા ક્યારથી પ્રચારમા આવી તે કહેવુ મુશ્કેલ છે, તથાપિ પાલિ ભાષાને આશરે સુમારે અઢી હજાર વર્ષ

થયાં છે, ત્યારે પ્રાકૃત ભાષા તે અગાઉ ઘણાં સૈકાથી ચાલુ થએલી હોવી જોઈએ. ગ્રિઅર્સન કહે છે કે વેદની સંસ્કૃત ભાષા ઉપરથી પ્રાકૃત ભાષા થઈ છે. કોઈ પ્રાકૃત સુધારીને નવી સંસ્કૃત ઉપજાવવામાં આવી એમ પણ ધારે છે; એ પછી દ્વિતીય પ્રાકૃત ઉદ્‌ભવી અને છેવટના વખતમાં તૃતીય પ્રાકૃત થઈ. વ્યાકરણતીર્થ બહેચરદાસ તેમને સંસ્કૃતસમ પ્રાકૃત અને દેશ્ય (દેશી) પ્રાકૃત એવાં નામ આપે છે. એમાંથી પાછલી પ્રાકૃતો થઈ અને એ પ્રાકૃતોમાંથી ચાલુ આર્ય દેશી ભાષાઓ ઉત્પન્ન થઈ. દ્વિતીય પ્રાકૃતથી પાલિ ઉદ્‌ભવી અને તે બૌદ્ધોના ધર્મની પવિત્ર ભાષા બની. જૈન ધર્મીઓએ કઈ પ્રાકૃત પસંદ કરી તે વિષે મતભેદ ચાલે છે. બીમ્સ કહે છે કે તે ભાષા શૌરસેની હતી. ગ્રિઅર્સન માને છે કે તે વિદર્ભદેશની મહારાષ્ટ્રી (દક્ષિણની મરાઠીની માતા) હતી. કોઈ કહે છે કે તે અર્ધમાગધી હતી, પરંતુ પંડિત બહેચરદાસ આ સર્વ મતને ખોટા ઠરાવે છે અને કહે છે કે “જૈન પ્રાચીન પુસ્તકોમાં પ્રાકૃત* ભાષા પ્રયોજાઈ છે. શ્રી હેમચંદ્રનું જ વ્યાકરણ જૈન સૂત્રોની ભાષાને અર્ધમાગધી કહેવાની ના પાડે છે. જૈન ધર્મનાં પુસ્તકોમાં કોઈ કોઈ ઠેકાણે દેશ્ય પ્રાકૃતનો અને શૌરસેની ભાષાનો પણ એકાદ શબ્દ આવી ગયો છે, પણ એટલાથી એમ કેમ નક્કી થાય કે જૈનસૂત્રો અર્ધમાગધીમાં છે ?”

આ ઠેકાણે જણાવવું જોઈએ કે જે ધર્મના ને અન્ય વિષયોના ગ્રંથો સંસ્કૃતમાં લખવાનો વહીવટ હતો, તે તોડીને લોકભાષાનો ઉપયોગ કરવાનું માન જૈન અને બૌદ્ધ આચાર્યોને ઘટે છે. તેમણે જેમ પ્રાકૃત ભાષામાં ગ્રંથો લખ્યા, તેમ તેઓ વ્યાખ્યાન વગેરે પણ પ્રાકૃત ભાષામાં આપતા હતા. બૌદ્ધ ધર્મની પાલિ ભાષા પછી ઉદ્‌ભવેલી પ્રાકૃતોમાં તેમના ગ્રંથો પ્રકટ ન થયા; પરંતુ જૈનોએ તો જેમ જેમ ભાષાઓ બદલાતી ગઈ તેમ તેમ નવી થયેલી ભાષાઓમાં

---

* કેટલાક જૈનાચાર્યો એથી વિરુદ્ધ મત ધરાવે છે ને કહે છે કે જૈન સાહિત્ય મૂળે અર્ધમાગધીમાં રચાયું હતું. અર્ધમાગધી એટલે શૌરસેની અને માગધી મળીને થએલી ભાષા, એમ છતાં રા. મણિલાલ બકોરભાઈ અનુમાન કરે છે કે, અર્ધમાગધી તે બીજી કોઈ નહિ પણ ગુજરાતની તે કાળની લોકભાષા હોવી જોઈએ ?

ગ્રથો લખ્યા છે, એ તેમનુ કાર્ય ખરેખર પ્રશસાને પાત્ર છે અને એ જ પદ્ધતિથી તેમણે ગુજરાતી ભાષાના સાહિત્યની ઉમદા સેવા બજાવી છે

મૂળ પ્રાકૃતની શાખાઓ

આપણે ત્રણ પાયરીની પ્રાકૃત જોઈ એ ઉપરથી જે પ્રાકૃતો પેદા થઈ, જેના વરરુચિ, હેમાચાર્ય, વગેરે વિદ્વાનોએ વ્યાકરણ રચ્યા છે, તેમા પાચ નામ આવે છે ૧ શૌરસેની ૨ માગધી ૩ પૈશાચી (તેની એક શાખા ચૂલિકાપૈશાચી) ૪ અપભ્રશ અને ૫ મહારાષ્ટ્રી આગળ જતા તેમા વધારો થતો ગયો છે, તે એટલે સુધી કે રામતર્કવાગીશ ૨૭ પ્રકારની પ્રાકૃત ગણાવે છે એમાની કેટલીક વ્યાકરણમાથી પાચાલી, ટક્ક અને આભીરી એ ત્રણના નામ મળી આવે છે એટલે કદાચ પ્રાત પ્રાતની જુદી પ્રાકૃતો થઈ ગઈ હશે

ભરતખડનો મધ્યદેશ તે ઉત્તરમા હિમાલયથી માડીને દક્ષિણમા વિંધ્યાચળ સુધી અને પશ્ચિમમા સરહિંદથી માડીને પૂર્વમા ગગાજમનાના સગમ સુધી પૂર્વે ગણાતો, તથા તે આર્યોની પવિત્ર ભૂમિ મનાતો, અને બાકીના દેશ મ્લેચ્છ—જગલીમા ખપતા ભગવાન પાણિનિએ સસ્કૃતનુ વ્યાકરણ એ સ્થળે ઈ સ પૂ ૩૦૦ વર્ષ ઉપર રચ્યુ હતુ આગળ જતા એ ભાષાએ ધીમે ધીમે પ્રાકૃતનુ રૂપ ધારણ કર્યું મધ્ય દેશની આજુબાજુએ—પશ્ચિમ, દક્ષિણ, ને પૂર્વમા—જે મુલક તે વૈદિક સમયે પણ આર્ય જાતોથી વસેલો હતો એ મુલકમા હાલનુ પજાબ, સિધ ગુજરાત, રજપુતસ્થાન (હાલ મધ્યદેશ) અયોધ્યા અને બિહાર આવે છે આ બાહ્ય મુલકમા જુદી જુદી જાતો આવી હતી અને તે દરેકની બોલી જુદી હતી તથાપિ એ જાણવુ અગત્યનુ છે કે સાપ્રત ભાષાઓનો મુકાબલો કરતા આ બહારની ભાષાઓ મધ્યદેશની ભાષા કરતા એકબીજી સાથે વધારે સબધ ધરાવતી હતી વિશેષ તપાસથી એમ માલમ પડે છે કે મધ્ય દેશમા આવી વસેલા આર્યો સૌથી છેલ્લા હતા આગળ જતા મધ્ય દેશની વસ્તી વધવા લાગી અને તેણે હિંદના બાકીના ભાગો ઉપર અગત્યની સત્તા પ્રાપ્ત કરી દિલ્હી અને કનોજ એ રાજધાનીના શહેર હતા અને મથુરાનુ પવિત્ર નગર એ દેશમા હતુ ત્યાના લોકોએ પૂર્વ પજાબ, રજપૂતસ્થાન, ગુજરાત અને

અયોધ્યા જીતી લીધાં. તેમની ફોજ તથા જઈ વસનારાઓ પોતાની ભાષા ત્યાં લઈ ગયા, તેથી એ સર્વ પ્રદેશોમાં આપણે હાલની ભાષાઓનું મિશ્રણ જોઈએ છીએ. તે દરેકનો પાયો બાહ્ય દેશની ભાષાનો હોઈ તેનું શરીર મધ્ય દેશની ભાષાનું બંધાયું. એમ છતાં જેમ આપણે મધ્યબિંદુથી આગળ જતાં જઈએ, તેમ મધ્યદેશની ભાષાની અસર નબળી પડતી અને બાહ્ય અથવા સ્થાનિક ભાષાની અસર બળવાન થતી જોઈએ છીએ. ને એટલે સુધી કે છેવટ મધ્ય-દેશની ભાષાની છાયા પણ રહેલી નથી. દાખલા તરીકે પશ્ચિમ પંજાબની લહંડા ભાષા તે મધ્યદેશની ભાષા સાથે કંઈ જ સંબંધ ધરાવતી નથી. જેમ આપણે દક્ષિણપશ્ચિમ બાજુ જઈએ તેમ બાહ્ય દેશોની મૂળ ભાષા વધારેને વધારે જોઈએ છીએ અને તે ગુજરાતમાં ખાસ માલમ પડે છે. છેવટ જ્યાં શક્ય હતું, ત્યાં બાહ્ય દેશના લોકો દક્ષિણમાં ને પૂર્વમાં પ્રસર્યા અને એ રીતે આપણે મરાઠીને મધ્ય-પ્રાંતોમાં, વરાડમાં અને મુંબાઈ તરફ જોઈએ છીએ. એ જ રીતે પૂર્વમાં ઉડિયા, બંગાળી ને આસામી ભાષાઓ મધ્યદેશની અસર થયા વગરની છે.

મધ્યદેશની પ્રાકૃત ભાષા તે મથુરાની આસપાસના શૂરસેન દેશના નામથી શૌરસેની કહેવાઈ, અને તે સમયની આર્ય સત્તાનું મધ્ય સ્થાન જે કનોજ તેની નજીકની તે હતી. પૂર્વમાં જેને હાલ બિહાર કહે છે તેમાં માગધી (મગધ દેશ ઉપરથી), અયોધ્યા અને ભાગલખંડમાં અર્ધમાગધી (માગધી અને શૌરસેનીના મિશ્રણ વાળી) અને વરાડ (વિદર્ભ) દેશમાં મહારાષ્ટ્રી ચાલતી. મહારાષ્ટ્રી અર્ધમાગધી સાથે નિકટનો સંબંધ ધરાવતી હતી. અને તે અર્ધમાગધીનો સંબંધ કરનારી કડી હતી. વળી મધ્યદેશના હુમલા થયા અગાઉ મહારાષ્ટ્રી તે સૌરાષ્ટ્રીને નામે ચાલતી ગુજરાતી ભાષા હતી—સંસ્કૃત નાટકોમાં જે પ્રાકૃત ભાષા વપરાઈ છે, તેની કવિતા બહુધા મહારા-ષ્ટ્રી પછીનું છેલ્લુ પગથિયુ અપભ્રંશ (ભ્રષ્ટ, વિકાર પામેલ) હતું, અને તેને પ્રાકૃતોમાં સાહિત્ય ઉદ્‌ભવ્યા પછી ખરી દેશી ને સુધરેલી —સાક્ષરી શાખાઓનો પાયો ગણી તેને વ્યાકરણકારોએ એ નામ આપ્યું હતું. છેવટે આ અપભ્રંશ ભાષામાં સાહિત્ય લખાવા લાગ્યું, અને જે પંડિતો પૂર્વે ધિક્કારતા હતા, તેમના જ વંશજ વૈયાકરણો

તેનો અભ્યાસ કરવા લાગ્યા પ્રાકૃત ઘસાઈ ઘસાઈને નિર્મળ થતી ગઈ, અને ઘણા જમાના વીત્યા પછી તેને અપભ્રંશને જગા આપવી પડી સાંપ્રત દેશી ભાષાઓ એ અપભ્રંશોના સીધા—ઔરસ બાળક છે શૌરસેન અપભ્રંશ એ પશ્ચિમ હિંદીની ને પંજાબીની માતા છે, તેની સાથે નિકટનો સંબંધ રાખનાર ઉજ્જનની અવંતી (રાજસ્થાનીની માતા) હતી ગુજરાતી અપભ્રંશ એ ગુજરાતીની માતા છે પૂર્વ હિંદી એ અર્ધમાગધી અપભ્રંશથી પેદા થઈ છે મરાઠી એ મહારાષ્ટ્રી અપભ્રંશની પુત્રી છે મહાન માગધી એ બિહારીની, ઉરિયાની, બંગાળીની અને આસામીની માતા છે જેનું નામ માલમ નથી એવી અપભ્રંશમાંથી લહંડા અને કાશ્મીરી, જેનો પાયો કોઈ પૈશાચી ભાષા છે, તે પેદા થઈ છે સિંધી એ વાચડ અપભ્રંશથી નીકળી છે

પ્રાકૃત ભાષાઓમાંથી શૌરસેની, માગધી, અને પૈશાચી (ચૂલિકાપૈશાચી) એ નામ અમુક દેશની ભાષા સૂચવે છે પિશાચ લોકો હિમાલયના પૂર્વ ભાગમાં વસતા હતા એમ કેટલાક ધારે છે, પણ વ્યાકરણતીર્થ મહેચરદાસ આધારપૂર્વક જણાવે છે કે પાંડ્ય, કેકય, બાલ્હિક, સિંહલ, નેપાલ, કુંતલ, સુદેષ્ણ, વોટ, ગાંધાર અને કનોજ એ બધા પિશાચ દેશો છે (એમાં કેટલાક અનાર્ય દેશોના નામ છે) પિશાચ લોકોનું એક વખતે સિંધમાં પણ જોર હતું એમ માલમ પડે છે ચૂલિકાપૈશાચી એ પહાડી પૈશાચી, જેને બીમ્સ 'પહાડી' કહે છે તે હશે અપભ્રંશ ભાષાનો સંબંધ પાંચે પ્રાકૃત ભાષા સાથે છે પંડિત બેચરદાસ જણાવે છે કે પ્રાકૃત ભાષા મધુર અને કોમળ છે, કેમ કે હેમચંદ્રસૂરિએ પ્રાકૃત એટલે પ્રકૃતિ—સંસ્કૃત—થી આવેલ એવો અર્થ કરેલો છે આપણી ગુજરાતી (સર્વ પ્રકારની ગુજરાતી) ભાષામાં દેશ્ય—દેશી પ્રાકૃતનું ઘણું મિશ્રણ થએલું છે એ જ રીતે સંસ્કૃત કે સંસ્કૃતભવ પ્રાકૃતનો પણ આપણી ભાષા સાથે સંબંધ છે

ગુજરાતી ભાષાનું સગપણ અથવા સંબંધ જોઈએ તો તે અપભ્રંશની પુત્રી છે, જૂની પ્રાકૃતની પ્રપૌત્રી છે શૌરસેની વગેરે નવી પ્રાકૃતો તેની માસીઓ થાય છે, અને ચાલુ દેશી ભાષાઓ હિંદી, બંગાળી, પંજાબી, સિંધી, મરાઠી, કાશ્મીરી, ડોગ્રા, નેપાળી, ઉડિયા

અને આસામી એ તેની મગિઆઈ બહેનો થાય છે; મતલબ કે તે હિંદની સર્વ આર્ય ભાષાઓ સાથે સંબંધ ધરાવે છે.

ગુજરાતી ભાષા ક્યારથી શરૂ થઈ તે નિશ્ચિતપણે કહેવાતું નથી. તે સુમારે નવસો વર્ષથી ચાલે છે, એમ ગ્રિઅર્સન કહે છે. બીમ્સનું મત એવું છે કે કદાચ હિંદની આર્ય ભાષાઓમાં ગુજરાતીનું અસ્તિત્વ સૌથી જૂનું ને પહેલું છે. સ્વ. હરિલાલ ધ્રુવ કહે છે કે ગુજરાતી ભાષાની હયાતી સિદ્ધરાજના વખતમાં તો શું પણ વનરાજના વખતમાં પણ હતી. પંડિત બહેચરદાસ જણાવે છે કે ગુજરાતી શબ્દ ગૂરૈચિ ધાતુ ઉપરથી થયો છે, અને તેના આધારમાં હેમચંદ્રનું સૂત્ર ટાંકી બતાવે છે, તે ઉપરથી શ્રી હેમચંદ્રના સમયમાં ગુર્જર શબ્દ જાણીતો હતો એમ ઠરે છે. ગુજરાત શબ્દ ગુર્જરત્રા ઉપરથી થયો છે, અને તેનો અર્થ ગુર્જરોને પાળનાર અથવા ગુર્જરોને આશ્રિત એવો થઈ તે દેશને લાગુ પડે છે.

ગુજરાત—ગૂર્જરાત એવું આ દેશનું નામ પ્રાચીન કાળમાં નહોતું. તેના પશ્ચિમ ભાગનું નામ સૌરાષ્ટ્ર, રાજધાની દ્વારકા અને ભાષા સૌરાષ્ટ્રી હતી; દક્ષિણ ભાગનું નામ લાટદેશ, રાજધાની કોટિવર્ષપુર. અને ભાષા લાટી હતી; અને ઉત્તર ભાગનું નામ આનર્ત દેશ (કોઈવાર સૌરાષ્ટ્રને અને કોઈવાર તેના ઉત્તર ભાગને પણ આનર્તદેશ કહ્યો છે) હતું. પૂર્વ ભાગ લાટ અને આનર્ત વચ્ચે વહેંચાયલો હશે. જગદીશ ચેટરજી જણાવે છે કે કેટલીક જાતો જેવી કે ગુજર, આભીરનું મૂળસ્થાન કોકેસસના ઉત્તરપશ્ચિમ ભાગમાં અને એશિઆઈ તુર્કસ્તાનમાં હતું, એટલે ગુજરો (ગુર્જરો) પણ બીજા આર્ય વગેરે પ્રજાઓની સાથે ઘણા પ્રાચીન સમયે આવી વસેલા સમજાય છે. આ વાતને ડૉ. ભાઉ દાજીના કથનથી ટેકો મળે છે. તે ધારે છે કે આ લોકો (ગુજર અથવા ચૌર જે ઉપરથી 'ચાવડા' શબ્દ થયો ગણાય છે) ઘણું કરીને રૂશિઅન રાજના સીમાડા ઉપરના જ્યોર્જિઆ પ્રાંત (જેને કોઈ કોઈ વાર ગુર્જરસ્તાન પણ કહે છે ત્યાં)થી + આવેલા છે. તેઓ પ્રથમ પંજાબમાં આવી વસ્યા, અને ત્યાંથી ધીમે ધીમે આગળ વધીને ગુજરાતમાં આવ્યા. વળી ડૉ. ભાઉ કહે છે કે વલભીરાજનો નાશ કરનાર અને આ દેશને ગુજરાત એવું નામ આપનાર ગુર્જરો હતા. ગુર્જરો આ દેશમાં ખરેખરા ક્યારે આવ્યા

+ 'સૌરાષ્ટ્ર દેશનો ઈતિહાસ.'

તે નક્કી પણે કહી શકાતુ નથી ના પાલનજી દેસાઈ લખે છે કે ગૂર્જર લોકો ઈ સ ની પાચમી સદીને સુમારે હિંદુસ્તાનમા વાયવ્ય ખૂણા તરફથી દાખલ થયેલા જણાય છે પંડિત ભગવાનલાલ ઇંદ્રજીએ ગુર્જરોનુ ગુજરાતમા આગમન ઈ સ ૪૦૦થી ૬૦૦ના સમયમા થયેલુ જણાવ્યુ છે ગ્રિઅર્સન ને ભાંડારકરના મત પ્રમાણે ગુર્જર એ પશ્ચિમ હિંદુસ્તાનના પ્રાચીન સપાદલક્ષમાથી આવીને ઉત્તરપૂર્વ રજપૂતાનામા ને ત્યાથી ધીમે ધીમે પશ્ચિમ તરફ ગુજરાતમા આવી વસ્યા, અને ત્યાના આખા મુલકમા પોતાની ભાષા લાગુ કરી (સાલ આપી નથી) ડૉ ભાઉ દાજી કહે છે કે સાતમી સદી પહેલા જૂના ગ્રથોમા આ દેશનુ ગુજરાત નામ હોય એવુ ક્યાય જણાતુ નથી તેઓ સાતમી સદીમા આવી વસ્યા, તે ઉપરથી ગુર્જરત્રા એવુ દેશનુ નામ પડ્યુ ચેઉઆ પાટીદારના વહીવચા કહે છે કે ચેઉઆ લોહગઢ(લાહોર)થી સવત ૭૦૨ની સાલમા ગુજરાતમા આવી વસ્યા

ઉપર જણાવ્યુ છે કે મહારાષ્ટ્રી પૂર્વે ભાષા તરીકે વપરાતી હતી કે કેમ, અને તે અપભ્રંશ પહેલા કે પછી ચાલતી હતી તે જાણવાને આધાર નથી, પરંતુ એ ભાષાની છાયા હજી સૌરાષ્ટ્રમા રહી ગઈ છે કાઠીઓ વગેરેમા તેનો કેટલોક વાપર છે જુઓ કાઠીનુ બોલવુ –

અરો (અહી, એથે) આવ, **તાળી** (તારી) માશીના ખોરડા નથી ધિંગાણુ **કરતોસ, યાનો** કેટલો આકડો તે **મેળુધા**, અમે વહુ **મરાં માંગર** (ગાડી) ના કરો (વહી–કેથે) **તાહે જાવા ઘાં** નહિ **તાળી** માહે **ઘાં** ગામ ખોડુ તે કાઢી **નાખા**

નરસિંહ મહેતાએ, ભાલણે, ‘કુસુમશ્રી રાસ’ના કર્તા વગેરેએ છઠ્ઠીનો પ્રત્યય ‘ચો’ વાપર્યો છે, તે ક્યાથી આવ્યો તે હવે સમજાશે પૈશાચીમાં ‘લ’ ને બદલે ‘ળ’ વપરાતો તે ગુજરાતી ને મરાઠીમા ચાલે છે મને લાગે છે કે તે પૈશાચી નજીકની મહારાષ્ટ્રીમા થઈને મરાઠીને ગુજરાતીમા આવ્યો હશે એ ‘ળ’ અકબરના વખતમા લખાયેલો માલૂમ જોવામા આવ્યો છે, મતલબ કે તેનો વાપર આધુનિક નથી

બીજી એક વાત ડૉ ભાઉ દાજી કહે છે, તે એ કે ઓરિસ્સાની ઉડિયા ભાષા તે દક્ષિણી કરતા ગુજરાતીને ઘણી મળતી છે ક્યા હિંદના પૂર્વ કાંઠા તરફની મહારાષ્ટ્રી ને ઉડિયા, અને ક્યા પશ્ચિમ કાંઠાના

ગુજરાતની સૌરાષ્ટ્રી ને ગુજરાતી ? વચ્ચેના અનેક દેશ છોડીને એ ભાષાઓ શી રીતે મળતી થઈ, તેનું કારણ તપાસવા જેવું છે.

ગુજરાતીની શાખાઓ

બ્યામ્સ ગુજરાતીની ત્રણ શાખાઓ ('ડાયાલેક્ટ્સ') ગણાવે છે. ૧ સુરતભરૂચ તરફની, ૨ અમદાવાદની અને ૩ કાઠિયાવાડની. એ ત્રણેમાં એવો તફાવત નથી કે તેમને જુદી શાખાઓ ગણી શકાય. ગ્રિઅર્સન જણાવે છે કે ભીલ અને ખાનદેશના લોકો જે મિશ્ર ભાષા બોલે છે, તે ગુજરાતીની શાખા છે. અહીઆં ભીલ એટલે ગુજરાત ને ખાનદેશ વચ્ચેના પહાડી મુલકમાં વસનારી કાળીપરજ (જેની અનેક જાતો છે)ના લોકો સમજવાના છે. નાંદોદના રાજમાં આવેલો એક પ્રદેશ જેને મરૂદ કહે છે, ત્યાંના ભીલ લોકોની ભાષાનું વ્યાકરણ રા. છગનલાલ રાવળે પ્રસિદ્ધ કરેલું છે. સોનગઢ તરફની ને બારિયા તરફની એ પ્રજાના ખાસ શબ્દોનો સંગ્રહ થયેલો છે, તે ઉપરથી તથા ગાયકવાડી રાજમાં વસતા ધાણકા વગેરેના જાતિ અનુભવ ઉપરથી હું કહી શકું છું કે એ લોકોની ભાષા જો કે સર્વત્ર એક સરખી નથી (તેની ૩૦ બોલીઓ પાહલનજી દેશાઈ જણાવે છે), તથાપિ તે ગુજરાતીની શાખા ગણી શકાય. એમાં ગુજરાતી સાથે મરાઠીનું મિશ્રણ છે.

ખાનદેશના ઉત્તર તરફના ભાગમાં સેંકડો વર્ષથી જઈ વસેલા મુખ્યત્વે કણબીઓની સંખ્યા ઘણી મોટી છે. પણ તેમનો મરાઠા ને કાળીપરજ સાથે સંબંધ થવાથી તેમની ભાષા મિશ્ર થઈ ગઈ છે. તથાપિ તે ગુજરાતીની શાખા ગણી શકાય.

અસલ સૌરાષ્ટ્રી ભાષા કાઠિયાવાડમાં રહી ગયાનું ઉપર જણાવ્યું છે. તે ઉપરાંત ત્યાં ચાલતી ચારણી ભાષા પણ આપણું ધ્યાન ખેંચે છે. કાઠિયાવાડ દેશની જૂની વાર્તાઓ તેઓ પોતાની ભાષામાં એકતારો વગાડીને કહે છે. અને વચ્ચે વચ્ચે કવિતાઓ ગાય છે તે સાંભળવાની ઘણી મઝા પડે છે. કાઠિયાવાડી રત્નોનો કેટલોક સંગ્રહ પુસ્તકના આકારમાં છપાયો છે, તે જૂની કાઠિયાવાડી ભાષા બતાવે છે. ચારણી કવિતા નમૂના હું નીચે આપું છું:—

સોરઠો (બાવાવાળા વિષે)

વાલગ હાટે (સાટે) વીહ (વિષ), કંઈક ઝાડેજા ઝબે કર્યાં;
રાણા હંધુ (સાથે) રીહ (રીશ), કાંઈ વેંઢારસ (વિઢાળે છે)
વાઘોઉત (વાઘના સુત—વાઘાના).

દાના ભગત વિષે કવિતા

કોડ નરણા (વરમો) તણા હડી ગેલ (ગએલ) ક્યારડો,
લાકડે (લાકડા જેવા) પાપીએ વાદ લીધો,
મેનગા (મેવકો) બાપડા હેક (એક) મધારના,
તેકેરડો (કેરો—બ્હી) વીંગ ધેધુમ કીધો,
કોસકી (કોશની) ગરાડી હેગ નીલી કરી,
નરમડ (બ્રહ્માંડ) થોકો સરે (શિરે) કડા વાગા
ખીલ ઝાપા તણો ખણાવ્યો ખાખરો,
હુબ જુબા થકી કેસ (કેસુડા) લાગા,
જાદના (દાના ભગતના ગુરુ) તણો ઘર પ્રભુ કરી જાણવો,
વીહના (દાના ભગતના ચેલા) તણીઉ (તણીનું બહુવચન)
આવાટ (અવાટ) વાતુ (વાતો),
ઉગનીનો હુઓ હગોરીઓ દેખજે ખપાળી (દતાળી)
તણોજ દાતો

અર્થાત્ સૌરાષ્ટ્રી, ચારણી, વગેરે મળીને જે જૂની કાઠિયાવાડી ચાલે છે, તેને ગુજરાતીની શાખા તરીકે ગણી શકાય

કચ્છી ભાષાનું લેખી સાહિત્ય જનરને જોવામાં આવે છે, પણ તે ભાષા તરીકે અદ્યાપિ બોલાય છે, ને તેમાં કેટલીક કવિતા પણ રચાયેલી છે કચ્છ દેશ પૂર્વે ગુજરાતનો ભાગ હતો એમ માનવાને કેટલાંક કારણો છે ગ્રીક લોકોએ સૌરાષ્ટ્રની હદ ખંભાતના અખાતથી સિંધુ નદીના મુખ સુધી બતાવી છે, એટલે તેમાં કચ્છ આવી જાય છે નરહરિકૃત 'ચૂડામણિ' નામક વૈદ્યક ગ્રંથમાં જેમ ઓખામંડળમાં થતા ગોપીચંદનને "સુરાષ્ટ્રજા" નામ આપ્યું છે, તેમ કચ્છમાં પેદા થતા કાળા મગ અને અને ફટકડીને પણ "સુરાષ્ટ્રજા" નામથી ઓળખાવ્યા છે, એટલે કચ્છ સૌરાષ્ટ્રનો ભાગ હતો એમ સમજાય છે+ કચ્છી ભાષાની ઉત્પત્તિ સંબંધે અંગ્રેજ ભાષાશાસ્ત્રીઓ કંઈ જણાવતા નથી, પણ ઉપરના કારણોથી તથા ગુજરાતી સાથેનો તેનો સંબંધ જોતાં તેને ગુજરાતીની શાખા ગણી શકાય

ગુજરાતીનું શબ્દ-ભંડોળ

ગુજરાતી ભાષાનું શબ્દ-ભંડોળ ચાર પ્રકારનું છે, એટલે તત્સમ, તદ્ભવ, દેશ્ય અને વિદેશી શબ્દોથી થયેલું છે તત્સમ એટલે

+ 'સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ'

શુદ્ધ' સંસ્કૃત 'શબ્દો, જેની સંખ્યા હજારોની છે અને તે પ્રાચીન કાળથી આજ સુધી વપરાશમાં આવેલા હોવાથી ભાષામાં મળી ગયેલા છે. વળી જરૂર પડે ત્યારે સંસ્કૃતમાંથી શબ્દો લેવાય છે, તથા તેની મહાન ટંકશાળમાંથી નવા શબ્દો પાડી શકાય છે. તદ્‌ભવ એટલે સંસ્કૃતમાંથી વિકાર પામેલા શબ્દો, દેશ્ય પ્રાકૃતમાંથી, અપભ્રંશમાંથી, અને બીજી આર્ય ભાષાઓમાંથી આવેલા છે. ભંડોળનો આશરે પોણો ભાગ એવા શબ્દોનો બનેલો છે. દેશ્ય શબ્દો ગુજરાતમાં પૂર્વે વસતા તુરાની કે બીજા લોકોથી પ્રાપ્ત થએલા છે. એમની સંખ્યા જાણી* નથી અને જે છે, તેમાંના કેટલાકનાં મૂળ દેશ્યપ્રાકૃત વગેરેમાંથી મળી આવે છે. દેશ્ય પ્રાકૃત અને સંસ્કૃતભવ પ્રાકૃતમાંથી આવેલા ઘણા શબ્દો પંડિત બહેચરદાસે બનાવ્યા છે. તેમાંના થોડાક નીચે આપું છું.

દેશ્ય પ્રાકૃત	ગુજરાતી	દેશ્ય પ્રાકૃત	ગુજરાતી
ઉંડ	ઊંડું	દેવરાણી	દેરાણી
ઓજ્જરી	હોજરી	પડુઆ	પાડુ
ઉંબી	ઊંબી	પુપ્ફા	ફાઈ-ફોઈ
ઉત્થલ્લા	ઊથલો	રંદુઅ	ગંદવું
કિવિડી	કમાડ	રોજ્જ	રોજ
ખડ્ડા	ખાડો	વંઠ	વાંઢો
ખોલ	ખોલકું (ગધેડું)	આમોડ	અંબોડો
ખલ્લા	ખાલ	હુડ્ડા	હોડ
ચાસ	ચાસ	મુબ્ભ	મોભ
છાણ	છાણ	ઉત્તરવિડિ	ઉત્તરેવડ
ઝાખર	ઝાંખરું	અબ્બરી	બાબરી
ટક્કર	ટેકરો		
ડલ્લા	ડાલો		
ડબ્બ	ડાબો		

સંસ્કૃત	સંસ્કૃતભવ પ્રાકૃત	ગુજરાતી
નીતિશાલા	નીઇસાલા	નિશાળ
ગ્રહિલ	ગહિલ	ઘેલો
વૈવાહિક	વેવાહિઅ	વેવાઈ
ભગિનીપતિ	બહિણીવઇ	બનેવી

* 'ઉત્સર્ગમાળા'માં શાસ્ત્રી વ્રજલાલે થોડાક આપેલા છે.

મૂડુ—મૂડુ (તેલુગુ), (અર્થ) ત્રણ.

નાર—નાળ (નાલુગુ) (તેલુગુ), નાલકુ (તામિલ ને કાનડી) (અર્થ) ચાર.

બાંગો વૈદ,—એમાં વૈદ=અઇદુ (તામિલ ને કાનડી ઉપરથી), (અર્થ) પાંચ.

આંખ આર—એમાં આર=આરૂ (તેલુગુ ને તામિલ ઉપરથી). (અર્થ) છ.

ઉપલી સંખ્યા મોઇ(ગિલ્લી)દંડાની રમતમાં વપરાય છે, તે ઉપરથી એ રમત દ્રાવિડમાંથી આવી હશે, એમ લાગે છે.

ફારસી અને અરબી

મુસલમાનોનું આ દેશમાં રાજ્ય સ્થાપાયું તે અગાઉ પ્રાચીન સમયથી ઈરાનીઓ ને આરબો સાથે આપણો સંબંધ હતો; ત્યારથી કેટલાક શબ્દો આપણી ભાષામાં દાખલ થયા છે. તેમનું રાજ્ય સ્થપાયા પછી તો સંખ્યાબંધ શબ્દો આપણી ને બીજી આર્ય ભાષાઓમાં ભળી ગયા છે. મારા ધારવા પ્રમાણે આપણા શબ્દભંડોળમાં તે બે આની કે તેથી કંઈક વધારે ફાળો આપે છે. કેટલાક વિદ્વાનો એમને યાવની શબ્દો ગણી પોતાનો અણગમો બતાવે છે; જેમ કેઃ

न वदेद्यावनी भाषा । प्राणैः कंठगतैरपि ॥
सकृत्स्पर्शनमात्रेण । उपवीतं वृथा भवेत् ॥

'ભક્તિવિજય' ગ્રંથમાં 'જગન્નાથપંડિતઆખ્યાન'માંના એ શ્લોકને માન આપીને જમતી વખતે કોઈ 'બસ' બોલે તો, શું તું મુસલમાન છે કે આવું બોલે છે કહી તેને વડિલો ધમકાવતા; પણ હાલમાં જમતાં ને વાતચિત કરતાં ફારસી અરબી તો શું, પણ અંગ્રેજી શબ્દો ઘણીવાર વપરાય છે, છતાં બોલનારને કોઈ અટકાવતું નથી. યાવની શબ્દોમાંના ઘણાક તો એવા ઘરગથુ ને રૂઢ થઈ ગયા છે, કે તે અજાણતાં પણ વપરાઈ જાય છે. તેમને આપણા આદ્યય ને પ્રત્યય લાગે છે, તેમ તેમના આદ્યય-પ્રત્યય ગુજરાતી તદ્ભવ શબ્દોને પણ લાગે છે. આવા શબ્દો દાખલ કરવાનું માન (કેટલાકને મતે અપમાન) નાગરિક લોકોને ઘટે છે; કેમકે તેઓ નોકરી કે વેપાર અર્થે યવનોના ગાઢા સંબંધમાં આવવાથી તેમણે તે ગ્રહણ

કરેલા ગામડામા એવા શબ્દો થોડા જ વપરાય છે કેટલાકને તો ગુજરાતી કરતા એવા શબ્દોનો વાપર વધારે પસંદ પડે છે દાખલા તરીકે વાળંદ, ગાયજો, ગત, નાગર (કાઠિયાવાડમા) નાવળ (ઉ. ગુજરાતમા)ને બદલે હજામ શબ્દ, અને તુલના, સરખામણી, સરખાવટ, મેળવવુ, મીંઢવવુ, પડતાળોને બદલે મુકાબલો શબ્દ ગમે છે કોઈ 'પોરો' બોલે તો તે ગામડિયો લાગે અને 'પેરો' શબ્દ પસંદ પડે, પણ 'પોરો' એ સંસ્કૃત 'પ્રહર' ઉપરથી ને 'પેરો' એ ફારસી 'પહર' ઉપરથી થયો છે, તો એમાથી કયાને સારો ગણવો? કેટલીક વાર યાવની શબ્દોને સંસ્કૃતનુ રૂપ આપવામા આવે છે, જેમકે પલંગ શબ્દ ફારસી છે, તે સંસ્કૃત પર્યંક ઉપરથી, મનાજો મર્યાદા ઉપરથી અસ્વાર અશ્વવાર ઉપરથી અને કોતલ કુતલ (ઘોડો) ઉપરથી થયા છે એમ કહેવામા આવે છે અફીણ શબ્દ અરબી અફિયુમ (અફીમ) ઉપરથી થયો છતા તેને અહિફેન, અહિફેણ એવા સંસ્કૃતમા નામ અપાયા છે કેટલાક શબ્દ બંનેમા સામાન્ય કે મળતા આવતા હોય છે, તેથી વ્યુત્પત્તિ માટે શકા પડે છે, જેમ ફા આગ ને સં અગ્નિ, ફા અંદર ને સં અંતર્, ફા અંગુસ્ત ને સં અંગુષ્ઠ, ફા માહ ને સં માસ, રાજકાજના શબ્દો માટે એક તાલુકો લઈએ તો તાલુકો, મહાલ, પરગણુ, તેહસિલ, કમાવિશી, મામલતદાર, વહિવટદાર, મહાલકરી, કમાવિસદાર, તેહસિલદાર, તજવીજદાર, અવલકારકુન, શિરસ્તેદાર, નાજર, હવાલદાર, સિપાઈ, ફોજદાર, મુનસફ, વકીલ, કચેરી, અદાલત, દફતર, કેસનો, તહોમતનામુ, હુકમનામુ એમાનો કોઈ શબ્દ આપણો નથી! ઘણા યાવની શબ્દો ગુજરાતી જેવા જ બનીને સર્જન ચાલે છે, જેમ કે, અસર, અસલ, અંદર, આગર, આરી (કરવત), ઈજ્જત, ઈજન, ઇનામ, ઇરાદો, ઔરત, અંદેશો અંબાડી, મહેનત, અફીન, આરામ, અજબ, અદબ, અરજ, ઇત્યાદિ

પ્રજાઓમા ભેળસેળ થવાથી, એક બીજાના પ્રસંગમા આવવાથી, પદાર્થો, વિદ્યા વગેરે ગ્રહણ કરવાથી સઘળી ભાષાઓમા થોડા ઘણા પરદેશી શબ્દો આવે છે જ (સંસ્કૃત સુદ્ધા એથી બચી નથી) અંગ્રેજી જેવી સૌથી મોટી આધુનિક ભાષામા શુ થયુ છે? જોનસને પ્રથમ કોશ રચ્યો, ત્યારે તેમા પચીશેક હજાર શબ્દો સમાયા હતા તે પછી તેમની સંખ્યા વધતા વધતા લાખ ઉપર ગઈ, અને હાલ

અમેરિકામાં તેનો મોટો કોશ બને છે, તેમાં પાંચ લાખ શબ્દોનો સંગ્રહ થશે એમ કહેવાય છે. અંગ્રેજીમાં કોઈપણ ભાષાના શબ્દો દાખલ કરવામાં કોઈ હરકત લેતુ નથી. પ્રશ્ન એ થાય છે કે આપણી ભાષામાં જે પરદેશી શબ્દોએ ઘર કરેલું છે, તેમનો બહિષ્કાર કરવો એ વાજબી છે? અથવા તેમને કાઢ્યા કાઢી શકાય એમ છે? કદી સામાન્ય નામોને બદલે આપણા શબ્દો વપરાય, પણ ગુલાબશંકર ને અવલબાઈ, મુનશી ને કાછ એવાં વિશેષ નામ અને ઉપનામનું શું કરીશું?

તુર્કી શબ્દો

તુર્કી ભાષા જેમ તુર્કસ્તાનમાં ચાલે છે, તેમ તે તાતાર ને મોગોલિયામાં પણ ચાલે છે. તાતારના મોગલો હિંદમાં આવ્યા પછી આપણી ભાષામાં સેંકડો શબ્દ તુર્કીના ભળી ગયા છે, તેમાંના થોડાક નમૂના તરીકે નીચે આપ્યા છે.—

તોપ, બંદુક, ચાક (ચક), બબરચી (બાવરચી), ખજાનચી. એલચી, વરક, વરખ, કોમ, કાનુન, કલમ, કાગળ (કાગઝ). નગારુ (નકારા), બાગ, બગીચા, શોખ, મુત્સદ્દી, કીમત, ફરક (ફર્ક), મગરુર, દરબાર, અચાર, રકાબી, ચમચા, શતરંજ, પિસ્તા, બદામ (બાદામ), અંજીર, લગામ, તરાજુ—ત્રાજવાં, જીન, તંગ, નાલ, દલાલ (દલ્લાલ), મજૂર (મજદૂર), વકીલ, ચાદર, ચહેરા, શાહી (શિયાહિ—લખવાની), ગંજીફો (ગંજફા), તખતા, ચિરાગ, કૂચ (મુકામ ઉઠાવવો), લેબાસ (લિબાસ), મુરબ્બા, લાશ (શબ), અયાળ, ખુલાખ, (ખુલાક), ચાકુ. કાબુ, કુલી (મજુર), બુચકો (ગાંસડી—જેને બચકો કહેવામાં આવે છે). જાજમ.

પોર્તુગીઝ શબ્દો

(ટેલર વ્યાકરણમાં આપેલા:)—

પાદરી, ગારદી, મેજ (મૂળ તુર્કીમાંથી ગયેલા),

તબેલા, ચાવી, પગાર, પોમ (રોટલી).

પ્રોફેસર કરકરિયાએ આપેલા શબ્દોમાંના ઘણાને આપણે અંગ્રેજીમાંથી આવ્યા હશે ધારી સુધારીએ છીએ; કે ગામડિયા ગણી કાઢીએ છીએ.

ઇજનેર, મૂળ 'એનજીનહાયરો,' પણ અંગ્રેજી ઉપરથી તેને એ-નજીનીઅર કહેવામાં આવે છે

કપતાન, મૂળ 'કાપીટાઉ', (અંગ્રેજી ઉપરથી નહિ)

ગવન્ડર, મૂળ 'ગવર્નડોર'—પણ અંગ્રેજી પરથી તેને સુધારી ગવર્નર કહેવામાં આવે છે

બિસ્કુટ, મળ 'બિસકોટ', (અંગ્રેજી બિસકિટ ઉપરથી નહિ)
બટન, મૂળ 'બટાઉ', અંગ્રેજી બટન સાથે મળી રહે છે
પાટલુન, મળ 'પાનટાલુન', (અંગ્રેજી પેનટેલુન ઉપરથી નહિ)
ટુવાલ, મૂળ 'ટુવાલ', (અ ટોવેલ ઉપરથી નહિ)
સપાટ, મૂળ 'સપાટો', (અ સ્લિપર ઉપરથી નહિ)
ઇસટાપ, મૂળ 'ઇસિટાપા' (અ સ્ટેમ્પ ઉપરથી નહિ)
બાક, (બાકડો) મૂળ 'બાકો' (અ બેચ ઉપરથી નહિ)
ગેલેરી, મળ 'ગેલેરિયા', અ ગેલેરી સાથે મળી રહે છે

આ સિવાય અનાનસ, હાફુસ, પાયરી, બટાટા, પાઉ, વગેરે શબ્દો પોર્ટુગીઝમાંથી દાખલ થએલા છે

અંગ્રેજી શબ્દો

અંગ્રેજી રાજ્ય આવ્યા પછી અંગ્રેજોના સંસર્ગથી, નોકરીચાકરીના સંબંધથી, વેપારરોજગારના કારણથી, અનેક વસ્તુઓ અને વિદ્યાકળા પ્રાપ્ત થવાથી અંગ્રેજી પાઠશાળાઓ અને મહાપાઠશાળાઓનું સ્થાપન થવાથી તેમના પુષ્કળ શબ્દો દાખલ થયા છે, અને તેમાં ઝપાટાબંધ વધારો થયા જ કરે છે તેમને ઠેકાણે સંસ્કૃત ને ચાલતી શબ્દો કે નવા ઉપજાવી કાઢેલા શબ્દો વાપરવાના યત્ન થાય છે પરંતુ તે ફળીભૂત થશે કે કેમ તે વિષે ભારે શંકા રહે છે જો તેમને ઠેકાણે સહેલા ને સમજાય એવા ચાલતા કે નવા યોજેલા શબ્દો વપરાય તો ચાલી શકે આપણી ભાષામાં શબ્દો હોય છતાં અંગ્રેજી શબ્દો વાપરવા એ તો ઠીક નથી જ કેટલાક ટાઇમ, સ્કૂલ, પેપર, કવર, ટીચર, પ્રેસિડંટ, મેનેજીંગ કમિટિ, સ્પીચ જેવા શબ્દો વારે વારે વાપરે છે વરાળયંત્ર ('સ્ટીમ એનજીન'), દુર્બીન ('ટેલીસ્કોપ'), પ્રાણવાયુ ('ઓક્સિજન'), ઉચ્ચાલન ('લીવર'), ભણામણી ('સ્કુલ ફી'), પ્રમાણપત્ર ('સર્ટિફિકેટ), શિષ્યવૃત્તિ ('સ્કોલરશિપ'), જેવા શબ્દો મજેથી ચાલી શકે, પરંતુ અંગ્રેજી પારિભાષિક કે બીજા શબ્દોને માટે કઠિનતાને

સમજાય એવા શબ્દો યોજવામાં આવે, તો તે ચાલવા મુશ્કેલ થાય. નવા શબ્દો યોજવામાં ઘણું અંધેર ચાલે છે, એકજ શબ્દને માટે જુદા જુદા લેખકો પોતાને ફાવે તેવા તેવા શબ્દો ઘડી કાઢે છે તેમ જુદી જુદી દેશી ભાષાઓમાં તેનાં જુદાં જુદાં નામ હોય છે. કેટલીકવાર તો પારસી ભાઈઓ કહે છે તેમ જડબાતોડ ને ન સમજી શકાય એવા શબ્દોને જન્મ આપવામાં આવે છે. વિજ્ઞાનના એક શબ્દ માટે પાડેલું નામ તે વિદ્યા જાણનાર બીજો વિદ્વાન પણ સાથે અંગ્રેજી શબ્દ ન મૂક્યો હોય તો તેનો અર્થ સમજાવી શકતો નથી. આવો ગોટાળો બંધ પડવો જોઈએ. અને એવા નવા શબ્દો આપવા કરતાં તો વખતે અંગ્રેજી શબ્દ અર્થ સાથે આપવાથી વધારે ઠીક પડે.

સંકરસમાસો ને ભ્રષ્ટ શબ્દો

એક વાત યાદ રાખવા જેવી છે, તે એ કે આપણા લોકો ખપ પડે ત્યારે અન્ય ભાષાના શબ્દોનાં શુદ્ધ નામ પડાવવા સારુ સાક્ષરો પાસે જતા નથી. તેઓ પોતે જ મરજીમાં આવે એવાં નામ પાડી દે છે, અને તે કાળે કરીને ભાષામાં રૂઢ થઈ જાય છે. ફારસી ને અંગ્રેજી મળીને થએલો આગબોટ શબ્દ ઘણી ખરી દેશી ભાષાઓમાં દાખલ થઈ ગયો છે. હાલમાં વળી સત્કારકમિટી, કેળવણી-કોન્ફરન્સ રેલચંબુ, રેલગાડી, પથ્થરપેન. મુનસફ કોર્ટ. સીસાપેન, જેવા સંકર સમાસ ચાલવા લાગ્યા છે. વળી પહેલેથી દાખલ થએલા ફારસી–સંસ્કૃત સમાસ ઘણા ચાલે છે; જેવા કે અંદાજપત્રક, અંગ-મહેનત, અણમાહિતગાર, અણવાકેફ, અણહદ, કમભાગ્ય.

કેટલીવાર મૂળના અંગ્રેજી શબ્દોને ભ્રષ્ટ કરીને લોકો વાપરે છે; જેવા કે 'લ્યુસર્ન ગ્રાસ'ના લચકો ઘાસ; 'કેબેજ'ના કોબીજ–કોબી–કરમકલ્લો; 'વાઉચર્સ'ના વોચરિયાં; 'ફ્રેઇમ'ના ફરામ, 'ડ્રાઇંગ'ના ડરામ; 'ગ્યારેનટીડ'ના ગિરમિટિયા. એમ છતાં કેટલીકવાર લોકોએ પાડેલા શબ્દો સાર્થ કે પસંદ કરવા જોગ હોય છે; જેમકે 'રિટર્ન ટિકેટ'ને ઠામે જતવળતની ટિકેટ, 'લગેજ'માં ને ઠામે તૈયારીમાં, 'લ્યુસર્ન ગ્રાસ'ને ઠેકાણે મેથીઓ ઘાસ (મેથીની ભાજી જેવો હોવાથી), 'વેગન'ને ઠામે ડબ્બા, 'ગુડસટ્રેન'ને ઠામે ભારખાનું, 'બ્લોટિંગ'ની જગાએ શાહીચૂસ, 'ડ્રોપિંગ'નું ટપકણિઉં, 'ફ્લેટસ્ટ્રિપ'નું કટલી, 'રીલ'નું અટેરો, 'કોર્ક'નું

ચકલી, 'બીટર'નું પંખો, 'ઇંડીકેટર'નું ઘડિયાળ, 'ફ્રિજ ક્લેગાઇડ'નું જલદ ખાર, 'હ્યુમિડિફાયર'નું ફુઆરો

ઇમોસાતમો 'વર્ષ' થયા મુસલમાનો આ દેશમા આવી વસ્યા તેમના સમાગમવડે ફારસી, અરબી, વગેરે શબ્દોનો પ્રવેશ આસ્તે આસ્તે થયો છે, પરંતુ અંગ્રેજી રાજ્ય સ્થાપન થયાને ગુજરાતમા તો માત્ર સોએક વર્ષ થયા છતા અંગ્રેજી શબ્દો ભાષામા ઝપાટાબંધ દાખલ થતા ચાલે છે તેના કારણ પૂર્વે દર્શાવ્યા છે તે શિવાય બીજા એ કે અંગ્રેજી ભણેલા હીંડતાચાલતા અંગ્રેજી શબ્દો ઘણા વાપરે છે સહેજ ચિઠ્ઠીપત્રી લખવી હોય તે પણ અંગ્રેજીમા શહેરોમા ને ખાસ કરીને મુંબાઈમા તો ગુજરાતી ભાષા ખીચડિયા થઈ ગઈ છે શ્રીમત ગાયકવાડ સરકારે દેશી ભાષાના લખાણમા કોઈ અંગ્રેજી શબ્દ વાપરે તો તેને સજા કરવાનું ઠરાવ્યુ છે, તે સારુ છે, પણ તે બધે ક્યાંથી બની શકે નહિ સૌથી સારો માર્ગ એ છે કે આપણે અંગ્રેજી ભણેલાઓએ બનતા સુધી અંગ્રેજી શબ્દો બોલવાચાલવામા ને લખવામા ન વાપરવાનો દૃઢ નિશ્ચય કરવો જોઈએ

ગુજરાતી સાહિત્ય

મારા પોતાના કાર્ય માટે સ્થૂળ માને આપણા સાહિત્યના બે ભાગ પાડીશ, ૧ જૂનુ એટલે મૂળથી માડીને અંગ્રેજી પદ્ધતિની કેળવણી દાખલ થઈ ત્યા સુધીનુ, અર્થાત્ છેક મહાકવિ દયારામના વખત સુધીનુ, અને ૨ તે પછીનુ તે નવુ સાહિત્ય મારા માનવા પ્રમાણે જૂનુ સાહિત્ય એટલુ વિશાળ છે કે તે બીજી ઘણી દેશી ભાષાઓને પાછળ હઠાવે

જૂનુ સાહિત્ય

ગુજરાતી ભાષાનો ઇતિહાસ અને તેના યુગો પ્રસિદ્ધ કરવાનુ પ્રથમ માન શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસને ઘટે છે તેમની પછી વિદ્વાનોનુ લક્ષ તે ભણી દોરાયુ, અને રા કેશવલાલ, રા નરસિંહરાવ અને રા રા રમણભાઈ એમણે એ વિષય ઉપર પ્રશંસનીય પ્રકાશ પાડ્યો છે

આપણે જોયુ કે ગ્રિઅર્સન ગુર્જરાતી અપભ્રંશ ઉપરથી ગુજરાતી થઈ ગણે છે, અને ગૌર્જરીની અપભ્રંશ એ અવન્તી (રાજસ્થાનીની માતા) સાથે નિકટનો સબંધ રાખે છે, પણ ટેસિટોરી

જૂની પશ્ચિમ રાજસ્થાનીને ગુજરાતી(હાલની)ની માતા ગણે છે; અર્થાત્ તે જૂની ગુજરાતીને જૂની પશ્ચિમ રાજસ્થાનીનું નામ આપે છે. તેમણે 'મુગ્ધાવબોધઔક્તિક' અને જૈન ગ્રંથોનો મુખ્યત્વે આધાર લીધો છે. 'પ્રાકૃતપિંગળ'ના આધાર સંબંધે તો તેમણે પોતે જ શંકા બતાવી છે. પશ્ચિમ રાજસ્થાનીનો પ્રદેશ તેમણે સ્પષ્ટ કર્યો નથી. જો અવંતીમાંથી તે ઉત્પન્ન થઈ હોય, તો તે માળવાની ભાષા કહેવાય. ઈ. સ. ના પ્રથક શતકમાં * શક રાજાઓએ પોતાનો અમલ માળવામાં સ્થાપ્યો, અને તેઓએ લાટ દેશ, સૌરાષ્ટ્ર અને અનુપ+ દેશ ઉપર સત્તા ચલાવી હતી (મુખ્ય ગુજરાત ઉપર નહિ). તે પછી માળવાની સત્તા ગુજરાત ઉપર થઈ નથી. એથી ઊલટું ૧૫-૧૬ના સૈકડામાં માળવાનો કેટલોક ભાગ ગુજરાતે છીની લીધો હતો. ** પૂર્વે ગુજરાતનો વિસ્તાર બહોળો હતો, એટલે દક્ષિણ કોંકણની ઉત્તર હદ સુધી તેમ ખાનદેશ અને ઝાલોર સુધી તેની હદ હતી. એવા મોટા પ્રદેશની ભાષાને પશ્ચિમ રાજસ્થાન જેવા નાના મુલકની ભાષા ઉપર આધાર રાખવો પડે એ શક્ય નથી. ઈ. સ.ના પ્રથમ શતકમાં ગુજરાતમાં અપભ્રંશ ને માળવામાં અવંતી ભાષા ચાલતી હશે. અવંતીની દીકરી જેમ રાજસ્થાની છે, તેમ અપભ્રંશની દીકરી જૂની ગુજરાતી છે. મતલબ કે રાજસ્થાનીની દીકરી ગુજરાતી હોય એ માનવું સંશય÷ પડતું છે. જૈન કે બીજા હિંદુ લેખકોએ જૂની ગુજરાતી ને રાજસ્થાની કહી નથી. 'મુગ્ધાવબોધ' ગુજરાતમાં રચાયો હતો. અને તેમાં આપેલાં ઉદાહરણ પ્રાચીન ગુજરાતીનાં છે. વળી સંવત ૧૪૬૬-માં શ્રી ગુણરત્નસૂરિએ 'ક્રિયારત્નસમુચ્ચય' નામક ગ્રંથ ઇડરમાં રહીને રચ્યો હતો, તેમાં સંસ્કૃત ધાતુના રૂપોના સંગ્રહ સાથે તે કાળે ચાલતી ભાષાના રૂપોનો પણ સંક્ષિપ્ત પરિચય કરાવ્યો છે, તેમાંથી પંડિત બહેચરદાસે થોડાંક ટાંકી બતાવેલાં રૂપ જુઓઃ—

એઉ કરાઇ (એ કરે), લિઅઇ+(લે), દિઅઇ+ (દે), જાયઇ

* 'સૌરાષ્ટ્ર દેશનો ઈતિહાસ.'

\+ ડા. ભાઉ દાજી તે કચ્છ હશે એમ ધારે છે

** રા બા. ગોવિંદભાઈનો 'પ્રાચીન ઈતિહાસ.'

÷રા. રમણલાલ મોદી 'ભાલણચરિત્ર'માં આ વિષે શંકા ઉઠાવે છે.

\+ મુગ્ધાવબોધમાં લિઈ, દિઈ એવાં રૂપ છે, વળી કૃદંતમાં કરી, લેઈ, દેઈ એવા તેમાં આધુનિક રૂપો આપેલાં છે

(જાય), આવઇ (આવે), જાગઈ (જાગે), સુઅઈ (સુએ), એ ઘણા કરઈ (એ ઘણા કરે), લિઈ (લે), તૂ કરઁ, લિઅઁ, દિઅઁ, (તુ કર, લે, દે), તુમ્હે કરઉ, લિઅઉ, દિઅઉ, (તમે કરો, લ્યો, ઘો), હું કરઉં, લિઉં, દિઉં (હું કરું, લઉં, દઉં), અમે કરઉં (અમે કરીએ) આ રૂપો સ્પષ્ટ ગુજરાતીના છે

વળી ટેસ્સિટોરી કહે છે કે જૂની પશ્ચિમ રાજસ્થાની (જૂની ગુજરાતી) સોળમી સદીના અંત સુધી કદાચ તેથી પણ આગળ ચાલ્યાનો સંભવ છે (રા. નરસિંહરાવ સોળમી સદીના મધ્યકાળ સુધીની ભાષાને અંતિમ અપભ્રંશ એવું નામ આપે છે) નરસિંહ મહેતાના પદોની ભાષામા ફેરફાર થયો છે, એટલે તેની ભાષા 'કાન્હડદે' પ્રબન્ધના જેવી તે માને છે મુખપાઠ કરવાની પરંપરાથી પદોમા ઘણો ફેરફાર થવાનો સંભવ છે, પરંતુ જે હજાગે લેખી પદ હાથ લાગેલા છે, તેમા એટલો ફેરફાર ન થાય "જાગને જાદવા કૃષ્ણ ગોવાળીઆ, તુજ વિના ધેનમા કોણ ધાશે" એ નરસૈંયાની કે "સોનુ રૂપુ પહેર્યે શું સુધરે છે, સેની ઝાડોની ડાકડમાળ" એ મીરાની કડીમા કેટલો ફેરફાર થયો હોય? વળી 'સુરતસંગ્રામ' ને 'ગોવિંદગમન' જેવા નરસિંહ મહેતાના કાવ્યોના લેખી પુસ્તકોમા બહુ ફેરફાર ન પડે એ વાત ખરી છે કે સુશિક્ષિત લહિયા ન હોય, તો જે ન સમજાય એવુ હોય, તેને ફેરવી નાખે

અંગ્રેજ વિદ્વાનોએ ગુજરાતીની ઉત્પત્તિ સુમારે નવમા સૈકા પર થઈ એમ માનેલુ છે, એટલે તેની શરૂઆત સંવત ૧૧મા શતકમા થયેલી ગણાય જૂની ગુજરાતીના જે પુસ્તકો પ્રથમ હાથ લાગેલા તે ઘણા ભાગ ૧૫મા શતકના ને કોઈક ૧૪મા શતકના હતા રા. ચીમનલાલ દલાલ, જેમનુ અકાળે અવસાન એદકારક છે, તેમણે પાટણના ભંડારમાથી જે નવા ગ્રંથ શોધી કાઢ્યા છે, તે ઉપરથી તેમણે જણાવ્યુ છે કે "વિક્રમના ૧૧મા શતકથી ગુજરાતી ભાષાનો ઇતિહાસ યથાર્થરીતે લખી શકાય" એ ઉપરથી એવુ અનુમાન થઈ શકે કે તે અગાઉ કેટલાક સૈકાથી લોક-ભાષા (બોલી) ચાલુ થાય ગઈ હશે જૂની ગુજરાતીનો સૌથી પહેલો ગ્રંથ 'જંબુસ્વામીરાસ' મળે છે તેની સાલ ૧૨૬૬ની છે પરંતુ તે અગાઉ ૧૨૫૦મા 'અણુવ્રતરાસ' લખાયેલો હતો 'મદનરાસ

ચરિત્ર' એ જૂનામાં જૂનો ગ્રંથ ગણાય છે. પણ તેની સાલ નક્કી થઈ શકતી નથી. વળી પરમપૂજ્ય મુનિશ્રી સિદ્ધિમુનિને ખંભાતના ભંડારમાંથી તાડપત્ર ઉપર લખેલું 'મહાવીરસ્તોત્ર' હમણાં જ હાથ લાગ્યું છે, તેની સાલ ૧૨૦૯ની છે. તે 'સાહિત્ય' માસિકમાં છપાવાનું હોવાથી અહીં હું નમૂનો આપતો નથી; પરંતુ મુનિશ્રી લખે છે કે "આ સ્તોત્રની ભાષા ને પંદરમી સદીમાં લખયેલો 'ગોયમરાસ,' સત્તરમી સદીમાં લખાયેલા રૂપભદાસ શ્રાવકના રાસાઓ, ઓગણીસમી સદીની પં. વિરવિજયની કૃતિઓ અને આ સ્તોત્રના લેખનસમયથી આગળ વધતાં બસેં બસેં વર્ષના આંતરામાં થયલા સપ્તક્ષેત્રીરાસકાર મુનિ સુંદરસૂરિ, નરસિંહ મહેતા, ભલણ, લાવણ્યસમય, અને પ્રેમાનંદ, વિગેરે અનેક જૈન જૈનેતર કવિઓની ભાષા સાથે સરખાવી, હાલ ગુજરાત નામથી ઓળખાતા દેશના વતનીઓની ભાષાનો વિકાસ કેવી રીતે થયો છે, તે વિચારવાને રસ પડશે."

ગુજરાતીના ઇતિહાસને માટે નીચેના પુરાવા મહત્ત્વના થઈ પડશે.

પાટણના જૂના ગણપતિના દહેરામાં એક માતાની મૂર્તિ નીચેનો જે શિલાલેખ છપાઈ ગયો છે તેની સાલ સંવત ૮૦૨ની છે. તેમાં છઠ્ઠીનો 'ની' પ્રત્યય, 'અણહિલવાડઈ' (વાડે) 'પાટણિ' (પાટણે) એવાં રૂપ છે.

એક તામ્રલેખ સં. ૧૧૫૬નો હળવદ ગામ બ્રાહ્મણોને મહારાજ સિદ્ધરાજે ઇનામ આપ્યુ તે સમયનો મેં 'વસંત'માં છપાવ્યો છે, તેથી તે અહીં આપતો નથી. (ભાષા આધુનિક હોવાથી તેના ખરાપણા વિષે શંકા લેવાય, પણ તેને આધારે પેશવા અને મુસલમાન સૂબાઓએ ફરીથી પટ્ટા કરી આપ્યા છે, તેથી તે પૂર્વે ઘણાં વર્ષ પર તે થયો હશે, એમ તો ધારી શકાય). વળી હળવદ વગેરે ઘણાં ગામ સિદ્ધરાજે દાનમાં આપેલાં એવી હકીકત સૌરાષ્ટ્ર દેશના ઇતિહાસમાંથી પણ નીકળી આવે છે.

સંવત ૧૧૯૨નો એક શિલાલેખ વઢવાણ પાસે ભોગાવા નદીની રેતીમાં દાટાવા આવ્યો છે, તેમાં संवत ११९२ श्रावण वदि ११ बुधि श्री जयसिंह राजि कुमर वाहड इटा ॥ એમ લખેલું છે.

ભાવનગર તાબે રાજુલાની આથમણી બાજુએ કુંભનાથમા શિલાલેખ ગુજરાતી લિપિમા ખોડિયા અક્ષરનો છે તે—સવત ૧૨૦૧ ન મહ સુદ ૩ શ્રી કમનથ જત દર ચવડા નગ ભટ અખદા વઉઍ જામન નાડ ૩૦૦) માદેવન જલ કરગનરે મહા - રગેય દર કનઅ થાશે.

માગ મિત્ર ગ રા કુડાલકરે એક પુસ્તકની પ્રતના છેલ્લા પૃષ્ઠ લખેલુ મને પ્રગ પાડયુ તે આ પ્રમાણે —सवत १२६३ रत्नादर्वीय मूत्ये त्येइ साधुन जोरावी

સદર લેખો નવમી સદીની શરૂઆતથી ચૌદમી સદી ના મધ્ય ભાગ ઉપરાતની કડીવાર સાકળ ખડી કરે છે, અને તેમા ભાષા અપભ્રશ જેવી કે ૧૫મા સૈકાને મળતી નથી

વળી પદરમા શતકના ગ્રથોમા સમરિસુ, પેખી, દેવી, મોહામણુ ('ત્રિભુવનદીપકપ્રબધ' સ ૧૪૬૦) અને નમીએ, ગચ્છિલુ, ગળિયામણુ, જાણીએ, વખાણીએ ('દર્શાણર્ભદ્રરાસ' સ ૧૪૮૬) એવા રૂપો છે, તથા તે સમયના બીજા ગ્રથોમા ભાગ્યેજ દેખા દે છે

ગ રા કુડાલકરે લીમડીના એક બ્રાહ્મણ પાસેથી મળી આવેલો એક ગુટકો મને મોકલી આપ્યો, તેમા બ્રાહ્મણધર્મી ગોવર્દ્ધનકૃત 'ગરુડ પુરાણ' સવત ૧૩૨૪ની સાલનુ બાળબોધ અક્ષરે લખેલુ છે લખ્યા સાલ સ ૧૮૬૫ની છે 'ગરુડપુરાણ'ની ભાષા અપભ્રશ કે તે વખતના જૈનગ્રથોના જેવી નથી, જુઓ નમનો —

एवी कृष्ण बोल्या वाण्य ॥ पुरु कीधु गरुड पुराण ॥
सवत तर ने चोवीसे (स ७०) ॥ जम कायामा शिरोमण शीश ॥
पुराण मध्य शीरोमण सार ॥ ज सुने कविये दर मोरारय ॥
गोवर्द्धन कयागो कर्वी ॥ सवस्य रहतो त्या वैभची ॥
रसवट गाबो हरीशु रीच ॥ जर्ते मोस (माम ७०) अजुवाली बीज ॥

આથી ભિન્ન 'મદયવત્સચરિત્ર' (સદેવતસાવલિગાનુ જૂનુ કાવ્ય) બ્રાહ્મણધર્મી ભીમે ગોળમા રાતના આરભમા રચ્યાનુ ગ દલાલ જણાવે છે, તેની ભાષા સમકાલીન જૈન અને જૈનેતર

realpatidar.com

જિનહર્ષપ્રણીત 'શત્રુંજયમહાત્મ્ય' મ્હસ્તે લખાયું ક, તેના એક પૃષ્ઠની આબેહૂબ નકલ (ફોટોગ્રાફથી) છપાઈ છે, તેમાથી ઉતારો —

तै आठिम चउदिशि राजेसर। पर्व दिवस तप भावइ रे। निश्चयथी नव चलड ते किमें हि। जउ सुर तास चलवइ रे। पूर्व तणी दिशि जउ छोडी नइ। पश्चिम दिशि रवि जायइ रे। सायर मर्यादा तजड। सुर गिरि कापइ वायइ रे॥

दूहा

नादईं तूसइ देवता। धर्मनादथी धारी॥
सुप पामइ नृप नादथी। नादइ वशि हुइ नारि॥
नादक पकडावइ सरप। रहइ रोतउ लघु बाल॥
शिर आपइ मृग नादथी। एहवउ नाद रसाल॥

આ બે છેલ્લી કવિતા ઉપરથી શુ સમજવુ? ઋષભદાસની ૧૭મા શતકની ગુજરાતી કે જિનહર્ષની અઢારમા શતકની જૂની જૈન ઢબની ગુજરાતી, કે તે અંતિમ અપભ્રંશ છેક અઢારમા શતક સુધી જઈ લાગી છે એમ ગણુ? વળી અહી સવત ૧૭૪૬નો મહોરછાપ વાળો ફારસી સાથેનો ગુજરાતી લેખ અસલ પ્રમાણે જિનહર્ષની ભાષા સાથે તથા હાલ ચાલતી ભાષા સાથે સરખાવવા માટે આપુ છુ

'શ્રી દીવાન પ્રગણે મહમદનગર અરક હવનક જગીરખાન શ્રી આદેશાત કશબે મેહેમદનગરના બ્રાહ્મણ સમસ્ત જોગ જત તમારા પસાયતા ધરતી જે પડેલા હતી તે પોતાની ખાતર જમે રાખી બેઠજો તેનો ગવનની હકીકત વગત સવત ૧૭૪૬ ચૈત્ર સુદ ૮ સોમે'

ઋષભદાસના સમયમા ખભાતના કવિ શિવદાસે 'હંસાચારખંડી' નામની વાર્તા કવિતાબદ્ધ રચી છે તેની ભાષા શામળભટની વાર્તાઓ સાથે લગભગ મળી રહે છે એ વાર્તા 'સાહિત્ય' માસિકમા હુ છપાવુ છુ, તેથી તેમાના નમૂના આપવાની જરૂર નથી

આટલુ લખાણ કરવાનુ કારણ એ કે ભાષાના ઇતિહાસ ને યુગો સબધે વિદ્વાનોને વિશેષ વિચાર કરવાના સાધનો મળી આવે

જૂની ગુજરાતીના નિદાન બેહ્લા બે શતકના સાહિત્યમા જે ભાષા વપરાએલી જોવામા આવે છે, તે નવી ગુજરાતી સાથે ઘણી મળતી આવે છે, તેથી તે નવી ગુજરાતીની જોડણી આદિ માટે ઉપયોગી

થઈ પડશે. શામળશાહના મોટા વિવાહની એક ગુટકે દેવનાગરી અક્ષરે લખેલી જૂની પ્રત મારી પાસે છે. તેમાંના થોડાં પદ વાનગી તરીકે આપું છું.

રાગ ધનાશ્રી

મદન મહેતો મન વિમાસે ॥ પરદળને તેડે પાતજ ॥
નરસંઈયાને કેમ માન્ય કરશે ॥ કંગાળનો કપાળ ભાનજ ॥ ૧
મોરારની મરજી છે માટે ॥ સાજન તેડાને લખું પત્રજ ॥
પંદર દિવસ પછે લગ્ન આવ્યું ॥ માટે સત્વર કરજ્યો સર્વ ધરજ ॥ ૨
છાનો કાગળ એમ વિચાર્યો ॥ લખિયો એક મદનજ ॥
શાણો સેવક એક મોકલ્યો ॥ પત્ર લઈ ગયો સદનજ ॥
પછે જમવા વેળા થઈ જમવા ઊઠ્યા ॥ ત્યાં કે મોકલ્યો માગ બ્રાહ્મણજ ॥
મદન કે વા આદર મોકલીએ ॥ પણ એ આવે છે કંઈએ ॥ ૩
એવી ગોષ્ઠિ કરે છે તેવે ॥ એવે આવ્યો મંત્રી સાથેજ ॥
લક્ષણ રૂપ કવિ કે કહું છું ॥ ચાલો સાંભળો સંગે સાથેજ ॥
વામણો માંજરો ને છે કાણો ॥ કોળિયો તેથી ડીંગે ચૈનજ ॥
અતિ આરા માટે ઉદર મોટું ॥ પણ નહીં વણિક જેવા વેનજ ॥ ૪

એજ રીતે સુશિક્ષિત લહિયાઓને હાથે લખાયેલાં પુસ્તકો, જેવાં કે દયારામભાઈની હયાતીમાં તેમના મોટેરા શિષ્ય વેલાભાઈ ગમાનનાં ઉતારેલાં કામ લાગશે એવું મારું માનવું છે.

જૂની ગુજરાતીમાં ઘણું ખરું પદ્યસાહિત્ય છે, અને ગદ્ય-સાહિત્ય નહિ જેવું છે, એમ મનાતું આવ્યું છે. પણ ડા. દલાલ જણાવે છે કે "ગુજરાતી ગદ્યના નમૂના પણ ભંડારોમાંથી ઘણા મળી આવે છે. ૬૫૦ વર્ષ પહેલાં આપણી ભાષાનું ગદ્ય કેવું હતું, તે તાડપત્રના પુસ્તકોમાંથી બરાબર જણાઈ આવે છે. ૧૬મા તથા ૧૭મા શતકના ગદ્યના નમુના તો ઘણા છે." એ પછી સંવત ૧૩૩૦થી માંડીને તે નમૂના આપે છે. ગઈ સાહિત્ય પરિષદમાં તેમનો નિબંધ વંચાએલો તથા તે પછી પ્રસિદ્ધ થયેલો હોવાથી પુનરાવૃત્તિ ન કરતાં એટલું કહું છું કે સં. ૧૪૪૯માં લખાએલા ગણિતસારના નમૂનામાં ‘ઉ’ જૂદો ન લખતાં તેનું ચિહ્ન પાછલા વ્યંજનમાં મેળવી દીધું છે, અને તે ‘ઓ’-દર્શક છે, પણ ‘ઇ’ ‘ઈ’ જૂદી

લખી છે વળી તેમા નીપજ્જવિઉ, તસુ, કરીઉ, દિહિ, જાણિવા તણઈ (તણે), અર્થિ (અર્થે, ઈ જૂની નહિ) એના પ્રયોગ છે આ સિવાય ઔક્તિકો ને ટબ્બામા ગદ્યનો ઉપયોગ થયો છે વળી બ્રાહ્મણધર્મીઓએ વૈદકના ઉતારા ને ગીતાના અર્થ ગદ્યમા આપેલા મળી આવે છે મારી પાસે ૧૮મા સૈકાનો ગીતાના ભાષાંતરનો લેખી ગ્રંથ છે અખાએ ગુરુશિષ્ય-સંવાદ ગદ્યમા પણ લખ્યો કહેવાય છે પ્રેમાનંદસુત વલ્લભે ગદ્યપદ્યસંવાદાખ્યાન નામનો અલંકારનો ગ્રંથ લખેલો છે સ્વામીનારાયણ પંથના મુક્તાનંદે ગદ્યમા લખેલ જણાય છે દયારામે "શ્રી હરિહરાદિ-સ્વરૂપ-તારતમ્ય" નામક ગદ્યમા લખેલા ગ્રંથમાથી રા નારાયણદાસે નીચે પ્રમાણે ઉતારો મોકલી આપ્યો છે

"શ્રી હરિ તો સર્વેશ્વર છે, સર્વજ્ઞ છે, અતિસમર્થ છે, સ્વયભૂ છે, અનાદિ છે સર્વના કર્તા મૂળપુરુષ છે સર્વના નાસ્તા છે માયાકાળાતીત છે આદિપૂજ્ય છે સર્વપૂજ્ય છે સર્વને શરણ આપવા યોગ્ય છે અનતકોટિ બ્રહ્માડના નાયક છે અદ્વિતીય છે સર્વના સ્વામી છે સર્વના દુખભયભજન છે સ્વયપ્રકાશ છે નિર્ભય છે અદ્ભુત છે જેની માયાએ સર્વ મોહ પમાડ્યુ છે તે સર્વ વસ્તુ કીધી છે તે માયાના કર્તા પોતે છે ઇત્યાદિ અનેક લક્ષણના ભરેલા શ્રી હરિ છે એ જે કહ્યા તે લક્ષણ શ્રી કૃષ્ણ રાધિકારમણ વિના શેષ શિવાદિકમા નથી ત્યારે બરોબર કી રીતે કહેવાય તે જુઓ કે શ્રીહરિએ મુનાદિકને, વરદાન આપ્યા છે, તે સદા સર્વદા નિત્ય છે કોઈ થકી ભજાય નહી, કોઈ થકી ઉચ્છેદ થાય નહી, ને શિવજીના વરદાન આપ્યા સદા રહેના નથી તે જુઓ કે રાવણને બાણાસુરને, ત્રિપુરાસુરને, ભસ્માસુરાદિકને આપ્યા તે."

સૌથી અગત્યનુ ને ચડિયાતુ ગદ્ય સાહિત્ય તો મહાકવિ પ્રેમાનંદના નાટકો જ પૂરુ પાડે છે

પ્રાચીન સાહિત્ય પ્રસિદ્ધ કરવાની પહેલ અમદાવાદવાળા બાજીભાઈ અમીચદે કરી સામળભટની વાર્તાઓ અને પ્રેમાનંદના નાના આખ્યાનો શિલાછાપથી છાપ્યા તે પછી દલપતરામે 'કાવ્ય દોહન' અને નર્મદાશંકરે 'દશમસ્કંધ' તથા [illegible] 'પંચમસ્કંધ' બહાર પાડ્યા ત્યારથી પ્રથમ નાના પુસ્તકો છપાયા પછી પ્રાચીન

'કાવ્ય ત્રિમાસિક' અને છેવટે દિ. બા. મણિભાઈના પ્રયાસથી તથા શ્રીમંત મહારાજા સાહેબ ગાયકવાડના ઉદાર આશ્રય વડે 'પ્રાચીન-કાવ્યમાળા'ના ૩૫ ભાગ પ્રસિદ્ધ થયા. એ અરસામાં સદ્‌ગત ઇચ્છારામ દેસાઈએ 'બૃહત્‌કાવ્યદોહન' શરૂ કરીને તેના આઠ ભાગ છપાવ્યા. એ સિવાય કેટલાક છૂટક ગ્રંથ પણ પ્રકટ થયા. પરંતુ હવે એ કામ મંદ પડવા જેવું થયુ છે. હાલ સુધીમાં જે કંઈ પ્રાચીન સાહિત્ય પ્રસિદ્ધ થયું છે, તે માત્ર નિસરણીનું પહેલું પગથિયું ચઢવા બરોબર છે. એકલું 'મહાભારત' ચાર કવિઓ વિષ્ણુદાસ, નાકર, પ્રેમાનંદ અને રત્નેશ્વરે રચ્યું છે, તેમ તેનાં છૂટાં પર્વ કેટલાક બીજા કવિઓએ લખેલાં છે. એક 'મહાભારત' ૫૦—૬૦ પુસ્તકોનું પૂર થાય. આખું 'ભાગવત' પ્રેમાનંદે ને રત્નેશ્વરે રચેલું છે. ભાલણના ને પ્રેમાનંદના મુકાબલા માટે લક્ષ્મીદાસ અને પરમાણંદ(દિવાના)ના 'દશમસ્કંધ' છપાવા બાકી છે. એકલા પ્રેમાનંદની ૭૮ કૃતિઓ લઈએ તો 'મહાભારત' સિવાય તેનાં સાત નાટકો 'રઘુવંશ,' 'કર્ણચરિત્ર મહાકાવ્ય' 'ભીષ્મ ચંપૂ', 'જયદેવાખ્યાન', 'વલ્લભાખ્યાન', 'વલ્લભ ઝઘડો', 'શુકજનકસંવાદ', વગેરે બાકીમાં છે. તેમ તેનાં પુત્રનાં નવરસનાં સ્વતંત્ર પુસ્તકોમાંનાં સાત, 'ગદ્યપદ્ય સંવાદ આખ્યાન', 'છંદમાળા' (પિંગળ), 'પ્રેમાનંદ કથા', 'દ્રૌપદીહરણની ટીકા', 'મિત્રધર્માખ્યાન', 'પ્રેમાનંદપ્રશંસા', 'પ્રેમાનંદનિંદા', 'આત્મસ્તુત્યાખ્યાન', વગેરે ગ્રંથ લખનાર કવિઓ—દયારામ×, ભોજો, નાકર, પ્રીતમ, સામળ, ભગવાન (બે), નરસિંહ મહેતા, મનોહરદાસ.* ભાલણ, વગેરેનાં ઘણાં પુસ્તકો પ્રસિદ્ધિ પામ્યાં નથી. બીજા છૂટક કવિઓ જે જાણવામાં આવ્યા છે, તેમની સંખ્યા લગભગ ૫૦૦ (તેમાં સ્ત્રી કવિઓ)ની થાય છે. શ્રી સ્વામીનારાયણ પંથનાં, શ્રી વલ્લભસંપ્રદાયનાં અને બીજા પંથોનાં ઘણાં પુસ્તકો પ્રસિદ્ધ થવા પામ્યાં નથી. શોધખોળ કરવાથી ન જાણીતું પુષ્કળ પ્રાચીન સાહિત્ય હાથ લાગે એમ છે.

નવું સાહિત્ય

પૂર્વે જણાવ્યા પ્રમાણે નવા સાહિત્યની ઉત્પત્તિ અંગ્રેજી ઢબની

× દયારામની અપ્રસિદ્ધ કવિતા છપાવાનું કામ ડભોઈવાળા રા. નારાયણદાસે શરૂ કર્યું છે તે ઉત્તેજનને પાત્ર છે.

* જેણે ગુજરાતી નાનું વ્યાકરણ રચ્યું છે, અને જે વેદાન્તમાં બરાબરી કરી શકે છે.

કેળવણી શરૂ થયા પછી થઈ, અને વર્તમાનપત્રો, માસિકો, નિબંધો, નવલકથાઓ, પાઠ્ય પુસ્તકો અને બીજા ઉપયોગી ગ્રંથો ગદ્યમા લખાવા લાગ્યા છેલ્લા બે શતકની જૂના સાહિત્યની ભાષા શરૂઆતના નવા સાહિત્યમા બહુધા વપરાઈ છે દલપતરામ, વ્રજલાલ શાસ્ત્રી, રણછોડભાઈ ગિરધરભાઈ, મોહનલાલ, પ્રાણલાલ, ભોગીલાલ નંદશંકર, મહીપતરામ, વગેરે સાદી ને સરળ ગુજરાતી વાપરનારા હતા સંસ્કૃત શબ્દોનો બહુ વાપર કરવાનુ કે તદ્ભવ શબ્દો સુધારવાનુ વલણ તે વખતે થયુ નહોતુ ગ્રામ્ય અને પ્રાંતિક ભેદની મારામારી ચાલતી નહોતી, અને જોડણી પણ લોકભાષાને અને જૂના સાહિત્યને અનુસરીને સાદી રીતે કરવામા આવતી દલપતરામ અને વ્રજલાલ શાસ્ત્રી ગદ્ય પણ સાદી ભાષામા લખતા ભાષાંતરો ને અનુવાદો એવી સરળ ભાષામા થતા કે તે સાધારણ ભણેલા પણ સમજી શકે, દાખલા તરીકે 'બાળમિત્ર', 'શાળાપયોગી નીતિગ્રંથ', 'હિંદુસ્તાનનો ઇતિહાસ', 'ચરિત્રનિરૂપણ' (તેના એક લેખક પારસી ગૃહસ્થ હતા), 'યંત્રશાસ્ત્ર', 'ત્રિકોણમિતિ', વગેરે ગ્રંથો મોજૂદ છે એ પછી મી ટી સી હોપ સાહેબના પ્રમુખપણા નીચે વાચનમાળા વગેરે પાઠ્ય પુસ્તકો રચાયા, તેમા પણ સાદી ને સરળ ભાષા વપરાઈ અને શબ્દોની જોડણી મુકરર થઈ રણછોડભાઈના નાટકો, 'કરણઘેલો', 'ભટનુ ભોપાળુ' એમની ભાષા ડોળઘાલુ નહોતી નર્મદના ગદ્યપદ્યના પુસ્તકો એ ઉત્તમ ગુજરાતીના નમૂના છે મહીપતરામે ઘણા પુસ્તકો સાદી ભાષામા લખ્યા છે કરસનદાસની ભાષા સાદી પણ મુંબઇગરીના ભેગવાળી છે 'બુદ્ધિપ્રકાશ', 'ધર્મપ્રકાશ' અને 'બુદ્ધિવર્ધક' માસિકો સાદી ભાષામા પ્રસિદ્ધ થતા હતા તે વખતના પારસી માસિકો ને વર્તમાનપત્રો શુદ્ધ ભાષામા લખાતા નહોતા, પરંતુ તેમની ભાષા આડંબર વગરની હતી નવલરામ અને નર્મદાશંકરની ભાષામા પાછળથી થોડા સંસ્કૃત શબ્દો ઉમેરાયા

છેલ્લા જમાનાથી એટલે આશરે ત્રીસેક વર્ષથી ભાષાનુ વલણ બદલાવા લાગ્યુ જ્યારથી મહાપાઠશાળાઓમા સંસ્કૃત દાખલ થયુ ત્યારથી તે ભાષાના વિદ્વાનોની સંખ્યા વધતી ગઈ, તેની સાથે ગુજરાતીમા સંસ્કૃત શબ્દો ઉમેરવાનુ ને તદ્ભવ શબ્દોને શુદ્ધ કરવાનુ કામ વધી પડ્યુ એ પવન બંગાળાથી અને મહારાષ્ટ્રમાથી ગુજરાતમા આવ્યો બંગાળી ને મરાઠી મૂળની ભાષા ગુજરાતી જેવી જ સાદી

હતી; પણ જ્યારથી સંસ્કૃત પંડિતો લેખક થયા, ત્યારથી તેમણે ભાષા સંસ્કૃતમય કે સંસ્કારી કરી નાખી. જરૂર પડે ત્યાં સંસ્કૃત કે યાવની શબ્દો વાપરવા વિષે કોઈ સમજુ માણસ વાંધો લઈ ન શકે; પરંતુ જાણીબુઝીને પોતાની પંડિતાઈ બતાવવા સારુ કે માતૃ-ભાષાના અપૂર્ણ જ્ઞાનને લીધે કિંવા શબ્દભંડોળ વધારી દેવાની ખાતર, યા ભાષાને સંસ્કારી કરવાના હેતુથી જ્યાં ને ત્યાં ભાષાના શબ્દો હોય તે છતાં તેમને ઠેકાણે સંસ્કૃત નવા શબ્દો મૂકવા, કે તદ્‌ભવો સુધારી નાખવા, એ બરોબર નથી. સાક્ષરવર્ગને માટે કે તેમાં રસ લેનારા માટે વિદ્વાનો સંસ્કૃતમય ભાષામાં થોડું સાહિત્ય પેદા કરે તે ઇષ્ટ છે; કેમકે ભાષામાં જુદી જુદી શૈલીનાં સાહિત્ય હોવાં જોઈએ. ગહન વિષય લખવામાં સંસ્કૃત આદિના શબ્દોની જરૂર પડે એ વાત જુદી છે. પરદેશી નવા વિચારો—ભાવનાઓ—કલ્પનાઓ દર્શાવવામાં પણ તેમ કરવું પડે; પરંતુ એક સંસ્કૃત 'રસસાર' નામના ગ્રંથ વિષે પ્રો. રોય જણાવે છે, કે "આ ગ્રંથમાં ન સમજાય એવા પારિભાષિક શબ્દો મળી આવે છે. વસ્તુની ગંભીરતા દેખાડવાને આ રીત યુરોપ તેમજ હિંદુસ્તાનમાં પ્રચલિત હતી." એવી રીત લેખકે ગ્રહણ કરવી ન જોઈએ. સંસ્કૃતમય શૈલી જનસમૂહને કામ ન લાગે. સાહિત્ય સર્વત્ર અને સર્વ લોકોમાં ચાલે, તો જ તેનો ખરો ઉપયોગ છે, અને તો જ દેશની ઉન્નતિ થવાની છે. આના સંબંધમાં વિદેશી અને દેશી વિદ્વાનો શું કહે છે તે જોઈએ.

સાન્વય વ્યાકરણના કર્ત્તા મી. બીમ્સ લખે છે, કે "ભાષા-શાસ્ત્ર વિષેની આજ સુધીની શોધો ઉપરથી એ સ્પષ્ટ છે, કે સર્વ ભાષાઓના વિકાસનું વિવર્ધન થાય છે, તે કઠોર ગૂંચવણ ભરેલાથી કુમળા ને સાદા રૂપમાં થાય છે. આ તત્ત્વ પ્રમાણે ગુજરાતી ભાષાને સંસ્કૃત પ્રાકૃત આદિ રૂપોમાં ફેરવવી એ અયોગ્ય છે એમ ઠરે છે." બીમ્સ આગળ જતાં લખે છે કે અંતરવેધ (ગંગા જમના વચ્ચેનો પ્રદેશ), જ્યાં જૂદા જૂદા વિચારસૂચક સંસ્કૃત શબ્દો હયાત હતા, ત્યાં હમેશના ઉપયોગ વડે તે ધીમે ધીમે સાદુ રૂપ પકડતા ગયા, અને તે પ્રદેશની ભાષા—હિંદી—આ પ્રમાણે તદ્‌ભવ રૂપોમાં ગબ્બર થઈ. બ્રાહ્મણોની એક મોટી કલ્પના એવી છે, કે દેશી ભાષાઓને,

દાખલા તરીકે બંગાળીને, શુદ્ધ કરવા ને સુધારવા માટે દરેક શબ્દને તેના સંસ્કૃત મૂળ રૂપમાં લઈ જવો, અને નદીને તેના મૂળ તરફ વહેવરાવવી તેમને કમનસીબે પણ સકળ દુનિયાને સદ્ભાગ્યે બોલાતી ભાષા વિષે તેમ થઈ શકે એમ નથી, પણ તે કંઈક અંશે ગ્રંથોમાં —ખાસ કરીને શાળાઓમાં ચાલતા પુસ્તકો, જે અંગ્રેજોએ લખાવ્યા હતા તેમાં—થઈ શક્યું એ વિચાર એટલો પૂર્ણ રીતે પ્રચારમાં આવ્યો કે ખરા જૂના તદ્ભવોનો પુસ્તકમાંથી કેવળ બહિષ્કાર થયો, અને સંખ્યાબંધ તત્સમોને તેમની ઘોરોમાંથી ખોદી કાઢવામાં આવ્યા અને તેમનું પુનર્જીવન રોજના ઉપયોગમાં આવ્યું × × × બંને પ્રાંતોમાં પ્રજાની ભાષાને પુસ્તકોમાંથી દેશવટો આપ્યો, અને તે હવે લોકોના મોમાં વાસ કરી રહી છે × × × મરાઠીમાં તત્સમ શબ્દોનું અધિકપણું સ્પષ્ટ જણાઈ આવે છે એ ભાષા, સર્વથી બેડોળ હતી, તેને ઉન્નત કરવા માટે સંસ્કૃત શબ્દોને સર્જન કરવાનો માર્ગ લેવાયો

શ્રી ગ્રિઅર્સન બંગાળી વિષે કહે છે કે બોલવાની અને લેખવાની ભાષામાં બહુ ફેર છે સાહિત્યની ભાષામાં જેમ સંસ્કૃતનું ભરણું છે, તેમ તેના વ્યાકરણમાં પણ તફાવત છે ગઈ સદીની શરૂઆતથી અંગ્રેજીની અસર નીચે સાહિત્યની ભાષા શરૂ થઈ, ત્યાં સુધી તળપદા કાવ્યસાહિત્યમાં બોલાતી ભાષા શુદ્ધ સ્વરૂપમાં વપરાતી અંગ્રેજો આવ્યા પછી ગદ્યની જરૂર પડી, અને તે પૂરું પાડવાનું કામ સંસ્કૃત પંડિતોને હાથ આવ્યું ઓગણીસમી સદીના પ્રથમ અર્ધ ભાગમાં ગદ્યભાષા ઉત્પન્ન થઈ તેના કરતાં વધારે કંટાળા ભરેલ—ભયંકર ('મોન્સ્ટ્રસ') ભાષા ધારવી મુશ્કેલ છે ઉત્તમ વિષયો ને ઉમદા વિચારોના પુસ્તકો લખાયા, પણ તે એવી ભાષામાં કે જેમાંથી ખરા બંગાળી શબ્દો આશરે ૯૦ ટકા બાદ થયા, અને તેમને ઠામે સંસ્કૃત શબ્દો એવા લેવાયા કે જેમના ઉચ્ચાર લખનાર પોતે પણ કરી ન શકે પાછલાં ૫૦ વર્ષમાં આ બેહદ સંસ્કૃત તત્ત્વ કમી કરવા યત્ન થાય છે પણ તે ફતેહમંદ થતા નથી આમ થવાથી ખાસ શીખવ્યા સિવાય બંગાળી બંગ સાહિત્ય સમજી શકતો નથી બંગાળીઓ પુસ્તકની સંસ્કૃતમય ભાષાને સાધુ—ઊંચી ભાષા કહે છે, પણ તેમની ખરી ભાષાને જે વિશેષણ અપાય છે, તેનો અર્થ મજુર ભાષા થાય છે, તેને લખતી વખતે તજવામાં આવે છે આ તો 'ઇતિહાસ ફરી ફરીને કથન કરે છે,' તેનો એક દાખલો છે

મરાઠી ભાષાના સંબંધમાં એ જ વિદ્વાન કહે છે કે "તેમાં લોકપ્રિય એવું પુષ્કળ સાહિત્ય છે. કવિઓ ખરી દેશી ભાષામાં લખતા, અને બહુ ભાગે તદ્ભવ શબ્દોનો ઉપયોગ કરતા. તેને પરિણામે હાલ પણ તેવા શબ્દોમાં તે ભાષા સધન છે. મહારાષ્ટ્રી પંડિતોએ જો કે પાછલા વખતમાં તત્સમ શબ્દોનો ઉપયોગ કરીને ભાષા બુલંદ કરવાના યત્નમાં કેટલીક ફતેહ મેળવી છે, તથાપિ તે બંગાળીઓ જેવા પૂર્ણ રીતે ફાવ્યા નથી."

સન ૧૯૦૧ના વસ્તી પત્રકના વૃત્તાંત('રિપોર્ટ')માં જણાવ્યું છે કે "ચાલુ બંગાળી પુસ્તકમાં ગણતરી કરતાં સેંકડે ૮૮ ટકા શુદ્ધ સંસ્કૃત શબ્દો માલમ પડે છે, તે જેમ જરૂરના નથી, તેમ તેમને ઠામે તળપદા શબ્દો મળી આવે છે. તેનું પરિણામ ઘણું જ શોકજનક આવ્યું છે, કેમકે સંસ્કૃત ન જાણનાર તે સમજી શકતા નથી, એટલે લોકોનો મોટો સમૂહ એથી વિમુખ રહે છે. બીજી ભાષાઓમાં હિંદીને પણ એવો ચેપ લાગ્યો છે, કેમકે તેનું મધ્યબિંદુ જે કાશી તે સંસ્કૃત વિદ્વાનોના હાથમાં છે. હિંદીનો શબ્દભંડાર અને વિચાર દર્શાવવાની શક્તિ અંગ્રેજી કરતાં ઊતરતી નથી, તો પણ હમણાંહમણાં એવું વલણ પકડાયું છે કે લાખો લોકોને વાંચવા માટે નહિ, પણ થોડા સાક્ષરોને પોતાની વિદ્વત્તા બતાવવા માટે ગ્રંથકાર પુસ્તક લખે છે."

ઈતલીના પ્રખ્યાત દેશભક્ત અને કવિ મેઝિનિના સાહિત્ય સંબંધે વિચારો "નવજીવન" માં પ્રસિદ્ધ થયા છે. તેમાં જણાવ્યું છે કે "સાહિત્યે પ્રજાજીવન ઉત્પન્ન કરવું હોય, તો દેશની રગેરગમાં તે વ્યાપી જવું જોઈએ મજૂરોનાં ઘર સુધી અને ગામડિયાનાં ઝુંપડાં સુધી એણે પહોંચી જવું જોઈએ."

દશમા બંગાળી સાહિત્ય સંમેલનના પ્રમુખ શ્રીયુત આસુતોષ મુકરજી પોતાના અમૂલ્ય ભાષણમાં જણાવે છે કે "દેશના જનસમાજને જો ખરે રસ્તે ચઢાવવો હોય, તેને મનુષ્યત્વ આપવું હોય, બંગાળી જાતિને એક મહાન જાતિમાં ફેરવી નાખવી હોય, તો જેવડે તેમના મનની સંપત્તિ ઉતરોત્તર વધતી રહે તેવો ઉપાય કરવો જ જોઇએ." વળી તેઓ કહે છે કે "કેળવાએલ તરીકે ઓળખતા મુઠીભર બંગસંતાન પોતાના જ્ઞાનભંડારથી ભલે ગમે તેટલા વિભૂષિત હોય, તો પણ તેમની પાછળ અને ચારે બાજુ ફરતા જે આ કરોડો

બંગાળીઓ છે, તેમને જ્યાં સુધી તેઓ પોતાની સાંનિધ્યમાં ખેંચી નહિ લાવે, ત્યાં સુધી બંગાળનો ખરેખરો અભ્યુદય થવાનું માની શકાશે નહિ."

બંગાળાના સુપ્રસિદ્ધ નવલકથાઓ લખનાર બંકિમચંદ્ર ઊછરતા વિદ્વાનોને સાદી સરળ ભાષા વાપરવાનો બોધ કરે છે અને જગત-વિખ્યાત કવિ રવીન્દ્રનાથ બાબુ ઘણી ખરી સાદી જ ભાષા વાપરે છે.

આપણા સાક્ષરો એવું કેમ કરી શકતા નથી, તેનું મુખ્ય કારણ એ છે કે બચપણમાં તેઓ ચોથા ધોરણ જેટલું ગુજરાતીનું જ્ઞાન મેળવીને અંગ્રેજી ભણવું શરૂ કરે છે. તેમને અંગ્રેજી જેવી અઘરી ભાષાની સાથે બીજી ભાષા ફ્રેંચ કે ફારસી (સહેલાઈને માટે) અથવા સંસ્કૃત લેવી પડે છે, તથા સર્વ જ્ઞાન અંગ્રેજી દ્વારા મેળવવું પડે છે. તેથી ગુજરાતી ભાષાનો અભ્યાસ કરવાને તક જ મળતી નથી. ગુજરાતીમાં કંઈ લખવું હોય, ત્યારે પ્રથમ વિચાર તેઓ અંગ્રેજીમાં ગોઠવે છે અને પછી તેને ગુજરાતીમાં ઉતારવા જાય છે, ત્યારે ભાષાના શબ્દ નહિ જડવાથી તેઓ ફારસી, સંસ્કૃત કે વખતે અંગ્રેજી શબ્દો મૂકી દે છે. અંગ્રેજી ને ગુજરાતી છાપાં આવે તો તેઓ ગુજરાતી વાંચવાની ભાગ્યેજ દરકાર કરશે, પણ અંગ્રેજી છાપું ચિત્ત દઈને અથઇતિ વાંચી જશે. ગુજરાતી પુસ્તકો ખરીદવાની કે વાંચવાની તેઓ દરકાર કરતા નથી. તેમના ઘરની પુસ્તકશાળા (જો હોય તો તે)માં ગુજરાતી ગ્રંથો કવચિત જ જોવામાં આવશે. તેમને ગુજરાતી લેખ લખવા કહીએ, તો તેઓ કહેશે કે અમને ગુ-જરાતીમાં લખવું નહિ ફાવે. કહો તો અંગ્રેજીમાં લખી આપીએ. માતૃભાષાનો ઊંડો અભ્યાસ કર્યા વગર તેઓ તેમાં સારું લખી ન શકે એ દેખીતું છે.

સન ૧૯૧૧ના વસ્તીપત્રક ઉપરથી જણાય છે કે દશ હજાર ઉપરાંત કસ્બાઓને શહેરોમાં લેખીએ તો પણ શહેરોની વસ્તી માત્ર ૭¾ થાય છે, અને તેમાં પણ નોકરીચાકરી અર્થે, મહેનત મજૂરી માટે કે અન્ય કારણે ગામડાના લોકો આવી વસેલા હોય, તે બાદ કરીએ તો શહેરીઓની વસ્તી પાંચ ટકાથી પણ કમી થાય, અને નાગરિકોમાં પણ સુશિક્ષિતની સંખ્યા બે ટકાથી વધુ હોતી નથી. મતલબ કે ગામડાના લોકોની વસ્તી સેંકડે ૯૨¾ થી ૯૫ ટકા ગણાય,

એટલે ૯૫ ટકા બોલનારની ભાષાની અવગણના કરવી એ યોગ્ય નથી. પુરવાસીઓને ગામડાની ભાષાનો પરિચય બહુ થોડો હોય છે. શબ્દોનો મોટો જથો ગામડાંમાં વપરાય છે, પણ તેમને આપણા સાક્ષરો ગામડિયા કે ગ્રામ્ય ગણી હસી કાઢે છે, અથવા તળપદા શબ્દોની મજાક કરે છે, સ્થાનિક અને પ્રાંતિક શબ્દો માટે પણ અણગમો બતાવે છે. ગામડામાં જે બહુ અશુદ્ધ શબ્દો વપરાતા હોય તેને ભલે સુધારો કે છોડી દો; પણ એ વિષે ભાષાશાસ્ત્રી મી. બીમ્સ કહે છે કે "ગામડિયા બોલીમાં ભાષાનાં અધમ કે ભ્રષ્ટ રૂપો છે એમ માનવું તે ભૂલ છે. એવી બોલીઓ—શાખાઓ પ્રાચીન કાળથી ચાલી આવેલી બહુધા જણાય છે. તેમાંની એક સુધરે, તેમાં સાહિત્ય ઉપજે, કે બીજી ભાષાઓની મદદથી તે વિકાસ પામે; અને બીજીઓ તેમની મૂળ સ્થિતિમાં જ રહે; તથાપિ વિકાર પામ્યા છતાં ઘણીવાર શબ્દોનાં જૂનાં ને શુદ્ધ રૂપ જે એડાએલી બોલીએ છોડી દીધાં હોય, તે તેમણે જાળવી રાખ્યાં હોય છે. ભાષાની શાખાઓ—બોલીઓમાંથી ઘણું શીખવાનું મળે છે. શબ્દોનાં મૂળ અને વ્યાકરણપ્રયોગો શોધવામાં બોલીઓ ઉપયોગી થઈ પડે છે. દાખલા તરીકે 'ભૂ' (ભવામિ, ભવસિ, ભવતિ, ઈ૦) ઉપરથી 'હોના' કેમ થયું. તે ભોજપુરીમાં ચાલતા 'ભા' ને 'ભયા' ઉપરથી શોધી કઢાય. કેટલીકવાર ભાષાની સ્થાનિક ખાસિયતો તેમાંથી મળી આવે છે." મી. બીમ્સ આ વાતના સમર્થન માટે હિંદીના દાખલા આપે છે, અને જણાવે છે કે "હિંદી જેમ સ્થાનિક શબ્દોના ભરણા માટે જાણીતી છે, તેમ પંજાબી, બંગાળી, મરાઠી, ને ગુજરાતી પણ છે. સ્થાનિક શબ્દોનો સંગ્રહ કરવામાં આવે તો ભાષાનો કોશ ઘણો સધન થશે. એવા શબ્દોની ખાસ ખૂબી એ છે, કે તે ઘણું કરીને તેમનાં જૂનાં રૂપ બતાવે છે. હાલની ભાષાઓનું મૂળ ખોળી કાઢવાનું કામ સંતોષકારક રીતે પાર પાડવું હોય, તથા જે સંસ્કૃત અને આજની ભાષાના વચલા વખત ઉપર જે અંધકાર-પિછોડી છવાઈ રહી છે, તે દૂર કરવી હોય, તો ગામડાની બોલીઓ દ્વારા થઈ શકશે, એવી મારી ખાતરી છે. ઘણીવાર હલકા વર્ગોના મોંમાંથી નીકળતાં તુચ્છકારવા જેવાં વચનોથી અણધાર્યા તેમ અતિ કઠિન પ્રકારના પ્રશ્નો('પ્રોબ્લેમ્સ')નો નીકાલ થઈ જશે."

વિદ્વાનો ગામડાના કે પ્રાંતિક શબ્દોને ભ્રષ્ટ ગણે છે; પરંતુ

આધુનિક સર્વ આર્ય ભાષાઓ એક રીતે ભ્રષ્ટ જ છે તેઓ પ્રાકૃતમાંથી અપભ્રંશદ્વારા ઊતરી આવી છે તેમાં ચાલતા શબ્દોને ભ્રષ્ટ કહેવા કરતાં કોમળ ને મધુર કહેવા જોઈએ એમ છતાં જે અતિ ભ્રષ્ટ હોય, તેમાં થોડો સુધારો કરીને પણ તે વાપરવા જોઈએ મેંકડો ને હજારો શબ્દો સુધાર્યા વગર ચાલી શકે એમ છે જો સ્થાનિક ને પ્રાંતિક શબ્દો બીજા શબ્દો સાથે ભેગા કરવામાં આવે, તો ગુજરાતી કોશ એક લાખ કરતાં પણ વધારે શબ્દોનો થાય, એવો મારો અડસટ્ટો છે જેને અતિભ્રષ્ટ ગણવામાં આવે, તે પણ ભાષાશાસ્ત્રીઓને કામના થઈ પડે છે દાખલા તરીકે ગામડામાં બાળકોને બિવડાવી છાના રાખવા કહે છે, કે 'ઓ પેલા મણમઠિયાને બોલાવું કે?' મણમઠિયો તે મન્મથનો અપભ્રંશ છે દરો જમવાનું નોતરું આપતાં 'અગડનું કહું છું' એમ ગોર બોલે છે અગડ તે અન્નમસ્ (અન્ન=કાચું ધાન્ય—ફૂલર વગેરે+અમ્=ખાવું) ઉપરથી થયો છે બેસતા વર્ષના દિવસને ઝાલ(ઝાર)પટોળા કહેવામાં આવે છે તે જુહાર પ્રતિપદા બતાવે છે 'પેલા ફળિયામાં ઝાનમોઈ મચી છે, ને પેલી પોળમાં આહીદોપ ચાલે છે' એ બન્ને શબ્દોનું મૂળ મોહોરમમાં વપરાતો યાહુસેન શબ્દ છે (કદાચ અહીમોનું મૂળ પણ તેમ હશે) નવાઈ સરખું તો એ છે કે અંગ્રેજ સિપાઈઓ('ગોલન્જરો')એ હુસેન-હોસેન શબ્દો સાંભળીને હોબસનજોબસન મોહોરમ તહેવારને લગાડી દીધા શબ્દ જેમ ભ્રષ્ટ કે વિકારી થાય છે, તેમ તેના અર્થમાં ફેર પડે છે, એટલે કેટલીક વાર તે ચડતો ને ઘણીવાર ઊતરતો અર્થ બતાવે છે કોઈ રજપૂતને ટેકાને બદલે તિર્યક્ કહીએ, કે બકા—માકાને બદલે વક કહીએ તો તે ગુસ્સે થઈ જાય એવી રીતે ખતરી—ખાતરીને ઠામે ક્ષત્રિય કે રાણા—રણાને ઠેકાણે રાજા વાપરીએ તે ચાલે નહિ ગોરને ગરોડો, વિનગુને વકારગુ, ભટ્ટ, ભટ ને ભાટ, પંડિત ને પંડ્યા, સ્નાન, સનાન, નહાવણું ને નાહ (નાસ), એ સમાનાર્થે વપરાતા નથી પ્રાંતિક શબ્દો લઈએ તો એક વસ્તુ માટે અનેક શબ્દો મળી આવે છે દાખલા તરીકે ઘોડા તાવને તપત, ધખણી (ઉત્તર ગુજરાતમાં), ધીકડી, બળાતર કહે છે સ્ત્રીઓ ઓવારણાં ઉતારે છે તેને વારણાં, વારીજાઉં, બલા લઉં, દમર (ઉ ગુ) કહે છે, હાડિયાને ઉ ગુ માં ખબાર, ગાંડો, ધાકડા, પસ્તાગિયો, અગરિયો કહે છે કપડાં સીવનારને દરજી, સુઈ (સઈ), મેનાઈ,

ગાંભુ, ચુકણુ (ઉ. ગુ.); શેરડીના ચૂસવા લાયક કડકાને ગંડેરી (સુ) ગળવા—ગણુવા—(મધ્ય ગુ.) માદળિયો (કાઠી.) અને પીતાં—પૈતાં (ઉ. ગુ.); પૈસાને સવાકો—દોઢિયું (સુ), જંઈ, જનાદી, જનાવાદી (મ. ગુ.) અને કાવડિયું (કાઠી.); એ સર્વ એક અર્થે ચાલે છે. વળી બચ્ચી, ચૂમી, બોકી, બોસો, કોકા (ઉ. ગુ.) સમાનાર્થ છે. એક ઠેકાણે ઢગ એટલે બહુ, બીજે સ્થળે વાદળાં, ને ત્રીજી જગાએ બળદિયો કહેવાય છે. જાડી હલકી ડાંગરને સુરત તરફ કડો, પૂર્વ ને ઉત્તર ગુજરાતમાં વરી, મધ્ય ગુજરાતમાં સાઠી અને કાનમમાં ઢુંઢણી કહે છે. કેટલીક વાર એક પ્રાંતના શબ્દ ઉચ્ચારતાં બીજા પ્રાંતવાળાને હસવું આવે છે. મોટા વાંદરાને મેં બૂઢ (વૃદ્ધ—ઉપરથી) કહ્યો તેથી સુરત જીલ્લાના સાંભળનાર હસી પડયા. સુરત તરફથી એક બાઈએ વડોદરા સ્ટેશને કહ્યું કે મારી છોકરી વીઆઈ છે, તેથી સાંભળનારા હસવા લાગ્યા. સારા ઘરની દીકરીને છોકરી કહેવા જતાં કાઠિયાવાડના લોકોને માઠું લાગે છે. સ્થાનિક અને પ્રાંતિક શબ્દોની સંખ્યા ઘણી મોટી છે, તેમાંથી થોડાક દાખલા નીચે આપું છું; એમાંના કોઇ શબ્દ બીજા પ્રાંતમાં પણ વપરાય છે.

ઉત્તર ગુજરાત	અર્થ	કાઠીઆવાડ	અર્થ
ફીચુડિયું	હિંદોળો	પારેઠ	આખડી ગાય
ખોટ	ઠેકું	વરેલ	વાંઝણી ,,
જેદર	ઘેટું	સોડવું	સડવા, હોહવા દેવુ
ટૂંબો	મહેણું	રેઢું	રવડતું
તીરથ	ગધેડું	હટાણા	બજાર ખરીદી
તોલડ	મૂર્ખ	અભોલ	ઠોઠ
પખાલ	જુલાબ	ડઠ્ઠર	બહેર મારી ગયેલ
પેંડાર	ગોવાળિયો	ગભુ	છેક નાની
ભેંડો	તડાકો	ઉકરાટા	કમકમી
મગદળિઓ	ખોટી સાક્ષી પુરનાર	ખીસર	ઉતરાણ
વહાવુ	ઘોળપું	ટણુડી	ટોયલી
કોકો	રબારી	ધડકી	ગોદડી
રાયલી	ગોદડી	કાટલાં	વસાણાના લાડુ
રાઘો	ચેલછાવાળો	બજર	તમાકુ
રેડો	વાછડો	ખીજડો	સમડો

દક્ષિણ ગુજરાત	અર્થ	પૂર્વગુજરાત	અર્થ
વરેડ	ચીતો	મહો	ખપરડાથી આતરો
ગાલ્લી	નાની ગાડી અથવા		ભરી લેવો તે
	૮૦ મણ	ડકા	વાસના ખપરડા
આડ	ધરી	ચોપાડ	પરસાળ
પોગિયો	ઠોકરો	મનખ	દામી, ગોલી
કેથે	ટઢી	વડારણ	સદર
વીરઓણ	વીરણ	ભમરનાલ	બાન કુમાર
કાઠો	ઘરપાસેનો નાડો	ઓરણ	નવાણ પાસે ઢોર બે-
ફદિયુ	પૈસાથી હલકુ નાણુ		સવાની જગા
ઝાસવું	નાખવું	ઉસ	નખોદ
ઉબાળિયુ	ઉઘિયુ	અણુસુ	હીડ, મણુડ
વાડકો	પહેરામણી	ગોયરો	ચદન ઘો
સુપડા	આણુ વળાવતા	ભામ	ચામડા માટે મરેલા
	કન્યાને આપે છે તે		ઢોર લઈ જવાનુ ઠાસ
ખાજણ	ગોદની ખાડી	ખાજરુ	લગન વેરો બેદતો પામે
ભાત	ડાગર	દાતી	ડુંગરી
થર	ચૂડાનો	તિરિયો	સફેદ ચળકતો પત્થર
		ગપોર	જમીન પર તરી આવેલી
			પત્થરની છાટ

મધ્ય ગુજરાત	અર્થ	મધ્ય ગુજરાત	અર્થ
કટના	ચોચિઉ	થોન	લાગ
ગુનડી / આગલુ	નાની અગરબી	વાલરુ	વાન, ચોળા, તુવેર વગેરેનુ ભેગુ વાવણ
જેડુ—જેલુ	ધૂળ	નધરાળ	બેદરનાર
ધાણુ	ગોડુ ડસ્યું	ચોમગણ	ચારચેણ વાળી બડી
નરબટ	તદન	જાગધુ	છોકરુ
મગેનરી	વાનળી	કુચનમારી	મિયાં
ગરબટ	કરકર	ગમની	નાની મોટી

અંગ્રેજી શબ્દોના અર્થ આપતા (કીડ) એટલે બકરીનું બચ્ચુ, (લેમ)-ઘેટાનું બચ્ચું, (માઉસ)—આપનું ટોળું એવું સુખડીના

એક લખનારે છાપ્યુ હતું; કેમકે બકરીના બચ્ચાને લવારું ઘેટાના બચ્ચાને હલવાન, ગાયના ટોળાને ગોર, ધણ (કાઠિ.) કહે છે તે તેના જાણવામાં નહિ હોય. કાઠિયાવાડમાં બળદના ટોળાને બાળદું અને ભેંસના ટોળાંને ખાડું કહે છે. ઉત્તર ગુજરાતમાં ઊંટના બચ્ચાને બોતડો કહે છે. સંસ્કૃતમાં પોત (કરિપોત) એ હાથીના બચ્ચાનું અને અને હસ્તિક એ હાથીના ટોળાનું નામ છે. (પેરેપેટ વોલ) ને કાઠિયાવાડમાં હૈયારખી કહે છે, (હૅમલેટ)ને (પૂ. ગુ. માં) મુઆંહું, (કૅચમેંટ) ને આવણું, કાઠીઆવાડમાં (શોપિંગ) ને હટાણું પૂ. ગુજરાતમાં (કર્વોર્ટ્સ)ને તિરિયો, ટુવાલ ને અંગુછો–અંગલુછો (ચરોતર) તથા હજુરિયો (ચરોતર) કહે છે. ઊભા રહેવું, નાતરું કરવું એવા બે શબ્દને ઠામે ઊભવું, ઘરગવું એવા કાઠિયાવાડી એક શબ્દથી ચલવી લેવાય છે.

પ્રાચીન કવિઓ ગામડાના ને પ્રાંતિક શબ્દો તથા રૂપો છૂટથી વાપરતા, અને તે અદ્યાપિ મૂળ રૂપે કે થોડા ફેરફાર સાથે ચાલે છે. દાખલા તરીકે પદ્મનાભ, ભીમ, શિવદાસ, મુનિશ્રી ગંગવિજયના ગ્રંથોમાંથી થોડાક નીચે આપું છું.

'કાન્હડદે પ્રબંધ':—પાહિ–પાહે (પાસે); રિખી–રિસી–રૂસી;સુધી –સીધી; પીઆરા–પરાયા; તિણી–તિણે–તેણે; કેશું–કેથે; પાતિગ–પાતક; સરૂપ–સ્વરૂપ; આજ–હજી; વખ્યાત–વિખ્યાત; માડિસિ–માંડીશ; પઈસિ–પેશી.

'ષોડશ કળા':—ભેમ–ભીમ; વેનતિ–વિનતિ; આક્ષાન–આખ્યાન; ચુથી–ચોથી; માગેસ–માગીશ; કરેશ–કરીશ.

'હંસા ચારખંડી':—સાબધી–સર્વ; કુણ–કોણ; પછે–પછી; દખી –દુખી; ભેભીત–ભયભીત; થાશું–થઈશું; કરતો–કરત; લાવિશ–લાવેશ; ગણેશ–ગણીશ.

'કુસુમશ્રી રાસ':—વેંટી–વીંડી; ખિણ–ક્ષણ; કિમ–કેમ; પરજા–પ્રજા; ઉપગાર–ઉપકાર; કહેસ–કહીશ; આંખ્યુ–આંખો; વખાર્ણ–વખારો.

વળી 'મુગ્ધાવબોધ ઔક્તિક'માં આપેલાં રૂપ, જેમાં લહિયાથી બગાડ થયો નથી, અને જે પંદરમા શતકના મધ્ય ભાગમાં વપરાતાં તેમાંનાં થોડાંક વિશેષ મુકાબલા માટે નીચે આપ્યાં છે.

પ્રાચીન રૂપ	ગામડિયા રૂપ	સં મૂળ
તિહા	તિહા	તત્ર
જિહા	જીહા	યત્ર
કાલિ	કાલી	કલ્યે
ગિઈ	ગીઈ	ગત
અજી	અજી–હજી	અદ્યાપિ
હૂઉ	હુઉ	અભૂત–ભવતુ
ઓલિઉ	આલ્યુ	અર્વાચીન
હનડા	હનડા–અનણા	અધુના
માહરઉ	માહરો	મમ
ઊપિનુ	ઉપિલુ–ઉકેરૂ	ઉપરિતન
અનેરઇ દીમિ	અનેરે દીમે	અન્યેદ્યુસ્

કેટલીક વાર શહેરી કરતા ગામડિયા શબ્દો વધારે શુદ્ધ હોય છે જુઓ પિતૃ'નસૃ ઉપરથી પ્રાકૃત પુપ્ફા ઉપરથી ફઈ, ફૂઈઅર (જૈન સાહિત્ય) ફુઈ, (હીંદીમા ફુફી–ફુફુ) ને શહેરીમા ફોઈ કુત્ર–કેથે (સુરત ભણી), કયા–કયહા (શહેરી), ભૂમિ–ભુઈ, ભો, ભોમ અને શહેરી ભોય કાઠિયાવાડ ચાદરો ને આપણો ચાદરો આપણી ચકલી ને સુરતી ચકલીમાથી કયો શબ્દ શુદ્ધ ?

વિદ્વાનો જો ટીકા કરવાને બદલે તળપદા ને પ્રાતિક શબ્દોને પસંદ કરે, તો તેમનુ અનુકરણ બીજાઓ જરૂર કરશે એક સાક્ષરે પમરવુ જેવો ભ્રષ્ટ શબ્દ વાપર્યો, કે તે બીજાઓએ ઝડપી લીધો એ જ રીતે મહેકવુ, મઘમઘવુ, મોડવુ, મોડમ, ઓદડા જેવા શબ્દો પણ વાપરવામા આવી શકે બસે ત્રણસે વર્ષ થયા પેટીપટારા સેવતો "અનેરો" શબ્દ એકે પસંદ કર્યો તેને બીજાઓએ વધાવી લીધો એવીજ રીતે મુદા, હેનામા, ઉધડકવુ, ઉચકવુ, પયાસ, આફણીએ આપોપુ, લાઠ, કચવુ, વગેરે પ્રાચીન કવિઓએ વાપરેલા શબ્દો ઉપયોગમા લેવાય સ્વ ઝવેરીલાલે 'ઉભે છે એનો' પ્રયોગ શકુંતલા નાટકમા પ્રથમ વાપર્યો ત્યારે તે વિષે ટીકા થઈ હતી પણ તે વપરાશમા આવતો થયો છે એક વિદ્વાને પરકમ્મા શબ્દનો ઉપયોગ કર્યા, તે બીજાઓને નાપસંદ પડ્યો, પણ ગુજરાતીમા તો પરકમ્મા (જૈન સાહિત્યમા પણ) ને પરકમા શબ્દો જ આવે છે કોઈ પરિક્રમણ નથી કહેતુ એક સાક્ષરે "પાયગામા પહેરી પૂરી" એવી

ઘરગથુ કે ઐરાંની કહેવત કામમાં લીધી, તો બીજાઓ આંટી ઉકેલવી કોકડું ઘૂંચાયું, પેટ બાળીને સાંધ્યું ને દીવો બાળીને કાંત્યું. પાયો ટેર્યો, ટાપશી પૂરી જેવી કહેવતોને ઉપયોગમાં લેશે. આમની સભામાં રાજકીય ભાષણ આપતાં એક વિદ્વાને આંટી ઉકેલવી ('ટુ અન્રેવલ ધી સ્કીન') એવી કહેવત વાપરી હતી. જોન્સન અને મેકોલે જે લાતિન અને ગ્રીક શબ્દોનું ભરણું કરીને પ્રૌઢ કે સંસ્કારી ભાષા લખતા હતા, તેમના વારા વહી ગયા છે. હવે ભાષણો, લેખો ને પુસ્તકો સાદી ભાષામાં જ લખાય છે (જુઓ કેમ્બ્રિજનાં વિજ્ઞાન સંબંધી નવાં પ્રસિદ્ધ થતાં પુસ્તકો). સ્વતંત્ર સંસ્થાનના નામાંકિત પ્રમુખ વિલ્સન રાજકીય જેવા કઠણ વિષયો બહુ સાદી ભાષામાં લખે છે.

કોઈ વાર એમ કહેવામાં આવે છે કે સાદી ભાષા એ વિચારવાની સાદાઈ—ગરીબી બતાવે છે, તેની વિરુદ્ધ ઉપલાં દૃષ્ટાંત બસ થશે.

સાદી ભાષાની તરફેણમાં મેં ઘણા ઉતારા આપ્યા છે, કેમકે મારું દૃઢ મત એવું છે કે જનસમૂહના હિતને અર્થે સાહિત્યનો મોટો ભાગ એવી ભાષામાં હોવો જોઈએ. મારો હેતુ સાક્ષર વર્ગને ગેરઇનસાફ આપવાનો નથી. અંગ્રેજીમાં જે અર્થે 'મેન ઑફ લેટર્સ' વપરાય છે, તે જ અર્થે સાક્ષર શબ્દ વપરાય છે, અને તેનો અર્થ ભણેલા—વિદ્વાન એવો થાય છે; પછી ભલે તે સંસ્કૃત, અંગ્રેજી, ફારસી કે અન્ય ભાષાનો વિદ્વાન હોય. એમ છતાં હાલ ગુજરાતીમાં કેટલાક લોક સાક્ષર એટલે સંસ્કૃત જાણનાર વિદ્વાન એવો અર્થ કરીને તેમને નિંદે છે પણ ખરા; પરંતુ એ તેમની ભૂલ છે. સંસ્કૃત જાણનાર લેખકો ભાષાના ભૂષણરૂપ છે. તેમતે માટે હું ઊંચું મન અને ભારે માન ધરાવું છું. આજ સુધી તેમણે બજાવેલી સેવા પ્રશંસાપાત્ર છે. સ્વ. મનઃસુખરામ. ગોવર્ધનરામ, મણિલાલ દ્વિવેદી, વગેરેએ સાહિત્યની ઉત્તમ સેવા બજાવી તેમ હાલના સાક્ષરો પણ માતૃભાષા પ્રત્યે પોતાનુ કર્તવ્ય રૂડી રીતે બજાવી રહ્યા છે; કેટલાક સાક્ષરો સાદી ભાષામાં, કેટલાક વચલા વચલા વડની ભાષામાં અને કેટલાક સંસ્કારી ભાષામાં અમુક હેતુથી લખે છે. આ પરિષદની સ્થાપના અને અસ્તિત્વ આપણા સાક્ષરોને જ આભારી છે. સંસ્કારી ભાષા લખનાર પણ ધારે તો સાદી ભાષામાં લખી શકે, કેમકે તેમણે ગુજરાતી ભાષાનો સારો અભ્યાસ કરેલો હોય છે; અને તેથીજ તેમને મારી નમ્ર વિનંતિ સાદી ભાષા તરફ

પણ નલણ કરના માટે છે સંસ્કૃતમય અથવા પ્રૌઢ ભાષામા પણ થોડા સાહિત્યની અગત્ય છે, એમ હુ જણાવી ચૂક્યો છુ

જૈન સાહિત્ય

અપભ્રંશથી માડીને જૂની ગુજરાતીમા તથા નવી ગુજરાતીમા જૈન સાહિત્ય વિશાળ છતા તે ઉપર આજ સુધી ઘણુ થોડુ લક્ષ અપાયુ છે ગુજરાતીમા 'પ્રાચીન કાવ્યમાળા,' 'બૃહત્ કાવ્ય દોહન' અને બીજા પુષ્કળ પુસ્તકો પ્રસિદ્ધ થતા સુધી જૈન ભાઈઓ જાગૃતિમા આવ્યા નહિ, પરંતુ હવે તેમની આખો ઉઘડી છે રાજ-કોટમા ભરાએલી પરિષદમા રા, મનસુખ વિ કીરતચંદ મહેતાએ જૈન સાહિત્ય વિષે વાચેલા નિબંધ અને સુરતની પરિષદમા વાચેલા મ્ય દલાલનો નિબંધ એ બનેએ જૈન સાહિત્ય ઉપર સારો પ્રકાશ પાડ્યો છે પ્રાચીન કાવ્યમાળામા 'શીલવતી રાસ' છપાયા પછી કેટલાક છૂટા ગ્રંથ બહાર પડ્યા છે, જેમા 'જૈન કાવ્યદોહન' પ્રથમ ભાગ રા મનસુખલાલ રવજીભાઈ મહેતાએ, 'ઐતિહાસિક રાસમાળા' (પ્રથમ પુષ્પ) અધ્યાત્મજ્ઞાનપ્રચારક મંડળીએ, 'માધવાનળની કથા' 'સાહિત્ય' માસિકે, 'વિમળપ્રબંધ' રા મણીલાલ બકોરભાઈએ છપાવ્યા છે વળી શ્રી 'આનંદકાવ્યમહોદધિ'ના મૌક્તિકો રા જીવણચંદ સાકરચંદ ઝવેરીએ પ્રસિદ્ધ કરવા માડ્યા છે પરંતુ આ તો માત્ર ચચૂપ્રવેશ ગણી શકાય રા મનસુખલાલે 'જૈન રાસમાળા'ની પ્રથમ ટીપ છપાવી તેમા ૩૬૩ પુસ્તકોના નામ આપેના છે, અને તે પછી તેની પુરવણી રા મોહનલાલ દલીચંદ દેસાઈએ સ ૧૯૭૦મા પ્રગટ કરી, તેમા બીજા ૨૭૮ ગ્રંથના નામ જાહેર થયા છે એ સિવાય હજી બીજા ઘણા ગ્રંથ જૈન ભંડારમા ને અન્યત્ર પડી રહેલા છે રા મોહનલાલ જણાવે છે કે જૈન કાવ્યસામગ્રી એટલી બધી છે કે ગુજરાતી છાપખાનામા પ્રગટ થએલ 'બૃહત્કાવ્યદોહન' જેના ઓછામા ઓછા મો ભાગ સહેજ પ્રગટ થઈ શકે એમ છે, કે જૈનોએ ગુર્જર સાહિત્ય ઓછુ ખિલવ્યુ નથી, બલ્કે જૈનેતર પ્રજા કરતા પણ અનેકધા વિશેષ ખિલવ્યુ છે

જૈનબધુઓ સમૃદ્ધિવાન છે, તેથી આશા રાખવામા આવે છે કે તેમના બાપદાદાઓએ રચેલા તથા ભંડારોમા સાચવી રાખેલ ગ્રંથો છપાવી પ્રસિદ્ધ કરવામા તેઓ પાછી પાની કાઢશે નહિ જૈન સાહિત્ય જેમ ભાષાનો ઇતિહાસ ને વિકાસ જાણવા માટે અગત્યનુ

શાસ્ત્ર શ્રીબુદ્ધિસાગરસૂરિ (જેમના બાવન ગ્રંથ બહાર પડી ચૂક્યા છે), પૂજ્ય મુનિશ્રી સિદ્ધિમુનિ, વગેરે જૈનાચાર્યો પ્રાચીન અને અર્વાચીન સાહિત્યમાં ઘણો વધારો કરશે એવી આશા છે

પારસી સાહિત્ય

પારસી લોકો પોતાનો દેશ છોડી સંજાણ આવ્યા, ત્યારે ત્યાંના રાજાની આજ્ઞાનુસાર પોતાની પેહલવી અને પારસી ભાષાનો ત્યાગ કરીને ગુજરાતીને પોતાની માતૃભાષા તરીકે સ્વીકારી અને જે જે સમયે જેવી ગુજરાતી ચાલતી હતી, તે તે સમયે તેવી ગુજરાતી તેઓ વાપરતા ગયા તેમનો સહવાસ શરૂઆતમાં હલકા તથા ગામડિયા લોકો સાથે વિશેષ હોવાથી તથા ગુજરાતી પોતાની મૂળની ભાષા ન હોવાથી તેઓ અશુદ્ધ ગુજરાતીનો ઉપયોગ કરે એ દેખીતું છે મોબેદ નેર્યોસંગ ધવલ, જેઓ હજારેક વર્ષો ઉપર થઈ ગયા, તેમણે 'યજશ્ને'ના એક ભાગનું સંસ્કૃતમાં ભાષાંતર કર્યું હતું તેની પ્રતમાં સંસ્કૃત સાથે ગુજરાતી ભાષા ભેળવી છે તે કદાચ પાછળથી કોઈની કૃતિ હોય એવો વહેમ રહે તેથી તે વાત આપણે છોડી દઈશું પરંતુ પારસી લેખકોએ સં ૧૪૭૧માં 'ખુર્દ અથસ્તાર્થ,' અને સં ૧૫૦૭માં 'અનાજીરા' તે વખતની ચાલતી ભાષામાં લખેલ છે, એનું રા નરસિંહરાવે 'વસંત'માં છાપ્યું છે સં ૧૫૭૬નો રાણા સંગને વજીફો ભેટ કર્યાનો દસ્તાવેજ તથા દીવમાં રહેતા પારસીઓ ઉપર નવસારીથી લખાએલો પત્ર એ બે મે 'વસંત'માં આપેલા છે વળી સં ૧૭૩૯ અને સં ૧૭૪૦ના બે નમૂના રા પાહલનજી દેસાઈએ પોતાના લેખમાં પ્રસિદ્ધ કર્યાં છે તથા તેમણે આજથી ૨૩૩ અને ૨૨૮ વર્ષ પર રચાએલા 'સ્યાવકનામા' તથા 'જરતોસ્તનામા'માંથી કવિતાના નમૂના એ જ લેખમાં આપેલ છે, તે ઉપરથી પારસીભાઈઓ પણ હિંદુઓની માફક પાંચસો વર્ષથી જૂની ગુજરાતીમાં લખતા આવ્યા છે એવી ખાતરી થશે

નવી ગુજરાતી

નવું સાહિત્ય ઉત્પન્ન કરવાનું પ્રથમ માન પારસી ભાઈઓને ઘટે છે, કારણ કે બાપુદેવ શાસ્ત્રીએ 'ઇસપનીતિ'નું ભાષાંતર સન ૧૮૨૮માં પ્રગટ કર્યું, તે અગાઉ મી ફરદુનજી મર્ઝબાને સન ૧૮૧૪માં પ્રથમ છાપખાનું કાઢ્યું, અને ગુજરાતીના બીજા

પોતાને હાથે તૈયાર કર્યા; તેમજ તેમણે સન ૧૮૨૧માં 'મુંબઈ સમાચાર' નામના વર્તમાનપત્રને જન્મ આપ્યો. સન ૧૮૪૮માં જ્ઞાનપ્રસારક મંડળીએ 'જ્ઞાનપ્રસારક' નામનું માસિક બહાર પાડ્યું, તથા એ મંડળીમાં ઉપયોગી વિષય ઉપર ભાષણો ગુજરાતીમાં આપતાં હતાં. એ સંસ્થાના સરનશીન હિંદના દેશભક્ત દાદાભાઈ નવરોજી હતા. હિંદુઓની બુદ્ધિવર્ધક સભા ને તે નામનું ચોપાનિયું એ પછી આઠ વર્ષે હયાતીમાં આવ્યાં હતાં. સન ૧૮૫૭માં ચૌદ વર્તમાનપત્રો બહાર નીકળતાં હતાં. તેમાંનાં માત્ર બે—'સત્યપ્રકાશ' અને 'સમશેર-બહાદુર' સિવાય બાકીનાં સર્વ પારસીઓ કાઢતા હતાઃ એમાં રોજનાં ત્રણ હતા, ને તે ત્રણે પારસીઓનાં હતાં. 'રાસ્તગોફ્તાર' સ. ૧૮૫૨-માં જન્મ પામ્યું. મહિલાઓને માટે 'સ્ત્રીબોધ' નામના માસિકને જન્મ આપનાર પણ પારસી જ હતા. આજથી આઠેક વર્ષ ઉપર તપાસ કરી, ત્યારે એકલા પેટિટ ઇન્સ્ટિટ્યુટમાં પારસીઓના રચેલા ગ્રંથ પાંચસેં જોવામાં આવ્યા હતા. મતલબ કે પારસીઓનું નવું સાહિત્ય વિશાળ છે.

'ભારતનો ટંકાર'નું વિવેચન કરતાં રા. રંજિતલાલ પંડ્યા લખે છે કે "ગુજરાતના સાહિત્યનો કોઈ પણ ભાગ જો ગુજરાતી સાહિત્યના રસિકોને સૌથી વધારે અજ્ઞાત હોય, તો તે ગુજરાતનું પારસી સાહિત્ય છે." તે વિદ્વાન વળી જણાવે છે કે "અત્યંત આવેગભર્યું, અત્યંત રમતિયાળ અને અત્યંત હસમુખ ગુજરાતનું પારસી સાહિત્ય શુદ્ધ ગુજરાતના સાહિત્યની અત્યંત ઉપયોગી પુરવણી કરે છે."

પારસીઓને માથે એવો દોષ મૂકીએ છીએ કે તેઓ બહુ અશુદ્ધ ભાષા લખનાર છે. તેમની અશુદ્ધતાના કારણ મેં પૂર્વે દર્શાવ્યાં છે. આપણે પોતે ઘરઘરની જોડણી, પ્રયોગો અને અશુદ્ધ શબ્દો પણ વાપરનારા છીએ. એ વાત લક્ષમાં રાખવા જેવી છે કે તેમને આપણે ઉત્તમ પ્રતિનાં કોશ, વ્યાકરણ, વગેરે પ્રમાણભૂત સાધનો પૂરાં પાડ્યાં છે પણ ક્યાં? પારસીઓએ શરૂઆત અશુદ્ધ લખાણથી કરી હતી, પણ તેમાં દિવસે દિવસે ઘણો સુધારો થતો આવ્યો છે, અને રા. કાબરાજી જેવાના પ્રયાસથી ગુજરાતીનો સારો અભ્યાસ કરનાર લેખકોથી તેમની ભાષા સુધરતી ચાલી છે. માત્ર અશુદ્ધતાને કારણે તેમના સાહિત્યની અવગણના કરવી યોગ્ય થશે નહિ, તેમ તેમનું

સાહિત્ય કેવળ અલગ પડી જાય એ પણ ઇચ્છવા લાયક નથી આપણે તેમના સાહિત્યની દરકાર કરતા નથી, તેમ આપણા સંસ્કૃતમય નવા સાહિત્યની તેઓ દરકાર રાખતા નથી આવી ન ઇચ્છવા લાયક સ્થિતિ દૂર કરવા માટે રા નરસિંહરાવ પોતાના ભાષણમા ભલામણ કરે છે કે "પારસી લેખક બંધુઓ સંસ્કૃત તેમજ ફારસીનો સંસ્કાર પ્રાપ્ત કરશે, અને બીજે પક્ષે આપણે કેવલ આડંબર માટે જ સંસ્કૃતમય શૈલીનો આશ્રય કરતા અટકીશું, તો બંને પક્ષ વચ્ચેનું અંતર કાળે ક્રમે તૂટશે" આ કીમતી સલાહ ઉભય પક્ષ ધ્યાનમા લે, તો કેવું સારુ? અમારા સાક્ષરોએ પ્રથમ પહેલ કરવી જોઈએ, પરંતુ તેની શરૂઆત "નવજીવન" સિવાય અન્યત્ર થયેલી જોવામા આવતી નથી ઊલટું તેમનું અનુકરણ કરવાનો પવન ટૂંકભંડોળિયા હિંદુ લેખકોમા સંચરવા લાગ્યો છે પારસી ભાઈઓની ભાષામા આનંદદાયક ફેર પડેલો જોવામા આવે છે સાહિત્યસભાઓની માફક મુંબઈનું પારસી લેખકમંડળ કંઈ કંઈ ઉપયોગી કામ કર્યે જાય છે પારસી લેખકો મ. મલબારી, મ. તારાપુરવાળા, મ. જહાંગીર પોલીસવાળા, રા ખબરદાર, રા પાહલનજી દેશાઈ, ડૉ જીવણજી મોદી, દા ધનજીશાહ, રા રતનજી શેઠના, ખા બા દલાલ, રા મહેરવાનજી આદરજી, રા બહેરામજી મહેરવાનજી, રા હોરમજી દોસાભાઈ, મિસીસ કામરાજી, મિસ પાલમકોટ, વગેરેના જેવી લખવામા કાળજી રાખનારા ઘણા પારસી બંધુઓ તૈયાર થશે, તો પારસી ગુજરાતી સુધર્યા વગર રહેશે નહી કેટલાક હિંદુ સાક્ષરોની પેઠે કેટલાક પારસી સાક્ષરો ફારસી–અરબી ઘણા શબ્દો વાપરવામા તથા તદ્ભવ શબ્દોને સુધારવામા માન સમજે છે, પરંતુ તે બરાબર નથી

મુસલમાની સાહિત્ય

ગત પરિષદ વખતે રા નરસિંહરાવે ઇસારો આપતા સચેદીના નાનજિયાણીએ પ્રગટ કરેલા 'ખોજાવૃત્તાન્ત'માથી બે નમૂના વાનગી દાખલ આપ્યા છે એક ૧૬ ખોજા પીરોના ભજનોનું પુસ્તક પોતા પાસે છે, એમ તેમણે જણાવ્યું છે મુસલમાની સાહિત્ય વિષે ભાગ્યે જ કોઈ કંઈ જાણે છે, તેથી તે વિષે કંઈક વિસ્તારથી કહેવાની મને જરૂર લાગે છે

ખોજા સાહિત્ય

ખોજાઓ મૂળ હિંદુઓ હતા. તેમનામાં મુખ્ય બે ધર્મ ચાલે છે. ૧ આગાખાની ને ૨ ઇસના અશરી (બાર ઇમામને માનનારા). એ સિવાય કેટલાક સુન્ની, સ્વામિનારાયણિયા, ભગત, મસ્છદિયા, ખાનાઈ, તનાસરી, વગેરે છે. આગાખાની પંથનાં મૂળપુસ્તકો સિંધી લિપિમાં છે, અને તેની ભાષા ગુજરાતી. કચ્છી અને સિંધીથી ભેળસેળ થયેલી છે. તેઓ પોતાને સતપંથી કહેવડાવે છે, અને પીરાણા (અમદાવાદ પાસે)નો ધર્મ પણ સતપંથના નામથી ઓળખાય છે. કેટલાક કહે છે કે તે આગાખાનીમાંથી પેદા થએલો છે. 'સતપંથ' શાસ્ત્ર જે રા. એદલજી કાબાએ છપાવ્યું છે, તે સિંધી લિપિમાંથી ઉતારેલું છે, અને તેમાં જે પીરોનાં નામ જણાવ્યાં છે, તેમાંના પીર ઇમામુદ્દીન—ઇમામશાહ—એ પીરાણા પંથના સ્થાપક છે, એમ જણાય છે. 'સતપંથ' ગ્રંથમાં પીરોની કવિતા છે. તેમાં ઇમામુદ્દીન કૃત 'નારાયણના દશ અવતાર' વાંચનારનું ધ્યાન વિશેષ ખેંચે છે. તેની ભાષા ક્લિષ્ટ છે. એ ગ્રંથ પછીના દશમા અવતારનું લેખી પુસ્તક કાવિઠાના પંડિત કાલીદાસ નાથાભાઈ તરફથી કુરાઈના શેખ મૂળજી હીરાભાઈ મારફત મળ્યું (બીજા કેટલાક લેખી ગ્રંથો સાથે). ભાષા શુદ્ધ ને સારા અક્ષરે લખેલી છે. ખોજા કે પીરાણા પંથના ગ્રંથોમાં સાલ આપેલી હોતી નથી. રા. કાબા જણાવે છે કે તેમના જૂના ગ્રંથ ઘણું કરીને ૧૦૦ વર્ષ પૂર્વના નથી. 'સતપંથ' ગ્રંથને શાસ્ત્ર ગણવામાં આવે છે. તેમાં પીરોની કવિતા છે. પીર નુરૂદ્દીન, પીર કબીરૂદ્દીન અને પીર ઇમામુદ્દીન એ મુખ્ય છે. દશ અવતારમાં હિંદુઓના મચ્છ કચ્છ આદિ નવ અવતાર વર્ણવી દશમો અવતાર અરબસ્તાનમાં મહંમદ પેગંબરનો થયો એમ જણાવ્યું છે. પીર સમસુદ્દીને ૨૮ ગરબીઓ નવરાત્રીમાં ગાવા માટે રચી છે. મુમન ચેતામણી, ચંદ્રભાણ, સુરભાણ, રાજા ગોપીચંદ આખ્યાન, વગેરે બાબતો સમાવી છે, આ સિવાય ખોજા કોમમાં ગવાતાં ઘોળ, આરતીઓ, વગેરે 'ખોજા સર્વસંગ્રહ'માં આપેલ છે. તેમાં હિંદુસ્તાની ભાષા પણ વપરાઈ છે. સમસુદ્દીનની ગરબીઓમાંથી થોડીક કડીઓ આપું છું.

ગુરૂ આવીઆ બીજી રાત કે આવી નાચીઆરે લોલ,
તારે બોલીયા મીઠા બોલ કે અબગત વાણીમારે લોલ,
તમે સુણજો સરવે સાથ કે ચેતી ચાલજોરે લોલ,
એ તો સારા મકર છે ભરપુર કે નીરખે જાણજોરે લોલ

નવું સાહિત્ય

ખોજા કોમનું નવું સાહિત્ય સર્વથી વધારે ધ્યાન ખેંચનાર છે ના. કાબાની યાદીમાં છપાએલા ૧૪૦ ગ્રંથના નામ છે તેમા જીવન-ચરિત્રો ને ઐતિહાસિક ગ્રંથ ૩૫, વાર્તાઓ નવલકથાઓ ૬૨, ધર્મ સબંધી ૨૭ ને બાકીના નીતિ વગેરેના પરચુરણ ગ્રંથો છે એ સિવાય ગોકુલદાસ હેમરાજે કેટલાંક પુસ્તક છપાવ્યા છે

પીરાણા પંથનું સાહિત્ય

ઉપરમા અવતારની ઉપર હકીકત આવી છે એ સિવાય બીજા ૬ ગ્રંથ મને કાવિઠેથી મળ્યા છે તેમાનો માત્ર એક લઘુ ગ્રંથ "શ્રી ઇમામશાહ બાવા પ્રજા" નામનો છાપેલો છે એ નાનોદયના તેમાનો એક તુટક છે, ને બીજામા મહમદ સાહેબના ૯૯ નામ, 'બાજનામુ,' 'દોવા,' 'ગતનનામુ,' 'પેગંબરી નુરનામુ,' જુદા જુદા વેદની ગાયત્રીઓ, વગેરે છે એક ગ્રંથમા વેળ, પંદરતિથિ, ગરબા, 'નુરનામુ,' 'મોટુ નુરનામુ' (ગદ્યમા) છે ગદ્યની વાનગી—"તે દુનિઆમા વેપાર કરતા, એણે તોલ રાખ્યા, વળી બે માપ રાખ્યા ને લેવાનુ મોટુ અને આપવાનુ નાનુ એણે જાણ્યુ જે ચતુર થઈને છેતરૂ છે એણે સાહેબની બીક ન રાખી, તે માટે એને પેટની તજારત દીધી છે" એક પુસ્તકમા વેળ વગેરે લખેલા છે એક નાની ચોપડી ગીમાપેનથી લખેલી છે, તેમા સાસતર, વેળ, આરતી વગેરે છે પીરાણા પંથના બીજા ગ્રંથો પણ છે, એવી બાતમી મળી છે

માગરોળના પીરોનુ સાહિત્ય

નવસારી પ્રાંતમા આવેલા માગરોળની ગાદીના સજ્જાદાનશીન પીરજાદા મોટા મિયા સાહેબે કૃપા કરી વડોદરાના ભોમદાર બચ્ચુ મિયા મારફતે કેટલાક ગ્રંથ પૂરા પાડ્યા છે તેમના એક વલિ પીર કાયમદીન બાવા, જેમનો રોજો પાદરા તાલુકાના એકલબારા ગામે છે, તેમના શિષ્યો કાનમ ને ગુજરાત આખાના વોહોરા વગેરે છે તેમણે જ્ઞાનનું ઉમદા પુસ્તક 'નુરગ્યાન' નામનુ સન ૧૧૧૨ (હીજરી)મા

ઉર્દુમાં રચેલું, તેનો તરજુમો—ઉતારો ગુજરાતી ઉર્દુમાં ભગત સુલેમાન મહંમદે કરેલો છે. તેમાંથી ગુજરાતીનો નમૂનોઃ—

રાગ ધનાશરી

મારો ન્યારો છે તે ભેદ; નહી જાણે સઉ કોઈ રે અલ્લા. ॥ ટેક ॥
જહાંરે પવન સંચરે નાડીરે, તહાં નુર અપાર; ॥
પ્રેમ પીયાલો પીતાં ભુલ્યા, જોયું નુર દીદાર; ॥ ન જાણે; ॥
અગમ અકાસમાં નુર નુર, તાસે લાગે પ્રીત. ॥ ૧ ॥
સુરત પગથીએ સીડી ચડીએ, તો લીધો અગમ ગઢ જીત. ॥
ન જાણે ॥ ૨ ॥
ન જાણે કોઈ જોગી સન્યાસી; ન જાણે સંસાર. ॥
જાણે કોઈ વીરલો ભેદુ; આસક મસ્ત દીદાર. ॥ ન જાણે. ॥ ૩ ॥

બીજો એક અગત્યનો મોટો ગ્રંથ નાગરી સુંદર અક્ષરે લખેલો છે, તેમાં ૮૮ અંગ ને ૧૬ સ્તુતિ વર્ણવી છે. કર્તા કોઈ વસ્તા હોય એમ જણાય છે, તેની રચ્યા સાલ ૧૮૩૧, ને ઉતાર્યા સાલ ૧૯૦૩ છે, તેની ભાષામાં કોઈ કોઈ હિંદુસ્તાની શબ્દો ને રૂપો આવે છે. જુઓઃ—

શ્રી ગુરૂદેવને વંદિયે ॥ પ્રીતે લાગીયે પાય ॥
અવર વંદન જ્યાથે ટલે ॥ આવાગમન મિટ જાય ॥
બુદ્ધ સુદ્ધ દાતા થયે ॥ રીદ્ધ સિદ્ધ દાતા જેહ ॥
સ્વરૂપ દાતા સચિદાનંદ ॥ પ્રીતે વેંદૂં તેહ ॥
ગુરૂ સેવા સબથે બડિ ॥ તાથે બડી ન કોય ॥
સરવ ધરમકો એક ધરમ ॥ ગુરૂ જ્ઞાનિ બુઝે સોય ॥
દેવ સકલ ગુરૂદેવમાં ॥ ધરમ સકલ સબ માંહે ॥
શ્રી ગુરૂદેવ ઉપાસતાં ॥ અવર ધરમ કો નાંહે ॥

પીર કાયમુદ્દીન બાવા સાહેબના ખાસ મુરીદ (શિષ્ય) અભરામ બાવા, ઉમર બાવા, છવણ મસ્તાન, નબીમીયાં, પુંજા બાવા, રતનબાઈ, વગેરેને પીર સાહેબના પ્રતાપથી જ્ઞાનની પ્રસાદી મળી હતી. તેમના કલામ (ભજન) ઘણાં ગવાય છે. ભક્તિમાં નિમગ્ન થએલ રતનબાઈ અભણ હતી, છતાં તેની કવિતા નૈસર્ગિક ને ઉચ્ચ ભાવના શુદ્ધ ગુજરાતીમાં બતાવનારી છે. જુઓઃ—

અરે નરનાર, ભજો કિરતાર, સરજનહાર સાચો છે;
મનુષ્ય અવતાર, નો આધાર, અરે ઓ યાર કાચો છે. ટેક.

અભિમાની, તુ થા જ્ઞાની, આ નાદાની કહ્યું માની,
છોડી દે, યાર, થા હુશિયાર, ગફલતને તમાચો છે અરે ૧
ઓ મન મોજી, સમો સમજી, જુદી બાજી ન થા ગરજી
સમજ મન સાર, છોડી દે ખાર, અગાડી મોત માચો છે અરે ૨

× × ×

રાગ પ્રભાત

માળા જપુ છુ નાથ તમારી, આવો ને મંદિર મારે રે,
દયા કરીને વ્હેલા પધારો, આનંદ ઉરમા ભારે રે ટેક
સેજ સમારી વાટડી જોતી, વહેલા આવો ગીરધારી રે,
દરશન દોને મુજને વાના, જાઉ તમો પર વારી રે માળા
વાળી ઝાડી ઘર કીધુ ચોખુ, પાચ પચીસને કાઢી રે,
આવો મારા શ્યામ સનુણા, વાટ જોઉ છુ દહાડી રે, માળા

× × ×

કલામ

કરો ભમતા તમે શુ ભાઈ, સાહેબ બેઠો પોતાની માંઈ ટેક
મક્કે જાય ને મદીને જાએ, જાએ દુવારકા કાશી રે,
મનનુ તીરથ સરવથી મોટુ, મટી જાએ ચોરાશીરે મા ૧
કુરાન પઢે ને ગીતા વાચે, બોલે વેદ પુરાણો રે
અંતર ખોલ્યા વિના પાર ન આવે, ભાર નકામો તાણો મા ૨

× × ×

પુંજો બાવો જાતનો ખવાસ હતો, તેની કવિતાનો નમૂનો —

રાગ વસંત

ચાલો સખી જોવાને જઈએ, જ્યા વસંત ખેલે વનમાળી
નવતમ નાર મળી નવજોબન, હસી હસી લે તાલી તાળી ટેક
નટવર નાનો છે લઘુ વેશ, ઝમક ઝમક કરે ચાલો,
રણઝણ ઝુમે ને મુખ ચુમે, મોહન મોરલીવાળો ચાલો
અબીલ ગુલાલ અતિ ઘણા ઉડે, કેસર ભરી છે ચોળી
ચુઆ ચંદન છાંટુ છાંટણુ તો, લાલ લીઓ રંગમા રોળી ચાલો

નબીમિયાની કવિતાનો નમૂનો —

રાગ ધીરાની કાફીનો

મરમની માળા રે, બાર્ઈ માગ ઘટમા ફરી,
રૂએ રૂએ બોલે રે, તુઠી આલમ ફરી

મરમના મણકા દમની દોરડી, જપું અજંપા જાય;
એક નાળમાં ગુરત નીહાળી, મટી ગયા ત્રણે તાપ;
ગંગા ને જમના રે, નિરમળ સભર ભરી. મરમ. ૧
ત્રવેણી અને ઇંગલા પીંગલા, દીસે ચંદ્ર અને સૂર,
ગાર કોશ ચઢ દેખા ગગનમેં, વાજે અનહદ તૂર;
બ્રહ્મને લોભાણો રે, નિશાને જઈ નજર કરી. મરમ. ૨
અલેખ પુરૂષ સંત અવિનાશી, તે તો કળ્યો નવ જાય
ગુરૂ અભરામે મહેર કરી, તેના દાસ નબી ગુણ ગાય;
પાણી તણા સંગે રે, લુણ જેને ગયું ગળી. મરમ. ૨

માંગરોલના નવા સાહિત્યમાં 'રસુલે અરબી'—'પેગંબરનું જીવન ચરિત્ર', 'ઈસલામી નીતિશાસ્ત્ર', 'મુરીદ કોણ કરી શકે', 'શેખ કોણ અને સૈયદ કોણ' 'આલિમ–એ અલમ', 'જાગો જુઓ', 'સ્વરાજને કુરબા વગર ચાલશે'? 'અરબની તવારીખ', 'ખાલિદ્ બિન વલીદ', 'ખુલફા એ શેશદીન', વગેરે નાનાં પુસ્તકો પ્રસિદ્ધ થએલાં છે.

રા. અલારખિયા વીસમી સદી નામક સચિત્ર સુંદર માસિક ચલાવે છે, અને માસ્તર કાસમભાઈ "વનિતા વિનોદ" માસિક કડીથી પ્રસિદ્ધ કરે છે. મુસલમાન બિરાદરોમાં બીજા સારા લેખકો રા. નાન-જિયાણી, પીરજાદા મોટાં મિયાં સાહેબ, રા. નનુમિયાં, રા. એદલજી કાબા, રા. જમાદાર બચુમિયાં, રા. અબદુલ હુસેન, રા. કરીમ મહંમદ, વગેરે છે. તેઓ સાહિત્યની અધિક ને અધિક સેવા બજાવશે એવી આશા છે.

ખ્રિસ્તી સાહિત્ય.

ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા માટે આ દેશમાં પાદરીઓ આવવા લાગ્યા, ત્યારથી ગુજરાતીમાં ખ્રિસ્તી સાહિત્યનું ઉમેરણ થયું છે. પોતાનાં ધર્મનાં પુસ્તકોના તરજુમા ઉપરાંત તેમના ધર્મને પુષ્ટિ આપે એવાં ઘણાં પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે. વળી વિદ્વાન પાદરીઓ ટેલર અને સ્કોટ જેવાએ તથા સુશિક્ષિત વિશવાસીઓએ કેટલાક વાંચવા લાયક ને અગત્યના ગ્રંથો પણ છપાવી બહાર પાડાયા છે.

ગુજરાતીના ગુણદોષ

तुलसी तलसी जाता । मुकुन्दोऽपि मकनायते ॥
गुर्जराणा मुखं प्राप्य । शिवोपि शवतां गतः ॥

એવો કોઈએ જોડી કાઢેલો ગોટ બણીને બીજા ચોકો બને આપણી ભાષાને વખોડ, કે अठे तठे के मोलहि आने । इकडे तिकडे चार ॥ अठे कठे के आठहि आने । सुगा पेमा चार ॥ એવો દુહો કહીને અને તેની કીમત ઓછી આંકે, પરંતુ પાણિનીય શિક્ષામાં સંસ્કૃત વાણી કેમ ઉચ્ચારવી તે માટે દૃષ્ટાંત આપ્યું છે કે —

यथा सौराष्ट्रिका नारी । तक्रँ इत्यभिभाषते ॥
एवं रङ्गाः प्रयोक्तव्या । खे अराँ इव खेदया ॥

માધુર્યને માટે ટેલરે ગુજરાતીને હિંદુસ્તાનની ઇટાલિયન કહી છે વળી તે જણાવે છે કે “ગુજરાતીમાં આર્યકુળની—સંસ્કૃતની દીકરી ઘણી ઉત્કૃષ્ટ ભાષાઓની સંગી તેને કોણ કદી અધમ કહે” આગળ જતાં તે લખે છે કે “મનોયત્ન કર્યા પૂર્વે ગુજરાતી કાચી દેખાય, પણ ખરી પાકી જણાશે યત્નકારી અધુરો, તો તેની ભાષા અધુરી, પણ પછી જો વાપરનારના યત્ન સંપૂર્ણ, તો ગુજરાતી પણ સંપૂર્ણ, હા શણગારેલી પણ દેખાય” એક વિદેશી વિદ્વાન ગુજરાતી માટે આટલું અભિમાન ધરાવે છે, તો જેમની તે માતૃભાષા છે, તેમણે તો ખૂબ તેને માટે મગરૂર રહેવું જોઈએ ભરતખંડ સિવાય અન્ય દેશોમાં તે ભાષા વપરાય છે, અને ત્યાં નિશાળો ને વર્તમાનપત્રાદિ ચાલે છે તે વેપારીની ભાષા હોવાથી વધારે પ્રસરેલી છે તેણે હિંદને હિસાબ રાખવાની ઉત્તમ પદ્ધતિ પૂરી પાડી છે, તથા હુંડી, પેઠ, પરપેઠ, વીમો, વીમાચિઠ્ઠી અને કાપિયું (ચક્રવૃદ્ધિ) વ્યાજ કાઢવાની ચમત્કારી રીત ઉપજાવનાર પણ એજ ભાષા છે હિંદુસ્તાનને માટે જો એક સામાન્ય લિપિ કરવી હોય, તો તેને માટે એક મદ્રાસી વિદ્વાન ગુજરાતી લિપિને પસંદ કરે છે, કેમકે તેના અક્ષર સુંદર છે, તેમ તે ઝડપથી પણ લખી શકાય છે પ્રેમાનંદના નાટકો જેવા નાટકો કોઈ આધુનિક આર્યભાષામાં રચાયા હોય એવું જાણવામાં નથી મરાઠીમાં જેમ તુકારામના અભંગ ને મોરોપંતના આર્યા વખાણાય છે, જેમ હિંદીમાં “ચંદ છંદ પદ સૂર કે, દુહો બિહારીદાસ ચોપાઈ તુલસીદાસકી, કેશવ કવિત વિલાસ” પ્રસિદ્ધ છે, તેમ પ્રેમાનંદ ને વલ્લભના છંદ, નરસિંહ મહેતાના ને દયારામના પદ, સામળના ને આખાના છપ્પા, ધીરાની કાફી ને ભોજા ભગતના ચાબખા મશહૂર છે

અષ્ટપણું જોવા જઈએ, તો હાલની સર્વ આર્યભાષાઓ (તથા

યુરોપની ચાલતી ભાષાઓ પણ) ભ્રષ્ટ ગણાય છે; કેમકે તેઓ પોતપોતાની પ્રાકૃત–અપભ્રંશમાંથી અનેક તરેહના વિકાર પામીને થએલી છે. આપણે મેણુ, ભેંડા, વગેરે બોલનારને હસી કાઢીએ છીએ, પણ મરાઠીમાં મેણબત્યા, ભેંડે, જેવણુ બોલવામાં વાંધો લેવાતો નથી. સાંવખેડા (સંખેડા), ગાંવ (ગામ), ઓસ્તાદ–વોસ્તાદ (ઉસ્તાદ), ખણુ (ખંડ) એવા શબ્દો પણ તે ભાષામાં ચાલે છે. આપણી ત્રવાડી, દવે, જાની, પરોત, વગેરે અટકો જેમ અશુદ્ધ છે. તેમ બીજી ભાષાઓની તેવારી, મીસર, ચેતરજી, ચક્રબત્તી વગેરે અવટંકો પણ અશુદ્ધ છે. આપણે સારી (સાડી), વારી (વાડી), થારી (થાળી), પારી (પાળી) શબ્દોને અશુદ્ધ લેખીએ છીએ; ત્યારે હિંદમાં બારી (વાડી) બિગરી (બિગડી), બરદીઆ (બળદીઆ), હોરી (હોળી), મજેથી વપરાય છે. અ નો ઓ કરીને આપણામાં હોળં (હળ), ઢોગ (ઢગ), બોલનારને ગામડિયા કહીશું, ત્યારે બંગાળીમાં ઓરોબિંદો (અરવિંદ). પ્રોસોનોકુમાર (પ્રસન્નકુમાર) ‘ ભદ્ર લોગ ’ પણ બોલે છે. સેંકડો વર્ષથી ચાલી આવતી ખેડાએલી, ને પુષ્કળ સાહિત્યવાળી ભાષાઓને ભ્રષ્ટ કહી નિંદવી યોગ્ય નથી.

એમ છતાં, હાલની ગુજરાતીમાં બે મોટી ખામીઓ નજરે પડે છે. એક તો જોડણી અનિશ્ચિત છે, એટલે જે જેમને વાગે આવે તેમ તે શબ્દો લખે છે. બીજી ખામી એ છે કે આપણુ નવીન સાહિત્ય બીજી ભાષાના સાહિત્ય જેવું ગૌરવ ધરાવતું નથી, કેટલીક વાર પુસ્તકોની સંખ્યામાં તે મરાઠી કરતાં પણ વધે છે, પરંતુ તેમાં જોઈએ તેટલું સંગીનપણું કે ઉત્કૃષ્ટતા નથી.

સાહિત્ય પરિષદ

આ પરિષદ સ્થપાયાને ૧૪ વર્ષ વીતી ગયાં છે, એટલે તેની કિશોરીની અવસ્થા પૂરી થવા આવી છે. તેની બાલ્યાવસ્થામાં બનેલ બનાવો જોઈએ તો સાહિત્ય વિષે લોકોમાં જાગૃતિ પેદા થઈ છે, સમર્થ વિદ્વાનોનાં ભાષણો ને નિબંધો પ્રસિદ્ધ થયાં છે, મોટાં શહેરોમાં સાહિત્ય સભાઓ સ્થપાઈ છે. તેમાં જાહેર ભાષણોને વ્યાખ્યાનો અપાય છે, ગુજરાતી સાહિત્યસભા તરફથી સાહિત્યના અભ્યાસકોની પરીક્ષા લેવાઈ ઇનામો અપાય છે. લોકોમાં લખવા વાંચવાનો ઉમંગ કંઈક દરજ્જે વધ્યો છે, અને પહેલાં કરતાં ગ્રંથકારોની સંખ્યામાં ઘણો (પણ

ઉત્તમ પ્રતિનો નહિ એવો) વધારો થયો છે પ્રો. ઠાકોરના પ્રયાસથી એક ભંડોળ (ફંડ) ઊભું થતા તેના વ્યાજમાંથી થોડાક ગ્રંથ પ્રસિદ્ધ થયા છે પરંતુ હવે પરિષદની યુવાવસ્થા શરૂ થતા તેની પાસેથી ઘણા અને મહત્ત્વના કામ લેવા માટે જરૂરી તૈયારીઓ કરવાની ફરજ આપણે માથે આવી પડે છે

સરસ્વતી દેવી અને લક્ષ્મી દેવી એક બીજાથી અલગ રહે એ ઇચ્છવા લાયક નથી પરિષદ એકલા પંડિતોને માટે છે, એમ સમજી તેમા શ્રીમંતો ન ભળતા હોય તો એ અયોગ્ય છે એમ બતાવીને તેમને ભેળવવાનો આપણે યત્ન કરવો જોઈએ શ્રીમંત વર્ગમા પણ ઉપાધિવાળા, સુશિક્ષિત અને સાહિત્યપ્રેમીઓ છે, તેઓ તો પરિષદમા ખુશીથી સામેલ થાય એમા નવાઈ નથી, અને બાકીનાઓ વિદ્યાદેવી ઉપર વિશેષ ભાવ રાખતા થાય તેને માટે આપણા તરફથી સતત આગ્રહ થવો જોઈએ એ મહાન દેવીના દ્વાર સર્વ વર્ગના લોકોને માટે ખુલ્લા હોવા જોઈએ અને તેના સેવકોની વૃદ્ધિ માટે આગેવાનોએ હમેશ મંડ્યા રહેવુ જોઈએ

સાહિત્યવૃદ્ધિનુ કામ એવડુ મોટુ ને મહત્ત્વનુ છે કે તેની પાછળ લાખો રૂપિયાનુ ખરચ પણ ઓછુ પડે આપણે, જનક, વિક્રમ ને ભોજ જેવા પ્રતાપી પણ પર પ્રાતના રાજાઓએ વિદ્યા અને સાહિત્ય પાછળ અઢળક દ્રવ્ય ખરચેલુ તે વાત છોડી દઈને માત્ર ગુજરાતના દાખલા લઈશુ કુમારપાળ રાજાએ કરોડો રૂપિયા ખરચીને ૨૧ ભંડારો સ્થાપ્યા હતા વસ્તુપાળે ૩ ભંડારો પાછળ ૧૮ કરોડનો ખરચ કર્યો હતો વડોદરાના શ્રીમંત મહારાજા ગાયકવાડ સાહિત્ય ને વિદ્યા પાછળ દર વર્ષે લાખો રૂપિયા વાપરે છે એક કવિએ નવો ગ્રંથ રચી તેની સવા લાખ રૂપિયા કીમત આંકી તે ઘણે ઠેકાણે ફર્યો, પણ એટલી મોટી રકમ આપનાર કોઈ મળ્યુ નહિ આખરે વડુ (તાલુકે પાદરા) ગામના અમીને તે સવા લાખ રૂપિયા આપીને ખરીદી લીધો' ગુજરાતમા મોટા રાજ્ય ઘણા છે, તેઓ વડોદરાને અનુસરે તો કેવુ સારુ ' અમદાવાદ એ ગુજરાતનુ પાટનગર છે, તેમા ઈશ્વરકૃપાએ લક્ષાધિપતિ અને કોટ્યાધિપતિ શેઠિયા વસે છે જેમની માતૃભાષા ગુજરાતી છે એવા જૂના મિત્ર હિંદુ, પારસી ને મુસલમાન દ્રવ્યપતિઓ ને અન્નપતિઓ પાસે છે ત્યારે શુ અમદાવાદમાંથી

સર ચીનુભાઈ જેવા કે મુંબાઈમાંથી મી. જમશેદજી ટાટા જેવા આ અગત્યના કામ માટે લાખો રૂપિયાની ઉદારતા બતાવવા નહિ તૈયાર થાય? ગુજરાત એ પૈસાદાર પ્રાંત છતાં તે સાહિત્યના કામમાં દરિદ્રતા દાખવે, તો તે અફસોસની વાત છે. મહારાષ્ટ્ર દેશમાં જેટલો સાહિત્યનો પ્રસાર થાય છે, તેટલો વસ્તીના પ્રમાણમાં પણ અહીં થતો નથી એ ખરેખર સંતાપજનક છે.

જેમ ધનાઢ્યો પાસે પૈસાની ભિક્ષા માગવાની છે, તેમ વિદ્વાનો પાસેથી તે કરતાં પણ વધારે અગત્યની ભીખ જોઈએ છે. કેમકે સાહિત્યની ખિલવણી કરવાનું મહાન કાર્ય તેમના ઉપર અવલંબે છે. બીમ્સ, ગ્રિઅર્સન, ટેસિટોરી અને પિશલ જેવા ભાષાશાસ્ત્રીઓ તથા ટોડ, ફોર્બ્સ ને એલફિન્સ્તન જેવા ઇતિહાસ લખનારા તેમાંથી પેદા થવાની જરૂર છે. ભાઉ દાજી, ભગવાનલાલ ઇંદ્રજી અને ભંડારકર જેવા શોધકો અમને જોઈએ છે. બોસ અને ગજ્જર જેવા વિજ્ઞાનના અપૂર્વ અભ્યાસીઓ અને અસાધારણ શોધકો ગુજરાતમાં ઘણા પેદા થાઓ અને લોકોને ઉપયોગી થઈ પડે એવા ગ્રંથો રચો એમ આપણે ઇચ્છીશું. સરોજિની નાયડુ અને રવીંદ્રનાથ બાબુ જેવા જગવિખ્યાત ને નૈસર્ગિક કવિઓની ગુજરાતમાં ઘણી ખોટ છે. બંકિમચંદ્ર અને ગોવર્ધનરામ જેવા અસલ ઉત્તમ નવલકથાઓ લખનારા આપણે અહીં પેદા થવા જોઈએ. ઉદરનિર્વાહની દરકાર નહિ કરતાં જેમણે આખું જીવન સાહિત્ય અને સમાજસેવામાં ગાળ્યુ એવા નર્મદો થવા જોઈએ. ઊંચી નોકરી ને મોટી પદવીની તૃષ્ણા ન રાખતાં સાહિત્ય અને સમાજસેવામાં જીવિન વ્યતીત કરનાર ઘણા મલબારીઓની અમને અગત્ય છે. જેમણે સાધુવૃત્તિ ધારણ કરી રાજકીય અને આર્થિક વિષયોની સાથે ભાષામાં પણ સત્યાગ્રહ ચલાવી મોટમોટી સભાઓમાં દેશી ભાષા વાપરવાની અને દેશી ભાષાદ્વારા ઊંચી કેળવી આપવાની હિમાયત કરી એવા અનેક મહાત્મા ગાંધીજીઓ ગુર્જરમૈયાએ ઉત્પન્ન કરવા જોઈએ. દેશી ભાષાઓ ઉપર ગુર્જરગિરા સર્વોપરી પદ પામે એવી મહત્ત્વકાંક્ષા રાખી કાર્યસિદ્ધિ થતા સુધી પાઘડી ન પહેરવાનું પણ લઈ આખું આયુષ્ય સાહિત્યસેવામાં ગાળ્યું એવા ઘણા પ્રતાપી પ્રેમાનંદો ગુજરાતમાં પ્રગટ થવા જોઈએ. આપણા જાણીતા સાક્ષરો કેશવલાલ, નરસિંહરાવ, આનંદશંકર, મણિશંકર ભટ્ટ, કવિ નાનાલાલ, કૃષ્ણલાલ, પાહલનજી, જીવણજી મોદી, નાનજી-

ચાણી, વગેરેમાંથી જેઓ નોકરીચાકરીથી કે અન્ય કામકાજથી નિરક્ત થયા છે થનાર છે, તેઓ પોતાનું જીવન દિ બા રણછોડભાઈની માફક સાહિત્યસેવામાં ગાળવાનું આદરે અને ખંતરખંટ મંડે, તો તેઓ એ પ્રદેશમાં ગઢના ગઢ ઉથાપી નાખે એમાં શક નથી જે તરુણ પદવીધરો નોકરીઓમાં કે બીજા વ્યવસાયમાં રોકાયા હોય, તેઓએ સાહિત્યપૂજા ભણી બનતું લક્ષ આપવું જોઈએ

હવે હું કેટલીક સૂચનાઓ આપ સર્વેના વિચાર માટે નમ્રતાપૂર્વક રજૂ કરીશ જરા લંબાણ થએલું માફ ભાષણ ખતમ કરીશ માટે જણાવવું જોઈએ કે પરિષદના પ્રમુખો વગેરેએ કરેલી સૂચનાઓ માત્ર કાગળ ઉપર ન રહેતા, જે ગ્રહણ કરવા યોગ્ય જણાય તે માટે ઠરાવો થઈ અમલમાં મૂકવાની ગોઠવણ થવી ઇષ્ટ છે દિ બા અંબાલાલ અને રા નરસિંહરાવની વ્યવહારુ ભલામણો તેમના ભાષણમાં જ ભરાઈ રહી છે, એ પ્રમાણે થવું ઠીક નથી

સૂચનાઓ

૧ સાહિત્યવૃદ્ધિને માટે એટલા બધા મહત્ત્વના કામ નિરંતર કરવાના છે, કે તેને માટે મોટી થાપણ ઊભી કરવાની પ્રથમ આવશ્યકતા છે તેને માટે હું આપણા ધનવંતોને અરજ કરી સૂચવું છું, કે કમીમાં કમી રૂપિયા દસ લાખની થાપણ ગુજરાત જેવા ધનવાન દેશમાં ભરાઈ જશે જો એક વજનદાર પંચ (ડેપ્યુટેશન) મોટા મોટા સ્થળોએ જઈ રાજામહારાજાઓને તથા શેઠશાહુકારોને આગ્રહપૂર્વક વિનવે, તો કાર્યસિદ્ધિ થયા વગર રહે નહિ, એમ મને લાગે છે આપણે પણ જો આપણા ગજા પ્રમાણે નાણાનો ફાળો આપીએ, તો એક સારી રકમ ઊભી કરી શકીએ

૨ સાહિત્યપરિષદ ભલે મોડીવહેલી મળે, પરંતુ હમેશના કામકાજ માટે એક જાનુની મંડળી અને બીજી વ્યવસ્થાપક મંડળી સ્થાપવી જોઈએ વ્યવસ્થાપક મંડળીનો એક કે વધારે મંત્રી પગારદાર નીમવો અને તેને પૂરતુ પગાર વગેરે મહેકમ આપવું હાલમાં બાર મંત્રીઓ નીમેલા છે, અને તેમનું સામ પરિષદના બંધારણમાં નિર્દિષ્ટ થએલું છે તે પ્રમાણે જો કામ ચાલ્યા કરે, તો પરિણામ સંતોષકારક આવવા વિષે મને ભય રહે છે

ઙ. સાહિત્યની વૃદ્ધિ અને પ્રચાર માટે.

अ પ્રાચીન સાહિત્ય સંબંધે મેં ઘણું કહ્યું છે. પ્રાચીન ગ્રંથો શોધી કાઢવા. સંશોધવા અને પ્રસિદ્ધ કરવાનું કામ પરિષદે ખંતથી ઉપાડી લેવું જોઈએ. એ ઉપરાંત કાઠિયાવાડી ને કચ્છી જૂના સાહિત્યની શોધ થવી જોઈએ, ભાટચારણોના ગ્રંથ મેળવવા જોઈએ. છૂટાં-છવાયાં ગવાતાં ગીતો, ભજનો, રાસડા (પવાડા) એકઠા કરવા જોઇએ. આ કામ માટે લાયક માણસો પગારદાર નીમવા જોઈએ.

ब નવા ગ્રંથ તૈયાર કરાવવા. આ કામમાં શ્રીમંત ગાયકવાડ મહારાજના ઉદાર આશ્રયથી વડોદરાના કેળવણી ખાતાએ ઘણું કર્યું છે. પ્રસિદ્ધ થએલી યાદી જોતાં એ ખાતાં તરફથી છપાવેલાં, છપાતાં ને તૈયાર થતાં પુસ્તકોની સંખ્યા ૫૮૦ થાય છે, અને વિજ્ઞાન તથા બાળજ્ઞાન ઉપર સારું લક્ષ અપાયુ છે. શ્રીમંતની ઇચ્છાનુસાર સાદી ભાષા વાપરવા જે સમજુતી છપાઈ છે. તે ઉપર કાર્યવાહકો લક્ષ આપશે એવી આશા છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી એ પુસ્તકો પ્રસિદ્ધ કરનારી અગ્રગણ્ય સંસ્થા હોઈ તેના તરફથી પણ સેંકડો પુસ્તકો બહાર પડયાં છે. દિન પ્રતિદિન ગદ્યગદ્ય લખનારાઓની સંખ્યા વધતી જાય છે, પણ તેમાંના ઘણાનું લખાણ નમાલું હોય છે. કવિતા અને કાદંબરીઓના ઊભરા ઊભરાય છે, પરંતુ તેમાં ઉત્તમ પ્રતિની કૃતિઓ થોડી જોવામાં આવે છે. જે ભાષાંતરો ને અનુવાદો પ્રગટ થાય છે, તેમાંના ઘણા ખરાની ભાષા એવી હોય છે કે તે જનસમાજને ઉપયોગી થઈ ન પડે. એક જ વિષયના અનેક ગ્રંથ વાંચીને સ્વતંત્ર પુસ્તક સાદી ભાષામાં લખવું જોઈએ. તરજુમા કે નકલ કરતાં આપઉઠાવથી ગ્રંથો લખનારા કેટલા થોડા છે? વિજ્ઞાન, હુન્નરકળા ને વ્યાપારરોજગાર વિષેના સાહિત્યની ઘણી ખોટ છે. ધર્મ, નીતિ, સંસારસુધારો, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, ખેતીવાડી, આદિના પુષ્કળ ગ્રંથોની જરૂર છે. શિક્ષણશાસ્ત્ર અને તેને લગતા વિષયો ઉપર સેંકડો ગ્રંથ લખાવા જોઈએ. સ્ત્રીસાહિત્ય, ને બાલસાહિત્ય બહુ જુજ પ્રસિદ્ધ થયું છે. યુરોપ અને અમેરિકામાં એવું સાહિત્ય બહોળો વિસ્તાર પામ્યું છે, તથા તેને માટે માસિકો, વર્તમાનપત્રો, દીવાળીનાં ખાસ પુસ્તકો જથાબંધ નીકળ્યા જ કરે છે. જો આપણી વિદુષી બહેનો આ બાબત હાથમાં ધરે, તો તેઓ ઘણુ ને સારું કામ કરી શકે એમ છે.

ક પરિષદ પોતે ખાસ અથવા બીજે હાથે રચનાના ગ્રંથો માથે લે, અને પસંદ કરેલા વિષયો પર પારિતોષિક આપીને ગ્રંથો લખાવે જે લેખકો પોતાને ખર્ચે ગ્રંથો છપાવે તેમને ઉત્તેજન મળતુ નથી, તેથી ઘણા લેખી ગ્રંથો તેમની પેટીઓમા પડ્યા રહે છે સારા લખનારને પણ છપામણી ખર્ચ કાઢવા માટે કે પુસ્તકો ખપાવવા માટે ભીખ માગવા જવુ પડે અથવા લોકોને શરમાવવા પડે, તે ઇચ્છવા લાયક નથી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી કે વડોદરાના કેળવણી ખાતા તરફથી ગ્રંથકારોને કંઈક મદદ મળે છે, પણ તેમને વધારે આશ્રય મુંબાઈના [illegible] ફંડમાથી, સાહિત્ય પરિષદ તરફથી, રાજારજવાડાથી, અંગ્રેજી રાજ્યના કેળવણી ખાતાથી અને દરેક વ્યક્તિ તરફથી યથાશક્તિ મળવો જોઈએ વિદ્યાનો વિસ્તાર થવા માટે, અને તેનો લાભ ગરીબો પણ લઈ શકે એટલા માટે, સસ્તા સાહિત્યની યોજનાઓ રચવી જોઈએ

૪ કોશ

આપણી ભાષાનો વિશાળ, શબ્દોની વ્યુત્પત્તિ સાથેનો, સર્વમાન્ય કોશ તૈયાર થવો જોઈએ કવિ નર્મદાશંકરે એકલે હાથે કોશ લખવાનુ સ્તુત્ય કામ કર્યું હતુ ગુ વ સોસાઈટી મોટો કોશ તૈયાર કરે છે, પણ તેનુ કામ ટગુમગુ ચાલે છે આ કામ ઘણા વિદ્વાનોને હસ્તક થવુ જરૂરનુ છે એની પાછળ સાઠ હજારથી પોણો લાખ રૂપિયા ખર્ચ થશે એવો મે અડસટ્ટો કાઢેલ છે મરાઠી કોશ માટે કેન્ડિ સાહેબને જાણવા પ્રમાણે સરકારથી રૂ ૫૦૦૦૦ ની મદદ અપાઈ હતી એવી મદદ આપણને પણ મળે, તેને માટે પ્રયત્ન કરવો જોઈએ

૫ જોડણી

આધુનિક સર્વ આર્ય ભાષાઓની જોડણી લગભગ મુકરર થઈ છે પરંતુ અત્યારે ગુજરાતીની જોડણી માટે તો બાર પૂર્બીઆના તેર ચોકા જેવુ ચાલે છે, તે આપણને લજ્જાસ્પદ છે આપણી તરફથી એક વાર આ કામ માટે ઉઠાવણી થઈ હતી, પણ તેનુ કંઈ પણ પરિણામ ન આવતા આખુ પ્રકરણ દફતરે દાખલ થઈ ગયુ છે પાઠ્ય પુસ્તકોની જોડણી સર્વમાન્ય થવી જોઈએ ઘરઘરની જુદી જોડણીથી ઘણો ગૂંચવાડો થઈ રહેલો છે જુદા જુદા વિચારના વિદ્વાનો ભેગા

કરી વાંધા પડતી જોડણી માટે બહુમતે નિકાલ લાવ્યા સિવાય બીજો માર્ગ જણાતો નથી. પોતપોતાની ખેંચતાણ છોડી દઈ સર્વ વિદ્વાનોએ દેશના સામાન્ય હિતની ખાતર બહુમતનું ધોરણ સ્વીકારવું જોઈએ.

૬. વ્યાકરણ

ગુજરાતી ભાષાનું ઉત્તમ ને મોટું વ્યાકરણ તૈયાર કરવાની અગત્ય છે. જે નાના વ્યાકરણો નિશાળોમાં ચાલે છે તે બસ નથી. વ્યાકરણનો એક ભાગ ભાષાશાસ્ત્રીની દૃષ્ટિએ ને બીજો ભાગ વ્યાકરણના સર્વ વિષયોની વિસ્તીર્ણ હકીકત સાથે લખાવો જોઈએ.

૭. માસિક

સાહિત્ય પરિષદ તરફથી એક માસિક પ્રસિદ્ધ થવું જોઈએ, તેમાં જે જે પુસ્તકો બહાર પડે તેમનું નિષ્પક્ષપાતીથી લંબાણ વિવેચન થવું જોઈએ. તેથી સારા નરસા ગ્રંથોની ખરી હકીકત લોકોના જાણવામાં આવતાં સારા ગ્રંથોને ઉત્તેજન આપવાનું બની શકશે. વળી શાળાઓમાં ચાલતાં ને નવાં દાખલ થતાં પાઠ્ય પુસ્તકોની પણ તેમાં ટીકા થવી જોઈએ. ગુજરાતીમાં આજ સુધી પ્રસિદ્ધ થએલા ગ્રંથોની વિગતવાર યાદી અપાવી જોઈએ, અને તેમાં નવા નવા ગ્રંથો ઉમેરવા જોઈએ. 'ઇન્ડિયન એન્ટિકવેરી'ની પેઠે શોધખોળના વિષયો અને ભાષા તથા સાહિત્યને લગતા ખાસ લેખોનો તેમાં સમાસ કરવો જોઈએ.

૮. પુસ્તકાલય ને સંગ્રહસ્થાન

પરિષદને અંગે એક સારું પુસ્તકાલય તથા સંગ્રહસ્થાન જોઈએ. પુસ્તકાલયમાં સર્વ પ્રસિદ્ધ થએલા ગ્રંથો, લેખી પુસ્તકો, પ્રાકૃત અને આધુનિક ભાષાનાં સાન્વય વ્યાકરણ, ભાષાશાસ્ત્રનાં પુસ્તકો, સાહિત્યને ખાસ મદદ કરે એવાં, અને જે ઉપરથી ગુજરાતીમાં ગ્રંથો લખાય એવાં સંસ્કૃત, અંગ્રેજી અને અન્ય ભાષાનાં પુસ્તકો રાખવાં જોઈએ સંગ્રહસ્થાનમાં શિલાલેખ, તામ્રલેખ, દફ્તરદસ્તાવેજ, ચિત્રો, શિક્કા, વગેરે સાહિત્યના ઉપયોગ માટે સંગ્રહવાં જોઈએ.

૯. મકાન

પરિષદને માટે સ્વતંત્ર મકાનની જરૂર છે. જ્યાં સુધી નવું મકાન બાંધી ન શકાય, ત્યાંસુધી અનુકૂળ પડે એવું મકાન રાખી લેવું જોઈએ. હાલમાં પુસ્તકો વગેરે ગુ. વ. સોસાઇટીમાં

રાખવાની જરૂર પડે છે એ વ્યવસ્થા પસંદ કરવા જોગ નથી વળી વ્યવસ્થાપક અને જાથુની મંડળી તથા કારકુનો એમના માટે પણ સ્થાનની અગત્ય છે

૧૦ પદવીઓ, વિદ્યાર્થીવેતન ને ઇનામ

જેઓ સારી શોધખોળ કરે, ઉત્તમ પ્રકારના રિસાલા, નિબંધ કે પુસ્તક લખે, તેમને તથા જેઓ ગુજરાતી ભાષાનો ઊંડો અભ્યાસ કરે તેમને, લાયકી પ્રમાણે ઇનામ, વિદ્યાર્થીવેતન ('ફેલોશિપ') તથા અમુક પદવી પરિષદ તરફથી આપવાની યોજના કરવી

૧૧ કેળવણી

સાહિત્યની વૃદ્ધિને માટે કેળવણીવૃદ્ધિની આવશ્યકતા છે. વડોદરા રાજ્યમા જેમ કેળવણી ફરજિયાત થઇ છે અને બીજે કેટલેક ઠેકાણે તેની શરૂઆત થઈ છે, તેમ સર્વત્ર લાગુ થવી જોઈએ મુંબઈની ધારાસભાએ પસાર કરેલા કાયદાનો લાભ સર્વ સુધરાઈઓ, પ્રાતપચાયતો ને તાલુકાપચાયતો લે તેને માટે તથા સરકાર પણ જ્યા તેવી સસ્થાઓ ન હોય ત્યા કેળવણી ફરજિયાત કરે તો માટે સખત લખાણો કરવા જોઈએ, અને ભાષણોદ્વારા લોકોને સમજૂત આપવી જોઈએ જેમ વાચનારની સખ્યા વધે, તેમ સાહિત્ય વધારે પ્રસરે એ સ્પષ્ટ છે

૧૨ દેશી ભાષાદ્વારા ઊચી કેળવણી

દેશી ભાષાદ્વારા ઊચી કેળવણી આપવાની ચળવળ ચાલી રહી છે, તે ભાષાના ઉદ્ધારનુ ને જ્ઞાનની વૃદ્ધિનુ સુચિહ્ન છે પાઠશાળાઓ ('હાઇસ્કૂલો') અને મહાપાઠશાળાઓ ('કોલેજો')મા ગુજરાતી ભાષાનું વિશેષ જ્ઞાન આપવુ જોઈએ, અને એમ એ ની પરીક્ષામા જેમ દેશી ભાષા દાખલ થઈ છે, તેમ બીજી પદવીઓ માટે પણ થવ જોઈએ

૧૩ પુસ્તકાલયો

આપણે અહી પુસ્તકાલયો સહ થોડા ને નાના પાયાપર , પુસ્તકાલયો, વાચનાલયો, ને ફરતા વાચનાલયોની ગોઠવણ વડોદરા રાજ્યમા ઉત્તમ પ્રકારે થઈ છે. 'તેનુ અનુકરણ સર્વ ઠેકાણે થવાની જરૂર છે મુંબઈની હોમરૂલ લીગ તરફથી, અમદાવાદ કેળવણી મંડળ તરફથી, તેમ કોઈ કોઈ ગૃહસ્થોની ઉદારતાથી પુસ્ત-

કાલયો વધતાં જાય છે એ ખુશી થવા જેવું છે. સાહિત્યના ઉદ્દાવનો એ સર્વોત્તમ માર્ગ છે. સુધરેલા દેશોની મોટી પુસ્તકશાળાઓમાં એકેજ નવીન ને સારા પુસ્તકની કોડીબંધ કે સેંકડો પ્રતો સામટી ખરીદી લેવાય છે.

૧૪. દેશી ભાષામાં ભાષણો

જાહેર સભાઓમાં ભાષણો દેશી ભાષામાં આપવાની રીતિ મહાત્મા ગાંધીજીએ ચલાવી છે, તેને સદાય વળગી રહેવું જોઈએ. ખાસ કરીને પ્રાંતિક સભાઓમાં—રાજકીય, સામાજિક. ઔદ્યોગિક કે ધાર્મિક—માં તો તેનો ઉપયોગ રૂડી રીતે થઈ શકે એમ છે.

૧૫. કચેરીઓની ભાષા

કચેરીઓમાં ને અદાલતોમાં થતો અંગ્રેજીનો ઉપયોગ બંધ પડવો જોઈએ. દેશી અમલદારો તેમના ફેંસલા ને હુકમનામાં શા માટે અંગ્રેજીમાં લખે, અને વકીલો શા માટે અંગ્રેજીમાં વાદવિવાદ કરે? કારકુની ભાષા કેવળ અશુદ્ધ લખાય છે, ને તેમાં અંગ્રેજી શબ્દો ઘૂસવા પામે છે. ઉપરી અમલદાર ઉપાધિવાળો હોય, છતાં એવી ભાષા ચાલવા દે એ બરાબર નથી. ઉપરીઓનું લક્ષ હોય, તો ભાષામાં સુધરાવટ જરૂર થાય. અંગ્રેજી ભણેલા અધિકારીઓ અંગ્રેજીને બદલે દેશી ભાષામાં લખવાનો નિર્ણય કરે, તો તે પ્રસંગે બની શકે એમ છે.

૧૬ સાહિત્યને સરકારથી ઉત્તેજન

પહેલાં સરકાર ગ્રંથકારોને ઉત્તેજન આપવા માટે અમુક રકમ કાઢતી હતી. કેળવણી આપવામાં તે પુષ્કળ ખરચ કરે છે, તો સાહિત્યને ઉત્તેજન આપવા સારુ અમુક રકમ ખરચના વાર્ષિક અંદાજપત્રક ('બજેટ')માં દાખલ કરવાં માટે પરિષદે માગણી કરવી જોઈએ.

૧૭. વર્તમાનપત્રો ને માસિકોમાં જેમ વધારો થયો છે, તેમ પહેલાં કરતાં તેમાં સુધરાવટ પણ થઈ છે; પરંતુ તેમની ભાષા નમૂનેદાર ને પ્રમાણભૂત ગણાય, એટલા માટે આ ઊંચો ધંધો વિદ્વાનોએ હાથ ધરવો જોઈએ. સર્વ વર્ગોને પસંદ પડે અને ઉપયોગી થાય એવાં વર્તમાન–ચોપાનિયાંથી કમાણી પણ જરૂર થશે, અને તે ચલાવનારા દેશની એક અગત્યની સેવા બજાવશે. સુધરેલા દેશોમાં પ્રખ્યાત પત્રોના તંત્રીને એક હોદ્દેમ ('ગવર્નર') જેટલો કે વધારે

પગાર મળે છે એવી સ્થિતિ આપણા દેશમા ઘણી ભાષાઓને લીધે થવી શક્ય નથી, પરતુ ધીમે ધીમે એ ધંધો સારી કમાણીવાળો થશે એ નિ:સદેહ છે

૧૮ છેવટની સૂચના એ છે, કે માતૃભાષા ઉપર અભાવ ન રાખો, હલકી ગણી તેને તુચ્છકારો નહિ, તેનો ઊડો અભ્યાસ કરો, અને તેને સમૃદ્ધ કરવાના ઉપાય લો માહેમાહેની તકરારો સમાવી દો, આપસઆપસમા તડ પડ અને વિદ્વાનોના વાડા જુદા બધાય એ કોઈ રીતે ચહાવા લાયક નથી સર્વ બાબતમા એકસપની ભારે અગત્ય છે શ્રીયુત આસુતોષ મુકરજી પોતાના ભાષણમા કહે છે કે "અને હુ ક્યારે જોઈશ કે જેઓ દેશનો અવાજ રજૂ કરનારા અને સમાજના નેતા છે, તેમની બગાળી ભાષા ઇષ્ટ દેવી થઈ હોય? હુ એ ક્યારે સાભળીશ કે હવે કેળવાએલ બગાળીઓ બગાળી ભાષામા જ સહુ સમક્ષ વાતચીત કરતા કે સભાઓમા ભાષણો કરતા અચકાતા નથી, અગર તો બગાળી ભાષાના સેવક તરીકેની ઓળખાણ આપતા શરમાતા નથી? * * * મનુષ્યમાત્રને માટે વાછનીય પોતાની જાતીયતા અને જાતીય સાહિત્યનુ ગૌરવ અખડિત જાળવવા તથા વધારવા માટે બગાળીઓ જો પોતે પ્રાપ્ત કરેલ જ્ઞાન-વિજ્ઞાનના ઐશ્વર્યનો ખજાનો પોતાની માતૃભાષામા પ્રગટ કરે, તથા તરતના મળતા યશની સમોહની તૃષાને વશ ન થઈ સ્વદેશ તેમજ સ્વજાતિના હિતની કામનાએ એક માત્ર બગાળી ભાષાને જ સેવ્ય તરીકે સ્વીકારે, તો આ મુશ્કેલ જણાતુ કાર્ય બહુ જ સરળ થઈ જશે "

વહાલા બહેનો ને ભાઈઓ, મારા જેવો જર્જરીભૂત થએલ અલ્પજ્ઞ પ્રાણી આથી વધારે શુ કહી શકે? અને હવે વિરોધ કરી પણ શુ શકે? ગરવી ગુજરાતના કવિ શિરોમણિ પ્રેમાનદે રાખેલી અભિલાષા તેમનાજ શબ્દોમા ગાઈને તે સુજ્ઞ શ્રોતાજનોને પ્રેરે છે, અને વિરામ પામે છે

શાર્દૂલવિક્રીડિત

સાંગોપાંગ સુરગ વ્યગ અતિશે, ધારો ગિરા ગુર્જરી,
પાદે પાદ રસાળ ભૂષણવતી, થાઓ સખી ઉપરી,
જે ગીર્વાણ ગિરા ગણાય ગણતા, તે સ્થાન એ ત્યો વરી,
થાયે શ્રેષ્ઠ સહુ સખીજનથકી, એ આશા પૂરો હરિ

તથાસ્તુ



સ્વ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી
[ઇ. સ. ૧૮૫૭–૧૯૨૫]
પ્રમુખ : સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ,
ભાવનગર, ૧૯૨૪.

સ્વ. રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીનું ભાષણ

સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ · ભાવનગર

એપ્રીલ ૧૯૨૪

સ્વ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી

(ઈ. સ. ૧૮૫૭–૧૯૨૫)

'લઘુ વ્યાકરણ', 'મધ્ય વ્યાકરણ' અને 'બૃહદ્ વ્યાકરણ'ના કર્તા તરીકે સ્વ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી ગુજરાતને પરિચિત જ છે. આ વ્યાકરણપંડિતે ગુજરાતને બીજું પણ ઘણું આપ્યું છે. કાવ્યશાસ્ત્રનો એમનો અભ્યાસ પણ તલસ્પર્શી હતો. શિક્ષણ સાથેનો એમનો સંબન્ધ તો સમસ્ત જીવનકાલમાં વ્યાપેલો હતો. એટલે શિક્ષણક્રમમાં ઉપયોગી એવા અનેક વિષયોના ગ્રંથો એમણે ગુજરાતને આપેલા છે.

ગુજરાતી ભાષાનું અવતરણ, જોડણીનો નિર્ણય, અર્વાચીન સાહિત્યનું મૂલ્યાંકન, અને પ્રાચીન સાહિત્યનું સંપાદન—આ સર્વ બાબતોમાં એમણે ઘણું કાર્ય કરેલું છે. એમના અનુગામીઓને અભ્યાસની અભિવૃદ્ધિ માટે ઉત્તેજે એવા અનેક પ્રશ્નોનો એમણે આરંભ કરી વિસ્તૃત વિચારણા અને ચર્ચા કરી છે. સંસ્કૃત ભાષા પરનું એમનું પ્રભુત્વ એમણે સંપાદિત કરેલા ગ્રન્થોમાં અને એમના અનુવાદોમાં—ખાસ કરીને 'શાંકરભાષ્ય'ના અનુવાદમાં—આપણને સ્પષ્ટ જણાઈ આવે છે. વળી નાની સરખી ભૂલને પણ તેઓ કેવી અક્ષમ્ય ગણતા તેની સાક્ષી આજે તેમના અનેક વિદ્યમાન શિષ્યો આપશે.

સાતમી સાહિત્ય પરિષદ ભાવનગર મુકામે મળે છે. ગુજરાતની નજરે કમળાશંકરભાઈની મૂર્તિ આવે છે, અને ગુજરાત તેમને એ પરિષદના પ્રમુખપદે સંસ્થાપે છે.

વિવિધ વિષયોના અનેક ગ્રન્થો એમણે લખેલા અને સંપાદિત કરેલા આજે ગુજરાત સમક્ષ છે. એમનું પાંડિત્ય, અને એમનું ભાષાપ્રભુત્વ, એમની શિક્ષણના પ્રશ્નોની ચર્ચા અને એમની રસશાસ્ત્ર-મીમાંસા, એમનું તત્ત્વચિન્તન અને એમનું સંપાદન—આ બધું આપણને ખાતરીપૂર્વક બતાવે છે કે આ 'વ્યાકરણી' 'વસ્તુને જાણનારા' હતા. જીવનભર ગુજરાતી સાહિત્યને અને ગુજરાતના શિક્ષણને ઉપયોગી થાય એવી પ્રવૃત્તિ એમણે ચાલુ જ રાખી હતી અને પરિણામે ગુજરાત એમની એ પ્રવૃત્તિથી સમૃદ્ધ જ થયું છે.

ઉપોદ્ઘાત

शरण करवाणि कामद ते चरण वाणि चराचरोपजीव्यम् ।
करुणामसृणै कटाक्षपातै कुरु मामम्ब कृतार्थसार्थवाहम् ॥

'જે સરસ્વતીદેવીના મંત્રમાં ઉપાસનાર્થે આપણો સર્વ સાર્થવાહ એકત્રિત થયો છે, તે સાર્થવાહ કૃતાર્થ થાઓ. એમ હું દેવીના ચરણકમળને શરણે જઈ સ્તવન કરું છું.'

સન્માનકારિણી સભાના પ્રમુખ સાહેબ તથા અન્ય સભ્યો અને સાહિત્યબંધુઓ, સન્નારીઓ, અને સદ્ગૃહસ્થો !

મારા તરફ પ્રેમભાવથી સાહિત્યપરિષદના સાતમા અધિવેશનનું પ્રમુખપદ મને આપના આપે કૃપા કરી છે તેને માટે હું આપનો આભારી થયો છું ને તે મેં ઉપકાર સાથે સ્વીકાર્યું છે પરંતુ એ સંબંધમાં મારા મનની સ્થિતિ પ્રગટ કરવાની જરૂર છે. આપની પ્રથમ વરણી સર્વથા યુક્ત હતી. પ્રિન્સિપાલ આનંદશંકરભાઈ એમના વિસ્તૃત વાચનનો, બહોળા અનુભવનો, તેમજ પ્રાચ્ય અને પાશ્ચાત્ય સાહિત્યના ઊંડા અધ્યયનનો આપણને સર્વને અમૂલ્ય લાભ આપત એ સર્વનિર્વિવાદ છે. એમણે એ પદ સ્વીકાર્યું હોત તો સમસ્ત ગુજરાતને એનાથી ઘણો જ આનંદ થાત અને તો ખાસ આનંદ થાત, કારણ કે એઓ મારા પ્રિય શિષ્ય હતા અને મારી તરફ ગુરુભાવની પૂજ્ય દૃષ્ટિ ધરાવે છે. એમના એ પદના અસ્વીકારથી આપણે સર્વેએ એ અનન્ય લાભ ખોયો છે, એ અતિ શોચનીય છે. એમની મધુરી, આલંકારિક, અને હૃદયંગમ ભાષાનો ને પ્રૌઢ વિચારનો અદ્વિતીય લાભ પરિષદને ન મળ્યો તેથી આપણે સર્વ દિલગીર થયા છીએ. એમના ના કહેવાથી આપના મંત્રીઓએ—રા. માનશંકરભાઈ અને મારા પ્રેમપાત્ર રા. રમણલાલ યાજ્ઞિકે મને તાર મોકલ્યો ને તેનો ઉત્તર તારથી જ માગ્યો. 'અમારી કમીટીનું સમસ્તે પ્રમુખપદ સ્વીકારવાનો તાર મૂકી અમોને ચિન્તામુક્ત કરો.' એવા તારના આગ્રહભર્યા શબ્દો વાંચી મારા મનની સ્થિતિ ઘણી કફોડી થઈ પડી.

રાત્રિના દસનો સુમાર થયો હતો. તે સમયે મારે ત્યાં ચિ. મોહનલાલ યુનિવર્સિટીના ફેલો તરીકે ચૂંટાયા તેના આનન્દનિમિત્તે એક નાનું સ્વજનમંડળ ભેગું થયું હતું. તાર ઉઘાડતાં તો પ્રથમ મન ચિન્તાગ્રસ્ત થયું; તે ખોલ્યો ને વાંચ્યો તે સમયે સરદાર જનાર્દન વીરભદ્ર પાઠકજી મારી પાસે બેઠા હતા. તેઓ તથા તેમના ચિ. પ્રો. વ્યોમેશ પાઠકજી તથા ચિ. મોહનલાલ ને મારી પુત્રી, એ બધાં એક-મત થઈ ગયાં ને બધાંએ મને આગ્રહપૂર્વક કહ્યું કે ના તો ન જ કહેવી. બધો વિચાર કરીને મેં સવારે સ્વીકારનો તાર મૂકવાનો નિશ્ચય કર્યો.

હવે હું બહુધા નિવૃત્તિમય જીવન નિર્ગમન કરું છું. ગુ. વ. સોસાઈટી મને વ્યાખ્યાન આપવા બે વર્ષ થયાં નિમન્ત્રણ કરે છે તેની પણ એ જ કારણથી હું ના કહું છું તે તે સોસાઈટી જાણે છે.

શ્રીયુત આનંદશંકરભાઈ જેવા ઉત્સાહ, બુદ્ધિ, કાર્યશક્તિ, અને સર્વદેશીય કૌશલ્યથી સંપન્ન કાર્યધુરંધરે સાહિત્યપરિષદની કાર્યધુરા બહુ જ સુગમતાથી વહન કરી હોત. તે કાર્યધુરા મારા મગજ પર પડતી જોવા હું નારાજ હતો; પરંતુ તારની ભાષા એવી હૃદયદ્રાવક હતી અને મારા પર બધા ગૃહમંડળનું ને સ્વજનમંડળનું એવું દબાણ થયું કે એ તાર મૂકનારા સજ્જનોના પ્રેમપાશમાં બદ્ધ થઈ અન્તે ગુર્જરસાહિત્ય પ્રત્યે મારી ફરજ મારે અદા કરવી જોઈએ એવી બુદ્ધિથી હું આ ઉચ્ચ પદવી સ્વીકારવા અનિચ્છતો પણ આકર્ષાયો છું.

મારા સમજવા પ્રમાણે આવું કામ તરુણ પુરુષોનું છે. તરુણ પુરુષો ઉત્સાહ ને કાર્યશક્તિને બળે પ્રગતિ ને વૃદ્ધિ તથા ઉત્કર્ષ સાધવામાં અગત્યનો ભાગ ભજવે છે. તેઓ ગુજરાતી સાહિત્યની ખિલવણી ને અભિવૃદ્ધિના માર્ગો શોધવા ને યોગ્ય ઉપાયો યોજવા ઉદ્યુક્ત થશે તો સાહિત્યનો વિકાસ સર્વગામી થશે એ નિઃસંશય છે.

કાઠિયાવાડની ઐતિહાસિક ને પવિત્ર ભૂમિ

આપનો પ્રદેશ ઐતિહાસિક, પ્રાચીન, ને પવિત્ર છે. પ્રાચીન સુરાષ્ટ્રની, પાછળથી સૌરાષ્ટ્રની ખ્યાતિ પામેલા દેશની સીમા વિસ્તીર્ણ હતી. તે છેક સિંધુ નદીથી દમણ લગણ ફેલાયલી હતી. હાલનું કાઠિયાવાડ એ વિસ્તૃત પ્રદેશમાં અન્તર્ગત હતું. સુરાષ્ટ્ર દેશનો અતિપ્રાચીન ગ્રન્થોમાં ને તામ્રપત્રોમાં નિર્દેશ એની પ્રાચીનતા સ્પષ્ટ દર્શાવે છે.

ઈ સ પૂ ૮મા સૈકાના ભગવાન પાણિનિના ‘कार्तकौजपादयश्च’ ॥ ૬।૨।૩૭ એ સૂત્રને લગતા ગણપાઠમા ‘कुन्तिसुराष्ट्रा’ એમ સુરાષ્ટ્રનો નિર્દેશ છે ‘મહાભારત’મા વનપર્વમા ૮ મા અધ્યાયમા ધૌમ્ય ઋષિ યુધિષ્ઠિર પાસે વિવિધ તીર્થનુ વર્ણન કરે છે તેમા સુરાષ્ટ્ર દેશનુ વર્ણન છે ને તેમાના પુણ્યસ્થળો, નદીઓ, તળાવો ને આશ્રમો દર્શાવ્યા છે એ સુરાષ્ટ્ર પ્રદેશમા જ પ્રભાસ ને દ્વારામતી વર્ણવેલા છે રુદ્રદામન અને સ્કન્દગુપ્તના ગિરનારના ને કેટલાક વલભીના તામ્રપત્રોમા સુરાષ્ટ્રનો ઉલ્લેખ છે

તીર્થમય પ્રદેશ

આ પ્રાચીન અને પુણ્યપ્રદેશના વિસ્તીર્ણ ક્ષેત્રમાં અવતારી દિવ્ય પુરુષ શ્રીકૃષ્ણના નિવાસથી પવિત્ર ને પ્રખ્યાત થયેલી, સપ્ત મોક્ષદાયિકા નગરીમાની એક શ્રીમતી દ્વારામતી, મહેશ્વરના જ્યોતિર્લિંગોમા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથથી વિરાજિત પ્રભાસ નગરી, ને તેની સમીપનુ ત્રિવેણીસગમનુ તીર્થ ભારતવર્ષના ભિન્ન ભિન્ન સ્થળેથી હજારો યાત્રાળુઓને પ્રતિવર્ષ આકર્ષે છે ને પાવન કરે છે એ જ પવિત્ર પ્રદેશમા શ્રીકૃષ્ણે પોતાના જે સહાધ્યાયીને, દ્રોણને દ્રુપદે તિરસ્કાર્યો ને વૈરભાવનુ બીજ રોપ્યુ તેમ, બધુતા ન દર્શાવતા વિલક્ષણ રીતે સન્માની દારિદ્રાવસ્થામાથી હમેશને માટે વિમુક્ત કર્યાં અને પરિણામે જેમના મુખમાથી સાશ્ચર્ય ઉદ્ગાર નીકળ્યા કે

‘ક્યા ગઈ મારી તરી ઝૂપડીઆ, કાચન મહેલ બને રે’

એ ભક્તરાજ, સ્વાભિમાની, ને યાચનાને અવગણનાર સુદામાની સુદામાપુરી—હાલનુ પોરબદર—મહાત્મા ગાંધીજીનુ જન્મસ્થાન—વિરાજમાન છે જેમણે પોતાની દૃઢ શ્રદ્ધા ને ભક્તિના અનુપમ બળ ને પ્રભાવથી અશ્રદ્ધાળુ ને ટીખળી નાગરોને અનેક ચમત્કારો દર્શાવી ચકિત કર્યાં હતા અને જેઓ ગુજરાતી ભાષાના જૈનેતર કવિઓમા અગ્રિમ ને પ્રતિષ્ઠિત સ્થાન ભોગવે છે તે આદિ કવિ ભક્તરાજ નરસિહ મહેતાનુ જન્મસ્થાન, ભક્તોના અને વેદાન્તીઓના પદપકજથી પવિત્ર થયલુ, પ્રાચીન ને પુણ્યનામી જૂનાગઢ એ જ વિસ્તીર્ણ સુરાષ્ટ્રપ્રદેશમા આવેલુ છે એ જીર્ણનગરમા પવિત્ર નાતની વેદિ પર આત્મદેહને હોમનાર ગણત્રી જેવા વીરરત્નો પેદા થયાં છે એ જ નગરની પાસ શ્રીમન્માઘકવિએ ‘શિશુપાલવધ’ના ચોથા સર્ગમા

ભિન્ન ભિન્ન વૃત્તોમાં જેનું અલૌલિક સૌન્દર્ય વર્ણવ્યુ છે એવો રૈવતક ગિરિ—'મહાભારત'માં જેનું ઉજ્જયન્ત નામ આપ્યું છે તે—ગિરનાર પર્વત આવેલો છે. એ પર્વતની રમ્યતા જોઈ દ્વારકાથી ઇન્દ્રપ્રસ્થ જતાં શ્રી કૃષ્ણ વારંવાર અપૂર્વવત્ વિસ્મય પામ્યા હતા એમ વર્ણવી માઘકવિએ રમ્યતાનું લક્ષણ આપ્યું છે કે જે ક્ષણે ક્ષણે નવીન લાગે તે જ ખરું રમ્ય છે. એ પવિત્ર ગિરિ અનેક તીર્થોથી અને ઐતિહાસિક શિલાલેખોથી ભરેલો છે. આવા રમ્ય ને પુણ્યપ્રદેશમાં સાંપ્રત સમયમાં પણ શતાવધાની શીઘ્ર કવિવર, આચાર્યવર્ય શ્રીમાન ગટ્ટુલાલજી તથા શીઘ્ર કવિ શાસ્ત્રીજી શંકરલાલ તથા કવિશ્રી કેશવરાય હરિરાય, વગેરે અનેક નરરત્નો ઉદ્ભવ પામ્યાં છે. આ પવિત્ર પ્રદેશનું ભવ્યનગર ભાવનગર માત્ર અખિલ કાઠિયાવાડને જ નહિ પરંતુ આખા મુંબઈ ઈલાકાને અલૌકિક બુદ્ધિપ્રભાવ ને ઉચ્ચતમ રાજ્કીય નાગરિકત્વ ને મુત્સદ્દીપણાથી શોભાવનાર સ્વર્ગસ્થ ગૌરીશંકરભાઈએ પોતાના જન્મથી અલંકૃત કર્યું હતું. એમના તેજસ્વી રાજતન્ત્રે ભાવનગરના ઉત્તરોત્તર ઉત્કર્ષનાં બીજ રોપ્યાં છે, જે કાલક્રમે શાખાપ્રશાખારૂપે સર્વત્ર પ્રસાર પામી રહ્યાં છે. એવા પ્રદેશમાં આપણે ગુજરાતી સાહિત્યના ઉત્કર્ષ માટે ભેગા થયા છીએ. બંધુઓ, પવિત્ર સ્થાનનું માહાત્મ્ય અલૌકિક છે. તેની તાત્કાલિક અસર જાદુઈ છે. પવિત્ર સ્થાનના ચમત્કારથી ગમે તેવો અશ્રદ્ધાળુ પુરુષ પણ ક્ષણ વાર પવિત્ર બને છે. બ્રહ્મગિરિના વર્ણનમાં કવિશ્રી નર્મદે ખરું કહ્યું છે કે

'સંસાર સંધો વિસરી જવાએ, પાપી પ્રપંચો મનમાંથી જાએ;
લીલા પિતાં હૃં નથિ રે ધરાતો, એવો તપસ્વી ગિરિ છે જ આ તો.'

કાઠિયાવાડમાં ભાવનગરનું સ્થાન

સામાન્ય આબાદી, વેપારરોજગાર, ને કેળવણીની બાબતમાં ભાવનગર કાઠિયાવાડમાં અગ્ર સ્થાન ભોગવે છે. ભાવનગરની સંપત્તિ મહારાજા સાહેબ ભાવસિંહજી અને વખતસિંહજીના પરાક્રમ ને દૂરઅંદેશીપણાને આભારી છે. એ કામમાં સદ્ગત રૂપજી દેશાઈએ મંત્રી તરીકે તેમજ સરદાર તરીકે અગ્રેસર ભાગ લીધો છે. કલાભવન સ્થાપી ઔદ્યોગિક કેળવણીનો પ્રસાર કરવાની યોજના પણ હાલ અહીં જ થઈ છે. સ્વ. સર ગૌરીશંકરભાઈ જેવા નાગરિકોએ તેની અભ્યુન્નતિને માટે જે બીજ રોપ્યું છે તે તેમની પછીના બાહોશ-

ગજ્યતન્ત્રીઓએ સારી રીતે પોષી વિસ્તાર્યું છે હાલ એ રાજ્યનો કારભાર બહુશ્રુત, અનુભવસંપન્ન, કાર્યદક્ષ રાજ્યતન્ત્રી શ્રીમાન સર પટ્ટણી સાહેબના હાથમા છે એઓ સાહિત્યક્ષેત્રમા વિશારદ ને સાહિત્યના પોષક છે આના તપસ્વી પ્રદેશમા, બુદ્ધિની શીતલ જ્યોત્સ્ના જ્યા સર્વત્ર પ્રસરી રહી છે એના વાતાવરણમા, આપણુ કાર્ય સાધવા આપણે મળ્યા છીએ, તો એના ઉચ્ચ સસ્કાર આપણી સાધનસંપત્તિ ખિલવશે અને આપણા પ્રયાસને સફળ કરશે એવી મારી આશા છે

બંધુઓ, આ રમ્ય નગરમા હુ ચોત્રીસ વર્ષ ઉપર અહીની સામળદાસ કૉલેજમા સસ્કૃતના પ્રોફેસર તરીકે એક વર્ષ રહ્યો હતો તે સમયના પ્રિય સસ્મરણના સસ્કાર મારા મનમા આજે જાગ્રત થાય છે અને હાલની અનેક દિશાની પ્રગતિ જોઈને હુ અતિહર્ષમા મગ્ન થાઉ છુ

સાહિત્ય સેવકોના સ્વર્ગવાસની નોંધ

પ્રથમ તો, હાલ થોડા જ વખત પર જે સાહિત્યસેવકોને આપણે ખોયા છે તેમને વિષે આપણો શોક પ્રદર્શિત કરવો એ આપણો ધર્મ છે એમાના મુખ્ય પુરુષ દીવાન બહાદુર રણછોડભાઈ છે એમની સાહિત્યસેવા સુવિદિત છે વૃદ્ધાવસ્થામા પણ એમનામા જુવાનીનો ઉત્સાહ ને કાર્યશક્તિ અવસાન પર્યંત જોવામા આવ્યા હતા એ ખરેખરુ પ્રશસનીય છે બીજો ખેદકારક શોક તનસુખરામભાઈના સ્વર્ગવાસનો છે એમનુ જીવન વ્યાધિગ્રસ્ત હતુ, તેથી કોઈ વિષય પર એઓ મોટો ગ્રન્થ રચવા પામ્યા નથી પરતુ વેદાન્ત અને ન્યાયશાસ્ત્રનો એમનો ઊડો અભ્યાસ, પ્રાચીન વિષયોની એમની સશોધકવૃત્તિ, અને ભાષા અને સાહિત્યનુ ગભીર જ્ઞાન એમના માસિકોમાના લેખોમા સ્પષ્ટ જણાય છે સાહિત્ય ને શાસ્ત્રના એવા અભ્યાસક વિરલ છે એમના અકાલ સ્વર્ગવાસથી ગુજરાતી સાહિત્યના વિકાસને મોટી હાનિ થઈ છે ત્રીજો સ્વર્ગવાસ શ્રી ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદીનો થયો છે એઓ સાચા સાહિત્યસેવક ને પ્રૌઢ અભ્યાસક હતા થોડા વર્ષ થયા એમનુ આરોગ્ય સારુ રહેતુ નહોતુ લોકમાન્ય ટિળકના 'ભગવદ્ગીતા'ના પુસ્તકનુ એમનુ ગુજરાતીમા ભાષાન્તર આપણા સાહિત્યક્ષેત્રમા એમની ચિરસ્મરણ તરીકે પ્રકાશિત રહેશે એઓની

સાથે તેમજ એમના કુટુંબની સાથે મારો સંબંધ ઈ. સ. ૧૮૮૦માં મારી અમદાવાદમાં બદલી થઈ ત્યારનો હતો. અમદાવાદ હાઈસ્કૂલમાં ને એલ્ફિન્સ્ટન કૉલેજમાં એઓ મારા પ્રિય વિદ્યાર્થી હતા અને મારા તરફ એમની ઘણી પૂજ્યબુદ્ધિ હતી. ગયે વર્ષે સુરતમાં નર્મદજયન્તીના સમારંભમાં કવિશ્રી નાનાલાલભાઈના વ્યાખ્યાન સમયે સદ્ગત ઉત્તમલાલ પ્રમુખસ્થાને હતા. એઓનો નિવાસ મારે ત્યાં હતો અને પ્રાસંગિક વાતમાં એમણે મને કહ્યું હતું કે હું પ્રાચીન ગુજરાતનો ઇતિહાસ તૈયાર કરવા ઇચ્છું છું ને એની સામગ્રી એકઠી કરું છું. મારી યોજના પૂરી થયે હું એક દિવસ તમારી સાથે એ વિષે ચર્ચા કરી સંમતિ મેળવી પુસ્તક રચવા માંડીશ. પરંતુ યમરાજાના દારુણ પ્રહારના પંજામાં એઓ સપડાઈ જવાથી આપણે એમની તરફથી એ અમૂલ્ય લાભ મેળવવો ખોયો છે એ ખેદની વાત છે. શ્રી કૃષ્ણરાવ દીવેટિયાનો સ્વર્ગવાસ પણ શોચનીય છે. એઓ રસિક ને સંસ્કારી શૈલીમાં પ્રસંગે સાહિત્યની સેવા કરતા હતા. એમના અવસાનથી ગુજરાતી સાહિત્યે એક ખેલાડી લેખક અને મેં એક પ્રિય મિત્ર ખોયો છે. વળી આપણે, સાહિત્યસેવકો પ્રૉ. જેઠીસનદાસ કણિયા અને શ્રી. દામુભાઈને પણ એજ અરસામાં ખોયા છે. તેમજ આપણે ત્રણે ત્રણે કવિરાજ ખોયા છે—રા. કાન્ત, રા. મસ્ત, અને રા. નથુરામ. ત્રણે મોટા કવિ હતા. કાન્તની સાહિત્યસેવા વિવિધ હતી. સદ્ગત ચીમનલાલ દલાલના સ્વર્ગવાસથી જૂની ગુજરાતી ભાષાના સાહિત્ય પર સારો પ્રકાશ પાડનાર એક અમૂલ્ય રત્ન આપણે ખોયું છે. છેલ્લો સ્વર્ગવાસ જેની નોંધ લેવાની જરૂર છે તે શ્રી. મનસુખલાલ રવજીનો છે. રાજકીય બાબતની ચર્ચા સાથે એઓ જૈન સાહિત્યના વિકાસમાં પણ સારો ભાગ લેતા હતા.' એ બધા જીવાત્માને શ્રદ્ધાંજલિ અર્પવી ને ઇશ્વર એમના આત્માને શાન્તિ અર્પે એવી પ્રાર્થના કરવી એ જ આપણું અવશિષ્ટ કર્તવ્ય રહે છે.

બન્ધુઓ, આપની સમક્ષ પ્રાચીન સમયથી આધુનિક સમય સુધી ગુર્જર સાહિત્યવાટિકામાં જે જે રમ્ય વૃક્ષો ને લતાઓ ઉદ્ભવેલાં છે તેમાંનાં મુખ્યનો નિર્દેશ કરવા તથા તેમાંનાં કેટલાંક સુગંધી પુષ્પોનો સુવાસ પમરાવવા હું ઇચ્છું છુ. વાડીમાં નીંદવા જેવું ઘાસ પણ હોય છે તેમજ ગુલાબ જેવા સુંદર છોડોમાં પણ કાંટા હોય છે.

હુ આપની સમક્ષ રજૂ કરીશ. પ્રથમ તો આપણા સાહિત્યના ઇતિહાસનું સિંહાવલોકન કરી પછી આધુનિક સમયના આરંભમાં બ્રિટિશ રાજ્યની સ્થાપનાથી સર્વત્ર સલાહ-શાંતિના પ્રસારથી આપણા જનસમાજમાં તેમજ સાહિત્યમાં અનેક દિશામાં પ્રગતિ થઈ જે લાભાલાભ થયા છે તે તરફ, તેમજ પ્રાચીન અને નવીન પ્રવૃત્તિઓની તુલના કરી દેશકાલાનુસારે શું યુક્ત છે તે તરફ આપનું લક્ષ ખેંચીશ આધુનિક સમયમાં કાવ્ય, નાટક, નવલકથા, જીવનચરિત્ર, ઇતિહાસ, ને વિજ્ઞાનના સાહિત્યમાં કેવી પ્રવૃત્તિ થઈ છે, કેવી થાય છે ને કેવી ઇષ્ટ છે, તેનું દિગ્દર્શન કરાવીશ પારસી ને મુસલમાન લેખકોએ, સ્ત્રીલેખકોએ, તેમજ દૈનિક ને માસિક પત્રોએ કેવી સાહિત્યસેવા બજાવી છે ને બજાવે છે તે પણ આપના મો આગળ મૂકીશ વળી જે જે સંસ્થાઓ સાહિત્યને ખિલવે છે તેના કરેલા કામોની નોંધ કરી કર્તવ્યમાર્ગ સૂચવીશ છેવટે, સાહિત્યપરિષદના સ્થાયી મંડળની આવશ્યકતા સ્થાપિત કરીશ તેમજ એ મંડળના બંધારણ ને કર્તવ્ય વિષે મારા વિચાર દર્શાવીશ

ગુર્જર સાહિત્યના ચાર કાળ

પદ્ય એ સાહિત્યનું કર્ણપ્રિય, મધુર, અને સ્મરણશક્તિને વિશેષ સુગમ એવું અંગ હોવાથી સર્વ ભાષાના સાહિત્યમાં તેનો વિકાસ ગદ્ય કરતા વહેલો થાય છે ગુજરાતી ભાષામાં પણ એજ સત્ય પ્રવર્ત્યું છે સ્થૂલ દૃષ્ટિએ નિહાળતાં આપણા પદ્ય સાહિત્યના ચાર કાળ થઈ શકે છે ૧ પ્રાકૃત કાળ, ૨ આદિ કાળ, ૩ મધ્ય કાળ, ૪ અર્વાચીન કાળ પ્રાકૃત કાળમાં અપભ્રંશ નામથી ઓળખાતી પ્રાચીન ગુજરાતીમાં લખાયલા કાવ્યોનો સમાવેશ થાય છે એ વર્ગમાં પદ્મનાભ કવિકૃત 'કાન્હડદે પ્રબન્ધ' તથા ભાલણકૃત 'કાદમ્બરી' ને ભીમકવિકૃત 'હરિલીલાસોળકળા,' શ્રી ૫૨ વ્યાસકૃત 'રણમલ્લછંદ' તથા કર્મણમંત્રિકૃત 'સીતાહરણ,' ઉપાધ્યાય મેરુસુંદરનું 'પુષ્પમાલા પ્રકરણ,' તેમજ જૈનોના રાસાઓ એટલે પદ્યબદ્ધ કથાઓ—ઈ સ ના ૧૨મા સૈકામાં રચાયલા 'ભરતેશ્વરી રાસ' તથા નરસિંહ મહેતાના સમયની કંઈક પૂર્વે રચાયલો શ્રીવિનયભદ્ર મુનિનો 'શ્રીગૌતમરાસ,' વગેરે અન્તર્ગત થાય છે આ પ્રાચીન ગુજરાતી ભાષા અપભ્રંશ નામથી ઓળખાતી હતી અપભ્રંશના નિયમો સિદ્ધ હેમચંદ્રે પોતાના વ્યાકરણમાં દર્શાવ્યા છે તેમજ તેના ઉદાહરણપદ્યો પણ આપ્યા છે વળી લક્ષ્મીધરના 'षड्भाषार्चंद्रिका'મા, 'प्राकृतसार'મા, તેમજ માર્કણ્ડેયના

'प्राकृतसर्वस्व'માં પણ અપભ્રંશનું વિવેચન છે. અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી ભાષા, એ ભાષાના વિકાસની શાસ્ત્રીય શોધ કરનારને બહુ ઉપયોગી છે. સામાન્ય વાચકવર્ગને તે સમજવી અઘરી પડે છે.

પ્રાચીન કાળ

આ પ્રાચીન કાળથી જૈનોએ ગુજરાતી સાહિત્યની સારી સેવા બજાવી છે. ઈ. સ. ના ૧૨મા સૈકાના 'જંબુસ્વામીરાસ'થી ઈ. સ. ના ૧૮મા સૈકાના 'અશોકરોહિણી,' 'હરિબાળલચ્છી,' અને 'શત્રુંજય રાસા' આદિ રાસાઓ તેમણે રચ્યા છે એટલુંજ નહિ, પણ રા. જગજીવનદાસ મોદીએ પ્રકાશિત કરેલી ગદ્યમય 'વૈતાલપચીસી,' તેમજ 'શ્રીવસ્તુપાલતીર્થયાત્રાવર્ણન,' 'ઉજ્જયન્તમહાતીર્થકલ્પ,' આદિ ગદ્યગ્રંથો પણ રચ્યા છે. એ ગ્રન્થો 'ગાયકવાડ પ્રાચ્ય ગ્રન્થમાળા'ના ૧૩મા ગ્રન્થ 'પ્રાચીન ગુર્જરકાવ્યસંગ્રહ'ના ગદ્યસંગ્રહમાં પ્રસિદ્ધિ પામ્યા છે. એમાંના 'પૃથ્વીચન્દ્રચરિત્ર' માં ૮૪ ચૌટાં, ૭૨ કળા, ને ૬૪ વિનાન વર્ણવ્યાં છે. ઈ. સ. ના ૧૫મા સૈકામાં ઉપાધ્યાય મેરુસુંદરે 'પુષ્પમાળ પ્રકરણ' રચ્યું છે, તેમાંથી કવિ નર્મદે 'નર્મકોશ'ની પ્રસ્તાવનામાં ઉલ્લેખ આપ્યો છે, તેમાં તે સમયની ભાષાનું સ્વરૂપ જણાય છે.

રાસાની ભાષા

જૈનોના રાસા છેક ઈ. સ. ના ૧૮મા સૈકા સુધીના છે. એ રાસાઓમાં જે ભાષા જોવામાં આવે છે તે જ ભાષા છેક ૧૮મા સૈકા સુધી તે સમયના લોકોમાં પ્રચલિત હતી એમ તો કહી શકાશે નહિ. વસ્તુસ્થિતિ એવી જણાય છે કે જૈન ગ્રન્થકારોને પ્રાકૃત ભાષાનો વિશેષ અભ્યાસ હોવાથી તેમજ તેમનાં સૂત્રો—શાસ્ત્રીયગ્રન્થો માગધી કે અર્દ્ધમાગધીમાં લખેલા હોવાથી એ ભાષાની અસર તેમના પર થાય એ સ્વાભાવિક છે. બ્રાહ્મણોમાં જેમ સંસ્કૃતમાં લખનાર વિશેષ કીર્તિ પામતો તેમ જૈનોમાં પ્રાકૃતમાં લખનાર અધિક સન્માન પ્રાપ્ત કરતો. આથી જૈન લેખકોએ જનમંડળમાં ચાલતી ભાષામાં લખવાને બદલે પ્રાકૃતમિશ્ર ભાષામાં લખવાનું જારી રાખ્યું. આથી જ છેક ૧૮ મા સૈકામાં રચેલા જૈનગ્રન્થોની ને બ્રાહ્મણગ્રન્થોની ભાષામાં ફેરફાર છે.

નરસિંહ મહેતા

ગુજરાતી ભાષાના બ્રાહ્મણ કવિઓમાં આદ્ય કવિ નરસિંહ મહેતા છે એમના કાવ્યો, પદો, ને પરભાતિયાં ભક્તિરસથી ઉભરાતાં છે શૃંગારના પદો પણ ભક્તિમાં જ પરિણામ પામે છે નરસિંહ મહેતાના નીચેના જેવા પદો તો સામાન્ય સ્ત્રીપુરુષોને મુખે પણ સાંભળવામાં આવે છે —

'નાગરપણું નામ જ લેના, વારે તેને તજિયે રે,
મનમાં, વાચા, કર્મણા કરીને લક્ષ્મીવરને ભજિયે રે'

* * * *

ભોળા ભોળા નાથ તમને વિશ્વ વખાણે રે,
મૂળની વાતો તમારી કોઈ નવ જાણે રે
જોગીન્દ્રપણું, શિવજી, તમારું મેં જાણ્યું રે,
જટામાં ઘાલીને, શિવજી, આ કયાંથી આણ્યું રે'

* * * *

'પઢો રે પોપટ સીતા રામના, સતી સીતા પઢાવે,
પાસે બાંધી પાંજરે, મુખે રામ જપાવે'

* * * *

'સાંભળ મનગમતા મહારાજ, મારે ઘેર આવો રે,
હું તો તલસું તમારે કાજ, હસીને બોલાવો રે'

* * * *

તેમજ નીચેના જેવા પરભાતિયાં પણ ઘણા લોકો ને યાચકો ગાય છે —
'જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા તુજ વિના, ધેનમાં કોણ જાશે.'

* * * *

'રાત રહે જાહરે પાછલી ખટ ઘડી, સાધુ પુરુષને સૂઈ ન રહેવું,
નિદ્રાને પરહરી સમરવા શ્રીહરિ, એક તું એક તું એમ કહેવું'

નરસિંહ મહેતાનાં પરભાતિયાંમાં ઉપદેશ, તત્ત્વજ્ઞાન, ને કૃષ્ણ-સ્તુતિનાં વચનો ઝગે છે એમને તત્ત્વજ્ઞાન કરતાં પ્રેમરસ જ ઈષ્ટ લાગે છે, તેથી કહે છે કે—

'પ્રેમરસ પાને તું, મોરના પીચ્છધર, તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.'

તોપણ મહેતા તત્ત્વજ્ઞાનની અનેક-વાર સ્તુતિ કરી કહે છે કે
'જ્યાંલગી આતમા તત્ત્વ ચિન્યો નહીં, ત્યાંલગી સાધના સર્વ જૂઠી,
માનુષદેહ તારો એમ એળે ગયો, માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી.'

* * * *

'ભણે નરશૈયો કે તત્ત્વદર્શન વિના રત્નચિંતામણી જન્મ ખોયો.

નરસિંહ મહેતામાં શુદ્ધ ભક્તિપૂર્ણ હૃદયના સ્વાભાવિક ભાવોના તરંગો ઊછળે છે. એમાં કૃત્રિમતા નથી કે અલંકાર ઘટાવવાનો પ્રયત્ન નથી; તોપણ મીરાંબાઈના ગીતોમાં જેમ

'બોલ મા બોલ મા બોલ મા રે, રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા;
સાકરશેરડીનો સ્વાદ તજીને, કડવો તે લીમડો ઘોળ મા રે.
રાધાકૃષ્ણ૦'

એ પદમાં નિદર્શના અલંકારની છાયા છે, તેમ

'પૂર્ણ પુરુષોત્તમ નવલરંગી તજી, અન્ય દેવે જેનું મન મોહે,
કોટિ ચિંતામણિ કામધેનુ તજી, મહિષીના પુત્રનું દૂધ દોહે.'—

એ પદમાં નિદર્શના અલંકાર છે. અલંકારો ને ગુણો વિનાપ્રયત્ને, સ્વાભાવિક રીતે જ સારા કવિઓનાં કાવ્યોમાં સ્ફુરી આવે છે.

લઘુતાવાચક પ્રત્યયો

નરસિંહ મહેતાનાં કાવ્યમાં અનેક સ્થળે લઘુતાવાચક પ્રત્યયો અને ઘણે સ્થળે એવા બેવડા પ્રત્યયો નજરે પડે છે. એ પ્રત્યયો બહુધા વાત્સલ્યવાચક, લઘુતાવાચક, કે તિરસ્કારવાચક હોય છે; ને કેટલેક સ્થળે નિરર્થક—માત્ર સ્વાર્થવાચક હોય છે. અન્ય કવિનાં કાવ્યોમાં જોવામાં આવે છે તેના કરતાં મહેતાનાં કાવ્યમાં એનો પ્રયોગ વાચકનું લક્ષ આકર્ષે એવો છે, જેમકે 'ઘણેરૂં,' 'સેજલડી,' 'વિનતડી,' 'દેહડી,' 'સરીખડાં,' 'આંગલડી,' 'મરકલડો,' 'કાંકડલે,' 'મારગડો,' 'એકલડો,' 'વહાલડો,' 'વાછલડું,' 'નાહનડલાં,' 'ભોજનીયાં,' 'ઉંઘરેટો,' 'ગોપિકાકેરડાં,' (એમાં પ્રત્યય પર પણ).

મીરાંબાઈ

એ જ સમયમાં પાટણમાં કવિ ભાલણ, સિદ્ધપુરમાં ભીમ, અને સ્ત્રીને છાજે એવાં, લજ્જાયુક્ત, મર્યાદિત શૃંગારનાં કૃષ્ણભજન ગાઈ વાચકને કૃષ્ણભક્તિના રસમાં તરબોળ કરનાર મેડતાનાં મીરાં-

બાઈ ગુજરાતી સાહિત્યના આદિકાળના ક્ષિતિજમાં તેજસ્વી તારાના જેવા પ્રકાશમાન થાય છે

ભાલણે 'કૃષ્ણવીના,' 'રામબાળલીલા,' 'નળાખ્યાન,' 'ઉદ્ધવઆવાગમન,' 'રુક્મિણીહરણ,' 'દશમસ્કંધ,' આદિ ગ્રન્થો રચ્યા છે એના નીચેના પદો સ્ત્રીઓ ગાય છે —

'ઊભી રહે રે આહીરડી, તું બોલની વાત બોન,
તારી આંખડીને મેં ઓળખી રે, અવર નહીં કોની તોન ઊભી૦'

* * *

'બીખુભાનકેરી બેટી રાધા છે મારું નામ
દધિતણો જો ખપ કરો આવજો ગોકુળગામ બીખુ૦'

\+ * * *

'છબીલા નંદના રે તારી ચાલનો ચટકો જો,
છોગા આહીરના રે તારા મુખનો મટકો જો, છબીલા૦'

* * *

મીરાબાઈના ચરિત્રનું વાતાવરણ અનેક અસત્ય વૃત્તાન્તોથી દૂષિત થયું છે એ વિષયમાં સદ્ગત તનસુખરામ મનસુખરામ ત્રિપાઠીએ ઊંડું સંશોધન કરી ઘણો સત્ય પ્રકાશ પાડ્યો છે એનું ચરિત્ર ઉચ્ચ પ્રકારનું છે ને વાચકને ભક્તિરસમાં લીન કરાવે છે મહાત્મા ગાંધીજી કહે છે તેમ હૃદયમાંથી પ્રસરેલા મનોભાવના એ ઝરણાં છે એ લોકવૃત્તિને તૃપ્ત કરવા પ્રસરેલા નથી એની ભાષા હિંદીમિશ્રિત મધુર ગુજરાતી છે એના ઘણા કાવ્યો ભક્તજનોને ને સ્ત્રીઓને મુખસ્થ છે થોડાંક ઉત્તમ કાવ્યો નીચે દર્શાવ્યા છે —

'રામ રમકડું જડિયું રે, રાણાજી મને રામ રમકડું જડિયું'

* * * *

'મેરા મન હરિ લિયો રાજ રણછોડ
કેશવ, માધવ, શ્રીપુરુષોત્તમ, મેરે પ્રાણજીવન જોડ, મેરા મન,'

* * * *

'બંસીવાલા આજો મોરા દેશ
આજો મોરા દેશ, હો બંસીવાલા આજો મોરા દેશ'

* * * *

૩૪

'આવત મોરી ગલિયનમેં ગિરિધારી મૈં તો છુપી હું,
લાજકી મારી, આવત૦'

* * * *

'પ્રેમની પ્રેમની પ્રેમની રે મને લાગી કટારી પ્રેમની.'

* * * *

'બોલ મા બોલ મા બોલ મા રે રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા
સાકરશેરડીનો સ્વાદ તજીને, કડવો તે લીમડો ઘોળ મા રે, રાધા૦'

* * * *

'ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે

* * * *

મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવે રે.'

* * * *

'હાં રે ચાલો ડાકોરમાં જઈ વસિયે, મને લેહે લગાડી એ રસિયે રે; ચાલો૦'

* * * *

'મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા મુખડાની માયા લાગી રે..

* * * *

'વિપત પડે ત્યારે હરિને સંભારો મારી વહારે ચડો વનમાળી રે.'

* * * *

'મંદિર દેખીને ડરે રે સુદામા મંદિર દેખી ડરે રે૦'

* * * *

મધ્યકાળ : પ્રેમાનન્દ

મધ્યકાળમાં અનેક કવિઓ થયા, તેમાં જો કે પ્રેમાનંદે, પોતાના પૂર્વગામી કવિઓ—નાકર, વિષ્ણુદાસ, વિશ્વનાથ જાની, વગેરે,—એ કવિઓનો કંઈક આધાર આખ્યાનની પસંદગી અને શૈલી, વગેરેમાં લીધો હતો, તોપણ એ કાળમાં એ કવિચન્દ્ર સાહિત્યક્ષિતિજમાં પોતાની પૂર્ણ જ્યોત્સ્ના સર્વત્ર પ્રસરાવી, અન્ય કવિતારકોને ક્ષીણ, નિસ્તેજ જેવા કરે છે; અને રસની ઝમાવટ, ભાષાનો કાબુ, વર્ણનની શૈલી, મનુષ્યહૃદયનું અને કુદરતનું જ્ઞાન, આદિ અનેક ગુણોથી વાચ-

કના હૃદયમા અમીરસ રેડી તેને રસભીનુ કરી આનદની લહરીમા આદોલન કરાવે છે ગુજરાતી ભાષા તે સમયે 'શુ શા પૈસા ચાર' તરીકે નિદાતી હતી અને જે ને તે હિદીમા કવિતા રચી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા પ્રયાસ કરતા હતા એવી અધમ સ્થિતિમાથી ગુજરાતી ભાષાને ઉદ્ધારી સસ્કૃતના જેવી પ્રતિષ્ઠાએ પહોચાડવા આ કવિરત્ને પ્રયત્ન આદર્યો અને 'શક્તિ ઉપરાત કામ સ્વીકારવુ નહિ એ જેમ બુદ્ધિલક્ષણ છે તેમ આરભેના કાર્યનો નિર્વાહ કરવો એ પણ બુદ્ધિ લક્ષણ છે,' એ નીતિવચનને અનુરોધે જ્યા સુધી ગુર્જર ભાષા પ્રતિષ્ઠિત પદ પામે નહિ અને પોતે અગીકાર કરેલા કાર્યનો એ રીતે નિર્વાહ થાય નહિ ત્યાસુધી પોતે જપ્યા નહિ 'રામાયણ' અને 'મહાભારત' જેવા અનુપમ ગીર્વાણકાવ્યો જ્ઞાનના ને નીતિના આકરગ્રન્થો છે, તેમાથી આખ્યાનો પસદ કરી તેમા જનસમાજને અનુકૂળ ને હૃદયગમ થાય એવા યોગ્ય ફેરફાર કરી ઉત્તમ કાવ્યો રચી ગુર્જર ભાષાને ઉચ્ચ કોટિમા આણી, જનસમાજની ધાર્મિક ને રસિક વૃત્તિ પોષી અને એ જ પ્રમાણે ભાષાનો ઉત્કર્ષ કરે એવુ રત્નેશ્વર, વલ્લભ, સુદર, વીરજી, હરિદાસ, વગેરે ૧૦૦ સ્રીપુરપનુ કવિમડળ પોતાની આસપાસ એકઠુ કરી તેને જેમ ઘટે તેમ કામ સોપ્યુ જેમ રોમમા ઑગસ્ટસ રાજાના સમયમા સાહિત્ય પુષ્કળ કેળવાયુ ને ખીલ્યુ હતુ, અને જેમ ઇંગ્લડમા ઍન રાણીના રાજ્યમા અગ્રેજ સાહિત્યનો અનેક દિશામા વિકાસ થવાથી ઇતિહાસકારો ઍનના રાજ્યને અગ્રેજી સાહિત્યનો 'ઑગસ્ટન' યુગ કહે છે તેમ આ મધ્યકાળને ગુર્જર સાહિત્યનો પ્રેમાનન્દયુગ—પ્રેમયુગ કહી શકાય કવિ પ્રેમાનદે ગુર્જર સાહિત્યની અનન્ય સેવા બજાવી છે ને

'સાગોપાગ સુરગ વ્યગ્ય અતિશે ધારો ગિરા ગુર્જરી,
પાદે પાદ રસાળ ભૂષણવતી થાઓ સખી ઉપરી,
જે ગીર્વાણ ગિરા ગણાય ગણતા તે સ્થાન એ ભ્યો વરી,
થાયે શ્રેષ્ઠ સહ સખીજન થકી એ આન પરો હરિ'

એ પદ્યમા કહ્યુ છે તેની આશા રાખીને ભગીરથ પ્રયત્ન કર્યો છ એમ સ્થાપન કરવામા લેશ પણ અતિશયોક્તિ ને ચાટૂક્તિ નથી

પ્રેમાનદનુ કવિમડળ વલ્લભ

કવિ પ્રેમાનદે પોતાની આસપાસ એકત્રિત કરેલા મડળને જે

કામ સોપ્યું હતું તે કેટલેક અંશે યથાશક્તિ થયું, પરંતુ જોઈએ તેવું દીપી નીકળ્યું નહિ. રત્નેશ્વર સંસ્કૃત ભાષામાં વિદ્વાન હતો, તેણે ભાષાન્તરરૂપ કેટલાક ગ્રંથ રચ્યા અને કવિપુત્ર વલ્લભે પિતાની સ્તુતિ ને સામળભટ્ટની નિંદા કરી પોતાનાં કાવ્યોની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડી. તેણે 'કુન્તી–પ્રસન્નાખ્યાન,' 'દુઃશાસનરુધિરપાન,' 'યુધિષ્ઠિર-વૃકોદરસંવાદ,' 'યક્ષપ્રશ્ન', આદિ ગ્રન્થો રચ્યા છે. ગીર્વાણ ભાષા જેવી ભાષા વિષે તેણે એક સિદ્ધ પુરુષને પૂછ્યું ત્યારે તેમણે તેને ગુર્જર ભાષા જ બનાવી, એમ વર્ણવી વલ્લભે જે ગુજરાતી ભાષાનું ગૌરવ પ્રતિપાદન કર્યું છે તે દરેક સાહિત્ય સેવકે હૃદયમાં કોતરી રાખવા જેવું છે.

'ઉમર મૂકી અને તું, ડુંગરને પૂજે કેમ ?
ગોદમાંનો સુત ભૂલે, જાણ્યું નહિ જેમણે.
તારી ભાષા છે જ તેવી, જાણ્યું નવ તેં જરૂર,
વિચારી જો વારંવાર, ગુણથી ઘટે ગણે.
કોમળતા કમળથી, અધિક દેખાય જેમાં,
મધુ સુધા મિષ્ટપણે, હારી હારી જાય છે,
અમલતા એના જેવી, નથી કોઈ ભાષામધ્ય,
પ્રાચીનપણું તો જેનું મોટેરું મનાય છે.

* * * *

ગુર્જર ગિરાની તુલ્ય, ઉપમા ઉર્વીમાં નથી,
સર્વગુણસંપન્ન છે, ઉચ્ચાર રસાળ શો ?'

સામળભટ્ટ અને અખો

એજ યુગના કવિ અખાએ પ્રેમાનંદથી જુદી જ દિશાએ સબળ પ્રયત્ન કર્યો છે. 'રામાયણમહાભારત'નાં આખ્યાનો જનસમાજને ગાઈ બતલાવવાને બદલે પોતાની કલ્પનાશકિતને પ્રભાવે 'મડાપચ્ચીસી' 'સુડાબોત્તેરી,' 'મદનમોહના,' 'પદ્માવતી,' 'ભદ્રાભામિની,' 'નંદબત્રીસી,' વગેરે વાર્તાઓ તેમજ 'ઉદ્યમકર્મસંવાદ,' 'અંગદવિષ્ટિ,' 'રાવણ-મંદોદરીસંવાદ,' આદિ અનેક કાવ્યો કવિ સામળે રચ્યા છે, તેમાં તેણે વસ્તુસંકલનાની અદ્‌ભુત શકિત, જનસ્વભાવ આલેખવાનું કૌશલ્ય, અને અલૌકિક જ્ઞાન તેમજ બહુશ્રુતતા ને વ્યવહારકુશળતા દર્શાવ્યાં છે. ઉપમા તો કાલિદાસની એમ એક પ્રાચીન સંસ્કૃત પદ્યમાં કાલિ-

ાસની પ્રશંસા કરી છે તેમ જ્યાં તો મામળભટ્ટના એમ કહેવામાં લેશ પણ અત્યુક્તિ નથી

અખો

સંસારથી વિરક્ત થયલો, કીધેલા ઉપકારના બદલામાં નિંદા ને દોષારોપણ પામેલો, આદર્શભૂત નીતિ દર્શાવતા કારાગૃહમાં ગોંધાયલો અખો કવિ સંસારનો ત્યાગ કરી મનની શાન્તિ પ્રાપ્ત કરવા સદ્‌ગુરુની શોધમાં નીકળી પડે એ સ્વાભાવિક છે એ શોધમાં એને ઘેત્રણ સ્થળે સ્વાર્થી અને સંસારમાં રચ્યાપચ્યા રહેતા ગુરુઓ માલમ પડે છે એટલે એવા ગુરુઓ પર પોતાની કવિતામાં એ સચોટ પ્રહાર કરે એ પણ સ્વાભાવિક છે આખરે, કાશીમાં મણિકર્ણિકાના ઘાટ પર એને જોઈતા ગુરુ મળે છે, તેમના તરફથી એને વેદાન્તશાસ્ત્રના ગૂઢ રહસ્યનુ જ્ઞાન થાય છે અને એ જ્ઞાન તે 'ગુરુશિષ્યસંવાદ,' 'અખેગીતા,' 'ચિત્તવિચારસંવાદ,' 'પંચીકરણ,' આદિ ગ્રન્થોમાં દર્શાવે છે એને સંસ્કૃત ભાષાનુ જ્ઞાન નહોતુ, તેમજ છન્દશાસ્ત્ર કે કાવ્યશાસ્ત્રથી પણ એ પરિચિત નહોતો જેવી કવિતા સૂઝી આવી તેવી કવિતામાં એણે પોતાના વિચાર દર્શાવ્યા છે મૂળ તો વેદાન્તનો વિષય જ ગહન અને તે વળી કવિતામાં ઉતારવો એ કામ ઘણુ દુષ્કર, એટલે એના કાવ્યો સુગમ ને લોકપ્રિય થાય નહિ એમાં નવાઈ નથી તોપણ એના કાવ્યોનો કેટલોક ભાગ વ્યાવહારિક હોવાથી તેમજ તે સાદી, સરળ, ને સીધી ભાષામાં રચાયલો હોવાથી ઘણો લોકપ્રિય થયો છે એણે લોકોને તીખી ભાષામાં ઉપદેશ આપ્યો છે એના કેટલાક પદ્યો લોકોક્તિમાં સામાન્ય પ્રચાર પામ્યા છે, કેટલેક સ્થળે અસરકારી ભાષા વાપરી પોતાનો હેતુ સાધવામાં કવિ ચૂક્યો નથી નીચેના જેવા પદ્યો ઘણા લોકપ્રિય થયા છે –

'તિલક કરતા ત્રેપન વહ્યા, જપમાળાના નાકા ગયા,
તીરથ ફરિ ફરિ થાક્યા ચર્ણ, તોયે ન પોતા હરિને શર્ણ'
'કથા સુણી સુણી ફૂટ્યા કાન, તોયે નાવ્યુ બ્રહ્મજ્ઞાન,
એક મુરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,
પાણીને દેખી કરે સ્નાન, તુળસી દેખી તોડે પાન
એ તો અખા બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાની વાત'

'કુટકળ અંગ'માં એવા ઘણા સરળ, સીધા, ને સચોટ પદ્યો છે

'આવિ નગરમાં લાગિ લાય, પંખિને શ્યો ધોખો થાય;
ઉંદર બિચારા કરતા સોર, જેને નહીં ઉડયાનું જોર.
અખા જ્ઞાની ભવથી કેમ ડરે, જેની અનુભવપાંખ આકાશે ફરે.'

\+ + + +

ગુરુ થઈ બેઠો સેનો સાધ, સ્વામિપણાની વળગી વ્યાધ;
તે પાડાથી દુખિયો થયો, રોગ કરાર અનુભવથી ગયો.
વાચક જાળમાં ગુંચવી મરે, અખા જ્ઞાનીનું કહ્યું કેમ કરે.'

\+ + + +

'સ્વામી થઇને બેઠો આપ, એ તો મનને વળગ્યું પાપ;
શિષ્ય રાખ્યાનો શિર પર ભાર, ઉપર ત્યાગ ને અંતર પ્યાર.
આશા રજ્જુને બાંધ્યો પાશ, અખા શું જાણે જ્ઞાનીની આશ.'

\+ + + +

'દેહાભિમાન હતું પાશેર, વિદ્યા ભણતાં વધ્યું શેર;
ચરચા વદતાં તોલું થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો;
અખા એમ હલકાથી ભારે હોય, આત્મજ્ઞાન તે મૂળગું ખોય.'

\+ + + +

આત્મ અનુભવે હોય પ્રકાશ, અખા અહંકાર તે પામે નાશ;
અહંકૃતિ તજી સ્મરણ કરો, મન કર્મ વચન હરિ વડે આદરો;
ગવરાવ્યા જશ હરિના ગાઓ, હરિના છો ને હરિના થાઓ.'

\+ + + +

'ધન ધન જ્ઞાની જનનું ગાત્ર, જગત ગણ્યું જેણે તૃણમાત્ર;
જ્ઞાની તે જે કરે વિચાર, પરપંચ તજે ને સંઘરે સાર;
સકળ કામના સવળી કરે, વાસના વપુ ઠેકાણે ઠરે;
ટાળે આપ ને ભાળે ઈશ, અખા એવા પુરુષને મળે જગદીશ.'

આમ કેટલેક સ્થળે અખો ઘણી સ્ફુટ ને કડવી પણ સત્ય વાણીમાં તે સમયના સ્વાર્થી ગુરુનું સ્વરૂપ ઉઘાડું કરી વેદાન્ત સિદ્ધાન્તોનો ઉપદેશ કરે છે.

'ભાપાના અંગ' માં અખો કહે છે કે—

'ભાપાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર;

સંસ્કૃત બોલે તે શું થયું, કાંઇ પ્રાકૃતમાંથી નાસી ગયું ?
બાનનનો સઘળો વિસ્તાર, આખા ત્રેપનમો જાણે પાર '

'શીલવતીનો રાસ'

આજ મધ્યકાળમાં જૈન કવિ નેમિવિજયે 'શીલવતી રાસો' નામનો ઉત્તમ રાસો રચ્યો છે અને વળી 'બહુચરાજીનો ગરબો' વીરરસમાં યોજ્યો છે

ધીરો ભક્ત

આની પછીના ૧૮મા સૈકામાં પણ ધીરો ભક્ત, નીરાંત, તેમના શિષ્ય બાપુસાહેબ ગાયકવાડ, તથા લજ્જારામ અને પ્રીતમ ઇત્ય, તેમજ સ્વામીનારાયણના પંથના મુક્તાનંદ, બ્રહ્માનંદ, ને નિષ્કુળાનંદ, એ ભક્ત કવિના કાવ્યોમાં ધર્મ ને નીતિની ભાવના ઓતપ્રોત થઈ છે સદ્ગુરુના સંસર્ગથી કેટલો લાભ થાય છે તે ધીરાની કવિતાથી જણાય છે એને કેળવણીનો સંસ્કાર મળ્યો નહોતો, તો પણ એક સન્યાસીના સત્સંગથી એને જ્ઞાન પ્રાપ્ત થયું એના કાવ્યોમાં ગુરુભક્તિ ને વેદાન્તજ્ઞાન સ્થળે સ્થળે જણાઈ આવે છે જેમ છપ્પા સામળના તેમ કાફી તો ધીરા ભક્તની જ. એ કાફી ઘણી લોકપ્રિય થઈ છે નીચેની ઉત્તમ છે —

'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહી '
\+ + + +
'અંતે સંતને તેડાવે રે, હરિનું ભજન કરવા '
\+ + + +
પ્રભુ તમ સાથે રે મારે પ્રીત ઘણી '
\+ + + +
'વાડો વાળી બેઠા રે પોતાનો પંથ કરવાને '
\+ + + +
'જેને રામ રાખે રે, તેને કુણ મારી શકે ? '
\+ + + +
'હીરાની પરીક્ષા રે ઝવેરી હોય તે જાણે. '
\+ + + +

ધીરા ભક્તે 'સ્વરૂપ' કાવ્યમાં લક્ષ્મીનું, યૌવનનું. કાયાનું, માયાનું, તેમજ મનનું સ્વરૂપ ઉત્તમ કાફીમાં ગાયું છે. તેમાં 'લક્ષ્મીના સ્વરૂપ' માં નીચેની કાફીઓ ઉત્તમ છેઃ—

'કમળ કેરૂં પુષ્પ જ રે, પ્રભાત તો થાયે જ્યારે;
ખીલવા કંઈક માંડે રે, સુગંધ અતિ દે ત્યારે.'

* * *

અને

'સોમલ જેવી સાચી રે, ખાતાં ન લાગે ખારી;
વિધ વિધ રંગી દેખાયે રે, આશા વધે અવિધારી.'

લજ્જારામ

લજ્જારામે 'અભિમન્યુ–આખ્યાન' રચ્યું છે, તેની ભાષા પ્રાસાદિક છે ને તેમાં કવિએ કેટલેક સ્થળે રસની ઝમાવટ ઉત્તમ કરી છે. નીચેની જેવી પંક્તિઓ ઘણી લોકપ્રિય થઈ છેઃ—

'તુંજ વિના રહિશ હું કેમ ટોળા વછુટી હરણી જેમ,
સિંહ દેખી પશુ પામે ત્રાસ, ત્યમ સાંભળી હું થઈ નિરાશ.
ખોળે બેસારીને હું બાળ, ભોજન કરાવું તતકાળ;
આંખથી અળગાં થાઓ છો બાળ, પ્રાણ હરી જાઓ છે તતકાળ.
ફરી શું કહેવરાવે તુંય; રણે નહિ જાવા દેઉં હુંય,'

* * *

'મને બાલુડો ન કહેશો, મારી માવડી રે'.—

વગેરે જેમાં વય કંઈ તેજનો હેતુ નથી એવી ભાવના ઉત્તમ રીતે ઘટાવી છે.

'મને મારીને રથડા ખેડ રે, બાળા રાજા રે;
મને જુધ્ધે સાથે તેડ રે, બાળા રાજા રે.'

એમ કહી અભિમન્યુને યુદ્ધમાં જતો અટકાવવા પ્રયાસ કરી તેમાં નિષ્ફળ થઈ ને સ્વામી યુદ્ધમાં જશે એમ ખાત્રી થઈ, ત્યારે—

'ઉત્તરા કુંવરી વાણી બોલી, સાંભળ મુજ ભરથાર;
તમે જુદ્ધ કરવા સંચરો છો ચક્રવ્યુહ મોઝાર.
મરજો કે મારજો તમે, નવ દેશો પુઠ લગાર,
સહિયર મેણા મારી કહેશે, કાયરની આ નાર.

અવની પર જો અવતર્યો, તેને મરવું એ જ નાન
મોત થકી ડરિયે નહિ, તે માટે ભરથાર '

'વેણીસંહાર'માં પણ અશ્વત્થામા દ્રોણ સૈન્યને પાછું હઠતું જોઈ એવા જ વિચાર દર્શાવે છે કે સમરાંગણનો ત્યાગ કર્યાથી મૃત્યુનું ભય જ જતું રહેતું હોય તો ત્યાંથી અન્યત્ર જવું યુક્ત છે પરંતુ જો મરણ પ્રાણી માત્રને અનિવાર્ય છે તો હે સૈનિકો, તમારો યશ નકામો શા માટે મલિન કરો છો?

પ્રીતમદાસ ને નિષ્કુળાનંદ

પ્રીતમદાસના જ્ઞાન ને ભક્તિના પદો પણ સારાં છે

'આનંદે આવો રે, જીવન જમનાને,
મધુ પાન બનાવું રે, ગિરિધર ગમનાને'

તેમજ

'કાયા રે તારી કામ નહીં આવે, જો કરે કોટિ ઉપાય રે,'
નાણાંથી જાતા વાર નહીં લાગે, જે કુંદન કાપીને ખાય રે'

અને

'રહે રમના તું રામ ભજનમાં, હંસ દશા દિલ આણી
કહું છું કુટિલ વચન નર કાઢિ, જથા વાયસવાણી રહે૦'

એવા પદો વાચકને ભક્તિરસમાં તરબોળ કરે છે

નિષ્કુળાનંદે 'ધીરજાખ્યાન'માં અનેક હરિભક્તો—પ્રહ્લાદ, ધ્રુવ, હરિશ્ચંદ્ર, શિબિ, રંતિદેવ, મયૂરધ્વજ, વગેરે—નાં આખ્યાન ગાયાં છે એમાં નીચેનું પદ ઉત્તમ છે—

'ધીરજ સમ નહિ ધન રે, સંતો ધીરજ૦
આવે અર્થ દોહલે દિન રે, સંતો ધીરજ૦'

તેમજ વૈરાગ્ય વિષેનું નીચેનું પદ પણ ઘણું લોકપ્રિય થયું છે—

'જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્ય,
ઉપદેશ આપ્યો એણી પેરે લાગ્યો સંસારીડો આગ્ય જનની૦'

મુક્તાનંદ

મુક્તાનંદે 'સતીગીતા'માં સતી સ્ત્રીઓનો પ્રભાવ વર્ણવ્યો છે, એમાં નીચેની ગરબી વાચકના હૃદયને કરુણરસમાં તરબોળ કરે છે—

'રસિયા વર રણછોડ છોગાળા, સાંભળો વિનતિ અમારી રે;
મર્માળા મુને જાણી પોતાની. હાથ ગ્રહો ગિરધારી રે.'

બ્રહ્માનંદ

બ્રહ્માનંદે કૃષ્ણ કીર્તનનાં પદો ગાયાં છે; નીચેનાં ઉત્તમ છે:--

'નારાયણ સુખકારી ભજી લે, નારાયણ સુખકારી;
સાધુજનની માન શિખામણ, વિષય વિકાર વિસારી. ભજી લે૦

\+ + + +

'ઓરા આવો નટવર નાનડિયા, તમે મારા જીવ સાથ જડિયા. ટેક૦
શોભો છો સોનેરી પટકે, છબી રંગ ચોળતણે ચટકે;
લીધું મન હાથતણે લટકે. ઓરા૦'

\+ + + +

એનાં નીચેનાં જેવાં જ્ઞાનભક્તિનાં પદો પણ ઉત્તમ છે:—

'આ તનરંગ પતંગ સરીખો જાતાં વાર ન લાગેજી:
અસંખ્ય ગયા ધનસંપતિ મેલી, તારી નજરે આગેજી.'

\+ + + +

'પેટ કટારી રે, પહેરીને સનમુખ ચાલ્યા;
પાછા ન વળે રે, કોઇના તે ન રહે ઝાલ્યા.

\+ + + +

તેની પેરે રે, હરિજન પણ જોઇને તીખા;
અંતર શત્રુને રે, લાગે અતિવજ્ર સરીખા.
માથું જાતાં રે, મુખનું પાણી નવ જાવે;
બ્રહ્માનંદ કહે રે, તે સંત હરિને મન ભાવે.'

૧૯ મા સૈકાનાં કાવ્ય

૧૯ મો સૈકો એ કાળનો છેલ્લો સૈકો છે. એમાં ગિરિધર, મોજેભક્ત, મનોહરસ્વામી, આદિ કવિઓએ ગુર્જર સાહિત્યવાટિકાને ખિલવી છે. ગિરધર કવિએ 'તુલસીવિવાહ' આદિ ગ્રન્થો રચ્યા છે; પરંતુ એનું 'રામાયણ' લોકોમાં અતિપ્રિય થયું છે. ઉત્તર હિંદમાં જેવું તુલસીકૃત 'રામાયણ' પ્રિય છે તેવું ગુજરાતીમાં ગિરધરકૃત 'રામાયણ' પ્રિય છે. એની ભાષા સરળ ને પ્રાસાદિક છે, ને એ લોક-

પ્રિય રાગોમા રચેલુ હોવાથી જનસમાજમા ઘણુ પ્રચાર પામ્યુ છે

'ત્યારે માતા કૌશલ્યાજી બોલીયા, હો વાના રે,
તુને નહી જાવા દેઉ વન, કુવરજી કાના રે'

ઇત્યાદિ

રામચંદ્રજીને વનમા જતા અટકાવવા કૌશલ્યાના વચન કરણા રસથી ભરપૂર છે ને માતાના અકૃત્રિમ સ્નેહરસનો ખરો ચિતાર આપે છે તેમજ પોતાની સાથે તેડી જવા સીતાજીએ રામચંદ્રને કહેલા વચન પણ હૃદયદ્રાવક છે —

'અહો નાથ હુ દાસી તમારી વિજોગ નવ સહેવાય,
તમ વિના હું કેમ રહુ એકલી, એક ઘડી જુગ થાય
જળ વિના જળચર કેમ જીવે, જો કરિયે કોટી ઉપાય,
હુ છાયા તમારા દેહતણી પ્રભુ કહો કેમ અળગી થાય
કનકકાન્તિ જેમ દીપશિખા, રવિરશ્મિ સહ રહે પુરી,
તે કલ્પાન્તે વિલક્ષણ ન થાય, જે પરિમલ ને કસ્તુરી
એમ હુ તમથી ન રહુ વેગળી સુણિયે શ્રીરઘુરાય,
જેમ સદા વિવેક સાધુનુ હદે તજી કલ્પાતે નવ જાય

એની કેટલીક ગરબીઓ પણ ઉત્તમ છે —

'આવો આવો રે નન્દના લાલ, મારે ઘેર આવો રે'
'મુને મળિયા સુંદરશ્યામ, આજે મારે દીવાળી'

મનોહરસ્વામી

મનોહરસ્વામી એ વડનગરા નાગર મૂળ જુનાગઢના વતની હતા પણ ભાવનગરમા સદ્ગત ગૌરીશંકરભાઈના આશ્રય નીચે આવીને રહ્યા હતા પાછળથી એમણે સંસારથી વિરક્ત થઇ સન્યાસ ગ્રહણ કર્યો હતો અને સચ્ચિદાનન્દ નામ ધારણ કર્યું હતુ પછી શ્રીયુત ગૌરીશંકરભાઈને પણ એમણે સન્યાસની દીક્ષા આપી હતી એઓ શાન્કરમતના દૃઢ હિમાયતી હતા અને એમણે વલ્લભમતના ખંડન વિષે કાવ્ય રચ્યુ છે એઓ ગીર્વાણભાષામા પ્રવીણ હતા અને 'ભગવદ્ગીતા' ને 'રામગીતા' નુ ગુજરાતી કાવ્યમાં એમણે ભાષાન્તર કર્યું છે એઓ સ્વભાવે સ્વતન્ત્ર અને આગ્રહી હતા એમણે 'વલ્લભમતખંડન' નામનો સંસ્કૃત વાગ્ગ્રન્થ રચ્યો છે એમને

ફારસી ભાષાનું પણ સારું જ્ઞાન હતું. એ ઉપરાંત વેદાન્તવિચારથી અંકિત 'મનોહરકાવ્ય' પણ એમણે રચ્યું છે. એમાંની કેટલીક સુંદર પંક્તિઓ નીચે આપી છે; પંથ ચલાવનારા પાખંડી લોકોને એમણે નિન્દ્યા છે કે—

'કંઈ પાખંડ પંથ ચલાવે, પ્રભુ થઈને પૂજાય;
શિષ્યતણો સંશય નવ ટાળે, ધૂર્તિને ધન ખાય.'

કવિએ સત્ય કહ્યું છે કે જ્યાંસુધી કામનાનો નાશ થતો નથી ત્યાંસુધી આન્તર મલિનતા ધોવાતી નથીઃ—

'પત્થર તેટલા દેવ કરે, તીરથમાં ડૂબકાં ખાય,
વ્રત ઉપવાસે દેહ દમે પણ, મનનો મેલ ન જાય;
કામ, ક્રોધ, મદ, મોહ, મચ્છરનું, મનમાં જોર ન માય;
વિષય પામવા વલખાં વીણે, રાંક, રળાય, રાય.
માયા કાળતણા બંધનમાં, લાલચથી બંધાય;
મરીચિકાજળ મોહોમાં નાવે, આશા અદકી થાય;
ગુરુવેદાન્તવચનથી તેણે, નિજ સ્વરૂપ સમજાય,
વૃત્તિ અખંડ જ્ઞાનમય રાખે, જન્મમરણભય જાય.'

બ્રહ્માનન્દનો સ્વાનુભવ થવાથી કેવું સુખ થાય છે?

બ્રહ્માનંદ મગનમાં વિલસે, ત્રિવિધ ટળી જાય;
દેહ છતે દેહભાવ તજે, દઢ સંશયશોક પળાય.
હસે, રમે, સ્વયં ખેલે, સ્વયંમાં બોલે, ગાય;
સ્વગતાદિક માગિક ઉદરમાંથી, ભેદ અશેષ વિલાય.
એ સુખ જે માણે તે જાણે. વાણે નવ કહેવાય;
મનોહર હરિગુરુપૂર્ણકૃપાથી, આત્માનંદ પમાય.'

આમાં અને અન્ય સ્થળે

'भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥'

અને 'यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिता.
अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ॥

આદિ ઉપનિષદવાક્યોની છાયા આવે છે. તેમજ

'જે અપાણિપાદ ગ્રહે ગતિ કરનાર રે,
આંખ્યો કાનો વિના દેખે સુણે ઠારોઠાર રે;

બુદ્ધિચિત્તવેણે સર્વે જાણે ને સંભારે રે,
અખંડ જ્ઞાન છે જેનું કદી ન વિસારે રે,
એને કો ન જાણી શકે, સહુનો એ જાણુ રે,
નિત્ય જગદાદિ ગાજે, પુરુષપુરાણ રે'

આમાં પરબ્રહ્મનું સ્વરૂપ 'શ્વેતાશ્વતર ઉપનિષદ'ના

'अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।
स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥'—

એ વાક્યનું સ્મરણ કરાવે છે.

ધર્મનો ઢોંગ કરનારા, બગભક્તિઓના પર કવિએ સખત પ્રહાર કર્યો છે—

'કપટી પાપ આપતો, હીંડે હારોહાર
ચપટી ચોખા લઈ ફરે, સર્વ દેવના દ્વાર
કર જોડીને વીનવે મારાં પાપ નિવાર' કપટી૦

પણ કામાદિનો નાશ થયો નથી ત્યાંસુધી સિદ્ધિ થતી નથી—

'પાપતણાં તો મળ છે, કામાદિક મનમેલ,
ત્યાંસુધી નહીં સાંભળે, દેવ ગણે છે કેલ
પાપ ટાળવા ચાહે તો કામાદિકને ટાળ,
સત્ય દયા સંતોષની, આડી કરની પાળ
નિર્મળ થઈ હરિભજન કર, રાખી દૃઢ વિશ્વાસ,
મનોહર મદ મુકાવજો, કાપી પાતકપાશ' કપટી૦

વળી—

'ગત સંવત્સર તૂંબડી, જળમાં ડબકાં ખાય
અંતર ધોયા વિણ કદી, કડુતાઈ નવ જાય'—

જેવી પંક્તિઓમાં મન નિર્મળ કરવાનો યોગ્ય ઉપદેશ કર્યો છે
જીવન્મુક્ત ક્યારે થવાય તેને માટે નીચેનું પદ ગાયું છે—

'જે કોઈ સદ્‌ગુરુશરણે જાય, તેના સંશય દૂર પલાય,
કામ, ક્રોધ, મદ, મત્સર, આશા, તૃષ્ણા લય થાય,
અતિશયિતાદિક દોષ વિષયના, ઉરમાંહે દેખાય જે કોઈ૦

* * *

સમરસવ્યાપક સચ્ચિદ આનંદ, રૂપ થઈને વિલસાય,
મનોહર મરણતણો ભય ભાગે, જીવન્મુક્ત કહેવાય જે કોઈ૦'

વળી નીચેનાં જેવાં પદ સંસારનું સત્ય ચિત્ર દર્શાવી મનને બોધ ને શાન્તિ આપે છે:—

'મન તું મેલ જૂઠ જંજાળ, માથે ભમે અચાનક કાળ. ટેક.
ભવસાગરમાં ચાર ખાણના, જંતુ લઘુ વિશાળ;
અગણિત પ્રગટે, અગણિત મારે, કાળ પાથરી જાળ. મન તું૦
કાળતણો જે કાળ નરહરિ, તે સાચો રખવાળ;
વેગે શરણ ગ્રહે તે હરિનું, લેશે શીઘ્ર સંભાળ. મન તું૦
ચેત ચેત રે ચેત શીઘ્રથી, મૂકી આળપંપાળ;
મનોહર મૃત્યુ થકી મૂકાવે, ચિદ્દ્ઘન દીનદયાળ. મન તું૦'

ભોજો ભક્ત

ભોજો ભક્ત પણ કાઠિયાવાડનો વતની હતો ને એ જ સમયમાં થઈ ગયો. એ અસંસ્કારી કુટુંબમાં જન્મ્યો હતો ને એને વિદ્યાનો સંસ્કાર મળ્યો નહોતો તોપણ કુદરતની બક્ષિશથી એણે અસરકારક પદો ગાયાં છે. એના 'ચાબખા' કેટલાક સ્થળે અસંસ્કારી, સીધા ને સચોટ ભાષામાં હોવાથી અને હૃદયના અન્તર્ભાગમાંથી નીકળેલા હોવાથી વાચકના હૃદયને ભેદે છે. જેમ ધીરો 'કાફી' માટે પ્રસિદ્ધ છે, તેમ ભોજો ભક્ત 'ચાબખા' માટે પ્રસિદ્ધ છે. નીચેના ચાબખા લોકપ્રિય થયા છે:—

'પ્રાણીયા ભજી લેને કિરતાર, આ તો સ્વપ્નું છે સંસાર.'

× × × ×

'મુરખા મોહી રહ્યો મારૂં રે, આમાં કાંયે નથી તારૂં રે.'

× × × ×

'મનનિયુ મોટાઈ મેલો રે, આ તો અવસર છે છેલો રે.'

× × × ×

તેમજ નીચેના જેવી 'હોરીઓ'

'નાથ મોરી અરજ સુણો અવિનાશી,
હું તો જનમ જનમ તોરી દાસી—નાથ૦'

અને 'કાચબોકાચબી'

'કાચબો કહે છે કાચબી, તુ ધારણ રાખની ધીર'—

એ ગરબી જનમંડળમાં બહુ પ્રચાર પામી છે.

કવિ દયારામ

જેમ આદિકાળની સાહિત્યમાળાનો મધ્ય મણિ નરસિંહ મહેતા અને મધ્ય કાળની સાહિત્યમાળાનો મધ્ય મણિ કવિ પ્રેમાનંદ છે, તેમ અર્વાચીન કાળની સાહિત્યમાળાનો મધ્ય મણિ સહૃદય ને કોમળો કવિ દયારામ છે એણે અનેક ગ્રન્થો ગુજરાતી ને હીંદીમા રચ્યા છે એ ગા મધુર કોકિલકંઠે એ અનેક રસિક ગાયનો, ભજનો, ને ગરબીઓ લલનાઓ કંઠે છે કે એમાના કેટલાક પદો તો એના ભક્તોથી ઉતારી નકાયા પણ નથી, કવિ નર્મદે એના કાવ્યો તેમજ જન્મચરિત્રની હકીકત એકઠી કરવા અતિશય પ્રયાસ કર્યો છે

કવિ વૈષ્ણવ મતનો દૃઢ હિમાયતી હતો એણે નવ પ્રકારની ભક્તિમા દશમો પ્રેમલક્ષણા ભક્તિનો પ્રકાર ઉમેર્યો છે —

> ' શ્રવણ, કીરતન શ્રીકૃષ્ણનુ, સ્મરણ, સેવન, અર્ચન,
> વંદન, દાસત્વ, સખ્યતા, વળી આત્મનિવેદન
> આત્મનિવેદન નવધા કહીએ, પ્રેમલક્ષણા દશમી લહિયે
> એ ભક્તિ સહુ સાધનતાજ, જે પામે વશ થાયે વ્રજરાજ '

આગળ ચાલતા કવિએ પ્રેમ, સ્નેહ, ને પ્રેમભક્તિનુ સ્વરૂપ સુંદર રીતે દર્શાવ્યુ છે —

> ' રૂપ, દ્રવ્ય, ગુણ, ત્રણ એ કારણ પ્રીતિ થવાના સ્હાવે,
> એ ત્રણ વિકારરહિત સહજ, સ્નેહ તે શ્રીકૃષ્ણને ભાવે
> ભાવે એ પ્રેમ વહાલો વશ થાએ, તેણે મૂકી ક્ષણ દૂર નવ જાએ
> તે જને માન્યુ મત એહ, જેમ તેમ થાયે સુખી પ્રભુ તે
> પ્રેમ, આસક્તિ, વ્યસન એ, ત્રણે રૂપ સ્નેહના લહીયે,
> તે ઉપર ચોથી તન્મયતા, તે થકી કાંઈયે ન કહીયે
> કહીએ પ્રેમનું લક્ષણ એહ, જ્યારે મળે ત્યારે તેનો તે સ્નેહ
> વિજોગ થાય ત્યારે તપે તન, તાલાનું તાલા વળગ્યુ મન
> એક વાર પણ આખા દિવસમા, મળ્યા વિના નવ રહેવાએ,
> જો ન મળે તો વિકળ થાય, આસક્તિ એ કહેવાએ '

એજ પ્રમાણે વ્યસન ને પ્રેમલક્ષણા ભક્તિનુ લક્ષણ આપી તેના સ્વરૂપ સુંદર શબ્દોમા સમજાવ્યા છે,—

' પ્રેમલક્ષણા વળી કહાંનથી સ્મરતાં અભિલાષા ઉદ્ભવે ચાર '

ગોપીની શ્રીકૃષ્ણ પ્રતિની ભક્તિ એ એવી ચાર પ્રેમલક્ષણા ભક્તિ છેઃ—

'જાતી જુઓ તો આહીરની, તેમ અબળા અધમ અવતાર;
વેદાદિક નોતી ભણી, નોતો ઉત્તમ કર્મ અધિકાર.
અધિકાર પણ એક પ્રેમપ્રતાપ, કર્યા અધીન શ્રીકૃષ્ણ જે આપ;
ગોપીની પદરજ વંદે ઈશ, કર્યાં પ્રેમલક્ષણા તે સહુને શીશ.'

દયારામનાં કાવ્યો ત્રણ વિભાગમાં વિભક્ત થાય છેઃ—

૧. ભક્તિનાં ને નીતિનાં કાવ્ય; ૨. જ્ઞાનનાં કાવ્ય; ૩. ગરબીઓ.

'ઓધવજી છે અળગી રે વાત એક પ્રેમતણી'

એ 'પ્રેમપરીક્ષા' ના કાવ્યમાં જ્ઞાન કરતાં ભક્તિનો અધિક પ્રભાવ દર્શાવી કવિએ જ્ઞાની ઓધવજીનું મન પ્રેમ તરફ વાળ્યું છેઃ—

'એવાં વચન સુણીને રે, ઓધવજીની ભ્રાંતી ટળી,
જાગજંજાળ છૂટી રે, ગયું મન સ્નેહમાં મળી;
અભિમાન મૂકીને રે, ઓધવ ગોપીપાય પડચા:
કહું દયાનો પ્રીતમજી રે, નિશ્ચે એક તમને જડચા.'

કવિશ્રીનું 'માતા જસોદા ઝુલાવે પારણે—'એ પારણું તેમજ

'એક સમે હનુમાન ગરુડ બેહુ એક સ્થળે મળિયા;
કોઈ કોઈના ગાંજ્યા ન જાય, એમ અકેકપેં બળિયા'—

એ હનુમાનગરુડ–સંવાદની લાગણી ઘણાં લોકપ્રિય થયાં છે.

દયારામની ગરબીઓ

ગરબીઓમાં અનેક ગરબીઓ ગરબાના દહાડામાં કે અન્ય અન્ય પ્રસંગે સ્ત્રીઓ લલકારીને ગાય છે. મીરાંબાઈનાં ભજનો ને દયારામની ગરબીઓ સ્ત્રીવર્ગમાં અતિશય પ્રચાર પામ્યાં છે. એવી ગરબીઓમાંથી માત્ર થોડીનો જ નીચે નિર્દેશ કર્યો છેઃ—

'સુણો સામળા, હું તમ માટે ઘેલી થઈ જો.'

× × × ×

'સાંભળ રે તું સજની મ્હારી, રજની ક્યાં રમી આવીજી.'

* * *

'પ્રેમની પીડા તે કોને કહિયે રે, હો મધુકર, પ્રેમની૦'

* * *

‘ ગોખે સાસુજી કે જે રે, વહુજી રોકો ઢગે ’

*

‘ આઠ કુવાને નવ વાવડી રે લોલ ’

*   *

‘ ગરબે રમવાને ગોરી નીસર્યાં રે લોલે ’

*   *   *

‘ મોહોલે પધારો મહારાજ, મણીધર   મોહેલે॰

*   *   *

‘ લોચન મનનો રે કે ઝઘડો લોચન મનનો ’

*   *   *

‘ કાનુડો કામણગારો રે, સાહેલી આ તો કાનુડો કામણગારો રે ’

*   *

‘ મીરાં મન મોહનશું માન્યું ’

*

‘ સખિ હું તો જાણતી જે સુખ હશે સ્નેહમાં ’

*   *   *

‘ ચાલ છબેલી અલબેલી પ્યારી રાધે. ’

*   *   *

નીતિભક્તિનાં પદો

નીતિભક્તિનાં પદોમાં

‘ હરિ જેવો તેવો હું દાસ તમારો, કરુણાસિંધુ અહો ઉર મારો ’

*   *   *

‘ ચિત્ત તું શિદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે ’

*   *   *

‘ સર્વ તજીને ભજીએ શ્રીગોવિંદને ’

*   *   *

‘ શું જાણે વ્યાકરણી વસ્તુને શું જાણે વ્યાકરણી ? ’

*   *   *

થયું. ગુજરાતી સાહિત્યમાં નવલકથાઓ અને વિજ્ઞાનનાં પુસ્તકો રચાવા માંડ્યાં. વિવેચક ને સંશોધક શક્તિનો ઉદ્ભવ ને વિકાસ થયો. માનસિક દૃષ્ટિની મર્યાદા ઉદાર, વિશાળ, ને વિસ્તીર્ણ થઈ.

ગેરલાભ

અંગ્રેજ જેવી કેળવાએલી પ્રજાના સમાગમ ને સંસર્ગથી અને તેના શિષ્ટ ને સંસ્કારી વાઙ્મયના અધ્યયનથી આવા ઘણા લાભ થયા. સંસ્કૃત, ફારસી ને અરબી, એ પ્રાચ્ય ભાષાઓની કેળવણી આપવી કે પાશ્ચાત્ય ભાષા અંગ્રેજીની, એ પ્રશ્નનો નિર્ણય કરવાનું કામ મેકોલેના હાથમાં આવ્યું. તેણે અંગ્રેજી ભાષાની જ કેળવણી આપવી ને તે અંગ્રેજી ભાષા મારફતે જ એવો નિર્ણય કર્યો અને એ નિર્ણયને અનુસરીને બ્રિટીશ કેળવણીનું બંધારણ યોજાયું. તેથી દેશી ભાષાઓની કેળવણીને ભારે નુકશાન પહોંચ્યું. માતૃભાષાની ખિલવણીને મોટો પ્રતિબન્ધ નડ્યો અને એ હાનિનાં અનિષ્ટ ને કડવાં ફળ હજી પણ આપણને ભોગવવાં પડે છે.

પ્રાચીન અને નવીન

જેટલું પાશ્ચાત્ય એટલું સ્તુત્ય ને ગ્રાહ્ય અને પ્રાચ્ય એટલું ગર્હ્ય ને ત્યાજ્ય એવો કુવિચાર ઉત્પન્ન થવાથી કેટલાક લોકો ઉન્માર્ગે પ્રવૃત્ત થયા. પાશ્ચાત્ય આચારવિચાર સારા, પાશ્ચાત્ય રહેણીકરણી ઉત્તમ, પાશ્ચાત્ય સામાજિક સ્વતંત્રતા આવશ્યક, પાશ્ચાત્ય પોશાકને પાશ્ચાત્ય ભોજન આરોગ્યને વિશેષ હિતકર, જેટલું પાશ્ચાત્ય એટલું સંસ્કારી ને ગ્રાહ્ય ને પ્રાચ્યમાત્ર તિરસ્કાર્ય, એવી વૃત્તિનો કેટલાક તરુણ ને બિનઅનુભવી પુરુષોમાં જન્મ થયો અને તેમનો સંસર્ગદોષ બીજાઓને વળગ્યો. પ્રાચ્યસાહિત્યમાં ને ધર્મમાં કંઈ સત્ત્વ નથી. એ બધુ દરિદ્ર, નિઃસત્ત્વ, અને મનને કોઈ પણ પ્રકારે કેળવે નહિ એવું છે એવો અકલ્યાણકારક વિચાર ઉત્પન્ન થવાથી પ્રાચ્ય આચારવિચારથી લોકો ભ્રષ્ટ થવા માંડ્યા. પ્રાચ્ય ભાષાનો ને દેશી અભ્યાસ નષ્ટપ્રાય થયો. શાસ્ત્રીય પદ્ધતિનો વિધ્વંસ થયો ને ઉપલક્યિા અભ્યાસ તરફ લોકોનું વલણ થયું. ગ્રન્થકાર, કવિ, કે પત્રકાર થતાં પહેલાં તેને માટે શી સાધનસંપત્તિ આવશ્યક છે તેનો વિચાર કરવાની પણ જરૂર રહી નહિ. નિયમમાત્રનો ત્યાગ કરવા તરફ પ્રબળ વલણ થયું. પ્રાચીન નિયમબદ્ધ કાવ્યને બદલે સ્વચ્છંદી છન્દોમાં કે

ગદ્યમા પણ પદ્ય રચાના માડ્યા ગદ્યમા કાવ્યત્વ હોય પણ પદ્યમા ચૈતન્ય આવશ્યક છે એનો પણ અસ્વીકાર થવા માડ્યો સાહિત્યમા આત્મબળ તરફ અશ્રદ્ધા ઉત્પન્ન થવાથી તરજુમિયા લખાણો તરફ મન આકર્ષાયુ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી ને વડોદરાનુ ભાષાન્તર-ખાતુ તેમજ સાહિત્યપરિષદની બ ડોળકમિટી પણ બહુધા એવા તરજુમિયા લખાણોને જ ઉત્તેજન આપતા જણાય છે એ ખેદ સાથે કહેવુ પડે છે ઊચા શાસ્ત્રીય ગ્રન્થોના દેશકાલાનુસારી રૂપાન્તર કે ભાષાન્તરની જરૂર અ શે છે એની ના કહેવાશે નહિ પરતુ સ્વત ત્ર ગ્રન્થોની ઘણી આવશ્યકતા છે એ નિ સ શય છે

મોહક નવીનતા

નવીનતાનો મોહ મનુષ્યમાત્રને માદક પદાર્થની પેઠે પરવશ કરે છે ને તેની વિચારશક્તિનો લોપ કરે છે કવિકુલગુરુ કાલિદાસે કાવ્યના સબધમા કહ્યુ છે તેમ વસ્તુમાત્રમા બધી નવીન કઈ નવીનતાને લીધે જ ગર્હ્ય નથી સાધુ પુરુષો નીરક્ષીરન્યાયે સારાસારનો વિવેક કરીને જ પ્રાચ્ય કે પ્રતીચ્ય, બેમાથી એકનુ ગ્રહણ કરે છે સ્વતત્ર બુદ્ધિથી વસ્તુઓની તુલના કરી સારનુ ગ્રહણ કરવાને બદલે બુદ્ધિને તિલાજલિ આપી પારકાના વિચારથી જ દોરાય છે ને મૂઢ છે, વિવેકશૂન્ય છે દેશકાળનો ને પરિસ્થિતિનો વિચાર કરીને આચારવિચારમા તેમજ સાહિત્યમા ફેરફાર કરવો એ જ ઉત્તમ માર્ગ છે

અ ગ્રેજી કેળવણીનો આર ભ

ગુજરાતમા અગ્રેજી કેળવણીનો દીપ પ્રથમ સુરતમા પ્રગટ્યો અને ત્યાથી તેનો પ્રકાશ ગુજરાતના બીજા ભાગમા તથા કાઠિયાવાડમા ને કચ્છમા પ્રસર્યો એક સમય એવો પણ હતો કે ત્યારે સુરતના વતનીઓ ગુજરાત કોલેજના પ્રિન્સિપાલો અને ઘણાખરા ડેપ્યુટિ ઈન્સ્પેક્ટરો સુરતી હતા આધુનિક ગુજરાતી સાહિત્યનો આર ભ પણ સુરતમાજ થયો ત્યા સાહિત્યગગનમા ત્રણ રત્નો એકી વખતે ઝળહળી નીકળ્યા એ રત્નોએ સાહિત્યનો વિકાસ જુદા જુદા માર્ગમા કર્યો એ રત્નોમા સાહિત્યની અનન્ય સેવા કરી વિવિધ માર્ગે ખિલવનાર, 'રૂઢ, રમતી, ને સર્માળી ' ભાષામા ગુજરાતી ગદ્યના ઉત્પન્ન કરનાર, ગુજરાતી કોશના આદ્ય પ્રણેતા, સમાજના સુધારાના ઝુડો ઉઠાવનાર, વહેમ-દુર્ગનો વાગ્બાણના વજ્રપ્રહારથી નાશ કરનાર, ' આખમા ઝળઝળીઆ સાથે ' કલમને ખોળે બેસનાર, કલમને ખોળે જ ૨૪ વર્ષ લાડ લા-

નાર, એ ટેક જવાનો સમય આવતે દિલગીરીથી તે છોડવો પડ્યો ત્યારે અવશિષ્ટ જીવન ખેદથી નિર્ગમન કરનાર, સાહિત્યસેવામાં જીવન અર્પણ કરવાની આદર્શભૂત પ્રતિજ્ઞા અવસાનપર્યન્ત પાળનાર, જુવાનીના ઉચ્છેદક વિચારોના ત્યાગપૂર્વક સંરક્ષણ દર્શાવનાર 'ધર્મગ્રન્થ' પ્રસિદ્ધ કરવાની અડગ હિંમત ધરાવનાર, ધીટ નરવીર, 'ગરવી ગુજરાત' ને સાહિત્યમાં ઉચ્ચતમ સ્થાને પહોંચાડનાર, 'પ્રેમશૌર્ય' અને સ્વદેશાભિમાનની ઉચ્ચ વૃત્તિ જનસમૂહમાં જગવનાર ને ઉત્તેજનાર, સ્વાનુભવરસિક કવિ નર્મદે અદ્વિતીય સાહિત્યસેવા બજાવી છે; ને દ્રવ્યની આપત્તિમાં એકલે હાથે, સરકાર કે રાજ્યના આશ્રય વિના ગુજરાતી સાહિત્યની જે ભિન્ન ભિન્ન દિશામાં ખિલવણી કીધી છે તે હાલના, પ્રગતિની વાતોમાં જ કાર્યની પરિસમાપ્તિ માનનાર વાચાળ જમાનામાં એક આદર્શભૂત ને સર્વથા અનુકરણીય દૃષ્ટાન્ત છે. તરુણ લેખકોએ આની નકલ યથાશકિત કરવા પ્રવૃત્ત થવું જોઈએ તેઓ સાહિત્યની સંગીન સેવા બજાવવા તત્પર થશે તો સાહિત્યવૃક્ષ શાખાપ્રશાખાથી ચારે તરફ ફાલી સમૃદ્ધ થશે.

સાહિત્યસેવા માટે અધિકાર પ્રાપ્ત કરવાની આવશ્યકતા

પરંતુ તરુણ સાહિત્યસેવકોએ એક વાત લક્ષમાં લેવા જેવી છે. પ્રાચીનકાળથી આપણા વિદ્વાનો અધિકાર પ્રાપ્ત કર્યા વિના કોઈ પણ કાર્ય માથે લેતા નહિ. ગુરુચરણની નમ્રભાવે સેવા કરી તેમની પાસેથી અધિકાર પ્રાપ્ત કર્યા પછી જ ગુરુપ્રસાદીથી મેળવેલી વિદ્યાનો તેઓ ઉપયોગ કરતા. પ્રાચીન શ્રુતિમાં આખ્યાનરૂપે કહ્યુ છે તેમ ગુરુને પણ એવી આજ્ઞા હતી કે શ્રદ્ધાળુ, નિંદા ન કરનાર, પવિત્ર ને ઋજુ પુરુષને જ વિદ્યાદાન આપવું, એથી હું વીર્યવતી થઈશ એમ વિદ્યાએ કામરૂપિણી થઈ બ્રાહ્મણ પાસે જઈ તેને કહ્યું છે. કાવ્ય લખતાં પહેલાં કવિ નર્મદે જયદેવના અલંકારગ્રન્થ 'ચંદ્રાલોક'નો અને વૃત્તરત્નાકર, 'શ્રુતબોધ,' આદિ પિંગળગ્રન્થોનો અભ્યાસ કર્યો અને એક કડિયાના ઘરમા દાદુપંથી સાધુકવિ લાલદાસનાં સંગ્રહમાંથી 'છંદરત્નાવળી' નામનું પુસ્તક શોધી તેને ઘેર દરરોજ જઈ તેની નકલ કરી; અને તે સમયે ગુજરાતીમાં પિંગળ છપાયું નહોતું તેથી એ રીતે છન્દઃશાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું. વળી ભાષાના સંસ્કારી જ્ઞાન માટે કવિ 'સારસ્વત,' 'લઘુસિદ્ધાન્તકૌમુદી,' ને 'રઘુવંશ' આદિ

સંસ્કૃત કાવ્યો શાસ્ત્રી પાસે શીખ્યા. આટલો અધિકાર પ્રાપ્ત કર્યા પછી પોતે લેખક થયા અને પોતાના બુદ્ધિપ્રભાવે ને ઉત્સાહે સાહિત્યક્ષેત્રમાં પોતાનો અમર કીર્તિસ્તંભ સ્થાપ્યો. હાલમાં તો નવલરામભાઈ કહે છે તેમ જે ને તે કવિ થવા ઇચ્છે છે અને પોતાના નામની પૂર્વે 'કવિ' (તેમાં 'વિ' હ્રસ્વને બદલે દીર્ઘ હોય તો ફિકર નહિ) એવું ઉચ્ચપદ મૂકવા અભિલાષા રાખે છે. પ્રતિભા, શાસ્ત્રજ્ઞો પાસે કરેલો અભ્યાસ, બહુશ્રુતપણું, કાવ્યશાસ્ત્રનું ને ઉત્તમ કાવ્યોનું પરિશીલન, એ બધાં અત્યાવશ્યક સાધનો પ્રાપ્ત કર્યાં વિના કાવ્ય રચના એ ઉપહસનીય જ થાય છે. સૉક્રેટીસના વિચાર પ્રમાણે દુનિયામાં ઉત્તમમાં ઉત્તમ પ્રાપ્ત કરવાની વસ્તુ જ્ઞાન છે, અને ઉત્તમમાં ઉત્તમ જ્ઞાન આપણા પોતાના વિશેનું છે. આપણું પ્રમાણ આપણે પોતે માપવું જોઈએ. જેમ આપણે આપણી શક્તિને વધારે ઓળખીશું તેમ આપણું જ્ઞાન કેવું સ્વલ્પ છે તે આપણને સમજાશે. વળી આપણી સ્વલ્પ જ્ઞાનમર્યાદામાં જે ઘણું સત્ય ભાસતું હતું તે મર્યાદા વિસ્તીર્ણ થયે અસત્ય છે એમ ખાતરી થશે.

કવિ નર્મદ

કવિ નર્મદના સમયથી કાવ્યસાહિત્યનો માર્ગ બદલાયો. અગાઉ માત્ર જ્ઞાન, નીતિ, ને ભક્તિના જ ક્ષેત્રમાં કાવ્યસાહિત્ય વિચરતું હતું. તેને બદલે હવે તેનું ક્ષેત્ર વિસ્તૃત થયું. સામાજિક બંધનો, વહેમો, વાંધાભરેલી રૂઢિ, વ્યસનો, કેફ, વિધવાનું દુઃખ, પુનર્વિવાહ, સ્વતંત્રતા, સ્વદેશાભિમાન, દેશદાઝ, અને કુદરત, એ બધા વિષયો પર કાવ્યો રચી કવિએ તેના પ્રવાહની દિશા બદલી. 'વનવર્ણન,' 'કબીરવડ,' અને 'પ્રવાસવર્ણન'માં કવિએ કુદરતના સ્વરૂપનું ઉત્તમ ચિત્ર આપ્યું છે. શૂરવીરના લક્ષણના પદોમાં કવિએ દાસત્વને નિંદી, સાહસ કરવાની વૃત્તિ ઉત્તેજી, સ્વતંત્રતાની રૂડી ભાવના વાચકના હૃદયમાં જાગ્રત કરી છે. એમાંના નીચેના પદો ઉત્તમ છે —

'રડ્યા કરે શું વળશે, ભાઈ, રડ્યા કરે શું વળશે?'

* * *

'દાસપણું ક્યાંસુધી, કરવું નામર્દપણ ક્યાંસુધી?'

* * * *

'પગલાં ભરવા માંડો રે, હવે નવ વાર લગાડો'

* * * *

'ડગલું ભર્યું કે ના ડરવું, ના હટવું,'

* * * *

'રણ તો ધીરાનું ધીરાનું, નહિ ઉતાવળા કાયરનું.'

* * * *

'સહૂ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે,
યા હોમ કરીને પડો, ફત્તેહ છે આગે.'

એ પદ તો જનસમાજમાં અત્યન્ત પ્રચાર પામ્યું છે.

'વાદળ ફાટવા માંડ્યું હવે છે. ફુવાદિ કંઈ કંઈ નજરે પડે છે'—એ પદ બાળાઓ પ્રેમથી લલકારે છે.

'હિંદુઓની પડતી.' 'પ્રેમશૌર્ય'—જેમાં દેશપ્રેમ, પ્રાચીન ઐતિહાસિક સ્થળોની મહત્તા, ને રજવાડા, તથા ગુજરાત ને દક્ષિણના શૂરવીરોનું ચરિત્ર નિરૂપ્યું છે, એ બધાં કાવ્યો રોલાવૃત્તમાં છે.

'આ તે શા તુજ હાલ. સુરત, સોનાની મૂરત ?'

ને

'સ્નેહશૌર્ય તો નથી, દેશમાં સ્નેહશૌર્ય તો નથી'—

એવાં કવિનાં રોલાવૃત્ત ઘણાં સુંદર છે. પ્રાર્થનાની ગરબીઓમાં

'સુણ સાહેલી, ઇશ્વરકેરી માયા અપરંપાર જો !'

* * * *

'પીની પીની પ્રેમાનંદ પ્યાલો. મટી જશે કળંતો ભાલો રે. પીની૦'

* * * *

'ઘટઘટમાં તૂં રામ
રામ ઉપજાવે, રામ બચાવે. મારે તે પણ રામ રામ રે, ઘટઘટમાં૦'

* * * *

'દુનિયાં જૂઠાની, એ અનુભવવાત પ્રમાણી.'

* * * *

'કોની કોની છે ગુજરાત'—

એ ગરબીઓ ઉત્તમ છે. 'જય જય ગરવી ગુજરાત' એ તો ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠા પામી છે એ યુક્ત જ છે.

'નવ કરશો કોઈ શોક, રસિકડાં નવ કરશો કોઈ શોક'

એ પદમાં કવિએ આત્મપરીક્ષા કરી ખરું જ કહ્યું છે કે—

'ધીર, સત્ય, ને રસિક ટેકિપણું અરિ પણ ગાશે દિલથી.'

* * * *

'મ્હેરની મ્હેરની મ્હેરની રે, મ્હેની, નીતિની મારી મ્હેરની'– એ નીતિની ગરબી સ્ત્રીઓ હોંસે હોંસે ગાય છે

'રામાયણ', 'મહાભારત', અને પુરાણોમાથી પ્રાચીન સ્ત્રીપુરુષોની હકીકત એકઠી કરી કવિએ 'કથાકોષ'મા આપી છે એ કોષ ઘણો ઉપયોગી છે

'નાગરસ્ત્રીઓમા ગવાતા ગીત' પણ રીતભાતની સમજુતી સાથે કવિએ એકઠા કર્યાં છે એ પુસ્તકને અનુસારે અમદાવાદમા હાલ સ્વર્ગવાસ પામેલા બાળાગૌરીએ ને નડિયાદમા રા નરહરિરામે પણ આચાર ને રીતરિવાજના પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે

નર્મગદ્ય

'નર્મગદ્ય'મા 'નિબધો,' 'રામાયણ ને મહાભારતનો સાર,' 'કવિ ને કવિતા,' 'પ્રેમાનદ આદિ કવિઓના જીવનચરિત્ર,' 'પ્રાચીન ને અર્વાચીન જગતનો ઇતિહાસ,' 'મહાપુરુષો, તત્ત્વવેત્તા ને મશો ધકોના જીવનચારિત્રો,' અને 'ગુજરાતની ને મેવાડની હકીકત'મા બહુ ઉપયોગી ને એમના સમયમા વાચકને અન્યત્ર દુષ્પ્રાપ્ય બાબત જુસ્સાદાર ને મરદાની ભાષામા કવિએ આપી છે 'રાજ્યરગ'ના આદિ નાટકો નર્મદના કીર્તિસ્તભના મોખરાના લેખ છે

'એક છે, અનેક છે, નિવર્તે છે' ઇત્યાદિ, તેમજ

'બ્રહ્માડમા પૃથ્વી શુ? પૃથ્વી ઉપર જનસમૂહ શુ? રાજ્ય શુ? રાજ્યના રગ શુ? હુ નર્મદ શુ? એ સધુ રસસિધુના કર ઉપરની કણિકા પણ નથી, તોપણ તે કાઈ છે ને રગ છે એ રગ હુ મારી તોતલી વાણીથી વર્ણવવા ઇચ્છુ છુ હે પ્રસાદ–રગાઉ– ઉદય–ઉ ય શ્રીરગ' ધન્ય છે કવિના વિનયને

'પિગળપ્રવેશ' અને 'અલકારપ્રવેશ'મા કવિએ છન્દો ને અલ કારોનું વિવેચન કર્યુ છે 'રસપ્રવેશ'મા રસ અને વ્યભિચારી ભાવોનુ વિવરણ છે 'નાયિકાવિષયપ્રવેશ'મા નાયકનાયિકાના સ્વરૂપનુ વર્ણન છે

કવિએ 'શ્રીકૃષ્ણાકુમારી,' 'દ્રૌપદીદર્શન,' વગેરે નાટકો પણ રચ્યા છે, એ નાટકોમા ગદ્યભાગ વિશેષ છે, પદ્યભાગ થોડો છે પણ 'રામજાનકીદર્શન'મા પદ્યો સારા છે ને પ્રૌઢી સરખામા છે 'ગુજરાતી' પત્રના તત્રીએ એ નાટકોની નવીન આવૃત્તિ પ્રસિદ્ધ કરવી જોઈએ

૩૭

જે સમયમાં હાલના જેટલો ઉચ્ચ કેળવણીનો પ્રચાર અને સુગમતા નહોતાં તે સમયે એકલે હાથે કવિએ કરેલી આ અનુકરણીય સેવાની જેટલી સ્તુતિ કરીએ તેટલી ઓછી છે.

કવિનું શિષ્યમંડળ

કવિના રસતરંગમાં એના શિષ્યો સદ્ગત સવિતાનારાયણ, વિજયાશંકર, વગેરે હમેશ નહાઈ અજ્ઞાનરૂપી મેલ ધોઈ ઉચ્ચ સંસ્કાર પામતા હતા. કવિ વિજયાશંકરની 'વિજયવાણી' એ આ સમાગમનું ફળ છે. એ જ કવિનું 'સૃષ્ટિસત્ત્વ' સરળ ભાષામાં સંવાદરૂપે વેદાન્તના ગૂઢ તત્ત્વનું જ્ઞાન આપે છે. એમાં ગુરુશિષ્યના સંવાદના રૂપમાં ઘણું તત્ત્વજ્ઞાન છે. વાર્તાઓ, પૌરાણિક દૃષ્ટાન્તો સાથે તેમજ 'ઉપનિષદો', 'ગીતા', 'યોગવાસિષ્ઠ', અને શંકરાચાર્યના ગ્રન્થોમાંથી ઉતારા આપી એમણે રસિક રીતે બહુ જ્ઞાન આપ્યું છે. દિલગીરી સાથે કહેવું પડે છે કે આવો વિદ્વત્તાભરેલો ગ્રન્થ લોકોમાં પ્રચાર પામ્યો નથી. એટલું જ નહિ પણ એનું નામ પણ કેટલાકના જાણવામાં નહિ હોય. જેમ કવિઓ ન હોય તો રાજાઓનાં ચરિત્રોની મહત્તા ન થાય એવું એક સંસ્કૃત કાવ્યમાં કહ્યું છે, તેમ વિદ્વાનોની કૃતિઓ પણ પ્રસિદ્ધિમાં આણનાર મિત્ર ન હોય તો જગતમાં અપ્રસિદ્ધ જ રહે છે. સવિતાનારાયણનાં 'કાવ્ય' તેમજ 'અલંકારચન્દ્રિકા' પણ એ ગુરુચરણ-સેવાના પ્રસાદરૂપ છે.

નવલરામભાઈ

સુરતના ત્રણ નનાથી નિર્દેશાતા ત્રણ નરરત્નોમાંના બીજા સદ્ગત નવલરામભાઈ હતા. તેમનું જીવન સાહિત્યમય હતું. બાલ્યાવસ્થાથી જ તેમને ઊંડા વિચારમાં નિમગ્ન થવાની ટેવ હતી. એ ટેવને લીધે તેમને વર્ગમાં કર્ટિસ સાહેબે વખોડયા હતા કે ઊંઘો છો કે શું? મૂળથી જ તેમને આત્મનિરીક્ષણ ને આત્મપરીક્ષણની ઉત્તમ ટેવ હતી. એક વખત પોતાના એક મિત્રને આશ્રય મળવાનો સંભવ જાણી પોતાનું મન ઇર્ષ્યાથી કલુષિત થયું. નવલરામ લખે છે કે 'મને લાગ્યુ કે તેને જો આશ્રય ન મળે તો આ પાપી મન ખુશ થાય ખરું.' પોતે ઈર્ષ્યાથી પ્રેરાઈ કંઈ અનિષ્ટ પગલું ભર્યું નથી; પરંતુ મનની નિર્બળતા પોતે તપાસી શક્યા, એ એમની મહત્તાનું પ્રબળ પ્રમાણ છે. એમણે 'વીરમતી' ને 'ભટ્ટનું ભોપાળું' એ નાટકો,

'અકબર ને બીરબલના હિંદી કાવ્યો,' અને 'નર્મદચરિત્ર,' એ સ્વતન્ત્ર ગ્રન્થો રચ્યા છે, નવા યોજેલા મેઘચ્છન્દમા 'મેઘદૂત'નુ ભાષાન્તર કર્યું છે, તેમજ 'માલતીમાધવ,' 'મૃચ્છકટિક,' 'રત્નાવલી,' આદિ નાટકો તથા પુરાણોનો સાર આપ્યો છ શિક્ષણશાસ્ત્રના અનેક વિષયો એમણે ચર્ચ્યા છે શિક્ષણ રસિક કેમ થાય, 'પરસ્પર સંભાષણપદ્ધતિ'નો શિક્ષણમા કેવી રીતે ઉપયોગ થાય, વચન અને અન્ય વિષયો કવી રીતે ઉત્તમ શિખવાય—આવા અનેક શિક્ષણના વિષયોનુ એમણે વિવરણ કર્યું છે 'વાતાવરણ', 'ધરતીકંપ,' 'બરફના ડુંગર,' 'કાવીના તામ્રપત્ર', વગેરે સામાન્ય જ્ઞાનના અને વિદ્વત્તાના વિષય પર પણ એમણે પ્રકાશ પાડ્યો છે

નવલરામભાઈ પોતાની સાધનસંપત્તિમા હમેશ વધારો કર્યા જ કરતા તેઓ વાચન ને વિચારણામા જ પોતાનો સમય નિર્ગમન કરતા હતા એ એ સંપત્તિ વિષે પોતે સતૃપ્ત ન થાય ત્યા સુધી લેખનના કાર્યમા ઉદ્યુક્ત થતા નહોતા વય જતા એમના વિચાર વિશેષ પરિપક્વ થયા એ પરિપક્વતા કવિ નર્મદ અને દલપતરામ વિષના પાછલી વયે દર્શાવેલા વિચારમા પ્રત્યક્ષ થાય છે

નવલરામભાઈની અપૂર્વ તેજથી ઝગઝગી રહેલી કીર્તિ તેમની આટલી સાહિત્યસેવા—જે કંઈ ઓછી નથી—તેને લીધે નથી એ તો એમની 'પુસ્તકપરીક્ષા'ને લીધે છે એ પરીક્ષા કરવામા એમનું ક્ષેત્ર અત્યાર સુધી બિનહરીફ રહ્યું છે, એ એમની કીર્તિ જેવી તેવી નથી એ ક્ષેત્રમા એમની કીર્તિના કિરણો કોઈ પ્રતિદ્વન્દ્વીના કિરણોથી ઝંખવાયા નથી

ઉત્તમ ગ્રન્થાવલોકનનુ સ્વરૂપ

ઉત્તમ વિવેચનમા સમગ્ર ગ્રન્થ પર વિચાર જોઈએ, એકદેશ પર નહિ વિવેચક રાગદ્વેષરહિત, ગુણદોષની યોગ્ય તુલના કરનાર, નિષ્પક્ષપાતી જોઈએ ગમે તેવો વિદ્વાન હોય તોપણ માત્ર છિદ્રાન્વેષી ઉત્તમ વિવેચક કદી થઈ શકતો નથી વિવેચનમા ગુણ ને દોષ, બન્નેની પરીક્ષા જોઈએ ગુણની યોગ્ય કદર ને દોષનો નિર્દેશ તેના ભવિષ્ય માર્ગને સહાયભૂત થાય એવી સૂચના સાથ જોઈએ તરણ ભાગના ગ્રન્થકારની મહેચ્છાો જોઈતું ઉત્તેજન મળવું જોઈએ.

વિદ્વાનોના ગ્રન્થ પર ઘટતું. વિદત્તાભરેલું, ગુણદોષશોધક, પ્રૌઢ વિવેચન જોઈએ. તેમાં પણ તેના ગુણની યોગ્ય તુલના ને દોષને માટે માર્ગસૂચક બોધ જોઈએ.

ઉત્તમ વિવેચક

આ બધા ગુણો નવલરામભાઈનામાં હતા. તેમના વિવેચનથી વાચકને ઘણી જાણવા જેવી હકીકતનું જ્ઞાન થાય છે ને ગ્રન્થકારને ન્યાય મળે છે. 'કરણઘેલો' ને 'કાન્તા' પરનાં તેમનાં વિવેચન ઉત્તમ છે. તેમાં રસક્ષતિ કયાં ને કેવી રીતે થાય છે તે તેમણે ઉત્તમ રીતે દર્શાવ્યું છે. 'કરસનદાસ મૂળજી'ના ને 'દુર્ગારામ મહેતાજી'ના ચરિત્રમાં જીવનચરિત્રમાં કયા ગુણો આવશ્યક છે તે એમણે પ્રતિપાદિત કર્યું છે. એ જ પ્રમાણે યોગ્ય પ્રસંગે ઉત્તમ નાટક ને ઉત્તમ વાર્તાનું સ્વરૂપ પણ એમણે દર્શાવ્યું છે. એમણે સંસ્કૃતમય ભાષાની નિંદા કરી છે તે યુક્ત છે. અપરિચિત સંસ્કૃત શબ્દોના પ્રયોગથી વાચકને ભાષા કઠંગી ને ક્લિષ્ટ લાગે છે. 'વાચનમાળા કેવી જોઈએ' તે વિષે એમણે વિવેચન કર્યું છે. જોડણી વિષે પણ એમણે પોતાના વિચાર દર્શાવેલા છે. ભાષાનું સ્વરૂપ જ બદલાઈ જાય એવી જોડણી એમને માન્ય નથી; તેમજ પ્રાન્તિક ઝઘડો ઊભો કરે એવી જોડણી પણ એમને ઇષ્ટ નથી.

નવલરામભાઈનાં કલમ ને વિચાર અનેક દિશામાં પ્રવર્તતા હતા. 'માસિકો' કે અન્ય વર્તમાનપત્રોમાં, લેખોમાં કે પત્રોમાં કે પુસ્તકો રચવામાં, કંઈ ને કંઈ લખવામાં તેઓ રોકાએલા રહેતા. તેઓ જીવનપર્યન્ત અભ્યાસી હતા. 'કાવ્યાદર્શ', બેકનનું 'નોવમ ઓર્ગેનમ,' 'તર્કશાસ્ત્ર.' ને 'સાહિત્યદર્પણ' જેવાં પુસ્તકોનો તેમણે અભ્યાસ કર્યો હતો. જે સમયમાં અંગ્રેજી કેળવણીની શરૂઆત જ થયલી અને સંસ્કૃત વિદ્યા શાળામાં સંપાદન કરવાનો એમને લાભ મળેલો નહિ, તે સમયમાં આ ખાનગી અભ્યાસ ઘણો ઊંચો ગણાય.

નવલરામભાઈ જેવા જ્ઞાની, ગંભીર વિચારક અને ન્યાયી વિવેચનકારની આપણા સાહિત્યમાં મોટી ખોટ છે.

માસ્તર સાહેબ નન્દશંકરભાઈ

સુરતના ત્રણ પ્રસિદ્ધ નવામાંના ત્રીજા, માસ્તર સાહેબના નામથી જાણીતા સદ્દગત નન્દશંકરભાઈ છે. એમણે 'કરણઘેલો'

નામની સુવિખ્યાત ઐતિહાસિક નવલકથા રચી એ નવીન માર્ગમા સાહિત્યનો પ્રવાહ પ્રવર્તાવ્યો છે માસ્તર સાહેબે આ એક જ નવલકથા રચી છે, પરંતુ તેમા વસ્તુના ને રીતભાતના વર્ણન પુષ્કળ છે ને તે એવા તો ચમત્કારી ને અસરકારક છે કે એ એક જ પુસ્તકથી તેમણે ગુજરાતી સાહિત્યના ઇતિહાસમા પોતાની કીર્તિ અમર કરી છે 'કરણઘેલા'ની ભાષા ઘણી તેજસ્વી છે ગ્રન્થકર્તાની વાણીનો પ્રવાહ અવિચ્છિન્ન ચાલ્યો જાય છે તે વાચનને એટલા મોહક ને કૌતુકબળની પેઠે આનન્દદાયક થાય છે કે વાર્તા પૂરી થાય ત્યાંસુધી વાચકને હાથમાથી પુસ્તક મૂકવુ ગમતુ નથી

સંગીન સાહિત્યસેવાકાર

આ પ્રમાણે અગ્રેજી કેળવણી આપણા દેશમા દાખલ થયાના આરંભકાળમા કવિ નર્મદ, નવલરામભાઈ, તથા નન્દશંકરભાઈએ ગુજરાતી સાહિત્યની જુદી જુદી દિશામા અમૂલ્ય સેવા બજાવી છે સમયપરત્વે વિચાર કરતા કવિ નર્મદ ને નવલરામભાઈના જેવી સંગીન સાહિત્યસેવા બજાવનારની હાલના સમયમા ખોટ છે એમ ભારે ખેદ સાથે કહેવુ પડે છે

કવીશ્વર દલપતભાઈ

સુરતના સુધારક કવીશ્વર નર્મદ અને નવલરામભાઈ જે સમયે આ ગુર્જર સાહિત્યને સમૃદ્ધ કરતા હતા તે સમયે અમદાવાદમા મૂળ કાઠિયાવાડના વતની કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ, જેમના સંક્ષિપ્ત ક. દ. ડા.થી પ્રાથમિક શાળાના બાળકો ઘણુ પરિચિત છે, તેઓ જન્મસમાન્યતઃ સજ્જન કવિ એવા કાવ્યો પ્રાસાદિક વાણીમા રચી ગુજરાતી કાવ્યસાહિત્યનો વિકાસ કરતા હતા કવિશ્રીએ ફાર્બસ સાહેબના પ્રયત્નથી સ્થપાયેલી ને વૃદ્ધિ પામેલી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સારી સેવા બજાવી હતી તેઓ અમદાવાદ ટ્રેનીંગ કૉલેજમા કવિતાનો વિષય શિખવવા જતા હતા એ તે વખતના ભાગ્યશાળી શિષ્યને મોટો લાભ હતો કવિએ હુન્નરની ખિલવણી સંસારસુધારો, ધર્મ, નીતિ, ભૂગોળ, અને અનેક પ્રાસંગિક વિષયો પર સભારંજની કવિતા રચી સભાની તમામ જનમંડળની પ્રીતિ સંપાદન કરી હતી તેઓ ગુજરાતના રાજકવિની ઉચ્ચ પ્રતિષ્ઠા પામ્યા હતા પ્રભાત, સૂર્યોદય, ચન્દ્રોદય, વાયુકાળ અને ઋતુઓના

તેમનાં કાવ્યોમાં કેટલાંકમાં કવિની કલ્પનાશક્તિ સારી ખીલેલી જણાય છેઃ—

પરોઢિયે શીતળ વાયુ વાય, તેથી પડે ટાઢ અને ધ્રુજનાય;
કુરાજ્યમાં જેમ જનો ન જંપે, બીકે બધા લોકની કાય કંપે.
કુકૂસ્વરો કુક્કુટ તો કરે છે, સર્વત્ર જેના સ્વર સંચરે છે;
જાણે રવીરાય પધારનારો, તેના છડીદારતણો ઉચારો.
વાજે રૂડાં ચોઘડિયાં નગારાં, જે લોકને નિત્ય જગાડનારાં
જાણે ન વા રાજ્યની ફોજ આવે, તેની બડી નોબત આ બજાવે.
વિદ્યારથી પાઠ ઉઠી કરે છે, જાણે રવીના જશ ઉચ્ચરે છે;
પ્રભાતિયાં ગાય સુભક્ત પ્રીતે, જાણે રવિના ગુણ ગાય ગીતે.'

આમાં સ્વભાવોક્તિ સાથે ઉપમા કે ઉત્પ્રેક્ષા અલંકાર તથા માધુર્ય ને પ્રસાદ ગુણની સારી ઝમાવટ છે.

નીચેનાં પદ્યો પણ એવાં જ સુંદર છેઃ—

'આદિત્ય આભાસ વિશેષ થાય, શશાંક ઝાંખો પડતો જણાય;
બલિષ્ઠનો આગમ જાણિ જેમ, ઝાંખો પડે નિર્બળ ભૂપ તેમ.
શશાંકનો છેક ઘટ્યો પ્રકાશ, કેવો દિસે પશ્ચિમ દીશ પાસ.
જાણે બજાવા ઘડિ પૂર્ણ થાતે, આકાશ ટાંગી ઘડિઆળ આ તે.
ભાનૂથકી ચંદ્ર પ્રકાશ લે છે, તેથી જ તે શીતળતા ધરે છે;
ભિક્ષાથી પામે અતિરિદ્ધિ આપ, પડે ન તેનો જગમાં પ્રતાપ.

* * *

જુઓ જુઓ આ રવિ દિવ્ય કાય, ભૂમિ ભણી તે નમતો જણાય
જાણે ચડેલો અમરાપુરીમાં, પતંગ રીસે પડતો મહીમાં.
અરે જુઓ વિશ્વ અનૂભવીને, પૂજે જનો સૌ ઉગતા રવીને,
આવી પડે અસ્ત થવાનું જ્યારે, કોઈ ન છાંટે લઈ કંકુ ત્યારે.'

* * *

કવિ ગણપતરામ

કવિ દલપતરામની શૈલીમાં બુલાખીરામ છોટાલાલ ને ગણપતરામે કાવ્યો રચ્યાં છે; પણ તે તેવાં લોકપ્રિય થયાં નથી. કવિ ગણપતરામે 'પ્રતાપનાટક'માં વીરરસની ઝમાવટ સારી કરી છે. 'લઘુ મહાભારત'નાં પાંચ પુસ્તકોમાં કવિએ બહુધા દેશી રાગોમાં મહાભારતનો સાર કંઈ પણ ઉપયોગી અંશ મૂકી દીધા વગર સારી

રીતે વર્ણવ્યો છે એ ગ્રન્થ રચવામાં કવિએ બહુ પરિશ્રમ લીધો છે ને શેઠ ચીનુભાઈ જેવા ઉદાર પુરુષ એ પુસ્તકો પ્રસિદ્ધ કરવા આશ્રય ન આપ્યો હોત તો એ કદી પ્રસિદ્ધિ પામ્યા ન હોત એકંદર કાવ્ય પ્રાસાદિક ને તેજસ્વી શૈલીમાં છે, પણ છંદો બહુધા એક જ જાતના લાંબા સવાયા કે હરિગીતને ઢબે ગવાય એવા હોવાથી તેમાં નવીનતાને અભાવે પુસ્તકની લોકપ્રિયતામાં હાનિ આવે છે

કેશવકૃતિ

પોરબંદરના પ્રશ્નોરા નાગર સદ્ગત કેશવરામ હરિરામ ભટ્ટના કાવ્ય સ્વદેશપ્રેમ, ઉચ્ચ નીતિ ને ધર્મની ભાવના, તેમજ વેદાન્તતત્ત્વના વિચારોથી પરિપૂર્ણ છે એમના નીચેના કાવ્યો ઉત્તમ છે —

'દોડ મા, ગમાર, દૂર, ઇશ્વર છે આહીં,
પૂર્ણ ને પ્રકાશમાન, માન સર્વમાંહી—દોડ મા૦'

* * *

'પંખીનો મેળો મેળો રહે કેમ ભાઈ?
કોઈ ક્યાંહિથી કોઈ ક્યાંહિથી આવે એમ તણાઈ પંખી૦'

હે ચિત્તચકોર, નિરખ પૂર્ણાનંદ પ્રકાશક ચંદ્રને,
શીતલ, સાચા, સ્વાભાવિક, સર્વોત્તમસુખના કંદને '

* *

'અમે તો આજ તમારા, બે દિનના મેમાન
સફલ કરો આ સફલ સમાગમ, સુખનું એજ નિદાન અમે તો૦'

આ છેલ્લું પદ જનમંડળમાં યથાર્થ રીતે અત્યન્ત લોકપ્રિય થયું છે

ગોવર્ધનરામભાઈ સરસ્વતીચન્દ્ર

ધીમે ધીમે અંગ્રેજી કેળવણીનો પ્રચાર ને પ્રકાશ વૃદ્ધિ પામતો ગયો હાઈસ્કૂલોમાં ને કૉલેજોમાં સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ વધતો ગયો, પાશ્ચાત્ય અને સંસ્કૃત સાહિત્યના અધ્યયનથી વિદ્યાર્થીઓની સ્વતંત્ર ને સંશોધકવૃત્તિ ખીલતી ગઈ, ને પ્રાચીન સાહિત્ય ને વિચાર તરફ પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થઈ સામાજિક અને ધાર્મિક સ્થિતિ વિષે લોકોના વિચાર બદલાયા જનમંડળમાં સ્ત્રીના સ્થાન વિષે તેમજ સ્ત્રીની કેળવણી વિષે લોકોમાં નવી નવી ભાવનાઓ ઉત્પન્ન થઈ રાજકીય સ્થિતિની ચર્ચા દેશમાં સર્વત્ર ખૂબ જોસમાં ચાલવા લાગી, સમસ્ત પ્રજામાં નવી જાગૃતિ ઉત્પન્ન થઈ રાજકીય, સામાજિક, ધા-

મિક, વગેરે વિષયોમાં નવીન વિચારો, નવીન ભાવનાઓ અને નવીન જ્ઞાનને પોષે ને સંતોષે એવા સાહિત્યની અપેક્ષા થાય એ સ્વાભાવિક છે. વિદ્વાનોની તેમજ સામાન્ય વાચકવર્ગની આવી નવીન વાંછના પૂરનાર, જેને જેવું ભોજન જોઈએ તેને માટે તેવું તૈયાર કરનાર ને પીરસનાર, જે નરરત્ન ઈશ્વરકૃપાથી યોગ્ય સમયે ઉત્પન્ન થયુ તે સદ્‌ગત ગોવર્ધનરામભાઈ. એમનો 'સરસ્વતીચંદ્ર' એ ગુજરાતી સાહિત્યનો અપ્રતિમ કીર્તિસ્તંભ છે. નવલકથા તરીકે એના પર વિવેચન કરનારને વસ્તુસંકલનામાં દોષો તથા રસક્ષતિના દૃષ્ટાન્તો સહજ જડશે. પરંતુ એ તો મનુષ્ય સ્વભાવનિરૂપણનો અને વિવિધ જ્ઞાનનો આકરગ્રન્થ છે. ચાર ભાગમાંના પહેલા બે ભાગ વિશેષ લોકપ્રિય થયા છે. બીજો ભાગ સ્ત્રીઓને ઉત્તમ વાચન પૂરું પાડે છે. ગુણસુંદરી તે ખરેખરો ગુણનો ભંડાર છે. એનું ચરિત્ર ગ્રન્થકારે અપૂર્વ શક્તિ ને ઝીણવટથી આલેખ્યું છે. મરણશય્યામાં પડેલી ગુણસુંદરીએ ગાએલું:

'દયા ના દીસે રજ પણ, જમ તુજ આંખમાં રે. બીહામણું ઝાંખમાં રે.

* * * *

હાર મુજ હૈયાનો એ તો! નથી એ ત્હારી પેઠે નમ્હેરો ?
રોવા દે રોવા દે મુને, રોઈ લેવા દે જઈને એની બાથમાં રે. દયા૦
વ્હાલા! વ્હાલ વીસારો તમારૂં, જમ આ કહ્યું ન માને મ્હારૂં.
તમને જપતી મરતી મરતી, રોની રોતી પણ હસતી હું આશમાં કે
પામીશ મારો ચતુર અવર અવતારમાંયે! દયા હરિ આંખમાં રે! દયા૦'

આ ગાન કરુણરસથી કેવું પરિપૂર્ણ છે! શિલા રુદન કરે છે ને વજ્રનું પણ હૃદય ફાટે છે એ કવિ ભવભૂતિનું વચન આ ગાયન યથાર્થ કરે છે. ત્રીજા ભાગમાં દેશી રાજ્યોના વહીવટનું સત્ય ને સંપૂર્ણ ચિત્ર છે. ચોથો ભાગ પાશ્ચાત્ય અને પ્રાચ્ય ગ્રન્થોમાંના ઉતારાથી ભરપૂર છે. મલ્લભવન, 'મહાભારત'નો અર્થવિસ્તાર. ને ભારતનું ભવિષ્યકથન. એટલા ભાગ ખાસ આકર્ષક છે. ચારે ભાગનો આ વિસ્તૃત ગ્રન્થ ગુર્જર સાહિત્યના વિશાળ ક્ષેત્રમાં અપ્રતિમ પ્રદીપ છે. જ્યાંસુધી ગુર્જરભાષા છે ત્યાંસુધી એ અપૂર્વ, અદ્વિતીય પ્રદીપની શિખા સમાન જ્યોતિથી ઝગઝગ્યા જ કરશે. ગ્રન્થકારે જાતે ગ્રન્થને અન્તે ખરું કહ્યું છે કે 'પ્રિય વાંચનાર! તું પુરુષ હો કે સ્ત્રી હો. સાક્ષર હો કે પ્રાકૃત જન હો.....હો તે હો,—સર્વથા તું જે હોય

તેને માટે યથાશક્તિ, યથામતિ થોડી થોડી સામગ્રી આ ગ્રન્થના કોઈક કોઈક પાનામા તને મળી આવે ને કંઈ પણ ભાવતુ ભોજન ન મળવાથી નિરાહાર પાછા જવાનો વારો ત્યારે ન આવે' આ ગ્રન્થ વિદ્વદ્વર્ગમા ને સાધારણ વાચકવર્ગમા જેટલો લોકપ્રિય થયો છે તેટલો લોકપ્રિય બીજો કોઈ ગ્રન્થ થતો નથી, એથી વિશેષ એ ગ્રન્થની સ્તુતિ શી હોઈ શકે ? પાશ્ચાત્ય ફિલસુફી ને ઉપનિષદાદિ ગ્રન્થોમાની પ્રાચ્ય વિદ્યા તેમજ પ્રાચ્ય ને પાશ્ચાત્ય કવિ, નાટકકાર, ને અન્ય ગ્રન્થકારના ઉત્તમ ગ્રન્થો—એ બધામાથી સ્થળે સ્થળે ઉત્તમ વાક્યના ઉતારા વિદ્વાન વાચક વર્ગના મનને ઉત્તમ વિચારો પૂરા પાડે છે ને હૃદયની ઉચ્ચ ભાવનાને સતૃપ્ત કરે છે સ્થળે સ્થળે ગ્રન્થકારે રસથી ભરેલાં જતા પદ્યો પૂરા પાડી સહૃદય અને કવિજનની રસવૃત્તિને પોષવાન બાકી રાખ્યુ નથી એના થોડા પદ્યોનુ દિગ્દર્શન નીચે કર્યું છે —

> ' સુંદર ગિરિના શૃંગ ચુમતા જળધરગણને
> પવિત્ર સાંધુત્ત્વ જગાવતા ત્યાજ અલખને '
>
> ' ઉત્તરમા છે તમ નામ, વ્હાલા માત ને તાત '
> જેલા કરુ છુ પ્રણામ—ઠેલા કરુ છુ પ્રણામ '
> વ્હાલા માતપિતાને નમુ ' '

રુખના તૈયાર થયલી માતપિતાને સભારતી કુસુદનો આ વિલાપ હૃદયદ્રાવક છે જળમા કંઠ સુધી ડૂબેલી સુન્દરીને કર્ણે પડેલ ચન્દ્રાવતીનુ નીચેનુ ગાયન—

> ' ધીમી ધીમી ચાની તુ તો કરના ત્યાહ કામ '
> મારુની ઇચ્છા એવી છે કે પાછી હવે તુ આવ ધીમી૦
>
> *   *   *
>
> સાયર આવો આભમરીખો, તોર ગાજે દિનરાત,
> ત્યા એને ત્યા કોમળ કળી સમી દીકરી, ત્યાગી જાત' ધીમી૦
> સાયરને ત્યડુ મારુને મોટે ખાળે તુ બેટા, બેન,
> ખોટી ર માયા, ખોટી માયા, મારુ જ માર હરેન ધીમી૦'

વાચકના હૃદયના મર્મના તરગની પેઠે સક્ષોભ કરે છે તેમજ કુમુદને એના સરસ્વતીચન્દ્રના નીચેના વચન ઉત્તમ આદર્શ ખડો કરે છે —

'હવે ગિરિરાજ પર આવ્યાં, સુધર્મી સાધુને ભાવ્યાં;
પ્રિયા ! ત્યજ સર્વ ભયને તું ! પરાપ્રીતિયજ્ઞ રચને તું.'

મારા ખોળામાં સૂતી છે તે કરતાં તને શું શિલા વધારે ગમે છે !—

'સૂની, વ્હાલી, તું મુજ ખોળે, મુખેથી કેમ ના બોલે !
શિલાને આથી શું સારી, ગણે શય્યા, તું ગુણી નારી.'

બળાત્કારે વાળવા માંડેલી દૃષ્ટિ ત્યાંથી પાછી વળતી જ નથી ત્યારે કહે છે કે—

'અતિરમણીય ઓ વેલી ! ઉરે મુજ વાસના રેલી !
ધડકતું ઉર તુજ ભાળું, સમાવા ત્યાં જ સોભાઉં !'

છેવટે, લિંગ શરીરનો સંયોગ ઉત્તમ ને અસરકારક રીતે આલેખે છે:—

'હવે આવ્યાં નવે દેશે, હવે ફરીએ નવે વેશે:
નથી સંસારની ભીતિ, ત્યજી સંસારની રીતિ.
સગાં સંસારનાં છોડયાં, છુટયાં તેઓથી તરછોડયાં;
વિશુદ્ધ જ સાધુનો પન્થા, ધરીએ આપણે કન્થા.
ગિરિવર રમ્ય પાવન આ, જગતમાં ના જડે એ સમા;
અહીં એકાન્ત ને શાન્ત, વરીએ વ્હાલી, રહી દાન્ત.'

આખા પુસ્તકમાં ચરિત્રનિરૂપણ અને વર્ણનો તેમજ જુદીજુદી પરિસ્થિતિનો ચિતાર ઉત્તમ છે. એમાં ગન્થકારની મનુષ્યહૃદયની પરીક્ષા—માનસશાસ્ત્રનું સૂક્ષ્મ જ્ઞાન અને તેનો ઝીણવટથી ચિતાર આલેખવાની અપૂર્વ શક્તિ સ્થળે સ્થળે સ્પષ્ટ જણાઈ આવે છે. વસ્તુસંકલના ને કેટલાંક પાત્રના ચિત્રનિરૂપણમાં કલ્પનાનો પ્રભાવ વિશેષ જણાય છે.

ભાષા

પુસ્તકના ચાર ભાગમાંના છેલ્લા બે ભાગમાં ભાષા સાધારણ વાચકને કઠણ થતી જાય છે. પરંતુ તે ઘણે સ્થળે તેજસ્વી, જુસ્સાદાર, ને પ્રૌઢ છે. શૈલી આકર્ષક છે. કેટલેક સ્થળે સંસ્કારી વાચકને જ તે આનન્દદાયક થાય છે, સામાન્ય વાચકને દુર્ગમ થાય છે, પણ ગ્રન્થકારે સર્વ પ્રકારના વાચક માટે વાનગી ધરી છે, ને જેને જે રુચે તે તેમાં રમે એવી યોજના કરી છે. ખરેખર, 'સરસ્વતીચન્દ્ર' કોઈ પણ ભાષાના સાહિત્યને ભૂષણરૂપ છે. એ ગ્રન્થનું અન્ય

ઠેની ભાષામા ભાષાન્તર થયુ છે એ એની વિસ્તૃત પ્રદેશમા લોકપ્રિયતાનુ સ્પષ્ટ પ્રમાણ છે

અન્ય ગ્રન્થો

સદ્ગત ગોવર્ધનરામભાઈના અન્ય ગ્રન્થો 'લીલાવતીની જીવનકળા,' 'દયારામનો અક્ષરદેહ,' ને 'સાક્ષરજીવન' છે 'સ્નેહમુદ્રા' કાવ્યમા પોતે બહુ ઊચી ભાવના પોષી છે

'જતી તિમિર તતિ જગ છોડી જતી ધ્રુવ૰
છોડી જતી ! સતાઈ જતી ! જતી૰'

* * *

જોતામા સળગે શોક, સહચરી ! જોતામા સળગે શોક ટેક
તિમિરસુતા છની આનન્દ ફુરતી તે
રજનિ ઝરે દુખ આજ સહચરી૰'

* * * *

'મ્હારો ક્ષમા કરે અપરાધ, પુત્રી ! પ્રિય પ્રાણ ! ઘણી તુ કાહી
તુજ ઉર મ્હે ખોમી–અરે–અજાણ્યે ખરે–કઠોર જ માહી'
આ અને એવા બીજા કાવ્યો ઉચ્ચ કલ્પનાશક્તિ ને કવિપ્રતિભાનુ ઉત્તમ પ્રમાણ છે

દ્વિવેદી મણિલાલભાઈ

ગોવર્ધનરામભાઈની સાહિત્યસેવાની પેઠે મહૂગત મણિલાલ નભુભાઈ દ્વિવેદીની પણ સાહિત્યસેવા ઘણા ઊચા પ્રકારની છે એઓ સસ્કૃત સાહિત્યમા નિપુણ હતા અને ન્યાયશાસ્ત્ર ને વેદાન્તશાસ્ત્રના ઊડા અભ્યાસી હતા ગાયકવાડ સસ્કૃત પુસ્તકાવલીમા 'તર્કકૌમુદી'-ની એમની આવૃત્તિ વિદ્વદ્વર્ગમા ને વિષયવર્ગમા ઘણુ સન્માન પામી છે પ્રાચીન આર્યસસ્કૃતિના એઓ પ્રબળ સમર્થક હતા ને સમાજસુધારાના સબધમા એમને ગ ગ રમણભાઈ સાથે માસિકોમા જબરો વાદ ચાલ્યો હતો એમના લેખોએ આર્યસિદ્ધાન્તો ને આર્યસસ્કૃતિ પર સારો પ્રકાશ પાડ્યો છે 'સિદ્ધાન્તસાર' અને 'સુદર્શનગદ્યાવલિ'મા એમના ઊચા પ્રકારના ને વિદ્વત્તા ભરેલા લખ છે 'સિદ્ધાન્તસાર'ના આર્યતત્ત્વજ્ઞાનનુ બહુ ઉત્તમ વિવરણ છ એ કર્મો, તથા અન્યથાખ્યાતિઓ અને વિવર્તવાદ, અવચ્છેદકતા, વગેરે વાદ પર એમણે બહુ સારો પ્રકાશ

પાડ્યો છે. તત્ત્વવિદ્યાના જિજ્ઞાસુઓને આ ગ્રન્થ ઉત્તમ છે. એમણે સંસ્કૃત નાટ્યશાસ્ત્રના નિયમોને અનુસરતું નહિ. પણ અંગ્રેજી નાટકોના નિયમોને અનુસરતું 'કાન્તા' નામનું નાટક રચ્યું છે. એમાં શૂરસેન કાન્તાને શોધે છે અને પ્રાણીને ને વનસ્પતિને પૂછે છે કે 'મારી સ્ત્રી જોઈ છે?'—એ ભાગ ઉત્તમ છે અને 'વિક્રમોર્વશીય'માં પુરુરવસ્ ઉર્વશીને વનમાં શોધે છે, એ પ્રવેશની વાચકને સ્મૃતિ કરાવે છે. એમણે 'ન્યાયશાસ્ત્ર' ગુજરાતીમાં રચ્યું છે. તેમાં અંગ્રેજી ન્યાયશાસ્ત્રના પરામર્શખંડનું વિવેચન છે. અંગ્રેજી ને સંસ્કૃત ન્યાયશાસ્ત્રની તુલના કરી તે તૈયાર કર્યું હોત તો તે વિશેષ ઉપયોગી થાત. એમણે ભવભૂતિનાં 'ઉત્તરરામચરિત' ને 'માલતીમાધવ'નાં ગુજરાતીમાં ભાષાન્તર કર્યાં છે, તે સંસ્કારી ને એકંદર પ્રાસાદિક છે. સમશ્લોકી કાવ્યોમાં કોઈક સ્થળે ક્લિષ્ટતા કે અપરિચિત શબ્દોનો પ્રયોગ અગતિક થાય છે; તેથી જ 'દુગ્ધકુલ્યાશી દૃષ્ટિ,' 'નીવારૌદનમંડ ઉષ્ણ મધુરૂં,' 'લોલોલ્લોલક્ષુભિત કરણોદ્વેગ' જેવાં સમસ્ત પદો ને અપરિચિત શબ્દો નજરે પડે છે. પરંતુ 'દલતિ હૃદયં ગાઢોદ્વેગં૦', 'હા હા દેવિ સ્ફુટતિ હૃદયં૦', 'ન કિલ ભવતાં સ્થાનં દેવ્યા૦', 'વિના સીતાદેવ્યા૦'નાં નીચે નિર્દેશેલાં ભાષાન્તરો ઉત્તમ છે;—

'હૃદય ન પડે ફાટી, દુઃખે દબાઈ પીડાય છે.'

* * * *

'મુઝાય છે હૃદય અતિશે, દેવી ગાત્રો ગળે છે,'

* * * *

રચ્યું ન તમને દેવીકેરૂં, ગૃહે રહ્યું કે તજી;

* * * *

વિના સીતા દેવી શું શું ન દુઃખ વેઠે રઘુપતિ !'

* * * *

એમનું 'બાળવિલાસ' એ વડોદરા રાજ્યે રચાવેલું સ્ત્રીઓ માટેનું નીતિપુસ્તક છે. રાજ્યે નીમેલી મંડળી ને ગ્રન્થકાર વચ્ચે વિચારમાં-સંમતિ ન થવાથી ગ્રન્થકારે તે ખાનગી રીતે પ્રસિદ્ધ કર્યું. એ પુસ્તકમાં કન્યા, પુખ્ત સ્ત્રી, ને માતા માટે ઉપયોગી લેખો ને સતી આર્ય સ્ત્રીઓનાં જીવનચરિત્ર છે. ભાષા શિષ્ટ ને સરળ છે. એ પુસ્તક ઘણું લોકપ્રિય થયું છે. 'પ્રિયંવદા' ને 'સુદર્શન'માં અનેક

વેદોથી તેમજ ધર્મવિષયક ગ્રન્થોથી એમણે પ્રાચીન આચારવિચાર તરફ લોકોને વાળવા સમર્થ પ્રયત્ન કર્યો છે, તે ખરેખરો સ્તુત્ય છે પ્રાચીન ભાવના પર પ્રેમ ઉત્પન્ન કરનાર એવા સમર્થ લેખકની દેશને ને સાહિત્યને મોટી ખોટ છે ગ દ્વિવેદીનું જીવન લંબાયું હોત તો તેઓ આથી પણ વિશેષ સંગીન સાહિત્યસેવા કરી શકત તેમણે જેટલી સેવા કરી છે તેટલી પણ ઘણા ઊંચા પ્રકારની છે

અન્ય સાહિત્યસેવકો

નડિયાદના બીજા સાહિત્યસેવકોએ પણ ગુર્જર સાહિત્યને ખિલવવામાં સારો ફાળો આપ્યો છે કવિવર કાલિદાસના 'અભિજ્ઞાન શકુન્તલા' નાટકનું પ્રથમ ગુજરાતીમાં ભાષાન્તર કરનાર સ્વર્ગસ્થ ઝવેરીલાલભાઈ હતા ત્યાર પછી એ જ ગ્રન્થના બીજા ત્રણ ભાષાન્તર થયા છે—રા દલપતરામ ખખ્ખરકૃત, પ્રો બલવન્તરાયકૃત, ને રા મગનલાલ ચતુરભાઈ પટેલકૃત તે બધામાં સદ્ગત ઝવેરીલાલભાઈનું ને સદ્ગત ખખ્ખરનું એ ભાષાન્તરો લોકપ્રિય થયા છે સદ્ગત મનસુખરામભાઈ હમેશ શુદ્ધ સંસ્કારી ભાષાના દૃઢ હિમાયતી હતા અને તેમનો 'અસ્તોદય' એવી ભાષાશૈલીમાં રચેલો છે સદ્ગત દોલતરામ કૃપાશંકર પંડ્યાએ 'કુસુમાવલી' નામની નવલકથા, 'ઇન્દ્રજિત્-વધ' નામનું સંસ્કૃત મહાકાવ્યની શૈલીમાં તૈયાર કરેલું મહાકાવ્ય, ને 'અમરસત્ર' નાટક રચ્યાં છે, તેમાંના નવલકથા ને કાવ્ય લોકપ્રિય થયાં છે એ જ નગરીના અન્ય સાક્ષર ભાનાશંકરે સુંદર ગઝલ રચી કાવ્યક્ષેત્રને વિસ્તાર્યું છે રા છગનલાલભાઈએ બાણ કવિની 'કાદમ્બરી'નું અપૂર્ણ ભાષાન્તર રચી અન્ય ભાષાન્તરકારોને એ દિશામાં માર્ગ દર્શાવ્યો છે એ જ ખેડા જિલ્લાના મહુધાના વતની સદ્ગત રણછોડલાલભાઈ અવસાનપર્યન્ત ગુર્જર સાહિત્યની ખિલવણી કરી તરુણ અભ્યાસકોને ને લેખકોને સાહિત્યસેવાનો અનુપમ દૃષ્ટાન્ત પૂરો પાડ્યો છે 'લલિતાદુઃખદર્શક' જેવાં એમના રચેલાં નાટકે રંગભૂમિ પર ભજવાતાં, શ્રોતૃમંડળને રસમાં નવરાવી ને તેમાંથી અશ્રુધારા પડાવી છે 'રણપિંગલ' રચવામાં એમણે ઘણો પરિશ્રમ લીધો છે તેમજ હિંદુસ્તાનના વ્યાપારના ઇતિહાસ ના મોટા ગ્રન્થો તૈયાર કરવામાં ઘણું સંશોધન કર્યું છે એમનો 'લઘુસિદ્ધાન્તકૌમુદી'નું ભાષાન્તર તથા 'નાટ્યપ્રકાશ' એમની બહુમાગી ને

ઉદ્યોગી પ્રવૃત્તિ દર્શાવે છે. ફૉર્બ્સના ' રાસમાળા 'ના ગ્રન્થની એમણે નવીન આવૃત્તિ સંશોધિતવર્ધિત કરી છે. એ જ જિલ્લાના ઉમરેઠના વતની રા. બ. હરગોવિન્દદાસભાઈ પણ એવી જ અનેકમાર્ગી સાહિત્યની સેવા કરતાં ચૂકતા નથી. ' ટચુકડીઓ સો વાતો ' એ બહુ રસિક વાચન પૂરું પાડયું છે.

કલાપી ને કાન્ત

કાવ્યપ્રદેશમાં કલાપીના નામથી પ્રસિદ્ધ થયલા સુરસિંહજીએ કાવ્યનો પ્રવાહ નવીન દિશામાં ચલાવ્યો છે. એમના કાવ્યમાં મનોભાવનાં ઝરણાં એવાં સુંદર ને નિર્મળ વહ્યાં જાય છે કે તે ખરેખરાં હૃદયદ્રાવક થાય છે. તેની સાથે ભાષા પણ ઘણી પ્રાસાદિક હોવાથી ' કલાપીનો કેકારવ ' ગુજરાતનાં સ્ત્રીપુરુષોમાં અત્યન્ત લોકપ્રિય થયુ છે અને ઘણા તરુણ લેખકોએ તેનું અનુકરણ કરવા માંડયું છે. ' કાન્ત ' નામથી પ્રખ્યાત સદ્ગત મણિશંકર રત્નજી ભટ્ટે ' ઉત્તમ કાવ્યો રચ્યાં છે. એમાં અન્યોક્તિઓ છે તેમાં કવિની કલ્પનાશક્તિએ ઘણુ ઉચ્ચ ઉડ્ડયન કર્યું છે. ' પૂર્વાલાપ'માં એમાંનાં થોડાંક પ્રસિદ્ધ થયાં છે. એમનું ' શિક્ષણશાસ્ત્રનો ઇતિહાસ ' પુસ્તક સદ્ગત પ્રો. ગજ્જરના તન્ત્રીપણા નીચે ચાલતી ' શ્રી સયાજીજ્ઞાનમંજૂષા 'માં પ્રસિદ્ધ થયું છે. એમના સ્મરણાર્થે પ્રો. ઠાકોરે ' કાન્તમાળા ' ની સુંદર યોજના યોજી છે જે તે સફળ થવાની તૈયારીમાં છે.

અમદાવાદના સાહિત્યસેવકો

અમદાવાદમાં સદ્ગત ભોળાનાથભાઈ તથા સદ્ગત ભીમરાવનાં કાવ્યો સંસ્કારી છે. સદ્ગત રા. સા. મહીપતરામભાઈએ અનેક શાલોપયોગી પુસ્તકો રચી પાઠ્યપુસ્તકોની ખોટ પૂરી પાડી છે. એમની ' વનરાજ ચાવડો ' નામની નવલકથા લોકપ્રિય થઈ છે. એમણે ' કરસનદાસ મુળજી 'નું ને 'દુર્ગારામ મહેતાજી'નુ જીવનચરિત્ર પણ આલેખ્યું છે. સદ્ગત હરિલાલ ધ્રુવે ' કુંજવિહાર ' આદિ ઉચ્ચ ભાવનાનાં કાવ્યો સંસ્કૃતમય ભાષામાં રચ્યાં છે. તેમાં રા. ડાહ્યાભાઈ પીતાંબર દેરાસરીનાં કાવ્યો છે. એમનું ' પ્રવાસપુષ્પાંજલિ ' કાવ્ય એમના સ્વર્ગવાસ પછી એમના પુત્રે પ્રગટ કર્યું છે. 'શ્રીવસન્તવિલાસિકા' નામની એક અંકવાળી એમની રચેલી વિલાસિકા પ્રસિદ્ધ થઈ છે.

અમદાવાદના અન્ય સાહિત્યસેવકોમાં શાસ્ત્રીજી વ્રજલાલ કાલિદાસે ' ગુજરાતી ભાષાનો ઇતિહાસ, ' તથા ' ઉત્સર્ગમાળા ' જેવા ગ્રન્થોમાં

પ્રાકૃત ભાષાના નિયમો ને શબ્દવ્યુત્પત્તિ પર સારો પ્રકાશ પાડ્યો છે વળી એમણે ટેલર સાહેબને વ્યાકરણ રચવામાં મદદ કરી હતી રા. બ. અંબાલાલભાઈએ અંગ્રેજી—ગુજરાતી કોશ, રા. મૅકડોનલ્ડ ને સ્વ. મણિધરપ્રસાદની સાથે પ્રસિદ્ધ કર્યો છે ને તેની બીજી આવૃત્તિ પોતે એકલાએ સુધારીવધારી પ્રગટ કરી છે, તેમનું 'અર્થશાસ્ત્ર' નું એમનું ભાષાન્તર ઉત્તમ છે સ્વ. બાલશંકરભાઈની સેવા ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને અંગે સુવિદિત છે એઓ પણ સાહિત્યપ્રેમી હતા

ગુજરાતમાં રા. રા. મધુવચરામભાઈની કેટલીક પ્રાસાદિક કવિતાઓ સરકારી વાચનમાળામાં છપાઈ છે રા. લલિતાશંકરે પ્રાસંગિક કાવ્યો ને નાટકો રચ્યાં છે રા. રા. ઇન્દિરાનન્દ લલિતાનન્દ પંડ્યા પાસે મોટો સંગ્રહ હસ્તલિખિત કવિતાનો છે, તે પ્રગટ કરવા યોગ્ય છે એમાંના થોડાક કાવ્યો એમણે મને મુશાયરામાં વાંચી સંભળાવ્યા હતા, તેમાં રસની જમાવટ સુંદર હતી

તરુણ લેખકોમાં કેશવ હ. શેઠ, રા. રા. વાસુદેવ રામચંદ્ર, રાવ પંડ્યા [illegible]શંકર, પ્રો. મોહનલાલ વગેરેના કાવ્યો જ્યારે માસિકમાં આવે છે ત્યારે સારા આવે છે રા. મનહરરામે પણ 'રામાયણ' રામકથામાં ઉતાર્યું છે

પારસી ગ્રન્થકારોની સાહિત્યસેવા : મલબારી

પારસી લેખકોમાં મર્હુમ બહેરામજી મહેરવાનજી મલબારીના 'અનુભવિકા', 'નીતિવિનોદ', ને 'સંસારિકા', એ ગ્રંથો શુદ્ધ ગુજરાતીમાં છે ને ઊંચી પ્રતિના છે એમનો કાવ્યસંગ્રહ એમના પુત્ર કવિશ્રી ખબરદારના ઉપોદ્ઘાત સાથે પ્રસિદ્ધ કર્યો છે એમાંના નીચેના દાખલા ઉત્તમ છે —

'જાણ વાયુ જાય, નભી [illegible] જાણુ વાયુ [illegible]
સુખમાં નાંખી નીંદ [illegible], આ દિવસ [illegible]'
'[illegible]' [illegible] પાસે [illegible] [illegible] મુખ [illegible] કેમ?
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
'[illegible] [illegible] [illegible] [illegible]!
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible],
[illegible] [illegible] [illegible] [illegible]'

'કરણી કરશે સજા, જીવ! તને કરણી કરશે સજા.
વીજળીથી વધુ વેગે ઉડતી, દેવધર્મની એ ધજા! જીવ! તને૦'

હાલના કવિ ખબરદારનાં કાવ્યો અત્યન્ત લોકપ્રિય થયાં છે. તે શુદ્ધ ને પ્રાસાદિક છે ને તેમાં રસની જમાવટ સારી છે.

પારસી ગ્રન્થકારોની નવલકથા ને અન્ય ક્ષેત્રોમાં સેવા

નવલકથાના ક્ષેત્રમાં પણ કેખુશરૂ નસરવાનજી કાબ્રાજીની 'દારાશાના' ને 'બીજો ભરભડીઓ' એ નવલકથાઓમાં વસ્તુસંકલના સારી છે. ભાષા સાધારણ રીતે ઠીક છે. ડૉ. જીવણજી જમશેદજી મોદીનાં 'શાહનામું' ને 'શાહનામાના દાસ્તાનો' એમની ઊંડી વિદ્વત્તાના પ્રમાણરૂપ છે. અરદેશર ફ્રામજી મૂસ તથા નાનાભાઈ રુસ્તમજી રાણીનાનો અંગ્રેજી-ગુજરાતી શબ્દકોશ ૧૬ ભાગોમાં હતો, તેમાં શબ્દો તેના જુદા જુદા અર્થ ને ઉતારા સાથે આપેલા છે. કહેવતો પણ બંને ભાષાની સરખાવી છે. પહેલો અંગ્રેજી-ગુજરાતી કોશ પ્રસિદ્ધ કરવાનું માન નાનાભાઈ રુસ્તમજી રાણીનાને ઘટે છે. એમના એક મિત્રે ખરું કહ્યું છે કે "જેમ પહેલું છાપખાનું ને પહેલું વર્તમાનપત્ર કાઢનાર પારસીઓ હતા. તેમ પહેલો શબ્દકોષ કાઢવાનું માન પણ નાનાભાઈની જહેમતથી પારસીઓને કાળે આવ્યું છે.' પ્રથમ 'જ્ઞાનચક્ર'ના પણ લેખક પારસી ગૃહસ્થ રતનજી ફરામજી સેઠના છે. એ જ્ઞાનચક્ર ઘણું અપૂર્ણ છે; પરંતુ એવું પણ રચવાનું માન ઓછું નથી. રા. બરજોરજી પાલણજી દેસાઈએ 'ફિર્દૂસીનું જીવનચરિત્ર' અને 'સૅસનાઇડીઓનો ઇતિહાસ' રચ્યા છે તે તેમના વિદ્વાન પુત્ર રા. પાલણજી બરજોરજી દેસાઈએ પ્રસિદ્ધ કર્યો છે. ખા. બા. જમશેદજી અરદેશર દલાલે પ્રો. અતિસુખશંકરના 'નિવૃત્તિવિનોદ'નું રા. બા. હરગોવિન્દદાસના આમુખ સાથે 'અવલોકન' રચ્યું છે. આટલા ટૂંકા નિરૂપણ ઉપરથી સમજાશે કે પારસી લેખકોએ પણ સરળ ને સાધારણ શુદ્ધ ગુજરાતી ભાષામાં પુસ્તકો રચી ગુજરાતી સાહિત્યની સારી સેવા બજાવી છે. પ્રતિવર્ષ નીકળતા 'સાંજવર્તમાન'ના પટેટી અંકોમાં પણ ઘણા સારા લેખો આવે છે. વળી આ વાત પણ યાદ રાખવાની છે કે આપણાં દૈનિક વર્તમાનપત્રોમાં પારસી પત્રોએ પહેલ કરી છે અને સારો ભાગ લીધો છે. દિન પર દિન તેની ભાષા શુદ્ધ થતી જાય છે. આવી કેળવાએલી કોમની માતૃભાષા ગુજરાતી જ છે. આપણા તરુણ લેખકોએ એ ભાષા ક્લિષ્ટ ને સંસ્કૃત શબ્દના

આડંબરવાળી કરી કેળવાયેલા વર્ગની સહાનુભૂતિ એની ને વાચક-વર્ગનું મંડળ સંકુચિત કરવું યુક્ત નથી

મુસલમાન લેખકો

મુસલમાન લેખકોમાં ર૰ નાનજિયાની કરીમઅલી રહીમભાઈના 'નિબંધરત્નમાળા' અને બીજાં પણ પુસ્તકો છે તેમજ ખા૰ બા૰ મહેબુબમીઆં, રા૰ કરીમ મહમદ અને રા૰ જાફર રહિમતુલ્લાનાં પણ કેટલાંક પુસ્તકો છે

સ્ત્રીઓની સેવા

સ્ત્રી એ હૃદયની અધિષ્ઠાત્રી દેવી છે અને કોમલ મનોભાવનું ભાજન છે એની ભાવનાઓ સ્વાભાવિક રીતે જ લલિત ને સુકુમાર પદોમાં આવિર્ભાવ પામે છે મીરાંદેવીનાં ભજનો અત્યન્ત હૃદયંગમ થયાં છે ઈ૰ સ૰ના ૧૮ ને ૧૯મા સૈકામાં ડભોઈની દીવાળીબાઈ તથા વડનગરની ને ડુંગરપુરની નાગર સ્ત્રીઓ કૃષ્ણાબાઈ ને પુરી બાઈએ સુંદર કાવ્યો રચ્યાં છે આધુનિક સમયમાં શ્રીયુત લ૰ નુભાઈ સામળદાસની પુત્રી સ્વ૰ સુમતિબહેને 'હૃદયઝરણા' નામનું ઉત્તમ કાવ્ય રચ્યું છે, તેમાં ટેનિસન ને બ્રાઉનિંગનાં કાવ્યોનું ઉત્તમ રૂપાન્તર છે સૌ૰ બહેન વિદ્યાગૌરી, સૌ૰ બહેન શારદાગૌરી, તથા સૌ૰ લીલાવતી, સૌ૰ બહેન હંસા અને બીજી સ્ત્રીઓ માસિકોમાં ઉત્તમ લેખ લખી ગુર્જરસાહિત્યની સેવા કરે છે, એ સ્ત્રીકેળવણીનું શુભ લક્ષણ છે એ દિશામાં રા૰ રા૰ રામમોહનરાય જસવન્તરાયના 'સુન્દરીસુબોધ'-ની સેવા અતિસ્તુત્ય છે

સ્ત્રીઓને ઉપયોગી સાહિત્ય

સ્ત્રીમંડળને ખાસ ઉપયોગી સાહિત્ય રચવાની દિશામાં પણ પ્રયત્ન આદરાયો છે એ ઘણી ખુશીની વાત છે સદ્ગત શાસ્ત્રી પ્રાણ-જીવન હરિહર અને રા૰ મણિલાલ છબારામ ભટ્ટનું 'પતિવ્રતા સ્ત્રીઓ' નામનું પુસ્તક પ્રાચીન ને અર્વાચીન સતી સ્ત્રીઓનું ચારિત્ર્યનિરૂપણ ઉત્તમ રીતે કરે છે સ્વ૰ અમૃતલાલ સુન્દરજી પઢિયારના 'સંસાર-સ્વર્ગ,' 'સ્વર્ગની સુન્દરીઓ,' વગેરે પુસ્તકો ઉત્તમ છે વિષય ઘણો સારો છે ને તે એમણે ઓજસ્વી ને પ્રૌઢ ભાષામાં નિરૂપિત કર્યો છે ગ્રન્થકારની ભાષાનો પ્રવાહ અતિવેગે અવિચ્છિન્ન ચાલ્યો જાય છે એમની સરળ, શુદ્ધ, ને તેજસ્વી ભાષા અનુકરણીય છે રા૰ ડાહ્યાભાઈ

૩૯

રામચન્દ્ર મહેતાએ 'સ્ત્રીસુબોધ ગ્રન્થમાળા' રચવાની યોજના કરી છે ને એ ગ્રન્થમાળામા 'શીતાદેવી' નું પુસ્તક પ્રસિદ્ધ થયું છે, તે સારું છે. એમણે 'રામકૃષ્ણ પરમહંસ' અને 'સ્વામી વિવેકાનંદ'-ની હકીકતોનાં અત્યુત્તમ પુસ્તકો પૂરાં પાડી સાહિત્યસેવા સારી કરી છે.

નવીન શૈલીના કવિઓ

નવીન શૈલીનાં કાવ્યમાં કવિ નરસિંહરાવ, કવિ નાનાલાલ, કવિ લલિત, અને કવિ ખબરદારનાં કાવ્ય ઉત્તમ છે. પદલાલિત્યને માટે કવિ નાનાલાલ ને લલિતનાં કાવ્યો પ્રસિદ્ધ છે; તેમાં પણ કવિ નાનાલાલનાં કાવ્યોમાં તેમજ અન્ય લેખોમાં પદલાલિત્ય અલૌકિક—ઓરજ છે. કોલરિજે બરાબર કહ્યું છે કે ઉઘાડે હાથે, શસ્ત્ર વિના મિનારામાંથી પત્થર ખસેડવો એના કરતાં પણ મિલ્ટન કે શેકસપીઅર જેવા ઉત્તમ કવિનાં કાવ્યમાં અર્થની પ્રૌઢતા કે ચમત્કૃતિમાં વિકાર ન થાય એવી રીતે એક શબ્દને બદલે તેનો પર્યાય શબ્દ મૂકવો એ વધારે આકરું છે. કાવ્યશાસ્ત્રમાં જેને શય્યા એટલે પરસ્પર પદમૈત્રી કહે છે એવી પદમૈત્રી જે કાવ્યમાં હોય તે ઉત્તમ કાવ્ય છે. એવી પદમૈત્રી કેટલેક સ્થળે રા. નાનાલાલભાઈનાં વચનોમાં છે. એક પદને સ્થળે તેનું પર્યાયપદ મૂકી ન શકાય; કેમ કે તેમ કરવાથી રસમાં ક્ષતિ થાય એવું અદ્દભુત પદલાલિત્ય કવિ નાનાલાલના વચનને મોહનમન્ત્રનું બળ આપે છે. એ મોહકતામાં અર્થપરિપ્રૌઢતા, જેને કાવ્યશાસ્ત્રમાં પાક કહે છે, તે પાક વૃદ્ધિ કરે છે અને વાચકના હૃદયને તેમાં લીન કરે છે. 'જયા અને જયન્ત' અને 'ઇન્દુકુમાર' નાટકો આ નવીન શૈલીમાં રચેલાં છે. કવિ નરસિંહરાવે 'કુસુમમાળા', 'હૃદયવીણા' આદિ કાવ્યોમાં અંગ્રેજી ને સંસ્કૃત કાવ્યોની ઉચ્ચ ભાવના વાચકના હૃદયમાં બહુ સુંદર રીતે જગવી છે. કવિ બોટાદકર દામોદર ખુશાલ-રાયનાં 'કલ્લોલિની', 'સ્રાતસ્વિની', 'નિર્ઝરિણી,' આદિ કાવ્યો પ્રાસાદિક ને સંસ્કારી છે.

એક ગંભીર વિચારકે ડહાપણના બોલ કહ્યા છે કે જે પુરુષમાં મરજીમાં આવે ત્યારે બાળક બનવાની શક્તિ હોય અને જે પુરુષનું મગજ વૃદ્ધ ને પરિપક્વ થયું હોય પણ હૃદય બાળકના જેવું લાગણીનું ભરેલું હોય તે જ પ્રતિભાશાલી છે. એવો પુરુષ મનોભાવનું ઉત્તમ ચિત્ર આલેખી શકે છે ને તે સુકુમાર, કાલી ભાષામાં આલેખાય છે ત્યારે ઉત્તમ કાવ્ય બને છે.

'બુદ્ધનુ ગૃહાગમન,' 'ઉર્મિલા,' આદિ કાવ્યોમા રસનિષ્પત્તિ ઉત્તમ છે, વૃત્તોનો ભેદ પણ યથાર્થ ને હૃદયગમ છે એમના કાવ્યો સરળ ને શિષ્ટ ભાષામા વાચકના હૃદયમા ઊંચો ભાવ જગવે છે એ બધા યોગ્ય ઉત્તેજનને પાત્ર છે 'સ્રોતસ્વિનીમા 'દુહિતા'નુ ચિત્ર ઉત્તમ છે હૃદયને રસથી આર્દ્ર કરે એવી ઉત્તમ રીતે એ ચિત્ર કવિ આપે છે

'ઊભી ત્યા વાટ જોતી પ્રણયસરિતરી માનડી સ્વાન્ત મીઠી,
દોડી દીઠી ન દીઠી વિકળસમ જઈ કાગ્મી કઈ બાઝી,
ચાપી અગે ઉમગે હૃદય ભરી ભરી પ્રેમપીયૂષ પીતી,
ના છોડી ને ન છૂટી, જડસમ ઉરના અકથી બેય ઊભી,

ભને પુત્રતણી મીઠી, વ્હાણુ છ મનુજાતને,
પરતુ વ્હાણુ લાખોની, દીકરી એક ખાણુ છે
પીયૂષ પ્રાણને પાતી, કર્દશતન નિવારતી,
સ્નેહસ્રોત સદા વ્હેતી, દુહિતા દિવ્ય નિર્ઝરી'

મહાકાવ્યની આવશ્યકતા

કાવ્યસાહિત્યમા હજી સસ્કૃત મહાકાવ્ય જેવા મહાકાવ્ય રચાવાની જરૂર છે જે પ્રગટ થયા છે તે બહુધા ખડકાવ્ય છે

જીવનચરિત્ર

જીવનચરિત્રોનુ આપણુ સાહિત્ય હજી જોઈએ તેવુ ખીલ્યુ નથી જ્યા સુધી આપણામા જીવનની દૈનિક નોધ રાખવાની વૃત્તિ ઉત્પન્ન જ થઈ નથી તેમજ મહાન પુરુષોના મિત્રો પણ તેમના ખાનગી જીવનના નાના પ્રસગોની નોધ કરતા નથી, ત્યાસુધી આમગ્રીને અભાવે નમૂનાદાર જીવનચરિત્રો રચવાનો સભવ નથી મહાપુરુષાનુ જાહેર જીવન તો જાણીતુ હોય છે, પરતુ મનુષ્યની પ્રકૃતિ ખરેખરી દર્શાવનાર તેના ખાનગી જીવનના સૂક્ષ્મ પ્રસગ જ છે અને તેના પર જોઈતો પ્રકાશ પાડનાર દૃષ્ટાન્ત મળે નહિ ત્યાસુધી તેના ચરિત્રનુ યથાર્થ નિરૂપણ થઈ શકતુ નથી પરતુ સાહિત્યનો એ માર્ગ તદ્દન ખેડાયા વિના રહ્યો નથી માસ્તર સાહેબ નન્દશકરભાઈનુ જીવનચરિત્ર એમના પ્રસિદ્ધ પુત્ર ના વિનાયકરાવે આલેખ્યુ છે, એમા માસ્તર સાહેબના સ્વભાવની ઘણી દૃષ્ટાન્ત વાચકને જાણવામા આવે છે. સ્વ. ગોવર્ધનરામભાઈનુ જીવનચરિત્ર એમના વિદ્વાન ભાણેજ

રા. કાન્તિલાલે પ્રસિદ્ધ કર્યું છે. બંને ગ્રન્થકારો નિકટના સંબંધી હોવાથી ઘણી ઝીણી બાબતોનું વિવેચન બંને ચરિત્રોમાં છે. સદ્‌ગત રણછોડલાલભાઈનું જીવનચરિત્ર સ્વ. ભગવાનલાલ બાદશાહે અને સ્વ. માન્યમુનિવર ગૌરીશંકરભાઈનું જીવનચરિત્ર રા. કૌશિકરામ વિઘ્નહરરામ મહેતાએ રચ્યું છે. એ વિસ્તૃત પુસ્તકમાં ગ્રન્થકારે કાઠિયાવાડના ને ભાવનગરના પ્રાચીન ઇતિહાસની રૂપરેખા આપવા ઉપરાંત નાગરોના પ્રાચીન ઇતિહાસ પર પણ પ્રકાશ પાડ્યો છે. સદ્‌ગત ગૌરીશંકરભાઈના જીવનની સંપૂર્ણ હકીકત તથા એમણે કરેલા રાજ્યમાંના સુધારા તેમજ એમની પ્રતિભાનાં કાર્યોની હકીકત રા. કૌશિકરામે બહુ સરળ ને શુદ્ધ ભાષામાં આપી છે. એમના વેદાંતશાસ્ત્રના ઊંડા જ્ઞાનનું એમનું 'સ્વરૂપસંધાન'નું પુસ્તક પ્રમાણભૂત છે.

સ્વ. ભાઈશંકર નાનાભાઈકૃત 'મારા અનુભવની નોંધ' એ કર્તાએ રચેલું પોતાનું જીવનચરિત્ર છે. એમાં સુંદર પદ્યો ને સરળ પણ પ્રૌઢ ને શિષ્ટ ગદ્યમાં કર્તાએ ઘણી જાણવા જેવી નોંધ આપી છે. પોતાનાં પદ્ય પર અલંકાર વગેરેની પોતે રચેલી ટિપ્પણી છે. શેઠ પ્રેમચંદ રાયચંદની સાદાઈનું વર્ણન, શેઠ દલપતભાઈ ભગુભાઈનો કોઈના જામીન ન થવાનો બોધ, વગેરે અનેક હકીકત વાચકને આનંદ આપે ને ઉપયોગી થાય એવી છે. એ જ ગ્રન્થમાં ગ્રન્થકારે ભર્તૃહરિના 'વૈરાગ્યશતક'નું સમશ્લોકી ભાષાન્તર આપ્યું છે તે ઘણું પ્રાસાદિક છે. છેવટે તેમણે પ્રાસંગિક પરચુરણ પદ્યો આપ્યાં છે તે ઘણાં સારાં છે. જેમનું જીવન ઘણું વ્યવસાયી હતું તેમણે આટલી ને તે ઊંચા પ્રકારની કરેલી સાહિત્યસેવા ખરેખરી સ્તુતિપાત્ર છે.

એમને આશ્રયે ચાલેલી 'રેવાબાઈ શિક્ષણમાળા'માં પણ થોડાંક સારાં પુસ્તકો રચાયાં છે.

નવલકથા

નવલકથાના ક્ષેત્રમાં રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશીનાં પુસ્તકો વાચકોમાં અતિપ્રિય થયાં છે. તેમજ રા. રા. ચુનીલાલ વર્ધમાન શાહનાં ને રા. રા. મોતીલાલ સટ્ટાવાળાનાં, સ્વ. ભોગીન્દ્રનાં તેમજ રા. રા. રાજેન્દ્રલાલ સોમનારાયણ દલાલનાં 'વિપિન' જેવાં પુસ્તકો સારાં છે. પરંતુ એ દિશામાં ઉત્તમ પ્રયત્ન માટે હજી ઘણો અવકાશ છે. બંગાળી, કે અંગ્રેજી કે બીજી પાશ્ચાત્ય ભાષાનાં ભાષાન્તર કે રૂપાન્તરથી એ ક્ષેત્ર શોભવાનું નથી. એમાં સ્વતન્ત્ર સારા

પુસ્તકોની જરૂર છે નિર્મર્યાદ શૃંગારનું નિરૂપણ કર્યા વિના નીતિના નિયામક અંકુશમા રહી સમાજના વિવિધ અંગની આધુનિક સ્થિતિનો જેમા ચિતાર યથાર્થ આવે, તેમ જ જેમા આવશ્યક સુધારાના માર્ગનું સૂચન થાય એવી વસ્તુસંકલનાનું ને પાત્રનિરૂપણનું તથા અનેક સૂક્ષ્મ પરિસ્થિતિનું, જુદે જુદે પ્રસંગે ઉત્પન્ન થતા વિકારો, જેને નવલરામભાઈ 'ગીતભાત' કહે છે, તેનું સંપૂર્ણ અને આબેહૂબ વર્ણન—એ નવલકથામા આવશ્યક છે એવા સ્વતન્ત્ર, ઉત્તમ પુસ્તકોની ન્યૂનતા પૂરી પાડવા એ ક્ષેત્રમા પ્રસિદ્ધિ પામેલા લેખકોએ તેમજ અન્ય તરુણ લેખકોએ પ્રયત્નશીલ થવું જોઈએ

નાટક

નાટકનું ક્ષેત્ર જોઈએ તેવું વિકસ્યું નથી ઉત્તમ નાટકરચનારને નાટ્યશાસ્ત્રનું જ્ઞાન અને સંસ્કૃત ને અંગ્રેજી ભાષાના ઉત્તમ નાટકોનું પરિશીલન આવશ્યક છે આધિકારિક વસ્તુની સંકલના કઈ રીતે કરવી, પ્રાસંગિકનો—પ્રકરી કે પતાકાનો—સંબંધ તેની સાથે કેવી રીતે ઘટાવવો, કાર્યનો ક્રમિક વિકાસ આલેખી કાર્યસિદ્ધિને તેના હેતુઓ સાથે કેવી રીતે જોડી તેનો નિર્વાહ કરવો—વસ્તુસંકલનાનું આ બધું જ્ઞાન ગ્રન્થકારને આવશ્યક છે પાત્રભેદ, ભિન્ન ભિન્ન પાત્રોનું યથાર્થ નિરૂપણ, કાર્યની એકતા અને રસની જમાવટ, એ નાટકના આવશ્યક અંગ છે નાટકકારે પ્રત્યક્ષ નીતિબોધ આપવાનો નથી એ બોધ તેના પાત્રોના આચરણથી પરોક્ષ રીતે વાચકના મન પર પડે છે ત્યારે વિશેષ અસરકારક થાય છે નાટકમા પદ્યનો ભાગ પૂરતો જોઈએ ને નાટકકારમા રસિક પદ્યો બનાવવાની શક્તિ જોઈએ નાટક એ દૃશ્ય કાવ્ય છે એ ભૂલવું નહિ આટલી સાધનસંપત્તિ પ્રાપ્ત કર્યા વિના ઉત્તમ નાટક રચી શકાય નહિ રા બા રમણભાઈનું 'રાઈનો પર્વત' એ લોકપ્રિય થયું છે પ્રો ખુશાલરામ તલકની ગાહ પણ માસિકોમા નાટકો લખે છે

રંગભૂમિ પર ભજવાતા નાટકોમા ભપકાદાર રંગભૂમિ નેપથ્યની રચના તથા વેશના કૃત્રિમ આડંબર પર વિશેષ લક્ષ અપાય છે શૃંગારી ગાયનોમા ને કારસોમા ગ્રામ્ય ને અશ્લીલ ઉક્તિથી શ્રોતૃમંડળની અધમ માનસિક વૃત્તિ પોષવામા આવે છે તોપણ એમા પણ સુધારો થઈ ભક્તિરસમય નાટકો રંગભૂમિ પર ભજવાતા થયા છે, તેથી લોકોના મન પર સારી અસર થાય છે એવા રંગભૂમિ પર

ભજવાતાં નાટકોમાં પણ કેટલાંક બહુ ઉત્તમ કાવ્યો હોય છે. 'ભરથરી નાટક'માં વાઘજી આશારામનાં, તેમજ 'મન માયાના કરનારા રે, જાની જોની વિચારી તારી કાયા' જેવાં ડાહ્યાભાઈ ધોળશાનાં કાવ્યો અને 'કાદમ્બરી,' 'અનસૂયા'માંના ને 'સાવિત્રીના યમ સાથેનાં સંવાદ'ના ફૂલચંદ ઝવેરદાસ શાહનાં ગાયનમાં કવિત્વ સારું છે. હાલમાં રા. ફૂલચંદે પૌરાણિક કથાપુરુષોની કથા સંક્ષેપમાં કાવ્યમાં ચિત્ર સાથે આપવાનો પ્રયત્ન આદર્યો છે ને 'શ્રીકૃષ્ણચન્દ્રોદય–ચિત્રકથા'નું સંક્ષિપ્ત સચિત્ર કાવ્ય પ્રગટ કર્યું છે તે સ્તુત્ય છે. એ શૈલી પર 'શ્રીરામચંદ્રોદય–ચિત્રકથા,' 'શ્રીગીતાગુણાનુવાદ', વગેરે પુસ્તકો રચવાનો એમનો પ્રયત્ન યોગ્ય દિશામાં છે.

લોકગીત

સ્વ. રણજીતરામ વાવાભાઈ મહેતા, જેઓ સાહિત્યપરિષદના સ્થાપક, ચાલક, અને જીવન હતા, તેમણે 'લોકગીત'ના સાહિત્ય વિષે પહેલી સાહિત્યપરિષદમાં નિબંધ વાંચ્યો હતો. તેમણે ઘણાં લોકગીત એકઠાં કર્યાં હતાં; પરંતુ તેમના અકાલ ને શોચનીય સ્વર્ગવાસથી તે પોતે એ સંગ્રહ પ્રસિદ્ધ કરી શક્યા નહિ. સુરતની રણજીતરામ-સ્મારક કમિટીએ સંગ્રહ છપાવ્યો છે. રણજીતરામના એકઠા કરેલા મોટા સંગ્રહમાંથી છાપવા લાયક ગીતો તારવી કાઢવાનું કામ રા. રા. ચુનીલાલ રામચંદ્ર શેલત, જેઓ સારાં કાવ્ય રચી જાણે છે, તેમણે સંભાળથી કર્યું છે. રા. દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકરે 'રસાસ્વાદ'રૂપી એ ગ્રન્થનો ઉપોદ્ઘાત રચ્યો છે. એ દિશામાં પણ વિશેષ પ્રયત્ન થવાની જરૂર છે; તેમજ કાઠિયાવાડના લોકપ્રચલિત 'દુહા' ને 'સોરઠા'ને એકઠા કરી તેનું સંશોધન કરી વિવરણ સાથે પ્રસિદ્ધ કરવાની જરૂર છે. રાજકોટ 'પ્રકાશમંદિર'માંથી રા. રા. ગોકુળદાસ દ્વારકાદાસ રાયચુરા 'શારદા' નામના માસિકમાં 'કાઠિઆવાડનું લોકસાહિત્ય' પ્રગટ કરવા ઇચ્છે છે. એ ઇચ્છા સ્તુત્ય છે.

ઇતિહાસ

ઇતિહાસનું ક્ષેત્ર પણ હજી અવિકસિત છે. શાળોપયોગી પુસ્તકો રચાયાં છે ને રચાશે; પણ ગુજરાતના પ્રાચીન ઇતિહાસ અને હિંદુસ્તાનના પ્રાચીન ને અર્વાચીન ઇતિહાસ પાશ્ચાત્ય દૃષ્ટિથી નહિ પણ આપણી દૃષ્ટિથી વિસ્તૃત સંશોધન સાથે રચવાની જરૂર છે. તેમજ

મોટાં પ્રાચીન રાજ્યોનો આસીરિયા, ઇરાન, ઇજિપ્ટ, ગ્રીસ, ને રોમનો સંક્ષેપમાં રસિક રીતે ઇતિહાસ જનસમાજના બોધ અને જ્ઞાનને માટે રચવાની જરૂર છે. એમાં રાજ્યની વંશાવળીની જરૂર નથી. એ રાજ્યોનો ઉદય શાથી ને કેવી પરિસ્થિતિમાં થયો, એની ઉન્નતિ શા શા કારણોથી ને કેટલીક થઈ, એમાં રાજ્યસંધાનનું સ્વરૂપ અને પ્રજાની સામાજિક સ્થિતિ કેવાં હતાં, તથા એ રાજ્યનો અસ્ત શાથી થયો, એની હકીકત સારી રીતે વર્ણવાની જરૂર છે. આવાં કાર્યને માટે હાલમાં સાધનસંપત્તિ પુષ્કળ છે અને અધિકારી પુરુષો પણ છે. પ્રો. બલવન્તરાય કલ્યાણરાય ઠાકોરે હિંદના રાજ્યતંત્ર વિષે વિસ્તૃત પુસ્તક અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ કર્યું છે. એમનાં કાવ્યો 'ભણકાર'-ને નામે પ્રગટ થયાં છે ને યુનિવર્સિટીમાં પાઠ્યપુસ્તક તરીકે સ્વીકારાયાં છે. 'અભિજ્ઞાનશાકુન્તલ'નું ભાષાન્તર, પ્લટાર્કનાં 'જીવનચરિત્રો', અને 'ઉગતી જુવાની'નું નાટક રચી એમણે પોતાની સાહિત્યપ્રવૃત્તિ અનેક દિશામાં ઉત્તેજી છે. એ ઉત્સાહ અને શક્તિ તેઓ પોતાના ખાસ વિષય ઇતિહાસમાં યોજી ઐતિહાસિક સાહિત્યને સમૃદ્ધ કરશે એવી આશા છે. રા. રા. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ પણ એ દિશામાં પ્રયત્ન કરે છે તે ઉત્તેજનને પાત્ર છે.

ભાષાન્તરો

ગુજરાતી સાહિત્યમાં સ્વતન્ત્ર ગ્રન્થોની જરૂર છે. અત્યાર સુધી સારાં ભાષાન્તરો જ કે રૂપાન્તરો જ થયાં છે, એ ફરિયાદમાં બહુ વજૂદ છે. પરંતુ સાહિત્યની વૃદ્ધિને માટે કેટલેક અંશે ભાષાન્તરો પણ અવશ્ય છે. 'કાદમ્બરી', સંસ્કૃત નાટકો, 'ઉપનિષદો', વેદાન્તભાષ્યો, દર્શનગ્રન્થો આવાં પુસ્તકોનાં ભાષાન્તર ન હોય તો સંસ્કૃત ન જાણનાર ગુજરાતી વાચકોને સંસ્કૃત સાહિત્ય કેવું સમૃદ્ધ છે, તેમાં ભાષાશૈલી કેવા પ્રકારની છે, રસની જમાવટ કેવી સુન્દર છે, એ વગેરેનું તેમજ તે તે વિષયોનું જ્ઞાન ક્યાંથી થાય? માટે રા. બ. કેશવલાલભાઈએ ભાષાન્તર દ્વારા ગુજરાતી સાહિત્યની અપૂર્વ સેવા બજાવી છે એ નિઃસંશય છે. વળી એમની પ્રકૃતિસિદ્ધ ઝીણવટથી એમણે હસ્તલિખિત પુસ્તકો તપાસી શુદ્ધ પાઠો તારવી કાઢ્યા છે ને ગ્રન્થકારના સમય વગેરે પર બહુ પરિશ્રમ કરી અપૂર્વ પ્રકાશ પાડ્યો છે. એ ઉત્કૃષ્ટ શૈલીએ રચાયેલાં એમનાં 'પરાક્રમની પ્રસાદી', 'મેળની મુદ્રિકા', 'પ્રિયદર્શિકા', 'અમરુશતક', 'ગીતગોવિંદ', તથા ભાસનાં નાટકોનાં ભાષાન્તરો

અત્યુત્તમ છે. બંને ભાષા પર અપ્રતિમ પ્રભુતા, અને પદ્યના રસને ઘટે એવાં સુંદર પદો પસંદ કરવાનો વિવેક, એવા ગુણો વિના આવાં સુંદર ભાષાન્તરો યોજાય નહિ એ નિર્વિવાદ છે. એમના 'પ્રેમાનંદ', 'વાગ્વ્યાપાર', આદિ લેખોમાં પણ એમણે સૂક્ષ્મ સંશોધન દર્શાવ્યું છે. ભાલણની 'કાદમ્બરી' ભા. ૧લાની એમની આવૃત્તિ એવી જ સુંદર છે. તેના ટિપ્પણમાં પ્રાકૃત ને જૂની ગુજરાતી ભાષામાં થયેલા વિકારો ને વ્યુત્પત્તિ પર એમણે સુંદર પ્રકાશ પાડ્યો છે.

રા. રા. કીલાભાઈ ઘનસ્યામનાં 'વિક્રમોર્વશીય' ને 'મેઘદૂત'નાં ભાષાન્તર પણ શુદ્ધ અને પ્રાસાદિક હોવાથી લોકપ્રિય છે.

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ

રા. રા. હિમ્મતલાલ ગણેશજી અંજારિયાકૃત 'કાવ્યમાધુર્ય' ને 'કવિતાપ્રવેશ'માં તેમજ રા. રા. ખાનસાહેબ અને સ્વ. દેશભક્તકૃત 'સાહિત્યરત્ન' અને રા. રા. રતનરામ ઉત્તમરાણ ભટ્ટકૃત 'સાહિત્ય-વિલાસ'માં ગુજરાતી સાહિત્યની રૂપરેખાનું સ્થૂલ ચિત્ર આલેખવામાં આવ્યું હતું: પણ સમગ્ર ચિત્ર દૃષ્ટાન્તો સાથે નિરૂપવાનું માન રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીને ઘટે છે. 'ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો' પ્રથમ અંગ્રેજી ભાષામાં અને હાલ ગુજરાતી ભાષામાં પ્રગટ કરી એમણે ગુજરાતી સાહિત્યની સારી સેવા બજાવી છે. વધારે વિસ્તૃત ને વિવેચનવાળા ગ્રન્થની જરૂર છે એ તો હરકોઈ કબૂલ કરશે. રા. બ. કેશવલાલભાઈ, રા. આનંદશંકરભાઈ, રા. નરસિંહરાવભાઈ, કે રા. બ. રમણભાઈ જેવા ગુજરાતી સાહિત્યના ઊંડા અભ્યાસકની કલમે એવો વિસ્તૃત અને પુષ્કળ દૃષ્ટાન્તોવાળો તથા કાવ્યશાસ્ત્રની દૃષ્ટિથી રસ, ગુણ, દોષ, અલંકાર આદિનું વિવરણ કરનારો ગ્રન્થ રચાય તો તે અવશ્ય સાહિત્યના અલંકારરૂપ થાય.

સાહિત્યની અભિવૃદ્ધિ કરનારી સંસ્થાઓ

એવી સંસ્થાઓમાં ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી મુખ્ય છે. એ મંડળે અનેક ગ્રન્થોનાં ભાષાન્તર કરાવ્યાં છે, તેમાં થોડાંક સંસ્કૃત ગ્રન્થોનાં પણ છે. ઘણા સારા ગ્રન્થો—તેમાં કેટલાક સ્વતન્ત્ર ગ્રન્થો પણ છે—લાંબો વખત થયાં સોંપાયા છે, પરંતુ હજી તૈયાર થયા નથી.

હાલમાં પ્રાચીન કાવ્યો પ્રસિદ્ધ કરવાનું કામ સોસાઇટીએ માથે લીધું છે એ સ્તુત્ય છે. રા. રા. અંબાલાલ બુલાખીરામ જાનીને સોસાઇટીએ ભીમની 'હરિલીલા' સંશોધન કરી પ્રસિદ્ધ કરવાનું

કામ સોપ્યુ છે એ ગ્રન્થ અને સશોધન કરનાર બન્નેની પસદગી સારી કરી છે એમની 'સુભદ્રાહરણ'ની આવૃત્તિ ઉત્તમ છે, તેમ જ 'કાવ્યદોહન'ના ૮મા અકમા 'કવિ નાકર' વિષેનો એમનો લેખ ગુજરાતી સાહિત્યના ઊંડા અભ્યાસ અને સૂક્ષ્મ સશોધકવૃત્તિની સાક્ષી પૂરે છે એ જ દિશામા રા રા ભાનસુખરામ નિર્ગુણરામ મહેતા પણ ઘણુ સારુ કામ કરે છે

એ જ માર્ગમા રા રા મજુલાલ રણછોડલાલ મજમુદારે ખાનગી રીતે પ્રસિદ્ધ કરેલુ 'સુદામાચરિત્ર'નુ પુસ્તક ગ્રન્થકારનો પરિશ્રમ, વિદ્વતા, ને સશોધનની સારી માહિતી આપે છે

સાહિત્ય પરિષદની ભડોળકમિટી પણ પુસ્તકો પ્રસિદ્ધ કરાવી સાહિત્યને ઉત્તેજન આપે છે એમા રા રા કનૈયાલાલ માણેકલાલ મુનશીકૃત 'મ્હારી કમળા અને બીજી વાર્તાઓ' સારુ પુસ્તક થયુ છે, તેમજ પ્રો મૅકડોનેલકૃત 'સસ્કૃત વાઙ્મયના ઇતિહાસ'નુ પ્રો મોહનલાલ પાર્વતીશકર દવેએ કરેલુ ભાષાન્તર, જે પ્રસિદ્ધિ પામવાની તૈયારીમા છે, તે પુસ્તક ગુજરાતી ભાષાના વાચકોને બહુ ઉપયોગી હકીકત પૂરી પાડશે ભાષાન્તરકારે ગ્રન્થકાર પાસેથી બીજી આવૃત્તિમા કરવામા આવનાર વધારાની હસ્તપ્રત મેળવી તે ભાષાન્તરમા આપેલી હોવાથી અને મૂળ ગ્રન્થની બીજી આવૃત્તિ હજી પ્રસિદ્ધ થયેલી ન હોવાથી એ પુસ્તક કૉલેજના વિદ્યાર્થીઓને પણ ઉપયોગી નીવડશે

સ્વામી અખડાનદે 'સસ્તાસાહિત્ય'મા 'રામાયણ', 'મહાભારત', 'ભગવદ્ગીતા' જેવા પુસ્તકોના અનુવાદ, 'સ્વામી રામતીર્થ,' 'ટૉલ્સ્ટૉય' જેવા મહાત્માઓના જીવનચરિત્ર, 'કલાપીનો સવાદ,' 'સ્વીડનબર્ગના ધર્મવિચાર,' 'અખાના કાવ્ય,' આદિ અને-ઉપયોગી ગ્રન્થોની સસ્તી આવૃત્તિ છાપી સાહિત્યનો પ્રસાર જનમડળમા વધાર્યો છે એ અતિસ્તુત્ય છે

સ્વ નારાયણ હેમચદ્ર પણ અનેક ઉપયોગી ગ્રન્થો સક્ષેપમા પ્રસિદ્ધ કર્યા છે, પણ ભાષા સરળ ને શુદ્ધ ન હોવાથી તે જોઈએ તેવા ઉપયોગી થયા નથી

જાણીતા 'ગુજરાતી' પત્રના અધિપતિ સ્વ ઇચ્છારામ સૂર્યરામ દેસાઈએ અનેક રીતે ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ કરી છે 'કાવ્ય-દોહન'ના મોટા ૮ અકો તેમણે પ્રસિદ્ધ કર્યા છે, તેમા ગુજરાતી ને જૈન કવિઓના કાવ્યોનો સગ્રહ આપ્યો છે બીજા બે અકો

જેટલું લખાણ હસ્તલિખિતરૂપમાં એમની પાસે છે. તેમજ 'નરસિંહ મહેતાનાં કાવ્યો'નો સંગ્રહ પણ તેમણે છાપ્યો છે. વળી વાર્ષિક ભેટનાં પુસ્તકોમાં રા. નારાયણ વસનજી ઠક્કુરકૃત નવલકથાઓ છાપી છે અને 'દીવાળીના અંક'માં વિદ્વાન સાક્ષરોના ને સાહિત્યસેવકોના ઉપયોગી લેખો પ્રસિદ્ધ કરી સાહિત્યવૃક્ષને પોષ્યું છે.

વડોદરા રાજ્યના વિદ્વાન, સાહિત્યપ્રેમી, ને ઉદાર મહારાજા સાહેબ શ્રીમન્ત ગાયકવાડ સરકારના રાજ્યમાં ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિને અપૂર્વ પોષણ મળ્યું છે. એમના સુજ્ઞ, પરોપકારશીલ, વિદ્યાપ્રેમી દીવાન શ્રીમન્ત મણિભાઈ જસભાઈ સાહેબના સમયમાં રા. હરગોવિન્દદાસ દ્વારકાદાસ કાંટાવાળા વિદ્યાધિકારી હતા ત્યારે 'પ્રાચીન કાવ્યમાલા'ના ૩૦ ગ્રન્થો સંશોધન ને ટિપ્પણ સાથે પ્રસિદ્ધ થયા છે, તેમાં રા. રા. છોટાલાલ નરભેરામકૃત અલંકારાદિ દર્શાવતું ટિપ્પણ સારું છે. પ્રો. ગજ્જરના અધ્યક્ષપણા નીચે 'શ્રીસયાજીજ્ઞાન-મંજૂષા'માં અનેક ઉપયોગી ગ્રન્થો પ્રસિદ્ધિ પામ્યા છે. ચોથી સાહિત્ય-પરિષદ વડોદરામાં મળી તે સમયે શ્રીમન્ત મહારાજા સાહેબે ગુજરાતી મરાઠી, ને હિંદી ભાષાના સાહિત્યની વૃદ્ધિને અર્થે એક લાખ રૂપિયાની મોટી રકમ અલાયદી કાઢી, તેના વ્યાજમાંથી સર મનુભાઈ જેવા વિદ્વાન ને વિદ્યાવિલાસી દીવાન સાહેબના વિદ્યાભિવૃદ્ધિ ને સાહિત્યની ઉન્નતિને માટેના પ્રેમને લીધે વિદ્યાધિકારીઓ, મિ. મસાણી, મિ. ક્લાર્ક અને રા. રા. નંદનાથ કેદારનાથ દીક્ષિત જેવા સાહિત્યપ્રેમી વિદ્વાનોના અધ્યક્ષપણા નીચે 'શ્રીસયાજીસાહિત્યમાળા'માં 'વિજ્ઞાન–ગુચ્છ,' 'ચરિત્ર–ગુચ્છ,' 'ઈતિહાસ–ગુચ્છ,' 'વાર્તા–ગુચ્છ,' 'ધર્મ–ગુચ્છ,' 'નીતિ–ગુચ્છ,' 'શિક્ષણ–ગુચ્છ,' અને 'પ્રકીર્ણ ગુચ્છ' એવા ૮ ગુચ્છોમાં અનેક પુષ્પો વિકાસ પામ્યાં છે. તેમાંનાં કેટલાંક સૌરભ ને ઉપયોગિતા માટે જનમંડળમાં પ્રકાશ પામશે એ નિઃસંશય છે. એ પુસ્તકાવલીમાં ઘણાં પુસ્તકો ભાષાન્તરાત્મક છે; પરંતુ ચરિત્ર–ગુચ્છમાંના કવિઓનાં જીવનચરિત્રોમાં પુસ્તકો સારાં છે. એ ખાતામાં રા. જોશીપુરાની સેવા સ્તુત્ય છે. વિજ્ઞાન–ગુચ્છમાં રા. રા. નર્મદાશંકર દેવશંકરનું 'સુપ્રજનનશાસ્ત્ર'નું પુસ્તક તથા રા. હીરાલાલ વ્રજભુખણદાસ શ્રોફનું રચેલું 'સત્યાર્થમીમાંસા'નું પુસ્તક ઉત્તમ છે. આ પુસ્તકાવલી સાથે 'શ્રી સયાજીબાળજ્ઞાનમાળા' પણ છપાય છે, તેમાં પણ 'પાવાગઢ', 'સુરત', 'બૌદ્ધ ગુફાઓ,' 'મહા- realpatidar.com

બજેશ્વર ' તેમજ ' ગ્રહણ ', ' વાતાવરણ ' જેવા ઉપયોગી વિષયો પર લઘુ પણ ઉપયોગી લેખો છે

વળી વડોદરા રાજ્યે સાક્ષર આચાર્યવર્ય આનંદશંકરભાઈ પાસ ' નીતિશિક્ષણ ', ' ધર્મપોથીનુ પુસ્તક ', તથા રામાનુજનુ 'વેદાન્ત ભાષ્ય ' એ ઉત્તમ પુસ્તકો તૈયાર કરાવી સાહિત્યમા સંગીન અભિવૃદ્ધિ કરી છે એ જ દિશામા વડોદરા રાજ્યે શાસ્ત્રીજી રામકૃષ્ણ પાસે કરાવેલુ ' નિર્ણયસિંધુ 'નુ ભાષાન્તર અને રા મણિલાલ ન દ્વિવેદી પાસે કરાવેલુ ' વિવાદતાણ્ડવ 'નુ ભાષાન્તર એ ઉપયોગી ધર્મશાસ્ત્રના ગ્રન્થો છે

વડોદરાના શ્રીમન્નૃસિંહાચાર્યના અનુયાયીઓના શ્રેય સાધક-અધિકારીવર્ગ તરફથી મહૂંમ છોટાલાલ જીવણલાલના તન્ત્રીપણા નીચે પ્રગટ થતા ' મહાકાલ 'મા ઘણા ધાર્મિક, ઉપયોગી વિષયો આવતા, તેમજ ' શ્રીસિદ્ધાન્તસિંધુ ' આદિ ગ્રન્થો પણ છપાયા છે એ વર્ગના લેખકોમા રા રા નગીનદાસ સંઘવી તેજસ્વી ભાષામા ધર્મના વિષય પર સુદર પ્રકાશ પાડે છે એમના વ્યાખ્યાન ને લેખો સીધા, સચોટ, ને મરોડદાર છે તેનો સંસ્કાર શ્રોતા ને વાચકના હૃદય પર ઊંડો પડે છે એ જ માર્ગના પ્રો મણિયા જેઠીસનદાસનુ ' યોગશાસ્ત્ર 'નુ ગુ વ સોએ કરાવેલુ ભાષાન્તર ઉત્તમ છે

ગુજરાત પુરાતત્ત્વમંદિર

આ સંસ્થા તરફથી પણ પુસ્તકો પ્રસિદ્ધિ પામવા માંડયા છે ને તેમાના કેટલાક બહાર પડી ચૂકેલા ઉપયોગી છે ' પાલીપાઠાવલી ' ને ' પ્રાકૃત કથાસંગ્રહ ' પ્રાકૃતભાષાના અભ્યાસકને ઉપયોગી થશે રા રા રામનારાયણ વિ પાઠકકૃત 'પ્રમાણશાસ્ત્રપ્રવેશિકા,' રા કાલેલકરકૃત ' ઉપનિષત્પાઠાવલી, ' તથા ' હિંદુઓના તહેવારોનો ઇતિહાસ, ' આ પુસ્તકાની પ્રસિદ્ધિ, એ ઉપયોગી માર્ગમા પ્રયત્ન છે ને તે આદરણીય છે દક્ષિણી લેખકોમા પ્રો ભાડ ને રા કાલેલકરના લેખો ઊચી પ્રતિના છે

વાચનમાળા

અગ્રેજી ભાષામા વિવિધ વાચનમાળા ભિન્ન ભિન્ન દષ્ટિથી છે ગુજરાતી ભાષામા દુર્ભાગ્યે સરકારી વાચનમાળા, પ્રથમ હોપકૃત ને પછી કૅાવર્નર્નકૃત સિવાય અન્ય ગ્રન્થમાળા અત્યાર સુધી નહોતી

અમે સંપૂર્ણ 'ત્રિવેદીવાચનમાળા' યથાશક્તિ, યથામતિ રચી છે. ત્યાર પછી રાષ્ટ્રિય વાચનમાળાનાં કેટલાંક પુસ્તકો પ્રગટ થયાં છે, રા. પુરુષોત્તમ મૂળશંકર ભટ્ટે 'ભૃગુપુરઋષિનિવાસગ્રન્થાવલિ' પ્રસિદ્ધ કરવા પ્રયત્ન આદર્યો છે ને તેનો ખંડ 'જ્ઞાનમંદિર' બહાર પડ્યો છે. આવા પ્રયત્ન સરકારની કે રાજ્યની સહાયતા વિના થવા દુષ્કર છે. એમાં પ્રાથમિક કેળવણીનાં તત્ત્વનું જ્ઞાન, પરિશ્રમ, અને ચિત્રો તથા ચિત્રો માટે બ્લૉકો તૈયાર કરાવવાનો ખરચ એ બધી સાધન-સંપત્તિની જરૂર છે. એવા પ્રયત્ન ઉત્તેજનને પાત્ર છે એની તો કોઈથી ના કહી શકાય એમ નથી. પ્રયત્નમાત્ર આરંભમાં સંપૂર્ણ હોઈ શકતા નથી. ધીમે ધીમે તેમાં જનમંડળની રુચિ પ્રમાણે સુધારા થાય છે; અને અનેક હાથે અને અનેક શિષ્ટ લેખકો પાસે તૈયાર કરાવેલી હૉવર્ન્ટનની વાચનમાળા પણ સરકારે નીમેલી ત્રણચાર કમિટીના કરેલા સુધારા અમલમાં મુકાયા પછી જ હાલની સ્થિતિએ પહોંચી છે, ને હજી પણ એમાં અનેક સુધારાની ખીચોખીચ હાંસીને ભરેલી હોવાથી એ પાઠો લેશ પણ માન્ય થવા પામ્યા નથી.

ભાષા : ભાષાશૈલી

મહાભાષ્યકાર પતંજલિ કહે :છે કે ભગવાન્ વાર્ષ્યાયણિએ ક્રિયાના ૭ પ્રકારના વિકાર દર્શાવ્યા છેઃ—ઉત્પન્ન થાય છે, અસ્તિત્વ ધરાવે છે, વિપરિણામ પામે છે, વધે છે, અપક્ષય પામે છે, અને વિનાશ પામે છે. પદાર્થમાત્રના આ ૭ વિકાર થાય છે. ભાષામાં પણ નવીન શબ્દરૂપો ઉદ્ભવ પામે છે ને જૂનાં નષ્ટ થાય છે. જીવન્ત ભાષાઓમાં આ નિયમ હમેશ પ્રવર્તે છે. સંસ્કૃત મૃત ભાષા થઈ અને માત્ર શિષ્ટ વર્ગમાં જ જીવતી રહી ત્યારે જ ભગવાન પાણિનિ જેવા સમર્થ વૈયાકરણે તેને નિયમબદ્ધ કરી. એમને પણ ઘણાં વૈકલ્પિક રૂપો માન્ય કરવાં પડ્યાં છે. અસંસ્કારી વર્ગના જિહ્વાદોષ, ઉચ્ચારની સરળતા, આદિ કારણોને લીધે સંસ્કૃત ભાષામાં વિકાર થઈ ક્રમે ક્રમે પાલી, પ્રાકૃત, અને અપભ્રંશ ભાષાઓ થઈ અને અપભ્રંશ ભાષામાંથી દેશી ભાષાઓ જન્મ પામી. એ વિકારો પણ ગમે તેમ મનુષ્યના સ્વચ્છંદ પ્રમાણે થયા નથી, વિકારો પણ નિયમોને અનુસરીને જ થયા છે એ લક્ષમાં રાખવાથી પ્રાકૃતનો અભ્યાસ ઘણો સુગમ થશે. સંસ્કૃતમાં સંધિનિયમોનાં કારણો શોધતાં તે પણ જડશે. બે ત્રણ દાખલાઓથી જ આ વાત સ્પષ્ટ થશે. અ+ઈ=એ;

અ+ઉ=ઓ, એ સંધારણ જ છે. સંધિસ્વર ‘એ’નું સ્થાન કંઠતાલુ (‘અ’નું કંઠ ને ‘ઈ’નું તાલુ હોવાથી) છે, ‘ઓ’નું કંઠોષ્ઠ (‘અ’નું કંઠ ને ‘ઉ’નું ઓષ્ઠ હોવાથી) છે. દુગ્ધ થઈ દુદ્ધ થયું. સ્તમ્ભ જેવા શબ્દોમાં એવી જ સરળતાથી સ્તમાંનો એક વર્ણ લોપાઈ તે ઉષ્મ ને મહાપ્રાણ હોવાથી અલ્પપ્રાણ ત્ નો મહાપ્રાણ થ્ થઈ થમ્ભ થઈ ‘થાંભલો’ (‘લો’ લઘુતાવાચક) થયો. એ જ પ્રમાણે સ્કન્ધનું ખન્ધ થઈ ‘ખાંધ’ થયું છે. આમ કારણો શોધતાં અભ્યાસ રસિક ને સુતર થશે. અન્ય પ્રજાના ને કોમોના સમાગમથી ગુજરાતી ભાષામાં ફારસી, અરબી, પોર્ચુગીઝ, અંગ્રેજી, ને દેશ્ય શબ્દો દાખલ થયા છે. પણ ગુજરાતી ભાષાના બંધારણ પર એ વિદેશીય ભાષાની અસર થઈ નથી.

ભાષાશૈલી અને શબ્દશુદ્ધિમાં કાલક્રમે ઘણો સુધારો થયો છે. અગાઉ જેટલા જોડણીના દોષ હાલ આવતા નથી. છતાં હજી પણ નીચેના અશુદ્ધ રૂપો ઘણા ગ્રન્થોમાં જોવામાં આવે છે —

અશુદ્ધ	શુદ્ધ	અશુદ્ધ	શુદ્ધ
પૌર્વાત્ય	પૌરસ્ત્ય	નર્ક	નરક
	કે પ્રાચ્ય	પઢી	પદવી
શ્રીયુત્	શ્રીયુત	વિકાળ	વિકરાળ
સતત્	સતત	શુદ	સુદ
ક્લેષ	ક્લેશ	શાશ્વત્	શાશ્વત
બુદ્ધિવાન્	બુદ્ધિમાન્,	આશિર્વાદ	આશીર્વાદ
નીતિવાન્, વગેરે	નીતિમાન્, વગેરે	સદૃઢ	દૃઢ—સુદૃઢ
મિમાંસા	મીમાંસા	સશક્ત	શક્ત
ઐક્યતા,	ઐક્ય,	સગવડતા	સગવડ
ધૈર્યતા, વગેરે	ધૈર્ય, વગેરે	નિરામતા	વિરામ
અદ્ભૂત	અદ્ભુત	દરેક વસ્તુઓ,	દરેક વસ્તુ,
દ્રષ્ટાન્ત, દ્રશ્ય	દૃષ્ટાન્ત, દૃશ્ય	માણસો, વગેરે	માણસ, વગેરે

નીચેના જેવી ભાષા હવે ઓછી લખાય છે એ ખુશીની વાત છે —

અંગ્રેજી શૈલીનું અનુકરણ કૃત્રિમ રચના —

‘પાત્રના અથવા સામર્થ્ય તે છે કે જેને લીધે જ ગૃહસ્થના સ્વભાવનો માણસ હિંદુસ્તાન સાથેના સંગમમાં તો તે એક વિજયાસક્ત વીર કરતાં વધારે કાંઈજ નહોતો.’

'વેશધારી વૈતાળ સમાન વિકાળ બનશે તો ઝાઝી વીટંબણા વેઠવા કાજે, વેશધારીનો વાવટો તે વેદનાનો વાંસડો જ, વેશધારીનાં વણતર તે સદા વિઘ્નોનાં વિંટાળા જ; વેશધારીનું વહાણું તે વરણાગીનો વિકાસ; વેશધારીનો વારસો તે વ્યથાના વ્યાજ'.

ભાષાશૈલી

ભાષાશૈલી વિષયને ઘટે તેવી, પ્રૌઢ ઘટે ત્યાં પ્રૌઢ, મૃદુ ને કોમળ ઘટે ત્યાં મૃદુ ને કોમળ, તેજસ્વી ઘટે ત્યાં તેજસ્વી પણ સર્વત્ર પ્રાસાદિક જોઈએ. વળી ભાષા એકધારી જોઈએ. સરળ ભાષા ચાલતી હોય ત્યાં વચ્ચે શબ્દાડંબર આવે તો તે હાસ્યજનક થાય છે. બંગાળી ભાષાનાં પુસ્તકોમાં એવું ઘણું જોવામાં આવે છે. બંગાળી ભાષામાં આપણી ભાષા કરતાં સંસ્કૃત શબ્દો ઘણી છૂટથી વાપરવામાં આવે છે. આપણી ભાષામાં જે સંસ્કૃત શબ્દો અપરિચિત જેવા લાગે તે બંગાળીમાં રૂઢ થઈ ગયલા હોય છે. ભાષાન્તકારો એવા શબ્દો ગુજરાતીમાં વાપરી વાચકવર્ગને કલેશ ઉત્પન્ન કરે છે. નવલકથાનાં જેવાં પુસ્તકોમાં એકધારી સરળ ભાષા ચાલતી હોય ત્યાં વચ્ચે ' ઉભયકુલપ્લાવિની ' (' કૂલ ' જોઈએ; 'તટ'નો અર્થ છે) ' કલાવિદ્યાપટીયસી ' 'રમણીકુલલલામભૂતા ', 'ઉચ્ચશિક્ષાસંજ્ઞામયી', ' શૈલપાદમૂલવિહારિણી, ' જેવા મોટા સમાસથી ભાષા કઢંગી થાય છે; એથી કંઈ ભાષાની શોભા વધતી નથી.

વર્તમાનપત્રો ને માસિકો

વર્તમાનપત્રો ને માસિકો પણ સાહિત્યની ખિલવણીમાં સારો ભાગ લે છે. અગાઉ પારસી દૈનિક પત્રો બહુ અશુદ્ધ ને ક્લિષ્ટ ભાષામાં લખાતાં. હાલ તેમાં ઘણો સુધારો થયો છે. દિન પર દિન ભાષા શુદ્ધ ને જુસ્સાદાર બનતી જાય છે. સાપ્તાહિક પત્રોમાં ' ગુજરાતી ' અને ' પ્રજાબંધુ ' અગ્રસ્થાન લે છે. ' ગુજરાતી ' અનેક દિશાએ સાહિત્યને વિકસાવે છે. એના દીવાળીના અંક વાચકને બહુ ઉપયોગી વાચન પૂરું પાડે છે. દેશીરાજ્યનાં પત્રોમાં ' સયાજીવિજય ' સારી સેવા બજાવે છે. માસિકોમાં ' વસન્ત', ' બુદ્ધિપ્રકાશ', 'સાહિત્ય' 'સમાલોચક' 'ગુજરાત' 'ગુણસુંદરી', ને 'યુગધર્મ' એ અગ્રેસર માસિકો છે. એમાં ઘણા શિષ્ટ લેખ આવે છે. એક દાયકો 'વસન્તે' સાહિત્યની ઘણી અતુલ સેવા કરી હતી. અગાઉ જેમ 'શાળાપત્ર'-

માના લેખો માટે વિદ્દ્વર્ગ આતુર રહેતો તેવી રીતે 'વસન્ત'ના લેખો માટે પણ વાચકવર્ગમા આતુરતા જોવામા આવતી હતી એનુ માન રા આનંદશંકરભાઈને ઘટે છે રા. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, રા ગિરિજાશંકર ભ બધેકા, રા કાન્તિલાલ છગનલાલ પંડ્યા, પ્રો મંજુલાલ, રા હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ, રા ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ, પ્રો રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક, રા. રતિપતિરામ પંડ્યા, ભરતરામ ભાનુસુખરામ મહેતા, રા શંભુપ્રસાદ મહેતા, રા પ્રાણજીવન વિશ્વનાથ પાઠક, રા વિશ્વનાથ મગનલાલ ભટ્ટ, રા કેશવ હ શેઠ, રા મણિલાલ નથુભાઈ દોશી, રા અંબાલાલ બુલાખીરામ જાની, વગેરે લેખકોના લેખ વાચવાલાયક હોય છે

માસિકોમા રા ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતાની વાર્તાઓ ઘણી ખુબીદાર હોય છે એમા રસિકતા, વર્ણનશૈલી, ને હાસ્યરસની છાયા —એ બધાની ઝમાનટ ઉત્તમ હોય છે

'રંગભૂમિ' નામનુ ત્રિમાસિક રા વિભાકરના અધિપતિપણા નીચે પ્રગટ થાય છે, તે સચિત્ર હોય છે ને તેમા લેખો સારા હોય છે

કેટલાક કોમીય માસિકો નીકળે છે—'નાગરનેત્રમણિ' રા ઉછરંગરાય કેશવરાયના તંત્રિત્વ નીચે સાટાક્રુઝમાથી પ્રગટ થાય છે, તેમજ 'સમસ્તદશાલાડમિત્ર' ભરૂચમા રા ડાકોરદાસ નગીનલાલ ગુંદરિયા વગેરેના અધિપતિપણા નીચે નીકળે છે બારોટો માટેનુ 'બ્રહ્મભટ્ટ' નામનુ માસિક રા પુરુષોત્તમદાસ માતરવાળા ચલાવે છે

કોમીય લેખોના સબંધમા નાગરોની ઉત્પત્તિ માટેનો રા રા માનશંકરભાઈનો 'નાગરોત્પત્તિ' નામનો લેખ ઉત્તમ છે ગ્રન્થકારે એમા ઘણુ સશોધન કરી પોતાનો પક્ષ સ્થાપિત કર્યો છે વિરુદ્ધ મતોનુ ખંડન વિદ્વત્તાપૂર્વક ને યુક્તિપુરઃસર કર્યુ છે

સાહિત્યવિચારનો ઉપસંહાર

આ પ્રમાણે ભૂત અને વર્તમાન સાહિત્યપ્રવાહ કેવો ચાલ્યો છે ને તેને કયા માર્ગમા વાળવાની જરૂર છે તેનુ દિગ્દર્શન કર્યુ એ પ્રવાહમા જ્યા જ્યા સૌન્દર્ય છે, જ્યા જ્યા નિર્મળ જળ છે તેનુ પ્રદર્શન કર્યુ એ પ્રવાહો કેટલેક સ્થળે વાકા અને ખાડાખૈયામા થઈને જતા હોવાથી સૌન્દર્યની સાથે વિરૂપતા પણ છે પણ તેની સમાલોચના કરવી એ મે પ્રમુખ તરીકેના મારા કર્તવ્યમા ગણ્યુ નથી જે જે સુંદર છે તે દર્શાવી સાહિત્યમાર્ગમા વિચરનારાઓનુ

લક્ષ તે તરફ પ્રેરવું તથા સાહિત્યપ્રવાહમાં ખેલનારાઓને યોગ્ય માર્ગે પ્રવાહ પ્રવર્તાવવાનું સૂચન કરવું એ જ પ્રમુખનું કર્તવ્ય હું સમજું છું

ઉત્તેજનનો અભાવ

સરકાર તરફથી તેમજ દેશી રાજ્યો તરફથી ગુજરાતી સાહિત્યને જોઈએ તેવું ઉત્તેજન મળતું નથી એમ ખેદ સાથે કહેવું પડે છે. અગાઉ 'ડિરેક્ટર ઑવ પબ્લિક ઇન્સ્ટ્રક્શન' પાસે થોડીક રકમ ઉત્તેજનાર્થે રહેતી હતી, તેમાંથી યોગ્ય પુસ્તકોની થોડીક નકલો ખરીદાતી ને તે શાળામાં પુસ્તકાલયોને માટે આવતી. આ રકમ બહુ નજીવું ઉત્તજન મળતું ને તે પણ બહુધા મરાઠી પુસ્તકોને મળતું. પરંતુ હાલ તો એટલું પણ ઉત્તેજન મળતું જણાતું નથી. દેશી રાજ્યમાં પણ સર્વત્ર ઉત્તેજનફંડ હોતા નથી. આ વસ્તુસ્થિતિ સારી નથી. સરકાર તરફથી તેમજ દેશી રાજ્યો તરફથી યોગ્ય પુસ્તકોનો સત્કાર થાય તો સાહિત્યની વૃદ્ધિ કરવામાં તે સહાયભૂત થાય.

પ્રતિવર્ષ ઉત્તમ લખાએલાં સ્વતન્ત્ર પુસ્તકોના કર્તાને સારું ઇનામ આપી સાહિત્યનો વિકાસ પોષે એવી યોજના એકાદ દેશી રાજ્યે ઉપાડી લેવી જોઈએ. ગુજરાતી સાહિત્યને માટે 'નોબલ પ્રાઇઝ'-ના જેવી યોજના કોઈક દેશી રાજ્યે વ્યવસ્થિત રૂપમાં કરવી જોઈએ

ગુર્જર સાહિત્યની દરિદ્રતા

ગુર્જર સાહિત્ય દરિદ્ર છે? ઉપર દર્શાવ્યા પ્રમાણે કેલાએલા સાહિત્યને દરિદ્ર કહી શકાય? આપણી હાલની અપેક્ષાઓને તૃપ્ત કરતું નથી એટલું દરિદ્ર છે જ. ત્યારે એમાં શી શી ન્યૂનતા છે? એમાં—

૧. નવીન શૈલી પર રચેલાં પ્રાસાદિક મહાકાવ્યો નથી.

૨. સારા ગદ્યગ્રન્થો, જેમાં ભાષા ઉત્તરોત્તર ચઢતી હોય અને વિષયનું નિરૂપણ ઉત્તરોત્તર પ્રૌઢ થતું હોય, એવા નિબંધાત્મક નીતિમય, ચરિત્રાત્મક, ઐતિહાસિક ગ્રન્થો નથી.

૩ સાહિત્યમાળાઃ—પ્રેમાનંદ, નરસિંહ, વગેરે કવિઓના મુખ્ય ગ્રન્થોની હસ્તલિખિત પુસ્તકોના સંશોધનને આધારે તૈયાર કરેલી, કવિના જીવનચરિત્ર અને કઠિન પદ ને પંક્તિઓ પર પ્રકાશ પાડે એવી ટિપ્પણીસમેત સરખી સરખી ને સોંઘી આવૃત્તિની ન્યૂનતા છે.

૪. કાવ્યશાસ્ત્રના પ્રમાણભૂત ગ્રંથને આધારે તૈયાર કરેલું કાવ્યશાસ્ત્રનું પુસ્તક નથી. એવા પુસ્તકની જરૂર છે. એમાં કાવ્યસ્વરૂપ,

કાવ્યલક્ષણ, કાવ્યત્વના બીજને પોષક કારણ, લક્ષણા, વ્યંજના, ધ્વનિઓ, ભાવ, રસાભાસ, ગુણ, દોષ, ને અલંકારનુ પ્રાચીન ને અર્વાચીન ગુજરાતી કાવ્યોમાથી એકઠા કરેલા દૃષ્ટાન્તો સાથે નિરૂપણ જોઈએ. આ બધા વિષયોના છૂટક છૂટક નાના ગ્રંથો થયા છે. કવિ નર્મદે અને કવિ મનિતાનારાયણે, દિ. બ. રણછોડભાઈએ અને યથાશક્તિ મે પણ એ વિષયપર થોડુ થોડુ લખ્યુ છે. ર. નાગરદાસ પટેલે 'નવનરસિંગી'મા અલંકારની સારી ચર્ચા કરી છે. રા. છોટાલાલ નરભેરામનુ રચેલુ 'રસગ્રન્થ' એ દિશામા છે. કોઈએ અલંકારના નિરૂપણમા 'કુવલયાનન્દકારિકા'નો આધાર લીધો છે, કોઈએ અન્ય ગ્રન્થનો પણ એક જ ઉત્તમ પ્રમાણભૂત મનાતા 'કાવ્યપ્રકાશ' જેવા ગ્રન્થને આધારે સમગ્ર વિષયનુ સળંગ પુસ્તક રચવાની ઘણી જરૂર છે.

૫. 'ઉપનિષદ'ની આખ્યાયિકાઓનુ પુસ્તક નથી. એવુ પુસ્તક ઉપનિષદના રહસ્યનું ઘણુ રસિક જ્ઞાન આપશે, તેમજ જાણીતા પરથી અજાણ્યા પર જવાની જે શૈલીનુ પ્રાશ્ચાત્ય શિક્ષણશાસ્ત્રના ગ્રન્થોમા પુષ્કળ નિરૂપણ કરેલુ હોય છે, એવી જ, વ્યાવહારિક દૃષ્ટાન્તોથી તાત્ત્વિક રહસ્ય વાચકના મનમા ઉતારવાની ઉત્તમ શૈલી આપણા આર્ષગ્રન્થોમા છે, તેનુ વાચકને કઈક ભાન થશે.

૬. પ્રમાણયુક્ત વિસ્તૃત કોશનો અભાવ છે. નર્મદ કવિને 'નર્મકોશ' કર્યાને ઘણા વર્ષ થયા, પણ સારો વિસ્તીર્ણ કોશ—જેમા શબ્દની વ્યુત્પત્તિ સાથે તેના જુદા જુદા અર્થ પ્રાચીન કાવ્ય કે ગદ્ય ગ્રન્થોમાથી દાખલા સાથે આપ્યા હોય એવો કોશ—હજી પ્રસિદ્ધ થયો નથી. એ દિશામા પ્રયત્નો થયા છે —

(અ) ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીએ સંપૂર્ણ કોશ ભાગોમા છપાવી પોતાના ઉત્સવ પર્યન્તના સભ્યોમા તેની નકલ વહેંચી છે. એ પ્રયત્ન રા. મણિલાલ છબારામનો છે, તે અનેક રીતે અપૂર્ણ છતા જેવો થયો છે તેવી સ્થિતિમા પણ સ્તુત્ય છે. એની બીજી આવૃત્તિ નીકળવાની છે એમ સંભળાય છે. એની નકલો સભ્યો સિવાય બીજાઓને મળતી નથી એ વ્યવસ્થા ઠીક નથી.

(આ) રા. રા. ઠ્રીનાના અંગ્રેજી—ગુજરાતી કોશની પણ સુધારા સાથ બીજી આવૃત્તિ છપાવાની છે.

(ઇ) 'નર્મકોશ'ની નવી આવૃત્તિ કવિએ ભેગા કરેલા નવા શબ્દો સાથે 'ગુજરાતી' છાપખાનાના તન્ત્રી રા. મણિલાલ ઇચ્છારામ દેશાઈ છપાવે છે.

(ઈ) રા. રા. ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા મોટો ગુજરાતી-અંગ્રેજી શબ્દકોશ છપાવે છે.

૭. સારા 'જ્ઞાનસંગ્રહ'નો અભાવ છે. મરાઠીમાં બહુ સારો જ્ઞાનસંગ્રહ તૈયાર થાય છે. ગુજરાતીમાં એ થયો છે ? એ દિશામાં આરંભક પ્રયત્ન કરવાનું માન પારસી ગ્રન્થકાર રા. રા. રતનજી ફરામજી સેઠનાને ઘટે છે, એ અગાઉ કહ્યું છે. અંગ્રેજીનું જ્ઞાન જે વાચકવર્ગમાં નથી તેનો એવો સંગ્રહ ઘણો ઉપયોગી થશે એમાં સંશય નથી.

૮. સ્ત્રીઓ ને બાળકો માટે સારાં સંક્ષિપ્ત નીતિનો બોધ પરોક્ષ રીતે આપે એવાં પુસ્તકોની ખોટ છે. 'સ્ત્રીબોધ' ને 'બાલમિત્ર' જેવાં માસિકો નીકળે છે, તેમજ 'સુંદરીસુબોધ' અને બે વર્ષ થયાં સૌ. વિદ્યાગૌરી ને સૌ. શારદાગૌરી 'મહિલામિત્ર' નામનું ઉપયોગી પુસ્તક પ્રગટ કરે છે, તે પ્રયત્નો સ્તુત્ય છે; પરંતુ સ્ત્રીઓને ને બાળકોને લગતું સાહિત્ય હજી ખેડાવાની જરૂર છે.

૯. વિજ્ઞાનનાં પુસ્તકોની મોટી ખોટ છે. હાલની વૈજ્ઞાનિક શોધો—'રૉન્ટ્ગન કિરણો', 'તાર વગર સંદેશો પહોંચાડવાની વિદ્યા', 'રેડિયમ,' 'જલાન્તઃસંચારિણી નૌકા', 'વિમાન'. વગેરે વિષયોનાં, લોકો સમજી શકે એવાં ચિત્રો સાથે સરળતાથી સમજાય એવાં પુસ્તકોની જરૂર છે. તેમજ વધારે જ્ઞાન મેળવવા ઇચ્છનાર પુરુષો માટે વિશેષ જ્ઞાન આપે એવાં વિસ્તીર્ણ પુસ્તકોની પણ જરૂર છે.

આધુનિક પ્રવૃત્તિઓમાં સાહિત્યપરિષદની પ્રવૃત્તિને સ્થાન

બંધુઓ, આપ સર્વને વિદિત છે કે મહાત્મા ગાંધીજીએ અખિલ ભારતવર્ષમાં ગુર્જર પ્રદેશને ઉચ્ચતમ, પ્રતિષ્ઠિત સ્થાને પહોંચાડ્યો છે. તેમણે દેશમાં અનેક માર્ગમાં નવું ચેતન રેડ્યું છે ને ચિરકાળની સુસ્તી દૂર કરી નવીન જાગૃતિ પ્રેરી છે. રાજકીય ને રાષ્ટ્રીય કેળવણીને લગતી તેમની પ્રવૃત્તિને લીધે બધા દેશની નજર ગુજરાત પર છે. એ પ્રગતિની અસર સાહિત્ય ને ભાષા પર પણ થયા વિના રહી નથી. ભાષા સંસ્કારી ને જોમદાર તથા મરોડદાર બનવા માંડી છે. મહાત્મા પોતાના વિચાર માતૃભાષામાં દર્શાવે છે તેમજ માતૃભાષા ખિલવવામાં અભિમાન ને અભિનિવેશ ધરાવે છે. મહાત્માએ પોતે શિષ્ટ ને સરળ તેમજ તેજસ્વી

ને પ્રૌઢ ભાષાનો પ્રયોગ કરી દર્શાવ્યુ છે કે ભાષામા બળ લાવવા અપરિચિત શબ્દો કે ક્લિષ્ટ રચના દાખલ કરવાની જરૂર નથી હૃદયના અન્તર્ભાગમાથી નીકળતા વિચારો સીધી ભાષામા વાચકના હૃદયના અન્તર્ભાગમા પ્રવેશી જેવો સસ્કાર પાડે છે તેવો સસ્કાર આડબરી ભાષામા આડબરી વિચારો પાડી શક્તા નથી સાહિત્યપરિષદે નવીન વાતાવરણમાથી વિમુખ રહેવુ યુક્ત નથી તેણે કેળવણી ને સાહિત્યના વિષયમા રચનાત્મક કાર્યક્રમ હાથમા લેવો જોઈએ કે જનસમાજની રુચિને અનુસારે કઈક સગીન કાર્ય થાય

ગુજરાત યુનિવર્સિટી

હાલમા, હિન્દુસ્તાનમા કેળવણીની પ્રગતિ પૂર જોસમા ચાલી રહી છે ઉત્તરમા ઘણે સ્થળે નવી નવી યુનિવર્સિટીઓ અસ્તિત્વમા આવી છે ગુજરાતમા પણ એક યુનિવર્સિટી હોવી જોઈએ એ વિચાર અત્યારે આખા ગુજરાત પ્રાન્તને તેમજ કાઠિયાવાડને સમ્મત હોવો જોઈએ જ્યા સુધી આપણી જરૂરિયાત સાધે એવી યુનિવર્સિટી નથી, ત્યાસુધી ગુજરાતી ભાષાના વિકાસને તેમ જ આપણા જ્ઞાનના સર્વ અગોને આપણી ઇચ્છાનુસાર આપણે પુષ્ટિ આપી શકીશુ નહિ એ દેખીતુ જ છે અમદાવાદ એ ગુજરાત અને કાઠિયાવાડનુ મધ્ય સ્થળ છે વ્યાપારમા, જ્ઞાનમા, ને બીજી દરેક પ્રવૃત્તિમા તે ઘણુ આગળ પડતુ છે આવી યોજનાને પાર ઉતારે એવા વિદ્વાનો તથા ધનાઢ્ય પુરુષો એમા વસે છે કાઠિયાવાડના રાજ્યો તરફથી પણ આ યોજનાને સહાયતા મળવાનો સભવ માની શકાય, માટે એ કામને માટે બે મડળીઓ નિમાવવી જોઈએ, ૧ ગુજરાત ને કાઠિયાવાડના આબેદાર પુરુષોની અને ૨ બને પ્રાન્તોના વિદ્વદ્વર્ગની પહેલી મડળી એ કામને માટે જોઈતી રકમ એકઠી કરે અને બીજી મડળી તેને માટે વ્યવસ્થિત યોજના ઘડી કાઢે આ કામ આ પરિષદ ઉપાડી લે તો તેણે ખરુ રચનાત્મક કાર્ય કર્યુ કહેવાય આને માટે માત્ર ઠરાવો કરી સતુષ્ટ થવાનુ નથી તે સત્વર ને અવશ્ય અમલમા મુકાય એવા પગલા ભરાય નહિ ત્યા સુધી સગીન કાર્ય સિદ્ધ થયલુ કહેવાય નહિ

વડોદરા યુનિવર્સિટી

મહારાજા ગાયકવાડે પોતાના રાજ્યમા કેળવણીના પ્રચારને માટે પગલા ભર્યા છે બ્રિટિશ પ્રાન્તોમા ફરજિયાત કેળવણી દાખલ

કરવાનો વિચાર થયો તે પહેલાં મહારાજા સાહેબે પોતાના રાજ્યમાં તે દાખલ કરી હતી. વડોદરામાં ઉત્તમ પુસ્તકાલય છે. વાચનનો પ્રચાર વધારવા ફરતા પુસ્તકાલયની યોજના એ રાજ્યમાં છે. વડોદરામાં 'કલાભવન' જેવું વિજ્ઞાન પ્રાપ્ત કરવાનું ઉત્તમ સ્થળ છે, તેનો લાભ લેવા મુંબઈ ઇલાકાની બહારથી પણ શિષ્યો આવે છે. વડોદરાની ઇસ્પિટાલ પણ વિશાળ છે; તેમાં રેડિયમ, એક્સ-રેઈઝ, વગેરેના પ્રયોગ માટે સુંદર વ્યવસ્થા છે અને શરીરશાસ્ત્રનું ઉત્તમ જ્ઞાન આપી શકે એવા વિદ્વાન દાક્તરો છે. એ ઇસ્પિટાલનો લાભ લેવા ઘણા દર્દીઓ દૂરથી પણ આવે છે. રૂના પાકનાં મીઆગામ ને નવસારી જેવાં મોટાં સ્થળો એ રાજ્યમાં છે. એ રાજ્યમાં કચેરીમાં ને શહેરસુધરાઈખાતામાં બધું કામ દેશી ભાષામાં ચાલે છે, એ ઘણું સ્તુત્ય છે. આ પ્રમાણે યુનિવર્સિટી માટે સાધનસંપત્તિ પુષ્કળ છે, ને પરિસ્થિતિ અનુકૂળ છે. મહિસુર જેવા રાજ્યમાં પોતાની યુનિવર્સિટી છે, તો વડોદરા રાજ્ય માટે વડોદરામાં જુદી યુનિવર્સિટી હોવી ઇષ્ટ છે. મહારાજા સાહેબની સમક્ષ વ્યવસ્થિત યોજના મૂકવામાં આવે તો તેનો સત્કાર થવાનો સંભવ માની શકાય. જુદી યુનિવર્સિટીથી મહારાજા સાહેબ કેળવણીને અનેક દિશામાં જે સ્વરૂપ આપવું હશે તે આપી શકશે. વ્યાપારી કેળવણી, ઔદ્યોગિક કેળવણી, ને વિજ્ઞાનની વ્યાવહારિક કેળવણી, તેમજ ખેતીની કેળવણીથી જ્ઞાનમાર્ગ સર્વદેશી થશે અને સમસ્ત પ્રજાનું શ્રેય થશે. મહારાજા સાહેબે પોતાની પ્રજાના હિતને અર્થે અનેક સારી યોજનાઓ ઘડી છે ને સંસ્થાઓ ઉઘાડી છે, તો કેળવણી જેવા અગત્યના વિષયમાં આ અગત્યનું પગલું ભરી પ્રજાનું વિશેષ કલ્યાણ તેઓ સાધશે એવી આશા આપણે રાખી શકીએ તેમાં કંઈ અજુગતું નથી.

આ બે કે એમાંથી એક યુનિવર્સિટી સ્થપાશે તો માતૃભાષા દ્વારા કેળવણી આપવાના વિષયનું એની મેળે જ નિરાકરણ થઈ જશે. એ વિષે આપણે કોઈની ભીખ માગવાની રહેશે નહિ.

સાહિત્યપરિષદનું કર્તવ્ય

સાહિત્યપરિષદ ઇ. સ. ૧૯૦૫માં મળી હતી, તેને લગભગ વીસ વર્ષ જેટલો લાંબો સમય થયો છતાં વ્યાવહારિક દૃષ્ટિએ જોતાં પરિષદે બહુ ઉપયોગી કાર્ય કર્યું હોય એવું જણાતું નથી, એ બાબત

આ સત્રમાં ખાસ વિચાર કરી કંઈક રચનાત્મક કાર્ય થાય એવી યોજના ઘડવી એ આ સત્રનું ખાસ કર્તવ્ય છે વિદ્વાનોના પરસ્પર સમ્મીલનથી ઘણો લાભ થાય છે, એ નિર્વિવાદ છે, પરંતુ જ્યાંસુધી પરિષદ કંઈ સંગીન કામ કરતી નથી ત્યાંસુધી આવા સમારંભથી જનસમાજ તૃપ્ત થતો નથી નિબંધો લખાવવાની હવે બહુ જરૂર નથી વર્તમાનપત્રોના ખાસ અંકો તથા સારાં માસિકોમાં તેને માટે જોઈએ તેટલો અવકાશ છે જોડણી જેવા વિષયનો પણ પરિષદથી નિર્ણય થઈ શક્યો નથી એ વિષય ઘણો વિકટ છે ને સાક્ષરોના મતભેદને લીધે એનો નિર્ણય થઈ શકતો નથી પરંતુ નિર્ણય કરવો જ હોય તો ન જ બની શકે એમ નથી આ વાત મેં ‘ગુજરાતશાળાપત્ર’માં તેમજ મારા ‘બૃહદ્ વ્યાકરણ’માં ચર્ચી છે ત્યાં જે માર્ગ દર્શાવ્યો છે તે માર્ગે જ નિર્ણય થઈ શકે એમ છે વીસપચીસ વિદ્વાનોનું એક વ્યાપક મંડળ એકઠું કરવું જોઈએ તેમાં જેમની શિષ્ટ લેખકમાં ગણના થતી હોય એવા હિંદુ, પારસી, મુસલમાન વિદ્વાનો, સારું ગુજરાતી જ્ઞાન ધરાવનાર પાદરીઓ, પ્રસિદ્ધ માસિક, સાપ્તાહિક, ને દૈનિક પત્રોના તંત્રીઓ, સરકાર તરફના ને વડોદરા ને કાઠિયાવાડના બબ્બે ત્રણ ત્રણ પ્રતિનિધિઓનું વિસ્તૃત મંડળ ભેગું થવું જોઈએ એ મંડળ બહુમતે જે નિયમો કરે તે પરિષદે માન્ય કરવા એવો નિશ્ચય પરિષદ કરે તો કંઈ નિકાલ આવે હિંદુ સમ્પ્રદાયોમાં જુદી જુદી રીતિના હિમાયતીના પ્રતિનિધિઓ જોઈએ હાલ તો એ વિષયમાં અરાજકતા પ્રવર્તે છે તરુણ લેખકો કંઈ પણ વિચાર કર્યા વિના સ્વચ્છંદે—રુચે તે માર્ગે—પ્રવર્તે છે કોઈ બધા શબ્દો, જેના ઉચ્ચારમાં હકાર સહેજ પણ સંભળાતો હોય એવા તમામ શબ્દોમાં હકાર લખે છે, કદાચ લખાણ કે છાપવાની મુશ્કેલીનો તેઓ વિચાર કરતા નથી કેટલાક અર્ધજરતીય ન્યાયે અનુસરી થોડા શબ્દોમાં હકાર લખે છે ને થોડામાં નથી લખતા કેટલાક અત્યારસુધી ટૂંકો ઉ લખાતો એવા સાધારણ શબ્દો—‘લખું છું, વાંચું છું,’ જેવામાં બધા ઉકાર દીર્ઘ લખે છે ભાષાના સ્વરૂપમાં આમ અરાજકતા ચાલવા જ દેવી ઇષ્ટ નથી પણ, સાક્ષરો પોતાનો મત તજવા તૈયાર ન જ હોય ને ઉપર સૂચવ્યું તેવું મંડળ જે નિયમો બહુમતે કરે તે અનુસરવા તત્પર ન હોય તો એ વિષય પડતો જ મૂકવો નાછૂટકે જનસમાજની રુચિ જ અનુસરવી પડશે ને તે જ વિજયી થશે

સ્થાયી મંડળ

ઉપર દર્શાવેલાં જેવાં કામોનો નિકાલ કરવા સાહિત્યની વૃદ્ધિને યોગ્ય માર્ગે જે ઉત્તેજન અપાવી શકે અને જેનાં કાર્ય પ્રમાણભૂત ને વજનદાર ગણાવાથી ગ્રાહ્ય જ થાય એવા સ્થાયી મંડળને સાહિત્યપરિષદે નીમવું જોઈએ. એ મંડળ નીમવાની જરૂર માન્ય થશે તો એનું બંધારણ સહેલથી નક્કી કરી શકે એવા વ્યવહારદક્ષ અને અનુભવી પુરુષો—શ્રીયુત સર પટણી અને શ્રીયુત લલ્લુભાઈ સાહેબ જેવાની સલાહ નીચે કામ કરનારા પુરુષોની અહીં ખોટ નથી. એવા સ્થાયી મંડળના બંધારણ તથા કર્તવ્ય વિષે મારી નમ્ર સૂચના નીચે પ્રમાણે છેઃ—

બંધારણ

સુરત, વડોદરા, અમદાવાદ, તથા મુંબઈ જેવાં શહેરોમાં 'સાહિત્યસભા' કે 'સાહિત્યસંસદ' છે. એવે સ્થળે એ સભા કે સંસદ અનુક્રમે ૩, ૩, ૪ ને ૬ પ્રતિનિધિ સ્થાયી મંડળ માટે નીમે. એ પ્રતિનિધિઓ સભાના કે સંસદના સભ્ય હોવાની જરૂર નથી. નડિયાદ, ભરૂચ, ગોધરા ને કાઠિયાવાડમાં એવી સભા હોય તો ત્યાંથી પણ શહેરોમાંથી બબ્બે પ્રતિનિધિ ને કાઠિયાવાડ પ્રાંતમાંથી ચાર પ્રતિનિધિ એ સભા નીમે. એ સ્થળોએ એવી સભા ન હોય તો અન્ય સ્થળોના પ્રતિનિધિઓનું મંડળ એ સ્થળેથી એટલા વિદ્વાનોની વરણી કરે.

એવા સ્થાયી મંડળનું કામ કરવા બે મન્ત્રીઓ નીમવા. બને તો એ મન્ત્રીઓ પગારદાર નીમવા. પગાર લીધા વિના કામ કરવા ઉત્સુક પુરુષો મળી આવે તો તેમની સેવા ઉપકાર સાથ સ્વીકારવી.

મંડળ ઘણુંખરું કામ મન્ત્રીના પત્રવ્યવહારથી જ કરે.

વર્ષમાં જે જે પુસ્તકો પ્રસિદ્ધ થયાં હોય તેમાંનાં સારાં, નોંધ લેવાલાયક પુસ્તકો કયાં છે તે વિષે મન્ત્રીઓએ સ્થાયી મંડળના સભ્યો પાસે બહુ ટૂંકું લખાણ માંગવું અને એ લખાણની બહુમતિ પ્રમાણે મંત્રીઓએ ટૂંકા વાર્ષિક રિપોર્ટનો ખરડો તૈયાર કરી તે એ મંડળના સભ્યોમાં ફેરવવો. તેમની સૂચના થાય તો તેનો અમલ કરી એ રિપોર્ટ પ્રસિદ્ધ કરવો.

પ્રતિવર્ષે એવો રિપોર્ટ પ્રસિદ્ધ થવો જોઈએ.

સાહિત્યપરિષદનું નવું અધિવેશન થાય ત્યાંસુધી આ સ્થાયી મંડળ ચાલુ રહે. પછી નવુ મંડળ નિમાય તે નવા સત્ર સુધી જારી રહે.

સ્થાયી મંડળનું સ્થાન અમદાવાદમાં રાખવું તથા મંત્રીઓને કામ કરવા પ્રેમાભાઈ હૉલમાં કે અન્ય સ્થળે જગા મળી આવશે

સ્થાયી મંડળનું કર્તવ્ય

૧ ઉત્તેજનને માટે ભલામણ

સાહિત્યની ન્યૂનતા કઈ કઈ દિશામાં છે તે ઉપર દર્શાવ્યું છે એ દિશામાં સાહિત્યસેવકો તરફથી પ્રયત્નો થાય તેમાનો જે ઉત્તેજનને યોગ્ય હોય તેને ઉત્તેજન આપવા વાર્ષિક રિપોર્ટમાં ભલામણ કરવી આવા મંડળનો મત વજનદાર ગણાશે સરકારથી તેની ઉપેક્ષા કે તિરસ્કાર કરી શકાશે નહિ દેશી રાજ્યો તેને માન્ય ગણશે આથી લેખકને પોતાના કામમાં પ્રોત્સાહન મળશે જનમંડળને પણ આવા મંડળની ભલામણવાળાં પુસ્તકો વાંચવાની ઇચ્છા થશે, વાચનરંગમાં સારા ગ્રન્થો તરફ અભિરુચિ ઉત્પન્ન થશે અને સાહિત્યના જ્ઞાનનો પ્રચાર વધશે

૨ પુસ્તકપરીક્ષાકમિટી બંધારણ ને કાર્યમાં ખામી

સાહિત્યને સરકાર તરફથી જોઈએ તેવી મદદ મળતી નથી સરકારના પુસ્તકપરીક્ષામંડળના બંધારણ અને કાર્યમાં ખામીઓ છે, એમાની થોડીક નીચે દર્શાવું છું સ્થાયી મંડળ એ તરફ સરકારનું લક્ષ ખેંચી શકે

ઉત્તેજન માટે પુસ્તકો મોકલવાની કઢંગી પદ્ધતિ

પુસ્તકો અધિકારી તરફ મોકલવાના ગ્રન્થકારે પાળવાના નિયમો કઢંગા છે સાધારણ રીતે પાઠ્યપુસ્તક તરીકે મંજૂર કરવાના પુસ્તકો જે જાતની શાળામાં—પ્રાથમિક કે માધ્યમિકમાં—તે ચલાવવાની ગ્રન્થકારની ઇચ્છા હોય, તે શાળાના કોઈ શિક્ષકે પોતાની ભલામણ સાથે તે પુસ્તક કેળવણીખાતાના ઇન્સ્પેક્ટરને મોકલવું પ્રતિષ્ઠિત લેખકો પોતાના પુસ્તક ઇન્સ્પેક્ટરને બારોબાર મોકલે તો તે સ્વીકારવાની તેને સત્તા છે, પરંતુ સાધારણ રીતે તેને શાળાના શિક્ષકની મારફતે જ તે પુસ્તક મોકલવાની ફરમાન કરવામાં આવે છે અગાઉ ગ્રન્થકાર પોતાના પુસ્તક બારોબાર ઇન્સ્પેક્ટરને કે 'ડિરેક્ટર ઑવ પબ્લિક ઇન્સ્ટ્રક્શન'ને મોકલી શકતો હતો હાલનો નિયમ દેખીતો જ વિચિત્ર છે લેખકની સ્વતંત્રતા પર મોટો પ્રતિબન્ધ છે સારા લેખકને પોતાના પુસ્તકની ભલામણ કરાવવા અન્ય પુરુષ મારફતે પ્રયત્ન કરવો ન ગમે

એ હરકોઈ સમજી શકે એવું છે. સરકારી અમલદારોના લક્ષમાં આવી આવી સાધારણ બાબત પણ કેમ ન આવી તે સમજી શકાતું નથી. મેં એ નિયમ કેવો કઢંગો છે તે દર્શાવી તે તરફ પ્રિ. પ્રાંજપેનું—કેળવણીખાતાના પ્રધાનનું—ધ્યાન ખેંચ્યું હતું; પરંતુ એમનો અંશે પદ્ધતિનો સમર્થક ને અંશે ઉડાઉ જવાબ જ મને મળ્યો હતો. વળી આ નિયમને સરકારે જોઈએ તેવી પદ્ધતિ આપી નથી. પરિણામ એવુ આવ્યું છે કે મ્યુનિસિપલ પ્રાથમિક શિક્ષકોની તેમજ લોકલ બોર્ડના શિક્ષકોની એવી અરજી તેમના ઉપરિ અધિકારીઓ સ્કૂલ-બોર્ડના પ્રમુખે ને 'ડેપ્યુટિ એડ્યુકેશનલ ઈન્સ્પેક્ટરે' ઈન્સ્પેક્ટરને રવાને કરવા ના પાડી છે. એક વખત એક એડ્યુકેશનલ ઈન્સ્પેક્ટરે ડિરેક્ટરને સરકારી રીતે પૂછ્યું કે તમારા નામની જે જે અરજી મારા પર આવે તે બધી તમને રવાના કરવાને હું બંધાયેલો છું કે મને જે યોગ્ય લાગે તે જ હું રવાના કરી શકું, ત્યારે ડિરેક્ટરે ઇન્સ્પેક્ટરને યોગ્ય ઉત્તર આપ્યો હતો કે તમે મારા નામની દરેક અરજી મને મોકલવાને બંધાયલા છો. તમને રુચે તેવા શેરા સાથે પણ તમારે તે મોકલવી જ જોઈએ. આ નિયમ પળાતો નથી ને ઘણા અધિકારીઓ હાથ નીચેના નોકરોની પોતાના ઉપરી અધિકારી તરફ કરેલી અરજી દબાવી રાખે છે. પ્રસંગવશાત્ આ દુર્વ્યવસ્થાની નોંધ લીધી.

બંધારણમાં ખામી

પુસ્તકપરીક્ષામંડળમાંના સભ્યો કેળવણીના અનુભવી અને સાહિત્યના જ્ઞાતા હોવા જોઈએ. અમુક અધિકારીને તે સાહિત્યનો જ્ઞાતા હોય કે ન હોય તો પણ અધિકારની રૂએ જ સભ્ય નીમવો એ દેખીતું જ ઉપહાસને પાત્ર છે. જ્યાં જ્ઞાનની જરૂર હોય ત્યાં અધિકાર શું કરી શકે? પરિણામ એવું અનિષ્ટ આવે કે અધિકારીમાં સાહિત્યનું કે ભાષાનું પૂરતું જ્ઞાન ન હોય તો તે પોતાના તાબેના માણસનો અભિપ્રાય લે. અર્થાત્, સભ્ય તરીકે અધિકારીને બદલે તેના તાબાનો માણસ કામ કરે. આ બાબત પર સરકારનું લક્ષ જતું નથી તે ખેંચવું એ આવા સ્થાયી મંડળનું કામ છે.

અયોગ્ય અતિવિલંબ

પુસ્તકો પર નિર્ણય આવતાં બહુ કાળ ન વીતે માટે સરકારે ચારેક વર્ષ થયાં નવી કમિટી નીમી છે ને તેણે ત્રણ મહીનામાં ઓછામાં ઓછું એક વાર મળીને જલદી નિર્ણય કરવો એવો સરકારનો હુકમ

છે કોઈ પણ પુસ્તક પર નિર્ણય આપવામા છ માસથી વધારે વખત ન જવો જોઈએ, ને કમિટીના વધુ મત પ્રમાણે નિર્ણય આપવો એવો પણ સરકારનો નિયમ છે ત્યા સખેદ કહેવુ પડે છે કે એ બધા નિયમોની કોઈ વાર અવગણના થાય છે નિયમ મનુષ્યમાત્રને સરખો બધનકર્તા હોવો જોઈએ, પણ હાલ વસ્તુસ્થિતિ એવી છે કે નિયમ સાધારણ મનુષ્યને નિયામક છે, કેટલાક અધિકારીને નહિ અધિકારી તેના પર પણ પોતાનો અધિકાર ચલાવી તેનુ ઉલ્લઘન કરી શકે છે છ માસને બદલે વરસ થવા આવે છે કે થઈ જાય છે તોપણ પુસ્તકનો નિકાલ થતો નથી

ઉત્તેજન નામનુ જ છે

પાઠ્યપુસ્તક તરીકે મજૂર થયેલા પુસ્તકોને પોતાની શાળામા ચલાવવાની શિક્ષકોને છૂટ છે, પરંતુ હાલ વર્ષ થયા ડિરેક્ટર સાહેબે એવો નિયમ કર્યો છે કે અમુક વિભાગની બધી સરકારી હાઇસ્કૂલોમા અમુક ધોરણોમા સરખા જ પુસ્તકો ચાલે આ થવાથી કેળવણીને ને સાહિત્યને કેટલી બધી હાનિ પહોચે છે? હેડ માસ્તરોની સ્વતત્રતા નષ્ટ થાય છે નબળી નિશાળને ચઢિયાતી નિશાળ સાથે ખેચાવવુ પડે છે કે ચઢિયાતી નિશાળને નબળી નીચી સ્થિતિમા ઊતરવુ પડે છે, કેમ કે એક જ જાતના પુસ્તકો બધી નિશાળોને સરખા માફક આવી શકે જ નહિ આ મડળના બધારણ ને કાર્યમા સુધારો સૂચવવો એ સ્થાયી મડળનુ કામ છે સમજુ છુ

૩ યુનિવર્સિટીના અભ્યાસક્રમમા માતૃભાષાને સ્થાન

આપણી યુનિવર્સિટીએ માતૃભાષાને યોગ્ય સ્થાન આપ્યુ નથી માત્ર એમ એ ના ને બી એ ની પાસ પરીક્ષાના અભ્યાસક્રમમા જ ન છૂટકે સ્થાન આપ્યુ છે બીજી ભાષાની સાથે માતૃભાષાને દરેક પરીક્ષામા સ્થાન જોઈએ તેને માટે બીજી ભાષાનો અભ્યાસક્રમ અગે ઓછો કરાય કે વિદ્યાર્થીના શિર પર બોજો ન પડે માતૃભાષાના સારા જ્ઞાન વગર તે પર પ્રેમવૃત્તિનો ઉદ્ભવ ને વિકાસ થયા વિના પદવીધરો પોતાના ઊચા જ્ઞાનનુ સક્રમણ જનસમાજના પ્રાકૃત માણસોમા કરી શકતા નથી, આથી જ્ઞાનનો પ્રચાર અટકે છે ને માતૃભાષાનો વિકાસ પણ હ્રાસ પામે છે

માતૃભાષાને સ્થાન આપવામા વિરોધીઓ એવો વાધો ઉઠાવે છે કે દેશી ભાષામા યોગ્ય ને ક્રમિક સાહિત્ય નથી ઉપર દર્શાવ્યા

પ્રમાણે એ વાંધો છેક અસત્ય નથી. પણ મનુષ્યને જરૂરિયાત પડે છે એટલે કાર્ય કરવાની શક્તિ ને ઉત્સાહ ઉત્પન્ન થાય છે એ સૂત્રનું વિસ્મરણ થવું યુક્ત નથી.

આ વિષય પર યુનિવર્સિટીનું લક્ષ ખેંચવું એ સ્થાયી મંડળનું કર્તવ્ય થશે. પરિષદ પણ એ બાબતનો ઠરાવ કરી શકે.

માતૃભાષામાં કેળવણી

વિદેશીય કેળવણી વિદેશી ભાષા દ્વારા આપવાની સૃષ્ટિક્રમથી વિરુદ્ધ પદ્ધતિ આપણા જ દેશમાં છે. મનુષ્યમાત્ર પોતાની માતૃભાષામાં જ વિચાર કરે છે, પર ભાષામાં કરતો નથી. આપણા દેશમાં વિપરીત પદ્ધતિ ચાલે છે. તેથી નીચે દર્શાવેલા ગેરલાભ થાય છેઃ—

૧. જ્ઞાન સંગીન થતું નથી.

૨. સ્મરણશક્તિ પર નિરર્થક ભાર પડે છે.

મારી હાઈસ્કૂલની નોકરી દરમ્યાન પાંચમા ધોરણમાં એડિથ થૅામ્સનકૃત ઇંગ્લંડનો ઇતિહાસ એ પાઠ્ય પુસ્તક હતું. ધોરણ માટે એની ભાષા અઘરી પડે એમ છે. શિક્ષણ તેમજ પરીક્ષા અંગ્રેજી ભાષામાં હોવાથી મને યાદ છે કે એક શિક્ષક વિદ્યાર્થીઓ પાસે જુદા જુદા પરિચ્છેદો મોંએ જ કરાવતો અને પરિચ્છેદનું મથાળું બોલી તેમની પાસે બધો પરિચ્છેદ મોંએ બોલાવતો. વળી 'ફ્યુડલ સીસ્ટમ' વિષે શિષ્યો ગોખેલું લખી કાઢે ને 'ફ્યુડલ સીસ્ટમ' એટલે શું એમ પૂછીએ તો એ જમીનને લગતો ધારો હતો એટલું પણ જાણે નહિ એ કેવું ઉપહસનીય છે! આ પ્રમાણે વિદેશી ભાષામાં શિખવવાથી માત્ર સ્મરણશક્તિ પર જ નકામો બોજો પડે છે.

૩. સંસ્કૃત ભાષાનું જ્ઞાન માતૃભાષા દ્વારા સહેલાઈથી આપી શકાય છે. ઘણા શબ્દો બંને ભાષામાં સામાન્ય હોય છે. ગુજરાતી ભાષાનું વ્યાકરણ શિખવાતું નથી એ શોચનીય છે. એ જો વિદ્યાર્થી બરાબર શીખ્યો હોય તો સંધિ, સમાસ, ને તદ્ધિત ને કૃત્પ્રત્યયોનું જ્ઞાન તેને સંસ્કૃત ભાષાનું વ્યાકરણ શીખવામાં ઘણું ઉપકારક થાય.

એક એવો પૂર્વપક્ષ ઉઠાવવામાં આવે છે કે વિષયોનું જ્ઞાન માતૃભાષા દ્વારા આપવાથી વિદ્યાર્થીનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન ઘણું નબળું થશે. પરંતુ એ પૂર્વપક્ષ ખોટો છે. માતૃભાષા દ્વારા અગાઉ કહ્યું તેમ વિષયોનું જ્ઞાન સુગમ ને સંગીન થશે, સ્મરણશક્તિ પર

નકામો બોજો ઓછો થશે, અને થોડા વખતમાં વધારે સારું જ્ઞાન મળશે આમ કરવાથી જે સમય બચશે તેનો ઉપયોગ અંગ્રેજી ભાષાનું સંગીન જ્ઞાન આપવામાં કરી શકાશે આથી અંગ્રેજી ભાષાના અભ્યાસને ગેરલાભ થવાને બદલે ઘણો લાભ થશે

લોકોની માગણી ઉપરથી સરકારનું લક્ષ એ તરફ ગયું છે સંસ્કૃત ને ઇતિહાસ વિષયો માતૃભાષા દ્વારા શિખવવા મંડાયા છે 'સ્કૂલ-લીવિંગ પરીક્ષા'માં એ વિષયોની પરીક્ષા માતૃભાષામાં પણ લેવી એવી સરકારની ઇચ્છા છે પણ યુનિવર્સિટીને ખરચ વધારે પડવાથી તે એ યોજના અમલમાં મૂકતી નથી

હમણાં આપણી યુનિવર્સિટી કોઈ પણ પ્રકારના સુધારા કરવા તરફ દુર્લક્ષ કરે છે લાંબા સમયના પડેલા ચીલામાં જ પોતાનો માર્ગ લે છે, ચીલાથી સહેજ પણ બહાર નીકળવાની પ્રવૃત્તિ તેને ઇષ્ટ નથી

પ્રાથમિક શિક્ષકોની ટ્રેનિંગ સંસ્થાની દુર્દશા

સરકારે એક તરફ કેળવણી ફરજિયાત કરી છે અને તેમ કરી જનસમાજ ઉપર મોટો ઉપકાર કર્યો છે ત્યારે બીજી તરફ તેણે ટ્રેનિંગ સંસ્થામાં ઘટાડો કરી કેળવાયેલા શિક્ષકની સંખ્યામાં ઘટાડો કરી પ્રાથમિક કેળવણીની દુર્દશા કરી છે સરકાર એમ માનતી જણાય છે કે ટ્રેનિંગ સંસ્થાના ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં માત્ર પહેલા વર્ષની કેળવણી જ બસ છે અત્યાર સુધી પહેલા વર્ગમાં પાસ થયેલા શિક્ષકો કૉલેજ છોડી જતા રહ્યા હોય તો તે 'ટ્રેઈન્ડ' ગણાતા જ નહિ બીજું ને ત્રીજું વર્ષ પસાર કર્યું હોય તે જ 'ટ્રેઈન્ડ' ગણાતા, અને એ જ વાસ્તવિક હતું, કારણ કે પહેલા વર્ષના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને બહુધા જે શીખી ગયા હોય તેનું પુનરાવર્તન જ કરવાનું હોય છે અગાઉ તો સંસ્કૃત ને અક્ષરગણિત એ બે વિષયો નવા હતા હવે તો તે પણ કાઢી નાખ્યા છે આવી અપૂર્ણ કેળવણી મેળવનારને 'ટ્રેઈન્ડ' કહી પ્રાથમિક શાળાનું શિક્ષણ તેમને સોંપવું એ એ દેખીતું જ બંને રીતે શિષ્યો તેમજ શિક્ષકો બંનેને હાનિકારક છે પ્રાથમિક શાળાના નીચલા ધોરણો શીખવવા સરકારને સારા કેળવાયેલા શિક્ષકોની જરૂર ન હોય તો અંગ્રેજી નિશાળોમાં નીચેના ધોરણો શીખવવા મોટા પગાર આપી પદવીધરોને રાખવાનું શું કામ છે ?

બીજા ને ત્રીજા વર્ષની કેળવણી આપી તેમને પગાર આપવો સરકારને ભારે પડે છે, તો મોટા અધિકારીઓને મોટા પગાર આપવા કેમ ભારે પડતાં નથી ? મોંઘવારીનો ભાર થોડા પગારવાળાને કે મોટા પગારવાળાને અસહ્ય છે ? સરકારે પગાર વધારવામાં નીચેના નોકરોના પગાર વધારવાની શરૂઆત કરી ઉપલા અધિકારી સુધી જવાને બદલે વિપરીત માર્ગ લીધો છે; અને એવી મોટી ભૂલ કરી હવે પૈસાની ભીડ પડવાથી પ્રાથમિક કેળવણીનું મોટું અકલ્યાણ કર્યું છે.

સંસ્કૃત, ફારસી, એ બીજી ભાષાને ને અક્ષરગણિતને અભ્યાસક્રમમાંથી કમી કરતી વખત સરકારે વિચાર કર્યો નહિ કે પચાસ વર્ષ થયાં—જ્યારથી એ સંસ્થા સ્થપાઈ ત્યારથી—એ વિષયો શીખવાય છે, તો તેને કાઢી નાંખતા પહેલાં પોતાના અધિકારી સિવાય અન્ય અનુભવી પુરુષોનો અભિપ્રાય લેવો જોઈએ. પરંતુ તે લીધો નહિ ને પ્રાથમિક શિક્ષકોની પોતાની તેમજ જનમંડળની ફરિયાદ પર લક્ષ આપ્યું નહિ ને હવે પાંચેક વર્ષને અન્તે ઠરાવ બહાર બહાર પાડી સરકારને પોતાની ભૂલ કબૂલ કરવી પડી છે કે ત્રીજું વર્ષ અગાઉ કરતાં નબળું થયું છે, તેનાં કારણોમાં સંસ્કૃત ને અક્ષરગણિતના વિષયો કમી કરવામાં આવ્યા છે એ પણ છે !

સ્થાયી મંડળ આવી સરકારની ભૂલો તરફ તેનું લક્ષ ખેંચી શકે અને એ મંડળ મેં દર્શાવેલે માર્ગે કામ કરશે તો એનું લખાણ પ્રમાણભૂત ગણાશે ને સરકારને ને યુનિવર્સિટી તે માન્ય કરવું પડશે એમ હું ધારું છું.

સ્કૂલ-લીવિંગ પરીક્ષા

આ પરીક્ષાના બે વિભાગ છે; ૧ 'મૅટ્રિક્યુલેશન' અને ૨. 'ફાઈનલ'. એમાંની પહેલી પરીક્ષા એ યુનિવર્સિટી–કેળવણીનું પ્રવેશ-દ્વાર છે ને બીજી સરકારી નોકરીનું. પહેલી પરીક્ષામાં દેશી ભાષા ને વિજ્ઞાન જેવા અગત્યના વિષયોની પરીક્ષા લેવાનું કામ યુનિવર્સિટીએ છોડી દીધું છે. તેને બદલે તે હેડ–માસ્તરોના ઉમેદવારને આપેલા પ્રમાણપત્રથી જ સંતુષ્ટ થાય છે. આ પદ્ધતિ ઘણીજ વાંધાભરેલી છે, તેનાં કારણો નીચે દર્શાવ્યાં છે:—

૧. આ અગત્યના વિષયો બરાબર શિખવાતા નથી,

૨. 'મૅટ્રિક્યુલેશન'માં જેટલા ઉમેદવારો હોય છે તેમાંના

તૃતીયાંશ કે ચતુર્થાંશ પરીક્ષામાથી ઉત્તીર્ણ થાય છે, પરતુ નાપાસ થયેલા બધા ઉમેદવારોએ વિજ્ઞાન ને માતૃભાષા તથા ભૂગોળના વિષયમા પ્રમાણપત્ર મેળવેલા હોય છે આનો અર્થ દેખીતો એ જ છે કે હેડ-માસ્તરો એ વિષયમા પ્રમાણપત્ર આપવામા ઘણા ઉદાર છે

૩ માતૃભાષાની કેળવણી ને સાહિત્યની પ્રગતિ અને પ્રચાર માટે જનમડળ ચારે તરફથી પોકાર કરી રહ્યુ છે તેવે પ્રસગે એ ઉપયોગી વિષયના શિક્ષણ પર યુનિવર્સિટીએ દુર્લક્ષ રહેવુ યુક્ત નથી

૪ વિજ્ઞાનનો વિષય સરકારે ઠેઠ નીચના ધોરણમા પણ દાખલ કર્યો છે શાળાઓની પ્રયોગશાળામા સપૂર્ણ ને નવા પ્રકારના સાધનો છે કે નહિ તેને માટે સરકાર પોતાના એ ખાતાના ઈન્સ્પેક્ટર મારફત તપાસ રાખે છે આવી સ્થિતિમા છેક ઉપલા ધોરણમા એ વિષયના શિક્ષણ તરફ યુનિવર્સિટી આટલી બધી બેદરકાર રહે છે એ તે પોતાના કર્તવ્યમાથી ભ્રષ્ટ થાય છે

૫ અમુક વિષયોમા પ્રમાણપત્રથી ચલાવી લેવુ અને અમુક વિષયોની પરીક્ષા લેવી, એથી એટલુ જ સિદ્ધ થાય છે કે જે વિષયોમા તે પ્રમાણપત્ર સ્વીકારે છે તે વિષયોને તે બીજા વિષયોથી હલકા ગણે છે

આ વાધાભરેલી પદ્ધતિ કાઢી નાખી એ વિષયોમા પરીક્ષા શરૂ કરે કે શિક્ષણમા સુધારો થાય, એ બાબત યુનિવર્સિટીના લક્ષમા લાવવી એ આ સ્થાયી મડળનુ કર્તવ્ય છે પરિષદ પણ આ વિષયનો ઠરાવ કરી શકે

શાળાઓના અભ્યાસક્રમમા પણ સુધારાનો પુષ્કળ અવકાશ છે દરેક શિષ્યે કોઈ પણ પ્રકારની નાગરિક કસરત લેવી જ જોઈએ તે માટે એ વિષયને અભ્યાસક્રમમા સ્થાન જોઈએ, તેમજ ગાયન જેવા વિષયને અભ્યાસક્રમમા સ્થાન નથી તે અપાવવુ, અને પરીક્ષાના પ્રશ્નપત્રને અનુસરીને શાળામા શિક્ષણ ઘડાઈ વ્યુત્પત્તિ અને વ્યાકરણ જેવા અગત્યના વિષયોના પ્રશ્નો પૂછાતા બધ થયાને લીધે એ વિષયના શિક્ષણનો પણ શાળાએ બહિષ્કાર કર્યો છે તે વાત સરકારના કે યુનિવર્સિટીના લક્ષમા પણ કદાચ નહિ હોય, તે લક્ષમા લાવવી, એ આ સ્થાયી મડળનુ કર્તવ્ય થશે

વળી કેળવણી એવી છે, તેને વિવિધ દિશામા ફેરવવાની જરૂર છે ઔદ્યોગિક ને વૈજ્ઞાનિક કેળવણીની આપ દેશમા આવશ્યકતા છે—

આ અને બીજા અનેક કેળવણીને ને સાહિત્યને લગતા કૂટ પ્રશ્નોનું નિરાકરણ કરવા સ્થાયી મંડળની જરૂર છે.

ઉપસંહાર

ગૃહસ્થો, આપણા સાહિત્યની પૂર્વદશાનું અને આધુનિક દશાનું તેમજ તેમાં શી શી અપેક્ષા છે તેનું અને માત્ર સંભાષણો ને વાદ કરવાને બદલે, કે નિબંધોના વાચનથી તૃપ્ત થવાને બદલે રચનાત્મક કાર્ય કેવી રીતે થઈ શકે તેનું પણ યથામતિ તમને સૂચન કર્યું. કાર્ય કરવું, પછી તે સુધરશે. દુનિયામાં માનવકૃત્યમાં સંપૂર્ણતા ક્યાંથી હોય ? જૉન રસ્કિને ખરું કહ્યું છે કે મનુષ્ય યન્ત્ર જેવી સંપૂર્ણતાથી કામ કરી શકે જ નહિ. તેના હાથનાં આંગળાં યન્ત્રના જેવું અને પગ દાંતાવાળા ચક્ર જેવું ચોકસ કામ કરી શકતાં હોય તો પછી મનુષ્યત્વ નહિ, દેવત્વ છે. શારીરિક કાર્યમાં જે નિયમ પ્રવર્તે છે તે માનસિક કાર્યમાં પણ પ્રવર્તે છે.

અન્તે તરુણ સાહિત્યરસિકોને બે બોલ કહેવા અવશિષ્ટ રહે છે. બંધુઓ, ગુજરાતી સાહિત્યનું ભવિષ્ય તમારા જ હાથમાં છે. તમે એ સાહિત્યનો પ્રાણ છો, તમે જ એનો આત્મા છો. તમારા પ્રયત્ન પર જ એના શ્રેયનો ને ભાવી કલ્યાણનો બધો આધાર છે. તમારી પૂર્વના લેખકોએ જે જ્ઞાનપ્રદીપ પ્રગટાવ્યો છે તેની જ્યોતને ઝગઝગતી કરો, તેનો પ્રકાશ ચારે તરફ ફેલાવો અને સાહિત્યક્ષેત્રનો સર્વ પ્રદેશ એવો તો પ્રકાશમય બનાવો કે અન્ય સાહિત્યક્ષેત્રમાં વિચરનારને તે આદર્શભૂત થાય.



સ્વ. રમણભાઈ મહીપતરામ નીલકંઠ
[ઇ. સ. ૧૮૬૮–૧૯૨૮]
પ્રમુખ : આઠમી ગુજરાતી સાહિત્ય પરિષદ,
મુંબઇ, ૧૯૨૬.

સ્વ. રા. બ. રમણભાઈ મહીપતરામ નીલકંઠનું ભાષણ

આઠમી ગુજરાતી સાહિત્ય પરિષદ : મુંબઈ

એપ્રિલ ૧૯૨૬

સર રમણભાઈ મહીપતરામ નીલકંઠ

[ઈ. સ. ૧૮૬૮–૧૯૨૮]

પોતાની અનેકવિધ સેવાઓથી ગુજરાતને સમૃદ્ધ બનાવનાર મહાજનોમાંના એક તરીકે ગુજરાત રમણભાઈને ઓળખે છે. એમના પિતાના પરદેશગમને ગુજરાતમાં જે ખળભળાટ મચાવ્યો હતો તે આજે પણ ઇતિહાસનાં પાનામાં ઉપલબ્ધ છે. આ પ્રમાણે સમાજસુધારો રમણભાઈને વારસામાં મળ્યો હતો. અને એ વારસાને પોતાના અનેક લેખોમાં એમણે મૂર્ત સ્વરૂપ આપ્યું છે.

સાહિત્યના ક્ષેત્રમાં પણ રમણભાઈની સેવામાં ઘણું વૈવિધ્ય છે. એમણે વિવેચનના સિદ્ધાન્તોની સરસ અને સ્વતંત્ર ચર્ચાઓ કરી છે અને નવલરામ પછીના ગુજરાતના વિવેચકોમાં એમનું સ્થાન અચૂક છે. એમનાં લખેલા વિવેચનોમાં પણ એમની રસદૃષ્ટિની સુક્ષ્મતા આપણી નજરે પડે છે. કાવ્યના સર્જનમા પણ એમને સફળતા વરી છે એમ કહેવામાં ખોટું નથી અને એમના કાળના કવિતાના પ્રવર્તમાન ધોરણે તપાસતાં એમનાં થોડાંક કાવ્યો જરૂર સરસ સાબિત થાય એવાં છે.

પણ રમણભાઈએ ગુજરાતમાં જે નહોતું તે પણ ગુજરાતને આપ્યુ, અને તે 'ભદ્રંભદ્ર'. હાસ્યરસ કે કટાક્ષની અથવા બંનેના સંયુક્ત મિશ્રણવાળી સળંગ નવલકથા પહેલી ગુજરાતને રમણભાઈએ આપી ગુજરાતમાં પ્રવર્તતા અનેક અનિષ્ટ તત્ત્વો ઉપહાસનું લક્ષ્ય બનાવી, ભદ્રંભદ્ર જેવું એક પાત્ર સર્જી એમણે નવી દિશા ગુજરાત સમક્ષ રજૂ કરી. આ ઉપરાંત હાસ્યરસના સાહિત્યસર્જનના ક્ષેત્રમાં. એમણે બીજાં અનેક લખાણો પણ ગુજરાતને ચરણે ધર્યાં છે.

આજે 'વસન્ત'ના એકત્રિત અંકો વાંચવા બેસનાર અભ્યાસીની આંખે રમણભાઈનાં અનેક લખાણો ચડે છે. એ ઉપરાંત એમણે થોડાંક વર્ષો સુધી 'વસન્ત' માસિકનું સંપાદન પણ કુશળતાથી કર્યું હતું અને શ્રી. આનંદશંકર ધ્રુવને સાથ આપ્યો હતો એ વાત પણ ભૂલવા જેવી નથી જ.

પરિષદ સાથેનો સર રમણભાઈનો સંબન્ધ પણ બહુ ગાઢ હતો. પરિષદની પ્રવૃત્તિઓમાં એમને ઊંડો રસ હતો. અમદાવાદ શહેરની સાહિત્ય પ્રવૃત્તિઓમાં પણ એ સૂત્રવત્ પરોવાયેલા હતા. આવા રમણભાઈને મુંબાઈમા મળેલી આઠમી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ સોંપવામાં આવે છે

સાહિત્યરસિક સન્નારીઓ અને સજ્જનો !

ગુજરાતી સાહિત્ય પરિષદની આ બેઠકના પ્રમુખપદે મારી પસંદગી કરવામાં આવી તેથી હું કૃતજ્ઞ છું.

આ સાહિત્ય પરિષદનો જન્મ થયાને એકત્રીસ વર્ષ થયાં છે, અને કાયદાએ મનુષ્યની જાત માટે ઠરાવેલી અવધિ પ્રમાણે આ પરિષદની પુખ્ત તથા લાયક ઉમ્મર થઈ છે. આ પ્રસંગે પરિષદની વ્યાખ્યાનસ્થાના અનુભવ તરફ અવલોકન કરવાનું પ્રાપ્ત થાય છે.

સાહિત્ય પરિષદ ભરવાની યોજના પ્રથમ ઉપસ્થિત કરનાર સ્વ. રણજીતરામ વાવાભાઈ મહેતા આજે આ લોકમાં દુર્ભાગ્યે હયાત નથી. એમના અકાળ અવસાનથી ગુજરાતને ભારે ખોટ પડી છે. યુરોપમાં મળતી 'ઓરિયેન્ટલ કૉંગ્રેસ'ને ધોરણે મળનારી સંસ્થા ગુજરાતમાં પણ થાય એ તેમની ઉત્કટ ઇચ્છા હતી. ગુજરાતી ભાષાના વિદ્વાનોની વિદ્વત્તાનો નિષ્કર્ષ એકત્ર કરી તે સુલભ અને ફળદાયક કરવાનો આ ઉદ્દેશ જેમ મોટી આકાંક્ષાઓથી ભરેલો છે તેમ તેમાં સાહસ પણ રહેલું છે. મહત્ત્વની આકાંક્ષાથી જેમ ઊર્ધ્વ ગતિની વૃત્તિ થાય છે, તેમ આ કાર્યમાં જોખમ રહેલું છે કે આનુષંગિક ફળરૂપે એવા સંજોગો ઉત્પન્ન થાય કે વિમાર્ગની દિશામાં ઘસડી જનાર બળની પ્રવૃત્તિ થાય.

સાહિત્ય પરિષદને વિમાર્ગે તાણી જનારાં બળ આ રીતે પ્રવર્તિત થયાં છે. સાહિત્ય પરિષદના જન્મથી થએલા ઉમંગને લીધે કેટલાકને એવી ઇચ્છા થઈ કે જે જે સાર્વજનિક પ્રવૃત્તિઓ વિશેષ આગળ કરવા જેવી જણાતી હોય તેનો સાહિત્ય પરિષદના પ્રયોજન સાથે સંબંધ હોય કે ન હોય તો પણ તે સૌનો સાહિત્ય પરિષદમાં સમાવેશ કરવો. આ રીતે નિશાળોનો અભ્યાસક્રમ સાહિત્ય પરિષદના કાર્યક્રમમાં દાખલ કરવાનો કેટલાકે આગ્રહ કર્યો છે. વક્તૃત્વકળાનું ઉત્તેજન સાહિત્ય પરિષદે સાથે લેવું જોઈએ એમ કેટલાકને અભિલાષા થઈ છે. હિંદુસ્તાનના ભાષા પ્રમાણે પ્રાંતવિભાગ પાડવાની યોજના

સાહિત્ય પરિષદે હાથમાં લેવી જોઈએ એમ કેટલાક તરફથી સૂચના થઈ છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એક છે એ ચર્ચા સાહિત્ય પરિષદે કરવા જેવી છે એમ કેટલાકને લાગ્યું છે. પુનર્જન્મનો પ્રશ્ન સાહિત્ય પરિષદે ઉપાડી લેવો જોઈએ એમ એક તરફથી સૂચના થઈ છે. સાહિત્ય પરિષદનું વિશેષ કાર્ય પૃથક રીતે હાથમાં લેવાના હેતુની આ સર્વ પ્રયાસોમાં વિસ્મૃતિ થાય છે. જે કાર્યો સારાં લાગે તે સર્વ એક સંસ્થામાં જોડવાથી સર્વ કથળે છે એ આવા પ્રયત્નમાં ધ્યાનમાં રહેતું નથી.

પરિષદના કાર્યમાં ક્ષતિ કરનાર બીજો અવરોધ એ ઉત્પન્ન થયો છે કે સાહિત્ય પરિષદનું લક્ષ્ય વિદ્વત્તા ઉપર છે. કેટલેક સ્થળે એવી માન્યતા થઈ છે કે સારા માણસને અમુક માનની પદવી આપવાનું માથે લેવું એ પરિષદનું કાર્ય હોવું જોઈએ. તે માટે, અમુક વિદ્વત્તાભર્યું કાર્ય અમુક મનુષ્યે નથી કર્યું છતાં તે સમર્થ છે, અથવા પ્રતિભાર છે તે લક્ષમાં લઈ પરિષદે તેને ધન્યવાદ આપવો અથવા પદવી આપવી એવી કેટલાકને તીવ્ર ઇચ્છા થઈ છે.

એક ગૂંચવાડો 'સાક્ષર' શબ્દથી થયો છે. પરિષદે એ શબ્દનો પ્રચાર નથી કર્યો. પરિષદ સ્થપાયા પહેલાં એ શબ્દ ગુજરાતમાં વપરાવા લાગ્યો છે. પરંતુ પરિષદની સ્થાપના થયા પછી સામાન્ય વ્યવહારની ભાષામાં એ શબ્દ વિશેષ મહત્ત્વ પામ્યો છે. ઘણા લેખકોને એવી ઇચ્છા થઈ છે કે 'અમે 'સાક્ષર' છીએ એવું ઘોષણ પરિષદ તરફથી થવું જોઈએ.' જેઓ વિદ્વાન લેખકો નથી એવા ઘણાને આવી ઇચ્છા થવા લાગી છે; અને, 'સાક્ષર' કયા માણસને કહેવા એ બાબતમાં સાહિત્ય પરિષદે કાંઈ પ્રયાસ નથી કર્યા. સાહિત્ય પરિષદે અમુક મનુષ્યોને સાક્ષર કહ્યા, એવું બન્યુ નથી. તે છતાં જેમને એમ લાગે છે કે અમને 'સાક્ષર' પદવી નથી અપાતી એ માટે પરિષદ જવાબદાર છે તેઓ પરિષદ અમુક પક્ષની છે, પરિષદમાં વાડા છે, એવો પુકાર કરે છે. સામાન્ય વાચકો અમુક લેખકોને 'સાક્ષર' કહે કે ન કહે તે એ વાચકોની ખુશીની વાત છે. જેમને વાચકો તરફથી પોતાની એ પદવીનો અંગીકાર કરાવવો હોય તેઓ વાચકોની રુચિ સંપાદન કરે; પણ એ સંબંધમાં સાહિત્ય પરિષદને માથે શા રીતે જવાબદારી આવે ? પરિષદ તરફથી કોઈ લેખકોના લાભમાં કે વિરુદ્ધ કાંઈ વિવેચન કરવામાં આવતું નથી. પરિષદમાં સામેલ થવાની સૌને છૂટ આપવામાં આવે છે; પરિ-

પક્ષમા સામેલ થવાની કોઇને ના કહેવામા આવતી નથી પરિષદમા સામેલ થનાર પુરુષોએ પરિષદ બહાર અમુક વિચાર દર્શાવ્યા હોય તે ઉપરથી પરિષદને માથે જવાબદારી ઠરાવી શકાય નહિ આમ છતા પરિષદ અમુક પક્ષનો જ સ્વીકાર કરે છે એમ શા ઉપરથી કહી શકાય ?

પરિષદના પ્રમુખપદનો પ્રશ્ન એ પરિષદના કાર્યમા વ્યગ્રતા નડે ક્ષતિ કરનારુ વળી બીજુ કારણ બને છે પરિષદની બેઠકનો સમય પાસે આવે છે ત્યારે વર્તમાનપત્રો વાચનારા અને ચર્ચાપત્રો લખનારા જે શખસોને ગુજરાતી ભાષાના અને ગુજરાતી સાહિત્યના પ્રશ્નોમા ઝાઝો રસ પડતો નથી અને પરિષદ તમાશા તથા ધાધલ રૂપે જ આક ર્ષક લાગે છે તેમને પરિષદના પ્રમુખની પસદગીનો પ્રશ્ન ઘણા અસ્વસ્થ કરે છે, હિંદની મહાસભાના પ્રમુખપદાના પ્રશ્ન કરતા પરિષદના પ્રમુખ-પદાના પ્રશ્નથી તેમને વિશેષ બેચેની થાય છે, પરિષદમા કરવાનુ કાર્ય તેમને પ્રધાન જણાય છે ભાષા અને સાહિત્યના પ્રશ્નોમા જેમની રુચિ મદ રહે છે તેમને આવા ઉપરઉપરના પ્રશ્નોમા ઘણી લીનતા રહે છે, અને દુર્ભાગ્યે આ વાદવિવાદમા કટુતા તથા દુરાગ્રહ દાખલ થયા છે, અને તેથી આડકતરી રીતે પરિષદની પ્રગતિને હાનિ થાય છે સમસ્ત ભારતવર્ષના સાર્વજનિક જીવનમા પાયમાલી ફેલાવી રહેલો કોમી ભેદનો સવાલ પણ આ ચર્ચામા દાખલ કરતા કેટલાક ભાઈઓને સકોચ થતો નથી તો પછી, બીજી અપ્રસ્તુત વાતોની શી ગણતરી ? અમુક ગૃહસ્થ સાહિત્યના અમુક કામ માટે અમુક રકમ આપવા તૈયાર છે માટે તેને પરિષદના પ્રમુખપદે પસદ કરવા જોઈએ એ દલીલ પણ આવે પ્રસગે થઈ છે

આ સબધે અહીં એટલુ જ કહીશુ કે જેને પોતાના લેખની ઉત્તમતાનો સ્વીકાર કરાવવો હોય તેને માટે એ જ માર્ગ છે કે તેણે ઉત્તમ લેખ લખવા, બીજુ બધુ પોતાની મેળે થઈ રહેશે પરતુ નાશીમા પાણી ભરી તેના ઉપર 'શરબત'ની ચિઠ્ઠી ચોડવાનો આગ્રહ કરવો કે લોક એ રીતે પાણીને શરબત ગણી પી જાય અને નાશી-માના પાણીની પ્રશસા કરે, એ વ્યર્થ છે ચિઠ્ઠીઓ ચોડી માણસોને વિદ્વાન બનાવવાનો પરિષદમા શક્તિ નથી

ભાષા અને સાહિત્યનો ઉત્કર્ષ એ સાહિત્ય પરિષદનુ લક્ષ્ય છે ભાષા અને સાહિત્યમા પ્રવૃત્તિ કર્યાથી અને તે કાર્યમા શિષ્ટના સપાદન

કર્યાથી ઉત્કર્ષ થાય છે. બીજાં ધોરણો આ વિષયમાં નિરર્થક છે. એ વસ્તુસ્થિતિનો અનાદર કર્યાથી ઉપર કહ્યાં તેવાં પરિણામ થાય છે. શિષ્ટતા ઉપર આગ્રહ કરવાની આવશ્યકતા છે. શિષ્ટતાની સંપત્તિ માટે લેખમાં જે અંશો જરૂરના છે તેની ગણના કંઈક આમ થઈ શકે:— (૧) બહુશ્રુતપણાના સંસ્કાર. ઉત્તમ લેખોનાં વાંચન. અભ્યાસ તથા વિવેચનની વિદ્વત્તાના સંસ્કાર કેળવ્યા વિના લેખ લખવા જતાં એ લેખ ગ્રામ્યતા, અજ્ઞાન અને અપરિપક્વતાવાળા તથા કઠોર લાગે છે. (૨) વાણી અને વિચારની શુદ્ધતા, સામર્થ્ય અને ઉદાત્તતા. વિચારના તત્ત્વમાં અને તેના ઉચ્ચારણમાં નિર્મળતા ન હોય ત્યાં જુગુપ્સા ઉત્પન્ન થાય છે. જેમાં ઉદાત્તતા ન હોય, વાંચનારા કે સાંભળનારાના ચિત્તને ગ્રહણ કરવાની અને ઉચ્ચ માર્ગે દોરવાની તથા ઉચ્ચતાનું દર્શન કરાવવાની શક્તિ ન હોય તે મોળું, નિર્વીર્ય થઈ પડે છે. (૩) અપૂર્વતા અને કલ્પનામયતા. લેખકનો કોઈ ખાસ સંદેશો છે, તેના વક્તવ્યમાં અથવા ઉક્તિપ્રકારમાં કાંઈ નવીનતા છે, તેના ચિત્તે કાંઈ ઉદ્ગ્રથન કર્યું છે, અર્થને પ્રકાશિત કરવા કાંઈ કલ્પનાનો આશ્રય કર્યો છે, એમ ન લાગે ત્યાં સુધી આકર્ષકતા નથી આવતી. (૪) વિષયનિરૂપણ ગંભીરતાવાળું અને સમતોલપણાવાળું હોવું જોઈએ. વિષયના નિરૂપણમાં ઉછાંછળાપણું, તોછડાપણું, બાલિશતા, પક્ષપાતીપણું વિવેકહીનતા અથવા અવિચારી અત્યુક્તિ જણાય ત્યારે તેનું સામર્થ્ય ન્યૂન થાય છે, લેખક ઉપર માનવૃત્તિ થતી નથી, અને તેનું લખાણ આદરને પાત્ર થતું નથી, તથા નિરૂપણ અસર કરી શકતું નથી. (૫) લેખનશૈલીમાં ઓજસ, પ્રસાદ તથા માધુર્ય હોવાં જોઈએ. સંસ્કૃત અલંકારશાસ્ત્રમાં લેખનના આ ગુણો આવશ્યક કહ્યા છે. ઓજસથી શૈલીમાં વીર્ય, ચિત્તનો વિસ્તાર કરનારી દીપ્તિ તથા સ્ફૂર્તિ આવે છે અને તે વિના મંદતા વ્યાપે છે. પ્રસાદથી અર્થની સ્પષ્ટતા થાય છે, ભાષામાં નીતર્યા પાણી જેવી સ્વચ્છતા અને વિશદત્વ આવે છે. તે ન હોય તો લેખન ડહોળાઈ ગએલું લાગે છે. એકને બદલે અનેક અર્થનો ભાસ થવાથી ગૂંચવાડો થાય છે, અને અર્થરહિતતાની શંકા નડે છે. માધુર્યથી ભાષામાં મીઠાશ આવે છે, નિરૂપણ રમણીય લાગે છે, તેની રુચિકરતાથી મનોરંજકતા વ્યાપે છે, તથા નિરૂપણ આકર્ષક થાય છે: આ રીતે આ ગુણો લેખનમાં આવશ્યક છે.

છઠ્ઠી સાહિત્ય પરિષદમા સાહિત્યવિભાગના અધ્યક્ષપદેથી વ્યાખ્યાન કરતા સાહિત્યની વ્યાખ્યા કરતા મે સ્ટૉપ્ફર્ડ બ્રૂકના, આ વચનો ઉતાર્યા હતા —

'The History of English literature is the story of what great English men and women throught and felt and then wrote down in good prose and beautiful poetry in the English language'

'મહાન ઇંગ્રેજ પુરુષોએ અને સ્ત્રીઓએ કેવા વિચારો બાંધેલા અને તેમને કેવી લાગણીઓ થએલી, અને તે સર્વ ઇંગ્રેજી ભાષામા સારા ગદ્યમા અને સુંદર કવિતામા ઉતારીને કેવી રીતે લખેલા, એ વૃત્તાન્તથી ઇંગ્રેજી સાહિત્યનો ઇતિહાસ બનેલો છે' આ વચનોને આધારે મે કહેલું કે, "શિષ્ટતાવાળા લેખોનો ભંડાર તે સાહિત્ય" છે આ વ્યાખ્યા વિરુદ્ધ ટીકા કરવામા આવેલી કે એ વ્યાખ્યા ઘણી સાંકડી અને સંકુચિત છે એ ટીકાનો આશય એવો સમજાય છે કે સાહિત્યની વ્યાખ્યા એવી હોવી જોઈએ કે અશિષ્ટતાવાળા લેખની પણ સાહિત્યમા મહત્ત્વથી ગણના થાય પરંતુ આ રીતે અશિષ્ટતાનો અંગીકાર કરવાથી સાહિત્યની ઉચ્ચતા નષ્ટ થાય છે

આ સંબંધમા મરાઠી ભાષામા ત્રણ શબ્દો વપરાય છે —વાઙ્મય, સારસ્વત અને સાહિત્ય ભાષામા જે કંઈ લખાયુ હોય અથવા બોલાયુ હોય તે શબ્દમા જ્યા પ્રકટ થયુ હોય તે વાઙ્મય વાઙ્મયના વિશાળ પ્રદેશમા સારસ્વતનો સમાવેશ થાય જે વાઙ્મયમા ઉદાર, લલિત અભિજાત તથા નાગર ગદ્યપદ્યપ્રબંધ હોય તે સારસ્વત સારસ્વતમા સાહિત્યનો સમાવેશ થાય જે પ્રબંધરચના વિચારસૌંદર્યવાળી હોય તેની સાહિત્યમા ગણના થાય રા. રા. વાસુદેવ ગોવિંદ આપ્ટે નીચે પ્રમાણેની બે વ્યાખ્યાઓ આ સંબંધમા ધ્યાનમા લે છે —

"Literature consists of all the books, and they are not so many, where moral truth and human passions are touched with a certain largeness, sanity and attraction of from"—Lord Morley

"જે લેખમાં નીતિનાં સત્ય તત્ત્વ અને મનુષ્યના મનોભાવનું નિરૂપણ કંઈક ઉદાત્તતાથી અને ડહાપણથી આકર્ષક સ્વરૂપથી કર્યું હોય તે સર્વ પુસ્તકોથી સાહિત્ય બને છે, અને એવાં પુસ્તકો ઘણાં નથી હોતાં.'—લોર્ડ મોર્લી.

"Literature is a vital record of what men have thought and felt about those aspects of it which have the most immediate and enduring interest for all of us"—Hudson.

"માનવી જીવિતના નિકટ તથા નિત્ય સંબંધમાં આવેલી બાબતો વિષે માણસોએ જે કંઈ અનુભવ્યું છે, જે કંઈ વિચાર્યું છે, અને તેમને જે કંઈ લાગ્યું છે તે સર્વની માર્મિક નોંધ તે સાહિત્ય."—હડ્સન.

'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા' (૧૧ મી આવૃત્તિમાં પ્રો. જેમ્સ કેલી સાહિત્યની આ પ્રમાણે વ્યાખ્યા કરે છેઃ—

"Literature may stand for the best expression of the best thought reduced to writing."

'સાહિત્યનો અર્થ ઉત્તમ વિચારો ઉત્તમ ભાષામાં ઉતારેલા હોય તે લેખ છે.'

"साहित्यसंगीतकलाविहीनः" (ભર્તૃહરિ) "साहित्यपाथोनिधिमन्थनोत्थं कर्णामृत रक्षत भो कवीन्द्राः" (બિલ્હણ)

એ ઉક્તિઓ ઉપરથી રા. રા. વાસુદેવ ગોવિંદ આપટે અનુમાન કરે છે કે પૂર્વે "સાહિત્ય" શબ્દનો અર્થ "કાવ્ય" થતો. પણ સાંપ્રત કાળમાં તે શબ્દની વ્યાપ્તિ વધી છે એમ તેઓ સ્વીકારે છે. **सहितस्य भावः साहित्यम्** એ વ્યુત્પત્તિ સૂચવી તેઓ કહે છે કે અનેક વ્યક્તિના વિચારનું સંમેલન ભાષાદ્વારા જ્યાં પ્રગટ થયું હોય તે સાહિત્ય. **हितेन सह सहितं तस्य भावः साहित्यम्** એવી પણ વ્યુત્પત્તિ કેટલાક કરે છે. તેમને મતે હિતકારક ઉક્તિઓનો સંગ્રહ તે સાહિત્ય છે. આમાંની પહેલી વ્યુત્પત્તિ રા. રા. વાસુદેવ ગોવિંદ આપટે વધારે પસંદ કરે છે, પરંતુ, સાહિત્યથી હાલ શું વિવક્ષિત થાય તે નક્કી કરવામાં વ્યુત્પત્તિ આપણને ઝાઝી મદદ કરી શકે તેમ નથી. ઉપર જે વ્યુત્પત્તિઓ ઉતારી તે સંબંધમાં એટલું કહીશું કે "સાહિત્ય" શબ્દ વડે જે સમુદાય કહેવો ધારેલો છે તે લેખકોના

વિચાર કે ઉક્તિઓનો સમુદાય નહિ, પણ લેખમાં ગુણસંપત્તિ આણનાર કલામય સામગ્રીઓનો સમુદાય છે અનેક ઉત્તમ લેખમાં એ સામગ્રીઓનું બાહુલ્ય હોય તેથી સમુદાયનો ભાન ચિત્ત આગળ હમેશ વિદ્યમાન રહે છે વળી, અમુક પંક્તિના કે અમુક વિષયના લેખ સમષ્ટિ રૂપે વિચારમાં લેવાની ટેવને લીધે "સાહિત્ય" શબ્દમાં લેખોનો અને લેખકોનો સમુદાય વિવક્ષિત રહે છે 'સાહિત્ય"ની ઉપર ઉતારેલી સર્વ વ્યાખ્યાઓમાં એ વાત સ્પષ્ટ રીતે કહેલી છે કે વિચાર દર્શાવવાની પદ્ધતિમાં જ્યાં ઉદાત્તતા અને ઉત્તમતા રહેલી હોય ત્યાં "સાહિત્ય" શબ્દ ઉત્પન્ન થાય આ રીતે "શિષ્ટતાવાળા લેખોનો ભંડાર તે સાહિત્ય" એ ઉપર કહેલી વ્યાખ્યા વિદ્વાનોને માન્ય છે અને શિષ્ટતા હોય તે વિના સાહિત્યપદ ઉત્પન્ન થાય નહિ, એમ ફલિત થાય છે

આપણો મુખ્ય ઉદ્દેશ સાહિત્યના ઉત્કર્ષ માટે કરવાના પ્રયાસનો છે "સાહિત્ય" શબ્દની વ્યાખ્યાનું એ માટે જ મહત્ત્વ છે ભાષાનો ઉત્કર્ષ સાહિત્યના ઉત્કર્ષ સાથે સંકળાયેલો છે બન્નેના વિચાર તથા બન્નેનો પ્રયાસ એકબીજાને અવલંબીને થાય છે ઉત્તમ લેખ લખવામાં રોકાયેલું મન પોતાના એ પ્રયાસની સાથે જ ઉત્તમ ભાષા લખવાના પ્રયાસમાં રોકાય છે જેમ ઊંચા પ્રકારની ભાષા લખવાની શક્તિ વિના ઊંચા પ્રકારના લેખ લખી શકાતા નથી ભાષા ઉપરના કાબૂ વિના લેખન ઉપર—વિચારપ્રકાશન ઉપર—કાબૂ આવતો નથી, તેમ ઊંચા પ્રકારના લેખ લખવાની સાથે ઊંચા પ્રકારની ભાષા આપોઆપ લખાય છે, લેખની શક્તિ અને ભાષાની શક્તિ સાથેસાથે પ્રવર્તે છે, કારણ કે વિચારની ઉત્કટતા અથવા લાગણીની તીવ્રતા બહુશ્રુતપણાના સંસ્કાર સાથે મળી ઉદ્ગારમાર્ગ ખોળે છે ત્યારે એ સંસ્કાર વિચારના પ્રકાશનના બીબામાં રજૂ કરે છે અને બીબામાં ઉપાર્જિતપાઠને એ ઉદ્ગાર બહાર પડે છે, અને તે બીબામાં શિષ્ટ લેખકોની જે વાણી અંતર્ભૂત રહેલી હોય છે, તે એવે પ્રસંગે પોતાનું બળ બહાર પાડે છે શિષ્ટ લેખકોની જે વાણી ચિત્તને પ્રેરવામાં સહાયભૂત હોય છે તે વાણી પોતાનું શિષ્ટ સ્વરૂપસ્વરૂપ પામી મૂર્તરૂપ ગ્રહણ કરતા વિચારોમાં ભળે છે બહુશ્રુતપણાના સંસ્કારથી રહિત હોય તેઓ વિચારની ઉત્કટતા અથવા લાગણીની તીવ્રતાને વશ થઈ લેખ લખવાના પ્રયાસ

કરે ત્યારે વગરકેળવાએલા વિચારમાં રહેલી સંસ્કૃત વાણીની અશક્તિ તેમના પ્રયાસને નિષ્ફળ કરે છે, અથવા તેમના ઉદ્‌ગાર અજ્ઞાન તથા ગ્રામ્યતાભરેલા, અપરિપક્વ તથા કઠોરરૂપે અર્થાત્ અશિષ્ટ સ્વરૂપે બહાર પડે છે.

આ માટે, સાહિત્યના દ્વારમાં બહુશ્રુતપણાના સંસ્કાર ઉંમરા ઉપર રહેલા છે. અસંસ્કૃત વિચારોનો ઢગલો વાણીમય થાય તો પણ તેવા વિચારોની સંસ્કૃત વાણી સાહિત્યમાં સ્થાન પામતી નથી. લૉર્ડ મોર્લી પ્રથમ સાહિત્યમાં કેળવાયા પછી રાજકીય વિષયમાં તેમની પ્રવૃત્તિ થઈ ત્યારે તેમના સાહિત્યસંસ્કારોએ તેમના રાજકીય વિચારોના આલેખનને સાહિત્યોચિત રૂપ આપ્યું, માત્ર વિચારોના કે લખાણોના બાહુલ્યથી એ રૂપ સિદ્ધ થયું ન હતું. મિ. લૉઇડ જ્યૉર્જનાં ભાષણોનું બાહુલ્ય હોવા છતાં તેમાં સાહિત્યોચિતતા આવી નહિ: કારણ કે વિચારના ઉદ્‌ગારનું બાહુલ્ય છતાં સાહિત્યના સંસ્કાર તેમાં છપાયા ન હતા. ગુજરાતી સાહિત્યમાં એ સાવચેતી રાખવાની છે કે ધાર્મિક અથવા રાજકીય વિચારોના લખાણના ઢગલામાં બાહુલ્ય હોય છતાં તે બાહુલ્ય જાતે જ એ લખાણને સાહિત્યમાં ઊંચું સ્થાન અપાવવા સમર્થ નથી. તે વિચારો પ્રગટ કરનારા અનુયાયીઓના ઉત્સાહથી એવા લખાણમાં સાહિત્યોચિત ઉચ્ચતા પ્રાપ્ત થતી નથી. સાહિત્યમાં બહુશ્રુતપણાના સંસ્કારથી આરંભ થાય છે અને શિષ્ટતાથી ઉચ્ચ રૂપ બંધાય છે. એવી શિષ્ટતા વગરની વાણીને સાહિત્યમાં ઊંચું સ્થાન આપવાની માગણી સાહિત્યનો અપકર્ષ કરે છે.

આ માટે એ આગ્રહ કરવાની જરૂર છે કે ગુજરાતી લેખકો બહુશ્રુત હોવા જોઈએ. કોઈ પણ મરાઠી સુપુસ્તક ઉઘાડીને વાંચીશું તો લેખકની વિદ્વત્તા પ્રથમ આપણા ચિત્તનું આકર્ષણ કરે છે. વર્તમાન ગુજરાતી સાહિત્યમાં વિદ્વત્તા હાલ આદર્શરૂપે ગણાતી નથી એ શોચનીય છે. વર્તમાનપત્રોમાં વપરાતી શૈલી અને ભાષા તે સાહિત્ય માટે આદર્શભૂત થઈ શકે નહિ. મરાઠી વર્તમાનપત્રોમાં વિદ્વત્તાના સંસ્કાર સ્થળેસ્થળે દૃષ્ટિગોચર થાય છે તે સ્થિતિ પણ ગુજરાતીમાં નથી.

સાહિત્ય પરિષદમાં વિદ્વત્તાભર્યા લેખ રજૂ થતા નથી તેથી રસિકતા અને વિદ્વત્તાનો શોખ જાગૃત થવો જોઈએ. પણ વિવેચકોની વિવેચનપદ્ધતિ તે સર્વને રદ કરે છે. વર્તમાનપત્રોની પદ્ધતિએ થતું વિવેચન નિબંધોના વિષય તથા તેમાંની ચર્ચાની અવગણના કરે

છે અને સાહિત્ય પરિષદની વ્યવસ્થાને જ પ્રધાનતા આપે છે કોઈ નિબંધના લેખક વિષે આ વિવેચનમાં ચર્ચા કરવામાં આવે છે તો તેણે દર્શાવેલા વિચારોના સ્વરૂપ વિષે નહિ, પણ તેની બોલવાની રીત, તેના દીદાર અને તેની નાતજાત વિષે ચર્ચા કરવામાં આવે છે આ રીતે વિદ્વત્તાનું વાતાવરણ ઊભું કરવામાં કાંઈ સહાયતા થતી નથી, અને વિદ્વત્તાનો વિષય ગૌણતા પામે છે સમસ્ત સાહિત્ય પરિષદના શ્રોતાઓમાં વિદ્વત્તામાં રસ લેનારા બહુ થોડા હોય છે, અને બહારની વાતોમાં તથા સમારંભની ગોઠવણમાં રસ લેનારા ઘણા હોય છે તેથી ગુસપુસ(?)ાર અને શિષ્ટતા એક ખૂણામાં પડી જાય છે, અને તમાશા-ગીરોને પ્રિય થઈ પડે એવી ધાંધલ આગળ પડે છે વિદ્વાનોની વિદ્વત્તાનો નિષ્કર્ષ આ રીતે પ્રગટ થતો નથી, અને ભાષા તથા સાહિત્યના ઉત્કર્ષ ઉપર ધ્યાન ઝાઝું ખેંચાતું નથી

એ ખરું છે કે વિદ્વાનોના પ્રયાસ બધા સમષ્ટિથી થઈ શકે નહિ પણ દરેક વિદ્વાન પોતપોતાને ઇષ્ટ માર્ગે પ્રયાસ કરે તેથી સાહિત્યમાં પ્રગતિ થાય વ્યાકરણ, કોશ, વગેરે કેટલાક વિષય એવા છે કે જેમાં સહવ્યાપાર થઈ શકે પરંતુ નિસર્ગશક્તિથી રચના મૌલિક ગ્રંથો તો દરેક ગ્રંથકાર જાતે રચે અને એવા ગ્રંથો ઘણા રચાય અને ઉત્તમ પંક્તિના રચાય ત્યારે સાહિત્યમાં પ્રગતિ થાય એવા ગ્રંથો રચાવા માટે કંઈ યોજના થઈ શકે નહિ વિદ્વાનોની સ્વયંભૂ વૃત્તિ ઉપર જ આધાર રહે વિદ્વત્તાનું વાતાવરણ પરિષદ ઉત્પન્ન કરી શકે અને અમુક વિષયો તરફ લક્ષ ખેંચી શકે, તથા સાહિત્યનું વલણ કેવું બંધાય છે તે વિચારમાં લઈ સૂચનાઓ કરી શકે, એવી કેટલીક સૂચનાઓ આ પ્રસંગે અસ્થાને નહિ થાય

પ્રાચીન સમયમાં કાવ્યસાહિત્ય અગ્રેસર પદવી ધરાવતું આનું કારણ એ છે કે મનુષ્યજાતમાં પ્રથમ લાગણી થાય છે, પછી વિચાર થાય છે, અને હાલ પણ કાવ્યસાહિત્યની પદવી ઘણી મોટી છે તે તરફ પ્રથમ લક્ષ લઈ જઈશું કાવ્યના સ્વરૂપ વિષે અનેક પ્રકારે વિવેચન થયું છે અને તે વિષે વિવેચન આ સંબંધમાં પ્રસ્તુત નથી માત્ર કાવ્યસાહિત્યના કેટલાક અંગ આ પ્રસંગે ધ્યાનમાં લેવા યોગ્ય છે

પ્રથમ કવિતા સભામાં વાંચી સંભળાવવામાં આવતી તે સ્થિતિ હવે રહી નથી, એટલું જ નહિ, પણ કવિના મોઢેથી વાંચવાનો અથવા વાંચી સંભળાવવાનો અભ્યાસ બહુ ઓછો થઈ ગયો છે

અને દરેક વાંચનાર પોતાની મેળે ઘાંટા પાડ્યા વિના કાવ્ય વાંચી લે એ પદ્ધતિ સામાન્ય થઈ ગઈ છે. આને લીધે કવિતામાં તાલનું મહત્ત્વ ઘણું ઓછું થઈ ગયું છે, અને માત્રામેળ છંદો કે જેમાં તાલનું મહત્ત્વ વિશેષ હોય તેમાં માત્રાને આધારે કવિતા રચાય અને તાલની અવગણના થાય એમ બનવા લાગ્યું છે. ઊર્મિ અનુસાર આંદોલનવાળી વાણીમાં રચના થાય તેવી કવિતાના ગુંજનમાં તાલ અવશ્ય આવવાનો; અને આંદોલન સુવ્યવસ્થિત હશે ત્યાં તાલનો નિયમ યથાર્થ રીતે સચવાવાનો. પરંતુ તાલ સંબંધી જે શિથિલતા ઉદ્ભવ પામી છે તે સમૂળગી કાઢી નાખી શકાય તેમ નથી. અક્ષરમેળવૃત્તની લઘુગુરુમાપવાળી તથા યતિના વિભાગવાળી રચનાની અશિથિલતા, જેવી ગુંજનની સુકરતા માટે આવશ્યક છે તેવી તાલની વ્યવસ્થા આવશ્યક નથી; અને પદ્યરચના મોટેથી બોલવાની ન હોય ત્યાં —તાલની અવ્યવસ્થા નભી જાય તેમ હોય તેવે ઠેકાણે—તાલની ખામી ઉપર ધ્યાન ઓછું ખેંચાય એ સ્વાભાવિક છે. પણ જ્યાં માત્રામેળ છંદમાં તાલની ગોઠવણ ઉપર ચરણના બંધારણનો આધાર હોય ત્યાં તાલનો અનાદર નભી શકે તેમ નથી. વળી જ્યાં ચરણનો અમુક અક્ષર લઘુ કે ગુરુ આવે એ નિયમ સાચવ્યાથી તાલ જળવાતો હોય તેવે ઠેકાણે મોટેથી બોલ્યા વિના છંદ રચનાર તાલ કરતાં લઘુગુરુ અક્ષરના નિયમ ઉપર વધારે ધ્યાન દે એવો સંભવ છે. ઉદાહરણઃ— હરિગીત છંદમાં દરેક ચરણમાં અઠ્ઠાવીસ માત્રા આવે, છેવટે ગુરુ અક્ષર આવે, અને 'ત્રીજી ઉપર પછી ચતુર પર એમ આઠે તાલ છે.' તથા તાલમાં જગણ ન આવેઃ એ કાંઈક સંકુલ નિયમને બદલે 'ગાગા-લગા, ગાગાલગા' 'ગાગાલગા ગાગાલગા' એ માપનો નિયમ સચ-વાય અને દરેક 'ગાગાલગા'માં પાંચમી માત્રાએ લઘુ અક્ષર આવેએ નિયમ પળાય તો તાલનો નિયમ આપોઆપ સચવાય, અને જેટલામી માત્રા ઉપર તાલ હોય તે માત્રા અને તે પછીની માત્રા મળીને ગુરુ અક્ષર થવો જોઈએ એ નિયમ આપોઆપ સચવાય, અને તાલ ન તૂટતાં 'લાગે કવિતા લંગડી' એ જોખમ ન રહે. પહેલાં જ્યારે પદ્યરચના મોટેથી બોલીને સંભળાવવાની પ્રથા હતી ત્યારે તાલના નિયમવાળી માત્રામેળછંદની રચનામાં પદ્ય વિશેષ જોડાતાં, અને હવે જ્યારે પદ્ય-રચના મનમાં વાંચી જવાની પ્રથા વિશેષ છે ત્યારે અક્ષરમેળવૃત્તની રચનાવાળાં પદ્ય વધારે જોડાય છે તેનું આ એક કારણ છે.

અક્ષરમેળ વૃત્તમા લઘુગુરુઅક્ષરની મર્યાદા સાચવ્યાથી પદ્ય જોડાય છે અને તાલ આપોઆપ આવી રહે છે એથી રચનાને સુંદરતા લાગે છે

આ સંબંધમા એ લક્ષમા લેવાનુ છે કે માત્રામેળરચના મૂળ અક્ષરમેળરચના ઉપરથી ઉદ્ભવેલી હોવાથી અને એક ગુરુ અક્ષરની બે લઘુ અક્ષરથી દર્શાવવાની શક્યતા અથવા બે લઘુ માત્રાને બદલે એક ગુરુ અક્ષર મૂકવાની શક્યતા ઉપયોગમા લેવાયાથી માત્રામેળરચનાને અક્ષરમેળ કરવાની ગોઠવણ આ રીતે ઉપયોગમા આવી શકે છે માટે તેમ થવા દઈ તાલને આપોઆપ જળવાવા દઈ કવિતાને તાલ વિનાની લગડી થતી અટકાવવી એ સલાહભરેલુ છે આ રીતે દોહરાને 'ગાગા ગાગા ગાલગા, ગાગાગાગા ગાલ' એવુ નિરૂપે અક્ષરમેળરૂપ આપી શકાય કે જ્યા એક ગુરુ અક્ષરને બદલે તેને ઠેકાણે બે લઘુ અક્ષર આવે, અને અગિયારમી માત્રાને ઠેકાણે લઘુ અક્ષર આવે એવો નિયમ રહે એવી ગોઠવણ કર્યાથી તાલ અક્ષરમેળરચનામા સહેલાઈથી સચવાવાનો અને પદ્યરચનાને સુંદરતા થવાનો સંભવ છે

અલબત્ત, માત્રામેળ કે અક્ષરમેળ બન્ને પ્રકારના બંધારણ વિના પદ્યરચના થાય એ ઇષ્ટ નથી કવિતામા રહેલા અંતર્ક્ષોભ સાથે જે આંદોલન જોડાયેલુ છે તે રદ થઈ શકે તેમ નથી, અને તે રદ કરવુ ઇષ્ટ નથી તે માટે તેમજ સુંદરતા માટે આંદોલનવાળી વાણી આવશ્યક છે, અને આંદોલન પિંગળમા દર્શાવેલા છંદો તથા વૃત્તોમા અથવા નવા યોજેલા છંદોમા કે વૃત્તોમા શક્ય છે એ ધ્યાનમા રાખવુ જોઈએ એ આંદોલનો માટે રચનાપ્રકારના નિયમો સ્પષ્ટ હોવા જોઈએ નિયમોનો અભાવ હોય ત્યા સુવ્યવસ્થાનો અનાદર કરવાની વૃત્તિ થાય છે, અને પરિણામે અંતર્ક્ષોભના આંદોલન વગરની વાણી કવિતામા નભશે એમ માન્યતા થાય છે, અને એ રીતે નીરસ વાક્યો, કથન, પ્રાસ્તાવિક વચનો, શિખામણની વાતો, વગેરે કવિત્વહીન ઉક્તિઓ કાવ્યપ્રદેશમા દાખલ થવાનો દાવો કરે છે

આજથી ત્રીસ ચાળીસ વર્ષ ઉપર ગુજરાતી કવિતા રચનાર ઘણાખરા શિક્ષકવર્ગના હતા, અને તે વેળા એ સર્વમાન્ય ગણાતુ કે —

'પિંગળ પાઠ પઢ્યા વિના, કાવ્ય કરે કવિ કોય,
વળી વ્યાકરણ વિના વદે, વાણી વિમળ ન હોય'

આ કારણથી સર્વ લેખકો પિંગળનો અભ્યાસ કરતા અને પિંગળનુ અનુસરણ કરતા હવે પિંગળનુ અજ્ઞાન પ્રસર્યું છે, અને તેથી

મર્યાદાના નિયમનો ભંગ કરવામાં વિશેષતા છે એમ મનાવા લાગ્યું છે. માટે નિયમસર રચના વડે કવિતાના આંદોલન તથા સુંદરતા સચવાય છે એ ધ્યાનમાં રાખી નિયમનો આગ્રહ કરવો આવશ્યક છે. તેનો અપકર્ષ થયો છે; અને વિરસતા હોય ત્યાં તે છતાં પિંગળનો અનાદર કર્યાથી ખૂબી આવી છે એમ મનાય છે. આને પરિણામે કાવ્યસાહિત્યમાં શિથિલતા વ્યાપી છે. મથાળે જે છંદનુ નામ લખ્યુ હોય તે છંદનું માપ રચનાનાં ચરણોમાં મળે નહિ; અને અનેક છંદોના કકડા ઢંગધડા વિના એકઠા કરેલા જોવામાં આવે, માપમાં લઘુ અક્ષર જોઈએ ત્યાં ગુરુ જોવામાં આવે, ગુરુ અક્ષરને ઉતાવળે વાંચી લઘુ માનવાનો હોય અને ઉદ્દિષ્ટ કરેલા છંદને બદલે તે છંદની ચાલ ગણવાની હોય, એ વગેરે અનિયમિતતા અનેક પ્રકારે જોવામાં આવે છે.

પિંગળના અનાદર સાથે વ્યાકરણનો અનાદર પણ પ્રવર્તમાન થવા લાગ્યો છે તથા અલંકાર ઔચિત્યવાળા તથા રુચિકર હોવા જોઈએ એ વાત ઉપર પણ દુર્લક્ષ થવા લાગ્યું છે. એક પ્રકારની શિથિલતા જોડે અનેક પ્રકારની શિથિલતા નિભાવી લેવાની વૃત્તિ થાય છે.

ગુજરાતી કાવ્યસાહિત્યના સામર્થ્યમાં આથી ક્ષતિ થાય છે. એ સામર્થ્ય જ્યારે યથાર્થ રીતે જળવાશે ત્યારે કાવ્યસાહિત્ય આગળ વધવાનું શક્ય થશે.

હાલ પિંગળમાં જે અક્ષરમેળ અને માત્રામેળ છંદો તથા વૃત્તો કહ્યાં છે તેટલાં જ શક્ય છે અને ઉચિત છે એમ કોઈ કહેતું નથી. કવિઓ વખતોવખત વિષય અને વૃત્તિના પ્રવાહની અનુકૂળતા માટે નવા છંદો અને વૃત્તો યોજે છે એ સુવિદિત છે. હરિગીતમાંથી વિષમ હરિગીત અને ખંડ હરિગીત થયાં છે. મેઘદૂતના ભાષાંતર માટે મેઘ છંદ યોજાયો છે. ગુજરાતીમાં વીરરસ માટે યોગ્ય છંદ કે વૃત્ત નથી, એમ ઘણાને લાગ્યું છે. તે રસના કાવ્ય માટે રોળાવૃત્ત અથવા લાવણીનો ઉપયોગ ફતેહમંદ થતો નથી એમ માલૂમ પડ્યું છે. કવિ નર્મદાશંકરે આ માટે વીરવૃત્ત યોજેલુ પણ તે પ્રચલિત થયું નથી. હાલના છંદ અને વૃત્તનો ઇતિહાસ જડે તો તે પણ કવિઓની રચનાની અનુકૂળતા માટે, અથવા કવિઓની કલ્પનાનું પૂર ઝીલી લેવા માટે યોજાએલા અને બીજા છંદોમાંથી નીકળેલા માલૂમ પડશે. પણ એ સર્વમાં અમુક રીતે નિયમ છે. આંદોલનનાં મોજાંને તે અમુક રીતે અનુસરે છે, અને તાલની ગતિને અમુક રીતે સાચવે છે. અર્થાત્ આંદોલનની સુવ્યવસ્થા realpatidar.com

વિનાના છંદ કે વૃત્ત હોઈ શકતા નથી. આ સંબંધમાં વક્તવ્ય એ છે કે આંદોલનની સુવ્યવસ્થાને સાચવવાનું પ્રાપ્ત થયું છે. બીજું કાંઈ સાધન એ સુવ્યવસ્થા માટે જડતું હોય તો તેનો સ્વીકાર કરવાનો વાંધો નથી. પરંતુ મનોભાવના જે આંદોલનને લીધે તેની લલિત ગતિના ઊંડા મૂળમાં છંદ તથા વૃત્ત અંતર્ભૂત રહ્યાં છે તે આંદોલન છંદ અથવા વૃત્ત વિનાના ગદ્યમાં મર્તિમંત કરી શકાય તેમ નથી, એ સામાન્ય અનુભવ લક્ષમાંથી કાઢી નાખવો ન જોઈએ. છંદ તથા વૃત્તના અભાવથી જે ન્યૂનતા રહે છે તે છંદના તથા વૃત્તના નિયમના ભંગમાં પણ રહેલી છે. આંદોલનની ગતિને તાલ જાણે કે બાંધી રાખી ઉચ્ચારણની અમુક કાલમર્યાદામાં સાચવે છે, અને કાવ્ય મોટેથી બોલવાનું ન હોય ત્યારે પણ તાલની કાલમર્યાદા એની એ હોય છે. એ મર્યાદા આપોઆપ જળવાય તે માટે ઉપર વ્યવસ્થા સૂચવી છે. તેનો હેતુ એ નથી કે તાલનો અનાદર થાય, પણ તાલ વિષેની કર્ણપરીક્ષા જ્યાં મંદ હોય ત્યાં પણ તાલને નિયમ સચવાય એ હેતુ છે.

નિયમો પાળ્યાથી કવિત્વ આવે છે એમ કહેવાનો હેતુ નથી. કવિત્વ તો સ્વાભાવિક શક્તિથી આવે છે. પરંતુ તેનો મર્તિમંત આવિર્ભાવ દૂષિત ન થાય તે માટે નિયમો પાળવાની જરૂર છે. અનુભવીઓના લાંબા અનુભવને પરિણામે નિયમો ઘડાય છે, તે માટે અલંકારશાસ્ત્રમાં નિયમોને મહત્ત્વ આપ્યું છે. અલંકારશાસ્ત્રીઓ કહે છે તેમ રસવિષયમાં બારીક બાબતોમાં सचेतस एव प्रमाणम् 'સહૃદય જનોની પરીક્ષા એ જ પ્રમાણ છે.'

કાવ્યના બાહ્ય સ્વરૂપમાં દોષ ન આવે એ માટે સહૃદય જનોએ સૂચવેલા ઉપાય આ રીતે લક્ષમાં રાખવા આવશ્યક છે. 'કાવ્યપ્રકાશ'માં મમ્મટ કાવ્યના ઉદ્ભવ માટે આવશ્યક વસ્તુઓ ગણાવે છે કે —

शक्तिर्निपुणता लोकशास्त्रकाव्याद्यवेक्षणात् ।
काव्यज्ञशिक्षयाभ्यास इति हेतुस्तदुद्भवे ॥

"કવિત્વબીજરૂપ શક્તિ, સ્થાવરજંગમ લોક, શાસ્ત્ર, કાવ્ય વગેરેના નિરીક્ષણથી આવતી નિપુણતા, કાવ્ય કરવાની અને સમજવાની શક્તિવાળાના ઉપદેશથી થયેલો અભ્યાસ એ સર્વ કાવ્યના ઉદ્ભવમાં કારણરૂપ છે." ('શાસ્ત્ર'માં નીચેના વિષયોના લક્ષણ જાણવાનો પ્રયોગ સમાવેશ થાય એમ મમ્મટ કહે છે — વ્યાકરણ, નામકોશ, કલા, ધર્માર્થ—કામમોક્ષ, હાથી, ઘોડા, ખડ્ગ, ઇત્યાદિ) એ

અંશો કાવ્યના કારણરૂપ એટલા માટે છે કે કવિત્વશક્તિ હોય ત્યાં પણ એ શક્તિના સ્ફુલિંગને પ્રદીપ્ત કરનાર તથા તેના તિરોધાનને અટકાવનાર અભ્યાસ અને નિપુણતા આવશ્યક છે, અને જ્ઞાનના ભંડાર વિના તથા નિયમો વડે સિદ્ધ થતી સુવ્યવસ્થાની દરકાર વિના કુશળ કૃતિ થતી નથી. આ ધોરણો એકલા કાવ્યને જ નહિ, પણ સકળ સાહિત્યને લાગુ પડે છે. માત્ર “ કાવ્ય ” પદનો વિસ્તાર કરી તેને ઠેકાણે “ ઉત્તમ લેખ ” એ સમજવાનું છે, અને ‘ કવિત્વબીજરૂપ શક્તિ ’ એ ઠેકાણે ‘ લેખનશક્તિ ’ એ પદ સમજવાનું છે.

કાવ્યસાહિત્યની શુદ્ધતા તથા તેના સામર્થ્ય માટે જે ચર્ચા કરવામાં આવી તે સામાન્ય સાહિત્યને પણ લાગુ પડશે. અભ્યાસ અગર બહુશ્રુતપણું સર્વ લેખ માટે પ્રથમ આવશ્યક છે તેમ બીજા પ્રકારના સાહિત્યમાં વિચારશક્તિ, વિચાર પ્રદર્શિત કરવાની શકિત, અને વિચાર-પ્રદર્શનમાં કલ્પનાની શક્તિ પ્રથમ આવશ્યક છે.

કાવ્યેતર સાહિત્યમાં પ્રથમ નવલકથાને મુકીશું. નવલકથા કવિતા પેઠે કલ્પનાપ્રધાન છે. વાર્તાઓ પ્રથમ કાવ્યમાં કહેવાતી એ મૂળમાંથી નવલકથા નીકળી છે; અને મૂળના પ્રરોહનાં કેટલાંક લક્ષણ નવલકથાના અંગમાં હજી રહ્યાં છે. ગુજરાતી ભાષામાં વાર્તા રચનાર જૂના કવિ શામળભટની રચના કાવ્યમાં હતી. પ્રેમાનંદનાં આખ્યાનની શૈલી કોઈએ ગ્રહણ કરી હોય તો તે કવિ દલપતરામે (‘ વેનચરિત્ર’માં) ગ્રહણ કરી છે તથા તેમાં સામર્થ્ય દાખવ્યું છે. એ માર્ગે હાસ્યરસની તેમ જ વીરરસની રચના થઈ શકે તેમ છે.

નવલકથાનું સાહિત્ય ગુજરાતી ભાષામાં હાલના યુગમાં નવું થયેલું છે. ગયા સૈકાના ઉત્તરાર્ધથી એ સાહિત્યનો આરંભ થયો છે. પ્રેમાનંદનાં “ આખ્યાન ” અને શામળભટ્ટની “ વાર્તા ”ની વસ્તુ અને આ નવલકથાસાહિત્યમાં ઉતાર્યાં નથી. હાલની ગુજરાતી નવલકથા અંગ્રેજી સાહિત્યમાંની “ રોમૅન્સ ” અને “ નૉવેલ ”ના નમૂનાના મિશ્રણથી ઉત્પન્ન થઇ છે. “ રોમૅન્સ ”માંના અમાનુપતાના કે અલૌકિક ચમત્કારના અંશ ગુજરાતી નવલકથામાં આવ્યા નથી, પણ ઐતિહાસિક કથાની રીત અદ્‌ભુત વૃત્તાંત દર્શાવવાનો “ રોમૅન્સ ” નો પ્રકાર ગુજરાતી નવલકથામાં દાખલ થયો છે. વર્તમાન સમયના સાંસારિક લોકજીવનનું ચિત્ર અને ચાલતી જાહેર સવાલોની ચર્ચા એ “ નૉવેલ ”-ના અંશ પણ ગુજરાતી નવલકથામાં લેવામાં આવ્યા છે. કેટલીક

વિશિષ્ટ કૃતિઓ સિવાય નવલકથાસાહિત્યમા ઐતિહાસિક અંશ ઓછો થયો છે, અને સાંસારિક અંશ વધ્યો છે નવલકથાસાહિત્યનો વિકાસ શક્ય છે અને આવશ્યક છે, પણ એ કાર્ય કરનારા લેખકોનુ બાહુલ્ય ગુજરાતી ભાષામા નથી ઐતિહાસિક કથાની રીત માટે ઇતિહાસનો બહોળો અભ્યાસ આવશ્યક છે, અને સાંસારિક લોકજીવનના ચિત્ર માટે કલ્પનાશીલતાની આવશ્યકતા છે, તથા સાંસારિક જીવનમાથી નવલકથામા દાખલ કરી કાયમ રાખવાના અંશો ચૂટી કાઢવામા નિપુણતા તથા તે ઉપર તત્ત્વાન્વેષણની દૃષ્ટિ નાખવાની શક્તિ આવશ્યક છે એ સર્વમા અદ્ભુતતા તથા કુશળ વસ્તુસંકલના અને ભાવનામયતા આવશ્યક છે સાંસારિક લોકજીવનના ચિત્રમા વર્તમાન પ્રશ્નો સૂચવવાનો તથા તેનુ પૃથક્કરણ કરવાનો પ્રયાસ આવવો જોઈએ, અને એ પ્રશ્નો ઉકેલવાનો પ્રયાસ આવવો જોઈએ અદ્ભુતતા માટે તો કહેવુ જોઈએ કે ગુજરાતી પ્રજાના જીવનમા અદ્ભુતતા ઝાઝી રહી નથી, અને હિંદુસ્તાનના સામાન્ય જીવનમા પણ તે રહી નથી મે એક પ્રસંગે કહ્યા હતા તે વચનો અહી ઉતારી લઈશ કે ' હિંદુસ્તાનમાથી જગલો કપાઈ ગયા છે પ્રાંતો વચ્ચેના યુદ્ધ બંધ થઈ ગયા છે, પણ રસ્તાની લાંબી મુસાફરીઓ અને વણજારાની પોઠો નાબૂદ થઈ ગઈ છે, તેથી અદ્ભુત વાર્તાઓના પ્રસંગ રહ્યા નથી, તેમજ સાહસ ખાતર અજાણ્યા સમુદ્રોની સફર કરવાને પ્રજાને ટેવ બંધાઈ નથી, અને એ રીતે જીવનવ્યવહારમા અદ્ભુતતાના અંશ આણી શકાય તેમ નથી " એક બીજુ કારણ કહેવા જેવુ એ છે કે પ્રજામા સમૃદ્ધિ રહી નથી તેથી મોજશોખ, સુખોપભોગ કે જાહોજલાલીને લીધે અદ્ભુત પ્રસંગો ઉત્પન્ન થવાનો અવકાશ નથી "પણ પ્રજાનુ જીવન પ્રબળ ભાવનાઓથી ધમનારા મારી રહ્યુ છે રેલ્વેથી, ટપાલથી, અને વર્તમાનપત્રોથી આખા હિંદુસ્તાનમા એક નગર પેઠે સંકલ્પોની આપ લે થાય છે પ્રેમના અને ચારિત્ર્યપ્રભાવના અનેક અવસર ઉત્પન્ન થાય છે ત્યા નવલકથાની અસાધારણ મોહકતા દર્શાવવા માટે જોઈએ તેટલા પ્રસંગ મળે તેમ છે, અને સિદ્ધાંતો ચર્ચવા માટે જોઈએ તેટલી સામગ્રી મળે તેમ છે " પરંતુ નવલકથા લખવાના શોખવાળા લેખકોની શક્તિનો વ્યય માસિકોમા અલ્પ પ્રમાણની અને ટૂંકી વસ્તુની નવલકથા લખવામા થઈ જાય છે વિસ્તારી કથા લખવા જેટલો પ્રયાસ કરવાની તથા કલ્પનાપ્રભાવ ગોઠવવાની શક્તિવાળા

નવલકથાલેખક વર્ગ હજી બંધાયો નથી. “આપણા લેખકોની વૃત્તિ મીમાંસા તરફ જલદી વળી જાય છે. પરંતુ સંસારની અસારતાના અતિશય ચિંતનમાંથી ઘડીભર છૂટા થઈને પણ પંડિતોએ આ કાર્ય હાથમાં લેવા જેવું છે. અને એ હાથમાં લેતાં સંસારની માયા બહુ સારી રીતે દર્શાવી શકાશે એમ તેમને માલૂમ પડશે.” નાની નાની કથાઓ કરતાં વિસ્તારી નવલકથા રચવામાં પરિશ્રમ વધારે કરવો પડે તથા અભ્યાસ વધારે કરવો પડે એ ખરું, પરંતુ પરિશ્રમ તથા અભ્યાસ વિના બીજા વિષય પેઠે સાહિત્યમાં પણ સિદ્ધિ થઈ શકે તેમ નથી. પ્રજા જે જીવન જીવે છે તેનું દર્શન નવલકથા વડે જ પ્રજા સમક્ષ આબેહૂબ ઊભું થઈ શકે તેમ છે અને એ રીતે પ્રજાને પોતાની દૃષ્ટિ અંતર તરફ વાળતાં શીખવાય તેમ છે: આવા પ્રયાસથી બીજો અવાંતર લાભ એ થાય છે કે હાલની નવલકથાના સાહિત્યમાં જે નીરસતા અને અયોગ્યતા છે તે શિષ્ટ નવલકથાલેખક વર્ગના ઉદ્‌ભવથી આપોઆપ લુપ્ત થઈ જશે. નવલકથાલેખન એ મનોરંજક વિષય છે, અને સુશિક્ષિત સ્ત્રીપુરુષોમાં ઘણા તે હાથમાં લઈ શકે તેમ છે. તે કાર્ય માટે પ્રજામાં રુચિ અને ઉત્સાહ ઉત્પન્ન કરવાં તે તો આ પરિષદ સરખી પ્રવૃત્તિથી થઈ શકે તેમ છે. લેખક વર્ગમાંથી જે મોટો ભાગ માસિકો માટે કાવ્યો લખવામાં તથા ટૂંકી વાર્તાઓ લખવામાં પોતાની શક્તિનો ઉપયોગ કરે છે તે લોકજીવનનું ચિત્ર આપી તેમાંથી મર્મ દર્શાવવાનું આ કાર્ય માથે લે તો સાહિત્યની તેમજ પ્રજાની ઘણી સેવા થાય.

નાટકમાં કાવ્ય અને નવલકથા બંનેનો સમાવેશ થાય છે. વિવિધ રસની નિષ્પત્તિના નાટકમાં પ્રસંગ આવી શકે છે તેમ જ કળાની આવશ્યકતા તથા શક્યતા નાટકમાં સ્થળે સ્થળે ઉપસ્થિત થાય છે. કવિતામાં અને નવલકથામાં આવતાં મનોરંજક વર્ણન સંક્ષિપ્ત રસમય સારરૂપે નાટકમાં દાખલ થઈ શકે છે. હૃદયગ્રાહી વસ્તુસંકલનાનો નાટકમાં અવકાશ છે. સર્વત્ર કુશળ કળાવિધાન વિના લેખકને સિદ્ધિ મળતી નથી તે કારણથી અથવા વિસ્તારી રચના શ્રમસાધ્ય હોવાના કારણથી હાલ નાટકરચના તરફ ઘણા થોડા લેખકોનું લક્ષ જાય છે. પચાસ વર્ષ ઉપર ગુજરાતી ભાષામાં નાટકો લખાવા માંડ્યાં; પણ હાલ તે પ્રવાહ અટકી ગયો છે. રંગભૂમિ ઉપર નાટકો ભજવવાનો પ્રયોગ ઘણો વધ્યો છે તે છતાં શિષ્ટ નાટકોનું સાહિત્ય બહુ જૂજ

હોવાથી રંગભૂમિ માટે ખાસ ઉપયોગી થાય એવાં નાટકો લખનારનો વર્ગ ઉત્પન્ન થયો છે. આ વર્ગને હાથે ઉત્તમ રચના થાય એ શક્ય નથી. રંગભૂમિ ઉપરની પડદા તથા રોશનીની ગોઠવણો, કસરતો, પોશાક, તથા બીજી યુક્તિઓને અનુકૂળ થાય એવી રચના રચવા તરફ તેમની વૃત્તિ હોય છે. ઉત્તમ લેખકોનાં નાટકોની રચના રંગભૂમિને અનુકૂલ કરવામાં આવે એમ થવાને બદલે ઉત્તમ લેખકો રંગભૂમિની ઉપર કહેલી યુક્તિઓને અનુકૂળ રચનાઓ કરે એમ ઘણીવાર બને છે. સંગીતને રંગભૂમિ ઉપર વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે, તથા સર્વ પાત્રો સર્વ પ્રસંગે સંગીતમાં જ ઉચ્ચારણ કરે, અને નાટક તે સંગીતવિદ્યાનો ખેલ ('ઓપેરા') હોય એવી માન્યતા થાય છે. આને પરિણામે નાટકની કાવ્યમયતા ગૌણ થઈ જાય છે, અને રંગભૂમિ ઉપર કવિતા તથા અભિનય કરતાં પડદા, દેખાવ, કસરતો, એ વગેરે યુક્તિઓ તથા સંગીત પ્રધાનપણું પામે છે. આ રીતે નાટક તે કવિતા છે એ વાતનું વિસ્મરણ થાય છે, અને અભિનયદ્વારા કવિતા દર્શાવવાને બદલે ચાળા તથા યુક્તિઓ દ્વારા એ કાર્ય થઈ શકે એમ માનવામાં આવે છે. નાટકકારની રસિક કળાને આવે સ્થાને પોષણ મળવાનું શક્ય હોતું નથી. આનો એ જ ઉપાય છે કે શિષ્ટ લેખકો તરફથી નાટકો લખાય અને રંગભૂમિ ઉપર તે ભજવવાની ગોઠવણ શોખ ખાતર ભજવનાર ('ઍમેચ્યોર') વર્ગ તરફથી થાય. આમ થાય તો જ નાટકસાહિત્ય અને રંગભૂમિનો ઉત્કર્ષ થાય. ઉત્તમ પ્રકારનાં નાટકો રચાય અને પડદા, રોશની વગેરે કૃત્રિમ સામગ્રીના બાહુલ્ય વિના તે ભજવાય તથા જ્યાં મનોભાવનો સંગીતમય આવિર્ભાવ યથાયોગ્ય હોય અથવા સંગીતનો ખાસ પ્રસંગ હોય ત્યાં જ નાટકમાં સંગીતનો પ્રયોગ થાય, આવી અનુકૂળતા આવી મળે તો નાટકસાહિત્ય તથા રંગભૂમિની ઉન્નતિ થાય અને સંગીતનું ગૌરવ સચવાય. રંગભૂમિ અને નાટકસાહિત્યની ગતિ સમકાલીન હોય છે, અને રંગભૂમિ રસિકતાને અનુકૂળ હોય તે વિના નાટકસાહિત્ય પરિપૂર્ણ સામર્થ્યથી ઉદ્‌ભૂત થતું નથી. નાટક માટે જે વિશેષ પ્રતિભા આવશ્યક છે તે પ્રયત્ન કરી ઉપજાવી શકાતી નથી, પણ તેના આવિર્ભાવને જે કૃત્રિમ સામગ્રીઓનો અંતરાય નડે છે તે દૂર કરવાથી જ્યાં હોય ત્યાં તેનો વિકાસ થાય એ શક્ય છે. આ માટેની અભિલાષા પ્રગટ કરતાં એ આશા દર્શાવીશું કે અનેક દેશોના સમર્થ નાટકકારોની કૃતિ

એનો ઊંડો અભ્યાસ ગુજરાતના વાચકવર્ગમાં ફેલાશે અને [illegible] ભાવપરીક્ષા તથા કલ્પનાના ઉડ્ડયન વડે પાત્રાલેખનની તથા વસ્તુ સંકલનાની કળા વિકાસ પામશે. વ્યવહારના અને વાતચીતના સામાન્ય પ્રસંગો ઊંડા હૃદયાન્વેષણ વિના લઘુભાર કથામાં દાખલ કરવાનો હાલના યુરોપના નાટકસાહિત્યનો ધ્વનિ ગુજરાતીમાં આણવાનો કેટલોક પ્રયાસ થાય છે. પરંતુ. સર્વાનુભવરસિક કવિતાની ગહનતા યથાર્થ રીતે દર્શાવનારું સાહિત્ય થાય તે પછી એવા લઘુભાર સાહિત્યનો અવકાશ આવે. હાલ તો પાત્રોના સ્વભાવનાં સૂક્ષ્મ પૃથક્કરણ તથા અન્વેષણ કરનારાં નાટકોના સાહિત્યની આવશ્યકતા છે. અમુક જાતનાં મનુષ્યસ્વભાવ વિધવિધ પ્રસંગો આવતાં કેવાં પરિવર્તન પામે છે, જુદી જુદી પરિસ્થિતિમાં જુદા જુદા રસની નિષ્પત્તિ વેળા જુદા જુદા મનુષ્યો કેવી વૃત્તિમાં આવે છે, કેવાં વચન ઉચ્ચારે છે અને કેવાં આચરણ આચરે છે, એ સૂક્ષ્મ પરીક્ષા કરવાની અને પ્રકટ કરવાની શક્તિ ખીલે નહિ ત્યાં સુધી નાટકસાહિત્ય સામર્થ્યહીન રહે છે, અને એવા સામર્થ્યનો ઉલ્લાસ થતાં પહેલાં નાટકકારો એ શક્તિ અજમાવવાનો પ્રયાસ છોડી દઈ લઘુભાર રચનામાં પ્રવૃત્ત થાય તો નાટક સાહિત્યનો ઉદય શક્ય નથી.

નિબંધનું સાહિત્ય રચવાનો આરંભ કવિ નર્મદાશંકરે કરેલો. તે પછી નિબંધનું સાહિત્ય કંઈક આગળ વધ્યું છે. પરંતુ જેવી સુદૃઢ, સુઘટિત તથા મધુર શૈલીવાળું ગદ્ય સામર્થ્યવાન થાય તેમ છે તેવું ગદ્ય ગુજરાતી ભાષામાં હજી બંધાયું નથી.

પ્રૌઢ, સુંદર ગદ્યશૈલી માટે ઇતિહાસના બહોળા સાહિત્યની આવશ્યકતા છે. એમ જણાય છે કે ઇતિહાસ લખવાનો શોખ ગુજરાતી લેખકોમાં હજી જામ્યો નથી. ઐતિહાસિક વૃત્તિ ઉત્પન્ન થાય એવું ઇતિહાસવાંચન ગુજરાતી પ્રજામાં ફેલાવો પામ્યું નથી. ઇતિહાસના સાહિત્યમાં જીવનચરિત્રનો સમાવેશ થાય છે. ગુજરાતી ભાષામાં થોડા ઇતિહાસ લખાયા છે અને ઘણાં થોડાં જીવનચરિત્ર લખાયાં છે. ઇતિહાસ તરફની આ બેદરકારી શોચનીય છે. ઇતિહાસ તથા જીવનચરિત્ર સારુ કરવાની શોધખોળ તથા સામગ્રીસંગ્રહ માટે બહુ ઓછા પ્રયાસ થાય છે. એ શોધખોળ માટે વિશાળ ક્ષેત્ર છે. પરંતુ કોઈ પ્રકારના આલસ્યથી આપણે અનૈતિહાસિકતામાં બંધાઈ રહીએ છીએ. જે પ્રજાત્વની ભાવના દેશમાં સ્ફુરાયમાન થઈ રહી છે તે પણ

ઐતિહાસિક વૃત્તિને ઉત્તેજિત કરતી નથી બીજાઓના લખેલા ઇતિહાસોના ભાષાતરવડે આપણે ચલાવી લઈએ અને તેમાથી ઇતિહાસની સામગ્રી વીણી કાઢી સતોષ માનીએ, એ આપણી આકાક્ષાનુ અલ્પ પ્રમાણ દર્શાવે છે માત્ર નિશાળોમા શીખવવાના શાળોપયોગી અને બાજોપયોગી ઇતિહાસ રચાય તેનુ કઈ બહુ મહત્ત્વ નથી આપણા દેશના અને આપણી પ્રજાના ઇતિહાસ તથા જીવનચરિત્ર આપણે હાથે આપણી ભાષામા લખવા જોઈએ આપણા ઇતિહાસના સાધનો આપણે શ્રમ કરી સાધ્ય કરવા જોઈએ આપણા પ્રજાજીવનની જૂના કાળની હકીકત આપણે યથાર્થ રીતે ચીતરવી જોઈએ એટલુ જ નહિ, પણ ઇતિહાસ અને જીવનચરિત્રના ક્ષેત્રમા આપણે આગળ પગલા ભરી બીજા દેશોના ઇતિહાસ રચવા તરફ પ્રવૃત્તિ કરવી જોઈએ આપણા દેશના મહાન સ્ત્રીપુરુષોની જીવનકથામા રહેલુ પ્રજાતત્વ આપણે પ્રદર્શિત કરીશુ નહિ તો એ કાર્ય બીજુ કોણ કરશે? હિંદુસ્તાનની પ્રજામા ઐતિહાસિક વૃત્તિ મદ છે એમ કહેવામા આવ્યુ છે તેનો રદિયો ઘણા પ્રાતોએ ઇતિહાસના ગ્રથો રચી આપ્યો છે, પણ ગુજરાતમા એવા પ્રયત્ન થવાના ચિહ્ન જણાતા નથી ઇતિહાસ રચનામા માત્ર તવારીખ આપવાનુ નથી હોતુ, પણ રાજકીય ક્રાતિ સમાજજીવનની ઘટના તથા ભાષાનો ક્રમ મૂળમાથી દર્શાવવાના હોય છે, અને તેમાથી ફલિત થતુ તત્ત્વજ્ઞાન સૂચવવાનુ હોય છે મેકોલે કહે છે તેમ ઇતિહાસમા કવિતા આવે છે તેમ જ ફીલસુફી આવે છે, વિશિષ્ટતાવાળા તથા દૂર પહોચતા પરિણામવાળા બનાવોના વર્ણનમા રસિકતા ઉદ્ભૂત કરવાનો પ્રસગ હોય છે અને બનાવોના અને તેમના કારણો તથા પરિણામના વર્ણનમા તત્ત્વમીમાસાનો પ્રસગ આવે છે જનસમાજમા પ્રવર્તેલા રિવાજ, પ્રજાનુ સાહિત્ય, દેશમા કેવાયેલા ધર્મ, દેશની કારીગરી, ઉદ્યોગ, વેપાર, એ સર્વનુ ચિત્ર કાઢવામા કલ્પનાવ્યાપારની સહાયતાથી તીક્ષ્ણ થયેલા દૃષ્ટિબિંદુઓને એકત્રિત કરી શકાય છે આ સર્વ કાર્ય ગભીરતાથી કરવાનુ માથે લેનાર ઇતિહાસલેખકો ઉત્પન્ન થાય ત્યારે ઉચ્ચ પ્રકારનુ ગદ્ય ભાષામા લખાય અને ઉત્તમ શૈલીનો બધારો બધાય

અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, એ વગેરે વિષયોનુ સાહિત્ય ગુજરાતી ભાષામા છે જ નહિ એ માટે ચાર પાચ ભાષાતરથી પૂરાય તેમ નથી એ શાસ્ત્રોના અભ્યાસમા નિપુણ પડિતો

તરફથી નવા મૌલિક ('ઓરિજીનલ') ગ્રંથો એ વિષયના રચાય ત્યારે એ સંબંધી સાહિત્ય થવા માંડે અને એ વિષયના વિચાર તરફ લક્ષ જતાં નવા વિચાર પ્રદર્શિત કરવાની વૃત્તિ થવા માંડે. જાહેરજીવનના પ્રસંગોમાં આ વિષયોની છૂટક ઉપલકિયા ચર્ચા કરવા આપણે તત્પર રહીએ છીએ, પરંતુ આ વિષયોનો શાસ્ત્રીય અભ્યાસ કરવાનો શ્રમ લેવાની ઇચ્છા આપણામાં વિદ્યમાન નથી. એ વિષયોના નાના નિબંધ હજી લખાવા માંડ્યા નથી તો વિસ્તારી પરીક્ષાવાળા ગ્રંથો—શ્રમસાધ્ય ગ્રંથો—લખાવાની હાલ શી રીતે આશા રાખી શકીએ! આપણે આ પ્રવૃત્તિથી સર્વથા વિમુક્ત છીએ એટલું કબૂલ કરી આ વિષયોના અભ્યાસપૂર્ણ શિષ્ટ ગ્રંથો લખાશે એવી આશા રાખવામાં જ હાલ તો સંતોષ માની શકાશે.

ઇતિહાસ, જીવનચરિત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અને રાજનીતિશાસ્ત્ર, સરખા વિષયો ઉપર પ્રૌઢ ગ્રંથો લખાય; માત્ર તવારીખના ઇતિહાસ સંબંધી નહિ, પણ લોકજીવનનો ઇતિહાસ, ભાષાનો ઇતિહાસ, સાહિત્યનો ઇતિહાસ, ધર્મનો ઇતિહાસ, એ વગેરે ઇતિહાસના ગ્રંથો લખાય—તે વિના ગુજરાતી ભાષાનું ગદ્ય સમર્થ, વેગવાન અને વિવિધ વિષયોને પહોંચી વળનારું થવાનું નથી. આધ્યાત્મિક વિષયો સંબંધી, નીતિમીમાંસા સંબંધી, અને તત્ત્વચિંતન સંબંધી મૌલિક ગ્રંથોની પણ અપેક્ષા છે. માત્ર એ વિષયમાં જોખમ એ રહેલું છે કે એવા વિષયોમાં પ્રવેશ કરતાં આપણે આપણી સામાન્ય નિર્વેદવૃત્તિમાં પડી જઈએ, અને "સંસાર માયા છે," 'નસીબ બળવાન છે," એવાં નિર્જીવ વાક્યોની શુષ્ક પુનરુક્તિમાં ખેંચાઈ જઈએ તો આ વિષયોમાં કાંઈ મીમાંસા થાય નહિ અને નવું સાહિત્ય રચાય નહિ. આપણે હિમ્મતથી એ ભયની સામે થઈ શકીએ, અને જીવન જીવવાનું છે તો તે સફળતાથી જીવી શકીએ, અને જેટલા ગર્ત આવે તેટલાની પાર જઈ શકીએ, એવી સબળ દઢતા ધારણ કરી શકીએ ત્યાં સુધી આપણે ઉત્કર્ષને માર્ગે ક્રમણ કરી શકીએ એમ નથી. એ લક્ષમાં રાખીશું તો નિરાશાવાદમાં ડૂબી જતા બચીશું.

જ્ઞાનના જે વિષયો છે તે સર્વમાં પ્રગતિ કરનારા સાહિત્યની આવશ્યકતા છે. વિજ્ઞાન, ગણિત, વ્યાકરણ, એ વિષયના ગ્રંથો માત્ર બાળોપયોગી કે શાળોપયોગી નહિ તેમ જ ભાષાંતરમય નહિ પણ મૌલિક કૃતિના અને વિસ્તારવાળા લખાવાની જરૂર છે. એવું સાહિ-

ત્ય હજી થવા માંડ્યું નથી, પરંતુ, તે થવા માંડશે ત્યારે આપણામાં જાગૃતિ આવી છે એવી ખાતરી થશે પંડિતો આ સંબંધી વિચાર કરવા માંડશે ત્યાર પછી તેમના વિચારનું સાહિત્ય લખાશે

ગુજરાતી ભાષાનો વિસ્તારી કોશ રચવાની પરમ આવશ્યકતા સર્વમાન્ય છે, છતાં એ કામ હજી અધૂરું છે નર્મદાશંકરે એકલે હાથે એ વિષયમાં ભારે પ્રયાસ કર્યો તે પછી એટલા આગ્રહથી બીજા કોઈએ એ કામ ઘણા વખત સુધી ઉપાડી લીધું નહિ એ ખેદજનક છે ગં રા લલ્લુભાઈ ગોકળદાસ પટેલે અને ગં રા છગનલાલ અમરશીએ એ ધોરણે ગુજરાતી કોશ બહાર પાડેલા છે અને ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીનો મહાન પ્રયાસ હજી ચાલુ છે અધૂરી સામગ્રીના કોશથી હવે ચાલશે તેમ નથી અનેક વિદ્વાનો તરફથી જાતજાતના કોશ રચાશે ત્યારે આ મોટું કાર્ય આગળ વધશે ગુજરાતના જુદા જુદા સ્થળોના અને જુદા જુદા ધંધાના ખાસ શબ્દો-વાળો વ્યુત્પત્તિ સાથેનો તથા શબ્દોના ઉપયોગના ઉદાહરણ દર્શાવ-નારા ઉતારા સાથેનો સચિત્ર કોશ રચાય, અને સંસ્કૃત, ફારસી, બંગાળી, હિંદી, મરાઠી, વગેરે ભાષાઓમાંના સમાનાર્થ શબ્દો તેમાં દર્શાવવામાં આવે એ કાર્ય હવે થોડા સમયમાં સિદ્ધ થશે એમ કહીએ તો આપણે અત્યાશાન્વિત ગણાઈશું નહિ

હિંદુસ્તાનના બીજા પ્રાંતોની ભાષા તથા તેના સાહિત્ય વિષેનો પરિચય મેળવ્યા વિના વ્યક્તિની કેળવણી અધૂરી રહે છે એ ભાન ઉત્પન્ન થશે ત્યારે બીજા પ્રાંતોની ભાષાની તથા તેના સાહિત્યની ગુજરાતી ભાષા ઉપર કેવી અસર થઈ શકે તેમ છે એ સાક્ષાત્કાર થશે ગુજરાતી ભાષામાં પુસ્તકો લખાવા માંડ્યા તે પહેલાં હિંદુસ્તાનના બીજા પ્રાંતોની પેઠે ગુજરાતમાં પણ વિદ્વાનો વ્રજ ભાષામાં પુસ્તકો લખતા એ પ્રથા હવે જતી રહી છે પણ વ્રજભાષાથી ગુજરાતી ભાષા ઉપર તથા ગુજરાતી સાહિત્ય ઉપર પડેલા સંસ્કાર ટકી રહ્યા છે એ લક્ષમાં લેતાં વ્રજભાષાનો અને તે પછી થયેલી હિંદી ભાષાનો પરિચય ગુજરાતી ભાષાનું બંધારણ સમજવા માટે તથા ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ સમજવા માટે કેવો આવશ્યક છે તેનો સાક્ષાત્કાર ત્યાર થશે આવી જ રીતે ઓછે દરજ્જે મરાઠી ભાષા ગુજરાતી ભાષા સાથે સંપર્કમાં આવી છે ગુજરાતમાં પેશવાનું રાજ્ય હતું તે દરમ્યાન ઘણા મરાઠી શબ્દો સાધારણ વ્યવહારમાં અને ખાસ

કરી રાજ્યતંત્રના વ્યવહારમાં પ્રચલિત થયા. અને વડોદરામાં ગાયકવાડનું રાજ્ય સ્થપાયા પછી મરાઠી ભાષાનો ને મરાઠી સાહિત્યનો સંસર્ગ ગુજરાતના લોકોને વિશેષ થયો. હિંદી અને મરાઠીનો પરિચય હાલના જમાનામાં ગુજરાતમાં પ્રવર્તમાન નથી. હવે બંગાળી સાહિત્યનો પરિચય ગુજરાતના વાચકોને વિશેષ થવા લાગ્યો છે. એ ભાષાઓનો પરિચય આ સ્થિતિને લીધે ઉપયોગી છે. તેમ જ સમસ્ત ભારતવર્ષમાં વસતા લોકોની ભાષા તથા તેમનું સાહિત્ય દરેક પ્રાંતનાં સુજ્ઞ જનોએ સારી રીતે જાણવું જોઈએ. તે વિના ભારતવર્ષના જીવનથી તેઓ ઘણા વાકેફગાર રહે, અને સમસ્ત દેશનું જીવન જીવી શકે નહિ. એ કારણથી પણ એ જરૂરનું છે કે હિંદુસ્તાનમાં બોલાતી મુખ્ય ભાષાઓમાં તથા તેમાંના સાહિત્યમાં ગુજરાતના વિદ્વાનો નિપુણ હોવા જોઈએ.

ગદ્યસાહિત્યમાં કયા કયા વિવિધ વિષયો ગુજરાતી ભાષામાં ખીલવવા જોઈએ તે વિષે ઉપર કેટલીક સૂચનાઓ કરી છે. પરંતુ, પદ્યસાહિત્ય માટે એવી સૂચના કરી નથી; આનું કારણ સુગમ છે. પદ્યસાહિત્યમાં મુખ્ય ભાગ તે કવિતા છે. અને કવિતામાં લાગણી અને ભાવના આવિર્ભાવના લેખ લખાય છે. એક વેળા પદ્યમાં ઇતિહાસ, ભૂગોળ, વગેરે રચવામાં આવતાં, પણ તે સમય હવે ગયો છે. સ્મૃતિને મદદ કરવા માટે પણ એવા વિષયો હવે પદ્યમાં રચાતા નથી.

"ઇરાન, હિંદુસ્તાન ને, સિયામ, અર્બસ્તાન:
બ્રહ્મ, ચીન, જાપાન ને રૂશિયા, તુર્કસ્તાન."
"કહું મરાઠારાય, શિવાજી ને સંભાજી;
વળતા રાજારામ, પછીથી થયો શિવાજી."
"એ. બી. સી. ડી. ઈ એફ. જી. એચ. આઇ. જે. જાણ;
કે. એલ. ને એમ. પછી, એન ઓ પી ક્યુ. આણ.
આર. એસ. ટી. યુ. વી. ને, ડબલ્યુ. વળતી એક્ષ;
વાઇ, ઝેડ, મૂળાક્ષરો, અંગ્રેજી આ પેખ."

એવી રચના હવે પદ્યમાં થતી નથી. તેમ જ જ્ઞાન, ઉપદેશ અને તત્ત્વચિંતનનાં પદ્ય બહુધા રચાતાં નથી. કવિતાનો પ્રધાન હેતુ તે આનંદ છે, અને પ્રત્યક્ષ રીતે શિક્ષક પેઠે કે ભાષણકર્તા પેઠે બોધ આપવો તે કવિતાનું કામ નથી એ બહુધા સર્વત્ર સ્વીકાર થયો છે.

બે જણ વાત કરે જ્યાં છાની, ત્યાં ઊભા નવ રહીએ;
હુંકારા વિણ વાત ન કરીએ, ઇચ્છા વિણ નવ જમીએ જી રે.

એના ઉપદેશના પદો હવે બહુધા રચાતા નથી તત્ત્વચિન્તન અમર્તરૂપે હજી પદ્યમા લખાય છે, પરંતુ કવિતામા લાગણી અને ભાવનુ પ્રાધાન્ય હોવુ જોઈએ એ ભાવના સર્વમાન્ય થાય છે એમ જણાય છે લાગણી અને ભાવ એ કવિની સ્વયભૂ ઊર્મિનો વિષય છે તેથી કવિતામા શુ લખાવુ જોઈએ તેનુ વિવેચન થઈ શકે તેમ નથી કયા વિષયો કવિત્વને યોગ્ય નથી એટલો જ નિર્દેશ થઈ શકે એમ છે આ સબધમા અહીં એટલુ જ કહીશુ કે વીરરસ કવિતામા દાખલ કરવા જે પ્રયાસ નર્મદાશંકરે કરેલા તે તેમના પછી ભીમરાવ ભોળાનાથ તથા હરિલાલ હર્ષદરાય ધ્રુવ સિવાય બીજા કોઈએ કર્યા નથી તેથી ગુજરાતી કાવ્યસાહિત્યમા વીરરસની અપેક્ષા છે, અને તે રસ પણ ખીલવવો જોઈએ, એટલુ કહેવુ અપ્રાસંગિક નથી

વીરરસ સાથે દેશભક્તિના કાવ્યો પણ નર્મદાશંકરે અને ભીમરાવ ભોળાનાથે તથા હરિલાલ હર્ષદરાય ધ્રુવે લખેલા તે પણ કવિવર્ગની દૃષ્ટિ આગળ રજૂ કરીશુ કે એ વિષેની વિસ્મૃતિ ન થાય

સાહિત્યમા જેનો સમાવેશ થઈ શકે એવા અનેક વિષયો ગણાવતા સર્વ વિષયોના સાહિત્યને નિયત્રિત કરનાર તથા યોગ્ય મર્યાદામા રાખનારા વિવેચનસાહિત્યની ગણના કરવાનુ ભૂલી જવુ ન જોઈએ વિવેચનની કસોટીમા સમસ્ત સાહિત્ય જરૂર મુકાવુ જોઈએ તે વિના ગ્રથોનુ યથાયોગ્ય મૂલ્ય થઈ શકતુ નથી કવિ કાળિદાસ કહે છે તેમ—

हेम्न संलक्ष्यते ह्यग्नौ विशुद्धिः श्यामिकापि वा ।

સુવર્ણને અગ્નિમા નાખ્યા વિના જણાતુ નથી કે તેમા શુદ્ધતા કેટલી છે અને ભેગને લીધે થયેલી કાળાશ કેટલી છે

દોષૈકદર્શન એ વિવેચનનુ કાર્ય નથી, પરતુ કૃતિમાના ગુણ અને દોષ જુદા પાડવા કૃતિમા કયા ગુણ છે અને કયા દોષ છે તેને ખોળી કાઢી રજૂ કરવા, કૃતિની ખૂબીઓ તેમજ ખામીઓ દર્શાવવી, અને કૃતિનુ સમસ્ત સ્વરૂપ લક્ષમા લઈ તેની તુલના કરવી, એ વિવેચનનુ કાર્ય છે આના વિવેચનસાહિત્યની ગુજરાતી ભાષામા ખોટ છે તેનુ કારણ કે વાચકોના તેમજ લેખકોના લક્ષમા વિવેચનનુ મહત્ત્વ ઊતર્યું નથી ગ્રથોની યથાયોગ્ય તુલના થાય તે લેખકોને લાભપ્રદ છે તેમ જ વાચકોને લાભપ્રદ છે એવી તુલના વિના સાહિત્યમા સુસ્થતા આવતી નથી, પોતાની કૃતિની કિમત લેખકોને સમજાતી

નથી, તેમ જ લેખકોની કૃતિઓની કિંમત શી રીતે આંકવી તેનું માર્ગદર્શન વાચકોને મળતુ નથી. આ કાર્ય કરવાનું માથે લેનાર વિવેચકની જવાબદારી ભારે છે. એ પ્રશંસાનાં વચન અને બે દોષ-દર્શનનાં વચન કહ્યાથી એ કાર્ય સિદ્ધ થતું નથી. વિવેચક પોતે બહુશ્રુત હોવા જોઈએ. અને પોતાના અભ્યાસનો લાભ વાચકોને મળે એવી રીતે તેણે પ્રવૃત્તિ કરવી જોઈએ. વિવેચનસાહિત્યના સુપ્રખ્યાત વર્તમાન ઇતિહાસલેખક તથા સાહિત્યપરીક્ષાના ધોરણે પ્રવીણ લેખક મિ. જ્યોર્જ સેઇન્ટ્સ્બરી વિવેચકની યોગ્યતા માટે આ પ્રમાણે માર્ગ દર્શાવે છે.

"સૌથી પહેલો અને મહાન નિયમ એ છે કે વિવેચકે વાંચવું જોઈએ, અને બની શકે ત્યાં સુધી બધું વાંચવું જોઈએ. વિવેચક જો કોઈ સમયનું સાહિત્ય વાંચવાનુ મૂકી દે, ગમે એટલા નાના પણ વાસ્તવિક મહત્ત્વના કોઈ લેખકની કૃતિઓ વાંચવાનું મૂકી દે તો તે વિવેચક પોતાનું દૃષ્ટિબિંદુ સુસ્થતામાંથી ખસેડી દે એ જોખમ રહે છે. બીજા સાહિત્યની ગણના કરવાનું વિવેચક ધ્યાનમાં ન રાખે તો તો તેની સ્થિતિ એવા જ જોખમમાં આવેલી થાય. વળી વિવેચકે નિરંતર પુસ્તકો, લેખકો અને સાહિત્યની સરખામણી કરવી જોઈએ કે એ સર્વમાં શો તફાવત છે તે તે જોઈ શકે. પણ કોઈમાં બીજાના અંશ નથી માટે તેની તરફ અરુચિ થાય એ હેતુથી એ કાર્ય તેણે કરવું ન જોઈએ, અને વળી કોઈ પુસ્તક જોયા સિવાય તેમાં શું આપવું જોઈએ એનો ખ્યાલ તેણે બનતાં સુધી મનમાં બાધવો ન જોઈએ. અર્થાત્ જે પટ ઉપર તે છબી પાડે તે બને તેટલી સંભાળથી તૈયાર કરવો જોઈએ, અને રેખાઓની યથાસ્થિત મૂર્તિ તેમાં પ્રગટે એવી તૈયારી તેણે કરવી જોઈએ, પણ તે સાથે એ સંભાળ પણ બારીક રીતે લેવી જોઈએ કે પટમાં સૂક્ષ્મતમ પણ રેખા, છાયા કે ડાઘનો અપરાધ ન નડે અને પાડવાની છબીનું રૂપ અણુમાં અણુ પ્રમાણમાં બદલાય નહિ." ('હિસ્ટરી ઑફ ક્રીટીસીઝમ')

ગ્રંથની પરીક્ષા સંબંધમાં "નિયમો" અને "સિદ્ધાંતો" એવો ભેદ કરવામાં આવે છે. "નિયમો" વસ્તુ, છંદ, ભાષા અને શૈલી જેવી ઓછા મહત્ત્વની બાબતો વિષે હોય છે અને "સિદ્ધાંતો" મુદ્દાની બાબતો વિષે હોય છે. એટલે સમસ્ત કૃતિથી વાંચનારના મન ઉપર કેવી અસર થાય છે, તથા તેની કલ્પના કેવી રીતે ઉત્તેજિત

થાય છે એ પરીક્ષા સિદ્ધાતો વિષેની છે વિવેચનમા “નિયમ” ગૌણ છે અને “સિદ્ધાતો” મુખ્ય છે તથા વિચારમા લેવા યોગ્ય છે, એમ કેટલાકનુ કહેવુ છે કે નિયમોથી ગુણદોષનુ દર્શન થાય છે, પણ જમાના બદલાતા તેનુ મહત્ત્વ બદલાય છે પરતુ સિદ્ધાતો મનુષ્યના મનને લગતા હોવાથી સર્વકાળમા એના એ રહે છે, એમ કેટલાકનુ માનવુ છે નિયમોને હદ ઉપરાત મહત્ત્વ આપવાથી વિવેચન કૃત્રિમ થઈ જાય છે, એ ખરુ છે પરતુ નિયમો પણ રસિકતાના કોઈ ધોરણો ઉપર રચાયેલા હોય છે, અને જમાનો જમાને રુચિઓ બદલાય, પરતુ રસિકતાનુ ધોરણ બદલાય નહિ, એ લક્ષમા લેતા નિયમો કેવળ અવગણનાપાત્ર છે એમ કહી શકાશે નહિ અલબત, નિયમોને અત્યત વળગી રહેવુ ન જોઈએ, પરતુ નિયમોમા રહેલુ હાર્દ ધ્યાનમા રાખવુ જોઈએ ઉદાહરણાર્થે, કોઈ શબ્દ કે વિચારની પુનરુક્તિ ન થવી જોઈએ એવો નિયમ છે પરતુ કેટલાક પ્રસગે શબ્દ તથા વિચારની પુનરુક્તિનો સભવ રહે છે, અને તે પુનરુક્તિ વિના ચલાવવા ન લાગાય છે આવા પ્રસગમા નિર્ણાયક વાત એ છે કે બીજા શબ્દ કે વિચારની ખામીને લીધે અથવા વિનાપ્રયોજન પુનરુક્તિ થવી ન જોઈએ એટલે અંશે એ નિયમ માન્ય રાખવા જોગ છે રસિકતાના ધોરણો જાણીને તોડવા એ અભ્યાસ કરવાની મનને ટેવ પડે અને તુલના કરવામા મન કેળવાય એ નિયમોની મોટી કિમત છે વિવેચક નિયમોથી માહિતગાર હોવા જોઈએ, પણ નિયમોનો ક્યા ઉપયોગ કરવો અને ક્યા ન કરવો એ નિર્ણય કરવાની વિવેચકમા શક્તિ હોવી જોઈએ, અને અનુસરણથી કૃતિમા સત્ત્વ આવતુ નથી એ મોટી વાત ભૂલી ન જવી જોઈએ સત્ત્વ તો લેખકના મનમા રહેલી ભાવના વડે સિદ્ધ થાય છે પણ ભાવનાનો પ્રકાર ઉત્તમ હોય તથા નિયમોમા કહેલી રીતિથી વિરોધી માર્ગ મળતુ થતો નથી તથા નિયમોમા પરિહાર્ય કહેલા ભાગ દૂર રહે છે તેમ મનોવ્યાપાર અર્થાન્તરો ન જોઈએ

રસ્ય પ્રસગમા જોવાની મુખ્ય વસ્તુ તે તેનુ [illegible] છે [illegible] પ્રકૃતિ [illegible] તે એટલો [illegible] નથી પરતુ [illegible] પ્રકૃતિ [illegible] [illegible] [illegible]

૪૬

શકતી નથી. આ રીતનો બહોળો અર્થ લેતાં પ્લેટોએ એ ધોરણ ગ્રહણ કરેલું કે વસ્તુનું પ્રતિપાદન નીતિમય હોય તે સિવાય તેમાં ઉત્તમતા હોઈ શકે નહિ, તથા જ્યાં રીતિમાં ન્યૂનતા હોય ત્યાં વિચારમાં અને સલ્લક્ષણમાં ન્યૂનતા હોવી જોઈએ.

વિવેચનના સ્વરૂપ અને હેતુ વિષે આમ કાંઈક દિગ્દર્શન કર્યા પછી ગુજરાતી સાહિત્યમાં વિવેચનસંપત્તિ કેટલી છે તે વિચારમાં લઈશું. નવલરામે વિવેચનસાહિત્ય ઉત્પન્ન કરવા માંડ્યું ત્યાર પછી તે બંધાયું. પરંતુ હાલ વિવેચનસાહિત્ય બહુધા દેખા દેતું નથી. એક વેળા એવો સમય હતો કે માસિક અને ત્રૈમાસિક પત્રો વિવેચનકાર્ય એ પોતાની ફરજ ગણતાં; અને એ રીતે કેટલુંક વિવેચનકાર્ય થયું છે. પરંતુ એ માર્ગનું પણ ઝાઝું અનુસરણ હવે થતું નથી. આનું કારણ ખોળતાં કદાચ એ કલ્પના થશે કે ગુજરાતના લેખકોને વિવેચનની બહુ કદર નથી. પરંતુ આ વિચાર એક પક્ષે જ ખરો છે. પ્રશંસામય વિવેચનની ઘણી કદર થાય છે તે પુસ્તકો માટે અભિપ્રાય (અર્થાત્ પ્રશંસામય અભિપ્રાય) માટે ઘણી માગણીઓ થાય છે એ ઉપરથી સ્પષ્ટ થાય છે. પ્રશંસામય વિવેચન માટે સાધારણ રીતે ઉત્સુકતા પ્રવર્તમાન છે. પણ અપ્રશંસામય વિવેચન તરફ અણગમો સાધારણ છે; અને માત્ર લેખકો આ નિર્બળતાને વશ છે એમ નથી, પણ વાચકવર્ગમાં જે લેખક તરફ રુચિ ઉત્પન્ન થઈ હોય તેનાં હદપાર વખાણ વાચકોને પસંદ પડે છે, અને તેના દોષ અથવા ન્યૂનતા દર્શાવનાર ટીકા તરફ વાચકવર્ગને બેદરકારી હોય છે. વાચકવર્ગની નિર્મર્યાદ પ્રશંસાની અસર લેખકો ઉપર પણ થાય છે અને માત્ર પોતાની પ્રશંસા હોય એવાં વિવેચનની તેઓ આશા રાખે છે, અને લેખકની કૃતિમાં રહેલ દોષ દર્શાવ્યા હોય એવું વિવેચન લેખકનું અપમાન કરે છે એમ વાચકવર્ગ માને છે, અને તેને લીધે લેખકવર્ગ પણ એવી માન્યતાની ભૂલમાં પડે છે. આનું એક પરિણામ એ થયું છે કે અમુક વર્ગ, કોમ, કે જાતિ લેખનકળામાં પછાત હોય તો વિવેચકોએ તેમના લેખમાંના દોષ દર્શાવવા નહિ પણ ગુણ જ દર્શાવવા એ એવા લેખકોને ઉત્તેજન આપવાનો માર્ગ છે એમ કહેવામાં આવે છે. એવા લેખકોને સુસ્થ માર્ગે મૂકવા સારુ તેમની કૃતિની યથાર્થ પરીક્ષા કરવી જોઈએ; અને એ જ તેમને ઉત્તેજન આપવાનો ખરો માર્ગ છે એ મોટી વાત ઘણી વેળા ધ્યાનમાં આવતી નથી. લેખકની કૃતિમાંના દોષ દર્શાવવા તેનો

અર્થ એ નથી કે લેખક દુષ્ટ છે અથવા મૂર્ખ છે એમ કહેવુ, પણ જ્યા ગુણ હોય ત્યા તે પ્રકટ કરવા નહિ એ જેમ વિવેચનના કાર્યમા અયોગ્ય છે, તેમ દોષને દોષ રૂપે પ્રકટ કરવા નહિ, દોષ ઉપર ધ્યાન ખેચવુ નહિ એ પણ અયોગ્ય છે, અને લેખકોના દોષનુ દર્શન સહન કરવાની વાચકવર્ગમા તેમ જ લેખકવર્ગમા શક્તિ આવશે નહિ ત્યાસુધી વિવેચનસાહિત્ય સુદૃઢતાથી બધાશે નહિ જેમ દોષદર્શન હદપાર જવુ જોઈએ નહિ તેમ ગુણદર્શન પણ હદપાર જવુ જોઈએ નહિ ગુણ હોય ત્યા તેના કથન ઉપરાત વિવેચક પોતાનુ સમતોલપણુ ખોઈ બેસે અને લેખકની અત્યુક્તિભરેલી પ્રશસા કરે તેથી પણ મર્યાદાના અવધિનો ભગ થાય છે અને વિવેચકની કિમત નષ્ટ થાય છે હાલ આપણા સાહિત્યમા લખકોના ગુણદોષની પરીક્ષા આ રીતે સમતોલ-પણા વગરની થાય છે એથી યથાર્થ વિવેચનસાહિત્યની પ્રજામા કિમત નથી યથાર્થ વિવેચન વિના કૃતિ કસોટીમા ઊતરી શકતી નથી અને સુવર્ણને અગ્નિમા નાખી કરવાની ગ્રથકારની પરીક્ષા, જે કાળે કાળે આવશ્યક કહી છે, તેનો અમલ થતો નથી ત્રૈમાસિક અને માસિક પત્રોની વિવેચન સબધે જે ખાસ ફરજો છે તે અદા કરવાને તેઓ ચૂકશે નહિ, અને ગુણદોષનુ કથન નિષ્પક્ષપાત રીતે તથા કુશળતાથી તેઓ કરશે, અને અતિપ્રશસાના અથવા દોષૈકદૃષ્ટિના ભ્રમમા ન પડતા તેઓ વિવેકથી તથા ડહાપણથી ગ્રથપરીક્ષા કરશે અને એ રીતે વિવેચનસાહિત્ય સાધવામા સહાયભૂત થશે એવી આશા રાખીએ

માસિક પત્રો અને ત્રમાસિક પત્રો વિષે કરેલા ઉલ્લેખથી એ પત્રોના વિકાસ વિષે સૂચન કરવાનો પ્રસગ પ્રાપ્ત થાય છે સદ્‌ગત હાજી મહમદ અલ્લારખિયાએ ઉચ્ચ પ્રકારનુ સચિત્ર માસિક કાઢી જે માર્ગ ખુલ્લો કર્યો તે માર્ગનુ અનુસરણ હજી સુધી ચાલુ છે એ આનન્દજનક છે માસિકોમા અને ત્રૈમાસિકોમા વાર્તા તથા વિવેચન ઉપરાત સામાન્ય જ્ઞાનના લેખોનો સમાવેશ થવો જોઈએ અને એ રીતે તેમની ઉપયોગિતા અનેક પ્રકારની થવી જોઈએ એટલુ કહીશુ તો બસ છે

ગુજરાતી ભાષા બોલનાર વિવિધ કોમો ગુજરાતી સાહિત્યની ઉન્નતિના કાર્યમા સામેલ થવા ઉમેદવાર છે એ સતોષજનક છે જૈન, પારસી, મુસલમાન, સર્વ કોમો સાહિત્યરચનામા પોતાનુ સાહિત્ય રચવા

કરે છે, અને એ સર્વના સંમિલનથી ગુજરાતના વિસ્તાર તથા મહત્ત્વનું દર્શન થાય છે. આ બાબતમાં એક સાવચેતી ધ્યાનમાં લેવાની જરૂર છે; અને તે એ છે કે જુદી જુદી કોમો વચ્ચેનો ભેદ આગળ કરવો ન જોઈએ, પણ સર્વ એક ભાષા બોલનાર છે એ કારણથી ઉપજતું ઐક્ય આગળ કરવું જોઈએ. આ માટે જ્યાં ધર્મનો ભેદ છે ત્યાં જુદી જુદી કોમના ધર્મનું સાહિત્ય બાજુ ઉપર રાખી જે સાહિત્યમાં બધી કોમોનો રસ પડે તેમ હોય તેને પ્રધાનપણું આપવું જોઈએ. દરેક કોમોના લેખકોએ પોતાની કોમના સાહિત્યમાં ગુજરાતી વાચકને રુચિ ઉત્પન્ન કરનારા અંશો કયા કયા છે તે ઉપર ખાસ ધ્યાન ખેંચવું જોઈએ. જે કોમના લેખકોની સાહિત્યસેવા સામાન્ય ગુજરાતી વાચકવર્ગની દૃષ્ટિ આગળ રજૂ કરવા જેવી હોય તે લેખકોની કૃતિઓ પર ધ્યાન ખેંચવું અને તેના ગુણદોષ આગળ પાડવા એ તે કોમના લેખકોની ફરજ છે. એ કાર્યમાં ધર્મની વિશેષતા ઉપર ભાર મૂકવો ન જોઈએ, પણ કૃતિની વિશેષતા આગળ કરવી જોઈએ. જૈન તથા મુસલમાન ગુજરાતી લેખકોએ પ્રવર્તમાન ગુજરાતી ભાષા કાયમ રાખી લેખનપ્રવૃત્તિ કરી છે. હાલની ગુજરાતી ભાષાના આરંભકાળથી જૈન લેખકો ગુજરાતી સાહિત્યની સેવામાં હાજર થયા છે, અને ગુજરાતી ભાષા તે પોતાની ભાષા છે એમ માની લઈ પ્રવૃત્ત થયા છે. તેમની એ સેવા માટે ગુજરાત ઋણી છે. એ સેવા તેઓ ચાલુ રાખશે એમ ગુજરાતી પ્રજા આશા રાખે છે.

મુસલમાન લેખકોએ પણ ગુજરાતી ભાષાનું મૂળ સ્વરૂપ સ્વીકારેલું છે, અને ગુજરાતી ભાષા છે તેવી જ ઉપયોગમાં લેવા પ્રવૃત્તિ કરી છે. મિ. કરીમઅલી રહીમઅલી નાનજિયાણીનાં પુસ્તકો તથા "હઝરતઅલી (અ. સ.) નાં બોધવચનો" એ નામનું પુસ્તક નવસારી-નિવાસી પીરજાદા સૈયદ સદરૂદ્દીન હાસમશા દરગાવાળા તરફથી થોડા વખત ઉપર પ્રકટ થયું છે તે મુસલમાન લેખકોની શુદ્ધ ગુજરાતી ભાષાના નમૂના રૂપ છે.

પારસી કોમે ગુજરાતના ઉદ્યોગની તથા સમૃદ્ધિની ભારે સેવા કરી છે અને તેમની તરફથી સાહિત્યની ભારે સેવા થઈ શકે તેમ છે, તો તેમને વીનતી કરવી ઉચિત છે કે પ્રવર્તમાન ગુજરાતી ભાષાનો લેખન-પ્રવૃત્તિમાં સ્વીકાર કરી તેમનુ સાહિત્ય સમસ્ત ગુજરાતી પ્રજાને

ઉપયોગી થાય એવો ઉદ્યોગ તેમણે આદરવો જોઈએ એ કાર્ય તેમનાથી થઈ શકે તેમ છે, અને મિ મલબારી, મિ તાલેયારખા, મિ ખબરદાર, વગેરે વિશિષ્ટ પારસી લેખકોએ ઉત્તમ ગુજરાતી શૈલીમા લેખ લખ્યા છે પારસી લેખકો ગુજરાતી સાહિત્યમા ઉચ્ચ લખાણ કરવા સમર્થ છે ગુજરાતી ભાષાનુ સામર્થ્ય તેઓ વધારી શકે તેમ છે, તો આ વીનતી અસ્થાને નથી

આ સબધે કવિ નર્મદાશકરના વચન લક્ષમા લેવા યોગ્ય છે —

તેની તેની છે ગુજરાત,
પછી હોય ગમે તે જાત

પૂર્વજ જેના જે વળી આજે જન્મથકી ગુજરાતી થયા
કાઇ રીતથી તો પણ ને વળી આર્યધર્મને રાખી રહ્યા

તેની તેની છે ગુજરાત,
પછી હોય ગમે તે જાત
તેની તેની છે ગુજરાત

વળી પરદેશી બીજા જેને ભૂમિએ પાળી મોટા કર્યા,
પરધર્મી પણ હિત ઇચ્છનારા માતતણુ તે બાઇ ઠર્યા

"કોની કોની છે ગુજરાત ?
પછી હોય ગમે તે જાત
તેની તેની છે ગુજરાત"

અતમા આપણા સર્વની ભાષા તથા સાહિત્યના ઉત્કર્ષ માટેની અભિલાષા ઈશ્વરકૃપાથી પરિપૂર્ણ થાય એમ આશા દર્શાવી યાચના કરીશુ કે विन्देम देवता वाचममृतामात्मन कलाम् ॥



આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવ
પ્રમુખ નવમી ગુજરાતી સાહિત્ય પરિષદ,
નડિયાદ, ૧૯૨૮.

શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવનું ભાષણ

નવમી ગુજરાતી સાહિત્ય પરિષદ · નડિયાદ

ઑક્ટોબર ૧૯૨૮

શ્રી. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

[જન્મ ઈ. સ. ૧૮૬૯]

ગુજરાત ધનનું દાન બીજા અનેક પ્રાન્તોને કરે છે એ તો પ્રસિદ્ધ બાબત છે અને આ પ્રમાણે બીજાને પોષી શકે એટલી સમૃદ્ધિ ગુજરાતમાં છે એની પણ ના નહી. પણ સંસ્કાર, શિક્ષણ અને જ્ઞાનની લહાણ કરનાર વ્યક્તિ પણ ગુજરાત આપી શકે છે એ સત્ય આનન્દશંકર ધ્રુવના કાશીગમનનું રહસ્ય છે.

સંસ્કૃતભાષાની અને સાહિત્યની પરમ ઉપાસના સાથે, સાહિત્ય, તત્ત્વવિવેચન, ઇતિહાસ, વગેરે વિષયોનો એમને સૂક્ષ્મ અભ્યાસ છે. અંગ્રેજી સાહિત્યનો એમને પરિચય પણ વિપુલ છે. રાજ્યનીતિ, વિજ્ઞાન, વગેરે વિષયોમાં પણ એમનો પ્રવેશ ઊંડો છે. વસ્તુતઃ કોઈપણ વિષયમાં ઊંડા ઊતરી શકે એવી સમર્થ બુદ્ધિપ્રભા એમનામાં છે, એની ગુજરાતને પ્રતીતિ થઈ છે.

, ગુજરાતના જ્ઞાનની વસંત મહોરતી જોઈ એમણે એ વસંતને મૂર્ત સ્વરૂપ આપ્યું. અભ્યાસ, ચિન્તન, વિવેચન અને અન્ય સર્જનોથી ભરેલા 'વસંત'ના અંકો આજે પણ પોતાની પ્રવૃત્તિનો ઇતિહાસ કહેતા મોજૂદ છે. આનન્દશંકરભાઈથી ચાલ્યું ત્યાં સુધી એમણે 'વસન્ત'ને અવશ્ય ચલાવ્યું. પછી તો ગુજરાતની ઋતુ જાણે બદલાઈ હોય તેમ 'વસન્ત' આછું આછું થતુ ગયું.

'આપણો ધર્મ' એ એમનો ગ્રન્થ વર્ષો સુધી ચિન્તનના જ્વલંત દીપ સમો ગુજરાતને આકર્ષી શક્યો છે. તે પછીનાં એમનાં અનેક લખાણો સાહિત્ય અને ઇતર વિષયનાં છે, જે ગુજરાતને પુસ્તકરૂપે મળતાં જાય છે.

સાહિત્યસેવા, તત્ત્વવિચારણા, સ્વતંત્રમતદર્શન, સંસ્કારશોધન, રસોદ્‌ઘાટન, જ્ઞાનપ્રસાર, વગેરે અનેક પ્રવૃત્તિઓ માટે ગુજરાત આનન્દશંકરભાઈનું ઋણી છે. આવા સમર્થ ગુજરાતી પંડિત નડિયાદ જેવી સાક્ષર-નગરીમાં મળેલી નવમી સાહિત્ય પરિષદનું પ્રમુખ-સ્થાન વિભૂષિત કરે છે.

ઉપોદ્ઘાત

इद कविभ्य पूर्वेभ्यो नमोवाक प्रशास्महे ।
विन्देम देवता वाचममृतामात्मन कलाम् ॥

આપણા ક્રાન્તદર્શી પ્રાચીન સાહિત્યકારોને પ્રણામ કરી પ્રાર્થીએ કે—એ વાણી આપણી હો, કે જેના અગે અગ તેજે વર્ચા હોય, જે સદા જીવત હોય, અને જે '**આત્માની કલા**' નામ, સુલલિત અશ, અને તે પણ આત્માનો અશ—હોય પાંડિત્ય અને સહૃદયતાના સમન્વયરૂપ, અક્ષર તત્ત્વના મહાન ઉપાસક, કવિ ભવભૂતિનુ આ મગલાચરણ, જે જગતની સર્વ સાહિત્યપરિષદનુ એક સનાતન મગલાચરણ થવાને યોગ્ય છે, એ જ આપણી આ નવમી ગુજરાતી સાહિત્યપરિષદની પણ મગલ પ્રાર્થના હો ' આટલી પ્રાર્થના કરી, આજનુ કાર્ય આરભીએ

સાહિત્યપ્રેમી ભાઈઓ અને બહેનો,

આપે મને આ નવમી ગૂજરાતી સાહિત્ય પરિષદમા પ્રમુખપદનુ માન આપ્યુ છે તે માટે હુ આપ સર્વનો અન્તઃકરણથી ઉપકાર માનું છુ, ખાસ કરીને એટલા માટે કે આપ મારી ખામીઓ અને મુશ્કેલીઓ જાણો છો, છતા પણ આપે મારી પસદગી કરી છે હુ વર્ષમા ઘણો ભાગ દૂર પ્રાન્તમા રહુ છુ, અને તેથી આપણી પ્રિય ગુર્જરભૂમિની સેવા મારાથી થોડી જ બને છે, તથા એની સાહિત્યવિષયક પ્રવૃત્તિ સબધી પણ હુ કાઈક અજ્ઞાન હોઉ એ સ્વાભાવિક છે એટલુ જ નહિ, પણ ભૂતકાળમા તેમજ અત્યારે વખતોવખતના માન અત્રેના વાસમા જે કાઈ મે જાણ્યુ છે, સગ્રહ્યુ છે, વિચાર્યુ છે, એને પણ સગાસગ ગોઠવી એનો આપની સેવામા આવે મહાન પ્રસગે ઉપયોગ કરુ એટલો સમય હુ મેળવી શક્યો નથી તે માટે મારી સર્વ ખામીઓ ઉદારતાથી સહી લેવા આરભમા જ હુ આપને વિનતિ કરુ છુ આવે પ્રસગે મારા દૂરવાસ માટે મને તીવ્ર ખેદ થાય છે, પરતુ તેમા સતોષનુ કાઈ પણ મિશ્રણ હોય તો તે એટલુ જ છે કે ગુજરાતની પ્રાચીનતામા જે હુ દશ વર્ષ

પહેલાં માત્ર પુસ્તકોથી જ જાણેલો હતો તેનો હવે મને સાક્ષાત્કાર થયો છે. આપણે 'ગૂજરાત' અને 'બૃહદ્‌ગુજરાત' એવા શબ્દો વાપરીએ છીએ ત્યારે, વર્તમાન ગૂજરાત અને પૂના, કાશી, કલકત્તા, મદ્રાસ, બ્રહ્મદેશ, આદિ આપણા ભાઈઓએ હાલમાં કરેલાં નિવાસસ્થાન એવો ભેદ વિવક્ષિત હોય છે. પણ મધ્યકાલીન ગૂજરાતનો ઇતિહાસ જોતાં જણાય છે કે ગૂજરાતની તે સમયની એક સીમા ઉત્તરમાં બહુ દૂર સુધી પહોંચતી. આ વાત ઉપર સ્વર્ગસ્થ ભાષાપંડિત ટેસિટોરીએ પશ્ચિમ રાજસ્થાનની ભાષાના અન્વેષણથી જે પ્રકાશ નાખ્યો છે તેનું સ્વરૂપ હસ્તામલકવત્ હું હવે જ દેખતો થયો છું. ગુર્જરભૂમિનો પ્રદેશ એક વખતે રાજસ્થાનને અન્તર્ગત કરતો એ વાત, જે સ્થળે 'ગુર્જરત્રા' શબ્દવાળા શિલાલેખ મળ્યા છે અને એમાં જે સ્થળોનો ઉલ્લેખ છે તેનાથી, અત્યારે સુવિદિત થઈ ચૂકી છે. અને શૌરસેની અપભ્રંશ, શૌરસેની પ્રાકૃત અને સંસ્કૃત ભાષા દ્વારા, તથા રાજસ્થાન અને મથુરાની આસપાસના શૂરસેન દેશ દ્વારા, હિન્દીની ભૂમિ સુધી જૂની ગૂજરાતીનો સંબંધ પહોંચે છે એ જોતાં, બહુ દૂર સુધીના ભાગને પ્રાચીન પરિભાષામાં ગૂજરાત જ ગણવો જોઇએ એ સ્પષ્ટ છે. એને આપણે વર્તમાન 'ગૂજરાત' અને બૃહદ્‌ગૂજરાત'થી ભિન્ન પાડીને ઓળખાવવા 'મહાગૂજરાત' કહી શકીએ. આપે ઇતિહાસવિભાગના પ્રમુખ તરીકે મારા મિત્ર મહામહોપાધ્યાય પંડિત ગૌરીશંકરજી ઓઝાને સ્વીકાર્યા છે એ આ દૃષ્ટિબિન્દુને અનુરૂપ છે.

નિવાપાંજલિ

નડિયાદની ભાગોળમાં પેસતાં જ કેટલા બધા વિદ્વાનો વિદ્યોત્તેજકો અને સાહિત્યવિલાસી સજ્જનોનાં નામ સ્મરણગોચર થાય છે! દેસાઇશિરોમણિ હરિદાસભાઈની સાક્ષરો ઉપરની પ્રીતિ જાણીતી છે. ઝવેરલાલભાઈ, મનઃસુખરામભાઈ મણિલાલ, બાળશંકર, ગોવર્ધનભાઈ, તનસુખભાઈ, દોલતરામ આવી સાક્ષરરત્નમાળ કોઈ પણ એક શહેરમાં મળવી કઠણ છે. તેથી સાક્ષરરત્નોની ખાણ હોવાનું અભિમાન નડિયાદ યથાર્થ રીતે રાખી શકે છે, પછી ભલે એ રત્નોના ઝવેરીબજાર થવાનું સૌભાગ્ય અન્ય શહેરોને પ્રાપ્ત થયું હોય. બીજું, છેલ્લાં બે વર્ષમાં આપણે જે ગુર્જર સાક્ષરરત્નો ગુમાવ્યા છે એમના વિના પણ આપણી આજની સભામાં ખામી પડે છે:

સ્વર્ગસ્થ ભાઈ રમણભાઈની સંસ્કારી સાહિત્યસેવા અનુપમ હતી, અને એમની શાન્ત સીધી અને ઝીણી સલાહની ખોટ તો ગૂજરાતને પગલે પગલે જણાયા કરશે, તે સાથે ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ, રતિપતિરામ પંડ્યા, મૂળચંદ તેલીવાળા, સૌ. ચૈતન્યબાળા અને ગજેન્દ્રરાય બુચ જેવા કુમળા છોડ ઉપર પણ ક્રૂર મૃત્યુનો અગ્નિ પડ્યો એ જોઈ ગૂજરાતના સહુ સાહિત્યરસિક સજ્જનોને તીવ્ર શોક થયા વિના રહેશે નહિ આવી સ્થિતિમા કાંઈ પણ આશ્વાસન મળતુ હોય તો તે એટલા જ મનનથી અને શ્રદ્ધાથી મળે છે કે—મરણ એ મનનશીલ પ્રાણીને જીવનની સીમા વિસ્તારનારી—સાંધનારી નહિ પણ વિસ્તારનારી—પરમાત્માની મોટામા મોટી બક્ષીસ છે, આ ઉક્ત સહુ વડીલો, ભાઈઓ અને બહેનો પરલોકને ઝરૂખે બેસીને આ સરસ્વતીસત્ર જુવે છે જ, અને આપણે પણ એમની દૃષ્ટિ અને સમાગમમા રહીને જ આપણુ કર્તવ્ય કરીએ છીએ

ચરોતરને ધન્યવાદ

આ પરિષદ ધાર્યા પ્રમાણે, તેમજ ધારા પ્રમાણે, વખતસર મેળવી શકાઈ નહિ તેમા નડિયાદનો દોષ નથી, બલ્કે વિલમ્બનુ કારણ જોતા નડિયાદ આપણા અભિનન્દનને પાત્ર છે ગયા વર્ષની રેલમા અને આ વર્ષના બારડોલી પ્રકરણમા ચરોતર અને એના કેન્દ્રભૂત નડિયાદે જે દેશસેવા કરી છે, એમા ઉત્સાહ પરાક્રમ ધૈર્ય સંયમ બન્ધુસેવા, આદિ ઉદાત્ત ગુણોના આવિષ્કારથી ગૂજરાતના જીવનને વધારે તેજસ્વી કર્યું છે અને જે ઉપાદાનકારણથી સાહિત્ય બને છે એમા સત્ત્વ પ્રેરી, સાહિત્યપરિષદ મેળવવી એના કરતા જરા પણ ન્યૂન નહિ એવી સાહિત્યસેવા આ બે વર્ષથી ચરોતર બજાવી રહ્યુ છે, એ સેવા માટે એને ધન્યવાદ હો !

ઉદ્દેશવિચાર

આ મહાન સંસ્થાના મારા પૂર્વગામી પ્રમુખોએ પ્રમુખપદેથી ગૂજરાતની પ્રાચીન અને અર્વાચીન સાહિત્યસમૃદ્ધિના, આપને આંખ ભરીને દર્શન કરાવ્યા છે, તથા આપણા આગળના કર્તવ્યપથ ઉપર પુષ્કળ પ્રકાશના કિરણો નાખ્યા છે એમા મારી નાની દીપિકા નહિ ઉમેરુ સહુ કોઈ જોઈ શકે છે કે હવે પરિષદનો ઊર્મિકાળ ગયો છે પાંડિત્યકાળ પણ ગયો છે, અને કર્મકાળ—ઊર્મિથી નહિ પણ વિચારથી અને દૃઢતાથી કામ કરવાનો કાળ—આવ્યો છે સાહિત્યભાષા અને વ્યા-

ખ્યાનો થયાં. છતાં આપણે ઇચ્છીએ છીએ તેવો સાહિત્યવિકાસ થયો નથી. આપણા ભાઈઓ હવે કાંઈક કરવું એવા વિચાર ઉપર આવ્યા. આજકાલ તો વિચારથી કંટાળેલા જગતની જીવનના સર્વ પ્રદેશમાં પ્રભુ પ્રત્યે એક જ પ્રાર્થના થતી સાંભળીએ છીએ.

"Knowledge we ask not—knowledge Thou hast lent,
But, Lord, the will—there lies our bitter need,
Give us to build above the deep intent
The deed, the deed."

"The deed, the deed" : કાંઈક કરવું, એ ખરું પણ કર્મ વિનાનું જ્ઞાન જેમ પાંગળું છે તેમ જ્ઞાન વિનાનું કર્મ આંધળું છે. જ્ઞાનનો અત્યન્ત તિરસ્કાર જીવનના ઇતર પ્રદેશોમાં કદાચ નભે—જો કે ત્યાં પણ મને લાગે છે કે ન નભે—પણ આપણા આ મંડળના કાર્યમાં તો તે નિઃસંદેહ ન જ નભે. આપણું તો કર્મ જ્ઞાનથી ભરેલું જ હોઈ શકે, તેમ આપણા કર્મની રૂપરેખા ઉપર અસર કરે એટલું જ્ઞાન, એટલો વિચાર—તો આપણે પહેલો જ કરી લેવો જોઈએ

સાહિત્યપરિષદનું ઉદ્દેશ્ય—એના અસ્તિત્વનું પ્રયોજન શું ? લગભગ પચીસ વર્ષ જૂની અને આઠ એકડા એકી ચૂકેલી એવી આ સંસ્થા માટે આ પ્રશ્ન ઘણાને પ્રથમ દૃષ્ટિએ કાલાતીત યાને અસૂરો—લાગશે. પણ વસ્તુતઃ જગજૂનું મનુષ્યજીવન જો એના ઉદ્દેશ્યના પ્રશ્નથી આજ પણ મુક્ત નથી, તો આપણી આ બાલ સંસ્થા—જેને કાંઈક ભાંગ્યું-તૂટ્યું બોલતાં આવડ્યું છે પણ ચાલતાં બિલકુલ નથી આવડ્યું, તેને માટે આપણે ચાલણગાડી કરી છે પણ તેમાં હજુ એને બેસતાં શીખવવાનું બાકી છે—એ બાલ સંસ્થાનો જીવનઉદ્દેશ વખતોવખત દેશકાલાનુસાર વિચારતો અને ઘડાતો આવે એ સ્વાભાવિક તેમજ આવશ્યક છે, એ ઉદ્દેશ સંબન્ધી અપૂર્ણ કે અસ્પષ્ટ-વિચાર રહેવાથી આપણા ભાઈઓમાં એના કાર્ય વિષે વારંવાર આ પ્રશ્ન પુછાયા કરે છે કે સાહિત્ય પરિષદે આજસુધીમાં કર્યું શું ?, અને એ પ્રશ્નમાં હંમેશ જોડાએલું એક પ્રિય વિશેષણ સંભારીએ તો 'સંગીન' કાર્ય પરત્વે અશક્ય આશાઓ અને ખોટી કાર્યકલ્પનાઓ બંધાયા કરશે, અને સામસામા પવનથી આમ તેમ ખેંચાતા વહાણની માફક આપણી પરિષદ એનો માર્ગ કાપી શકશે નહિ. તે માટે (૧) પ્રથમ તો આપણે એક વાત એ સ્પષ્ટ સમજી લેવી જોઈએ કે આપણે

વખતોવખત શા સારુ મળીએ છીએ? સાહિત્યનો ઉત્કર્ષ સાધવા માટે કે સાહિત્ય લોકપ્રિય કરવા માટે? કે બંને માટે? બેમાંથી એક અમુક જ એમ ઝટ નિર્ણય કરી એ ઉદ્દેશ સાધવા આપણે તન મન ને ધનથી મચી શકીએ, અને એ ઉદ્દેશમાં જેટલા સાથે રહે તેટલા ખરા, પણ ન રહે તેટલા માટે હર્ષ શોકનું કારણ નહિ—એવી આત્મ-સંતોષની વૃત્તિ રાખી શકીએ અથવા તો બેમાંથી એક જ નહિ, પણ બંને એમ પણ આપણે નિર્ણય કરી શકીએ પરંતુ એમ કરવામાં સામસામા કારણથી અસંતોષનો ધૂમાળો અગ્નિ વખતોવખત સળગ્યા કરવાનો અને આપણા કૂળા પ્રયત્નને બાળ્યા કરવાનો સંભવ છે તે માટે કાર્ય કરવું હોય તો તેની સ્પષ્ટ રૂપરેખા દોરી લેવી જોઈએ અને તે માટે જે કાંઈ યોજના કરવી તથા અમલમાં મૂકવી પડે તે વિષે વિચાર અને નિર્ણય કરી લેવો જોઈએ આમ કર્યાં પછી અસંતોષનું કારણ નહિ રહે, અને રહેશે તો તે એટલું નિયમન કરવા કામ લાગશે કે જેથી વહાણ એક બાજુના ભારથી નમી ન પડે અને ઉભય તરફ સરખું વજન રહી સમતાથી ચાલે

(૨) બીજું—કાર્યની રૂપરેખા વિષે કાંઈ વિચાર કરતા પહેલા મતભેદનો એક બીજો વિષય પણ અત્યારે ચોખ્ખો કરી નાખવો જોઈએ સાહિત્યપરિષદે કેળવવાનું [illegible] સંવર્ધવાનું સાહિત્ય કયું? સકલ વાઙ્મય, કે એનો એક પ્રદેશ કવિતા—નામ, શબ્દ અર્થ અને રસમાં આવિર્ભૂત થતી આત્માની કલા? અહીં પણ પાછો બે વચ્ચે વિકલ્પ—બેમાંથી એક પસંદ કરી લેવાનો પ્રસંગ—ઉત્પન્ન થાય છે, પણ તેમ ન કરતા એનો સમુચ્ચય—બંનેનો એક સાથે સ્વીકાર—કરીએ તો શું? પરંતુ એમાં બીજું મર્યાદિત અર્થમાં સાહિત્ય યાને કવિતા, એને સાહિત્યપરિષદ કેટલે અંશે ઉપજાવી શકે એ પણ એક વિચારવા યોગ્ય પ્રશ્ન છે

(૩) ત્રીજું—પૂર્વોક્ત કાર્ય માટે સ્થાયી અને સુઘટિત એવી સંસ્થા રાખવી સારી કે પરિષદે પોતે પોતાના વિચારમંત્રી અને પ્રમુખ દ્વારા, અન્ય સ્થાયી સંસ્થાઓને જણાવી, એની પાસે કામ કરાવવું એ ઠીક? અહીં પણ પણ બે જુદી જુદી ભાવના સંભવે છે એક 'સદ્યોવધૂ'ની અને બીજી 'બ્રહ્મવાદિની'ની અર્થાત્ એક મત એવો કે પરિષદે તરત ગૃહસ્થાશ્રમ માંડવો એના કરતાં, પરણાઈ અને કર્તવ્યભારથી ડરી ન જતાં, એ સુન્દર રીતે ધારણાવાં અને

વીરતાથી ચલાવવો; બીજો મત એવો કે પરિષદે ગૃહસ્થાશ્રમની જંજાળમાં ન પડવું, 'બ્રહ્મવાદિની' રહેવું, 'બ્રહ્મોદ્ય'ના સ્વતન્ત્ર કાર્યમાં જ સર્વ શક્તિ વાપરવી. મને લાગે છે કે પરિષદે પોતાના બંધારણનો કાયદો ઘડ્યો, પોતાનું મંડળ બાંધ્યું અને ધનપરિગ્રહ કર્યો ત્યારથી એનું સ્વતન્ત્ર છૂટું જીવન પૂરું થયું અને પ્રથમ પક્ષ જ હવે વિચારવાનો રહ્યો. પરંતુ ઉપનયનસંસ્કાર પામી ઝટઝટ બ્રહ્મચર્ય સંકેલી લઈ વિવાહિત થઈ જવું એ એક અન્તની કોટિ છે, તેમ યાવજ્જીવ બ્રહ્મવાદિની જ રહેવું એ બીજા અન્તની કોટિ છે. એ કોટિની વચ્ચે મધ્યમ પ્રતિપદા (મધ્યમ માર્ગ) એ છે કે બ્રહ્મચર્ય પળાઈ તદન્તર્ગત વિદ્યાભ્યાસ થઈ જાય એટલે સંસારમાં જોડાવું. પરિષદનો આ શાસ્ત્રોક્ત બીજો કાળ આવી ગયો છે એમ એનું વય (૨૩ વર્ષ) જોતાં માની શકાય. અને બ્રહ્મચારી કરતાં ગૃહસ્થાશ્રમી વધારે લોકોપકાર કરી શકે એ પણ સ્પષ્ટ છે.

આ ત્રણે વિચારણીય પ્રશ્નોમાં સમુચ્ચયનું દષ્ટિબિન્દુ ધ્યાનમાં રાખી તેમજ એક એક પક્ષની મર્યાદા બતાવી મેં ગઈ પરિષદ વખતે પરિષદના કાર્ય સંબન્ધી જે ચર્ચા કરી હતી એનું સ્મરણ આપવામાં આપનો કાંઈક સમય લઉં તો તે ક્ષમા કરશો મેં કહ્યું હતું.—

"અત્યાર સુધીમાં સાહિત્યપરિષદમાં નિબન્ધો ઘણા વંચાઈ ગયા, હવે તો સાહિત્યપરિષદે કાંઈ કામ કરી બતાવવું જોઈએ એવા ઉદ્‌ગાર આપણે ઘણીવાર સાંભળીએ છીએ, અને પરિષદની દષ્ટિ સંસ્થાઓ રચવા તરફ અત્યારે વળતી અને વાળવામાં આવતી આપણે જોઈએ છીએ. હાલનો જમાનો વિશેષતઃ યન્ત્રોનો, સંસ્થાઓનો છે. અને એ દ્વારા ઘણું કાર્ય થઈ શકે છે એ અમે માનીએ છીએ. પણ અનાજ ઓર્યાં વિનાની ઘંટી ઘર્ષણ જ કર્યા કરે, એમાંથી લોટ નીકળે નહિ—એટલું ધ્યાનમાં રાખીને જ ઘંટી ફેરવવા અમારા ભાઈઓને અમારી વિનંતિ છે. કોઈ કહેશે કે અનાજ પણ ઘંટીમાં આકાશમાંથી ઊતરશે? અનાજ ઉત્પન્ન કરવા માટે પણ ખેતીની યાન્ત્રિક યોજના જરૂરની છે. આ કહેવું ખરું છે; પણ અર્ધું જ ખરું છે. મનુષ્ય જીવે છે—સુન્દરતાથી જીવે છે—તે માત્ર અનાજ ખાઈને જ નહિ; પણ સુન્દર વૃક્ષો ઉપરથી લચતાં ફળ ખાઈને પણ. એ ફળ ઘંટીમાં ઓરાતાં નથી **प्रीतिर्मधुररसार्द्रासु मञ्जरीष्विव जायते** તેમ તે સાથે મનુષ્યને અનાજની પણ જરૂર છે. આ રીતે સાહિત્ય-

રાષ્ટ્રના બે ભાગ પડે છે એક અનાજ અને એક બીજો—એક યાન્ત્રિક યોજના યાને સંસ્થાઓ દ્વારા ઉત્પન્ન થતો જ્ઞાનરાશિ, અને બીજો નૈસર્ગિક રીતે કવિપ્રતિભાના કલ્પતરુ ઉપર ફળરૂપે જામતો રસપ્રવાહ. આ બેમાંથી રસપ્રવાહ ઉત્પન્ન કરવામાં પરિષદ્ બહુ ન કરી શકે, અને એ ન કરી શકે એમાં એની હીનતા પણ નથી, કારણ કે એ કાર્ય એના ઉદ્દેશમાં હોઈ જ ન શકે એનું વિશેષ કાર્ય જ્ઞાનરાશિ ઉપજાવવાનું છે—જો કે જ્ઞાન અને રસ વચ્ચે જેટલો સંબન્ધ છે તેટલા પુરતી જ્ઞાનની કરેલી સેવા રસને પણ ઉપકારક થાય છે ઉપરની ઉપમા ફરી ઉપયોગમાં લઈને બોલીએ તો વનના ફળ પણ હવે બગીચામાં પ્રયત્નપૂર્વક ઉગાડીને વધારે રસીલા અને સુન્દર બનાવવામાં આવે છે, તેટલા પુરતી પરિષદ્ પણ કુશળ બાગવાનનું કામ કરે તો કવિપ્રતિભાના ફળને પણ તેવાં જ બનાવી શકે પણ આ કાર્ય એને માટે ગૌણ કહેણ છે, એનું વિશેષ કાર્ય જે જ્ઞાનરાશિ ઉપજાવવાનું તે પરિષદ્ વધારે સારી રીતે કરી શકે પરિષદ્ આગળ બહોળાં અણખેડ્યાં ક્ષેત્ર પડ્યાં છે, અને અમે આશા રાખીએ છીએ કે એ ખેડવા માટે, એમાં ખાતર પૂરવા માટે, નાના નાના જમીનના કકડા એકઠા મેળવવા માટે, નવા કૂવા ખોદવા માટે, પાણીની નહેરો ખેતરમાં વાળવા માટે, ખેડૂતોના પરસ્પર સહાયક મંડળો રચવા માટે, પરિષદ્ વિશાળ અને વિવિધ યોજના પરિષદ્ આગળ રજૂ કરશે ”

ગઈ પરિષદે પરિષદ્‌મંડળ સ્થાપીને અને તે સાથે પોતાનું અસ્તિત્વ અને નિયામક શક્તિ કાયમ રાખીને, યન્ત્ર અને જીવન બન્નેનો સમન્વય કરવા પ્રયત્ન કર્યો છે આ રીતે આપણે અત્યારસુધી અશરીરી રહેલા આત્માને શરીરી કર્યો છે, જેથી એ વિશેષ કાર્યસાધક થઈ શકે (જૂની વાચનમાળામાં “ત્રણ દૈત્યની વાત”માં ઉદકપ્રવાહના પુત્ર વગળિયાની વાત સ્મરણમાં લાવવા જેવી છે)

આપ પૂછશો કે પરિષદ્‌ના આત્માએ દેહ ધારણ કર્યા પછી શું શું કાર્ય કર્યું? પરિષદ્‌મંડળના આવેદનપત્રથી એ આપના જાણવામાં આવશે પણ એટલા કાર્યથી આપને અસંતોષ રહેશે તો એ ‘દિવ્ય અસંતોષ’ અભ્યુદયનું જ બીજ છે એમ વિચારી અધિકારી મંડળ આનન્દ પામશે પણ ફક્ત એક વાત આપને ધ્યાનમાં લેવા વીનવું છું પરિષદ્‌મંડળ એટલે આપણે પોતે જ આપણે જો ધાર્યો જેટલી મૂળ-

રાતી સાહિત્યની સેવા કરી શક્યા નથી તો તેનું કારણ શું ? આપણા આ ક્ષેત્રમાં તેમજ અન્ય દિશામાં અનેક પ્રયાસો ઢીલા પડે છે એ કોઈપણ સાચા દેશહિતચિન્તકને જણાયા વિના રહે એમ નથી. એનું કારણ જરા તપાસીએ.

સાહિત્યના ઉત્થાન માટે આવશ્યક જીવન

કવિ મિલ્ટને કહ્યું છે કે કવિ થવા માટે કવિનું જીવન એક કાવ્ય હોવું જોઈએ. અને એમ હોય તો વ્યષ્ટિસમષ્ટિન્યાયે આ પણ સત્ય નથી કે જનસમાજના હૃદયમાંથી કાવ્ય ઉદ્‌ભવવા માટે જનસમાજ પોતે કાવ્યરૂપ હોવો જોઈએ ? અને કાવ્યરૂપ હોવું એટલે 'એપીક' 'ડ્રામેટીક' 'લીરીક' ત્રણે તત્ત્વોથી ભરપૂર હોવું; અર્થાત્, એના જીવનમાં વીર અને અદ્‌ભુતપ્રધાન મહાકાવ્યના સર્ગો સર્જવા જોઈએ, એનાં પાત્રોમાં વિશિષ્ટતા વિવિધતા અને અલૌકિક સંવિધાન ભર્યાં જીવનનાં નાટકો—અનુકરણ નહિ, પણ ભાવનાચિત્રો— પ્રકટ થવાં જોઈએ, તથા એનું હૃદય રસના ઉછાળાથી ઊભરાવું જોઈએ. આ અત્યારે આપણા જીવનમાં છે ? આવું જીવન હોય અને તે પુષ્કળ હોય તો તેમાંથી સાહિત્યના ધોધ—કાંઈ નહિ તો જોસદાર ઝરણાં—વહ્યા વગર રહે નહિ, પણ તે વહે છે ? આત્મજુગુપ્સાના દોષ વિના અને વિષાદને વશ થયા વિના, આપણે કહી શકીએ છીએ કે જગતને ચકિત કરે કે મોહ પમાડે એવી ભવ્યતા કે સુન્દરતા હજી આપણા જીવનમાં આવી નથી, આપણા જીવનમાં વિશિષ્ટતા કે વિવધતા નથી, જે છે તે ઘણું સામાન્ય—'કોમનપ્લેસ'— અને 'એક તેવું બીજું' જેવું છે. અને આપણી વૃત્તિઓ પણ નચિકેતાના બાપે યજ્ઞના દાનમાં આપી હતી તેવી દૂબળી ઘરડી અને વસૂકેલી ગાયો જેવી છે. આવી સ્થિતિમાં સાહિત્યની લક્ષ્મી—સાદો મરાઠી શબ્દ વાપરીએ તો 'ભરભરાટી'—ક્યાંથી સંભવે ? અત્યાર સુધી તો મોહનિંદ્રામાંથી જાગી, આંખો ચોળી, ઊંઘ ઉરાડી, આસપાસ દૃષ્ટિ ફેરવવામાં અને બહુ તો પથારીમાંથી ઊભા થવામાં આપણો વખત ગયો છે. પરાક્રમને પંથે તો પ્રજા હજી હવે જ ચઢે છે. ઉત્થાનકાળની ઝાડી અને ડુંગરાની કરાડોમાંથી પસાર થઈ ને શાન્તિની અધિત્યકાએ પહોંચ્યા વિના સાહિત્યનો યુગ જામતો નથી. જગતના સાહિત્યસમુલ્લાસના સુપ્રસિદ્ધ મહાન યુગો—જેવા કે યુરોપમાં ગ્રીસનો

પેરિક્લિઅન યુગ, રોમન સામ્રાજ્યનો વર્જિલ–હોરેસ યુગ, મધ્યયુગની મૂર્છામાંથી જાગતા ઇટાલિનો ડૅન્ટી–પેટ્રાર્ક યુગ, લાલ અને શ્વેત ગુલાબના યુદ્ધથી ખુવાર થઈ ગયા પછી પરદેશી સાહિત્ય અને સ્વદેશી પરાક્રમના અમૃતસિંચનથી ફૂલ્યો–ફાલ્યો એલિઝાબેથ યુગ, અને આપણા દેશના ઇતિહાસમાં દૈવાસુરસંગ્રામમાંથી આર્યતાના જીવનની મૂર્તિ ઘડનાર રામાયણ અને મહાભારત યુગ, સંસ્કૃત અને પ્રાકૃતના સમુલ્લાસથી અંકિત ગુપ્ત યુગ, હર્ષવર્ધન યુગ, યશોવર્મા યુગ, રાષ્ટ્રકૂટ ચાલુક્ય અને પરમાર યુગ, અને અર્વાચીન સમયમાં આવતાં મોગલ-પાદશાહી અને હિન્દુપદપાદશાહીના બાબાયુગ—ઇત્યાદિ સર્વ યુગો એક જ મહાન નિયમ પોકારી રહ્યા છે કે ક્ષોભ—મન્થન—વિગ્રહ એ વિના ખરી શાન્તિ નથી, અને શાન્તિ વિના સાહિત્ય નથી આમ ક્ષોભ અને શાન્તિ ઉભય પરસ્પર વિરુદ્ધ દીસતા કારણોમાંથી સાહિત્યના અમૃત નીકળે છે જ્યારે જર્જર જીવનનો નાશ એ જીવનના પુનરુચ્છ્વાસ માટે આવશ્યક છે પાન ખરે છે ત્યારે જ નવી કૂંપળો ફૂટે છે આમ જીવનની વિષમતા એ સાહિત્યની માતા બને છે અત્યારે આપણા દેશનું જીવન એવી વિષમતામાંથી પસાર થઈ રહ્યું છે, અને એ વિષમતામાંથી પ્રજામાં જે નવજીવન પ્રકટ્યું છે—ભાઈ મુનશીનો શબ્દ વાપરું તો જે—'મૂલ્યપરિવર્તન' ('ચેન્જ ઑફ વેલ્યુઝ') થઈ રહ્યાં છે, એમાં જ આપણા ભવિષ્યના સાહિત્યની આશા રહેલી છે આથી એમ ન સમજવું જોઈએ કે આપણા જીવનનું વહાણ હજી હવે જ વાય છે દુર્ગારામ મહેતાજીના સમયથી જે પરો ફાટવા માંડ્યો હતો એમાંથી હવે ધીમે ધીમે 'અરુણ પ્રભાત' થતું આવે છે, અને જીવનના જે પ્રદેશમાં જોશો તેમાં એ જીવનનો વિસ્તાર અને વિકાસ થતો જ અત્યારે નજરે આવશે પરંતુ સ્મરણમાં રાખવું પડશે કે [illegible]નુષ્ય–[illegible] ઉત્કર્ષ એક સીધી લીટીમાં, જેમ સીડીના પગથિયાં પેઠે કે આકાશના ચડતા સૂર્યની પેઠે, એકસરખો થતો નથી પણ કોઈ વાર એનું દર્શન અને વળી વાર એનું તિરોધાન (લોપ) થાય છે પણ એ તિરોધાનમાં આગળની ગતિ માટે [illegible] થતો હોય છે [illegible] પણ કેટલીક વાર [illegible] વાર [illegible] જણાય છે, તેમાં બાળપણનો [illegible] એ પછી વાર વિશ્રામનો હોય છે, એટલે જેટલો વિશ્રામ [illegible]

ગઈ સાદીની સાહિત્યપ્રવૃત્તિનું અવલોકન

મીરાંનાં પદ, નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં, પ્રેમાનન્દનાં આખ્યાન, સામળભટના છપ્પા અને વાર્તા, અખાની જ્ઞાનવાણી, ભોજા ભગતના ચાબખા, દયારામની ગરબીઓ, ઇત્યાદિ મધ્યકાલીન ગુજરાતનું ઘેર ઘેર ગવાતું અને પ્રેમથી સંગ્રહાતું સાહિત્ય છે. એના ગુણ અને ગુણની મર્યાદાનું ચિન્તન રસિક છે. પરંતુ એ સર્વ અત્યારે 'દેવનરૂપાંકિત' યાને લક્ષ્મીપૂજનમાં પ્રતિષ્ઠિત થઈ ગએલું એવું સાહિત્યદ્રવ્ય છે. વ્યવહારમાં ઉપયોગી થાય—જેના આધાર ઉપર આપણા નવા જમાનાનો વહેવાર ખેડીએ—એવું એ દ્રવ્ય નથી. ભવિષ્યની આશા કેટલે અંશે સકારણ છે એનો જ્યાં વિચાર કરવાનો છે ત્યાં વર્તમાન સ્થિતિની જ સમાલોચના ઉપયોગી અને પ્રાસંગિક છે. તે માટે, એની ન્યૂનતાના કારણથી નહિ, પણ પ્રસ્તુત વિચાર માટે અનુપયોગિતાના કારણથી, એ જૂના સાહિત્યને રહેવા દઈ—આપણા આર્વાચીન સાહિત્યની ગઈ સાદીના ઇતિહાસ ઉપર જ નજર ફેરવીએ. એ સાહિત્યને આપણે કાલક્રમના ત્રણ ખંડમાં વહેંચી શકીએ છીએ: પહેલા ખંડનું ખાસ લક્ષણ જ્ઞાનવૃદ્ધ માટે સભાઓનું સંસ્થાપન: ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, બુદ્ધિવર્ધક સભા, જ્ઞાનપ્રસારક સભા, ફાર્બસ સભા, ઇત્યાદિ, અને એમાં ગુજરાતી સાહિત્યને સેવા કરનાર મહાપુરુષો ફાર્બસ, ભોળાનાથ, મહીપતરામ, નન્દશંકર, દલપતરામ, નર્મદાશંકર, મનસુખરામ, રણછોડભાઈ, ઝવેરલાલ, નવલરામ, વ્રજલાલ શાસ્ત્રી, ભગવાનલાલ ઇન્દ્રજી, ઇત્યાદિઃ એ પુરુષોને હાથે ઐતિહાસિક શોધ, કવિતા, નવલકથા, નાટક, તત્ત્વજ્ઞાન અને વિવેચનશાસ્ત્રના પાયા નંખાયા. એમાંના એક ભગવાનલાલ ઇન્દ્રજીનું સ્થાન તો પ્રાચીન શિલાલેખના શોધક અને અભ્યાસક તરીકે અર્વાચીન હિન્દુસ્થાનના મહાન વિદ્વાનોમાં છે. પરંતુ એ જમાનામાં અંગ્રેજીનો અભ્યાસ હાલ જેટલો વિશાળ ન હતો, અને જીવન હાલ કરતાં ઘણું ઓછું સંકુલ હોઈ એના વિચારમાં વિશેષ સાદાઈ હતી. એનું પ્રતિબિમ્બ તે વખતની કવિતામાં નાટકમાં તેમ જ નવલકથામાં આપણે જોઈએ છીએ. ઘડીકમાં સભાનું મનરંજન કરી દે એવી દલપતરામની કવિતા. નર્મદનાં સૃષ્ટિસૌન્દર્યનાં અને ઋતુવર્ણનનાં કાવ્યો વિગતભર્યાં પણ મર્મગ્રાહી નહિ. એમનાં શૃંગાર વીર અને દેશભક્તિ રસના ઉછાળા તેમાં કૃત્રિમતા નહિ તેમ કલા પણ નહિ, માત્ર સીધો અને પ્રબળ આવેશ. " જયજય

ગરવી ગૂજરાત ! દીપે અરુણુ પ્રભાત " એ ઉત્થાનિકામા આપણી માતૃભૂમિની ઉચ્ચ, ઉદાર અને મનોહર સ્વરે જયઘોષણા, પણ તે પછી એ ઘોષણાના સ્વરને આકાશમા ટકાવી રાખે એવી બલવતી પ્રતિભા નહિ, ગૂજરાતના ઇતિહાસ અને ભૂગોળ ઉદાત્તાલંકારથી જે કાઈ ઊંચા સ્મરણો કરાવી શકે તે કરાવીને, અન્તે 'કોની કોની છે ગૂજરાત' એમ નિશાળિયાઓ એકે અવાજે ઉચ્ચારે એવુ કથન રણછોડભાઈના 'લલિતાદુઃખદર્શક' નાટકની કળા સહજ સમજી લેવાય એવી 'કરણઘેલો' અને 'વનરાજ ચાવડો' એમા, વિશેષરૂપે 'કરણઘેલા'મા, ઐતિહાસિક સમયનુ ચિત્ર સાદુ અને સુન્દર, તથા તે વખતના આચારવિચાર તથા કોમળ સ્ત્રીપુરુષના મનોભાવના વર્ણનની શક્તિ સારી, અને સાદી પણ ઊચવર્ણી ભાષાનુ બળ ધ્યાન ખેચે એવુ નવલરામ ગૂજરાતી ભાષાના વિદ્વાન, પણ એમની વિશિષ્ટતા સાહિત્યવિવેચનમા એમનામા સાહિત્યના ગુણદોષ સમતોલબુદ્ધિથી પારખવાની અદ્દ્ભુત સ્વાભાવિક શક્તિ, પણ બહુ વિશાળ સાહિત્યના જ્ઞાનથી એ સસ્કાર પામેલી નહિ, તેમ વિશાળ બનેલી પણ નહિ, જેવુ તે સમયનુ સાહિત્ય, તેને અનુરૂપ એમની વિવેચના, પરંતુ તે સાથે આગામી સમય સમજવા જેટલી ઉદાર સહૃદયતા ખરી, અને તેથી 'કુસુમમાળા'નુ ગુણદર્શન મન સુખરામભાઈનુ વેદાન્ત તે 'વિચારસાગર' 'પચદશી' અને 'શાકરભાષ્ય'નો શબ્દાર્થ અને ભાવાર્થ અને 'સપ્રદાયસિદ્ધ', અર્થ જાણવા પૂરતુ, અને એમની પિપાસા પણ સાપ્રદાયિક જ્ઞાન માટે જ, પણ તે માટે ખરા હૃદયનો પ્રેમ અને આગ્રહ આ સમયમા ઝવેરીલાલભાઈએ 'શાકુન્તલ' અને 'મનુસ્મૃતિ'ના ભાષાન્તર કર્યા, એની કિંમત આ માર્ગની આદ્ય કૃતિઓ તરીકે સારી એ જમાનાના કાર્યની સારી આ વિહગદૃષ્ટિથી આપને કદાચ લાગશે કે હુ એની કદર કરવામા મન્દ છુ પણ વસ્તુત તેમ નથી હુ એટલી જ દૃઢતાથી માનુ છુ કે નર્મદાશકરમા સાચુ હૃદયનું કવિત્વ હતુ, કવિત્વના અનેક પ્રદેશમાથી એમણે પોતાની શક્તિ પ્રસારી છે એમના અનન્યસાધારણ કવિજીવન માટે, એમના નીડર સાસારિક જીવન માટે, એમણે ઉત્તર કાળમા દર્શાવેલી વિરલ સત્યનિષ્ઠા અને ઐતિહાસિક દૃષ્ટિ માટે (પછી ભલે એમા આપણે સમ્મત થઈએ વા ન થઈએ) તેમજ એકલ હાથે ગૂજરાતી ભાષાની એમણે કરેલી સેવા માટે માનસહિત એમને ચરણે નમે છે દલપતરામની શાન્ત કવિતા—એના સાદા સીધા રમુજી વર્ણન, વાર્તાની અને મીઠા હાસ્ય-

રસ મને આનન્દ આપે છે. સાદી ગૂજરાતી ભાષા કેટલું કામ આપી શકે છે એ દલપતરામ અને નન્દશંકર જેવું કોઈએ બતાવ્યું નથી. નન્દશંકરનો કરણઘેલો આપણે આનન્દથી વાંચીએ છીએ, અને વર્તમાન સમયની સંકુલતાથી કંટાળેલા આપણે ઘણીવાર એ ભૂતકાળની સાદાઈ તરફ વળીએ છીએ—જેમ બ્રાઉનીંગ શૈલી કાર્લાઈલ કે મેરેડિથની ઊંડી ખીણોમાંથી નીકળી કોઈવાર ગોલ્ડ્સ્મિથ અને સ્કૉટની સપાટ ભૂમિમાં વિહરવાનું મન કરીએ તેમ. નવલરામની પારખ અને સમતોલપણું વિવેચનના કામમાં આજ પણ દુર્લભ છે. મનઃસુખરામે દેશી રાજ્યની ખટપટ અને જાહેરજલાલીમાં વિચરતાં છતાં, વિદ્યા પ્રત્યે જે સાચો પ્રેમ અને આદર, સંસ્કૃત ઉપર અભિરુચિ અને શ્રમ, ભાષાનું વલણ તથા આવશ્યકતા સમજવામાં દીર્ઘદર્શિતા દર્શાવ્યાં છે એ ભુલાય એમ નથી. રણછોડભાઈએ સમયોચિત રસિક નાટકોથી ગૂજરાતમાં સંસારસુધારાના પ્રશ્નો જોવા પ્રજાને જાગૃત કરી હતી.

હરગોવિન્દદાસભાઈ પ્રથમ ખંડના હોઈને એમનું કામ બીજા ખંડમાં થયું છે, એમનો સંસારસુધારાનો, કેળવણીનો, અને પ્રાચીન ગૂજરાતી કાવ્યોનો શોખ સાચો અને પુષ્કળ છે, પણ એમાં વિચારની ઊંડી ગડમથલમાં એ ઊતર્યા નથી. પણ નાથાશંકરની સહાયતાથી અને મહારાજાશ્રી સયાજીરાવ તથા મણિભાઈ જશભાઈની ઉદાર રાજ્યનીતિના આશ્રયથી 'પ્રાચીન ગૂજરાતી કાવ્યમાળા' પ્રસિદ્ધ કરવામાં એમણે જે શ્રમ ઉઠાવ્યો છે અને હજી પણ સ્વાશ્રયભાવે ઉઠાવે છે તે માટે ગૂજરાત એમનું સદાનું ઋણી રહેશે. આ સર્વ લેખકોમાંથી હરગોવિન્દદાસ ઉપરાંત નર્મદાશંકર અને નવલરામ તે પછીના યુગ સાથે પોતાના યુગને સાંધે છે. આ બીજા યુગના સાહિત્યકારો તે ગોવર્ધનરામ, મણિલાલ, હરિલાલ, બાળાશંકર, નરસિંહરાવ, કેશવલાલ, ડાહ્યાભાઈ, નૃસિંહાચાર્ય, કમળાશંકર, ઇત્યાદિ અને એમના નાના ભાઈઓ—રમણભાઈ, મણિશંકર, કૃષ્ણલાલ, બળવંતરાય, કલાપી, વગેરે. આ યુગની મહાન કૃતિ ગોવર્ધનરામનું 'સરસ્વતીચંદ્ર'—પ્રાચીન આર્ય ભાવના, વર્તમાન જનસમાજ, અને પાશ્ચાત્ય અંગ્રેજી કેળવણીની અસર—એ ત્રિવેણીની ભમરીઓનું આપણને દર્શન કરાવે છે. એની અદ્‌ભુત કલ્પના, પાત્રાલેખન, અને ચિત્રણકલા, ગૌરવભરી બુદ્ધિ, સૂક્ષ્મ વિચારશક્તિ, અને યુગાનુરૂપ ભાષા તથા શબ્દભંડાર,

આ ગુણો ગૂજરાતી સાહિત્યના ઇતિહાસમા એ મહાન કૃતિને અદ્વિતીય પદ અપાવે છે, અને મારા નમ્ર મત પ્રમાણે જગતના સાહિત્યમા અત્યારે કોઈ પણ ગુજરાતી પુસ્તકને સ્થાન મળવુ યોગ્ય હોય તો તે 'સરસ્વતીચન્દ્ર'ને જ છે એ કૃતિ ગૂજરાતી સાહિત્યમા—સસ્કૃત સાહિત્યમા 'કાદમ્બરી'ની પેઠે—જો કે જુદા જ ગુણોથી—અમર રહેશે છતા પણ કહેવુ જોઈએ કે આજે એ પુસ્તક વિષે બહુ બોલાતુ લખાતુ નથી, કારણ કે પ્રજાની સહૃદયતા કાંઈક બીજે માર્ગે વહેવા લાગી છે, જેમા વિસ્તીર્ણ કથાનુ સ્થાન ટૂકી વાર્તાએ અને જ્ઞાનભરી કવિતાનુ સ્થાન કેવળ કલાએ લીધુ છે અત્યારના વિવેચનકારોમા વિચાર કરતા કલાની સમરેખતા(?), અને ભાવના કરતા યથાસ્થિત જીવન વધારે પસદ થાય છે જો કે 'સરસ્વતીચન્દ્ર'મા પૂરેલા, ભાવનાના જગતમા વિચરતા, મનુષ્યહૃદયની વૃત્તિઓના રગ કદી પણ ઝાખા પડશે નહિ, તથાપિ એની વિચારમાલાના ફૂલ હવે વાસી થવા લાગ્યા છે એમ ઘણાને જણાય છે નરસિંહરાવે 'કુસુમમાળા'મા ગૂજરાતને એક નવી જ ભૂમિનુ દર્શન કરાવ્યુ અને ગૂજરાતમા જો કીટ્સ જેવો કવિ હોત તો ચૅપમેનનો હોમર વાચીને એના મનમા સ્ફુરેલા ભાવ એક સૉનેટમા જેમ એણે અમર કર્યા છે તેમ આપણો કવિ ફક્ત માત્ર એ ભૂમિના લાક્ષણિક સ્વરૂપમા ભવ્યતાને બદલે સૌન્દર્ય એ જુદી વાત 'કુસુમમાળા' એક અપૂર્વ કૃતિ છે અને નથી એ સર્વથા અપૂર્વ પ્રતિભાથી સર્જાયેલી નથી એમા પશ્ચિમની કવિતાનુ, વિશેષ ભાગે પાલ્ગ્રેવની 'ગોલ્ડન ટ્રેઝરી'ની ચોથી કડિકાની(?) કવિતાનુ, અને તેમા સહુથી વિશેષ વર્ડ્ઝવર્થના કવિહૃદયનુ, અનુસરણ છે અનુસરણ છે, પણ તે અનુવાદ નથી અર્થાત્ એ નિર્જીવ પરાધીન કોરોઆક નથી, પણ મૂળમાથી પ્રેરણા પામી ઉપજાવેલુ સ્વતન્ત્ર જીવતુ ચિત્ર છે પણ કઈ આ કૃતિમા આગલા જમાનાની સાદાઈ છે 'કુસુમમાળા'મા પ્રકટ થએલી નાનીશી શક્તિ 'હૃદયવીણા'મા અને 'નૂપુરઝંકાર'મા વધારે સમર્થ થાય છે, [illegible] તે પછી કવિએ 'સ્મરણ-સહિતા'મા ટેનિસનના 'ઇન મેમોરિયમ'ની માત્ર આકૃતિ લઈ એમા સ્વતન્ત્ર બળથી જ્ઞાન, શ્રદ્ધા અને કરુણરસની ત્રિવેણી વહેવરાવી છે નરસિંહરાવની 'કુસુમમાળા' અને 'હૃદયવીણા' એ બે કૃતિઓએ એમના પાછળના ઘણા નાના મોટા કવિઓમા કવિતા પ્રેરી છે આ સર્વ કોઈને પણ, એમની કવિતાનુ સ્વરૂપ અને બાહ્યાગી વિવિધતા…

એવી છે કે એ સર્વને આકર્ષક ન થાય, જો કે જેને થાય તેને મુગ્ધ કરી મૂકે. નરસિંહરાવની કવિતામાં વિચાર કે ભાવનું વૈવિધ્ય, હૃદયનો જોસ્ કે નર્માળી આનન્દવૃત્તિ એ ગુણોની ખોટ છે. આ જાતની આનન્દવૃત્તિ જે ઊંચી કવિતા કરતાં ગદ્યને વધારે શોભે એ 'સ્મરણ-મુકુર'માં ભરપૂર ભરેલી છે. પણ એ સ્વાનુભવરસિક કવિમાં સામાના હૃદયનું ભાન થોડું હોઈ અજાણ્યે એમણે કેટલાંક હૃદયને દુભવ્યાં છે, અને તેથી સાહિત્યના એક વિશિષ્ટ પ્રકાર તરીકે એની કિંમત ઊંચી હોવા છતાં એની પૂરી કદર થવામાં વાંધો આવ્યો છે. 'વસન્ત'માં પ્રકટ થતી 'વિવર્તલીલા' ગંભીર આકાશમાં સ્વચ્છન્દે ઊડતા વિચાર-પંખીઓની શ્રેણિ છે. એ ઉપરાંત અભિનય સંગીત આદિ ઉપરના એમના નિબન્ધગ્રન્થ તે તે વિષયનો પૂરો અભ્યાસ બતાવે છે. નર-સિંહરાવની સાહિત્યકાર તરીકે જેઓ ઊંચી કદર કરતા નથી તે પણ એક ઊંચા ભાષાશાસ્ત્રી તરીકે અને જોડણીના આગ્રહી આચાર્ય તરીકે એમને સ્વીકારે છે, અને વિવાદમાં એમની બુદ્ધિની એવી ઝીણવટ અને ચોકસાઈ છે કે એમને પહોંચી વળવું એ પૂર્વપક્ષ-ઉત્તરપક્ષમાં જીવન ગાળતા કાશીના પંડિતને પણ ભારે પડે. મણિ-લાલને બાહ્ય પ્રકૃતિ આકર્ષતી ન હતીઃ 'કુસુમમાળા'નાં કુસુમો એમને નિર્ગન્ધ વિલાયતી ફૂલ લાગ્યાં. કારણ એ હતું કે એમની કાવ્યરુચિ મનુષ્યહૃદયના ભાવ ઉપર જ હતી. અને એ ભાવમાં પણ પ્રેમ, પ્રેમના ઘા, પ્રેમની ઠગાઈ સાચાઈ નિખાલસપણું. નિર્વેદ, આત્મનિમજ્જન, અભેદપિપાસા એમાં જ એમનું કવિહૃદય ડૂબેલું રહેતું. એમણે એ એકતારા ઉપર જ કામ કર્યું છે, અને તે થોડું કર્યું છે, પણ જેટલું કર્યું છે તેટલું હૃદયવેધક છે. કવિ તરીકેની એમની ખામી એમની વિવેચકદૃષ્ટિમાં પણ ઊતરી છે. ગૂજરાતના સાહિત્યના ઇતિહાસમાં એમનું સ્મરણ કવિ કે વિવેચક તરીકે નહિ—જો કે એમનાં કેટલાંક કાવ્યો અને વિવેચનો ચિરાયુ રહે એવાં છે—પણ એક મહાન તત્ત્વ-જ્ઞાની અને સમર્થ ગદ્યકાર તરીકે રહેશે. એમનાથી દશ પંદર વર્ષ પછીનો અમારો જમાનો—બલ્કે ફિલૉસોફિના તે વખતના ગ્રૅજ્યુએટો પણ હજી મિલના જનહિતવાદમાં અને બુદ્ધિવાદમાં ભરાઈ રહ્યા હતા, તે વખતે મણિલાલે 'નિઓ-હેગેલિયનિઝમ' યાને અભિનવ હેગલના તત્ત્વજ્ઞાનનું પાન કરી લીધું હતું, અને એમનું અભિનવ વેદાન્ત ગૂજરાતને પાઈ રહ્યા હતા. એમના પહેલાંના ગદ્યસાહિત્યમાં, નર્મદા-

શંકર અને નરસિંગરામની ભાષામાં કેટલીક ખામી હતી, પણ અદ્ભુત બળ વીર્ય અને અભિમાનભરી મણિલાલની ગદ્યશૈલી ગુજરાતી ભાષામાં એટલી જ નિરાળી છે સૂફી હૃદયનો અને સૂફી કાવ્યનો ગુજરાતને પરિચય કરાવનાર કવિ બાળાશંકર મણિલાલના એ મિત્ર, અને મણિલાલને સૂફી ગઝલનો શોખ લગાડનાર પણ એ જ જાત અનુભવ અને દિલદર્દથી એમની કવિતા અંકાયેલી છે હરિલાલ ધ્રુવની સાહિત્યસેવા જુદા જ પ્રકારની છે ભાષાની કર્કશતા, સંગીતની વિષમતા, એ એમની કવિતાના દોષો છે, તેમ તે ગુણ પણ છે એ ગુણોએ જ એમના કાવ્યમાં અનન્યસાધારણ જુસ્સો પૂર્યો છે એમનો દેશભક્તિનો વેગ નર્મદાશંકરનું સ્મરણ કરાવે છે, પણ એમના કરતાં એ બહુ આગળ જાય છે જેમ બાયરનના પુષ્કળ લખાણમાંથી ચિરસ્થાયી થાય એવું થોડું જ રહે છે, તેમ હરિલાલ ધ્રુવના કાવ્યકુંજમાંથી સૂકી ગૂંચવાએલી લતાઓ ઘણી નીકળી જશે, છતાં છેવટે કેટલીક ડાળીઓ રહેશે, જે દેશભક્તિના રસથી ઉજળતી સદા ઝૂલ્યા કરશે

આ યુગના બીજા સાહિત્યસેવકોમાં ભીમરાવ, કેશવલાલ, ડાહ્યાભાઈ, છગનલાલ, નરસિંહાચાર્ય, કમળાશંકર, અને વયમાં પછીના યુગના હોઈને પણ પૂર્વયુગના ઉત્તરાર્ધમાં જેમણે સાહિત્યસેવા કરી છે એવા નગીનદાસ સંઘવી એમાં ડાહ્યાભાઈનું "બુલબુલ" એના હૃદયના આવેશથી નિખાલસ ઉદ્‌ગારથી અને લલિત પદાવલીથી અને ભીમરાવનું 'આ અણુગણ તારાવૃન્દ દીપે શ્યામ નિશામાં' ઇત્યાદિ સુરપાળની ધારણીનું ચિત્ર એની મર્મગ્રાહી ભવ્યતા અને વિષયાનુરૂપ પદ્યબન્ધથી મન હરે છે એ કાવ્યના કવિઓએ એમની અન્ય કૃતિઓ હોઈ ને પણ—એક એક કાવ્ય વડે જ ગુજરાતી સાહિત્યમાં ચિરતન સ્થાન પ્રાપ્ત કર્યું છે દોલતરામની પ્રભાવશાલી સંસ્કૃત સરણિ અને નગીનદાસ સંઘવીની જનપદગામી છતાં સંસ્કૃત પાણ્ડિત્યવાળી કવિતા એ પણ આ યુગમાં ધ્યાન ખેંચે છે નૃસિંહાચાર્યે નવી કેળવણીના ધોરી માર્ગથી જુદી જ શ્રેણિએ કામ કર્યું છે સામાન્ય તેમજ તાર્કિક વિચારશીલ જનની ધાર્મિક તૃષા છીપાવે, અને વર્તમાન જમાનાના વહેણમાં ન તણાતા કુશળ રીતે સંસાર ચલાવવાનો સ્ત્રીઓને પણ માર્ગ બતાવે, એવા વાર્તાનિબન્ધો સાદી ભાષામાં અને આકર્ષક સ્વરૂપમાં એમણે લખ્યા છે મણિલાલ પેઠે એ પણ આપણા જનસમાજને પ્રાચીન સંસ્કૃતિ

તરફ વાળવા યત્ન કરે છે. પણ તે મણિલાલ કરતાં વધારે ગીર્વાણથી. પણ ઓછા વિદ્યાબળથી, અને ઓછા ભાષાબળથી. કમળાશંકરભાઈની શિષ્ટતા અને પ્રતિષ્ઠા અસાધારણ છે, પણ એમની સાહિત્યસેવા ઘણે ભાગે સંસ્કૃતને કરવામાં આવી છે અને તેથી ગુજરાતી વાચકનું ધ્યાન એણે ઘણું ખેંચ્યું નથી. પણ એમની વિદ્વત્તાએ સંસ્કૃત વિદ્યાને કરેલી સેવાથી હિન્દુસ્તાનના વર્તમાન વિદ્વાનોમાં ગુજરાતને અભિમાન લેવા યોગ્ય સ્થાન અપાવ્યું છે તે માટે ગુજરાત એમનું ઋણી છે. કેળવણીકાર તરીકે પણ ગૂજરાતમાં એમનું સ્થાન મોટું છે. ડોળ નહિ પણ સત્ય; ગતાનુગતિકતા નહિ પણ સ્વમતમાં દૃઢતા; શિષ્ટતા, પણ તે સાથે પુરાણાપણું કાંઈક વિશેષ, જમાનાને રુચે તે કરતાં વધારે; પણ સર્વમાં સત્યનિષ્ઠાઃ એ એમની ખાસિયતો. ભાષાન્તરકાર તરીકે છગનલાલ અને કેશવલાલે મણિલાલ કરતાં અધિક યશ પ્રાપ્ત કર્યો છે. છગનલાલનું 'કાદમ્બરી'નું ભાષાન્તર એ ગૂજરાતી ભાષાનું મહાન પરાક્રમ છે. કેશવલાલ બીજા ખંડના હોઈને પણ એમનું ઘણુંખરું કાર્ય એના ઉત્તરાર્ધમાં અને ત્રીજા ખંડમાં થયું છે. છતાં એની અત્રે જ નોંધ કરી લેવી ઠીક પડશે. ભાષાન્તર એ નિશાળિયાનો તરજુમો નથી પણ સાહિત્યનો એક માનવંતો પ્રકાર છે એનું ભાન પૂરેપૂરું ગૂજરાતી વાચકને કેશવલાલભાઈએ જ કરાવ્યું છે. એમની ભાષાન્તરપ્રવૃત્તિ 'અમરુશતક' અને 'ગીતગોવિન્દ'થી શરૂ થઈ 'મુદ્રારાક્ષસ' 'વિક્રમોર્વશીય' 'પ્રિયદર્શિકા' અને ભાસનાં નાટકો ઉપર ફરી વળી છે. એમાં યથાર્થ શબ્દશક્તિ, અને નાટકોનું સૂક્ષ્મ સંશોધન, તથા ઉપોદ્ઘાત માટે પુષ્કળ શોધ અને શ્રમ એ એમની કૃતિનાં લક્ષણ છે. આ ઉપરાંત પ્રાચીન ગૂજરાતીનો અભ્યાસ. એને લગતી શોધખોળ, નિર્જીવ કવિના કાવ્યની એક હસ્તલિખિત પ્રત જડતાં પણ 'એક માત્રાલાઘવથી પુત્રોત્સવ માનનાર વૈયાકરણ' જેટલો આનન્દ—આ એમના મોટા ગુણો છે. આ બીજી પ્રવૃત્તિમાં કેશવલાલભાઈ સાથે ડાહ્યાભાઈનો સહયોગ પણ ચાલુ જ છે.

બીજા જમાનાના નાના ભાઈઓમાં, નવલરામનું સ્થાન રમણભાઈએ લીધું. નવલરામની સુન્દર વિવેચકબુદ્ધિ તેમજ સીધી વિશદ ભાષા રમણભાઈમાં આવી. પણ નવલરામ કરતાં રમણભાઈની વિદ્વત્તા ઘણી વધારે, તેથી એમનાં વિવેચન વધારે ઊંડાં, વિશાળ, અને ઉદા-

હરણથી સંપન્ન, અને ભાષાની સંસ્કૃતિ પણ વધારે ઊંચી, તથા શબ્દભંડાર વધારે મોટો, પણ રમણભાઈની વિવેચનશક્તિની કદર એમના યુવાવસ્થાના લેખોથી થાય છે એમા કાઈ ભૂલ દેખાય છે એ લેખો અમુક પ્રકારની જ કવિતાથી પ્રેરાયા હતા, અને તેટલા પરતી એમની કવિતાની કસોટી એકદેશી થઈ છે પાશ્ચાત્ય વિવેચનના તત્ત્વોની પોતાની બુદ્ધિમા મિલાવટ, અને આપણા સાહિત્યના ઉદાહરણથી એની પરિપુષ્ટિ, એ એમના વિવેચનોનો વિશિષ્ટ ગુણ હતો અને તેથી વર્તમાન જમાનાના વિવેચકોમા એ આજસુધી પ્રથમ સ્થાને રહ્યા છે રમણભાઈની પ્રકૃતિ ગભીર સંસ્કારી અને શિષ્ટ હતી, અને તદનુસાર એમની સાહિત્યસેવા પણ એ જ પ્રકારની છે 'રાઈનો પર્વત' વર્તમાન શિષ્ટ નાટકોમા સર્વોત્તમ છે ભાવના અને વાસ્તવિકતાનો એમા વિરલ સયોગ છે પણ શિષ્ટતાની બહુ દરકાર ન કરનારો વર્ગ 'ભદ્રંભદ્ર'ને જ ઊચુ પદ આપશે 'ભદ્રંભદ્ર' એ અત્યુક્તિદ્વારા ઉપજાવાતા હાસ્યરસના પ્રકારનુ આપણા સાહિત્યમા એકનુ એક ઉદાહરણ છે 'ગોલ્ડન ટ્રેઝરી'નુ સ્મરણ જેમ નરસિંહરાવે કરાવ્યુ તેમ 'પિકવિક પેપર્સ'નુ રમણભાઈએ કરાવ્યુ પણ એથી એ મહાન સાહિત્યકારોની હીનતા સમજવાની નથી કારણ કે શેક્સપિયર, ટેનિસન, વગેરે અગણિત કવિઓ એ જ રીતે અન્ય કવિઓમાથી પ્રેરણા લઈને કવિઓ બન્યા છે, છતા એમની પ્રતિષ્ઠા ઓછી ગણાઈ નથી રમણભાઈ સાથે બળવતરાય અને મણિશંકરના નામ ઉપસ્થિત થાય છે મણિશંકરના 'વસન્તવિજય' 'સાગર અને શશી' વગેરે કાવ્યો સુરેખ સૌન્દર્યના કટકા છે એમા શબ્દની અને અર્થની સુન્દરતા એક બીજા સાથે એવી મળી—ભળી છે કે એમને છૂટી પાડવી અશક્ય છે એમણે સંગીતકલ્પ કાવ્યની સૂચના નરસિંહરાવમાથી લીધી, સાચે, 'વસન્તવિજય'ની અપૂર્ણ આકૃતિને 'હૃદયવીણા'ના કવિએ અનુકરણનુ માન આપ્યુ 'થોડુ પણ તે અતીવ સુન્દર' એટલા શબ્દો 'કાન્ત'ની મનોહર કાવ્યવૃત્તિ ઉપર સદા લખાયેલા રહેશે એમના ધાર્મિક પરિવર્તને એમની કવિત્વશક્તિમા વધારો ન કર્યો એ સમયના કાવ્યોમાથી થોડાજ ચિરંજીવ રહે એવા છે બળવતરાય ઠાકોર જેવી અનેકપ્રદેશસચારી બુદ્ધિ નરસિંહરાવ અને રમણભાઈને બાદ કરતા કોઈની જ નથી કાવ્ય, નાટક, ગદ્ય, નિબન્ધ, ઇતિહાસ, વિવેચન, આદિ વાઙ્મયની ઘણી શાખામા એમણે ગૂર્જરાતની સેવા કરી છે

૪૯

પ્રૉફેસરને શોભતો વિચારનો પરિપાક એ એમની બુદ્ધિનું ખાસ લક્ષણ છે. એમનાં કાવ્યોમાં એના બંધારણને અનુકૂળ અસાધારણ અર્થ-ગૌરવ હોય છે, અને કલાની 'ટેક્નિક' પારિભાષિક વિગત--ઉપર પુષ્કળ લક્ષ્ય દેવાય છે. પણ એમનાં કાવ્યમાં મોહકતા થોડી છે—એમનો રસ દ્રાક્ષનો નહિ પણ શેરડીનો છે. કલા ઉપર પુષ્કળ લક્ષ્ય છતાં, એમનો ઉદ્દંડ વિલક્ષણતાનો પ્રેમ એવો છે કે એને પરિણામે એમની કૃતિઓ ઘણીવાર વિષમ બને છે, અને ચૂંટી ચૂંટીને મૂકેલા અર્થભર્યા સુન્દર શબ્દોને અન્તે કે વચમાં એકાદ બેડોળ શબ્દ આવીને બેઠો હોય છે. પણ બળવંતરાય જે કરે છે તે બુદ્ધિપૂર્વક કરે છેઃ એમની ખામીઓ પણ પોતે જાણી જોઈને ગુણ માનીને ઉત્પન્ન કરેલી હોય છે. 'કલાપી'—ઠાકોરશ્રી સુરસિંહજી—મણિલાલ અને મણિશંકરમાંથી પ્રેરણા પામ્યા છે. પોતે સ્વભાવે નમ્ર અને ઉમદા હોઈ એ પ્રેરણા લેતાં સંકોચાયા નથી, પણ વસ્તુતઃ કવિત્વનો સ્ફુલિંગ એમનો પોતાનો જ છે, અને પ્રેમ, વિશ્વાસ, સ્વાર્પણ, અનુકમ્પા,—આદિ આત્મગુણના અનેક ટહુકા 'સુરતાની વાડી' ના એ 'મીઠા મોરલા' ને કંઠેથી નીકળ્યા છે. એમની ભાષામાં વિદ્યાનો સંસ્કાર નથી, પણ સાચી સીધી સાદી વાણીનો પ્રસાદ મન હરે છે. 'કલાપી'ના મંડળના 'જટિલ' અને ત્રિભુવન પ્રેમશંકર અહીં યાદ આવે છે. જટિલના અકાળ અવસાનથી ગૂજરાતે એક આશાજનક કવિ અને એથી પણ વિશેષ વિવેચક ખોયો છે, જો કે નવું ગૂજરાત કદાચ એમને ઓળખતું પણ નહિ હોય. ત્રિભુવન એક મસ્ત કવિ હતા. તે વખતના બીજા સૌરાષ્ટ્રવાસી સેવકોમાં 'કાઠિયાવાડી'એ ગૂજરાતને એમર્સનના નિબન્ધો અને શેક્સપિયરનાં કેટલાંક નાટકો ગૂજરાતીમાં ઉતારીને આપણા સાહિત્યની બહુ કિંમતી સેવા કરી છે. તેવું જ એક સ્મરણીય નામ જો કે સાહિત્યના જુદા જ ક્ષેત્રમાં અમૃતલાલ પઢિયારનું છે. સામાન્ય મનુષ્યજીવનને ઉચ્ચતર કરવા માટે એ ખરા હૃદયથી તલસતા હતા, અને યથાશક્તિ એમની સાધુ વાણીથી એ માર્ગે સેવા કરતા હતા. આ સમયના ઉત્તરાર્ધના સાહિત્યકારમાં કૃષ્ણલાલની સાહિત્યસેવા સહુ કરતાં જુદા જ પ્રકારની છે. પણ એ કાર્ય આ સાડીના ત્રીજા ખંડમાં થયું છે. ગૂજરાતના અત્યાર સુધીના સહુ સાક્ષરોમાં એમણે એકલાએ જ ગૂજરાતના સાહિત્યનો પરિચય પરદેશી અને પરપ્રાન્તી વાચકોને કરાવ્યો છે, અને એ રીતે ગૂજરાતી સાહિત્યની પ્રતિષ્ઠા વધારી છે.

ત્રીજા ખડના સાહિત્ય ઉપર આવતા પ્રથમ નામસ્મરણ આ મહાન સસ્થાના આદ્યસ્થાપક રણછોડભાઈનુ કરવાનુ છે એ અને એમના ઉત્સાહી સહયોગી ઠાકોરલાલ મારે ઘેર ગોવર્ધનભાઈને મળવા આવ્યા અને સાહિત્યપરિષદની યોજના વિષે વાત કરી ત્યારે અમે વૃદ્ધજનોએ (! હવે મને યાદ આવે છે કે હુ તો ૩૫ વર્ષનો જ હતો !) અમારી લાક્ષણિક રીતે એમના ઉત્સાહ ઉપર કેટલુ ટાઢુ પાણી રેડ્યુ હતુ, એ જે જાણશે તે જ એ સુનકભાઈઓની સેવાનુ પૂરુ માપ લઈ શકશે ગણપતરામ એટલે તે સમયના ‘ગુજરાતની ભાવના’ બીજા ખડના ઉત્તરાર્ધમા અને ત્રીજાના પૂર્વાર્ધમા ગુજરાતી વાચકને એમની અપૂર્વ પ્રતિભા અને શૈલીથી ચકિત કરનાર કવિ તે નાનાલાલ એમની છન્દ વિનાની કવિતાથી મૂઝાએલુ ગૂજરાત પણ એમના રાસને ગરબે ચઢ્યુ છે, અને અર્થસૌન્દર્ય, શબ્દમાધુર્ય અને ભાવનાપ્રકર્ષના વિરલ સયોગથી નાનાલાલે રાસનુ એક અનેરુ સાહિત્ય ઉત્પન્ન કર્યું છે બે વર્ષ ઉપર એ કવિના આયુષ્યનો સુવર્ણમહોત્સવ ઊજવીને ગૂજરાતે એમના કવિત્વની પૂરી કદર કરી છે નાનાલાલ જેટલા ‘તેજે ઘડ્યા’ શબ્દો ગુજરાતી ભાષાને કોઈએ આપ્યા નથી દેશભક્તિ અને આર્યસસ્કૃતિનો પ્રેમ એમની કૃતિઓમા વ્યાપી રહ્યો છે પ્રાચીન અને મધ્યકાલીન સૌરાષ્ટ્ર અને ગૂજરાતનુ જીવન એમણે તન્મયતાથી પ્રત્યક્ષ કર્યું છે લગ્નની વિશુદ્ધ ભાવના એમણે તેજસ્વી રગે રગી છે અને ભાવનાના જીવનનો મધુર રસ એમના નાટકોમા અને રાસમા ગૂજરાતને પ્રેમ પાયો છે નાટકોમા એમની ભાવનાની પ્રેરણા ગોવર્ધનરામમાથી આવેલી લાગે છે, પણ ગોવર્ધનરામ નવલ કથાકાર હોઈ ભાવનાના ગિરિશૃગ ઉપરથી જીવનની વાસ્તવિક ભૂમિ ઉપર પણ ઊતરે છે, કવિ નાનાલાલ હમેશા હિમાલયને શિખરે જ રમે છે એમની કવિતા ‘તેજે ઘડ્યા મુજ અગ’ એમ જગતને કહી શકે છે, પણ એમા પાર્થિવ અશની જેટલી ખોટ છે તેટલી એની મનુષ્યજીવનથી વિદૂરતા છે એમના કવિહૃદયમા દૈવી તેજ પુજ છે, મનુષ્યહૃદયનો જુસ્સો થોડો છે, જો કે ભાવનાબળ અમાપ છે એ જ એમની કવિતાનો ગુણ અને એની ખામી કવિતા ઉપરાત ગુજરાતી સાહિત્યની એમણે બીજી મોટી સેવા એ કરી છે કે કેટલાક જૂના કવિઓ અને કવિતાઓના વિચારો ઉપરની ધૂળ ખખેરી એને ઉજ્જ્વળ કરી ગૂજરાત આગળ મૂક્યા છે ખબરદારના આદ્યગ્ર

એક મલબારી અને બીજા પારસીભાઈઓના પ્રિય કવિ દલપતરામ. દલપતરામનો પ્રિય છંદ મનહર ખબરદારને પણ પ્રિય છે. સૃષ્ટિસૌન્દર્યની એમની કવિતા, આરંભમાં, એમાં ઊંડા ભાવ શોધનારને બહુ પસંદ પડે એવી નહોતી. પણ નવા જમાનાનો શોખ એ તરત જ સમજી ગયા, અને એમનાં પછીનાં કાવ્યો ગૂજરાતને બહુ ગમ્યાં છે. સાદી ભાષાથી કામ કરવાની એમની શક્તિ એમણે પૂરેપૂરી ખીલવી છે. એમનો અંગ્રેજી કવિતાનો પરિચય પણ સારો છે, અને બળવંતરાયની માફક એમણે પણ છન્દોવિચિત ઉપર સારી પેઠે ધ્યાન દીધું છે. પણ એમની સર્વોત્કૃષ્ટ સેવા આ છે કે એમણે હિન્દનો વર્તમાન પ્રજાયુદ્ધનો ધ્વનિ બહુ જોસ અને આદરપૂર્વક ઝીલ્યો છે, તથા એનાં રણગીત ગાયાં છે, જેમાંના કેટલાક ગૂજરાતી સાહિત્યની કિંમતી સમૃદ્ધિ થઈ પડશે. વીર અને શૃંગારથી ભરપૂર કાવ્યો લખવા ઉપરાંત કોન્ગ્રેસના આદિકાળનાં પ્રજાગીત જેમ હરિલાલ ધ્રુવે ગાયાં; વિશિષ્ટ પ્રકારનાં સ્વાનુભવરસિક અને સર્વાનુભવરસિક ઊર્મિગીત અને ખંડકાવ્યની કુસુમાંજલિ ગુજરાતને અર્પવા ઉપરાંત બંગાળાની સ્વરાજ્ય અને સ્વદેશી જાગૃતિનાં ગીત જેમ મગનભાઈએ ગાયાં; તેમ અન્ય કાવ્ય-પ્રવૃત્તિ ચાલતી રાખીને ગાંધીજીના સમયમાં પ્રજાગીત ખબરદારે ગાયાં. પણ જે એક કાવ્યથી ખબરદારની કીર્તિ ગુર્જરસાહિત્યમાં સદા ઝળકતી રહેશે તે વીસ વર્ષ ઉપર મુંબાઈની સાહિત્યપરિષદ વખતે એમણે સર્જેલું "ગુણવંતી ગૂજરાત." ગુર્જર માતાને કંઠે ધરેલી એ પુષ્પમાળ કદી કરમાશે નહિ. નાનાલાલ અને ખબરદાર એ બીજા જમાનાના ઉત્તરાર્ધમાંથી ત્રીજા જમાનાના પૂર્વાર્ધમાં ઊતરી આવેલા કવિઓ છે. અને એમની કાવ્યપ્રવૃત્તિ પહેલાં કરતાં ઊતરતી વા મન્દ, પણ હજી ચાલતી, છે. ત્રીજા જમાનામાં 'લલિત'ના મંજીરાનો મંજુલ ધ્વનિ આપણે સાંભળીએ છીએ, ગૃહજીવનની પવિત્રતા અને બાલોદ્યાનની સુન્દરતા ગાનાર અને એમાં પ્રભુનાં દર્શન કરાવનાર આ નાના કવિની કદર હજી ગૂજરાતે જોઈએ તેવી કરી નથી. પણ 'મટૂલી પેલે તીર' એટલા અંગુલિનિર્દેશથી એ કવિએ ગૂજરાતને ઘણું સૂચવ્યું છે. આ જ ખંડના ઉત્તરાર્ધમાં બોટાદકર એ નવા વહેણમાં ન ખેંચાયેલા, પણ વર્તમાન વાતાવરણમાં છૂટથી શ્વાસોચ્છ્વાસ લઈ શકતા, અને અંગ્રેજીની ખોટ સંસ્કૃતથી પૂરી પાડતા એવા શુદ્ધ શબ્દસંસ્કાર અને કોમળ ભાવ દર્શાવનારા કવિઃ એમણે પણ

ઘણાનુ ધ્યાન ખેચ્યુ છે આ કવિઓની સમાલોચનાને અન્તે એક સુન્દર સહૃદય વિવેકી માનાકાર—હિમ્મતલાલ અંજારિયા—નુ નામ ભૂલવુ ન જોઈએ એમનુ "કાવ્યમાધુર્ય" એ પાલગ્રેનની 'ગોલ્ડન ટ્રેઝરી'ના જેવી જ સહૃદયતાની સુન્દર કૃતિ છે આ જ સમયમા સસ્કૃતના પ્રેમથી કીલાભાઈએ જેમ 'મેઘદૂત' અને 'વિક્રમોર્વશીય'ના ભાષાન્તર કર્યા છે તેમ બળવતરાયે અને મગનભાઈએ 'શાકુન્તલ'ના કર્યા છે એ સર્વ કેટલાક અશમા કેશવલાલભાઈના ભાષાન્તરના સમાનકક્ષ ન ગણી શકાય, છતા સર્વ સફળ છે અને કીલાભાઈનો પ્રમાદ કેશવલાલભાઈ કરતા પણ કોઈ કોઈ સ્થળે ચઢી ગયો છે કીલાભાઈના સમાનવયસ્ક મણિલાલ છગનલાલે વાર્તા, નવલકથા, વગેરે રચીને ગૂજરાતની જે સેવા કરી છે તેમા ભાષાની સરળતા શુદ્ધતા અકૃત્રિમતા આગલા જમાનાનુ સ્મરણ કરાવે છે ઉત્તમલાલ કેશવલાલની સાહિત્યસેવા માટે હુ શુ કહુ ? ગૂજરાતે એ સાક્ષરનુ સ્વરૂપ પૂરેપૂરુ જાણ્યુ જ નથી—જાણવાનો પ્રસગ જ આવ્યો નથી જે વાચન, જ્ઞાન, વિચારોનો ખજાનો એ પુરુષમા ભર્યો હતો, એમાથી થોડુ થોડુ જ બહાર આવ્યુ છે પણ એમની સસ્કારી કલમ જ્યારે જ્યારે ચાલી છે ત્યારે ત્યારે પુષ્ટ વિચારથી ભરેલી ચાલી છે કૃષ્ણરાવ દીવેટિયા અને સત્યેન્દ્રરાવ દીવેટિયા એમનામા એમના કુટુમ્બની સુન્દર સાહિત્ય રુચિ હતી એકે નવલકથાથી અને બીજાએ લઘુકથાઓથી ગુજરાતની સેવા કરી છે સત્યેન્દ્રરાવ યુવાવસ્થામા જ પરલોકવાસી થયા અને તે જ પ્રમાણે નરસિહપ્રસાદ દીવેટિયા સાહિત્યની સેવા કરવા માડતા જ છેક નાની ઉમ્મરે મૃત્યુથી ઝડપાઈ ગયા મોહનલાલ દવેએ સાહિત્ય-પ્રવૃત્તિ કવિતામા તેમજ વિવેચનમા સુન્દર રીતે શરૂ કરી પણ વચ્ચેથી છોડી દીધી પણ તે ફરી ગ્રહણ કરશે એમ આશા રાખીએ છીએ અતિસુખકારક અને જયન્તરાય દરકાળે ગૂજરાતીમા અગ્રેજી ઢબનો 'એસે' યાને સ્વૈરવિહારી અનિબદ્ધ નિબન્ધ દાખલ કર્યો છે જનાર્દન પાઠકજી અને સોમેશ્વરનન્દ જેના સ્મરણો અને અનવાકન લખે છે સ્વ વિનાયક અને ઉમરવાડિયા—એમણે પશ્ચિમના સાહિત્યની છાયા વાળા લેખકાર નાટ । ચ્યા છે વિનાયક તો તરુણ વયમા જ પરલોકવાસી થયા એટલે એમની નાની પરિપાકવાળા લેખનો ગૂજરાતને પ્રસગ જ ન આવ્યો ઉમરવાડિયા એમની સાહિત્યપ્રવૃત્તિ ચાલુ રાખશે તો સાહિત્યને સારી સેવા થશે એમ આશા રહે છે સમુચિતા

અદ્વિતીય સેવા કરનાર બીજા ખંડના સાક્ષર ડાહ્યાભાઈ ધોળશા, અને મૂળશંકર પછી, હાલમાં ગજેન્દ્રશંકર પંડ્યાએ એ કર્તવ્ય ઉપાડ્યું છે અને તેમની સાહિત્યશક્તિ સાથે સારાસારતત્ત્વગ્રાહી બુદ્ધિ જોડશે તો ઊગતી પ્રજાની સારી સેવા કરી શકશે. ગદ્યલેખકમાં ચન્દ્રશંકરનું ગદ્ય આરસપહાણનાં સુન્દર ઘડેલાં ચોરસાંની ફરસબંદી છે. એની કૃત્રિમતા ખુલ્લી છે, પણ કૃત્રિમતા સાથે ભાષાની જડતા કે વિચારની નિર્માલ્યતા નથી, તેથી એ કૃત્રિમતા પણ સુન્દર હોઈ સાહિત્યમાં સ્થાન પામે છે. એથી ઊલટી જ, સીધી અને જુસ્સાદાર શૈલી ઇન્દુલાલની. રમણીયરામ ચાલુ રાજકીય પ્રશ્નો ઉપર ઉત્સાહથી લખે છે. ગૂજરાતમાં ઘણાં વર્ષો જેણે સાહિત્યસેવા કરવા માંડી હતી તેવું અમદાવાદમાં સ્થપાયેલું એક યુવક મિત્રમંડળ 'બન્ધુસમાજ'. એ મંડળમાંથી ભોગીન્દ્રરાવ, શિવાભાઈ, ડાહ્યાભાઈ યુવાન વયમાં જ મૃત્યુથી ઝડપાઈ ગયા, રામમોહનરાય અને શંકરરાય સેવા કરે છે. પણ ઉચ્ચભાવના અને સેવાવૃત્તિથી પ્રેરાયેલા એ સાહિત્યપ્રેમી મંડળના કેટલાક બન્ધુઓ ઉપર ક્રૂર મૃત્યુનો હાથ ન પડ્યો હોત તો એ મંડળ ગૂજરાતી સાહિત્યને સારી સેવા કરી શકત એમ લાગે છે. આ મંડળની મુખ્યસેવા સ્ત્રી–ઉપયોગી સાહિત્યમાં તથા સંસાર-સુધારાની નવલકથા અને લઘુવાર્તા રચવામાં છે.

આ અન્યવ્યવસાયપરાયણ દોડાદોડના યુગમાં પશ્ચિમમાં લઘુ વાર્તાનું સાહિત્ય પુષ્કળ ઉત્પન્ન થયુ છે. એમાં ઉચ્ચ કલાના નમૂના પણ છે, અને ટૂંકાણ સિવાય બીજો કોઈ જ ગુણ નહિ એવાં નિર્માલ્યતાનાં દૃષ્ટાન્તો અસંખ્ય છે. આનો પડઘો આપણા દેશમાં પણ પડ્યો છે. એના અનેક લેખકોમાંથી સારા લેખક તરીકે વિશિષ્ટ રૂપે 'ધૂમકેતુ'નું નામ યાદ આવે છે. કવિશિરોમણિ રવીન્દ્રનાથ ટાગોરે ગૂજરાતમાં લઘુ વાર્તાનું અને વિશેષમાં ગદ્યકાવ્યના સ્ફુલિંગોનું કેટલુંક સાહિત્ય પ્રેર્યું છે. આમાં પૃથુ શુક્લનું 'ફુલપાંદડી' જાણીતું છે. સૌન્દર્યનું પાન કરીને અને કરાવીને વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કેટલીક સેવા કરી છે. મંજુલાલ દવે, વિજયરાય કલ્યાણરાય, મુનિકુમાર અને ગગનવિહારી અને રમણલાલ યાજ્ઞિક અંગ્રેજી સાહિત્ય અને વિવેચકતાનો ગૂજરાતને પરિચય કરાવતા રહે છે. અને 'કુસુમાકર' પણ વખતોવખત ઊર્મિકાવ્યો તથા સૂચક વિચારમાળાનું ગદ્ય ગૂજરાતને આપે છે. ઊછરતા લેખકોમાં જ્યોતીન્દ્ર દવેએ હાસ્યરસથી અંકાયેલી અવલોકનની વિશિષ્ટ શૈલી દાખલ કરી છે.

ઇતિહાસના વિષયમાં આજકાલ નવી જાગૃતિ ઉત્પન્ન થઈ છે રાયચુરા અને મેઘાણી વગેરે સૌરાષ્ટ્રીભાઈઓએ જે લોકગીત અને રાસાનું સાહિત્ય પ્રકાશમાં મૂક્યું છે એ કાંઈક ઇતિહાસ (તવારીખ) કરતાં વિશાળ અર્થમાં ઇતિહાસ તેમજ સાહિત્યને ઉપયોગી થાય એવું છે શુદ્ધ ઇતિહાસ–માર્ગે રત્નમણિરાવે ગૂજરાતના શહેરો, મન્દિરો અને બીજા શિલ્પકામનો ઇતિહાસ ઉકેલવા માંડ્યો છે એ બાલપાદપ વિસ્તરશે તો ભવિષ્યમાં મોટું વૃક્ષ થવાની આશા પડે છે મહાપુરુષના ચરિત્રલેખમાં સાહિત્યની કોટિમાં આવી શકે તેવું માત્ર વિનાયકભાઈનું ‘નન્દશંકરનું જીવનચિત્ર’ છે આધારભૂમિ અને પરિસ્થિતિભૂમિના ચિત્ર સાથે મુખ્ય પુરુષનું જીવનચિત્ર એમાં આલેખ્યું છે નર્મદાશંકરનું નવલરામે લખેલું અને નવલરામનું ગોવર્ધનરામે લખેલું જીવન એ બે વિચારની બાબતમાં બહુ ઉચ્ચ કલાની કૃતિઓ છે કાન્તિલાલનું ગોવર્ધનરામનું જીવનચરિત્ર એની ભાષાથી મન હરે છે કાન્તિલાલે ‘ગૂજરાતી’ પત્રમાં જે ‘વિજ્ઞાનમન્દિર’ ઉઘાડ્યું છે તેની નૂતનતાથી ગૂજરાતમાં વિજ્ઞાનનો પ્રેમ જાગશે એમ આશા રહે છે એમના સહકારી પોપટલાલ શાહ, પર્જન્યરાય મેઢ, ખંડુભાઈ નાયક, વીરમિત્ર દીવેટિયા અને વિજયલાલ બુચ, વગેરે મળીને ગૂજરાતમાં એક સુન્દર વૈજ્ઞાનિક મંડળ બાંધવા ધારે છે એ હર્ષનું કારણ છે વર્તમાનયુગમાં પુરાતત્ત્વ-મન્દિરે અને રાષ્ટ્રીય વિદ્યાપીઠના અન્ય સજ્જનોએ પણ ગૂજરાતી સાહિત્યની બહુ સેવા કરી છે કાલેલકરની મધુર પ્રાસાદિક અને સંસ્કારી શૈલી વાચકને મુગ્ધ કરે છે મહાદેવભાઈએ પણ મધુર સાદી અને અસરકાર, કાંઈક ગાંધીજીને અનુસરતી, એક વિશિષ્ટ શૈલી કેળવી છે જિનવિજયજી, બહેચરદાસ અને સુખલાલ પંડિતે પ્રાકૃત અને અપભ્રંશ ભાષા અને પ્રાચીન જૈન દર્શનના ગ્રન્થો ઉપર સારો પ્રકાશ નાખવા માંડ્યો છે રસિકલાલ અને રામનારાયણ પાઠકે સાહિત્ય, અલંકાર અને નાટ્યશાસ્ત્રના ક્ષેત્ર ખેડ્યા છે વાલજી દેસાઈ એમની લાક્ષણિક શૈલીમાં પ્રાચીન આર્ય સંસ્કૃતિની વાતો કહે છે નરહરિ વિનયમન્દિરને યોગ્ય સાહિત્ય રચે છે ભાવનગરમાં દક્ષિણામૂર્તિભવનમાં બાલશિક્ષણના શાસ્ત્ર અને કલાની નૃસિંહપ્રસાદ ભટ્ટ અને ગીજુભાઈ બધેકા અપૂર્વ સેવા કરી રહ્યા છે બાલોપયોગી સાહિત્ય ઉત્પન્ન કરવામાં જેમ એમણે ભાગ લીધો છે તેમ રવિશંકર રાવળે કુમારાવસ્થાના શિક્ષણમાં કલાના રંગ પૂર્યા છે

ગયા ખંડમાં પ્રાચીન ગૂજરાતી કાવ્યો શોધવામાં હરગોવિંદદાસની સેવા ગણાવી તે સાથે ઇચ્છારામ સૂર્યરામ અને છગનલાલ રાવળની પણ ગણાવવી જોઈએ. અને એજ વર્ગની સેવા ત્રીજા રામલાલ મોદી, અને કેશવલાલ અને ડાહ્યાભાઈ સાથે હીરાલાલ પારેખ કરે છે. અને ઇચ્છારામ સૂર્યરામનો એ સેવાનો પ્રેમ અંબાલાલ જાનીમાં ઊતર્યો છે. મટુભાઈ કાંટાવાળા પોતે સાહિત્યના તન્ત્રી તરીકે સેવા કરે છે તે ઉપરાંત મધ્યકાલીન ગૂજરાતીના ઝીણા અભ્યાસી છે; તથા આમવર્ગની જોડણીના પ્રબળ હિમાયતી છે. જૂની ગૂજરાતી અને અપભ્રંશના ગ્રન્થોનો ઉદ્ધાર કરવામાં ચિમનલાલ દલાલનો વિદ્વત્તાભર્યો પરિશ્રમ જગજાહેર છે. તે ઉપરાંત મોહનલાલ દલીચંદ દેસાઈએ પણ આ દિશામાં બહુ ઉપયોગી સેવા કરી છે. દુર્ગાશંકર શાસ્ત્રી મધ્યકાલીન ધાર્મિક સંપ્રદાયનો ઇતિહાસ અને એના ગ્રન્થોના કાલનિર્ણય સંબન્ધી મનન-ભર્યા લેખ લખે છે. આમ પ્રાચીન સાહિત્ય શોધવામાં આપણી પ્રવૃત્તિ મંદ પડી નથી. પણ ભગવાનલાલ ઇન્દ્રજીએ શરૂ કરેલું અને બીજા ખંડના આરંભમાં હરિલાલ ધ્રુવ, રતિરામ દુર્ગારામ અને વલ્લભજી આચાર્યે ચાલુ રાખેલું કામ એ જ જમાનાના ઉત્તરાર્ધથી બંધ થઈ ગયું છે, તે હવે ગિરિજાશંકર આચાર્ય ફરી ઉઘાડશે એમ આશા રાખીએ છીએ. તત્ત્વજ્ઞાનના વિષયમાં મણિલાલની ગાદી સૂની જ છે. તો પણ નર્મદાશંકર મહેતાની વિદ્વત્તાએ ગૂજરાતી વાચકને હાલમાં આપણા તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ પૂરો પાડ્યો છે, અને તત્ત્વજ્ઞાનના અભ્યાસી તરીકે તથા એના પ્રવાચક તરીકે અત્યારે ગૂજરાતમાં એમનું ઊંચુ સ્થાન છે. હીરાલાલ ઑાફે પૂર્વના તત્ત્વજ્ઞાનના અભ્યાસ સાથે પશ્ચિમના તત્ત્વજ્ઞાનમાંથી કેટલાક અંશો જોડ્યા છે, અને એક તત્ત્વ-ચિન્તક તરીકે એમણે પ્રતિષ્ઠા મેળવી છે, તેમજ કેળવણીના કામમાં યશસ્વી ભાગ લીધો છે. હરસિદ્ધભાઈ દીવેટિયાએ પશ્ચિમના માનસ-શાસ્ત્રનો એક મહાન ગ્રન્થ ગૂજરાતીમાં ઉતાર્યો છે. મગનલાલ શાસ્ત્રી અને મૂલચંદ્ર તેલીવાળા એમણે શ્રીવલ્લભાચાર્યના સાંપ્રદાયિક ગ્રન્થો પ્રકટ કરવામાં તથા એ સંપ્રદાયના સિદ્ધાન્ત પ્રતિ પ્રજાનું ધ્યાન ખેંચવામાં બહુ પ્રશંસાપાત્ર શ્રમ ઉઠાવ્યો છે. નથુરામજી જેમનું કાર્ય ત્રીજા ખંડના પૂર્વાર્ધથી આગળ પડતું થયુ છે એમણે બ્રાહ્મણધર્મને એમનાં ભાષાન્તરોથી તેમજ પ્રવચનોથી ઉજાળ્યો છે. અખંડાનન્દજીએ કેટલાક અર્વાચીન રસના ગ્રન્થો ઉપરાંત પ્રાચીન ધર્મગ્રન્થો ભાષાન્તર કરાવીને પ્રકટ કર્યાં છે.

ગૂજરાતના દૈનિક, સાપ્તાહિક, માસિક, ત્રૈમાસિકનો ઇતિહાસ લખવા બેસીએ તો એક પુસ્તક રચાય એટલી વસ્તુ છે પારસી ભાઈઓને જેમ ગૂજરાતીમાં સામાજિક નવલકથા ઉત્પન્ન કર્યાનું માન છે તેનું જ વર્તમાનપત્રોનો પાયો નાખ્યાનું માન છે બીજા યુગમાં 'ગુજરાતી'ના તન્ત્રી ઇચ્છારામ સૂર્યરામે, 'પ્રજાબન્ધુ'એ અને 'ગૂજરાતી પંચે' ઐતિહાસિક અને સામાજિક નવલકથાનું બહોળું સાહિત્ય ઉત્પન્ન કર્યું છે માસિકત્રૈમાસિકોએ સાહિત્ય, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, આદિ શાખાઓમાં કરેલી સેવા જાણીતી છે પ્રથમ યુગમાં 'બુદ્ધિપ્રકાશ' 'બુદ્ધિવર્ધક' 'વિજ્ઞાનવિલાસે' બુદ્ધિનો પ્રકાશ કરવા માંડ્યો, આ સાંકડી કર્તવ્યભાવનાને બીજા યુગમાં 'પ્રિયંવદા' 'સુદર્શન' અને 'જ્ઞાનસુધા'એ વિસ્તારી, ત્રીજા યુગમાં 'સુદર્શન' અને 'જ્ઞાનસુધા'ના વિવાદથી તટસ્થ એવો સાહિત્યસેવાનો માર્ગ 'સમાલોચકે' લીધો, જતે દહાડે 'વીસમી સદી'એ પશ્ચિમના લોકપ્રિય માસિકોની ઢબનો ગૂજરાતને પરિચય કરાવ્યો, અને અત્યારે ગૂજરાતની આશાના અસંખ્ય કિરણો 'ગૂજરાત', 'શારદા', 'નવચેતન', 'સાહિત્ય', 'પ્રસ્થાન', 'કૌમુદી', આદિ માસિકત્રૈમાસિકોમાંથી સમસ્ત ગૂજરાતમાં પ્રસરી રહ્યાં છે આ ત્રીજા યુગનું એક ખાસ લક્ષણ છે માગીના ત્રણ યુગોનું લાક્ષણિક સ્વરૂપ તપાસીએ તો પ્રથમ યુગ અંગ્રેજી કેળવણીથી પ્રાપ્ત થયેલી સામાન્ય વિદ્યા અને માહિતીનો, બીજો ધર્મ અને તત્ત્વજ્ઞાનનો, અને ત્રીજો સાહિત્ય અને કલાનો અને વિશેષ રૂપે માસિકોનો જોવામાં આવશે

છેવટે આપણા સાહિત્યમાં આપણા મુસલમાન અને પારસી ભાઈઓનો હિસ્સો અલગ ગણાવવા જેવો છે, પણ તે પણ ભૂલવા જેવો નથી પારસીઓ પૈકી પહેલા જમાનામાં મલબારીએ રચેલું દેશભક્તિનું અને સંસારસુધારાનું કાવ્યસાહિત્ય એ સમયના લાક્ષણિક ગુણ અને ખામીઓ ધરાવે છે કાબરાજીની સેવા પણ એ જ જમાનાના ઉત્તરાર્ધમાં શરૂ થઈ છે અને એમની કેટલીક નવલકથાઓ એના સામાજિક ચિત્ર અને બોધથી પારસીઓમાં તેમ હિન્દુઓમાં પ્રિય થઈ પડી છે ત્રીજા યુગના આરંભથી ખબરદારે કરવા માંડેલી સાહિત્યસેવા જે આપણે અવલોકી ગયા એ હિન્દુ લેખકને પણ અભિમાન કરાવે એવી છે તે ઉપરાંત આ નવીન યુગમાં સંજાણા અંગ્રેજી સાહિત્યના વિશાળ પરિચયનો અને [illegible] વિવેચક દૃષ્ટિનો ગૂજરાતને કાંઈ

વાર લાભ આપે છે. મુસલમાન ભાઈઓ પૈકી પહેલાબીજા યુગના નાનજિયાણીનું નામ સહુને જાણીતું છે. એમના પછી ત્રીજા યુગમાં કરીમ મહમ્મદ માસ્તરે ગૂજરાતી ભાષાની સેવા કરવા માંડી છે. પરંતુ એ વર્ગમાંથી આ નવીન યુગમાં મોટામાં મોટી સેવા 'વીસમીસદી'ના યોજક અને પ્રકાશક મર્હૂમ હાજી મહમ્મદ અલારખિયાએ કરી છે. હાલમાં સાદિક અને શયદા એ બે મુસલમાનભાઈઓએ આરંભેલા કાર્યમાં બે ઘડી મોજ સાથે એક ઘડી ગંભીર વિચારની પણ ઉમેરાશે તો ગૂજરાતને સારી સેવા થશે એમ લાગે છે, કારણ કે ભૂલવું ન જોઈએ કે આપણી મીઠામાં મીઠી મોજ એ જ છે કે જેમાં એકાદ ક્ષણ પણ ચિન્તનની હોય.

સ્ત્રીલેખકો એ આ યુગનું વિશિષ્ટ લક્ષણ છે. વિદ્યાબહેન અને સૌ. શારદાબહેનની ગંભીર અને ઉત્સાહી સેવા આ ત્રીજા ખંડના આરંભથી શરૂ થઈ ચૂકી છે. તેમાં એ જ માર્ગે સૌ. સરોજિની બહેને પણ જોસદાર લખાણથી ઉમેરો કર્યો છે. કવિ તરીકે સ્વ. સુમતિબહેને પહેલ કરી હતી તે પછી સ્વ. કનુબહેન ચૈતન્યબાળા અને સૌ. દીપકબાનાં નામ સુપ્રસિદ્ધ છે. સૌ. હંસાબહેને ત્રણ નાટક સારાં લખ્યાં છે. તે ઉપરાંત સૌ. જયમનબહેને પિતા અને માતામહના યશને શોભતી સાક્ષરજીવનની શરૂઆત કરી છે. સૌ. લીલાવતીએ લેખક તરીકે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને સંસ્કારી ભાવના સાથે વિચાર અને કલ્પનાની હિમતનો સંયોગ એમનાં રેખાચિત્રને સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન અપાવે છે. સૌ. લવંગિકા બહેને એમની ડિગ્રીના વિષયને શોભતી રીતે પાશ્ચાત્ય તત્વજ્ઞાનની સેવા આરંભી છે.

પણ આ યુગના સાહિત્યના નભોમંડળમાં 'ફ્લેશ લાઈટ' યાને ચમકતા તેજપટ પેઠે વિસ્તરી રહેનાર, અને પોતાના પ્રભાવથી અન્ય સર્વ જ્યોતિર્ગણને દાબી દેનાર વર્તમાન સાહિત્યજ્યોતિ તે કનૈયાલાલ મુનશી. એમની નવલકથાઓએ એની સત્યાતિક્રામી કલ્પનાથી એના વિશાળ ચિત્રપટથી, અને પ્રભાવશાલી પાત્રાલેખનથી, તેમજ વૃત્તાન્તના બાહુલ્યથી ગૂજરાતને ચકિત કરી નાંખ્યું છે. એમનાં નાટકો એમની નવલકથા જેટલાં આકર્ષક થયાં નથી. પરંતુ એમાં પણ એમની કલ્પનાનો અને ભાષાનો જુસ્સો ઊભરાય છે. નિર્માલ્યતા જેવું પાપ જેમ પ્રકૃતિમાં તેમ મુનશીના નીતિશાસ્ત્રમાં બીજું નથી. એમનામાં સંસ્કારી બલ્કે કાંઈ પણ સંયમ ભાગ્યે જ છે, અને જીવ-

નવો ઉલ્લાસ પુષ્કળ છે ભાષા જોડણી શબ્દશુદ્ધિ એ સહુને મુનશીએ, નાનાલાલે વૃત્તના ઝાંઝર તોડીને ફેંકી દીધા હતા તેટલા જ જુસ્સાથી, ફેંકી દીધા છે પણ અત્યારે તો જ્યારે નરસિંહરાવ નાનાલાલ ખબરદારના નીર કંઈક થંભ્યા લાગે છે તે વારે વહેતો પ્રવાહ મુનશીનો જ દેખાય છે પહેલા ત્રણ વિષે છેવટનો મત ઉચ્ચારવાનો કાળ પાકી ગયો છે, પણ મુનશીનું સાહિત્ય હજી યુવાવસ્થામાં હોઈ, એ ઉપર સમગ્રદૃષ્ટિનો મત બાંધવાને વાર છે અન્તમાં એક મહાપુરુષ—જેનું સઘળું અન્ય સહુથી અનેરું જ છે—એની નોંધ લેવી બાકી રહે છે ગાંધીજી કવિ નથી, વિદ્વાન નથી, ગ્રન્થકાર નથી, એક સાદા પત્રકાર છે પણ પત્રકાર તરીકે એમણે ગુજરાતી ભાષામાં સાદી સીધી અને સચોટ, છતાં તળપદી નહિ, કિંતુ આત્મસંસ્કારની સાદી શોભા ધરાવતી એવી, કોઈક અવર્ણનીય શૈલી દાખલ કરી છે, જે વિદ્વાન અને અવિદ્વાન સર્વને સરખી રીતે મુગ્ધ કરી મૂકે છે

અત્યારનો જમાનો

આ અવલોકન—જે આપને કંટાળો આપે એટલું લાંબું છે અને વ્યક્તિઓને અન્યાય કરે એટલું ટૂંકું—છે એનો હેતુ તે તે સાહિત્યકારની કૃતિઓને ઠીક કસોટીએ ચઢાવીને એનું મૂલ્ય આંકવાનો નથી હું જાણું છું કે આ આંકણી પર્યાપ્ત નથી, અને જેટલી છે તેટલીમાં પણ મતભેદને પુષ્કળ અવકાશ છે, મોટા લેખકોને નાનાની સાથે બેસાડ્યા છે, એકની પણ સઘળી કૃતિઓનો નિર્દેશ કરી શક્યો નથી, અને કોઈ સારા લેખકનું વિસ્મરણ થઈ ગયું હોય એ પણ સંભવિત છે અને ઉપરનું લખ્યા પછી એવા વિસ્મરણ કોઈ કોઈ સ્મૃતિગોચર થયા પણ છે—જેને, મારા બન્ધુઓ મારી ગફલતીનો અન્યથા અર્થ નહિ કરે એમ પૂર્ણ શ્રદ્ધા હોઈ, છાપખાનાને કંટાળો ન આપવાના હેતુથી મેં ઉપરના અવલોકનમાં તે તે સ્થાને ઉમેર્યાં નથી—જેવા કે, કેશવરામ હરિરામ, વિશ્વનાથ વૈદ્ય, છોટાલાલ 'મુનિ,' હરિલાલ ભટ્ટ, કેશવ હ શેઠ, 'સાહિત્યપ્રિય,' નવલરામ, મનહરરામ, ભગનરામ, કાનપ્રસાદ, વાડીલાલ, જેઠાલાલ, રમણિક મહેતા, ઠક્કર, ફૂલચંદ, વિશ્વનાથ, મણિલાલ દોશી, ચાંપશી, વર્મા સદાસુખભાઈ, મણિલાલ 'ચિ[illegible]રામ,' પર્ભુભાઈ, [illegible], [illegible], [illegible] વગેરે હું આ અવલોકનથી જે એક વાત જણાવવા માગું છું, તે હું આશા રાખું છું કે હું બતાવી શક્યો છું, તે એ કે ગઈ સદીના

લગભગ વીસપચીસ વર્ષના ત્રણ ખંડ પાડીએ તો પહેલો ખંડ બાલપાદપનો હતો, બીજા ખંડમાં વૃક્ષ ખૂબ ફૂલ્યુંફાલ્યું છે, અને ત્રીજા ખંડમાં કાંઈક સૂકવણો વાયુ વાઈ વાઈને અન્તે નવી કૂંપળો ડાળીઓ નીકળે છે, પણ તે બીજા ખંડની ઉન્નતિને પહોંચી નથી. એક વૃક્ષને બદલે વનનું રૂપક લઈએ તો પહેલા ખંડમાં ઉમદા વૃક્ષો હતાં, પણ તે બહુ પત્ર શાખા કે ફળના ભારથી લચેલાં નહિ; બીજા ખંડમાં વૃક્ષો વધારે ઊંચાં, અને વધારે વિસ્તીર્ણ, તેમ એનાં ફળ પણ મોટાં: ત્રીજા ખંડમાં ધ્યાન ખેંચે એવાં મોટાં વૃક્ષો થોડાં, પણ ઝાડી વધારે ગાઢી: એમાંથી ઉમદા ફળ આપે એવાં મોટાં વૃક્ષો આગળ જતાં કેટલાં નીકળે એ જોવાનું: છતાં સ્થિતિ, અવનતિની કોઈને પણ, નિરાશા ઉપજાવે એમ નથી. પ્રત્યક્ષ દેખાતી અવનતિમાં જ આગામી ઉન્નતિનાં બીજ રોપાતાં દેખાય છે. અત્યારે સાક્ષાતને બદલે આડકતરી રીતે, અને એકને બદલે અનેકને હાથે, સાહિત્યસેવા ચોતરફ ચાલી રહી છે. મેઘાણી અને રાયચુરા સૌરાષ્ટ્રની રસધાર ગૂજરાતીમાં રેલાવી રહ્યા છે; મુનિ જિનવિજયજી, મોહનલાલ દલીચંદ વગેરે જૈનભાઈઓ જૂની ગૂજરાતી અને અપભ્રંશ યુગના પડ ઉકેલવા મથી રહ્યા છે; હરિપ્રસાદ ડૉક્ટર, રવિશંકર રાવળ અને નાનાલાલ મહેતા કલાની કદર કરવા પ્રજાનાં નેત્ર ઉઘાડી રહ્યા છે; કાન્તિલાલ વગેરે વૈજ્ઞાનિકો વિજ્ઞાનમંડળ ઊભું કરી ગૂજરાતની સેવા કરવા તલપી રહ્યા છે; અને અન્ય નામોના મોટા લેખકો નવી ઢબની વાર્તાઓ, નવી ઢબનાં નાટકો, ગદ્યના નવા પ્રકારો ગૂજરાતને આપવા નીકળી પડ્યા છે. આપણી બહેનો પણ એમનો સંસાર અને ગૃહજીવન સુધારી રહ્યાં છે. સ્ત્રી-કેળવણી અને સ્ત્રીસ્વતન્ત્રતા વધતાં આવે છે અને ગૂજરાતના સામાજિક જીવનમાં પણ સ્ત્રીઓએ ભાગ લેવા માંડ્યો છે. કેળવણીના વિવિધ પ્રયોગો થાય છે, એના પાયા વિસ્તારવાની અને શિખર ઊંચાં કરવાની ઇચ્છા પ્રકટ થવા માંડી છે, અને આ જીવનના પ્રમાણ તરીકે આપણાં માસિકોમાં થયેલો અસાધારણ વધારો અને સુધારો છે આ સર્વ ચિહ્નો શુભસૂચક છે.

સાહિત્ય અને પ્રજા જીવનનો સંબન્ધ

પણ અહીં પ્રશ્ન થશે કે સાહિત્ય—ખરું અને ઊંચું સાહિત્ય એક બગીચાની રીતે કૃત્રિમતાથી ઉત્પન્ન કરી શકાય ખરું? જગતના મહાન સાહિત્યના ઇતિહાસ ઉપર દૃષ્ટિ નાખીએ છીએ તો જણાય છે કે

“ यमेवैष वृणुते तेन लम्यस्तमेव आत्मा विवृणुते तनू स्वाम् ”—એ અક્ષર પદાર્થ—જેને રાજશેખર ‘કાવ્યપુરુષ’ કહે છે—તે જ્યાં પ્રકટ થવા ઇચ્છે ત્યાં પ્રકટ થાય છે, એને કોઈ બાલાત્કારે પ્રકટાવી શકતું નથી આ ખરું છે, તથાપિ એના પ્રાકટ્યના કાંઈક નિયમો આપણે જાણી શકીએ છીએ, અને એના ઉપર આપણી આશાઓ બાંધી શકીએ છીએ તથા યોગ્ય વાતાવરણ રચી શકીએ છીએ. ઇતિહાસમાં એના દાખલા દેખાય છે કે જ્યારે દેશમાં બૂરામાં બૂરી સ્થિતિ ચાલતી હોય તેવે વખતે—પ્રતિકૂલ વાતાવરણમાં—પણ મહાન કવિ કે સાક્ષરનો અવતાર થાય છે પરંતુ વસ્તુતઃ જેમ કવિનો આત્મા કાવ્યરૂપ હોવો જોઈએ એ વચનથી યથાર્થતા સમજવા માટે આપણે કવિનું સ્થૂલ જીવન ભેદી એનું સૂક્ષ્મ યાને આન્તર જીવન જોવું પડે છે, તેમ સાહિત્યને પ્રતિકૂળ એવા વાતાવરણમાં પણ ધ્યાનમાં રાખવાનું છે ખરું જેતા ઉપરના પડની નીચે ગૂઢ શક્તિઓ કામ કરી રહી હોય છે, જે કવિ યાને સાક્ષરના આત્મામાં પ્રકટ થાય છે, અને સમય પાકતાં એ પરિસ્થિતિમાં પરિવર્તન કરે છે વૉલ્ટેર, રૂસો, ટૉલ્સ્ટૉય એ આ જાતના પરિવર્તક ક્રાન્તદર્શી આત્માઓ છે ઉચ્ચ સાહિત્યના ઉત્થાન માટે પ્રજાજીવન સુખી જ હોવું જોઈએ અથવા તો રાષ્ટ્રીય એકતા સિદ્ધ કરી ચૂક્યું હોવું જોઈએ એમ કાંઈ નથી. ડેન્ટી અને ગેટે જન્મ્યા તે સમયે ઇટાલિ અને જર્મનીનું રાષ્ટ્રીય જીવન અને સામાજિક દશા છિન્નભિન્ન હતાં પણ મનુષ્ય ભાવનાથી જીવે છે, સ્થૂલ દેહ કે બુદ્ધિથી જીવતો નથી એ કવિદૃષ્ટિનું સૂત્ર એમને પ્રત્યક્ષ થયું હતું એલિઝાબેથના સમયમાં ઇંગ્લંડની લોકસ્થિતિ કેવી હતી તે એક ઇતિહાસકારના નીચેના શબ્દોથી સમજાશે “At the first glance the political and moral situation in England does not present that aspect of civilisation which one would expect at the time of Shakespeare The population hardly amounts to five millions, and stagnates under conditions of revolving inequality fostered by the violence of the nobles, the profound demoralisation of the clergy and the idleness of the lower classes On the one hand there are the magnificent gardens and verdant lawns of the abbeys, of the majestic

castle walls of the bloodthirsty baron; on the other the miserable collection of huts which constitute the village. There are endless marshes and wide expanses of heath, which cover the greater part of the country. Neither industries nor commerce exist to ward off the menace of famine. The inhabitants of town and country are a prey to epidemics and the victims of extortion. Finally, ignorance among high and low was so great that the majority of the peers of the realm were unable to read and write." પરંતુ આ ઉપરથી સાહિત્ય અને પ્રજાજીવનની ઋતુઓ એક બીજાથી વિરુદ્ધ છે અથવા તો એમનો પરસ્પર સંબંધ નથી એમ માનવું બરાબર નથી. એ વચ્ચેનો કાર્ય કારણભાવ કેટલીક વાર પૂર્વાપરસંબન્ધે અને કેટલીક વાર સહચારસંબંધે હોય છે, પ્રજાજીવનના કેટલા અંશો આગલા જમાનામાંથી ઊતરી આવેલા તે જીર્ણ થતા જાય છે, અને નવું જીવન જે પૃથ્વી ફાડી બહાર નીકળવાનું તે હજી સ્થૂલ નેત્રે શકાતું નથી.

વસ્તુતઃ સામાન્ય રીતે, સાહિત્યના મહાન યુગો એ પ્રજાજીવનની વિશાલતા અને વિપુલતાના યુગો જોવામાં આવ્યા છે. ગ્રીક સાહિત્યનો પેરિક્લિસ યુગ યુદ્ધમાં જય અને દરિયાઈ વેપાર, સફળ સંસ્થાન આદિ ક્ષાત્ર અને વૈશ્ય જીવનના પ્રાકટ્યનો હતો. અને રોમન ઑગસ્ટન યાને વર્જિલ યુગ પણ રોમન સામ્રાજ્યના વિસ્તાર અને ઘટનાનો હતો. મધ્યયુગની યોગનિદ્રામાંથી યુરોપની જાગૃતિનો યુગ, અને એની અસર તળે જન્મેલો ઇંગ્લંડનો એલિઝાબેથ યુગ—એમાં મનુષ્યજીવન કેવું પ્રબળ પરાક્રમી અને પ્રભાવશાળી થવા લાગ્યું હતું એ સુપ્રસિદ્ધ છે. આ પ્રશ્નના વિચારમાં આપણા દેશના ઇતિહાસ ઉપર પણ દૃષ્ટિ ફેરવવી ઉપયોગી થશે. 'રામાયણ' અને 'મહાભારત 'એ પ્રજાજીવનના જ ઉદયાસ્તની કથા છે એ કોણ નથી જાણતું ? એક ક્રૌંચપક્ષીના વધથી વાલ્મીકિ મુનિના હૃદયમાં પ્રકટેલો કરુણરસ જ્યાં પ્રકટ્યો ત્યાં જ શમી જાત, અને પરિણામે બહુ તો એક કરુણરસનું ઉર્મિગીત જગતને મળ્યું હોત, પણ પ્રજાના અન્તરાત્મામાં જે આર્યતાની ભાવના વિરાજતી હતી તે જ વાલ્મીકિની પ્રતિભામાં પ્રકટ થઈ શબ્દબ્રહ્મરૂપે

પરિણમી મહાભારતકાલમાં આર્યપ્રજા જે આત્મઘાત કરી રહી હતી એનું કરુણ અને ભવ્ય ચિત્ર વ્યાસ મુનિએ દોર્યું છે, અને એ કરુણતાને, સામા પલ્લામાં પ્રાચીન આર્યજીવનની ભાવનાના કેટલાક આખ્યાનો, ઉપદેશો વગેરે મૂકીને, ઘેરી બનાવી છે એક દ્રષ્ટા ઋષિનું તો બીજું મનનશીલ મુનિનું કાવ્ય છે પણ ઉભય હિન્દની ઊગતી અને આથમતી રાષ્ટ્રીય એકતામાંથી જન્મેલાં કાવ્યો છે બૌદ્ધ કાળનું સાહિત્ય ખીલ્યું—વિસ્તર્યું તે સમયે હિન્દુસ્તાનની પ્રજા કેટલી, પરાક્રમી હતી તે અશોકના શિલાલેખથી અને મધ્ય એશિયા ગાંધાર, તિબેટ ચીન, જાવા, આદિ સ્થળે મળતા પુસ્તકો ચિત્રકામ બાંધકામ ઇત્યાદિથી સિદ્ધ થાય છે બૌદ્ધ ત્રિપિટકની સ્થાપના, 'જાતક'ની રચના, જૈનશાસનોનો સંગ્રહ, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, ભરતનું 'નાટ્યશાસ્ત્ર', વાત્સ્યાયનનું 'કામશાસ્ત્ર,' પતંજલિનું 'મહાભાષ્ય', અશ્વઘોષનાં કાવ્યો તથા નાટકો, ગુણાઢ્યની બૃહત્કથા, બૌદ્ધ મહાયાનનો પ્રાદુર્ભાવ, 'લલિતવિસ્તાર,' 'લંકાવતાર,' 'સદ્ધર્મપુંડરીક,' 'માધ્યમિક કારિકા,' બ્રાહ્મણ, 'ધર્મસૂત્ર' 'ગૃહ્યસૂત્ર' ન્યાયયોગાદિદર્શનસૂત્ર આદિ સર્વ સાહિત્ય એ યુગમાં પ્રકટ્યું છે ઈ સ બીજા સૈકા પછી દોઢસો વર્ષનો ઇતિહાસ અંધારામાં પડેલો છે પરંતુ એ સમય સાહિત્યની પાનખર ઋતુનો હોય તો નવાઈ નહિ એ પછી ગુપ્ત રાજાઓના સમયમાં ફરી બહાર (વસન્ત) આવ્યો એ સમય હિન્દના ઇતિહાસમાં ઈંગ્લેંડના એલિઝાબેથના યુગ કરતાં પણ વધારે તેજસ્વી છે બ્રાહ્મણ અને બૌધના સમત્વનો એ સમય, પુરાણ સ્મૃતિ આદિ ધર્મશાસ્ત્રોના પુનરુજ્જીવન અને પુનર્ઘટનાનો એ સમય, બૌદ્ધ મહાયાનના વિકાસનો એ સમય, કાવ્ય, કોષ, જ્યોતિષ, આદિ શાસ્ત્રોમાં કાલિદાસાદિ નવરત્નોના ઝણઝણાટનો એ સમય, ભામહાદિ આલંકારિકોનો એ સમય, વસુબન્ધુ, દિઙ્નાગ વગેરે, ન્યાયશાસ્ત્રાચાર્યોનો એ સમય, દર્શનસૂત્રોના અન્તિમ ગ્રન્થનનો એ સમય, દેવર્દ્ધિગણી, સિદ્ધસેન દિવાકર, આદિ જૈન શાસ્ત્રોના ઉદ્ધારક અને પ્રવર્તકનો એ સમય, આ સમયમાં ગુપ્ત રાજ્યની અને એના પ્રભાવની સીમા એક વખતે પશ્ચિમે કાઠિયાવાડના પશ્ચિમ કાંઠા સુધી અને ઉત્તર–પૂર્વમાં તિબેટ અને લગભગ ચીનની સરહદ સુધી પહોંચી હતી અને તેથી એનો વ્યવહાર પશ્ચિમે ઇશાનકોણમાં ચીન અને અગ્નિકોણમાં જાવા સુધી, ચાલતો હતો આ કારણથી હિન્દુસ્તાનના વિવિધ શાસ્ત્રો

ઉપર પરદેશી અસર થયેલી કહેવાય છે તેટલી બધી તો નથી જ થઈ તો પણ પરદેશ સાથેના વ્યવહારમાં હિંદુસ્તાનનો શુભ સામ્રાજ્યનો સમય એલિઝાબેથના સમયને મળતો હતો એમાં સંશય નથી. આટલો દેદીપ્યમાન યુગ હિન્દુસ્તાનમાં ફરી આવ્યો નથી. તોપણ યશોવર્મા અને હર્ષવર્ધનનાં રાજ્ય તેમજ ગુર્જર પ્રતિહાર રાષ્ટ્ર કૂટ પરમાર અને સોલંકી રાજ્યો પણ એમનાં રાજકીય પરાક્રમો માટે તેમજ સાહિત્યની પ્રફુલ્લતા માટે યશસ્વી થયાં છે. ભવભૂતિ, બાણ અને રાજશેખર, ઉદ્યોતકર, ધર્મકીર્તિ, કુમારિલ, શંકર અને વાચસ્પતિ, હેમાદ્રિ, સાયણ માધવ, સોમદેવ અને હેમચન્દ્ર એ સમયના નભો-મંડળના તેજસ્વી તારાઓ છે.

આપણી આશાનાં કારણ

આપણા વર્ત્તમાન યુગના સાહિત્યના ભવિષ્ય માટે મોટી આશાઓ પડે છે. કારણ કે જગતના સાહિત્યોત્થાનના મોટામાં મોટા યુગો સાથે એનું અનેક રીતે મળતાપણું છે. સાધારણ રીતે યુરોપની ૧૬થી ૧૬મી સદીની જાગૃતિનો યુગ અને એનાં લક્ષણો સહુને સારી રીતે જાણીતાં હોઈ એની સાથે આપણા અર્વાચીન સાહિત્યના જન્મકાળની સરખામણી કરીએ. યુરોપનો એ કાળ ધાર્મિક સુધારાનો કાળ હતો પણ એટલું જ હોત તો એ પછીનું યુરોપીય સાહિત્ય જેવું ઘણે ભાગે ધાર્મિક સાહિત્ય જ નીવડત. પણ વસ્તુતઃ, એ યુગમાં પ્રાચીન ગ્રીક અને લૅટિન સાહિત્યનો ઉદ્ધાર થયો. ઇતિહાસકાર કહે છે કે ઇટાલિની ભૂમિ ઉપર એક ચમત્કાર બન્યો. સૌન્દર્યની દેવી જે ઘણા સમયથી લોક ગુમાવી બેઠા હતા તે તેમને જડી. તેઓ જેને મરી ગઈ માનતા હતા તે માત્ર નિદ્રાવશ થઈ હતી. ૧૪૮૫ના એપ્રીલની ૧૮મી તારીખે વસન્ત ઋતુ બેસતી હતી તેવે એક દિને લૉમ્બર્ડીના મજૂર લોકો રોમમાં કાંઈ ખોદાણ કામ કરતા હતા. તેમાંથી એમને એક શ્વેત સંગેમરમરની કબર નજરે પડી. ઉપરનું આચ્છાદન દૂર કર્યું ત્યાં એક દેવી સૂતેલી દેખાઈ; જાણે જીવતી જ ! એઓએ એના ઉપર સુગન્ધી વનસ્પતિઓ ફેરવી. એટલામાં એ જાણે આંખ ઉઘાડતી હોય એમ એમને દેખાયું. એના ગાલ ગુલાબી, અને અધર ઉપર સ્મિત રમતું હતું. આ મધુર ચમત્કારથી જનતાનું હૃદય હાલ્યું, લોકોનાં ટોળેટોળાં ભરાયાં. દેવીને ભક્તિ-ભાવથી કૅપિટૉલ યાને રોમના ટાઉનહૉલમાં લઈ ગયા. ત્યાં આખું શહેર એને જોવા ઊલટ્યું અને એ દૈવી આકૃતિ જોઈ મુગ્ધ બન્યું.

પાદરીઓને ભય પેઠો રખેને લોકમા મિથ્યાત્વ અને પ્રતિમાપૂજા ઉત્પન્ન થાય. પોપે ગતોરાત એને ત્યાથી ઉપાડીને અન્યત્ર દાટી દેવાનો હુકમ કર્યો. પણ લોકોએ એ દેવીના દર્શન એક વખત કર્યાં તે કર્યાં જ. એક લેખક કહે છે તેમ, "She had a beauty of ancient time, through having simply gazed upon her the world began to blossom once more" આમ પ્રાચીન ગ્રીક અને લૅટિન સાહિત્યના ઉદ્ધાર અને સૌન્દર્યદેવીના પ્રાકટ્ય સાથે, શુષ્ક ધાર્મિકતાની બેડીઓ પણ તૂટવા લાગી, અને પ્રાચીન ગ્રીકરોમન સંસ્કૃતિનુ જે ખાસ લક્ષણ—ઐહિક જીવનમા રસ—તે ફરી ઉત્પન્ન થયો, અને પ્રબળ પરાક્રમને પથે ચડી આ સર્વના પ્રતિધ્વનિ ઇંગ્લંડ સુધી પહોચ્યા. પ્રાચીન સાહિત્યના અનુવાદો ઇટાલિયન અને ફ્રેંચ ભાષામા થયા અને ત્યાથી અંગ્રેજીમા ઉતર્યા. આપણા અર્વાચીન સાહિત્યના જન્મની પણ એ જ હકીકત છે. અહીં પણ ગયા શતકમા આપણી પ્રાચીન ભાષાને જે સ્થાન અપાયુ તથા પરદેશી (અંગ્રેજી) સાહિત્ય સાથે સંપર્ક શરૂ થયો, એમાથી ધાર્મિક સુધારો, નવી સ્વાતન્ત્ર્યની ભાવના, ઐહિક જીવનમા રસ અને એ રસથી તરબોળ એવુ નવીન સાહિત્ય ઉત્પન્ન થયુ. એ યુરોપના નવજીવનના યુગમા, અને વિશેષે કરી એલિઝાબેથના ઇંગ્લંડમા, પ્રજાજીવનમા જેમ અપૂર્વ વેગ પરાક્રમ અને સમુલ્લાસનો પ્રાદુર્ભાવ એ એના સાહિત્યનુ કારણ બન્યુ હતુ, તે જ પ્રમાણે આપણા અર્વાચીન સાહિત્યમા પણ બન્યુ છે. માત્ર આપણી નસોમા એ વેગ પરાક્રમ અને સમુલ્લાસનુ બળ જેટલુ ઓછુ, તેટલુ આપણુ સાહિત્ય પણ એલિઝાબેથના સમયના ઇંગ્લંડના સાહિત્ય કરતા ઊતરતુ છે. ઇંગ્લંડનો વહાણવટી નવી ભૂમિ શોધવા, લૂટવા, તાબે કરવા સમુદ્ર ખેડતો હતો, કષ્ટમા આનન્દ પામતો હતો, અને પોતે સ્વતંત્ર છે એ અદ્ભુત મસ્તાની લાગણીથી ભરેલો રહેતો. આપણે ત્યા આ સર્વ સ્થિતિ શરૂ થવા લાગી છે, પણ તે દુર્બળ અવસ્થામા છે, સિદ્ધ નહિ પણ સાધ્ય અવસ્થામા છે, ખરી વસ્તુસ્થિતિને બદલે ઘણે ભાગે આકાંક્ષામા છે, પણ જો કે તે ઉત્કર્ષના માર્ગે દોરી જનાર છે.

સાહિત્યપરિષદનુ કર્તવ્ય સાહિત્યને અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરવુ

પરિષદે વિચારવાનું સાહિત્ય તે વિશાળ અર્થમા 'સાહિત્ય'

સામાન્ય અર્થના સાહિત્યની ઇતર શાખાઓથી વિલક્ષણ એવું, વિશેષ અર્થમાં સાહિત્યનું સ્વરૂપ શબ્દની યોજનાથી આપણા પૂર્વજોએ બતાવ્યું છે. " शब्दार्थौ सहितौ काव्यम् " જેમાં શબ્દ અને અર્થ વિશિષ્ટ રૂપે એક બીજાની સાથે મળેલા હોય: " वागर्थाविव सम्पृक्तौ " શિવપાર્વતીવત્ જ્યાં અર્થ અને વાણી એક બીજાનાં અર્ધાંગ હોય એ કાવ્યસાહિત્ય. આ કાવ્યસાહિત્ય એ સાહિત્ય સામાન્યનો આત્મા છે. ભાષા, ઇતિહાસ, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન સઘળાં શાસ્ત્રનું પર્યવસાન કાવ્યમાં. કાવ્ય એ ક્રાન્તિદર્શીની દૃષ્ટિ; પછી એ ગદ્ય હો વા પદ્ય હો. પદ્યમાં અર્થસંગીત સાથે શબ્દસંગીતનો સહચાર, તેટલું પદ્ય ગદ્ય કરતાં કાવ્યને વિશેષ અન્તરંગ, અને ગદ્યમાં જેટલો શબ્દસંગીતનો અભાવ તેટલું તે કાવ્યને બહિરંગ. અન્ય શાસ્ત્ર અને વિદ્યાથી કાવ્યનો વ્યાવર્તક ધર્મ એ કે શાસ્ત્ર અને વિદ્યા મનુષ્યબુદ્ધિના અમુક અમુક ખંડને ઉજાળે, ત્યારે કાવ્ય અખંડ વસ્તુનું—વસ્તુના ઊંડા અન્તરમાં વિરાજતા દિવ્ય તત્ત્વનું—સાક્ષાત્ દર્શન કરાવે. પ્લેટોની ગુફાના ઉદાહરણથી સમજવા યત્ન કરીએ તો બહાર જતાં આવતાં મનુષ્યોના ગુફાની ભીંતે પડતા પડછાયા ઉપરથી અનુમાન કરવું તે શાસ્ત્ર અને વિદ્યા, અને ગુફાના મુખ સામે બેસી જનતાને સાક્ષાત્ નિહાળવી એ કવિધર્મ; અને સાક્ષાત્ દર્શન પણ અખંડ વસ્તુનું એના અમુક અમુક પાસાનું નહિં. બેશક, એ અખંડતાને કવિ તરફ વળેલું પાસું કહેવું હોય તો તે જુદી વાત. આમ કાવ્ય એ શાસ્ત્ર અને વિદ્યાથી ભિન્ન છે. છતાં સર્વનો વાસ મનુષ્યના આત્મામાં છે, અને તેથી એમની પરસ્પર અસર થયા વિના રહેતી નથી.

રાજશેખર કવિતાઓના ત્રણ ભેદ પાડે છેઃ સારસ્વત, આભ્યાસિક અને ઔપદેશિક. સારસ્વત કવિઓ તે કે જેઓ ઉપર સરસ્વતીનો અનુગ્રહ હોઈ, એમની કવિત્વશક્તિ 'સહજા' છે, અર્થાત્ પૂર્વજન્મમાંથી ઊતરી આવી છે, અને આ જન્મમાં માત્ર થોડોક જ સંસ્કાર મળતાં ખીલી ઊઠે છે. આભ્યાસિક કવિઓ તે કે જેની કવિત્વશક્તિ 'આહાર્યા' એટલે કે આ જન્મના અભ્યાસથી—અર્થાત્ સંસ્કારથી કેળવણીથી—પ્રાપ્ત કરવામાં આવી છે. અને ઔપદેશિક કવિઓ તે કે જેઓમાં સ્વભાવિક કવિત્વશક્તિ બિલકુલ નથી પણ જેઓ મહેનત કરી કરીને કાવ્ય રચતાં શીખ્યા છે. આ ત્રીજા વર્ગને તો આપણે લક્ષમાં જ નહિ

લઈએ પણ જગતના મહાન કવિઓ બધા સારસ્વત યાને કેવલ સરસ્વતીના પ્રસાદ થકી જ કવિ થએલા છે એમ નથી ઘણા મોટા મોટા નામો—મિલ્ટન, ટેનિસન, ભવભૂતિ, રાજશેખર, આદિ અસંખ્ય—આ જન્મમા પ્રાપ્ત કરેલી ઊંચી કેળવણીથી કવિ બન્યા છે અને આ જાતના કવિઓ માટે અનુકૂલ ભૂમિ રચવાનુ જનસમાજના હાથમા છે બીજા બે વર્ગમાથી પહેલા વર્ગના—'સારસ્વત'—કવિઓ આપણી ભૂમિમા નિપજાવવાની પ્રભુની ઇચ્છા હશે તો તે સાહિત્યપરિષદના કાર્યની વાટ નહિ જુવે ગૂર્જરાતમા સૃષ્ટિસૌન્દર્ય અને જનસ્વભાવનુ વૈવિધ્ય અર્થાત્ કવિતાની સામગ્રી થોડી નથી છતા વર્તમાન જમાનામા સર્વથા સ્વાભાવિક કવિત્વશક્તિ ધરાવનાર એવા સારસ્વત કવિઓ ઉત્પન્ન ન થાય તો તેમા આશ્ચર્ય નથી કારણ કે, સારસ્વત કવિઓનો જમાનો તો એક રીતે ક્યારનોએ વહી ગયો છે જેમ મનુષ્યજાતિનો સુધારો વ્યવસાયી અર્થાત્ જ્ઞાનગ્રાહી થયો છે, અને અત્યારે એના સઘળા પગલા અનુવ્યવસાયી ન્યાયમા જ ભરવામા આવે છે, તે જ પ્રમાણે વર્તમાન યુગમા વ્યવસાયી કવિની એટલે કે માત્ર કાવ્યસામગ્રીના સાન્નિધ્ય-થકી જ પ્રજ્વળી ઊઠનાર એવા હોમરની જાતના કવિની ઉત્પત્તિ થવાનો સંભવ થોડો છે, વર્તમાન કવિઓમા તો થોડી સ્વાભાવિક શક્તિ ઉપર આ જન્મના સંસ્કારો—એટલે કે જીવનનો અનુભવ અને વાચનની કેળવણી—એની છાપ પુષ્કળ પડે છે, અને એમાથી એમનુ કવિત્વ સ્ફુરે છે બેન્જૉટ 'પ્રાયમરી' અને 'સેકન્ડરી' અર્થાત્ સહજ અને આહાર્ય એવા કવિઓના બે વર્ગ પાડે છે તે આ રીતે જ, હોમર, શેક્સપિયર, આદિ પ્રથમ વર્ગમા આવે છે, વર્જિલ, મિલ્ટન, વગેરે દ્વિતીય વર્ગમા આવે છે પણ પ્રથમ વર્ગના સર્વ કવિઓ દ્વિતીય વર્ગના સર્વ કવિઓ કરતા ચઢિયાતા હોય એમ કાંઈ નિયમ નથી માત્ર આ બે વર્ગ એ કવિતાની ઉત્પત્તિનુ કારણ લક્ષમા લેતા પડતા બે પ્રકાર છે અને પહેલા વર્ગના એક કવિના કરતા બીજા વર્ગનો એક કવિ ચઢિયાતો હોય એ તદ્દન સંભવિત છે સ્પેન્સરને અંગ્રેજી કાવ્યસાહિત્યના ઇતિહાસમા "પોએટ્સ પોએટ"નો ઇલ્કાબ મળ્યો છે, અને અગણિત અંગ્રેજ કવિઓ ગ્રીક લૅટિન, ઇટાલિયન કવિઓમાંથી ઉત્પન્ન થયા છે એ કોણ નથી જાણતું? નવીનતાના મોહને વખાડી કવિસંપ્રદાયનો મહિમા વર્ણવતા ન્યુબૉલ્ટ એક ઠેકાણે કહે છે —

"To be in the tradition is not to be obsolete, either in civilization or in poetry; to be 'derivative' is not necessarily to be inferior, even in the aeroplane factory. The truth on the other side is that the human spirit grows not by singularity but by admiration and assimilation; that the deepest waters of human life come from no private well, but from an underlying pool, vast and immemorial, and that poetry, as Shelley knew, is not an unrelated collection of separate inventions, but a vision of the eternal which all poets like the co-operating thoughts of one great mind, have built up since the beginning of the world." આ જાતનું કાવ્યવાતાવરણ સાહિત્યપરિષદ રચી શકે છે. આ માટે ઊંચી જાતના વિવેચનશાસ્ત્રની જરૂર છે—જે સામાન્ય વાચકમાં ઊંચી વિવેચનદૃષ્ટિ ઉત્પન્ન કરે એટલું જ નહિ, પણ જેને આધારે શાળામાંથી બાળકોને શિક્ષણશાસ્ત્રની ભાષામાં જેને 'એપ્રિસીએશન લેસન' કહે છે તેવા પાઠ દ્વારા કવિતાના સૌન્દર્યનો ઉપભોગ કરતાં શીખવી શકાય. વામનમાંથી સૂચના લઈ રાજશેખરે 'ભાવક' યાને સહૃદયના પ્રથમ બે વર્ગ પાડ્યા છે; અરોચકી અને સતૃણાભ્યવહારી. એટલે એક તો એવા કે જેમને કશું રુચે જ નહિ, અને બીજા એવા કે જે ઘાસ સુદ્ધાંત ગમે તે ખાઈ જાય. આ બંને અવિવેચક છે. તેમાં ત્રીજો વર્ગ એક 'મત્સરી' એટલે કે અદેખા અને સામાના દોષ જોયા કરે એવાનો ઉમેરે છે, અને ચોથો વર્ગ 'તત્ત્વાભિનિવેશી' એટલે ખરા તત્ત્વ ઉપર ચિત્ત લગાડનારનો જણાવે છે. આ છેલ્લો વર્ગ જ સાહિત્યને ઉપકારક થઈ પડે છે. હજુ સુધી ગૂજરાતીમાં કાવ્યકલાની તત્ત્વાભિનિવેશી મીમાંસા બહુ થોડી જ થઈ છે. પ્લેટો ઍરિસ્ટૉટલથી માંડીને ક્રિવલર કૂચ, સેઈન્ટ્સબરિ, ગૅાસ, ન્યૂઓલ્ટ, અને સ્કાયર સુધી, સૂર્યથી માંડી નાનાના દીવા સુધી, કાવ્ય અને એના વિવિધ ભેદનાં તત્ત્વ ઉપર પ્રકાશ નાખનાર જ્યોતિઓ અસંખ્ય થયા છે, અને જેમ જેમ કાવ્યનાં નવાં નવાં રૂપ પ્રકટ થયાં છે તેમ તેમ એ તત્ત્વોના વિવેચનમાં તેમજ એના પ્રયોગના વિચારમાં

ઘણું કામ થયું છે આપણે ત્યાં પણ પ્રાચીન આલંકારિકોએ કેટલું બધું કર્યું છે એનું જ્ઞાન સામાન્ય પ્રજાને બલ્કે સુશિક્ષિત જનોમાં પણ થોડું છે આ ખોટ પૂરી પાડવા સાહિત્ય પરિષદ બહુ સારો પ્રબન્ધ રચી વા રચાવી શકે છે આવી સારાસારગ્રાહી ઉચ્ચ વિવેચનની નિઘાને અભાવે—કાવ્યક્ષેત્રમાં પુષ્કળ ઘાસ ઊગે છે, અને બિચારા ઘાસને હું ઘાસ છું એટલું ભાન થવું પણ અશક્ય રહે છે રાજશેખર કવિઓનું તારતમ્ય બતાવતાં નોંધે છે કે—

> "एकस्य तिष्ठति कवेर्गृह एव काव्य
> मन्यस्य गच्छति सुहृद्भवनानि यावत् ।
> न्यस्याविदग्धवदनेषु पदानि शाश्वत्
> कस्यापि सचरति विश्वकुतूहलीव ॥"

—કોઈ કવિનું કાવ્ય તો એના ઘરમાં જ રહે છે, બીજાનું મિત્રોના ઘર સુધી પહોંચે છે, કોઈકનું જ એવું હોય છે કે જે અવિદગ્ધજનના મુખ ઉપર પગ મકીને—એમના વચનની દરકાર કર્યા વગર—જાણે વિશ્વ જોવાના કુતૂહલથી બહાર નીકળી પડે છે આવા ગૃહકવિઓની અને મિત્રકવિઓની ઉપેક્ષા કરી, બહુ તો એમને સહી લઈ, વિશ્વકવિઓના ગુણ પારખી, એનો આસ્વાદ લઈ જાણવો એ ખરા વિવેચનનું કામ છે એ કાવ્યને અંગે, આપણા ગુર્જર કવિઓ અને કાવ્યો ઉપર આપણે અવિશેષ આદર ધરાવીએ એ સ્વાભાવિક છે અને કેટલેક દરજ્જે ઠીક પણ છે, પણ ઘરદીવડાના પ્રેમથી મુગ્ધ બની આપણી રસવૃત્તિને સાંકડી કરી રાખીએ તો તેથી આપણી વિવેચનાને હાનિ થાય છે એટલું જ નહિ પણ કવિઓના આત્માને પણ જોઈતું પોષણ મળતું નથી ખરું છે કે કવિ અને ભાવક (સહૃદય વિવેચક) એક હોતા નથી. एक सूत कनकमुपल्स्त परीक्षा क्षमोऽन्य —સુવર્ણ એક જાતના પથ્થરમાંથી પેદા થાય છે અને એની કસોટી કરનાર પથ્થર જુદો હોય, તથાપિ કવિ ત્યાં સુધી પોતાના કાવ્યનો વિવેચક ન થાય અને વિવેચક કવિનું હૃદય અનુભવતા પૂરતો કવિ ન થાય ત્યાં સુધી કાવ્ય આત્મતુષ્ટિ પ્રાપ્ત ન કરે, અને વિવેચન સમભાવી ન બને આપણાં કાવ્યો આપણી ભૂમિમાં જ પાકવાં જોઈએ, અને આપણાં વિવેચન પણ ત્યાંની દૃષ્ટિએ થવાં જોઈએ એ દૃષ્ટિબિન્દુ સ્વાભાવિક છે તથાપિ મનુષ્ય આત્માના સર્વ [illegible]

અદ્‌ભુત સમન્વય હોય છે—મનુજ પોતાની ભૂમિનો વતની છે તે સાથે મનુજ હોઈ સમસ્ત બ્રહ્માંડનો વાસી છે, અને તેથી એને પોતાનું વૈશિષ્ટ્ય કેળવવાનું છે તે સાથે એના વિશેષપણમાં સ્વ અને પર ઉભય તત્ત્વો રહેલાં છે એ ભૂલવાનું નથી. જગતનાં સર્વ મહાન સાહિત્યો એ રીતે જ ઉદ્‌ભવેલાં છે. કોઈ પણ પ્રજા જે પરદેશી સાથે આત્માની આપ લે કરવા તૈયાર નથી તે પોતાના આત્માને કદી ખીલવી શકતી નથી. જેમ પરદેશી રસ ચૂસ્યા કરનાર પોતાના આત્માને ખુવે છે, તેમ એ રસથી વિમુખ રહેનાર પોતાના આત્માને ગૂંગળાવે છે. વર્તમાન સમય સંક્રાન્તિનો હોઈ સ્વ અને પરનાં ઉભય તત્ત્વ યોગ્ય માપમાં રહેવાં કઠણ છે. અત્યારે પશ્ચિમની નવલ-કથાઓનું, ટૂંકી વાર્તાઓનું અને નાટકનું અનુકરણ પુષ્કળ થવા લાગ્યું છે, પણ ધીમે ધીમે એમાંથી ઊભરો નીકળી જઈ માત્ર સાર જ રહેશે અને આપણા સાહિત્યના વિશિષ્ટ આત્મામાં ભળી શકે એટલું જ પરદેશી તત્ત્વ છેવટે રહી જશે. તેથી આપણા સાહિત્યે ધારણ કરેલા વર્તમાન વલણથી આપણે ક્ષોભ પામવા કારણ નથી, જો કે કાંઈક ચેતતા રહેવાની અને સ્વદેશાભિમાનને જાગતું રાખવાની તો જરૂર છે જ. પશ્ચિમના જે રસસ્વરૂપને આપણા સાહિત્યમાં સત્કાર આપવો ઇષ્ટ છે તે એ રસસ્વરૂપને કે જે એના મહાન સાહિત્યમાં મૂર્તિમન્ત થએલું છે. છેલ્લી આગબોટમાંથી ઊતરેલાં નૉવેલો વા માસિકોની વાર્તાઓ એ યુરોપનું મહાન સાહિત્ય નથી; એનું ચર્વણ એ તો ઘણી-વારનું ચર્વણ કરવા સમાન હોય છે. એના મોટા ઇક્ષુદંડ વર્તમાન સમયમાં પણ 'ડાય્નેસ્ટ્સ' કે 'સેંય્ન્ટજોન' જેવી કૃતિઓ જ ગણાય છે, અને વસ્તુતઃ એનાં અમરફળ તો એ કરતાં પણ જુદાં હોય છે. આ વિષયમાં ખરી વિવેકભરી રસવૃત્તિ ઉત્પન્ન કરવી એ નવીન વિવેચન-શાસ્ત્રનું, અને તે માટે યોગ્ય પ્રબન્ધ કરવો એ સાહિત્યપરિષદનું, કામ છે.

નાટક વિષે લખતાં ડ્રાયૂડને ત્રણ જાતના 'પબ્લીકસ' યાને ભોક્તા ગણાવ્યા છે. એક તો ખરા વિદગ્ધ અને સંસ્કારી, જેની સંખ્યા સહુથી ઓછી; બીજા 'વોર્મ યંગ મેન' ઉત્સાહી યુવકો, જેમનો કલાવિષયક ઉત્સાહ સાચો પણ કેટલીકવાર ઉપરછલ્લો અને ભ્રાન્ત: એમની સંખ્યા વધારે; અને ત્રીજા સામાન્ય લોક, જે સા-હિત્યની કૃતિમાંથી કેવળ આનન્દ જ માગે છે—એમની સંખ્યા બહુ

મોટી આમ વિદ્વદ્ભોગ્ય, યુવકભોગ્ય અને લોકભોગ્ય એમ સાહિત્યના ત્રણ વર્ગો પડે છે અહીં વિવેચનશાસ્ત્રીનો વિકટ પ્રશ્ન આવીને ઊભો રહે છે કે આમાંથી કયા વર્ગના પ્રેક્ષક કે વાચક માટે કવિએ કાવ્ય નાટક કે નવલકથાઓ રચવી? વર્તમાન સમયમાં આ ત્રીજા વર્ગ તરફ તાણી જનારા બે જબરા વહેણ છે, એક તો આ જમાનો 'ડેમોક્રેટીક' યાને લોકસામાન્યના મતની દરકાર કરનારો છે, બીજું, એ દ્વારે ધનની પ્રાપ્તિ હોઈ કવિને પણ એ માર્ગે જ સરવાનું મન થાય છે યુવકો એ ભવિષ્યની પ્રજા હોઈ, અને નવી રસભાવનાની ઉત્પત્તિનું સ્થાન હોઈ, એમની દૃષ્ટિમાં નવા તેજ પ્રકટ થતા હોય એ સ્વાભાવિક છે, પણ સાહિત્ય એ જીવનનું પરિપક્વ દર્શન હોય તો યુવકોની સાહિત્યભાવના કાચી હોવાનો પણ સંભવ છે જ ખરા વિદગ્ધ અને સંસ્કારી વિવેચકો જડ ન થઈ જાય તો એમની દૃષ્ટિ સહુથી ઉત્તમ છે, અને ખરા કવિને એમના જ મતની દરકાર હોવી જોઈએ પણ એઓ પણ ઊગતી ભાવનાને જોઈ ન શકે એવી ટૂંકી દૃષ્ટિવાળા અને જડ હૃદયના થઈ જવાનો સંભવ છે તેથી ઉત્તમ વિવેચકો પહેલા અને બીજા વર્ગના સમન્વય રૂપ છે પણ તેથી 'ડેમોક્રેટીક' સાહિત્ય અવગણનાયોગ્ય છે એમ કહેવાનું તાત્પર્ય નથી જગતનું પરમ મહાન સાહિત્ય 'રામાયણ' અને 'મહાભારત' પંચતન્ત્ર અને ઈસપની વાર્તા—એ લોકભોગ્ય નથી? એ લોકભોગ્ય છે તેવું જ વિદ્વદ્ભોગ્ય પણ છે પ્રાકૃતજન પણ મનુષ્ય જ છે અને તેથી મનુષ્યની બુદ્ધિ અને રસના શાશ્વત અંશોને એ સાહિત્ય સ્પર્શે છે એમાં એની મોટાઈ છે પણ પ્રાકૃતજનની પ્રાકૃતતાને પરિણામે એનામાં જે ભ્રાન્ત અને ઉપરછલી દૃષ્ટિ હોવાનો સંભવ છે, જે ક્રાન્તદૃષ્ટિગમ્ય ઊંડા તત્ત્વ જોવાની એનામાં અશક્તિ છે, તેને પણ પૂજવી એ 'ડેમોક્રસી' અને 'મોબ રૂલ' વચ્ચે ભેદ ન સમજવા જેવી ભૂલ છે

વિવેચનશાસ્ત્રમાં આપણે ઘણું કરવું બાકી છે સાપ્તાહિક કે માસિક પત્રમાં જે ગ્રન્થાવલોકન થાય છે તેમાં આ વિશાળ ક્ષેત્રની સીમા પણ ભાગ્યે જ ખેડાય છે વિવેચનશાસ્ત્રની રચનાને અંગે, કવિતા અને તે ઉપરથી સાહિત્યના તત્ત્વનું અન્વેષણ કરવું એ એનો એક પ્રકાર છે, સાહિત્યના વિવિધ પ્રકાર લઈ એના સ્વરૂપલક્ષણ બાંધવા એ બીજો પ્રકાર છે, અમુક કૃતિના ગુણની મર્યાદા અવલોકવી

એ ત્રીજો પ્રકાર છે; તેમ ગુણદોષનો વિચાર પડતો મૂકી માત્ર એનું સૂક્ષ્મ સ્વરૂપ ઊંડા ઊતરીને સમઝવા યત્ન કરવો એ ચોથો પ્રકાર છે; સર્વાનુભવરસિકથી ભિન્ન સ્વાનુભવરસિક વિવેચન—જેમાં વાચકના બોધ માટે નહિ પણ પોતાના જ ઉપભોગ માટે અમુક સાહિત્યકૃતિનું નિરીક્ષણ થાય છે અને, એ રીતે એક વિશિષ્ટ સાહિત્યનો પ્રકાર ઉત્પન્ન કરવામાં આવે છે, એ એનો પાંચમો પ્રકાર છે —ઇત્યાદિ અગણિત રૂપે વિવેચનકલા ખીલવવાની જરૂર છે. કારણ કે જેમ ઊંચું સાહિત્ય વિવેચનશાસ્ત્ર માટે નવું વસ્તુ ઉત્પન્ન કરે છે. તેમ ઊંચુ વિવેચન સાહિત્યને નવા માર્ગ સુઝાડે છે.

કાવ્યના અર્થમાં સાહિત્યની ઉત્પત્તિ માટે, અને એને અંગે ઊંચી વિવેચનશક્તિ કેળવવા માટે, આ પરિષદનું શું કર્તવ્ય છે એ આપણે જોયું. પરંતુ એ જાતના સાહિત્યને ખીલવા માટે બુદ્ધિ અને હૃદયના સંસ્કાર પણ ઊંચા કરવાની જરૂર છે. એ સંસ્કારની પોતાની કિંમત—સાહિત્ય સાથે એના સંબન્ધ વિના સ્વતંત્ર રૂપે પણ— થોડી નથી. પણ સાહિત્ય એ 'ફાઈનર બ્રેથ ઑફ ઑલ નોલેજ' જ્ઞાન માત્રનો વધારે સૂક્ષ્મ અને સુન્દર પ્રાણ છે, તો એ પ્રાણને વસવા માટે સ્થૂલ દેહ પણ જોઈએ. પંકજ પણ પંક વિના થતું નથી, તો કવિતાસાહિત્ય પણ બુદ્ધિ અને હૃદયને કેળવે એવાં શાસ્ત્રના ક્યારા વિના કેમ ઊગે? તે સારુ, બીજાં શાસ્ત્રની કેળવણી માટે પણ આ પરિષદે ભગીરથ પ્રયત્ન કરવાની જરૂર છે.

ઇતિહાસસંશોધન

આપણા ઇતિહાસવિભાગે વિચારવાના પ્રશ્નો ઘણા છેઃ પ્રથમ તો ગૂજરાતનો પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસ ધ્યાનમાં રાખી, એનું નિરૂપણ જે અત્યાર સુધી ગૂજરાતની વર્તમાન ચતુઃસીમાની દૃષ્ટિએ જ કરવામાં આવ્યું છે એમાં મૌલિક પરિવર્ત કરવો જોઈએ. ગૂજરાતનો પ્રાચીન ઇતિહાસ એટલે ઉત્તરમાં પંજાબ સુધીના પ્રદેશનો, અને દક્ષિણમાં દક્ષિણના ઉત્તર વિભાગના પ્રદેશનોઃ એ ઇતિહાસનાં ઘણાં બાકાં હજી હવે પૂરવાનાં છે. ઘણાં વર્ષો પૂર્વે આપણા ઇતિહાસનું શિક્ષણ મોગલ અને બ્રિટિશ અમલની જ દરકાર કરતું. તે પછી મહમદ ઘોરી અને મહમદ ગિઝની સુધી, અને તે પછી પ્રાચીન ઇતિહાસસંશોધનની કિંમત થતાં સિકંદરની સવારી સુધી, આપણે ભૂતકાળમાં ગયા. પરંતુ તે

પહેલાનો સમય કેવળ પૌરાણિક એટલે ઇતિહાસદૃષ્ટિયા અપ્રામાણિક એવી વાતોઓથી જ ભરેલો કોઈ ઇતિહાસના અભ્યાસના માટે નકામો છે એવી સમજણ ઘણો વખત ચાલી પરંતુ વધતી જતી શોધને પરિણામે સમજાયુ કે પુરાણમા કરેલી નોધ હિન્દુસ્તાન ઉપર આક્રમણ કરનાર પશ્ચિમની પ્રજાઓના ઇતિહાસકારોએ તથા અન્ય મુસાફરોએ જે નોધ કરી છે તેની સાથે અદ્‌ભુત રીતે મળતી આવે છે આથી પુરાણની પ્રમાણ તરીકે પ્રતિષ્ઠા વધી, અને પુરાણના મહાન અભ્યાસી પાર્જિટરે આ પ્રતિષ્ઠાનુ સારાસારવિવેચનપૂર્વક એટલુ બધુ ગૌરવ વધારી દીધુ કે વેદાદિક ગ્રન્થ કરતા પણ એનુ પ્રમાણ વધારે માન્યુ આટલે સુધી જવુ મધ્યસ્થ ઇતિહાસકાર માટે અશક્ય છે, પણ અન્ય પ્રમાણથી બાધિત ન હોય, અથવા અન્ય પ્રમાણને બાધિત કરે એટલુ સભવિત હોય તો પુરાણના કથનને ઇતિહાસરૂપે માનવાને અત્યારે સહુ ઇતિહાસકારો તૈયાર છે તે જ પ્રમાણે તે પછીના સમયમા આવતા કેવળ શિલાલેખ, સિક્કા અને તામ્રપટ્ટના જ પ્રામાણ્યને વળગી ન રહેતા ઇતિહાસ રચવામા બાધાબાધના સામાન્ય નિયમાનુસાર સાહિત્યનો ઉપયોગ કરવો પણ ઉચિત છે, વળી વિશેષ, સાહિત્ય જ્યારે તારીખો નક્કી કરવામા ઉપયોગી નથી થતુ, ત્યારે પણ પ્રજાના વાસ્તવિક કે ભાવનાત્મક જીવનની ઝાખી કરવા માટે બહુ કામનુ થઈ પડે છે પરંતુ આપણા ઇતિહાસના પ્રકાશનુ એક મોટુ સાધન હજી હવે જ આકાશક્ષિતિજ ઉપર ઊગતુ દેખાય છે સિંધ અને પંજાબની સરહદો ઉપર અને હરપ્પાના ખોદાણકામથી ‘ ઋગ્વેદ ’ના બ્રાકે તેથી પણ પૂર્વના મનાતા કાળ ઉપર પ્રકાશના કિરણો ફૂટયા છે પણ હજી એ માત્ર કિરણો જ છે, એટલામા તો ઇન્ડિયન આર્કિઓલોજીના ડિરેક્ટર સર જૉનમાર્શલ લખે છે કે

“ The opinion has lately been gaining ground that the cradle of Sumerian and Egyptian civi lisation is to be sought somewhere east of Mesopotamia If indeed, such a cradle ever existed, it is as likely as not to have been in the vast richly watered plains of Northen India Migrations there undoubtedly were—and those on a large scale, and nothing is more probable than that

the teeming populations of Northern India expanded westward through Seistan across the Iranian plateau and northward to "the plains of Transcaspia." આ અનુમાન જે અત્યાર સુધી ચાલતી આવેલા પાશ્ચાત્ય ઇતિહાસકાર અને પુરાતત્ત્વવિદની માન્યતાથી તદ્દન વિપરીત છે એ પુરાણની હકીકત સાથે મળે છે, અને પરિણામે હિન્દુસ્તાન ઉપર આક્રમણ કરનાર અને એની વસ્તીમાં ભળી જનારે 'ફોરેયૂન ટ્રાયૂબ્ઝ' યાને પરદેશી જાતિઓ સંબન્ધી આપણા અર્વાચીન વિદ્વાનોના લેખો જુદી દષ્ટિથી તપાસવા પડશે એમ સૂચવે છે. કાઠિયાવાડની ઐતિહાસિક-રત્નગર્ભા વસુન્ધરા હજી ખોદવી તદ્દન બાકી છે. સૌરાષ્ટ્ર, દ્વારકા અને વલભીપુરનાં ઇતિહાસનાં કેટલાંએ પડ એ ભૂમિમાં દટાયેલાં કોઈ વાર બહાર નીકળશે એ કહેવાતું નથી, અને એ નીકળશે ત્યારે આપણા અત્યાર સુધી માનેલા ઇતિહાસને ટેકો આપશે કે ઉથલાવશે એ વિષે અત્યારે કાંઈ પણ પ્રામાણિક કલ્પના થઈ શકતી નથી. પણ એ શોધ ઇતિહાસના યથાર્થ જ્ઞાન માટે અત્યન્ત આવશ્યક છે એટલું તો નક્કી જ છે. બીજું આપણા ઇતિહાસના રાજવંશો અને એમની તારીખો આપણે ચોક્કસ રીતે જાણી શક્યા છીએ તેમાં પણ હજી લોકસ્થિતિ વિષે ઘણુ જ્ઞાન ઉમેરવું બાકી છે. સાહિત્ય એ આ જાતના કાર્ય માટે એક મોટું સાધન હોય છે, પણ દુર્ભાગ્યે, આપણા તે કાળના ઘણાખરા કવિઓએ એમના સાહિત્યને ધર્મ સિવાય કોઈ પણ રસથી ભીંજાવા દીધું નથી. આથી લોકસ્થિતિ જાણવાના વિષયમાં આપણને ઘણી મુશ્કેલી પડે છે.

રત્નમણિરાવે મુસલમાન સમયના ગૂજરાતના ઇતિહાસનો અભ્યાસ પ્રકટ કરવા માંડ્યો છે, તથા એને અંગે માત્ર સામાન્ય નિરુપણથી સંતોષ ન માનતાં વિગતવાર માહિતી એકઠી કરવા માંડી છે. એ પદ્ધતિએ ઘણુ કામ કરવા જેવું છે. રાયચુરા અને મેઘાણી કાઠિયાવાડની જૂની વાર્તાઓ રાસ વગેરે સાહિત્ય એકઠું કરે છે એનું મૂલ્ય ઐતિહાસિક દષ્ટિએ ઘણું ન હોય પણ સમયનું ચિત્ર દોરવામાં તો ઘણું જ કામનું છે. વળી એક સંસ્કૃત અલંકારશાસ્ત્રી લખે છે તેમ સર્વ શાસ્ત્રો કાવ્યમુખપ્રેક્ષી છે—અર્થાત્ કાવ્યનું જ મુખ નિહાળતાં—કાવ્યનાં સેવક—છે અને તે પ્રમાણે ઇતિહાસ પણ કાવ્યરૂપ થયા વિના એનું તત્ત્વ પૂરેપૂરું પ્રકટ કરી શકતો નથી. કવિપ્રતિભા વિનાનો

ઇતિહાસ એ જીવત માંસ અને રુધિર વિનાનું માત્ર કાલનું મૃત હાડપિંજર છે તે આપણો ઇતિહાસ ખરી રીતે જાણવા માટે આપણે નન્દશંકર તુળજાશંકર અને કનૈયાલાલ મુનશીની અપેક્ષા રાખીએ છીએ કલા ખાતર સત્યનો ભોગ આપવાની જરૂર હોય તો ગૂજરાતના ઇતિહાસ ખાતર કલાનો ભોગ આપવા પણ ભાઈ મુનશીને આપણે વિનતિ કરીશું આપણે એમને કહીશું કે સત્ય અને કલા—ઇતિહાસ અને કલા ઉભયનો સુન્દર સમન્વય કરી શકે એવું એમનામાં સામર્થ્ય છે, એકનો ભોગ આપવો પડે એવા એ કલામાં અનિપુણ કે ઇતિહાસમાં યથાર્થની કિંમત ન સમઝી શકે એવા પ્રાકૃત નથી છતાં ભોગ આપવો પડે એટલા એ અશક્ત હોય તો કલાનો ભોગ આપે ઇતિહાસનો નહિ, કારણ કે કલાના ક્ષેત્ર ઘણાં છે, ઇતિહાસનું એક છે

વળી, એક પ્રશ્ન ઇતિહાસ અને ભાષાશાસ્ત્રની સીમા ઉપર આવેલો અને તેથી ઉભય વિદ્યાના વિદ્વાનોએ વિચારવાનો એ છે કે આપણા પ્રાન્તના નામની વ્યુત્પત્તિ શી? 'બોમ્બે ગેઝેટીયરે' સ ગુર્જરરાષ્ટ્ર, પ્રા ગુર્જરરટ્ઠ ઉપરથી ગુજરાત શબ્દની વ્યુત્પત્તિ માની હતી પરંતુ 'ગુર્જરરટ્ઠ' ઉપરથી 'ગુજરાડ' કે 'ગૂજરાટ' થાય, 'ગૂજરાત' ન થાય એ શબ્દો કોઈ પણ લેખમાં મળતા નથી અને ગૂર્જરરાષ્ટ્ર ઉપરથી ગૂજરાત કાઢવું એ વ્યુત્પત્તિશાસ્ત્રના નિયમથી વિરુદ્ધ છે તેથી પછીના વિદ્વાનોએ गुर्जरत्रा શબ્દ જે ડેડવાણકના તથા મંગલાનકના લેખમાં મળે છે તે ઉપરથી વ્યુત્પત્તિ-શાસ્ત્રાનુસાર એ શબ્દ ઉપજાવ્યો છે વ્યુત્પત્તિશાસ્ત્રને અવગણી શકાતું નથી એ ખરું પણ તે સામે થોડાક વિચાર પણ આવ્યા વિના રહેતા નથી એક તો 'ત્રા'નો આવો પ્રયોગ, સર્વનામને त्र (अत्र, तत्र, सर्वत्र, अन्यत्र) લાગે છે તે સિવાય, કોઈ દેશવાચક શબ્દમાં થયો જાણ્યો નથી તે સાથે સુરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, રાષ્ટ્ર એ નામ એક બીજાની પાસે આવેલા ત્રણ દેશવિભાગના વાચક છે તેથી પાસેનો એક વિભાગ 'ગુર્જરરાષ્ટ્ર' કહેવાયો હોય તો આશ્ચર્ય છે! વ્યુત્પત્તિશાસ્ત્રનો બાધા વજનદાર છે, પણ અશોકના धमयुतस न यागर्वघोज गधारान रिस्टिक पेतणिकान य वापि अमे अपराता (ગિરનાર), धमयुतस्य योनकंबोजगंधालेसु लठिकपितनिकेसु ए वा पि अंते अपलंता (ધૌલી), ध्रमयुतस योनकंबोयगधरन रठिकन पितिनिकन

ये वपि अपरंत (શહબાઝગઢી), ग्रमयुतस योनकवोजगंधरनं रठ्रकपिति-निकन ये व पि अञे अपरत (માનસેરા) એમ ચાર જુદાં જુદાં સ્થળના લેખમાં पतेणिक, पितेनिक, पितिनिक શબ્દ છે તેનો મૂળ સંસ્કૃત શબ્દ દેવદત્ત ભાંડારકર સિવાય સર્વ વિદ્વાનોએ प्रतिष्ठानिक માન્યો છે, ત્યાં પૂર્વોક્ત વ્યુત્પત્તિશાસ્ત્રનો નિયમ કે ष्ट નો ट થાય 'ત' ન થાય એ વાંધો ગણ્યો નથી. દેવદત્ત ભાંડારકરે વ્યુત્પત્તિ-શાસ્ત્રને ત્યાં પણ માન આપીને पितनिक શબ્દનો જુદો જ અર્થ કર્યો છે. અંગુત્તર નિકાયમાં रठ्ठिकस्स पेत्तनिकस्य અને रठ्ठिको पेत्तनिको એમ એ શબ્દયુગલ બે વાર આવે છે ત્યાં એનો સહચાર गामगामि· कस्य पूगगामणिकस्स गामगामिको पूगगामणिको ઇત્યાદિ રાજ્યના અધિકારી વાચક શબ્દો સાથે થયો છે, અને ત્યાં પિતાથી પ્રાપ્ત અધિકાર ભોગવતો રાષ્ટ્રિક કહેવાતો રાજ્યાધિકારી એવો અર્થ ટીકાકારે કર્યો છે. એટલે અશોકના શિલાલેખમાં પણ रिस्टिक पेते-णिकनो એ જ અર્થ થવો ઘટે છે. અર્થાત્ पेतणिक એ प्रतिष्ठानिक= પેઠણનું એમ નહિ. પરંતુ દેવદત્ત ભાંડારકરના આ पेतनिक=पैतृक સામે એક વિદ્વાન તરફથી વ્યુત્પત્તિશાસ્ત્રનો બીજો વાંધો લેવામાં આવ્યો છે કે तृ નું त्त કેમ થાય ? પણ तृ નો त्रु ઉચ્ચાર થવાથી त्त થાય એ સંભવિત હોઈ એ વાંધામાં માલ દેખાતો નથી. તથાપિ એક વિકટ સ્થિતિ એ આવીને રહી છે કે અંગુત્તર નિકાયમાં रट्ठिकपेतनिक-નો સહચારી શબ્દ જોતાં અમુક રાજ્યાધિકારી એવો અર્થ બંધ બેસે છે, ત્યારે અશોકના લેખમાં સ્પષ્ટ 'યવન—કમ્બોજ—ગાંધાર—રાષ્ટ્રિક—પેતેણિક (પિતિનક) અને બીજા અપરાન્ત (સામ્રાજ્યના સામા છેડાના વા પશ્ચિમ સમુદ્રકાંઠાના) દેશ ' એમ દેશ તરીકે 'રાષ્ટ્રિક પેતેણિક'ની ગણના કરી છે. બંને પક્ષનું સમાધાન એ રીતે થઈ શકે કે અમુક રાજ્યાધિકારીઓ મૂળ ધણીથી સ્વતન્ત્ર થઈ રાજ્ય વસાવે ત્યારે પણ મૂળ રાજ્યાધિકારીવાચક નામથી ઓળખાયાં કરે, અને એ રીતે રાજ્યાધિકારીવાચક શબ્દ લોકવાચક અને દેશવાચક થઈ જાય. આ રીતે रठ्ठिक पेतनिक શબ્દની ગતિ થઈ હોય. ગમે તેમ હોય પણ पेतनिक શબ્દનો प्रतिष्ठान શબ્દ સાથે સંબન્ધ સર્વમાન્ય ન રહ્યો એટલે અશોકના લેખના ઉદાહરણથી गुर्जरराष्ट्र ઉપરથી ગૂર્જરાત શબ્દ અવતારવાનો આપણો યત્ન સફળ થતો નથી—જો કે ઉપર કહ્યું તેમ દેવદત્ત ભાંડારકર સિવાય સહુ વિદ્વાનોએ અશોકના

લેખમાએ વ્યુત્પત્તિની મુશ્કેલી અવગણી છે હજી 'રાષ્ટ્ર' ઉપરથી 'રાત' ઉપજાવવાનો એક મન્દ યત્ન સંભવે છે અને તે એ કે—મૂર્ધન્ય ણનો દન્ત્ય ન થાય છે અને ષ નો સ થાય છે, તેમ—અહીં મૂર્ધન્ય ટ નો—દન્ત્ય ત કેમ ન થાય? વળી પ્રકૃતસ્થળમાં ટ પણ મૂળ ત (राज्+त्र=राष्ट्र) જ હતો એટલી મુશ્કેલી ઓછી છે વળી ભરતે કહ્યું છે કે चर्मण्वतीनदीपारे ये चार्बुदसमाश्रिता । तकारबहुला नित्य तेषु भाषा प्रयोजयेत्—અર્થાત્ ચંબલ નદીની પારના અને આબુના વાસીઓ ત વધારે બોલે છે એ વાક્ય પણ કાંઈ પ્રકૃત પ્રશ્ન ઉપર પ્રકાશ ન નાખે? આ વિચારપરંપરાનું બીજ ગુર્જરત્રા શબ્દની વિચિત્રતા, અને દેશવાચક રાષ્ટ્ર શબ્દની સ્વાભાવિકતા એ છે, વ્યુત્પત્તિશાસ્ત્રની મુશ્કેલીનું વિસ્મરણ નથી વળી એક બીજી સૂચના પણ કરવાની સૂઝે છે ગૂજરાત = ગુર્જરરાષ્ટ્ર હોય તો તે=ગુર્જરોનું રાષ્ટ્ર એમ જ શા માટે હોવું જોઈએ? ગુર્જર (ઉત્તર ગૂજરાત) અને રાષ્ટ્ર જે લાટ (દક્ષિણ ગૂજરાત) નામે પ્રસિદ્ધ છે તે મળીને થએલો દેશ અથવા ગુર્જરોનો લાટ, 'દક્ષિણ લાટ'થી ભિન્ન 'ઉત્તર લાટ' એમ અર્થ પણ ન હોઈ શકે? 'લાટ' એ 'રાષ્ટ્ર' ઉપરથી થએલો શબ્દ છે અને ટૉલેમી, વાત્સ્યાયન, વગેરેને જાણીતો હોઈ, અશોકના લેખમાં लठिक નામનો જે એક 'અપરાન્ત' (સામ્રાજ્યમાં અપર નામ સામે અન્તે કે પશ્ચિમ છેડે આવેલા પ્રદેશ—દેશમાંનો એક) કહ્યો છે તે લાટ જ હોવાનો સંભવ છે લાટ-અન્તર્ગત ભરૂચ નગરમાં ગુર્જરોની એક શાખાએ રાજ્ય સ્થાપ્યું હતું, અને તે જ પ્રમાણે રાષ્ટ્રકૂટ અથવા રટ્ટ જાતિના રાજાઓ, જેઓ મૂળ ઉત્તરના હતા કે દક્ષિણના એ અનિશ્ચિત છે તથાપિ ઉત્તરના હોય એમ વિશેષ સંભવ છે, એમણે દક્ષિણમાં મોટું રાજ્ય સ્થાપ્યું હતું અને ગૂજરાતમાં આવેલા લાટ ઉપર પણ એમની સત્તા કોઈ કોઈ વાર પહોંચી હતી આપણો પ્રાન્ત ઉત્તર અને દક્ષિણ હિંદુસ્તાનના પશ્ચિમ ભાગના દક્ષિણઉત્તર પ્રદેશ મળીને બનેલો છે, અને તેમાં ત્રીજો ખંડ સૌરાષ્ટ્રનો ઉમેરતાં, એકતા અને અનેકતાની એક અદ્ભુત ત્રિમૂર્તિ—બ્રહ્મા વિષ્ણુ અને શિવ સમી અને કાંઈક એ મતે મળતી—આપણી દૃષ્ટિ આગળ ચીતરાઈ જાય છે

આ રાજકીય ઇતિહાસમાંથી ફલિત થતો ગૂજરાતનો જન-

સમાજના બંધારણનો અને એની ભાષાનો ઇતિહાસ પણ ઇતિહાસના ગવેષકોએ હજુ પુષ્કળ શોધવાનો છે. ગૂજરાત જેટલી જ્ઞાતિઓ હિન્દુસ્તાનનાં બીજા કોઈ ભાગમાં નથી, અને જ્ઞાતિવિભાગનાં જે કારણો બીજા ભાગમાં પ્રવર્તેલાં છે તે ઉપરાંત અહીં બહુ વિશેષ છે. એ સર્વ જ્ઞાતિઓના ઇતિહાસ અને રિવાજ સંબન્ધી ઘણી માહિતી ‘ બોમ્બે ગેઝેટિયર ’માં સંકલિત કરેલી છે, તથાપિ ઘણાં વર્ષો ઉપર થયેલા એ કાર્યને અત્યારે ફરી શોધવાવધારવાની જરૂર છે, તેમજ ગૂજરાતને એક અલગ પ્રાન્ત માનીને એની જ્ઞાતિઓનો ઇતિહાસ લખાયો છે તેને પણ ઉત્તર દક્ષિણ હિન્દુસ્તાનની જ્ઞાતિઓના ઇતિહાસ સાથે જોડીને ફરી રચવાની જરૂર છે.

ભાષા

ત્રીજું આપણી ભાષાનો ઇતિહાસ પણ હજી ઘણો વધારે શોધવાનો છે. સર જ્યૉર્જ ગ્રિયર્સન એમનાથી જે બન્યુ તે કરીને લખે છે—

“We have thus a connected chain of evidence as to the growth of the Gujarati language from the earliest times. We can trace the old Vedic language through Prakrit down to Apabhramsa and we can trace the development of Apabhramsa from the verses of Hemachandra, down to the language of a Parsi newspaper. No single step is wanting for nearly four thousand years.”

આ આપણી ગરવી ગૂજરાતની ગરવી ભાષાની વિશિષ્ટતા છે. અને તેથી જ એને માટે આપણુ કર્તવ્ય ઘણું છે. ગ્રિયર્સને તો ભાષાશાસ્ત્રીઓની શોધોના આધારે માત્ર થોડીક લીટીઓ જ દોરી છે. પરંતુ ટેસિટોરી અને નરસિંહરાવભાઈએ એમાં ઘણું વધારે કામ કર્યું છે. પણ તેઓએ કર્યું છે તે કરતાં હજી ઘણું ઘણું વધારે કરવું બાકી છે. અપભ્રંશ સાહિત્યના છૂટક અવશેષો કેટલાક સમયથી ઉપલબ્ધ હતા, પણ સળંગ કાવ્યો હજી હવે જ પ્રસિદ્ધ થવા લાગ્યાં છે, અને અપભ્રંશ એટલે એક સ્થિર અવિકારી ભાષા—જેનું વ્યાકરણ હેમચન્દ્રે ઘડી આપ્યુ છે—એમ મનાઈ રહ્યું છે, તેને બદલે હવે એનો એક

કૃત અને વિકારી ભાષા તરીકે અભ્યાસ થવો ઘટે છે, જેટલું અપભ્રંશ સાહિત્ય ઉપલબ્ધ છે એ પ્રમાણમા મૂકી આ અભ્યાસ શરૂ કરી દેવો જોઈએ અત્યાર ઉત્તર હિન્દુસ્થાન—રાજસ્થાન—થી માંડી દક્ષિણમા રાષ્ટ્રકૂટ રાજ્યના પ્રદેશ સુધીના ભાગમા જે અપભ્રંશ સાહિત્ય જડયુ છે તે રચનામા પણ મોટો અંશ જૈનોનો છે પણ હેમચન્દ્ર વગેરેએ ઉદ્ધરેલા ઉદાહરણો જોતા કેટલુંક સાહિત્ય જૈનેતર વર્ગે પણ રચાએલું હોય તો તે સંભવિત છે એ સઘળું સાહિત્ય શોધવાનો આપણે પ્રબળ પ્રયત્ન કરવો જોઈએ કારણ કે અપભ્રંશ સાહિત્ય મૂળ હિન્દુસ્થાનના ઉત્તર દક્ષિણ 'અપરાન્ત'નું છે, તથાપિ એના સૌથી વિશેષ ઉત્તરાધિકારીઓ આપણે ગૂર્જરાતી છીએ આ-પણા ગૂર્જરાતમા આવ્યાના ઇતિહાસ ઉપરથી આપણી ભાષાનો ઉદ્ભવ—પ્રાચીન આર્ય ભાષા, પછી સંસ્કૃત, પછી પાલી, પછી શૌરસેની પ્રાકૃત, પછી શૌરસેની અપભ્રંશ, અને તે ઉપરાંત ગુર્જરોની મૂળ ભાષા દરદિસ્તાની યા પૈશાચી આટલા તત્ત્વોમાથી થએલો મનાય છે હવે આ સઘળા તત્ત્વોને પૃથક્ કરી આપણી ભાષાના પ્રત્યેક શબ્દની ઉત્પત્તિ આપણા કોષમા આપણે બતાવવી જોઈએ તેમા પૈશાચીનું તત્ત્વ શોધવું કઠણ છે તથાપિ તે માટે યત્ન થવો જોઈએ અને અશિષ્ટ મનાતા એના ખૂણાખાચરાની બોલીના શબ્દો પણ એકઠા કરીને તપાસવા જોઈએ આ સઘળું કાર્ય અસાધારણ મહત્ત્વનું છે તેવું જ ખર્ચનું છે વળી વર્તમાન જમાનામા કોઈ પણ કોષ જ્યા સુધી સંસ્કૃત પ્રાકૃત અને અપભ્રંશ રૂપી મૂળ ઉપરાંત, હિન્દી મરાઠી અને બંગાળી સાથેના સમાનતાના અંશો નહિ દર્શાવે ત્યા સુધી એ અપૂર્ણ જ ગણાશે 'પોલીટીકલ ફેડરેશન'ની ભાવના સાથે 'લિંગ્વિસ્ટીક ફેડરેશન'ની ભાવનાને જોડવી જ પડશે

વિજ્ઞાન

હવે વિજ્ઞાનવિભાગના વિષયમા આપણે શું કરવાનું છે એ જોઈએ આ વિષયમા જે કાર્ય કરવાનું હોઈ શકે તેના બે પ્રકાર છે, એક નવી શોધ, અને બીજો લોકપ્રચાર નવી શોધની બાબતમા તો ગૂજરાતે આખા હિન્દને બલ્કે સમસ્ત પૃથ્વીના વિજ્ઞાનશાસ્ત્રીઓની સાથે રહીને કામ કરવાનું છે પણ જે નાનું કામ—છતા અતિ આવશ્યક કામ—સાહિત્ય પરિષદ પોતે ઉપાડી શકે એવું છે તે

વિજ્ઞાનના લોકપ્રચારનું છે. છેલ્લાં દશપંદર વર્ષમાં આપણા પ્રથમ અને મધ્યમ કક્ષાના શિક્ષણમાં વિજ્ઞાનશાસ્ત્રને આપણે સ્થાન આપ્યું છે, અને સારી નિશાળોમાં એ કામ થતું હશે એમ પણ આપણે માની લઈએ, તો પણ એની બહાર સામાન્ય લોકમાં વિજ્ઞાનનો પ્રચાર હજુ નહિ જેવો છે. અને એ પ્રચાર સારી પેઠે થાય તે માટે સાહિત્યપરિષદે ખરા અન્તઃકરણથી મોટી યોજના રચવાની આવશ્યકતા છે. મારા મિત્ર મિ. કોઈલીં—જે હમણાં થોડા વખત ઉપર બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં એન્જીનિયરિંગ કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ હતા અને હાલમાં પટણાની એન્જીનિયરિંગ કૉલેજના પ્રિન્સિપાલ થયા છે—એમણે 'કલકત્તા રિવ્યૂ'માં ઔદ્યોગિક કેળવણી ઉપર લેખ લખવા માંડ્યા છે, એમાં એક સ્થળે કહ્યું છે કે ઇંગ્લંડનો ઔદ્યોગિક વિકાસ ઔદ્યોગિક શાળાને નહિ પણ ઔદ્યોગિક કારખાનાંને આભારી છે. આ કહેવું ઇંગ્લંડ પરત્વે ખરું છે, પણ અન્ય પ્રાણી કરતાં મનુષ્યોમાં વિશેષ એ છે કે જે સ્વાભાવિક હોય એને પણ એ પ્રયત્નજન્ય કરી શકે છે. ઔદ્યોગિક કારખાનાંથી ઇંગ્લંડનો ઔદ્યોગિક વિકાસ થયો એ ખરી વાત, પણ એ કારખાનાંને સુધારવામાં ઔદ્યોગિક શાળાનું વિજ્ઞાન અત્યારે મોટો ભાગ લે છે: બલ્કે ઇંગ્લંડ પણ શાળા અને કારખાનાંને પરસ્પર જોડવામાં અન્ય દેશોથી —ઉદાહરણ તરીકે જર્મનીથી—પછાત છે તેટલી એની ઔદ્યોગિક સ્થિતિ પણ હાનિ સહન કરે છે. આપણા દેશમાં કારખાનાંના કામમાં શાળામાં મેળવેલી વૈજ્ઞાનિક કેળવણી બહુ ઉપયોગી થશે: બલ્કે, આપણા દેશની સ્થિતિ એવી છે કે જ્યાં સુધી વૈજ્ઞાનિક શિક્ષણથી આપણી હવાને ભરી દેવામાં નહિ આવે, ત્યાં સુધી આપણાં કારખાનાં પણ ગતાનુગતિક અને જમાનાથી પચાસ વર્ષ પછાત રહેવાનાં. તે માટે સાહિત્યપરિષદે વિજ્ઞાનને લોકપ્રિય કરવા સારું જે કાંઈ યત્ન થઈ શકે તે કરવા મચી પડવું જોઈએ. આરંભમાં વિજ્ઞાનનાં લોકપ્રિય ભાષણો અને પ્રયોગો ગૂજરાત અને કાઠિયાવાડનાં અમુક શહેરોમાં કરવા માટે ગોઠવણ કરી દેવી જોઈએ, અને એ કામમાં પ્રજાની સેવા કરવા ડૉ. કાન્તિલાલ, ડૉ. નાયક, પ્રોફેસર વીરમિત્ર ત્રીવેદિયા, રા. પોપટલાલ શાહ, રા. સાંકળચંદ શાહ, રા. પર્જન્યરાય મેઢ, અને રા. વિજયલાલ ધ્રુવ તૈયાર છે એમ હું જાણું છું. અન્ય પણ ઘણા ભાઈઓ સાહાય્ય કરશે.

તત્ત્વજ્ઞાન

ધર્મ અને તત્ત્વજ્ઞાનના વિષયમા આપણુ બે જાતનુ કર્તવ્ય છે એક તો આપણા ગૂર્જરાતી સાહિત્યમા મીરા અને નરસિંહ મહેતાથી માંડી આજ પર્યંત જે જે વિચાર આપણા સાહિત્યમા પ્રકટ થયા છે, એ તારવવાનુ, એનો ઇતિહાસ રચવાનુ, તથા એને હિન્દુસ્તાનમા અન્યત્ર પ્રકટ થએલા ધર્મ અને તત્ત્વવિચાર સાથે સકળવાનુ મોટુ કાર્ય છે પણ એટલેથી જ સતોષ પામવાનો નથી જેમ સાહિત્યમા જૂના સાહિત્યના પાનથી સતુષ્ટ થવાનુ નથી, પણ નવુ સાહિત્ય રચવાનુ છે, તે જ રીતે તત્ત્વજ્ઞાનમા પણ આપણે આગળ પ્રગતિ કરવાની છે આપણા પ્રાચીન પૂર્વજોએ જેમ ઇતિહાસ તેમ તત્ત્વજ્ઞાન સાહિત્ય સાથે ગૂથ્યુ હતુ પરતુ એ કાર્ય મહાન કવિઓ જ કરી શકે, આપણે તો, એ જ કાર્યની સામગ્રી તરીકે, તત્ત્વજ્ઞાનને એક સ્વતન્ત્ર શાખારૂપે કેળવી પોષી સગ્રહી રાખીએ તત્ત્વજ્ઞાન એ સસારને નિહાળવાની એક દૃષ્ટિ છે, અને તે જેમ જ્ઞાનીને સિદ્ધ છે તેમ આપણ સહુને સાધ્ય છે અને આવશ્યક છે તત્ત્વજ્ઞાન એ જ્ઞાનની અન્ય શાખાઓની સમાન કક્ષાનુ એક શાસ્ત્ર છે એ સમજણ પણ ભૂલ ભરેલી છે જ્ઞાનની સર્વશાખામા તત્ત્વજ્ઞાન પ્રવેશ કરે છે, કારણ કે એ સર્વના મૂળરૂપે એનુ સ્થાન છે તેથી જીવ જગત અને પરમાત્માના સ્વરૂપનુ, જ્ઞાનની એક સ્વતન્ત્ર શાખારૂપે, ચિન્તન એટલામા જ તત્ત્વજ્ઞાન સમાપ્ત થતુ નથી ઇતિહાસ અને વિજ્ઞાનના મૂળ શોધવા તથા એનો અર્થ કરવામા પણ તત્ત્વજ્ઞાન પ્રવર્તે છે આ દૃષ્ટિએ મનુષ્યનુ બધારણ, એનો આ પરિદૃશ્યમાન વિશ્વ સાથે સબન્ધ, એની સ્વાભાવિક પ્રવૃત્તિનિવૃત્તિની ભાવનાઓ—ઇત્યાદિ સર્વ વિચાર તત્ત્વજ્ઞાનના પેટામા પડે છે એ વિચારનુ બહોળુ પણ સુચિન્તન સાહિત્ય ઉત્પન્ન કરવાની જરૂર છે એ જ ભવિષ્યના કાવ્યસાહિત્યમા ઉચ્ચતા અને ગભીરતા, એ સાહિત્યના પ્રાણરૂપે, પ્રેરી શકશે અને એ વિના આપણુ સાહિત્ય રગબેરગી પરપોટા જેવુ જ રહેશે

કેળવણી

કેળવણી વિભાગ સાહિત્યપરિષદ્નુ આવશ્યક અગ છે આપણી કેળવણીનુ સ્વરાજ્ય આપણને નામનુ તો મળી ચૂક્યુ છે, પરતુ એને વાસ્તવિક કરવામા અત્યારે તો ઘણી મુશ્કેલી આ ખાતા માટે સરકાર પાસેથી નાણા મેળવવાની છે એ મેળવવાના માર્ગો પરિષદના પ્રશ્નની બહાર છે, પરતુ

એના પ્રદેશની અંદર પણ ઘણું કરવાનું બાકી છે. જેટલાં સાધન આપણને પ્રાપ્ત છે તેટલાંનો પણ પૂરેપૂરો ઉપયોગ કરવા માટે પ્રત્નમાં કેળવણી સંબંધી વિચાર કરનારાં મંડળો હોવાં જોઈએ. મિ. મારવિને કહેલું મને યાદ આવે છે કે—ઈંગ્લાંડમાં દર અઠવાડિયે સ્થળે સ્થળે કેળવણી માટે ઉત્સાહ ધરાવનારાં મંડળો મળે છે, ચર્ચા કરે છે, કેળવણીના વિસ્તાર અને સુધારા માટે ઠરાવો કરે છે, યોજનાઓ ઘડે છે, ત્યારે આ દેશમાં તો સઘળું શૂન્યવત્ પડ્યું છે ! આપણે આપણા પ્રાન્તમાં કેળવણીના અનેક પ્રયત્નો આરંભ્યા છે, પણ તે હજી પરસ્પર અસૂત્રિત છે. પરિષદનું કામ એમાં સૂત્ર પરોવવાનું, અને એક મુખ્ય કેળવણીમંડળ સ્થાપી એ દ્વારા ગુજરાતની કેળવણી ઉપર દેખરેખ રાખવાનું, અને એના વિસ્તાર તેમજ ગુણમાં દિન પર દિન સુધારા કરવાનું છે. ક્ષણવાર વિચારો કે આજકાલ પશ્ચિમમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણને સરલ સુબોધ અને રસિક કરવા માટે કેટલા પ્રયત્નો ચાલી રહ્યા છે ! કેળવણીના કાર્યમાં પડેલાને જાણીતું છે કે અત્યારે સેંકડો પુસ્તકો જગતના મહાન સાહિત્યને બાલ વિદ્યાર્થીના જીવનમાં ઉતારવા માટે રચવામાં આવે છે. તેમ, વર્તમાન વિજ્ઞાનની પ્રગતિથી પણ તેઓ અજાણ્યાં ન રહે તે માટે કઠિન વિજ્ઞાન પણ સુગ્રાહ્ય રૂપમાં મૂકવામાં આવે છે. આ કાર્ય સફળ રીતે કરવા માટે વિદ્વાન લેખકોની તેમજ બાહોશ પ્રકાશકોની જરૂર છે. બીજું : કેળવણી એ શાળાના શિક્ષણને અંતે જ સમાપ્ત થતી નથી એ શિક્ષણશાસ્ત્રનો એક સુવિદિત સિદ્ધાન્ત છે, પણ એ સૂત્રનો અત્યાર સુધી એ જ અર્થ થયો છે કે શાળામાંથી નીકળી મનુષ્ય જીવનમાં પડે છે ત્યારે જીવનરૂપી મહાશાળામાં એનું શિક્ષણ ચાલ્યાં કરે છે. આ સત્ય છે. પરંતુ પશ્ચિમમાં એક બીજા અર્થ ઉપર પણ હવે ધ્યાન દેવાવા લાગ્યું છે તે એ કે જીવનના વ્યવસાયમાં પડ્યા પછી પણ મનુષ્યને આત્મશિક્ષણ માટે કાંઈક રૂપાન્તર સાથે શાળા કાયમ રાખવાની જરૂર છે. આ 'એડલ્ટ એજ્યુકેશન'નો સિદ્ધાન્ત ગરીબોને જ માટે છે એમ નથી; ધનિકોએ પણ શાળા છોડ્યા પછી મૂર્ખ બની જવાનો એટલો જ સંભવ છે. ત્રીજું; કૃષ્ણ ભગવાને જેટલા પ્રેમથી ગોપાલ આહીરોને પોતાના માન્યા હતા તેટલા જ પ્રેમથી ગામડાંની વસ્તીની સાથે એકતા કરવાની જરૂર છે. અને તેથી ગામડાંની કેળવણીનો પ્રશ્ન,– એ કેળવણી કેવી હોવી જોઈએ તથા એને કેવી રીતે રોચક તેમજ હિતપ્રદ અને ઉપયોગી કરી શકાય

એ પ્રશ્ન—પણ મન લગાડીને વિચારવાનો છે

ઉપસંહાર

પરિષદના સામાન્ય ઉદ્દેશ સબંધી, સાહિત્યના સમુલ્લાસ માટે જોઈતી વસ્તુસ્થિતિ સબંધી, અને તે તે વિભાગમા કરવાના કાર્યની દિશા સબંધી યથાવકાશ મારા વિચારો આપની સમક્ષ મે મૂકયા અન્તમા હવે પૂર્વોક્ત કાર્ય સિદ્ધ કરવા માટે શા શા સાધનોની અપેક્ષા છે એ વિષે બે શબ્દો બોલીને મારુ નિવેદન સમાપ્ત કરીશ પરંતુ તે કરતા પહેલા આપણા કર્તવ્યપથમા પડેલી એક બે મુશ્કેલીઓ નોધવા જેવી છે ગયા માર્ચ માસના 'મૉડર્ન રિવ્યુ'મા એક સ્થળે હિન્દુસ્તાનની જુદી જુદી ભાષા બોલનારની સખ્યા આપી છે. તેમા પ્રકૃતમા ઉપયોગી મોટી ચાર ભાષાના આકડા આ પ્રમાણે છે —

હિન્દી બોલનારની	સખ્યા		૯૮,૧૧૫,૦૦૦
બગાળી	,,	,,	૪૯,૩૯૪,૯૦૦
મરાઠી	,,	,,	૧૮,૭૯૭,૦૦૦
ગૂજરાતી	,,	,,	૯,૫૫૨,૦૦૦

અર્થાત્ હિન્દી બોલનારની સખ્યાના પ્રમાણમા બગાળી બોલનારની સખ્યા લગભગ અડધી છે, મરાઠી બોલનારની પૂરી એક પચમાશ પણ નથી, અને ગૂજરાતી બોલનારની એક દશાશ પણ નથી આ કારણથી અન્ય પ્રાન્તોમા લેખકોને એમના પુસ્તકના વિક્રયથી જે પરિતોષ મળી શકે છે તે આપણે ત્યા દુર્લભ છે વિશેષમા આપણે ત્યા બીજા પ્રાન્તો જેવા આર્થિક જવાબદારી માથે લઈને પુસ્તક છાપનારા ('ગુજરાતી' અને 'સસ્તુ સાહિત્ય' એ એને ગણીએ તો તે સિવાય) પ્રકાશકો નથી, તેથી મોટે ભાગે ગ્રન્થકારોને પોતાને ખર્ચે પોતાને આર્થિક જોખમે જ પુસ્તક છપાવવા પડે છે, અને તેથી એક પુસ્તકની જાળમાથી એ મુક્ત ન થાય ત્યા સુધી એ બીજામા પડી શકતો નથી દેખીતી રીતે ગૂઢ અને દુર્ભેદ્ય જણાતું આ આર્થિક કારણ વસ્તુત આપણા સાહિત્યના વિકાસમા એક મોટુ પ્રતિબન્ધક છે એની સામેના વાંધામા મૂળ વળીએ એવી બે બાબતો છે એક તો આપણા પ્રાન્તમા મધ્યમ વર્ગની જનસખ્યા અન્ય પ્રાન્તોના કરતા વધારે ધનિક છે, અને બગાળી બોલનારાથી અડધી હોઈને પણ હિન્દી કરતા ચઢિયાતું સાહિત્ય બગાળી ઉત્પન્ન કરી શક્યુ છે તેમ ગુજરાત પણ ધારે તો કરી શકે

અને પ્રકાશક મંડળની ખામી પણ આપણી સાહિત્યસંસ્થાઓ જરા ઉદારતાથી કામ કરીને પૂરી શકે. તે માટે આ પ્રતિબંધક કારણથી મુંઝાઈ ન રહેતાં, આપણી કાર્યસિદ્ધિ માટે શાં શાં સાધનોની અપેક્ષા છે એનો વિચાર કરીએ તો—श्लोकार्धेन प्रवक्ष्यामि એ ન્યાયે સઘળો ઉત્તર ત્રણ શબ્દોમાં સમાવી શકાય છે: (૧) માતૃભાષા; (૨) ગૂજરાત યુનિવર્સિટી અને (૩) તે તે વિષયનાં મંડળો. આમાં, માતૃભાષા એટલે ગૂજરાતીમાં સારી રીતે લખતાં આવડે, અથવા તો એનો એક સ્વતન્ત્ર વિષય તરીકે અભ્યાસ થાય, અથવા તો ગૂજરાતીને સંસ્કૃત પ્રત્યે માતૃબુદ્ધિને બદલે સપત્નીબુદ્ધિથી જોતાં શીખવાય એ વિવક્ષિત નથી. વિવક્ષિત એ છે કે જ્યાં સુધી આપણા વિદ્યાલયો અને છાત્રાલયો ગૂજરાતી ભાષામાં જ ચાલતા ઉચ્ચ શાસ્ત્રના ઊહાપોહથી ગાજે નહિ, ત્યાં સુધી એ ભાષામાં ઉચ્ચ વાઙ્મય ઉત્પન્ન થવાની આશા રાખવી મિથ્યા છે. પરંતુ આ કરવા માટે ગૂજરાતના સ્વતન્ત્ર વ્યક્તિત્વને પોષે એવી એક યુનિવર્સિટી ગૂજરાતમાં સ્થાપવાની જરૂર છે. ૧૮૫૭માં આપણી મુખ્ય યુનિવર્સિટીઓ સ્થપાઈ તે વખતે સર ચાર્લ્સ વૂડે પ્રકટ કરેલી આશા કે ગ્રૅજ્યુએટો પોતાનુ જ્ઞાન નીચેના વર્ગમાં ઉતારશે એ અત્યાર સુધી સફળ થઈ નથી તેનું કારણ ગ્રૅજ્યુએટોનો દોષ નથી, પણ યુનિવર્સિટીના શિક્ષણમાં સર્વ શાસ્ત્રના મણિગણમાં માતૃભાષા સૂત્રવત્ પરોવાયેલી નથી એ જ છે. રાજા રામમોહનરાય અને મેકોલેએ સ્થાપેલી અને સર ચાર્લ્સ વૂડે અભિષિક્ત કરેલી શિક્ષણપ્રણાલી લગભગ સો વર્ષ સુધી એના એ રૂપમાં જ ચાલ્યાં કરે એ જ એની જડતાની પૂરી નિશાની છે: સુભાગ્યે હવે એ પ્રણાલી બદલવા તરફ વિદ્વન્મત વળ્યો છે, અને અને ગુજરાત યુનિવર્સિટી સ્થાપીને ઉચ્ચ શિક્ષણનો નવો યુગ આપણે આરંભીએ તો તે માટે સમય પાકી ચૂક્યો છે.

મુંબાઈમાં યુનિવર્સિટી છે તો પછી ગૂજરાતમાં શા માટે જોઈએ એમ પૂછવામાં આવે તો એનો ઉત્તર બે વર્ષ ઉપર મેં આપ્યો હતો એ જ આજ આપું છું. રાજ્ય—અર્થ—અને મનુષ્ય સંસ્કૃતિનાં શાસ્ત્રોથી સ્વીકારાયેલું આ સત્ય છે કે હરેક પ્રજાની સંસ્કૃતિ સમપ્રમાણ વિસ્તરવી જોઈએ. ગામડાં તૂટીને ગામ વસે કે ગામ તૂટીને શહેરો વસે, કે શહેરો તૂટીને રાજધાની જ પરિપુષ્ટ થાય એમાં દેશનું કલ્યાણ નથી. માત્ર સંખ્યાની દૃષ્ટિએ જ એમાં અપૂર્ણતા છે

એમ નથી પણ રાષ્ટ્રદેહના અમુક અમુક અવયવોનો એમાં પક્ષઘાત છે, અને પક્ષઘાતવાળું રોગી શરીર માત્ર અમુક અવયવમાં જ રોગી રહીને અટકતું નથી, પણ આખા દેહની તંદુરસ્તીને બગાડે છે, અને પરિણામે એનો વિનાશ કરે છે ગૂજરાતની બુદ્ધિશક્તિ કે નૈતિક સામર્થ્ય કે ધનસંપત્તિ બધી મુંબાઈમાં જ જઈ વસે એ કદાપિ ઇષ્ટ નથી ગૂજરાતના દરેક શહેર ગામ અને ગામડાંમાં આ શક્તિ સામર્થ્ય અને સંપત્તિનું રુધિર ફરતું રહેવું જોઈએ, જેથી એનો લાભ દરેક અવયવને મળતો જ રહે કેટલાક તરફથી આ સામે વિચારવા લાયક પણ વસ્તુતઃ ઊંડા વિચાર વિનાની એક દલીલ સાંભળશો કે મુંબાઈની કૉલેજમાં ભણવા જવાથી ચાલાકી આવે છે, અને કેટલાક વિદ્યાર્થીઓ જેમનું દુર્ભાગ્ય રજવાડાની સાંકડી ખટપટમાં ઊછરવાનું છે તેમને માટે આ યુક્તિ પણ છે પણ આવી દલીલ કરનારને પૂછશો કે આ સ્થિતિ શાથી ઉદ્‌ભવી છે? એ દૂર કરવાનું મુખ્ય સાધન એ છે કે મુંબાઈની ઉચ્ચ કેળવણી અને સ્વતન્ત્રતાનું વાતાવરણ જે મુંબાઈમાં જ ભરી મૂક્યું છે એનો વિસ્તાર ગૂજરાતના સર્વ ભાગમાં થવો જોઈએ, અને એ જ ખરું જીવન છે, રાજધાની એ જ પ્રશ્ન નથી રૂપકવૃત્તિ [illegible] ખોટી છે, પણ કૂવા અને નદીઓ વિનાનું મનુષ્યજીવન કેવું? સાગરથી નદીઓની ગરજ સરે? બલ્કે નદીઓ વિના સાગર કેવો? ગૂજરાત વિના મુંબાઈ પણ તેવું જ મુંબાઈ માથે ભાર વધ્યો છે, એ ભાર ઘટાડો ગૂજરાત યુનિવર્સિટી સ્થાપવા માટે ઘણાં કારણો છે, પણ અન્ય કોઈ પણ કારણ ન હોય તોપણ આ એક જ કારણ મુંબાઈના હિત ખાતર પણ થોડું નથી મુંબાઈને પોતાને પોતાનું કામ સારી રીતે કરવા દેવું હોય તો એને માથે પડેલા ભારની વહેંચણી થઈ જવી જોઈએ મુંબાઈથી પણ વિશિષ્ટતા વગરની, મુંબાઈની જ પ્રતિબિમ્બવત્, ગૂજરાત યુનિવર્સિટી થાય તો તે પણ મુંબાઈનો ભાર ઘટાડવા માટે ઇષ્ટ છે જ કે તેવી જ થશે એમ માનવાને કારણ નથી "

આ પાર પ્રશ્ન યુનિવર્સિટી માટે જોઈતા ધનનો જ રહ્યો છે અને ધન પણ ગૂજરાતમાં ક્યાં કેમ નથી તેથી ખરો પ્રશ્ન તો ધનનો પણ નહિ કિન્તુ ધનદાતામાં ઉદારતાનો જ તે માટે પ્રજામાં ભાવના ઉત્પન્ન કરો, [illegible] કરો, અને આપણા ધનિકોને [illegible]

અને બ્રિટિશ અધિકારીઓને કર્તવ્ય પરાયણ કરવા એ કામ પરિષદે વિના વિલમ્બે ઉપાડી લેવું જોઈએ. પરંતુ એ મોટું કર્તવ્ય કરવામાં ગૂંથાતાં આપણાં નાનાં કર્તવ્ય ભૂલવાં ન જોઈએ. એવું એક નાનું કર્તવ્ય તે વિવિધ જ્ઞાનવર્ધક મંડળોની સ્થાપના છે. આ કાર્ય માટે આપણા અર્વાચીન, યુગના પહેલા ખંડના પૂર્વજોની પદ્ધતિમાંથી દાખલો લેવાનો છેઃ એ જમાનો મંડળસ્થાપનાનો હતો: ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટી, બુદ્ધિવર્ધક સભા, ફૉર્બસસભા. વગેરે મંડળ રચીને સહકારની પદ્ધતિએ સાહિત્યસેવા કરવા માટે એણે ઊંડા પાયા નાખ્યા છે. એ જમાનાએ એના સમયને ઉચિત મંડળો રચવાનાં હતાં. પશ્ચિમની વિદ્યા પૂર્વમાં કેમ ઉતારવી એટલો જ એના આગળ પ્રશ્ન હતો. વર્તમાન જમાનાનો પ્રશ્ન એ વિદ્યાને પણ અનેક રીતે કસોટીએ ચઢાવી શુદ્ધ કરી અત્રે વસાવવાનો છે, એટલું જ નહિ પણ પ્રાચીન આર્ય સંસ્કૃતિને પણ પૂરો ન્યાય આપવા એણે તત્પર થવાનું છે. તે માટે તત્ત્વચિન્તક, ઇતિહાસશોધક, વિજ્ઞાનપ્રચારક, શિક્ષણસુધારક, સાહિત્યસંવર્ધક, કલાપ્રેરાચક, આદિ અનેક વિષયનાં મંડળો સ્થાપી ગૂજરાતની બુદ્ધિને અને એની ભાષાને ઉચ્ચતર ભૂમિકાએ ચઢાવવાની છે.

આપણી પરિષદ એકની એક પ્રણાલિકામાં ઘણાં વર્ષો ચાલી. હવે યુગપરિવર્તનો કાળ આવ્યો છે. અને સઘળી સ્થિતિ પરિવર્તને અનુકૂળ છે. ક્ષણવાર વર્તમાનને ભેદી ભવિષ્યમાં દૃષ્ટિ નાંખો. ચર્મ-ચક્ષુથી આપણો સારસ્વત ઉદ્યાન નિહાળો. સર્વત્ર વસન્તના વાયુ વાઈ રહ્યા છે, વૃક્ષો નવપલ્લવ થઈ ગયાં છે, આંબે મોર બેઠો છે, ભ્રમરો ગુંજે છે—શ્રદ્ધા રાખો કે થોડા સમયમાં આમ્રફળ પણ આવશે, ડાળો ફળભારથી લચશે, અને વૃક્ષે વૃક્ષે કોયલ ટહૂકશે. આ આપણાં સ્વપ્નાં નથી, આપણા સાચા મનોરથ છે, આપણી આશાઓ છે, આ સુન્દર આસો માસની શરદ પૂનમની સંનિધિમાં વિશ્વના રાસેશ્વર બંસીધરને આપણી પ્રાર્થનાઓ છે.

આ પ્રાર્થના સફળ થાય; પ્રભુના અનુગ્રહના આપણે અધિકારી થઈએ, તે માટે શું કરીશું? મીરાં પ્રાર્થતી હતી તેમ પ્રભુના બાગમાં બાગવાન થઈશું: ક્યાં નવા રોપ રોપવા. ક્યાં પાણી પાવું, ક્યાં શું ખાતર ભરવું, ડાળીઓ ક્યાં કેવી વાળવી, કેવી ટેકાવવી, ક્યાં કાતર મૂકવી, કોની કલમ કાપવી, ક્યાં ચોટાડવી, ઇત્યાદિ અસંખ્ય

શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

વિગતોવાળી ભગવાનની કૃપા આપણું શ્રીપીસુ અને પ્રયોજ્યુ
એ જ્ઞાન અને શક્તિ આર્પણનું પ્રાપ્ત થાય તે માટે સૌ પ્રાર્થના
કરીએ કે —

सह वीर्यं करवामहै । तेजस्विनोऽप्यधीतमस्तु मा विद्विपोमहै
मा विद्विपामहै
मा विद्विपामहै ॥

शान्तिरस्तु पुष्टिरस्तु आमकलौंधृसृद्धिरस्तु ॥
सर्वे मेधाविन सन्तु सर्वे सन्तु निरोमयाः ।
आत्मज्योतिश्च पश्यन्तु मा कश्चित्तम आप्नुयात् ॥
ॐ शान्ति शान्ति शान्ति ॥

realpatidar.com



શ્રી. ભૂલાભાઇ જીવણજી દેસાઇ
પ્રમુખ : દસમી ગુજરાતી સાહિત્ય પરિષદ
નડિયાદ : ૧૯૨૯

શ્રી. ભૂલાભાઈ જીવણજી દેશાઈનું ભાષણ

દશમી ગુજરાતી સાહિત્ય પરિષદ : નડિયાદ

ડિસેમ્બર ૧૯૩૧

શ્રી ભૂલાભાઈ જીવણજી દેશાઈ

[ઈ. સ. ૧૮૭૭]

સાહિત્ય પરિષદને સાહિત્ય સિવાયની બીજી બાબતો જોડે પણ સંબન્ધ છે ખરો. પરિષદને ભંડોળ છે તેનું રોકાણ કરવાનો પણ વિચાર કરવો પડે છે. અને પરિષદને બંધારણ પણ છે. એ બંધારણને સરળ અને અનુકૂળ બનાવવા માટે નવમા પછી દશમું સંમેલન પણ નડિયાદ મુકામે મળ્યું હતું. બંધારણની આંટીઘૂંટીઓનો નિવેડો લાવવા માટે એ સમયે શ્રીયુત ભૂલાભાઈ જીવણજી દેશાઈને પ્રમુખપદે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

રાજ્યનીતિ અને કાયદાધારાધોરણના કામમાં શ્રી. ભૂલાભાઈની પ્રતિષ્ઠા સમસ્ત હિન્દને પરિચિત છે. મુંબાઈ શહેરના રાજકીય જીવનના એ અગ્રણી છે. કોંગ્રેસમાં એમનું સ્થાન મહત્ત્વનું અને ગૌરવભર્યું છે. બેરિસ્ટરના ધીકતા ધંધાનો ત્યાગ કરીને સ્વાતંત્ર્ય-યુદ્ધમાં તેઓ જોડાયા ત્યારથી તેમનો ત્યાગ સહુને પરિચિત થયો છે.

અંગ્રેજી ભાષા પરનું એમનું પ્રભુત્વ તો જાણીતું જ છે ધીમે ધીમે ગુજરાતીમાં પણ એમણે સારી પ્રગતિ કરી છે અને આજે એમના અનેકવિધ વિચારો તેઓ સમર્થ રીતે ગુજરાતી ભાષામાં દર્શાવે છે. તેઓ એક સમર્થ વિચારક છે એ તો ગુજરાત જાણે જ છે. ગુજરાતી સાહિત્ય સાથેનો એમનો સંપર્ક પણ એમના પ્રમુખ તરીકેના ભાષણમાં આપણી નજરે પડે છે. એમના તરફથી ગુજરાતને હજુ ઘણું મળે એમ છે. એમના જીવનઅનુભવો જો શબ્દદેહ ધારણ કરે તો ગુજરાતને રસપૂર્ણ વાચન મળે. પણ આજે તો એમનો ઘણો સમય દેશસેવાના કાર્યમાં વ્યતીત થાય છે. આવા એક સમર્થ અગ્રણી ગુજરાતીને પ્રમુખપદ અર્પીને પરિષદે એમનું ઉચિત સન્માન કર્યું છે. એમની દેખરેખ હેઠળ પરિષદનું બંધારણ સુસ્થિર થયું અને આજે પરિષદનું નાવ સરળ રીતે કાળપ્રવાહમાં ચાલે છે. એમના જ્ઞાનનો વિશેષ લાભ ગુજરાતને ભાવિમાં મળે તેવી આપણી આશા અસ્થાને નથી.

ગાંધીયુગનું ગુજરાતી

નરનારીઓ અને સજ્જનો !

દશમી ગુજરાતી સાહિત્યપરિષદનો પ્રમુખ નીમી, આપે મારો સત્કાર કર્યો છે, એથી મને ઘણો આનંદ થાય છે આવી જાતના દરેક કાર્યના આરંભમાં યોગ્ય પ્રમુખની પ્રસંદગી વિષે ભિન્નભિન્ન વિચારો હોય અને હોવા જોઇએ, અને નીમવામાં આવનાર પ્રમુખને માટે શુદ્ધ બુદ્ધિથી તે વિચારો દર્શાવવા હોય તો તે દર્શાવવા પણ જોઈએ પરંતુ તે જો વિનય અને મર્યાદાને ઓળંગીને અને આવા પ્રસંગના મોભ્ભાને ન છાજે એવી રીતે કહેવામાં આવે, તો જે ભાષા અને સાહિત્યની સેવા કરવાનો તેઓ દાવો કરે છે તે જ ભાષા અને સાહિત્યને હલકું પાડવા જેવું થાય છે

એ ગમે તેમ હોય, મારે વિષે તો હું એટલો જ ખુલાસો કરવાની જરૂર જોઉં છું કે તમારા નોતરાને સ્વીકારતા પહેલાં મને મનમાં સહેજ આનાકાની થયેલી પરંતુ જ્યારે શ્રીયુત ફૂલચંદ-ભાઈએ મારી પાસે ઉતાવળે જવાબ માગ્યો, ત્યારે મેં મારા પરમ પ્રિય મિત્ર સરદાર વલ્લભભાઈની સલાહ લીધી મારે નસીબે તે વખતે અમે સાથે રહેતા હોવાથી એ વાત પર ચર્ચા કર્યા પછી, અમને એમ લાગ્યું કે ગુજરાતી ભાષા અને સાહિત્યની અભિવૃદ્ધિ માટે સૌ કોઈ ગુજરાતીથી જે કાંઈ થઈ શકે તે કરવું એ તેની ફરજ છે, એમ માનવામાં અમે બન્ને એકમત થતાં મેં હા પાડી હું જે કંઈ વિચારો તમારી આગળ રજૂ કરું એ સઘળા તમારે ગળે ઊતરશે એવો ભ્રમ હું સેવતો નથી પરંતુ મારા વિચારો દર્શાવવાથી ગુજરાતી ભાષાના વિકાસ સંબંધી વધારે ચર્ચા થાય, એટલું જ નહિ પણ આ પ્રસંગે અપાતાં ભાષણથી જેઓને એક જ ઘરેડમાં ચાલી વિચારવાની ટેવ પડી છે, એમને કદાચ આઘાત થાય તોપણ ગુજરાતી ભાષા અને સાહિત્યના સૌથી ઉપયોગી મુદ્દા ઉપર ચોખ્ખા

વિચાર થાય, એથી મેં હા પાડી. એમાં હું કેટલે દરજ્જે સફળ થઈશ એની મને ચિંતા નથી, પરંતુ તમારી મદદથી અને જ્યાં આપણે એકમત નહિ થઈએ ત્યાં પણ તમારી સદ્‌ભાવભરી સમજથી હું જે કાંઈ કરી શકું, એ પ્રયત્નમાં જ હું સફળતા માનું છું.

છેલ્લાં બે વર્ષમાં ગુજરાતી જનતાએ ગુમાવેલા શ્રી વાડીલાલ શાહ, શ્રી નથ્થુરામ શર્મા, શ્રી. મગનભાઈ પટેલ, શ્રી. પૃથુ શુક્લ અને શ્રી. હરગોવિંદદાસ કાંટાવાળા. એમના શોકજનક મૃત્યુની નોંધ લેવી ઘટે છે. આપણે એમનાં કુટુંબને ગયેલી ન પૂરાય એવી ખોટ માટે દિલસોજી દાખવી, સદ્‌ગતના આત્માને શાન્તિ મળે એવી પ્રાર્થના કરીએ. શ્રી હરગોવિંદદાસ જેવા વિદ્વાન, શ્રી વાડીલાલ જેવા વિચારક, શ્રી હીરાલાલ જેવા તત્ત્વચિંતક, શ્રી. નથ્થુરામ જેવા પંડિત, અને શ્રી. પૃથુ શુક્લ જેવા કવિ. તેમ જ શ્રી મગનભાઈ જેવા ઉત્સાહી કાર્યકર્તા ફરીને મળવા મુસ્કેલ છે. પ્રભુ તેમના આત્માને શાન્તિ આપો.

આ પ્રસંગે પારસી કવિ શ્રીયુત ખબરદારને એમણે ગુજરાતમાં વસી સાચા ગુજરાતી થઈ, ગુજરાતી લોકજીવનને સ્પર્શીને જે સેવાઓ કરી છે તે માટે અભિનંદન ઘટે છે. ગુજરાતના રાષ્ટ્રજીવનના ઘડતરમાં હજીએ એ કવિ પોતાથી બનતો ફાળો આપશે. એવી આશા ગુજરાત રાખે છે. ખુદા એમને દીર્ઘાયુષ્ય બક્ષો.

આ પરિષદ તો બંધારણને જ અંગે હોઈને મારે સાહિત્યના વિષયમાં ઊતરવાની જરૂર નથી, એવું કહેવામાં આવ્યું છે એ હું જાણું છું, પણ ગુજરાતી ભાષા અને સાહિત્ય, અને એની સાથે પરિષદના બંધારણને કંઈ જ લાગતું વળગતું નહિ હોય તો એવી પરિષદની જરાયે ઉપયોગિતા હું જોતો નથી. એટલે આ પ્રસંગે મારા વિચારો ટૂંકમાં જણાવવાની હું જરૂર જોઉં છું.

ચાલુ બંધારણના હેતુઓ જોતાં, (ક) "ગુજરાતી ભાષા અને સાહિત્યની સર્વ શાખાઓ સંરક્ષવી, વિકાસાવવી, વિસ્તારવી અને ફેલાવવી" વગેરે, તેમ એના ઉદ્દેશ તપાસતાં મને એમ લાગે છે કે સાહિત્યની સર્વ શાખાઓ સંરક્ષવી એ બહુ ગૌણ વાત છે. પ્રાચીન સાહિત્યને જાળવી રાખવું અને એનું સંશોધન કરવું, એ પણ એક ગૌણ વાત છે. પ્રાચીન સાહિત્ય તો પ્રાચીન જ રહેશે અને યથાકાળે એ પોતાનું થાન

આપોઆપ નક્કી કરી લેશે. એ પહેલાં પ્રજાએ સાહિત્યમાં વધારે રસ લેતા થવાની જરૂર છે. પ્રજા અને સાહિત્ય વચ્ચેની ઊંડી ખાઈ પૂરવાની પહેલી જરૂર છે. વધારે પ્રમાણમાં પ્રજા વધારે રસ લેતી થાય તો આપોઆપ પ્રાચીન સાહિત્યનું સંરક્ષણ તે કરશે જ, અને તેનું સંશોધન પણ થશે જ. ઉપર જણાવેલા હેતુઓ અપૂર્ણ છે, અધૂરા છે. હું માનું છું કે પરિષદ્ મંડળનો હેતુ ભવિષ્ય તરફ નજર રાખી ભાષાની ગતિ કઈ દિશા તરફ હોવી, એ હોવો જોઈએ. ભવિષ્યની પ્રજાના ઘડતરમાં ભાષા કેવો અને કેટલો સંગીન ફાળો આપી શકે, એ દિશામાં ભાષાપ્રવાહ વાળવાનું આપણું લક્ષ હોવું જોઈએ.

એ સિવાયના સઘળા હેતુઓ ગૌણ છે. દેશકાળનો વિચાર કર્યા વિના યોજેલા હેતુઓનો કંઈ ઉદ્દેશ જ નથી. ભાષાના વિકાસ સંબંધી આપણે જરા વધારે વિચાર કરવાની જરૂર છે. હું માનું છું કે સાહિત્યનું મુખ્ય અંગ તો ભાષા જ છે. ભાષામાં જે કહેવાનું છે તે સ્પષ્ટ રીતે કહેવામાં ન આવે, અને તેની સચોટ અસર ન થાય, તો તે ખરી ભાષા નથી. ટૂંકમાં જે બોલવામાં તેમ જ લખવામાં આવે છે, તે સ્પષ્ટ અને અસરકારક હોવું જોઈએ. એવી વાણી તે જ ભાષા.

એમાં ભાષાના સુધારણા વિષે પણ ખાસ ધ્યાન રાખવાની જરૂર છે. એને આપણે શૈલી કહીએ, ઘાટ કહીએ, રૂપ કહીએ, ગમે તે નામ આપીએ. શબ્દરચનાના જાતજાતના પ્રકાર થઈ શકે છે. કેટલાક એ શબ્દોને જેમ ગમે તેમ અનિયમિત રીતે ગોઠવવામાં બહાદુરી માને છે, તો કેટલાક એ શબ્દોની [illegible] આનંદ લે છે, તો કેટલાક એમાં સંસ્કૃત અનુસ્વારોના ભાર ભરાવવામાં મોટાઈ માને છે. એમ સૌ કોઈ પોતાની મરજી પ્રમાણે શબ્દની ગોઠવણી કરે છે. એ બધી રચનામાં જે વાક્યરચના સૌથી સરળ, સહેલાઈથી સમજી શકાય તેવી, અને એમ છતાં પણ અર્થવાહી અને રસભરી હોય તે જ શબ્દરચના સૌને પ્રિય થઈ પડે. એવી શબ્દરચના— પછી ગદ્ય કે પદ્ય—ગમે તેટલા [illegible] પાડે. જે વાણી ખળખળ વહેતા ઝરણ જેટલી નિર્મળ અને સરળ નથી, જે વાણીથી મન ઉપર છાપ પડતી નથી, તે વાણીની કંઈ જ ઉપયોગિતા નથી.

વળી જે ભાષા લોકસમસ્તનાં વિચાર તેમ જ વર્તન સાથે પૂરતો જીવંત સંબંધ ધરાવતી નથી, તે ભાષા લૂલી, નબળી અને પ્રયોજન વિનાની છે, એ ભાષાનો કંઈ અર્થ નથી. ભાષા તો તે, કે જે આખી પ્રજા સમજે. જે ભાષા, પ્રજાનાં વિચારવર્તન, પ્રજાનાં સુખદુ:ખ, પ્રજાના આનંદઓચ્છવ, પ્રજાના સમાજજીવનથી જેટલી અળગી રહે, તેટલી તે નકામી ને નિર્જીવ છે. અને તેટલા જ પ્રમાણમાં તેની નિષ્ફળતા છે. ભાષા એ સકળ લોકની વાણી છે. ભાષા દ્વારા જ સકળ લોકનો જીવનવ્યવહાર ચાલે છે. ભાષામાં પ્રાણ ન હોય, એ ભાષાનું પ્રયોજન શું ? જે ભાષા લોકજીવનને ઉત્તેજે, લોકજીવનમાં આનંદ લાવે, એમનાં જીવનમાં રસ રેડે. લોકજીવનને બોધ આપે, લોકજીવનનું પરિવર્તન કરાવે, એમને પ્રેરણા આપે, લોકજીવનને બળ આપે, એમનામાં વિચારની વૃદ્ધિ કરે, એને ધીમે ધીમે ઉચ્ચ માર્ગે જવા પ્રેરે અને જેમાં લોકજીવનનો ઉદ્દેશ સમાઈ રહેતો હોય તે જ સાચી ભાષા. તે જ લોકોપયોગી ભાષા. તે જ લોકવ્યવહારની ભાષા. અને તેનું નામ જ ખરી ભાષા.

છેલ્લાં દશ બાર વર્ષમાં ગુજરાતને સારે નસીબે એવી સુંદર ભાષા સાંપડી છે. હું તો હિમ્મતભેર એ જમાનાને **ગાંધી–યુગ** કહું છું. હું જાણું છું કે હું આ નામ આપું છું તે સાહિત્યની દુનિયામાં કેટલાકને ખૂંચશે. પણ સાહિત્યની દુનિયા કંઈ લોકજગતથી જૂદી તો નથી જ, અને ન હોવી જોઈએ અને હોય તો એ દુનિયા ઉપયોગ વિનાની અને દાંભિક છે. એ પાંચ વર્ષના નાનકડા ગાળાને યુગો કે પેઢીઓનાં નામ જેને આપવાં હોય તે ભલે આપે, પણ તેમને ગુજરાત અને ગુજરાતી સાહિત્યને નામે એવો દાવો કરવાનો હક્ક નથી. ગયા યુગ ગમે તે હોય, આજે તો એક જ યુગ છે—અને તે **ગાંધી–યુગ.** જે જમાનાએ લોકોનો આચારવિચાર, વિચારસરણી, રહેણીકરણી એ સૌને પલટાવી નાંખ્યાં, જે જમાનાએ લોકોમાં વીજળીવેગે જાગૃતિ આણી, લોકોની ધર્મની અને કર્મની ભાવનામાં પલટો આણ્યો, એને યુગ નહીં કહીએ તો શું કહીએ ? હજી તો એ યુગનો આરંભકાળ છે, હજી તો કેટકેટલા પલટા થશે—થયાં કરશે. એ બેસી ચૂકેલા યુગ તરફ જેને આંખમીંચામણાં કરવાં હોય તે ભલે કરે; પરંતુ આજે નહીં તો કાલે એ યુગને યુગ તરીકે, તેમજ એ યુગનાં પ્રેમાવતાર મહાત્મા ગાંધીને એ યુગના નેતા તરીકે સ્વીકાર્યા વિના

છૂટકો જ નથી પછી ભલે તે સાહિત્યની દુનિયા હોય કે બીજી કોઈ હોય

ગાંધીયુગનું સાહિત્ય પણ વિશાળ છે. વિશાળ છે એટલું જ નહીં પણ વિચારસમૃદ્ધ પણ છે એ પ્રેરક, બોધક અને વ્યાપક પણ છે એ યુગને લઈને વધતા જતા સાહિત્યની અમર સર્જન ફાળો આપનાર શ્રી મહાદેવ દેસાઈ, શ્રી રામનારાયણ પાઠક, શ્રી જુગતરામ દવે, શ્રી ચન્દ્રવદન મહેતા, શ્રી ગિજુભાઈ, શ્રી કિશોરલાલ મશરૂવાળા, શ્રી ઝવેરચંદ મેઘાણી, શ્રી લલિતજી, શ્રી નરહરિ પરીખ, શ્રી કાલેલકર, વગેરેનું એ સાહિત્યની દુનિયામાં સ્થાન બેશક ઘણું ઊંચું છે. સરદાર વલ્લભભાઈ પોતાને સાહિત્યની દુનિયાની વ્યક્તિ ન ગણાવે કે પોતે એક નવલકથા કે શ્લોક નહીં વાંચ્યાનું જણાવે, તો પણ એમના સરળ અને શુદ્ધ તળપદા ગુજરાતીને સાહિત્યની દુનિયામાંથી કેમ અળગું રખાય? જે જબાને જગતનો તાત એવા ખેડૂતના જીવનમાં નવું જોમ પેદા કર્યું, જેના ખખડિયેર હાડકામાંથી નવી જીવતી જોધ કાયા બનાવી, એ વાણીને સાહિત્યની અમૂલ્ય દોલત ગણવાનું અભિમાન કોણ નહીં લે? પ્યારા વતનની પાક મટ્ટીમાંથી પાકેલા ખરા વતનદારોની જિન્દગીમાં નવી મસ્તી, નઈ તમન્ના, જગાવી એમને સાચા ભડવીર બનાવનાર વીર વલ્લભભાઈની વાણીને ક્યો કમનસીબ સાહિત્યનું અંગ ગણતાં અચકાશે? અને મહાત્મા ગાંધીજીએ કરેલી ગુજરાતી ભાષાની સેવાનો આંક આંકનાર આપણે કોણ? જેણે પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિઓનો અને જૂના અને નવા વિચારોનો સુંદર મેળ સાધી અનંત સત્યનું સ્વરૂપ પ્રગટ કરી સમજાવ્યું, એટલું જ નહીં પણ એ સનાતન સત્યના પ્રકાશ વડે ગુજરાતને ગામડે ગામડે અને ઘેરઘેર અજવાળાં કર્યાં એની સેવાની આંકણી શી રીતે થઈ શકે? લગભગ પાંચસો વર્ષ અગાઉ આદિ ભક્ત કવિ નરસિંહ મહેતાએ જે ગાયું,

"વૈષ્ણવ જન તો તેને કહીએ પીડ પરાઈ જાણે રે"

એ સામ્યભાવનો આદર્શ જીવનાર, ધીરા ભગતે કહ્યું તેમ,

"તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહીં,
અજાણ્યું સાધુ છે એક સમરથ સાચો સહી"

એમ સમરથની સાખ ગરજનાર,

નેમજ,

"ખબરદાર મનસૂબાજી, ખાંડાની ધારે ચઢવું છે,
હિમ્મત ધરિયાર ખાશો કે, અસલની [illegible]"

એમ હિમ્મત ધરિયાર [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] કર્યું તેમ,

"[illegible] [illegible] [illegible]"

કેવું પ્રસાદે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] બળને કર્યું તેમ,

"સમજણ [illegible] [illegible] [illegible] [illegible]"

એમ ભક્તિમાન્યથી [illegible] [illegible], [illegible] [illegible] તેમ,
શક [illegible] [illegible] [illegible] [illegible] નહીં. [illegible] [illegible] [illegible] [illegible] નહીં.

એમ સંગ્રામની [illegible] [illegible] નીતિ, [illegible] [illegible] [illegible] [illegible] ગુજરાત અને ગુજરાતી ભાષાને નવજીવન આપનાર, હિન્દુસ્તાનને સતેજ કરનાર, અને જગતને નવા પ્રકાશ આપનાર [illegible] [illegible] [illegible]-કિનનાં ગુણગાન કેટલાં [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] આપણી ગુજરાતી ભાષાને સરળ અને સુંદર, તીખી અને મીઠી, બળવાન અને શુદ્ધ, નીડર અને નમ્ર, વિનયવર્તી અને રસિક બનાવનાર સૌ કોઈ ભાષાભક્તોને મારાં અભિનંદન છે.

વળી ભાષાનો આધાર કેવળ કલ્પનાના પરદેશી આકાશના તરંગો ઉગાડેલા ગોળા ઉપર કોઈ જ ન રહે. ભાષાનું નિયામકતત્ત્વ તો તે પ્રાંતના સાચા જનસ્વભાવના આલિંગનમાં જ છે. જ્યાં સુધી કોના સ્વભાવનું ખરું રહસ્ય ભાષામાં નીતરે નહીં ત્યાં સુધી ભાષાની કાયા બેગાની જ રહે છે. તેમ જ ભાષા સત્ય અને સ્વતંત્રતાના સિદ્ધાંતપર ઘડાયલી ન હોય તો તેનું કલેવર ખોટું જ ગણાય. હું ફરી ફરીને કહું છું, કે ભાષા સાદી અને સરળ હોવી જોઈએ. જેટલું સત્ય સાદું છે, અને સ્વતંત્રતા જેમ વહાલી છે, તેમ જ ભાષાનું કલેવર સાદું અને સજીવન હોવું જોઈએ: એનું વણાટકામ ભલે જાડું હોય કે બરછટ હોય. ભાષામાં શબ્દો પણ સમન્વય એવા હોવા જોઈએ. અર્થ વિનાના અતિ પાંડિત્ય ભર્યા શબ્દોને આમતેમ ઘુસાડવાથી ભાષાનું પોત બગડે છે. ચોરીના દાવલાં શીકે ન ચઢે તે હવે સમજી જવું જોઈએ.

ભાષા તો એક સાધન છે, ધ્યેય નહીં. અત્યારની આપણી દશા જોતાં, દેશકાળનો વિચાર કરતાં. ભાષા સાથે વાગ્વિલાસ કે શબ્દરચના નહીં કરી શકીએ. અત્યારે ભાષા સાથે લાડ કરનાર કે

શબ્દોને લાડ લડાવનાર ભૂલ કરે છે અત્યારે ભાષામાં શણગાર ચઢાવવામાં વખત બગાડવાનું આપણને પાલવે તેમ નથી એ બધા વાણીવિભવ અત્યારે આપણને છાજતા પણ નથી એ છાજે જ્યારે આપણો સારો અને સ્વતંત્રતાનો સમય હોય ત્યારે એ છાજે જે દેશે મુક્તિ મેળવી હોય તેને આપણી દશા અત્યારે વાણીવિલાસ કરવા જેવી નથી અહીં નીચેની લીટીઓ અસ્થાને નહિ ગણાય

મહા રોગને મૃત્યુના સાગરમાં,
લાખો ચીસ નિસાસ ભર્યા જગમાં
મિતમે મળગત વરાન્તલમાં,
રસ સુંદરતા કેરી શાયરી છે બની જળ સોનેરી ભૂખ્યા જનને
ત્યારે હાયરે હાય કવિ ! તુને શબ્દોની ચાતુરી ગૂંથવી કેમ ગમે ?
સારા વિશ્વની જે દિ ક્ષુધા સમશે,
ભૂખ્યા બાળુડા પેટ ભરી જમશે,
પૂરી રોટી પ્રતિ જનને જડશે,
કવિ ! તે દિન નીલ આકાશ તારા કેરી સુંદરતા સહ સાથ બને,
તારા કુંજન આજ જલાવી દે પ્રાણ ! રે દંભ ગાવા તને કેમ ગમે !?

આપણે જરૂર નવા ઘાટ ઘડી શકીશું એમાં નવીન નકશી પણ પાડી શકીશું, જ્યારે દેશ સ્વતંત્ર થયો હશે ત્યારે અત્યારે તો હિન્દુસ્તાનના સાચા ગૌરવરૂપ એના ખેડૂતો અને મજૂરના જીવનને સ્પર્શ કરી, એમને ઊંચી કક્ષાએ લાવવામાં, એમના સંસારને સજીવન કરવામાં, ભાષાને ખપમાં લેવી જોઈએ ભાષાનો વિકાસ અને એમના જીવનનો વિકાસ એકબીજા સાથે સંકળાયલા હોવા જોઈએ અત્યારે તો રાષ્ટ્ર જીવનના ઘડતરમાં ભાષાનો ઉપયોગ થવો જોઈએ અત્યારે તો મુક્તિનો એ ધન્યભાગ્ય દિવસ વહેલો આણવાને ભાષા સાધન તરીકે વાપરવી જોઈએ

ગઈ કાલ સુધી આપણો બધો વ્યવહાર લગભગ અંગ્રેજી ભાષાદ્વારા ચાલતો હજી પણ કેળવણીના વિષયમાં આપણે હજી પારની ગુલામી મનોદશા ભોગવી રહ્યા છીએ બાકીના સઘળા જીવનવ્યવહારમાં જ કેવળ નહીં, પરંતુ જનતાની શિક્ષણપદ્ધતિમાં પણ તે જ ગુજરાતી ભાષા દ્વારા જ અપાવી જોઈએ અને તે જ ઉદ્દેશથી ગુજરાતી ભાષાની ખિલવણી કરવી જોઈએ એટલું જ નહિ પણ સર્વ વિદ્યાપીઠોમાં મુખ્ય ભાષા ગુજરાતી જ હોવી જોઈએ, અને અંગ્રેજી બીજી ભાષા તરીકે રહેવી જોઈએ

૫૫

યુરોપનાં દેશોમાં જર્મનીમાં જેમ અંગ્રેજી, ફ્રાંસમાં જેમ સ્પેનીશ અને ઇંગ્લાંડમાં જેમ ફ્રેન્ચ શીખવવામાં આવે છે તે પ્રમાણે હિન્દુસ્તાનમાં અંગ્રેજી ભાષા શીખવાવી જોઇએ. "સ્વભાષા દ્વારા શિક્ષણ" એ સૂત્ર પર જેટલી ચર્ચા થઈ છે, તેનાં પ્રમાણમાં એ દિશા તરફ કંઈ સક્રિય કામ નથી થયું, એ ખરેખર શોકજનક છે. આ દશાથી આપણી ભાષાને ઘણું ખમવું પડ્યું છે. પરંતુ હવે તો કેળવણી શિવાયનાં બીજાં ક્ષેત્રોમાં ગુજરાતી ભાષાની ઉપયોગિતા અંકાવા માંડી છે, અને ભાષાની સાદાઈ અને સરળતા તેમ જ બીજા અનેક કારણોને લઇને લોકજીવન એટલું તો જાગ્રત થયું છે કે રાજકીય વિષયમાં નાણાંવિષયમાં સમાજસેવામાં, ધર્મ અને કર્મના વિષયમાં લોકોએ ખૂબ રસ લેવા માંડ્યો છે અને તેની સાથે સાથે ગુજરાતી ભાષાની પણ ખિલવટ થઈ છે.

જગતભરની હાલની ભાષાઓની ઇમારત સાદાઈ તરફ વહે છે, અને એમની મૂળ ભાષા કે માતૃભાષાની અસરમાંથી છૂટી થઈ ભારેખમ અને શાસ્ત્રીય બંધારણ ત્યજી તદ્દન સાદી અને સરળ થતી જાય છે. ગ્લેડસ્ટનનું અંગ્રેજી બદલાઈ જોન બ્રાઇટનું અંગ્રેજી સ્થપાયું, અને મિલ્ટનની પદ્યભાષાની જગ્યાએ ટેનિસનની શૈલી દાખલ થઈ.

છેલ્લાં વીશ વર્ષમાં ભાષાનો ઝોક સાદાઈ અને સરળતા તરફ એટલો બધો વધી ગયો છે, કે કેટલાક લોકોની આંખમાં એ પલટો તો એક મોટી ક્રાન્તિ જેવો લાગે છે. માટે હું ફરી ફરીને કહું છું કે ભાષા સાદી, સરળ અને રાષ્ટ્રજીવનને ઘડનાર અને પોષનાર હોવી જોઈએ.

આવા પ્રકારની ભાષામાં લખાય એ જ ખરું સાહિત્ય. ગઈ કાલ સુધીનું સાહિત્ય આ કસોટીએ તપાસતાં માલમ પડશે કે ઘણે ભાગે તે અર્થ વગરનું, ઉપયોગ વગરનું અને જીવ વગરનું નીવડ્યું છે. રાષ્ટ્રના ઘડતરમાં કવિતા એક સાધન છે, અને એની સંગીતમયતા અને ઊર્મિપ્રાધાન્યને લઈને લોકજીવનમાં સંસ્કારિતાની પોષક છે, એમ હું માનું છું અને એનો જેટલો ઉપયોગ થાય એટલો કરવો જોઈએ. પરંતુ બુદ્ધિના અખાડામાં ઊતરી અક્ષરોના દાવપેચ કરવામાં કવિતાનો ઉપયોગ અત્યારે બીનજરૂરી છે.

નવલકથા પણ રાષ્ટ્રજીવનનાં ઘડતરમાં મોટું હથિયાર છે, જો

વાપરતા આવડે તો પરંતુ પરદેશી રેસાઓ ઉપર નવલકથાની વસ્તુ ગૂંથાયા કરવાની હોય અથવા નકલી કે ખોટા ઇતિહાસ પર રચાયલી આદિ નવલકથાને પાટલે મૂકી પૂજ્યા કરવાની હોય તો એવી નવલકથાની કંઈ જ કિમ્મત નથી

તેમજ નવલકથા કેવળ રંજન ખાતર વખત કાઢવા માટે જ લખાવાની હોય તો હું કહું છું કે એ સમય અને ધનનો ખોટો વ્યય છે અત્યારે આપણો એવો સમય નથી કે ગાદી તકિયે કે આરામખુરસીએ બેસી આપણે કેવળ દિલ બહેલાવવા સાહિત્ય વાચ્યા કરીએ અત્યારે તો સાદી અને સરળ ભાષામા લોકજીવનને મુક્તિને માર્ગે દોરે એવી રાષ્ટ્રવિધાયક નવલકથા હોય, તો જ તે તેનો કાર્ય-ઉપયોગ છે

રા કનૈયાલાલ મુનશીના તેમજ શ્રી ગૌરીશંકર જોષી (‘ધૂમકેતુ’)ના લખાણો જેટલે અંગે ગુજરાતના લોકજીવનને સ્પર્શ્યા છે, અને ગુજરાતી ભાષાનો પ્રવાહ જે દિશામા વહેવો જોઈએ તેને અનુસરીને આલેખાયા છે, તે પ્રમાણમા તેનુ ગુજરાતી સાહિત્યમા સ્થાન છે

એ જ વાત નાટકોને માટે તકવાદી અને કૃત્રિમ જીવનને અને અસંસ્કારી રહેણીકરણીવાળા જીવનને નાટકના તખતાપર રજૂ કરવાથી આપણો દહાડો નહી વળે અને રંગભૂમિનો સડો દૂર નહી થાય સમાજની કાળી બાજુને કોઈ પણ જાતના સુધારા વિના, એની અસરનો વિચાર કર્યા સિવાય, ચૂનો ઢોળવાની કૃચિયા-પીંછીથી બેચાર ધાબા મારી ચીતરાયલા નવલકથા અને નાટકોને હુ તો ઘણા જ હાનિકારક માનુ છુ પ્રામાણિકતા અને નગ્ન સત્ય કહેવાની હિમ્મતના બહાના હેઠળ, નાટકની શુદ્ધ કળાને વહેવી ન બનાવી શકાય રણછોડભાઈ, ડાહ્યાભાઈ, મૂળશંકર, અને નથ્થુરામે, સાચા ગુજરાતી જીવનને સ્પર્શ કરવામા ખરેખર સફળતા મેળવી હતી, અને એટલે દરજ્જે રંગભૂમિદ્વારા કુદરતી રીતે જનતાને લાભ પણ થયો હતો પછી તો તે વહેણ, ઉલ્ટાક રસ્તામા ફંટાઈ ગયા તે ફંટાઈ જ ગયા.

નાટકોનો ખરો ઉપયોગ તો સમાજના સડનો તોડવામા થવો જોઈએ આજ વર્ષોથી ગુજરાતી સમાજ અનેક હાનિકારક રૂઢિઓ અને ખોટા ધાર્મિક ખ્યાલોની અંદર સબડતો જાય છે એથી સમાજના આખા અંગો વિકાસ નથી થઈ શકતા, પણ એ માટે

બેડોળ થતુ જાય છે. એ બંધનોનું ઝેર તો એટલું બધું વ્યાપી ગયું છે, કે સમાજનું માનસ પણ તદ્દન ગુલામી દશાવાળું થઈ ગયું છે. એનાથી સ્વતંત્રપણે વિચાર પણ થઈ શકતો નથી. સામાજિક બંધનોના જુલમ તો અસહ્ય જ છે અને એનો જેમ બને તેમ વહેલો નાશ કરવાની જરૂર છે. સામાજિક સ્વતંત્રતા સાધવાને અને સમાજના પ્રાણ રુંધી રહેલાં બંધનો તોડવાને નાટકોને જરૂર સાધન તરીકે વાપરી શકાય.

ત્યારે લોકજીવનને સ્પર્શે અને પલટે, એ ખરી ભાષા અને ખરું સાહિત્ય. આકાશમાંના તારાઓ જેટલુ ઊંચું અને એ ઊંચાઈએ ધૂમકેતુઓની માફક ફરી, કોઈ કોઈક વાર દેખા દઈ લખાયલું સાહિત્ય તે સઘળું નિરર્થક. સંસ્કૃતની શબ્દચમત્કૃતિઓ વડે ચમકાવી, અને જ્ઞાનના આડંબરભારવડે લાદીલાદી, બીજાઓને બાળક જેવા લેખી, પોતે ઊંચે આસને બેસી રહેવાનું સલામત માનનારાઓએ સરજેલું સાહિત્ય, કેવળ ઓળા સમાન છે. એ સઘળું લોકોને મન ટગરટગર જોયાં કરવા પૂરતું જ, સમજવા માટે નહી. શબ્દોના એ ઠાલા ભણકારા લોકોને મન અર્થ વગરના છે.

નરસિંહ મહેતા, મીરાંબાઈ, પ્રેમાનંદ અને નર્મદ પછી તો ગાંધીયુગ. અને **ગાંધીયુગ તે જ અમરયુગ. એ યુગનું સર્જન તે જ સાચું સર્જન.** એ યુગનાં પોષક તત્ત્વો એ જ સાચાં તત્ત્વો. હજી તો એ યુગનું પરોઢિયું છે. એના મધ્યાહ્ન સમયમાં ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્યનો પૂરો વિકાસ થશે.

પત્રકારિત્વ પણ સાહિત્ય જ છે. વર્તમાનપત્રો પણ સાહિત્યનું અંગ છે. તેમાં લોકજીવન ઘડવાની અગાધ શક્તિઓ રહેલી છે. શુદ્ધ અને પ્રામાણિક હેતુથી લખનાર, રાષ્ટ્રજીવનના ઘડતરમાં વર્તમાનપત્રોના ફાળાની જેટલી કદર કરીએ એટલી ઓછી છે. આ સંબંધે સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ, મહેરજીભાઈ માદન, મર્હૂમ કેખશરૂ કાબરાજી. અને મર્હૂમ બેહેરામજી મલબારી, શ્રી. ઠાકોરરાય ઠાકોર, શ્રી. મણિભાઈ દેશાઈ, શ્રી ચન્દ્રશંકર પંડ્યા, શ્રી સોરાબજી કાપડિયા, શ્રી. શામળદાસ ગાંધી, શ્રી. ખંડુભાઈ દેશાઈ, શ્રી પ્રભુદાસ મોદી, શ્રી. જયંતીલાલ અમીન, અને શ્રી અમૃતલાલ શેઠ, વગેરેની ખાસ નોંધ લેવી ઘટે છે.

આ પરિષદના સત્કારમંડળના અધ્યક્ષ શ્રી અંબાલાલ જાનીની ગુજરાતી સાહિત્યની સેવા ગુજરાતી સાહિત્યના ઘણા ક્ષેત્રોમાં છે, પરંતુ વર્તમાનપત્રદ્વારા તેમની ગુજરાતી જનસમાજની સેવા ગયાં પચ્ચીસ વર્ષ થયાં સતત અને સંગીન છે, તે માટે એમને હું ખાસ અભિનંદન આપું છું.

જે સંસ્થાઓ ગુજરાતી સાહિત્યને લોકોપયોગી બનાવી રહે છે તેમની સેવાની કિંમત પણ કાંઈ ઓછી નથી. ગુજરાતને ગામડે ગામડે પુસ્તકો પહોંચી શકે એટલું જ નહિ, પણ ત્યાંના લોકો ખરીદવાને સુગમ થઈ પડે એટલાં સસ્તાં વહેંચી શકે એવી સંસ્થાઓને તો ખરેખર ધન્યવાદ છે. મારી જાણમાં તો એવી બે સંસ્થાઓ છે. એક તો "સસ્તુ-સાહિત્ય-વર્ધક કાર્યાલય," અને બીજું "નવજીવન કાર્યાલય." "સસ્તુ-સાહિત્ય-વર્ધક" સંસ્થાએ સારાં અને સરળ ગુજરાતી પુસ્તકોના પ્રચારનો કરવામાં જે ફાળો આપ્યો છે, તે માટે ભિક્ષુ અખંડાનંદનો ગુજરાત જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે. ખરું જોતાં તો એ કામ સાહિત્યપરિષદનું જ કહેવાય અને તે ક્યારનું થવું જોઈતું હતું. "સસ્તા સાહિત્ય" તરફથી પુસ્તકો ગુજરાત ઉપરાંત ગુજરાત બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે તે દેશદેશ પહોંચ્યાં છે, એ ખરેખર આનંદની વાત છે. એ જ પ્રમાણે તદ્દન પડતર કિંમતે ઊંચું અને વિચારભર્યું સાહિત્ય પ્રકટ કરી, પ્રચાર કરવામાં "નવજીવન કાર્યાલય"નો હિસ્સો પણ જેવો તેવો નથી. સારું તેમ જ સરળ સાહિત્ય પ્રકટ કરવું, અને લોકોને તેમાં રસ લેતા કરવા, એ કંઈ સાધારણ કામ નથી. એમાં કુનેહ, ઝીણી સમજ, નાડ પારખવાની આવડત, અને [illegible] અને સેવાભક્તિની જરૂર છે. સાહિત્ય પરિષદ આ દિશામાં જેટલું કરે તેટલું ઓછું છે. આજ સુધી એ દિશામાં કંઈ ન થયું હોય તો ભલે, [illegible] ગણવાની જરૂર છે. બીજી પ્રચારક સંસ્થાઓ મુંબઈ, અમદાવાદ, રાજપુર, વગેરેમાં છે, પણ ઉપલી બે સંસ્થાઓના નામ અને પ્રથમ પ્રયાસ તો ખરેખર નોંધવા જેવા છે. તેમાંય નવજીવનના કાર્યવાહકોનું તો [illegible]

[illegible] સાહિત્યની સેવા [illegible] નાના જુવાન મિત્રો [illegible] અને [illegible] સંપાદના [illegible] અને ખાસ [illegible] ઇતિહાસ

વિશે, કર્તા અને ક્રિયાપદની ગોઠવણી વિશે, અને અત્યંત આગ્રહપૂર્વક તો જોડણીના નિયમો વિશે ડહાપણના શબ્દો કહ્યા હશે. વ્યાખ્યા અને નિયમોના તમારા જ્ઞાનભંડારમાં હું કંઈ પણ ઉમેરો નહીં કરી શકું. જોડણીના અને વ્યાકરણના નિયમોને ડગલે ડગલે ઠોકરો મારવામાં કંઈ બહાદુરી કે મોટાઈ નથી, પરંતુ એ વિષયમાં ચિવ્વટ—હદબહારની ચિવ્વટ રાખી, માથા કરતાં મણીકો ભારી કરવામાં પણ કંઈ સાર નથી. ભાષાને માટે નિયમ છે, નિયમને માટે ભાષા નથી. જગતની સઘળી ભાષાઓમાં ફેરફાર તો થયાં જ કરે છે. અંગ્રેજી ભાષામાંયે આજે પણ એ ભાષાના ઘણાયે શબ્દોની જોડણી અને ઉચ્ચારમાં વારંવાર ફેરફાર થતા જાય છે. વ્યાકરણ અને જોડણીના કાબેલ ચોકીદારોની ચોકી છતાં ગુજરાતી ભાષાનું વલણ ભલભલાની નજર ચુકાવીને છટકીને આગળ વધતું જ જાય છે. અનેક નિયમોની જાળમાં દૃઢ બંધાયલી સંસ્કૃત ભાષાએ પણ દશીવીશીમાં દશાપલટ અનુભવી છે. એ ઘડભાંજ તો અસલ જૂની છે, અને તે ગમે તેવી ચોકસ નજરવાળા સિપાઈનો પહેરો હશે તોયે થયા જ કરવાની છે. માટે ઊગતા જુવાનિયાઓને હું ખાસ અરજ કરું છું કે તમારે એની ચિંતા કરવી નહીં એ મારી એમને પહેલી સૂચના.

અને બીજો બોલ એમને જે કહેવાનો તે એ કે અત્યારે ખરેખરો મન્થન કાળ છે, એનો પૂરેપૂરો લાભ લેજો. સાહિત્યનો ઘણીયે વાર કરવામાં આવે છે એવો સાંકડો અર્થ કરશો નહીં. તેમજ આડંબરી અર્થ પણ કરશો નહીં. સાહિત્યનો ખરો આધાર વસ્તુ ઉપર છે. અસલ ગુજરાત તો કેવુયે માતબર હશે, કોણ જાણે. પણ અત્યારે તો નવું ગુજરાત પ્રકટી રહ્યું છે. એના તેજની રેખાઓ વડે ગુજરાત બહારનાં અંધારાં પણ અલોપ થવા માંડ્યા છે એ ગુજરાતમાં અત્યારે તપનો પ્રભાવ છે; દેશદાઝના ઊંચા ખમીર છે, ભોળા અને નીડર ખેડૂતોની ખરી મહેનત છે, સાચી નિખાલસતા છે, અજાયબ પમાડે એવી ત્યાગની ભાવના અને ખાનદાની છે, ડહાપણ-ભર્યો અને વ્યવહારુ ઘરસંસાર છે, અજય અને અમોઘ અહિંસાનું હથિયાર છે. પ્રેમ, સત્ય અને શાન્તિનો તરવેણી સંગમ છે. કવિતા, નાટક કે નવલકથા માટે એવી કઈ ભાવના અહીં ઓછી છે કે તમારે પારકી આશા પર આધાર રાખવો પડે ? એવી કઈ પ્રેરણા અને વસ્તુ

અધૂરું છે કે તમારે બહારનાં સાધન શોધવા જવું પડે? એનું જાહોજલાલીવાળું હાલનું ગુજરાત છે, અને એની બરકતવાળી એની સાહિત્ય સામગ્રી છે. આજે તમારી નજર સામે જે ભવ્ય ગુજરાત છે એ જ તમારા જીવંત સાહિત્યની સાચી કામધેનુ છે. એવા અખૂટ-ધન વડે તમે શું શું પેદા નહીં કરી શકો?

સાહિત્યપરિષદના તેમ જ પરિષદમંડળના બંધારણ વિષે ચર્ચા કરતા પહેલાં, સાહિત્યપરિષદમાં શું થયું છે તેનું ટૂંકું નિવેદન કરવું જોઈએ. અમદાવાદમાં પહેલી સાહિત્યપરિષદ મેળવવાનો સઘળો યશ સ્વ. રણજિતરામ મહેતાને છે, પણ મહત્ત્વની વાત એ પરિષદમાં તેમણે સ્પષ્ટ કરેલો મુદ્દો વધારે ધ્યાન ખેંચે એ છે.

“આપણા દેશનું ભાગ્ય ઉઘડે અને આપણી પ્રજાનો ઉત્કર્ષ શી રીતે થાય” એ એમની મુખ્ય ભાવના આપણે કદી વીસરી જવી જોઈએ નહીં. એ ઉદ્દેશથી એમણે જે પ્રથમ સંમેલન ઈ. સ. ૧૯૦૫માં યોજ્યું હતું તેનું આજે દસમું સંમેલન થાય છે. સંતોષની વાત તો એ છે કે આવાં સંમેલનો ભરવામાં હિન્દુસ્તાનના બીજા પ્રાંતો કરતાં ગુજરાતે પહેલ કરી છે. લગભગ એ જ પ્રકારનાં મરાઠી, હિન્દી અને બંગાળી સાહિત્યસંમેલનો થયાં, પણ તે ૧૯૦૫ પછી જ. આ પહેલ કરવામાં ગુજરાત સ્વાભાવિક ગૌરવ લે એમાં કાંઈ નવાઈ નથી. ઈ. સ. ૧૯૦૭માં બીજી પરિષદ ભરાઈ, ત્રીજી ૧૯૦૮માં મળી અને એ પરિષદમાંથી નાણાપ્રકરણના ફણગા ફૂટ્યા. રાજારજવાડાઓના આશ્રયની આશાએ રાજકોટમાં ભરાયેલી એ પરિષદમાં બંડોળકમિટીની સ્થાપના થઈ, અને વડોદરામાં ભરાયેલી ચોથી પરિષદમાં એ યોજનાને સદ્ધર ટેકો પણ મળ્યો. પરિષદના કાર્યમાં નિબંધો વાંચવાની અને તે એકઠા કરવાની, વળી વિભાગો રચવા વગેરેની કાર્યદિશાઓ ઉપરાંત, આ નાણાપ્રકરણે જ વધારે ધ્યાન અને ચર્ચા આકર્ષ્યાં છે, તે એટલે સુધી કે કોઈક કોઈક વાર સાહિત્યપરિષદનો ટૂંક ભંડોળ પરિષદ જેવો દેખાવ થતો હતો. સાહિત્યની દિશામાં કંઈક સક્રિય કામ કરવાની વારંવાર બૂમો પાડવા છતાં એ સંબંધમાં સ્વ. રણજિતરામે નક્કી કરેલા ધ્યેયથી પરિષદનું વહાણ આઘું ને આઘું ઘસડાતું ચાલ્યું એ શોકની વાત છે, અને એથી સ્વાભાવિક રીતે પરિષદમાં નીરસતા અને નિર્જીવતા દાખલ થતાં પામ્યાં હોય તેમાં શી નવાઈ? ઈ. સ. ૧૯૧૫માં પાંચમી

પરિષદ સુરતમાં મળી. ત્યાં વિભાગવાર વિષયોની યોજના ઘડાઈ અને તે અમદાવાદમાં ભરાયેલી છઠ્ઠી પરિષદમાં વધારે વિકાસને પામી. અમદાવાદમાં પરિષદને તેના પ્રથમ પ્રમુખ તરફથી એક રકમ મળી. અને એ જ પ્રસંગે બીજી પણ રકમો મળવાનાં વચનો આવી મળનાં એ પરિષદમાં એક પરિષદમંડળ સ્થાપવાનો અને તેનું બંધારણ ઘડવાનો વિચાર ચર્ચાયો.

એ પરિષદમાં સૌથી અગત્યનો મહાત્મા ગાંધીજીએ રજૂ કરેલો ગુજરાત વિદ્યાપીઠ સ્થાપવાનો ઠરાવ અને સૌએ વધાવીને પસાર કરેલો એ ઠરાવ હજુ સુધી ફલિત નથી થયો, એની પણ નોંધ લેવી ઘટે છે. ભાવનગરમાં ભરાયેલી સાતમી પરિષદમાં પણ નાણાંભંડોળમાં કંઈક ઉમેરો થયો અને એ ધનસંચયની યોગ્ય વ્યવસ્થા કરવા પરિષદમંડળ નીમવા માટે એક ખાસ સમિતિ પણ નીમાઈ. એ સમિતિએ નક્કી કરેલી યોજના પર વિચાર કર્યા પછી મુંબાઈમાં ભરાએલી આઠમી સાહિત્યપરિષદે એક પરિષદમંડળની સ્થાપના કરી, અને તે ૧૯૨૪ની સાલમાં કાયદા પ્રમાણે નોંધાયું. ૧૯૧૫માં ધારેલું તે નવ વર્ષના ગાળા પછી મંડળ નોંધાયું. તેના નિયમોમાં સુધારાવધારાની તરત જરૂર જણાવાથી તા. ૧૪મી ફેબ્રુઆરી ૧૯૨૬ને દિવસે વડોદરામાં મળેલી મંડળની સામાન્ય સભામાં સુધારાવધારા સાથે ખરડો મંજૂર કરવામાં આવ્યો, અને ત્યાં પસાર થએલો ખરડો રજીસ્ટ્રરને ત્યાં નોંધવામાં આવ્યો. તે વખતે બદલાયલા ઉદ્દેશો નીચે પ્રમાણે છેઃ—

(ક) ગુજરાતી ભાષા અને સાહિત્યની સર્વ શાખાઓ સંરક્ષવી, વિકસાવવી, વિસ્તારવી, અને ફેલાવવી.

(ખ) ગુજરાતી ભાષામાં કે ભાષા વિષે લખાયેલાં પુસ્તકો સંરક્ષવા, તૈયાર કરવાં, છપાવવાં કે પ્રસિદ્ધ કરવાં.

(ગ) ગુજરાતીઓનું સાહિત્યવિષયક ઐક્ય સંરક્ષવાનાં પગલાં લેવાં

તેમાંના પહેલા બે ઉદ્દેશોની બાબતમાં હું ઉપર વિવેચન કરી ચૂક્યો છું. બંધારણનો વિષય ત્રીજા ઉદ્દેશને લગતો છે.

બંધારણની રચના હું તો માનું છું તેમ સાદી અને સર્વગ્રાહી હોવી જોઈએ. બંધારણ તો એક સાધન છે. બંધારણ પ્રવૃત્તિનું પોષક હોવું જોઈએ, નહિ કે બાધક. પરિષદનું બંધારણ એવું હોવું જોઈએ કે ગુજરાતી સાહિત્યના વિષયમાં રસ લેનારી ભિન્ન ભિન્ન

વિચાર ધરાવનારી વ્યક્તિઓ સપ અને સહાનુભૂતિથી ગુજરાતી ભાષા અને સાહિત્યની સેવા એક મનથી કરે એવી યોજનાવાળુ હોવુ જોઈએ બધારણની જરૂરિયાત તો સૌ કોઈ સ્વીકારશે, પણ જો બધારણ વિશાળ અને વ્યાપક ન હોય તો તે નકામુ છે એ બધારણ સાદુ, સર્વમાન્ય અને સઘળા ઉદ્દેશને સમાવનાર હોવુ જોઈએ સાહિત્ય એ તો વાણીનુ ગગાજળ હોવુ જોઈએ કોઈ પણ આવે, એ પીએ, અને પવિત્ર બને સૌ કોઈ એનો લાભ લઈ શકે એમા બધ પ્રતિબધ પાલવે જ નહિ

હાલમાં થયેલા બધારણથી અસતોષ થયેલો છે, એ પણ હવે તો જાણીતી વાત છે નડિયાદમા છેલ્લી મળેલી પરિષદમા પસાર થયેલા ઠરાવોમા નીચેનો ઠરાવ નબર ' પસાર કરવામા આવ્યો હતો

" આ પરિષદ ચોક્કસ રીતે માને છે, કે પરિષદના તથા પરિષદ મડળના બધારણમા બનતી ત્વરાએ મહત્ત્વના ફેરફારો કરવાની જરૂર છે તેટલા માટે ચાલુ બધારણ, પ્રમુખ સાહેબને તા૦ ૨૬મીએ આપેલ લેખી માગણી તથા તા૦ ૨૭ મીએ આપેલ બધારણને લગતા ઠરાવોની છાપેલ દરખાસ્તો તથા અન્ય ગૃહસ્થો કે મડળો તરફથી જે કોઈ સૂચનાઓ આવે તે સર્વ તપાસીને, પરિષદ તેમ પરિષદ મડળના બધારણ યોગ્ય થાય અને પરિષદનુ પ્રાધાન્ય તથા મહત્તા જળવાય તેના, તથા બીજા ના ફેરફારો બન્ને બધારણોમા કરવા તે સૂચવી પોતાનો અહેવાલ મધ્યસ્થ સભાને મોકલાવી આપવા એક સમિતિ નીમે છે

મધ્યસ્થ સભાએ પોતાની સૂચનાઓ સાથે આ અહેવાલ બીજી પરિષદ બેસવાની પહેલા માસની અદર પરિષદ આગળ મજૂરી માટે રજૂ કરવો

આ સમિતિ નિર્ણય ઉપર આવતા પહેલા પોતાને યોગ્ય લાગે એવા ગૃહસ્થની જુબાની અગર લખિત અભિપ્રાયો લેશે, મેળવશે અને તે પર વિચાર કરશે

જ્યારે જ્યારે આ સમિતિમા કોઈ જગા ખાલી પડે ત્યારે ત્યારે તે જગા પૂરવાની પ્રમુખને સત્તા આપવામા આવે છે "

આ ઠરાવને સમિતિએ ગુજરાતી સાહિત્ય પરિષદના બધારણ વિષે એક ખરડો તૈયાર કર્યો છે અને હુ માનુ છુ કે આપ સઘળા એ ધ્યાનપૂર્વક જોઈ ગયા હશો એ ખરડા પર વિચાર કરતા એમાથી કુદરતી રીતે બે સવાલ ઊભા થાય છે.

પહેલો સવાલ એ છે કે આ એક્ટ ગમે તે રૂપમાં એ ખરડાનાં મુખ્ય મુદ્દાઓ છેવટનાં કબૂલ કરે એને લગતો છે. ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળ ૧૮૬૦ના ૨૧ માં એક્ટ પ્રમાણે રજીસ્ટર્ડ થયું છે. મંડળ સ્થાપવાને એ કાયદાના 'સેકશન' એ પ્રમાણે મંડળનું નામ, હેતુઓ અને મંડળની વ્યવસ્થાપક સભા એ ત્રણ ફરજિયાત છે અને એના સંબંધમાં આ યોજના સાથે મંડળના નિયમોની એક યાદી પણ હોવી જોઈએ. એ ખરડો રજીસ્ટર્ડ થયેલો છે. એક્ટની બારમી કલમ મંડળને હેતુઓમાં વધારા ઘટાડા કરવાની, બીજા મંડળ સાથે જોડી દેવાની સત્તા આપે છે. ૧૩મી કલમ મંડળને બરખાસ્ત કરવા સંબંધી છે. તે ઓછામાં ઓછી ⅗ બહુમતી વાળાઓના મતથી પસાર કરી શકાય. કલમ ૧૪મી ઠરાવે છે, કે એવી રીતે મંડળ બરખાસ્ત થતાં એની મિલકત અને ભંડોળ એનાં સભ્યોમાં વહેંચી શકાય નહિ. પરંતુ ઓછામાં ઓછી ⅗ હાજર સંખ્યાની બહુમતી વડે એ મિલકત કોઈ બીજા મંડળને આપી શકાય. એમાં બરખાસ્ત કરતી વખતે સભ્યો જાતે અથવા અવેજી કે મુખત્યારનામાથી મત આપી શકે.

ઉપલી કલમો જોતાં એમ લાગે છે, કે નવું બંધારણ જે કરવા ધાર્યું છે, તે તો હાલનું મંડળ બરખાસ્ત કર્યે જ હસ્તીમાં આવી શકે. ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળ અને એનાં ભંડોળમિલકત ગુજરાતી સાહિત્ય પરિષદના નવા રજીસ્ટર્ડ થનારા મંડળને સોંપી શકાય, એ જ યોગ્ય માર્ગ લાગે છે. મંડળના નામમાં ફેરફાર કરવા માટે કાયદામાં એક પણ કલમ નથી. રજીસ્ટર્ડ થયેલા મંડળના હેતુઓમાં અને કમીટીએ તૈયાર કરેલા ખરડાઓના હેતુઓમાં મને મહત્ત્વના ફેરફાર લાગે છે. સૂચવાયલા બંધારણમાં બીજો વિભાગ સૌથી અગત્યનો છે, અને એ પર સઘળાનું ધ્યાન ખેંચું છું. તે ફકરો ૮મો જે મધ્યસ્થ સભાના બંધારણ સંબંધી છે. મને એ આખું પૂરેપૂરું વિશાળ લાગતું નથી અને એના પર ફરીથી વિચાર કરવાની જરૂર છે. સૂચવવામાં આવેલું બંધારણ સપ્રમાણ નથી, અને ઉપલો ભાગ પ્રમાણમાં બહુ જ ભારી છે. અને (ક) (ખ) અને (ડ) નિયમોમાં જણાવેલી બાબતો પણ પ્રમાણસર લાગતી નથી.

એટલે હું માનું છું કે જૂનું મંડળ બરખાસ્ત કરવું અને ફરીથી

નવે પાને નવું મતું પાડવું નના મંડળના બંધારણમાં મધ્યસ્થ સભા સઘળા વિચારવાળા સભ્યોની હોવી જોઈએ ચાલુ બંધારણમાં એમ ન હોવાથી એ એકહથ્થુ થવાનો ભય રહે છે

બીજો મુદ્દો વિભાગ ચોથાને લગતો છે અને તે મધ્યસ્થ સભાની મુદ્દત અને નખતોનખતની ચુંટણી સંબંધી છે જુનું બંધારણ નવે-સરથી રચવું અને સૂચવાયલી યોજનાઓમાં ફેરફાર કરવા, અને ભાષા અને સાહિત્યના વિષયમાં સર્વે પ્રકારના મત ધરાવનારાઓનું પ્રતિ-નિધિત્વ રાખવું જોઈએ, જેથી ગુજરાતી ભાષા અને સાહિત્ય ખરે માર્ગે અને પ્રજાના ઉપયોગી માર્ગે દોરાય મધ્યસ્થ સભા એટલા નિપુણ કે ચતુર માણસોની જ બનેલી હોવી જોઈએ નહિ એવી સભા ઘણે ભાગે જડ થઈ એમ છે

ગુજરાતી ભાષાના હિત તરફ જ નક્કી થનારા બંધારણનું ધ્યેય હોવું જોઈએ ગુજરાતી ઓની આખી પ્રજા સાથે એ બંધારણનો જીવંત સંબંધ હોવો જોઈએ, તો જ ગુજરાતી જીવન તથા તેના વિચારવાળા ગુજરાતી ભાષા અને સાહિત્યનો વિકાસ થઈ શકે એ ચોકામાં નાતજાતના અંતરાય વિના, નાના મોટાના ભેદભાવ વિના સૌ કોઈનું સ્થાન હોવું જોઈએ એમાં કોઈ એક મંડળની સત્તા કે જોહુકમી ન હોવી જોઈએ "પંચ ત્યાં પરમેશ્વર" તે પ્રમાણે સર્વ મનને રજુ કરનાર એ પંચ હોય તો તે પંચની હકૂમત સૌ કોઈ પાળવા તયાર થાય નરસિંહ મહેતા જ્ઞાનીતા પરભાતિયામાં કહે છે તેમ,

"પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમદૃષ્ટિને સર્વ સમાન"



દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
પ્રમુખ : ગુજરાતી સાહિત્ય પરિષદ સમેલન,
અગિયારમુ અધિવેશન,
લાઠી, ૧૯૩૩.

દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનું ભાષણ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન
અગિયારમું અધિવેશન · લાઠી
ડિસેમ્બર ૧૯૩૩

દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

[ઈ. સ. ૧૮૬૮]

પોતાની સ્વસ્થતાથી અને સૌજન્યથી જેમણે ગુજરાતને આકર્ષ્યું છે અને નીરવ રહીને જેમણે ગુજરાતી સાહિત્યની સતત સેવા કરી છે એવા દીવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી લાઠીમાં મળેલ સાહિત્ય પરિષદ સંમેલનનું પ્રમુખપદ શોભાવે છે.

'ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તમ્ભો'ના ગ્રંથોના કર્તા તરીકે એમને ગુજરાત ઓળખે છે. સાહિત્યના ઇતિહાસ ઉપરાંત તટસ્થ વિવેચન પણ બન્યું તેટલું એ ગ્રંથોમાં એમણે ઉમેર્યું છે. ગુજરાતી અને અગુજરાતી અભ્યાસીઓ માટે આ પુસ્તકો માર્ગદર્શન તરીકે બહુ ઉપયોગી પૂરવાર થયાં છે. એ ઉપરાંત વરસો થયા 'મોડર્ન રિવ્યુ' માસિકનાં પૃષ્ઠોમાં ગુજરાતી ગ્રંન્થોનાં સંક્ષિપ્ત અવલોકનો તેઓ આપ્યા કરે છે અને સતત વહેતા સાહિત્ય-પ્રવાહની સાથે પોતાનો સંબન્ધ અવિચ્છિન્ન રાખે છે.

એમના ફારસી ભાષાના જ્ઞાનથી પણ ગુજરાતને લાભ થયો છે. ઇતિહાસના ગ્રન્થોના અનુવાદ કરીને અને ગુજરાતને લગતી બીજી વિગતો વગેરેનો ઉદ્ધાર કરીને એમણે આપણને સારી સમૃદ્ધિ આપી છે. ઘણીવાર ફારસી સાહિત્યનો રસાસ્વાદ પણ એમણે કરાવ્યો છે. અભ્યાસના ક્ષેત્રમાં મુસ્લિમ અને પારસી લેખકોના સાહિત્યનું પણ એમણે મમત્વથી નિરીક્ષણ કર્યું છે.

ગુજરાતી ભાષા અને સાહિત્યના અભ્યાસને માટે મુંબાઈની વિદ્યાપીઠમાં એમણે જે કાર્ય કર્યું છે તે તો એ વિદ્યાપીઠનો વિગતોથી ભરેલો ઇતિહાસ બહાર પડશે ત્યારે જ જણાશે. પરંતુ આજે યે તેઓ ગુજરાતીના અભ્યાસના એક પીઢ સંરક્ષક તરીકે વિદ્યાપીઠમાં જાગતી જ્યોત સમા બેઠા છે. વય અને જ્ઞાનની વૃદ્ધિ સાથે જે સ્વસ્થતા એમણે કેળવી છે તે એમના પરિચયમાં આવનારના લક્ષમાં તરત જ આવે છે. અને ગુજરાત માટે પોતાથી બને તે બધુ કરવાની તત્પરતા પણ એમનામાં તીવ્ર સ્વરૂપમાં રહેલી છે એ આપણાથી અજાણ્યુ રહેતું નથી. સ્વ. કલાપીના ધામમા-પરિષદનું સંમેલન મળે ત્યારે આવા એક પ્રૌઢ સાહિત્યકાર પ્રમુખપદે હોય એ જ ઉચિત અને શોભાસ્પદ હતું.

ઉપોદ્‌ઘાત

મહેરબાન ઠાકોરસાહેબ, સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો !

ગુજરાતી સાહિત્યપરિષદના અગિયારમા સંમેલનના સત્કાર-મંડળે સંમેલનના પ્રમુખ તરીકે મારી ચૂંટણી કરી છે અને તેને આપ સર્વેએ બહાલી આપી છે તે બદલ હું તેમનો તથા આપ સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. સાથે સાથે મારા પોતાના દૃષ્ટિ-બિંદુથી જોતાં મારે એ જણાવવું જોઈએ કે મને સંમેલનના પ્રમુખ-પદે સ્વીકારવામાં સત્કારમંડળે, તથા તેને બહાલી આપવામાં આપ સૌએ મારી યોગ્યતાને બદલે મારા પ્રત્યેના પક્ષપાતને અગ્રસ્થાન આપી પ્રસ્તુત ઠરાવ કર્યો છે. પક્ષપાતી ઠરાવ એ ખરો ઇનસાફ કહે-વાય નહિ, અને એ ઠરાવ સામે મારે અપીલ નોંધાવવી હોય તો તે ક્યાં નોંધાવવી તે બાબત પણ હું મૂંઝવણમાં પડ્યો છું. કારણ સત્કાર-મંડળના ઠરાવ સામે હું આપ સર્વેની પાસે અપીલ નોંધાવી તે ઠરાવ ફેરવવા માગણી કરી શકત, પરંતુ આપ સર્વેએ પણ તેને બહાલી આપી છે, તો હવે મારે માત્ર આખા ગુજરાતના વિદ્યારસિક બહેનો ને ભાઈઓ પાસે બીજી—એકંદર—અપીલ નોંધાવવાની રહી તે હું નોંધાવું છું. જો તેઓ પણ એ ઠરાવ બહાલ રાખશે તો હું હાર્યો ગણાઈશ; જો બહાલ ન રાખતાં મારી યોગ્યતા ને પાત્રતા વિરુદ્ધ ફેંસલો આપશે તો હું જીતીશ, કારણ તેઓ અને હું એકમતના થઈશું. એટલે જો મારી યોગ્યતા ન હોવાને લીધે આ પ્રમુખપદના અંગેની ફરજો તથા જવાબદારી મારાથી અદા ન કરી શકાયો હોઉં તો તેનો ભાર—ને બદલે ઠપકો—મારે શિર ન રહેતાં મને ચૂંટનારા ઉપર રહેશે. એ બાબત સહેજ પણ મારી ખુશીપર રહેવા દીધી હોત તો હું તે સાથે લેવાની ચોખ્ખી ના કહેત અને તે પણ માત્ર શિષ્ટાચાર ખાતર નહિ પણ મારા અંતઃકરણની ના પાડવાથી જ.

શોકદર્શન

આપણું સાહિત્ય [illegible] પહેલાં ઉજવાયેલાં સંમેલન અને [illegible]

સંમેલન વચ્ચેના ગાળામાં જે સાહિત્યરસિક અને દેશોદ્ધારના રણક્ષેત્રમાં ઘૂમનાર વ્યક્તિઓ સ્વર્ગસ્થ થઈ છે તેનના અવસાન બદલ તથા આપણને ગયેલી ખોટ માટે આપણા સંમેલન તરફથી અંતઃકરણપૂર્વક શોક દર્શાવવાની હું તમારી રજાથી આ તક લઉં છું.

(અ) સદ્‌ગત વિઠ્ઠલભાઈ પટેલ મારા જૂના મિત્ર હતા. તેઓ સાહિત્યના ક્ષેત્રમાં ઘૂમ્યા નથી, એ વાત ખરી છે, પરંતુ એ સંકુચિત ક્ષેત્રમાં કેદ થઈ રહેવું સ્વભાવતઃ જ તેમને માટે અશક્ય હતું. તેમના સ્વભાવને તો રાજકીય ક્ષેત્ર જેવું વિસ્તૃત ક્ષેત્ર જ માફક હતું. તે ક્ષેત્રમાં લડી તેમને દેશોદ્ધાર કરવો હતો. દેશના ઉદ્ધાર વડે સાહિત્યનો ઉદ્ધાર છે, કારણ જે દેશ સ્વતંત્ર તેનું સાહિત્ય સ્વતંત્ર, એટલે દેશના ઉદ્ધાર પર સાહિત્યનો ઉદ્ધાર પણ અવલંબે છે. કેવળ સાહિત્યપ્રવૃત્તિમાં જ મચ્યા રહેનારાઓ તેમને પોચા ને ઢીલા લાગતા. છતાં જો તેમનો મનોરથ પાર પડ્યો હોત તો એ પોચી ને ઢીલી વ્યક્તિઓ પર પણ તેમની સ્નેહનો પ્રત્યાઘાત થતાં તે પણ કઠણ ને રીઢી બનત. એમના અવસાનથી દેશને, અને ખાસ કરીને આપણા પ્રાંતને, ન પૂરી શકાય એવી ખોટ પડી છે. જેની ખોટ દેશને લાગે, પ્રાંતને લાગે, તેની સાહિત્યને પણ લાગે : કારણ અમુક પ્રાંત યા દેશનું સાહિત્ય તે પ્રાંત યા દેશની હિલચાલથી વિરક્ત રહી શકતું નથી. ઈશ્વર એમના આત્માને શાન્તિ આપો !

(બ) સ્વર્ગસ્થ ભાઈ મટુભાઈ હરગોવિંદદાસ કાંટાવાળાને અંજલિ આપ્યા શિવાય મારાથી કે આપનાથી કેમ રહેવાય ? મારો ને એમનો સંબંધ જૂનો હતો તેનાથીએ વધારે જૂનો સંબંધ એમના અને મારા કુટુંબનો હતો. એમના પિતાશ્રી અને મારા પિતાશ્રી, બંને આપણા પ્રદેશમાં નવી પદ્ધતિએ અપાતી કેળવણીનાં રોપાયેલાં બીજને પાણી પાઈ ઉછેરનાર જે ગણ્યાગાંઠ્યા તે વખતના કેળવણીકારો હતા, તેમાં સાથે કાર્ય કરનાર મિત્રો હતા. ભાઈ મટુભાઈ આપણા સાહિત્યને ખીલવવા માટે લાગણીપૂર્વક મચ્યા રહેતા અને તે કાર્યમાં તેમને સહકાર આપવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. એમનાં આદરેલાં એ શુભ કાર્યો અધૂરાં નહિ રહે અને નાતાલ સુધીમાં અમે તે પૂરાં કરી નાંખીશું એવી મને ખાતરી હતી. વળી પોતે હાલ તરતમાં જ યુનિવર્સિટીના ફેલો તરીકે ચૂંટાઈને આવ્યા હતા. એટલે ત્યાં પણ જે થોડા ઘણા ગુજરાતીઓ છે તેઓ સર્વે સંમત થઈ કાંઈ ઉપ-

યોગી દિશામાં કામ કર્યું, એવી આશા હતી પણ એ બધી આશાઓ એમના અકાળ અને એકાએક આકસ્મિક અને અણધાર્યા અવસાનથી ધૂળમાં મળી ગઈ એમની સાહિત્યસેવાઓ અમર્ત્ય હતી એમના સ્પષ્ટ વક્તવ્યથી એમણે આપણા માસિકોમાં એક અનેરી છાપ પાડી હતી 'સાહિત્ય" માસિક એમનું સદાયનું સ્મરણચિહ્ન રહી એક નિખાલસ સ્વભાવનો સાહિત્યવિલાસી શું શું કરી શકે છે તેની હમ્મેશ યાદ આપતું રહેશે "સાહિત્ય" ઉપરાંત પણ રા મટુભાઈની સાહિત્યસેવા ઘણી કીમતી હતી ઈશ્વર એમના આત્માને શાન્તિ આપો

(ક) આપણા પારસીભાઈઓ મી૦ કાવસજી હોડીવાળા, મી૦ જી કે નરીમાન, સર જીવણજી જમશેદજી મોદી, એમના આત્માને આપણે સૌ અંજલિ આપીએ છીએ એ ત્રણે કલમબાજ જરથોસ્તીભાઈઓ સંસ્કૃતના સારા અભ્યાસી હતા તે ઉપરાંત ઠેઠ સુધી તેઓ ગુજરાતી સાહિત્ય પ્રત્યે મમતા દેખાડી હમેશ તેની બહેતરી ઇચ્છતા સંસ્કૃતના જ્ઞાનને લીધે ગુજરાતી શૈલીપર એમનો સારો કાબૂ હતો અને એઓ ગુજરાતી સાહિત્ય માટે જે કાંઈ કરી ગયા છે તે અલબત્ત મહત્ત્વ વિનાનું નથી ઈશ્વર એમના રૂહને શાંતિ બક્ષો

(ડ) મર્હુમ પીરોજશાહ જહાંગીર મર્ઝબાન જેઓ 'પીજામ' ને નામે ઓળખાતા અને જેઓ "જામે"ના અધિપતિ—માલેક અધિપતિ હતા, તેઓ પારસીગુજરાતી પત્રકાર તરીકે અને રમુજી વાર્તાઓ વગેરેના લેખક તરીકે મશહૂર થઈ ગયા છે, તેમના મૃત્યુથી સારા ગુજરાતી પત્રકારોની સંખ્યા ઘટતા એ દિશામાં ઘણી મોટી ખોટ આવી છે

આ ઉપરાંત માર્ચ આખરે રા રા શિવપ્રસાદ દલપતરામ પંડિતના દુઃખદ અવસાનની સખેદ નોંધ લેવી જોઈએ એ પંડિતે જીવનચરિત્રના વિષયને પોતાનો કરી ગુજરાતી ભાષાના આ અંગને 'ભારતના શ્રી રત્નો,' 'ભારતના સન્નારીઓ' વગેરે વાર્તાઓ લખી સમૃદ્ધ કરી ગુજરાતી ભાષાની ઉત્તમ સેવા કરી હતી

મારી મર્યાદા

સન્નારીઓ અને સદ્ગૃહસ્થો ! મારા પહેલાં આ ઉચ્ચ આસનને આ રચના સોના જેવી સાહિત્યસેવા કરનાર દશ વિદ્વાનો શોભાવી ગયા છે તેમનામાં કોઈ પ્રખર ભાષાશાસ્ત્રી તો કોઈ જૂના સુધારાવાદી

સાહિત્યના આજીવન અભ્યાસી, કોઈ વૈયાકરણી તો કોઈ કેળવણી વિસ્તારનાર, કોઈ ફિલસૂફ યાને તત્ત્વચિન્તક તો કોઈ વિવેચક, એવા એવા સમર્થ યોદ્ધાઓ હતા. તેઓ પોતાની વિદ્વત્તાથી, ખાસ અભ્યાસ કરેલા વિષયપર પ્રમુખપદેથી આપેલાં વ્યાખ્યાનો વડે, આપણી સાહિત્યભૂમિમાં અવનવા પ્રકારનાં બી વાવી ગયા છે. કમનસીબે સાહિત્યના એવા કોઈ પણ ગૂઢ વિષયનો મારો ખાસ અભ્યાસ નથી. એ મારી ખામી હું સમજું છું. રાજકોટના સંમેલન વખતે મહૂમ દી. બ. અંબાલાલભાઈની પણ કાંઈક મારા જેવી જ સ્થિતિ હતી. તેમની ઉમ્મરનો મોટો ભાગ તેમણે ન્યાયખાતામાં ગાળ્યો હતો. તેમને અર્થશાસ્ત્રના અભ્યાસનો ઘણો શોખ હતો, અને પરિણામે પોતે અતિ ઘણા વ્યવહારકુશળ હતા: છતાં તેમના વ્યાખ્યાનમાં જૂની ગુજરાતી કે મધ્યકાલીન ગુજરાતી, નરસિંહ મહેતાનો જન્મદિવસ યા મીરાંબાઈનો સમય, નરસિંહના સમયમાં કે તેની પૂર્વે વપરાતી ભાષાનું સ્વરૂપ, એવા એવા કોયડા પર વિવેચન કરી, તે કોયડા ઉકેલવાની દિશામાં કશી સૂચના કરવાનો માર્ગ તેઓ લઈ શક્યા નહતા. મારી દશા પણ તેવી જ છે: એટલે હું તો માત્ર આપણા સાહિત્યસમુદ્રને હલમલાવી રહેલા એક બે પ્રશ્ન ઉપર જ મારી અલ્પમતિ મને જે સૂચવે છે તે અનુસાર આપની સમક્ષ કંઈક વિચારો, વિચારણા માટે, રજૂ કરીને તેમજ એ વિચારને અમલમાં મૂકવા કંઈક સૂચન કરીને મને પોતાને કૃતકૃત્ય થયેલો સમજીશ.

સદ્‌ગત કલાપીને અંજલિ

નામદાર ઠાકોર સાહેબ! આ સંમેલન કઈ ભૂમિમાં મળવાનું પ્રાપ્ત થયું છે તે અત્રે ભેગી થયેલી મંડળીના ધ્યાન બહાર નથી. લાઠી એટલે સાહિત્યતીર્થ. જેણે પોતાનો બાપીકો વારસો જતો કરી એક રાજાએ અદા કરવાની ફરજો, એક નૃપતિએ માણવાના વિલાસ ને સુખ, એક રાજકુટુંબીએ ભોગવવાનું ઐશ્વર્ય એ બધાંને તુચ્છ ગણી, તેનો અનાદર કરી સાહિત્યવિલાસને જ પોતાનું ધ્યેય ગણ્યુ; સાહિત્યરસમાં મસ્ત રહી પોતાના જેવા જ સાહિત્યરસિકોને પોતાને આંગણે નોતરી, બોલાવી, રાખી, તેની પવિત્રતામાં વધારો કર્યો; ગોવર્ધનરામ, મણિલાલ, મણિશંકર ભટ્ટ, જટાશંકર (જટિલ) એવા એવા સમર્થ વિદ્વાનોને પોતાના ગુરુ બનાવી તેમના શિષ્ય બનવાનું પદ વગર આનાકાનીએ જે રાજવીએ સ્વીકાર્યું, તે રાજવી સાહિત્ય-

કાઠની રાજધાનીમા આ સાહિત્યસત્ર ઊજવવાનુ સદ્ભાગ્ય ગુજરાતી સાહિત્યપરિષદને પ્રાપ્ત થાય છે, એમા કોઈ ઈશ્વરી સંકેત જ હુ જોઉ છુ કલાપી ગયા, પરન્તુ તેઓ આ ભૂમિને કોઈક એવુ આકર્ષણ સોંપતા ગયા છે કે જેથી તેમના ઉત્તરાધિકારીઓ પણ તે આકર્ષણને વશ થઈ, તેમની જિંદગીના ધ્યેયને પોષવા પોતાનાથી બનતુ કરી રહ્યા છે જો તેમ ન હોત તો “સાપ ગયા ને લીસોટા રહ્યા” એ કહેવત ખરી પડત, પરન્તુ સાપ ગયા બાદ પણ આપણે કેવળ લીસોટા—સાપ ગયાની નિર્જીવ નિશાની—જોતા નથી, પરન્તુ સક્રિય, સજીવ, ચેતનવન્તો અંકુર જોઈએ છીએ જો કલાપીનો આત્મા સ્વર્ગમાથી આ પાર્થિવ ક્રિયાઓ પર નજર રાખતો હશે તો જરૂર તેને આથી અવર્ણનીય સંતોષ થતો હશે કારણ પોતે જીવતાજીવત જે ન કરી શક્યા તે તેમના ઉત્તરાધિકારીઓ કરે છે

નામદાર ઠાકોર સાહેબ! આ સમ્મેલન ભરવા દેવા માટે, તેના કાર્યકર્તાઓ જોડે આવો સારો સહકાર કરવા માટે, અને એ રીતે સદ્ગત કલાપીના આત્માને સ્નેહની અંજલિ અર્પવામા અમને સૌને ભાગ લેવા દેવા માટે, તમારો જેટલો ઉપકાર માનીએ તેટલો થોડો છે

કાઠિયાવાડની શ્રેષ્ઠતાના લક્ષણો

લાઠીને ગુજરાતમા અને કાઠિયાવાડમા મશહૂર બનાવનાર કલાપીએ માત્ર કાવ્યો ને ગઝલો કે ગદ્ય લેખો લખીને સંતોષ માન્યો નથી “હમીરજી ગોહેલ”ના લેખકને ઇતિહાસનો પણ શોખ હતો, અને તે કાઠિયાવાડના વતનીને માટે સુસંગત જ હતુ કાઠિયાવાડ એટલે શુ નહિ? કાઠિયાવાડની શ્રેષ્ઠતાદર્શક એના લોકપ્રિય સંસ્કૃત શ્લોકમા,

सौराष्ट्रे पञ्च रत्नानि नदीनारीतुरगमा ।
चतुर्थ सोमनाथश्च पञ्चम हरिदर्शनम् ॥

તો માત્ર પાચ જ શ્રેષ્ઠતાઓ બતાવી છે કાઠિયાવાડની નદીઓ, સ્ત્રીઓ, ઘોડીઓ, પ્રભાસમા સોમનાથના દર્શન અને દ્વારિકામા શ્રીકૃષ્ણના દર્શન પરન્તુ કાઠિઆવાડમા એ ઉપરાત બીજુ ઘણુ છે, કે તે જેની એટલા સાબિત કરે છે ગુજરાત(હાલ જેને આપણે ગુજરાત સમજીએ છીએ તે)મા જે જે કાંઈ આછાપાતળા રૂપમા જોવામા આવતું તે કાઠિયાવાડમા પૂર્ણ કલાએ પહોચેલુ જોવામા આવતુ

(ક) કાઠિયાવાડ એ વીર ભૂમિ હતી કાઠિયાવાડી મરદાણી ને રજ

પૂતાણીની કૂખકૂખે વીરો પાકતા. કાઠિયાવાડને ગામડે ગામડે ને તે ગામડાંઓનાં શૌર્યને પરાક્રમનાં સ્મરણચિહ્ન આજે પણ જોવામાં આવે છે. ગામડાને પાદરે ઊભા કરેલા પાળિયાના પત્થરો અને ચણેલી દેરીઓના ચોપડા જો બરાબર ઉકેલવામાં આવે તો તેમાંથી વીરતાના, શૌર્યના, આંધળિયાં કર્યાના, સ્વમાન જાળવવા માટે આપેલા ભોગના કેટકેટલાએ બનાવો પ્રસિદ્ધિમાં આવે! કાયરની નસોમાં પણ જોરથી લોહી વહેવડાવે એવાં કેટલાંએ દષ્ટાંતો મળી આવે! સાથે સાથે કાઠિયાવાડ એ બહારવટિયાઓ—'રોબિન હૂડ'ની ભૂમિ છે, એ પણ ભૂલી જવુ જોઈએ નહિ.

(ખ) કાઠિયાવાડ એ ભક્તોની ભૂમિ હતી, ઓલિયા સંતોની ભૂમિ હતી. આજે પણ કાઠિયાવાડમાં જેટલા "ભગત" મળી આવે છે તેમાંનો સોમો ભાગ પણ ગુજરાતમાં મળી આવતો નથી. કાઠિયાવાડે નરસિંહ મહેતા ને ભોજો ભગત ગુજરાતને આપ્યા છે, પણ એ તો અતિ ઘણી જાણીતી—જગજાહેર વ્યક્તિઓ. પરંતુ ત્યારપછી પણ આજની ઘડીએ પણ કાઠિયાવાડમાં કેટલા ભગતો છે તેની ગણતરી કરવામાં આવે તો તે જરૂર ઘણી મોટી સંખ્યા, મોટે ભાગે જે ઉચ્ચ વર્ગ કહેવાય છે તેમાંથી નહીં, પરંતુ રબારી, ભરવાડ, એવા પછાત ગણાતા વર્ગમાંથી, હરિજનોમાંથી પણ મળી આવે તો નવાઈ નહિ. જ્યાં ભગત હોય ત્યાં ભજનો, ભજનિયાં ખરાં. જેણે કાઠિયાવાડનાં ગામોમાં, અને વિશેષે કરી હરિજનોના વાસમાં એ ભજનો ગવાતાં, એ ભજનિયાઓ લલકારાતાં સાંભળ્યાં હશે, તેમણે જરૂર તેને ન ભુલાય—ન ભૂંસાય, એવો પોતાના જીવનનો લાવો માન્યો હશે. માત્ર એક એકતારો, તેની તુનતુનીનો અવાજ, અને બીજા બધાઓ એ અવાજ જોડે એકતાન થઈ જઈ, ભજનના વસ્તુમાં ઓતપ્રોત થઈ જઈ, બીજા વિષયોનું તરત પૂરતું ભાન ભૂલી જઈ જે ધૂન મચાવી રહે છે, તેનો ચિતાર આપવો મુશ્કેલ છે; જે જુએ ને સાંભળે તેને તેનો ખ્યાલ આવી શકે. એકતારો—તંબૂરો એવાં ભજનોમાં કાંઈક અનોખી જ ચેતના અને આર્દ્રતા રેડે છે. તંબૂરો ન હોય તો એની મઝા જ આવતી નથી; તેથી જ મહાત્મા ગાંધીજીનાં પ્રિય ભજનોમાંના એકમાં ગવાયુ છે કે,

"તૂટ્યો મારો તંબૂરાનો તાર, ભજન અધૂરું રહ્યું રે."

(ગ) કાઠિયાવાડ, એ ભાટચારણોની ભૂમિ છે. ગુજરાતમાં

એટલા ગજા, મહાગજા, ઠાકોરો, જાગીરદારો, જમીનદારો કે ઈજારદારો ગયા નથી કે જે ભાટચારણોને પોષી શકે એ વર્ગના પોશીદા તો રજવાડી વર્ગમાંથી મળે એટલે એમનો વાસ પણ જ્યાં રજવાડું હોય ત્યાં જ હોય, અને જ્યાં ભાટચારણોનો વાસ ત્યાં લોકસાહિત્ય ને લોકવાર્તાનો વાસ* આપણું એ વિશાળ કંઠસ્થ સાહિત્ય હજુ સુધી જળવાઈ રહ્યું હોય તો મુખ્યત્વે એ વર્ગને લીધે અને પછી ગં મેઘાણી, અને રા રાયચુરા જેવા સંગ્રાહકોને લીધે

(ઘ) કાઠિયાવાડ એટલે દુહા—લોકદુહા—પ્રેમશૌર્યની વાણીપ્રચુર દુહાની ભૂમિ દુહાની કોટીનું કોઈ પણ પ્રકારનું સાહિત્ય ભાગ્યે જ ગુજરાતમાં મળી આવે વર્ષાઋતુમાં ઝીણો ઝીણો, ઝરમર ઝરમર વરસાદ વરસતો હોય, વચ્ચે આડી નદી યા નાળું હોય, અને દુહા લલકારનાર એ નદી યા નાળાને સામસામે કિનારે ઊભા રહી, ડાંગ પર શરીર ટેકવી, જ્યારે એક બીજા જોડે વાદમાં—હરીફાઈમાં ઊતરે છે, એ દૃશ્ય, એ દુહા ગાનારની તન્મયતા જોઈ આપણે તળ ગુજરાતવાસીઓ હેરત પામી જઈએ છીએ

(ચ) કાઠિયાવાડ એ કચ્છની માફક, (હિંદુસ્તાનના ઇતિહાસના એક અમુક કાળમાં કચ્છ એ કાઠિયાવાડનો ભાગ ગણાતો) સાહસની ભૂમિ હિન્દુસ્તાનનો કોઈ પણ પ્રદેશ લ્યો બ્રહ્મદેશ, બંગાળા કે મદ્રાસ, પંજાબ કે મધ્યપ્રાંત, કરાંચી કે દક્ષિણ હૈદ્રાબાદ તે કાઠિયાવાડી વગરનો નહિ હોય, એટલે કાઠિયાવાડી વેપારી, કાઠિયાવાડી માણસ,× સુથાર, મોચી, કડિયો, છેવટ કાઠિયાવાડી મજૂર (દાડિયો) તો ત્યાં જરૂર જ જડશે કાઠિયાવાડી વેપારી, તેમાં વિશેષે કરીને મેમણ કોમ, ક્યાં નથી જડે? કાઠિયાવાડી મેમણ, વહોરા અને હિન્દુઓ, ઠેઠ લંકામાં જઈ વસ્યા છે 'લંકાની લાડી અને ઘોઘાનો વર' એ જૂની લોકોક્તિ પ્રસિદ્ધ છે જાવા આદિ દૂરદૂરના બેટો જૂના કાળથી કાઠિયાવાડીઓથી વસ્યા હતા મદ્રાસમાં તો એક આખી વણકર કોમ સૌરાષ્ટ્રી કહેવાય છે કોઈ જૂના વખતમાં કાળના—દુષ્કાળના માર્યા ઘણા કુટુંબો ત્યાં જઈ વસ્યા તે પાછા કાઠિયાવાડ આવ્યા જ નથી કાઠિયાવાડ દ્વીપકલ્પના કિનારાનો વતની, વહાણવટી, ખારવો કે

* લોકસાહિત્ય ને લોકવાર્તા એટલે જેને અંગ્રેજીમાં 'ફોક-લોર' ને 'ફોક-ટેલ્સ' કહે છે તે

× 'આર્ટિઝન'

વેપારી જૂના વખતથી સાહસ ખેડી ક્યાં નથી ગયો ? ને આજે પણ ક્યાં નથી જતો ? પોરબંદર કે વેરાવળથી એડન. જિદ્દા જવું તે એને મન ખાડી ઓળંગવા જેવું છે. કાલીકટ–કોચીનની સફર આજે પણ ખુશખુશાલ રીતે કાઠિયાવાડનો ખારવો કરે છે. ઘોઘાનો લાસ્કર ચીન. જાપાન ને વિલાયતની સ્ટીમરપર હિન્દુ અને હિન્દી ઉતારુઓનો મોટો મદદગાર થઈ પડે છે. જંગબાર જવુ ને આવવું તે તેને મન રમત છે. પૂર્વ આફ્રિકાનાં જંગલોમાં કાઠિયાવાડીઓ મંગળ કરે છે. દક્ષિણ આફ્રિકાને સત્યાગ્રહ ને સાહસના પાઠ એક કાઠિયાવાડીએ જ ભણાવ્યા. એ સાહસિક નરોની ભૂમિમાં શૌર્ય, પરાક્રમ, વીરતા, નીડરતાનાં ન દર્શન થાય તો બીજે ક્યાં થાય ?

કાઠિયાવાડમાં ઇતિહાસના ભરચક સાધનો

ગુજરાતમાં મરાઠાઓનાં આક્રમણ પૂર્વે પણ મોગલ શહેનશાહત તરફથી નીમાઈ આવતા સુબાઓની હકૂમતના સમયમાં જે અંધાધુંધી ચાલતી તેનો પડઘો કાઠિયાવાડમાં પણ પડતો. મોગલ શહેનશાહતની પડતી અને મરાઠાઓની ચઢતીને પરિણામે એ અંધાધુંધીમાં ઓર વધારો થયો. સાર્વભૌમિક સત્તા ઢીલી પડતાં કેકકેકાણે બળવા. બંડ અને કાઠિયાવાડમાં જેને ધિંગાણાં કહે છે તે ફાટી નીકળ્યાં. અને રાજા, મહારાજા અને ઠાકોરો તો શું પણ જમીનદારો ને ઇનામદારો પણ સ્વતંત્ર થવા મથ્યા. એ સ્વતંત્રતા મેળવવા તેમને લડવું પડ્યું અને માહોમાંહેના વિગ્રહમાં નાના નાના ગામડાવાસી ક્ષત્રી રાજપૂતોને પણ કાં તો સ્વરક્ષણ માટે અથવા આક્રમણ અંગે હિમ્મત ને બહાદુરી, શૌર્ય ને વીરતા, દાખવવાં પડ્યાં. એ હિમ્મત ને એ બહાદુરીના ઇતિહાસનું ચિત્ર જો કોઈ કાબેલ ઇતિહાસલેખક નીકળી આવે તો તેની પીછી તેને શોભતા રંગમાં ચીતરી શકે. ગામડાનાં પાળિયાં ને દેરડીઓ, ગામમાં યા આસપાસ રહેતા ચારણ અને ભાટો, શૂરવીર લડવૈયાનાં કુટુંબીજનો, તે લેખકના હાથમાં ને ઇતિહાસ માટેનાં સાધનો મૂકી શકે.

ફારસીના જ્ઞાનની જરૂરત

કાઠિયાવાડનાં ગામેગામનો ઇતિહાસ લખવો શક્ય છે. એ વિષયનો વિચાર કરતાં આપણા સાહિત્યમાં જેની મોટામાં મોટી ખોટ છે તે વિષય પર આવું છું. પુરાણા ગુજરાતનો—મધ્યકાલીન ગુજરાતનો એટલે ચાવડા, સોલંકી, વાઘેલા વંશનો અને ત્યારબાદ

મુસલમાની હકૂમત નીચે રહેલા ગુજરાતનો જેવો જોઈએ તેવો ઇતિહાસ હજુ લખાવાનો છે એ લખાવાના માર્ગમા ઘણી મુશ્કેલીઓ છે, પરંતુ તે ન ઉકેલાય તેવી નથી. ખરચની બાબત દૂર રાખીએ તો પણ એને માટે લાયક કાર્યકર્તાઓની ખામી છે એ કાર્ય એક માણસનુ નથી, તેને માટે લેખકોના એક આખા ઝૂમખાની જરૂર છે શિલાલેખ, તામ્રપત્ર, દાનપત્ર, તખ્તીઓ, સિક્કા, સનદો, પરવાના, ફરમાનો, વગેરે લેખો જે જે ભાષામા લખાયા હોય તે તે ભાષા ઇતિહાસના લેખકે જાણવાની જરૂર છે નહિ તો કોઈ ફરેબ લેખ, પત્ર, સિક્કો કે સનદ વચાઈ તેના ભાષાતર બહાર પડ્યા નથી મુખ્યત્વે જે એ ત્રણ ભાષાની માહિતીની જરૂર છે તે સસ્કૃત, ફારસી અને અરબી. આપણા અત્યાર સુધીના ઇતિહાસના લેખકોમા મોટે ભાગે ફારસી પ્રત્યે ઉદાસીનતા જોવામા આવે છે. ફારસી ભાષાએ ગુજરાત–કાઠિયાવાડના રાજકીય વ્યવહારમા કેટલો મોટો ભાગ ભજવ્યો છે, તે આ સમેલન સમક્ષ કહેવાનુ હોય નહિ ફારસી ભાષા તે વખત ના રાજકર્તાઓ—મુસલમાનો—ની દરબારી—રાજ્યભાષા હતી, એટલે બધો રાજકીય પત્રવ્યવહાર અને અન્ય વ્યવહાર એ જ ભાષામા થતો ફરમાનો ને પરવાના, હુકમો ને સનદો, એ જ ભાષામા લખાતા અને છેવટ શિષ્ટ વર્ગમા પરસ્પર વ્યવહારમા× પણ એ જ ભાષા વપરાવા લાગી, અને તે એટલે સુધી કે ખુદ ગુજરાતમા વેચાણ–સાટાણ ને ગીરોના ખતપત્રો સાહેબોના ફૈસલા અને ભાડાચિઠ્ઠીઓ પણ ફારસીમા જ લખાતી ટૂકામા હાલ અગ્રેજી ભાષા, આપણા જીવનવ્યવહારમા જે સ્થાન લઈ બેઠી છે તે સ્થાન તે વખતે ફારસી ભાષા ભોગવતી હતી એટલે કોઈ નહિ તો સલ્તનતની હકૂમતના સમયનો સાચો ઇતિહાસ જાણવા માટે ફારસી જાણ્યા વગર આપણો છૂટકો નથી

ફારસી ભાષામા ગુજરાતના ઇતિહાસો

ફારસી ભાષામા લખાયેલા ગુજરાતના ઇતિહાસોની ઉપયોગિતા વિષે હુ હમણા જ કાઈ કહીશ પરંતુ તે પૂર્વે ગુજરાતના મુખ્ય મુખ્ય નગરોની તવારીખ સબધી ફારસી ભાષામા લખાયેલા લેખ કેવી રીતે

× દાખલા તરીકે આજથી સો સવાસો વર્ષ પર સુરતના દીવાનજી દ્દુબના મીઠારામે બકના ારના ચોપડામા પોતાના નામઠામ ફારસીમા લખી આપેલા હતા

મદદરૂપ થઈ પડે તે જણાવીશ. સુરત. ભરૂચ, અમદાવાદ, ખંભાત, અને વડોદરામાંની જૂની મસ્જિદો ને મકબરામાં મળી આવતા શિલાલેખો પરથી અગત્યની ઘણીએક હકીકત મળી આવે. છતાં તે સંબંધમાં આપણે બેદરકાર રહીએ છીએ.

ઉદાહરણ માટે હું મારો જ દાખલો આપીશ. ભરૂચમાં જૂના બજારને છેડે એક નાની સરખી મસ્જિદ છે. હું નાનો હતો અને જ્યારે ગુજરાતી નિશાળમાં જતો ત્યારે આવતાં ને જતાં બંને વખતે એ મસ્જિદ પાસે થઈને જતો. ત્યારબાદ મોટી ઉમ્મરે પણ કાંઈ સેંકડો વખત એ રસ્તેથી હું ગયો આવ્યો હોઈશ: પણ એ મસ્જિદ વિષે કાંઈ પણ હકીકત જાણવા મને કુતૂહલ થયેલું નહીં. છેવટ ગયે વરસે ભરૂચની આસપાસના એટલે ઇદગાહ, બાવા રેહનની ટેકરી, વગેરે પર કોતરેલા ફારસી શિલાલેખ જોવા ભરૂચના કાઝીસાહેબ જોડે જતાં તેમણે એ મસ્જિદ પણ મને દેખાડી. અને ત્યાંનો લેખ વાંચતાં મહમદ તઘલખના વખતની, તેની બંધાવેલી એટલે ૬૦૦ વરસની જૂની એ મસ્જિદ નીકળી. આને વિષે ભરૂચના કોઈ અહેવાલમાં ઇશારો છે કે નહીં તેની મને ખબર નથી, પરંતુ મહમદ તઘલખ ભરૂચમાં આવેલો, દક્ષિણમાં જતાં કે કોઈ બીજી વખત, એટલું તો તેના પરથી સમજાય છે.

શ્રી ફાર્બસ ગુજરાતી સભામાં સાચવી રાખેલાં કેટલાંક જહાંગીર, શાહજહાન બાદશાહનાં ફરમાનો છે. તેમાંથી ઘણી અગત્યની બાબતો મળી આવે છે. શાન્તિદાસ ઝવેરીનું મુગલાઈ દરબારમાં કેટલું ચલણ હતું, શત્રુંજયની જાત્રા ચાલે તેટલો વખત જીવહિંસા થતી તેણે કેવી રીતે બંધ કરાવેલી, એક જૈન ધર્મશાળા ફેરવી ઔરંગઝેબે મસ્જિદ બનાવેલી તેને ફેરવી પાછી ધર્મશાળા કેવી રીતે બનાવરાવી, વગેરે મહત્ત્વની ઘણીએક બાબતો પર તેથી પ્રકાશ પડે છે. સ્થાનિક ઇતિહાસને તો એ લેખો જરૂર ઉપયોગી થઈ પડે જ: પરંતુ વધારામાં તે ઉપરથી તે મોગલ શહેનશાહો પણ હિન્દુ ધર્મ પ્રત્યે કેટલી લાગણી ને સહિષ્ણુતા બતાવતા તેનો આપણને તવારીખી પુરાવો મળે છે.

એવી જ રીતે બીજી કેટલીક અકબર, જહાંગીર ને શાહજહાનની આપેલી ફારસી સનદો સ્વર્ગસ્થ ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ—" ગુજરાતી " ના મરહૂમ અધિપતિ—ના ચિરંજીવી ભાઈ નટવરલાલ તરફથી મને બતાવવામાં આવી હતી. એઓ મૂળ સુરતના દેસાઈ છે. તે

દેસાઈગીરી અંગે એમના વડનાઓને દાભોઈ બાજુના અને સુરત ભરૂચના બીજા ગામડાંઓના મીઠાના અગરનો ઇજારો મળ્યો હતો એ "નમકસાર" એટલે મીઠાના ઇજારાનો કારભાર એ વખતે કેમ ચાલતો હતો, ઇજારદારને મહેનતાણું શું આપવું અને વેપારીને નફાનો કેટલો આપવો ને વણજારાની મજૂરી કેટલી, તેની વિગત તેમાં જણાવાઈ છે અને તેથી જળવાઈ રહી છે

આવી જાતના થોડાક જ ફરમાનો, મશ્યાબંધ સનદો, અને પાટાનાર પરવાના, ગુજરાત ને કાઠિઆવાડના મોટા જાગીરદાર, મજમુદાર, દેસાઈ અને જમીનદાર કુટુંબો પાસે આજે પણ મોજૂદ હશે. એ સનદો કમાવે વીંટાળેલી પડી રહે તેના કરતાં તેનો આવા તવારીખી અભ્યાસમાં ઉપયોગ થાય, તો તેમાંથી કાંઈ નહીં તો કેટલીક સ્થાનિક બાબતો તો ઇતિહાસના ચોકઠામાં ગોઠવી શકાય

'મિરાતે અહમદી'

ગુજરાત કાઠિયાવાડના ફારસીમાં લખેલા ઇતિહાસો છે, ને તે ઘણા જ ઉપયોગી છે ગુજરાતના 'મિરાતે સિકંદરી' ને 'મિરાતે અહમદી' તથા 'તવારીખે ફિરિસ્તા'માં ગુજરાતને લગતો ભાગ છે એમાં કાઠિયાવાડના ઇતિહાસનો પણ સમાવેશ થઈ જાય છે કાઠિયાવાડ આખાનો ફારસીમાં લખાયેલો ઇતિહાસ નથી પરંતુ રણછોડજી દિવાનની 'તવારીખે સોરઠ વ હાલાર,' જો કે બહુ જૂનો લેખ નથી, તો પણ કાંઈક અંશે કાઠિયાવાડ સમસ્તના ઇતિહાસની ખોટ પૂરી પાડે છે

આ બધા ઇતિહાસના ગ્રંથોમાં 'મિરાતે અહમદી'ને ઊંચું સ્થાન આપવું ઘટે છે ઇતિહાસ માટે સાધન ભેગાં કરી ઇતિહાસ લખવાની આપણા મુસલમાન ભાઈઓને નૈસર્ગિક સ્ફુરણા થઈ છે અને તે વૃત્તિને વશ થઈને જ 'મિરાતે અહમદી'ના લેખકે ઘણી મુસીબતીઓ વેઠી ઈ સ ૧૦૦૦ થી ૧૭૦૦ સુધીના ગુજરાતના ઇતિહાસના સાધન ભેગાં કરી ઇતિહાસ લખ્યો છે તેમાં ઔરંગઝેબના ગુજરવા (ઈ સ ૧૭૦૭) પછીના જે પચાસ સાઠ વરસનો પાદશાહતની પડતી સુધીનો ઇતિહાસ આપવામાં આવ્યો છે, તે તો એ ગ્રંથકારની પોતાની હયાતીમાં બનેલા બનાવો—જે કેટલાક બનાવોમાં પોતે તથા તેના પિતાએ ભાગ લીધેલો તેવા બનાવો—ની હકીકત છે, એટલે એ પુસ્તક ઘણું જ કીમતી ગણાય એ પુસ્તકની ફારસી નકલ

મોઢાની હકીકત ઉપરથી તથા લખેલી કેફીઅત પરથી ” જે વૃત્તાન્તો એમના જાણવામાં આવેલાં તે ટપકાવી લીધાં છે. છતાં એમાં લખેલી સોરઠ ને હાલારની હકીકત ‘ મિરાતે અહમદી ’માં લખેલી હકીકત જોડે સરખાવતાં ‘ તવારીખે સોરઠ ’ની હકીકત બિલકુલ ભૂલ વિનાની અને બેશક વધારે વિગત સાથની મળી આવે છે.

પરંતુ એ પુસ્તકની કીમત તો જુદે ધોરણે આંકવાની છે, અને તેમ આંકતાં એ પુસ્તકની જોડ બીજે મળતી નથી. પુસ્તક અજોડ છે; પોતે ધારત તો ભરતખંડ અને ગુજરાતની તવારીખ લખી શકત; પરંતુ તે સંબંધે પુસ્તકો હોવાથી કથેલુ કથવું તેમને નકામુ લાગ્યું. મતલબ કે જે વિષય અત્યાર સુધી મુસલમાન તવારીખનવેસો ખેડતા હતા તે વિષય ખેડવાની પોતાનામાં કાબેલિયત હતી એમ પોતે જાણતા હતા, છતાં ગવાઈ ગયેલુ ગાણું તેમને ઠીક ન લાગ્યું. એટલે પોતાના “ સ્વદેશપ્રત્યે પ્રેમની મનોવૃત્તિથી [દોરાઈ] માત્ર જૂનાગઢ તથા હાલારનાં સંસ્થાનના વૃત્તાંતો ” લખવા પૂરતી જ પોતાની કલમ તેમણે ચલાવી. રણછોડજી દિવાનને પોતાને સંસ્કૃત ને ગુજરાતીનું સારી રીતનું જ્ઞાન હતું. આ પુસ્તક તેમણે પોતાના સુપુત્ર શંકરપ્રસાદને વાંચવા માટે લખ્યું હતું. શંકરપ્રસાદ ગુજરાતી જાણતો હતો છતાં ફારસીમાં લખ્યું તેનું કારણ શું ? કારણ માત્ર એ જ હોવું જોઈએ કે તે વખતનો શિષ્ટ અને કેળવાયેલો વર્ગ ફારસીથી માહેર વર્ગ, તેનો લાભ લઈ તેની કીમત આંકી શકે. અર્વાચીન સમયના ફારસી તવારીખનવેસોમાંના એ એકલા હિન્દુ લેખકની સેવાની જેટલી પ્રશંસા કરીએ તેટલી થોડી.

મુખ્ય મુખ્ય શહેરોના ઇતિહાસ

આપણાં મુખ્ય મુખ્ય શહેરોના ઇતિહાસનાં પુસ્તકો છે, નથી એમ નથી. વખતે તે ઉત્તમ પ્રતિનાં નહિ હોય, પરંતુ છે તો ખરાં. મુનશી અબ્દુલ હકીમનો સુરતનો ઇતિહાસ મોજૂદ છે. કવિ નર્મદાશંકરે પણ ‘ સુરતની મુખ્તેસર હકીકત ’ લખી છે, જૂનાગઢનો ઇતિહાસ તો ઉપર જણાવવામાં આવ્યો છે. તે ઉપરાંત હાલમાં જ ‘ મિરાતે મુસ્તફાબાદ ’ નામનો ગ્રંથ (ઉર્દૂમાં) બહાર પડ્યો છે. ફારસી લેખકો તથા બારોટોના ચોપડાપરથી ‘ પાલણપોર રીયાસતનો ઇતિહાસ ’ લખાયેલો છે (ઉર્દૂમાં અને ભાષાન્તર ગુજરાતીમાં). સુરતના એક

નતની ગેબ બલુમીયાએ 'હદીકે ઉવ હિન્દ' નામનો ઇતિહાસ લખ્યો છે તેમા સુરત, ખંભાત, અમદાવાદ, વગેરે મુખ્ય મુખ્ય શહેરોની હકીકત ઘણા પુસ્તકોની મદદ વડે ઉપજાવી કાઢવામા આવી છે મરાઠી ઇતિહાસની જે ખબરો અને જે દફતરો હવે બહાર પડતા માડ્યા છે તેનો પણ ઉપયોગ કરી શકાય સુરત, ખંભાત, ભરૂચ, વગેરે જગાએ અંગ્રેજોની જે કોઠીઓ હતી તેના કારભારને લગતા દસ્તાવેજો પણ 'સીલેક્ષન' રૂપે બહાર પડતા છે, તે પણ ધ્યાન બહાર રખાય નહિ

ટૂંકામા ઇતિહાસ લખવાના સાધનો છે તે સાધનો ઉપયોગમા લેવા માટે જે જે ભાષાઓનુ જ્ઞાન જોઈએ તેમા ફારસી ભાષા જાણવી બહુ અગત્યની છે એના જાણકાર કે જે એનો ઇતિહાસ સબંધે ઉપયોગ કરી શકે, એવા થોડા જ ગુજરાતીઓ છે ગુજરાતીઓ એટલે હિન્દુ, પારસી, મુસલમાન, એ ત્રણે કોમના ગુજરાતીઓ યુનિવર્સિટીમા બીજી ભાષા તરીકે ફારસી શીખનારની સખ્યા, ખુદ પારસી કોમની જ સખ્યા, ઘણી ઓછી થઈ ગઈ છે, તો પછી હિન્દુઓને કહેવુ જ શુ? મુસલમાનભાઈઓ હજુ કોલેજની કેળવણી મોટી સખ્યામા લેતા નથી, એટલે તેમને માટે કશુ કહેવાનુ નથી ગુજરાતના ઇતિહાસ માટે ફારસીના જ્ઞાનની આવશ્યકતા છે માટે તેના પ્રત્યે ઉદાસીનતા નહિ ચાલે તેમ વળી હાફિઝ ને સાદીની ગઝલોના જ્ઞાન પુરતુ ફારસીનુ જ્ઞાન આ કાર્ય માટે નિરર્થક છે તવારીખી ગ્રંથોનુ જ્ઞાન જોઈએ

લાયક થોડાક લેખકો

લાયક લેખકોની ખામીની આ હકીકત કાગળ પર મૂકતા મને એક બે વ્યક્તિનો વિચાર આવે , પૂર્વે થઈ ગયેલા ભગવાનલાલ ઇન્દ્રજી અને આચાર્ય વલ્લભજી હરિદત્ત તથા રતિરામ દુર્ગારામ—એમણે જે અમૂલ્ય કાર્ય આ દિશામા કર્યુ છે તે ભુલાય તેવુ નથી બાળાશંકર ઉલ્લાસરામે ફારસી ઇતિહાસના તરજુમા બહાર પાડવા પ્રયાસ આરંભેલા, પરંતુ તેમણે કરેલુ કાર્ય ચાલુ રહ્યુ નહિ અને તેથી આપણને નિષ્ણાતોની ખામી સાલ્યા કરે છે

સાહિત્યના રણક્ષેત્રમા રમતો ભડવીર, પોતાના જ તાનમાં મસ્તાન, * કોઈને નમતુ ન આપતો—અણનમ—બીજાની પાસે નમન લેતો, નાનાલાલ દલપતરામ કવિ, જો ધારે તો આ બાબતમા

* Ploughing his lonely furrow

ઘણું કરી શકે: ભાઈ નાનાલાલને ફારસી આવડે છે (જો કે એમની મારી સામે એ ફરિયાદ છે કે એમને યુનિવર્સિટીની પરીક્ષામાં પરીક્ષક તરીકે મેં ફારસીમાં નાપાસ કરેલા), એમને સંસ્કૃત આવડે છે. અકબર, જહાંગીર, નુરજહાં જેવા દૂરના દિલ્લીના પાટનગર શોભાવનાર શહેનશાહો ને બાનુ પર દૃષ્ટિ નાખવાને બદલે પાસેના પાટનગરને પાસેના સૂબેદાર કે હાકેમો પર દૃષ્ટિ નાંખે તો એઓ બહુ સારી મદદ કરી શકે. એમનામાં ઇતિહાસને આકર્ષક બનાવવાની, ઇતિહાસને રસિક બનાવવાની નૈસર્ગિક લાયકાત, ઈશ્વરદત્ત કાબેલિયત છે. પોતે જે ગામ વ્યાખ્યાન આપવા જાય છે, તે ગામના સ્થાનિક ઇતિહાસને હંમેશાં પોતાની લાક્ષણિક શૈલી વડે આભૂષિત કરે છે. એમણે આખું કાઠિયાવાડ ખૂંદી નાખ્યું છે. રાજકોટ, જૂનાગઢ, વઢવાણ, લાઠી, વગેરે સ્થાનોથી તો તેઓ જેવા અમદાવાદથી પરિચિત છે, અને તેથી પોતે જે ગામમાં વ્યાખ્યાન આપવા જાય છે તે ગામના સ્થાનિક ઇતિહાસને પોતાની કાવ્યમય શૈલી વડે અમર કરે છે.

બીજી વ્યક્તિ જેનો મને વિચાર આવે છે તે મારા હમશહેરી, બાળમિત્ર પ્રો. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર છે. એક ઇતિહાસલેખકમાં જોઈતા ગુણ એમનામાં છે. દરેક વિષય કે વસ્તુનો ખોજ કર્યા શિવાય તેઓ તે કબૂલ રાખતા નથી. ઇતિહાસની તો જોડે રહી, એમણે પોતાનું આખું જીવન ગાળ્યુ છે. અમુક હકીકતનુ અન્વેષણ કે પૃથક્કરણ પોતે ઊંડા ઊતરી કરી શકે છે ને પછી તેમાંથી સાર તારવી કાઢી આપણી સમક્ષ મૂકે છે.

એવો એમને ખોજ કરવા જેવા વિષયનો એક જ કોયડો એમની પાસે મૂકું ? સિદ્ધરાજ જયસિંહ માટે કેટલાએક અરબ્બી અને ફારસી ગ્રંથોમાં એવો ઉલ્લેખ થયો છે કે તેને ઇસ્લામ ધર્મમાં લેવામાં આવેલો, કોઈ કહે છે કે વહોરા કોમના દાઈ અબ્દુલ્લાએ તેને કેટલાએક ચમત્કાર બતાવી ખંભાતમાં વટલાવ્યો : કેટલાએક કહે છે કે વહોરા કોમના દાઈએ નહિ, પરંતુ પાટણમાં આવી રહેલા એક ઇસ્લામી ઓલિયાએ તેના રસોઈયા તરીકે રહી તેને વટલાવ્યો; અને મરતાં સુધી છૂપી રીતે તે ઇસ્લામી ધર્મ પાળતો. આ બધી દંતકથાઓ છે. પરંતુ એ જ પ્રસંગને લગતો ઊહાપોહ હિન્દુઓને હાથે લખાયેલા ગ્રંથોમાં પણ થયેલો હોવો જોઈએ. એટલે એ પ્રશ્ન સંબંધે

મળી આવતા સઘળા સાધનો ભેગા કરી તેની કસોટી કરી તેમાથી ખરુ તત્ત્વ શોધી કાઢવા માટે તેઓ જરૂર સફળ પ્રયાસ કરી શકે

આમ છતા પણ મને આશા છે કે વખત જતા આપણે ત્યા પણ કોઈ રાયબહાદુર ગૌરીશંકર ઓઝા પાકશે ગુજરાતના ઇતિહાસની હાલની સ્થિતિ અને તે સ્થિતિ કેમ સુધારી શકાય એ વિષય પર ધાર્યા કરતા વધારે લબાણુ થઈ ગયુ, એટલે જે એક બે બીજી બાબત પર મારે કહેવુ છે તે સંક્ષેપે બે બોલ કહી હુ ટૂકામા પતાવીશ

ગુજરાતી સાહિત્યની સ્થિતિ

આજે ગુજરાતી સાહિત્યની સ્થિતિ કેવી છે, એ પ્રશ્ન ગુજરાતના સાહિત્યમા રસ લેતા દરેક જણને મોઢેથી નીકળે તો તે સ્વાભાવિક છે એ પ્રશ્નનો હુ એક જ ઉત્તર આપી શકુ અને તે એ છે કે સ્થિતિ સારી છે, આશા પડતી છે, આપણે આગળ વધતા જઈએ છીએ જે દિશામા નજર નાખીએ તે દિશામા ગતિપ્રગતિ જોવામા આવે છે, સાહિત્યની એકેએક શાખા ખેડાતી જાય છે

બાળસાહિત્ય કે જેને અત્યાર સુધી કોઈ લેખવતુ ન હતુ તેના પ્રત્યે લોકોની મમતા વધતી જાય છે જે પુસ્તકો દિન પ્રતિદિન પ્રસિદ્ધ થતા જાય છે તેમા અનગત્ત નવલકથા અને નાનકથા કરતા પણ ટૂકી વાર્તાઓની સખ્યા મોટી જોવામા આવે છે દાખલા તરીકે સને ૧૯૩૭મા લગભગ સો પુસ્તકો વાર્તાના પ્રસિદ્ધ થયા હતા દૈનિક અને સાપ્તાહિક સમાચાર પત્રો તેમ જ માસિકોમા જો ટૂકી વાર્તા ન હોય તો તેની કીમત નહી, તેને વકરો નહિ સાહિત્યનુ એ અગ આપણુ મુખ્ય ધ્યાન ખેચે છે તેમ થવાનુ કારણ કે અગ્રેજી સાહિત્યે હાલ એ દિશામા જોર વધારે પકડ્યુ છે, એટલે આપણે તેની નકલ કરીએ છીએ વળી ટૂકી વાર્તા લખવી તે માટે ઝાઝો જ્ઞાનભડાર જોઈતો નથી, ખાસ કોઈ વિષયનો અભ્યાસ કરવાની તસ્દી લેવી પડતી નથી, હાલના વાતાવરણથી લેખ-પરિચિત હોય એટલે બસ એટલે ઘણા લેખકોને એ માર્ગ ઘણો સહેલો થઈ પડે છે, તેથી તેઓ તે તરફ આકર્ષાય છે *

*આ અભિપ્રાયને આ નીચે ટાકેલા અભિપ્રાયથી ટેકો મળે છે ઑક્ટોબર સને ૧૯૩૨ ના 'નાઇન્ટીન્થ સેન્ચુરી એન્ડ આફ્ટર' નામના અગ્રેજી માસિકમા ટૂકી વાર્તાઓના લખનાર મી० એલ એ જી સ્ટ્રોગનો એક 'શાર્ટ સ્ટોરીઝ' એ મથાળાનો છે તેમાથી કેટલીક હકીકત નીચે મુજબ છે

સાહિત્ય આ રીતે વિકાસ પામતું જાય છે. તેનાં બે કારણો છે: (૧) પરિપાક પામેલા, કસાયેલા, અનુભવી, વૃદ્ધ અને ઠરેલ લેખકો, ઈશ્વરકૃપાથી આરોગ્યવાન રહી પોતાનું કર્ત્તવ્ય કર્યા જ જાય છે: અને (૨) કોલેજ, વિદ્યાપીઠ, વગેરે સંસ્થાઓમાંથી કેળવણી લઈ બહાર પડતો યુવકવર્ગ પણ આગળના કરતાં સાહિત્યમાં વધારે રસ લેતો હોવાથી તે વર્ગમાંથી પુષ્કળ લેખકો પોતાની માતૃભાષાની સેવા કરી રહ્યા છે.

એ સંખ્યાબંધ લેખકોમાંથી દીવાળીમાં ફૂટતી ફૂલખરણીના કણ માફક કેટલાએક નીચે પડતાં પડતાં જરા પ્રકાશ આપી ભોંયે પડી જાય છે. કેટલાએક એ જ પ્રસંગે ફૂટતી કોઠીમાંથી ઊંચે ઊડતી તારાકણી માફક ઝગઝગાટ બતાવી ઊંચે ઊડી પછી ભોંય પડે છે, ત્યારે થોડા માત્ર આકાશે ચઢી ત્યાં ઝગઝગાટ આપતા તારાનું અચળ સ્થાન પ્રાપ્ત કરે છે. એ વર્ગ હાલ કરે છે તેનાથી વિશેષ સુંદર કામ કરી શકે પરંતુ સરસ્વતી ને લક્ષ્મીનો જૂનો ઝઘડો તેમને નડે છે. પહેલાં ઉદરનિર્વાહનાં સાધનો મેળવવાં અને પછી સાહિત્યસેવા કરવી, એ સર્જનજની મુશ્કેલી તેમના માર્ગમાં આડે ઊભેલી જ છે. કવિ નર્મદાશંકરે માત્ર સરસ્વતીને જ પોતાનું જીવન અર્પણ કર્યું, તેને આર્થિક સંકટના સમયમાં પસાર થવું પડ્યું તે આપ સૌને વિદિત છે. ભાઈ વિજયરાય વૈદ્યે સાહિત્યભેખ લીધો છે. તેમનો અનુભવ જાણવો હોય તો તેઓ હાલ મોજુદ છે. તેઓ તમને જરૂર કહેશે કે એ સાહિત્યભેખ તે અસિધારાવ્રત એટલે તલવારની ધાર-પર નાચવું, ચાલવું નહિ. એ મુશ્કેલી આપણા માર્ગમાં રહેવાની. તે છતાં આપણે આગળ વધીએ છીએ, એ આપણા યુવાન લેખક વર્ગને ખરેખર મુબારકબાદી આપવાનું કારણ છે.

(a) Short story form is comparatively new.
(b) Its creator O. Henry had a vast knowledge of the circumstances and opinion of lower middle class life.
(c) Magazine short story is aimed at its readers.
(d) Literary short story is older.
(e) Each writer goes his own way. There is no general agreement as to what constitutes a short story. Writers can go their own way unhampered.

પારસીભાઈઓને બે બોલ

એ વિકાસની હદહુદ બાંધતા સરહદ પર બે કામ ભેજેની મળી આવે છે એક આપણા પારસીભાઈઓ અને બીજા મુસલમાનભાઈઓ. કરાચી, અમદાવાદ, વડોદરા, ભરૂચ જેવા શહેરોમાંના પારસી લેખકો જેઓ હજુ આપણને વળગી રહ્યા છે, તેમને આપણા અભિનંદન ને અભિનંદન. પરંતુ મુંબઈ જેવા શહેરમાં પારસીઓની કલમે લખાઈ પ્રસિદ્ધ થતાં પુસ્તકો આપણે સમજવાં, એ દિવસે દિવસે વધારે મુશ્કેલ થતું જાય છે. પારસી–ગુજરાતી અને સાધારણ ગુજરાતી વચ્ચે જે અંતર પડી ગયું છે તે સંધાતું નથી. તેમની આપણા હિન્દુઓ પ્રત્યે એ ફરિયાદ છે કે તમે તમારી ભાષા સંસ્કૃતમાં કરી નાખી છે, અને તે ફરિયાદ અક્ષરશ સાચી છે, વજૂદવાળી છે. તેમ આપણે પારસીઓને કહીએ છીએ કે તમે તમારી ભાષા છેક બગાડી નાખી છે. માત્ર એટલી અંગ્રેજીની નકલ હોત તો પણ કાંઈ નહીં, ચલાવી લેત, પરંતુ તમે તમારી ભાષામાં એટલા બધા અશાસ્ત્રીય, અશિષ્ટ, હલકી પ્રતિના, "બજારુ", શબ્દો ઘુસાડી દીધા છે કે અમારાથી તેનો અર્થ સમજાતો નથી. નાના છોકરાને "ચેકમ", કોઈ મોટો માણસ ધમધમાટ કરતો આવે તેને 'ધન ધન ઘોડી આયા' એવું એવું ગુજ-રાતી લખાણ અમને સમજાતું નથી, અકર વાચી સૂગ આવે છે.

ઉત્સાહી મુસલમાન યુવકો

મુસલમાન યુવકોએ આપણને સાથ આપવા માંડ્યો છે. પોતે ગુજરાતના વતની છે, પોતાની માતૃભાષા ગુજરાતી છે, એ બે અંગો તેમણે બહુ ચુસ્તતાથી પકડી લીધાં છે અને તેથી તે બંને પ્રત્યે તેઓ પ્રેમથી નિહાળી ગુજરાતી ભાષાનું પોતાનું જ્ઞાન વધારવા, ગુજરાતી સાહિત્યમાં પોતે જે યત્કિંચિત ફાળો આપી શકે તે આપવા તેઓ સક્રિય પ્રયાસ કરી રહ્યા છે. મુસ્લિમ ગુજરાતી સાહિત્યમંડળ (રાંદેર)-ના જલસામાં હાજર રહેવાનો મને પ્રસંગ મળેલો, તે વખતના વ્યાખ્યાતાઓનું આપણા સાહિત્યનું ઊંચા પ્રકારનું જ્ઞાન, પરિચિતતા, શામળ, પ્રેમાનંદ ને દયારામના કાવ્યોની ગાઢ માહિતી, વગેરે જોઈ મારામાં તેમને વિષે ઘણી માનની વૃત્તિ ઉત્પન્ન થઈ. મનાર, નસનમ, કાસિમ, બેકાર, શયદા, સાહિલ એવા એવા લેખકોના સાથ મળવાથી આપણા સાહિત્યને જરૂર ફાયદો થવાનો. પરંતુ એમને એક વાત જણાવું. ગુજરાતી ભાષા જ ઉર્દૂ ઘાટીની ગઝલને અનુકૂળ નથી.

વળી ગુજરાતી ગઝલોમાં ઉર્દૂ કાફિયા કોકી બેસાડવામાં આવતાં, ગઝલો વર્ણસંકર બની જવાનો ભય રહે છે.

ખોજાભાઈઓ ધીમે ધીમે ઉર્દૂ તરફ વધારે આકર્ષાતા જાય છે. શરીફ સાલેમહમદ ને હાજીમહંમદ અલ્લારખિયા જેવી વ્યક્તિઓ હવે તે કોમમાંથી આપણને મળશે કે નહિ તેનો શક રહે છે.

પૃથક પૃથક વ્યક્તિઓના લેખનકાર્યદ્વારા આપણું સાહિત્ય વિકાસ પામતું ગયું છે, એ તો નિર્વિવાદ છે. પરંતુ સાથે સાથે કેટલીએક સંસ્થાઓ તરફથી પણ એ વિકાસ અંગે થોડો ફાળો અપાયો નથી. મુંબઈની શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફથી જે કાંઈ થોડું ઘણું કામ થયું છે અને થાય છે તેનો કશો પણ ઉલ્લેખ અત્રે કરવો હું દુરસ્ત ધારતો નથી. કારણ તેથી આત્મશ્લાઘાનો ભય રહે છે. પરંતુ અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી જે કામ વરસો થયાં મુંગે મોઢે કરી રહી છે, અને જે કામ, છેલ્લાં ૮–૧૦ વરસમાં જે વિશેષ ગતિ, વિશેષ ઉપયોગિતા, અને વિશેષ કીમતીપણું દાખવી રહ્યું છે, તેનો ઉલ્લેખ અહીં કર્યા સિવાય રહેવાતું નથી. એ સોસાઈટીના હાથ તળેનાં ફંડોની વ્યવસ્થા અમુક રીતે જ કરવાની હોય છે, એટલે સોસાઈટીને તેટલી હદમાં જ રહી કામ કરવું પડે છે. સોસાઈટીએ પ્રસિદ્ધ કરેલાં કેટલાંએક પુસ્તકો કચરા જેવાં છે એવો તેની સામે આક્ષેપ મૂકવામાં આવે છે; પરંતુ જ્યાં ઘણાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં જાય, ત્યાં બધાં તો એકસરખી કોટિનાં—એકસરખી ઉત્તમતાનાં—ક્યાંથી હોય? પોતાને નક્કી કરી આપેલી હદમાં રહી એ સોસાઈટી આપણા સાહિત્યની ઉત્તમ પ્રકારની સેવા બજાવે છે, અને તે તેના કાર્યકર્તાઓને ગર્વ લેવાનું યોગ્ય કારણ છે એમ પણ કહ્યા વગર ચાલતું નથી. સસ્તું સાહિત્ય પૂરું પાડવામાં એકલે હાથે સ્વામી અખંડાનંદજી જે કાર્ય કરી રહ્યા છે તેની પૂરતી કદર ગુજરાતે કરી છે કે નહિ, એ શંકાસ્પદ છે. એ સાહિત્ય સસ્તું હોવા ઉપરાંત "સોજ્જું", ('ક્લીન') નિર્મળ, નીતિમય, બોધપ્રદ અને બહુ જ સહેલી ભાષામાં લખાયેલું હોવાથી લોકપ્રિય થઈ પડ્યું હોય તો તેમાં નવાઈ નહિ. એ વાંચનમાળાનાં પુસ્તકોની દરેક આવૃત્તિની ગણતરી હજારોથી થાય છે, છતાં સ્વામીજીનુ મન એ કાર્ય પરથી ઊતરી ગયુ સમજાય છે. નહિ તો છાપખાનું કાઢી નાખી માળા બંધ કરવાનો વિચાર સરખો પણ એમને કેમ આવે? ગમે તે પ્રયત્ને પણ એ માળા ટકાવી રાખવા જેવી છે.

દેશી રાજ્યો તરફથી સાહિત્યના વિકાસ માટે પ્રોત્સાહન મળતુ નથી, એવુ કહેનારની સમક્ષ નામદાર ગાયકવાડ મહારાજના એ દિશામા પ્રયાસો ઘણા જૂના છે વડોદરાની સાહિત્ય પરિષદ પછી તેમણે એક ખાસ ભાષાન્તર ખાતુ સ્થાપ્યુ છે, તેમાથી અત્યાર સુધીમા દોઢસોએક ગ્રંથો બહાર પાડ્યા છે. વળી હાલ શ્રીમંત મહારાજાએ એક નવી યોજના અમલમા મૂકવા ધારી છે પાંચ ગુજરાતી અને પાંચ મરાઠી સાહિત્યરસિકોનો એક મેળાવડો કરી તેમાથી યોગ્ય લેખકને પસંદ કરી તેની પાસે વ્યાખ્યાન અપાવવુ અને તેના પારિતોષક બદલ રૂા ૨૫૦) તથા આવવાજવાનો ખરચ આપવો આ યોજનાનો અમલ દર વરસે થતો રહેશે

સાહિત્યપરિષદના સંમેલનોની ફળનિષ્પત્તિ

આ સંમેલનમા ભાગ લેનાર તથા ભાગ ન લેનાર બહારની જનતા જો એ પ્રશ્ન કરે કે આટઆટલા પરિષદના સંમેલનોને અંતે સક્રિય પરિણામમા મળી આવતો લાભ શો, તો તે કુદરતી છે જેવા આપણી પરિષદના સંમેલન થાય છે તેવા (હિંદી) નાગરી, બંગાળી, અને મરાઠી સાહિત્યના પણ સંમેલનો થાય છે અને તેના રીપોર્ટો જોતા તે સંમેલનોને પરિણામે સાહિત્યપ્રવૃત્તિની ઊર્ધ્વગતિ સતત ને ચાલુ રાખવા પ્રયાસો થયા સમજાય છે મરાઠી સાહિત્યપરિષદ પણ આ નાતાલના તહેવારોમા જ નાગપુરમા મળી છે નાગરી સાહિત્ય-પ્રચારિણી સભા, તેમ જ મહારાષ્ટ્રીય ભારત ઇતિહાસ-સંશોધક મંડળ જે ઉત્તમ કાર્ય કરે છે તેની બરાબરી કરવી મુશ્કેલ છે આપણી પરિષદની ઉમર અઠ્ઠાવીસ વર્ષની થઈ છે શરૂઆતના આઠ દશ વર્ષ બાળપણના વર્ષ તરીકે બાદ કરીએ તો પણ અઢાર વરસના અરસામા કરેલા કામનો જવાબ આપવો તો રહ્યો જ ઊડતી નજરે જોતા પરિણામ શૂન્યવત્, ફાયદો ઘણો નહિ, એવો જવાબ આપી શકાય પરંતુ જરા ઊંડાણમા જઈ જોઈશુ તો પરિષદનુ કાર્ય છેક જ મહત્ત્વ-હીન, માલ વગરનુ નહિ જણાય એ પરિષદના નાદે જ આપણા સાહિત્યનિનામી અગ્રગણ્ય વિદ્વાનોએ ઉત્તમ વ્યાખ્યાનો આપી ભાષાને મૂલ્યવાન બનાવી એ સંમેલનો માટે લખાતા નિબંધો વડે જ કેટલીક વિશિષ્ટતાવાળી વ્યક્તિઓનો પગ છૂટો થયો, ક્ષોભ જતો રહ્યો, અને તે આગળ આવી ગઈ સંમેલનોમા હાજરી આપવા આવતા સભ્યોને પરસ્પર ઓળખાણ, પિછાણ ને મૈત્રીનો લાભ મળ્યો આવા આવા

કારણોને લઈને ગુજરાતી સાહિત્યના ઘડાના જીવનરને જોમવાન, ચેતનવંત થવા પ્રેરણા મળી. એ ફાયદો નરી આંખે દેખાય તેવો યા ગજ લઈને માપી શકીએ તેવો નથી; પરંતુ ગર્ભિત છે, સંમેલનોના ગર્ભમાં રહેલો છે. સંમેલન વખતે થયેલી વિચારોની અદલાબદલી, પારસીઓ જેને "આવજો માવજો" કહે છે તે, અંતમાં નફાકારક નીવડે છે. અત્યાર સુધીમાં સંમેલનો વડે ઘણો ફાયદો નહિ થયો હોય તો હવે પછીનાથી તો જરૂર થશે જ. કારણ દિવસે દિવસે આપણી ખામીઓ આપણને વધારે ને વધારે સ્પષ્ટ દેખાતી જશે અને આપણે તેના ઉપાય પણ કરશું. આપણા સંમેલનો વડે કાંઈ નહિ તો પરપ્રાંતોમાં તો આપણા સાહિત્યની જાહેરાત થઈ છે, આપણું સાહિત્ય જાણીતું થયું છે. સાહિત્યપરિષદે હાલ જે કંકંકાણે નર્મદ-શતાબ્દી ઉજવાવી છે, એ એક સ્તુત્ય નવો જ માર્ગ કાઢ્યો છે. તેમ ગોવર્ધનરામ ત્રિપાઠીના અવસાનની પચ્ચીસમી જયન્તીને પણ ઉત્સાહથી વધાવી લેવાઈ છે. એ એક નોંધવાલાયક બાબત છે. આવા પ્રસંગોને મળેલી ફત્તેહ જોતાં ભવિષ્યમાં એ રસ્તે પણ સારું કામ કરી શકાશે એવી આશા રહે છે.

સાહિત્ય પરિષદમાં આવેલું વ્યવસ્થાનું જોમ

સાહિત્યપરિષદનું બંધારણ બદલાયું છે. જેમ પૂર્વે સંમેલનો મળતાં, ને દેવતામાંથી ઊડતા તણખા માફક સહેજ પ્રકાશ આપી શમી જતાં, ઓલવાઈ જતાં, તેમ હવે રહ્યું નથી. આગલાં સંમેલનોનાં ઉલ્લાસ, ઉત્સાહ, ધામધૂમ, ધગશ, આગંતુક મહેમાનોના ત્રણ દહાડા, આસપાસનાઓના તેર દહાડા, સ્થાનિક કાર્યકર્તાઓના વખતે ત્રણ મહીના ટકતાં, પછી વિરમી જતાં, કારણ પાછળ કોઈ રીતનું પ્રેરક બળ રહેતું ન હતું. તે ખામી સુધારી હવે સાહિત્યપરિષદને એક કાયમી, જીવતી જાગતી, સતત કાર્ય ચાલુ રાખે એવી સંસ્થા બનાવવામાં આવી છે, એટલે એ સ્થાયી સંસ્થા (કોર્પોરેશન)ના કાર્યકર્તાઓએ પરિષદનું ધ્યેય અમલમાં મૂકવાની ધૂંસરી વહેવાની છે. સંમેલનો તો મળશે ને વિખેરાઈ જશે, પણ મળશે તે વખતે કાર્યકર્તાઓનો મહાસભા હિસાબ લેશે. તેમણે મુદત દરમ્યાન શું કામ કર્યું છે તેનો તેમને હિસાબ આપવો પડશે: મતલબ કે સાહિત્યપરિષદના કાયમના કારભારીઓ પર પરિષદને આગળ ધપાવવી, કે છે ત્યાં ને ત્યાં પડી રહેવા દેવી, તેનો ભાર આવી પડ્યો છે.

સાહિત્યપરિષદ શું કરી શકે એવો સવાલ પૂછવામાં આવે તો સામે સવાલ એમ પૂછી શકાય કે સાહિત્યપરિષદ શું ન કરી શકે? સાહિત્યપરિષદને કરવાનાં કામો બંધારણના લેખમાં આપવામાં આવ્યાં છે, જે નીચે મુજબ છે

અ (ક) ગુજરાતી ભાષાની અને સાહિત્યની સર્વ શાખાઓ સંરક્ષવી, વિકસાવવી, વિસ્તારવી અને કેળવવી

(ખ) ગુજરાતી ભાષામાં કે ભાષા વિષે લખાયેલાં પુસ્તકો સંગ્રહવાં, તૈયાર કરવાં છપાવવાં કે પ્રસિદ્ધ કરવાં

(ગ) ગુજરાતીઓનું સાહિત્યવિષયક ઐક્ય સંરક્ષવાનાં પગલાં લેવાં

આ ઉપરના હેતુઓ પાર પાડવાને માટે જરૂર જણાય તે પ્રમાણે

(ક) પુસ્તકાલયો, સંગ્રહસ્થાનો, છાપખાનાં કે એવી બીજી સંસ્થાઓ સ્થાપવાં અને નિભાવવાં

(ખ) અનુકૂળ વખતે સંમેલનો કે પ્રદર્શનો ભરવાં

(ગ) આવા પ્રકારની સંસ્થાઓ પોતાની સાથે જોડવી, ખરીદી લેવી, પોતામાં ભેળવી દેવી, ઉત્તેજવી અથવા તેમની સાથે મદદગાર કરવો, અને ગુજરાતી ભાષાના અને સાહિત્યના અભ્યાસને ઉત્તેજન આપવાના હેતુથી પરીક્ષાઓ લેવી

(ઘ) ગુજરાતી ભાષાના અને સાહિત્યના પ્રચારને માટે વ્યાખ્યાનોની યોજના કરવી

(ઙ) આવશ્યક કે ઉપયોગી જણાય તે પ્રમાણે સામાયિક પત્રો કે પુસ્તકો છાપવાં પ્રસિદ્ધ કરવાં, સંપાદિત કરવાં, ચલાવવાં અગર છપાવવાં અથવા તેમ કરવામાં મદદ કરવી

(ચ) ગુજરાતી ભાષાને સાહિત્યને તથા પ્રજાને લગતી સાહિત્યવિષયક કે ઐતિહાસિક શોધખોળ કરવી કે તે કરવામાં ઉત્તેજન આપવું

(છ) ગુજરાતી ભાષાની, સાહિત્યની તથા ઇતિહાસની અભિવૃદ્ધિને માટે તથા તેમના પ્રચારને માટે જે વિશેષ કામો કરવાની જરૂર માલમ પડે તે કરવાં

(જ) પરિષદના હેતુઓ પાર પાડવામાં કે આગળ વધારવામાં મદદરૂપ થઈ પડે તેવા કાયદેસર જુમ્માઓ ('ટ્રસ્ટ્સ') સ્વીકારવા

એ હદમાં રહી પરિષદ બધું જ કરી શકે. જોઈએ માત્ર પૂરતું નાણું, અને તેનાથી પણ વધારે અગત્યનું અંગ, લાયક કાર્યકર્તાઓ. એ વિષે વધારે વિવેચન ન કરતાં એટલું જ કહીશ કે સમય જતો જશે તેમ તેમ બધું જ મળી રહેશે. वहुरत्ना वसुधरा. મુંબઈ જેવા શહેરમાં સ્થાનિક અને બહારના લેખકો અને સાહિત્યરસિકો મળી પોતાની ગૂંચવણી અને મુશ્કેલીઓ ઊહાપોહ કરી તે મુશ્કેલીઓ દૂર કરવા મંત્રણા કરી શકે. શ્રી ફાર્બસ ગુજરાતી સભા એ દિશામાં વિશાળ મદદ કરી શકે અને કરવા તૈયાર છે.

જેમ જેમ સ્ત્રીકેળવણી વધતી જશે તેમ તેમ આપણા દેશનો ઉદ્ધાર થતો જશે. દેશના ઉદ્ધાર સાથે સાહિત્યનો વિકાસ સંકળાયેલો છે. સ્ત્રીઓ કેળવાશે એટલે બાળકો કેળવાશે. બાળકેળવણીના સવાલનો એની મેળે ફડચો આવી જશે. આજે આપણે ત્યાં બાળસાહિત્ય જોસથી આગળ વધી રહ્યું છે, તેમાં સ્ત્રીઓ કરતાં પુરુષોએ વધારે ફાળો આપ્યો છે. તો પછી જ્યારે સંખ્યાબંધ કેળવાયેલી ગુજરાતણો ને કાઠિયાવાડણો એમાં રસ લેતી થશે, ત્યારે સ્ત્રી અને પુરુષના સહકારથી, માતા અને પિતા બંનેના સામટા પ્રયત્નથી બાળજીવન, બાળકેળવણી, બાળસાહિત્ય કેટલે બધે દરજ્જે વિકસિત થશે તેનો ખ્યાલ આપ સૌ કરી શકશો. એ સ્ત્રીકેળવણીના વિષયને અગ્ર સ્થાન આપવા સાહિત્ય-પરિષદ શું કરી શકે તે વિચારવાનું છે.

માતૃભાષા-ગુજરાતીને ઊંચી કેળવણીમાં સ્થાન

આ વિષય જેટલો જ બલકે તેથી વધારે અગત્યનો વિષય આપણી માતૃભાષા—ગુજરાતીને ઊંચી કેળવણીમાં સ્થાન આપવા સંબંધી છે. એ પ્રશ્નનો એટલો બધો ઊહાપોહ થઈ ગયો છે કે તેને ચર્ચવાની લેશમાત્ર જરૂર હું જોતો નથી. છેલ્લાં આઠ દશ વરસમાં યુનિવર્સિટીએ પણ એ બાબતની અગત્ય કબૂલ રાખી ઠેઠ એમ. એ.-ની પરીક્ષા સુધી ગુજરાતીને અંગ્રેજીની બરાબરીનું—લગભગ બરાબરીનું સ્થાન આપ્યુ છે. અત્યાર સુધી થયું છે તે અલબત્ત પ્રશંસાને પાત્ર છે, પણ તે બસ નથી. જ્યારે સઘળી કેળવણી માતૃભાષામાં અપાતી થશે, ત્યારે જ ભાષાની ખિલવણી થશે. આપણી ભાષા ને આપણુ સાહિત્ય ખીલવવા માટે જેમ બને તેમ ગુજરાતીના વાપરનુ ક્ષેત્ર વિસ્તૃત થવુ જોઈએ. એ ક્ષેત્ર વિસ્તૃત થવાને માટે ખિલવણી પામેલી શિષ્ટ, સંસ્કારી અને શાસ્ત્રીય ગુજરાતીમાં પુસ્તકો લખાવાં જોઈએ. મતલબ

કે પહેલુ પગલુ બીજાની પુરવણીરૂપ છે, ને બીજુ પહેલાની પુરવણીરૂપ છે, એક બીજાની જોડે સંકલિત છે જે ભાષા વડે પ્રેમાનંદ ને દયારામે પોતાના વિચારો દર્શાવ્યા તે ભાષા વખતે ચાલુ જમાનાની ભીડને પહોંચી નહિ વળે, પરંતુ તેથી નિરાશ થવુ જોઈએ નહીં સ્પેન્સર કે ચૉસરના જમાનાની, મીલ્ટનના જમાનાની ભાષા શુ તે ને તે જ સ્થિતિમા રહી છે? ના, નથી રહી તો પછી જે કારણોને લઈ, જે સાધનો વડે આજની અંગ્રેજી ભાષા ખીલી, સમૃદ્ધ થઈ તે જ કારણો, ને તે જ સાધનો આપણી ભાષાને કેમ નહિ ખીલવે ને સમૃદ્ધ બનાવે? આ દિશામા પણ સાહિત્યપરિષદે તો શુ પણ દરેક કેળવાયેલા ગુજરાતીએ પ્રયત્ન કરવો જોઈએ

આટલુ બોલી, સન્નારીઓ અને સદ્ગૃહસ્થો ! મારુ વ્યાખ્યાન હુ બંધ કરુ છુ આ વ્યાખ્યાનમા નથી વિદ્વત્તાની વિદ્યુતના ચમકારા, કે નથી પાંડિત્યના પાક માત્ર ભાઈબહેનની સામે બેસી જેવી રીતે તમારી સાથે વાત કરવાનો મે લોભ રાખ્યો છે, એ વાતચીત આપે સૌએ ધીરજથી સાંભળી તેમ જ મને આ બહુમાન આપ્યુ તે બદલ અંતઃકરણપૂર્વક આપનો આભાર માનુ છુ



મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી
પ્રમુખ : ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન
બારમુ અધિવેશન
અમદાવાદ : ૧૯૩૬

મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીનું ભાષણ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન
બારમુ અધિવેશન : અમદાવાદ
ઓકટોબર-નવેમ્બર ૧૯૩૬

મહાત્મા ગાંધી

[ઈ. સ. ૧૮૬૯]

આ બારમા સંમેલનથી પરિષદની બેઠકને બદલે સંમેલનનું અધિવેશન પ્રધાન બન્યું. ગુજરાતના પાટનગર અમદાવાદમાં આ સંમેલન મળ્યું હતું. એ પાટનગરને તજીને ગાંધીજી તો વર્ધાની કુટીરમાં બિરાજ્યા હતા. ગુજરાતી સાહિત્યને અરે એ સાહિત્યની પરિષદને પોતાના વિશાળ કાર્ય પ્રદેશમાં સ્થાન આપવા શ્રી. મુનશીએ ગાંધીજીને વિનંતિ કરી. અને ગાંધીજી પણ એક ગુજરાતી સાહિત્યકાર તો ખરા જ ને. એમણે એ વિનંતિ સ્વીકારી અને અમદાવાદને આંગણે જગતની એ મહાન વિભૂતિથી પરિષદનું સંમેલન દીપી ઊઠ્યું.

ગુજરાતના લોકજીવનનો કયો પ્રદેશ ગાંધીજીથી કે એમની પ્રવૃત્તિથી અસ્પૃષ્ટ રહ્યો છે? અને સાહિત્ય એ પણ લોકજીવનનો એક પ્રવાહ છે એટલે ગાંધીજી સાથે ગુજરાતી સાહિત્યનો સંબન્ધ પણ બહુ ગાઢ છે. એમણે પોતે વીર, શાન્ત અને કરુણ રસનાં અનેક ચિત્રો ગુજરાતી સાહિત્યને અર્પ્યાં છે. એમની સ્વસ્થ શૈલી અને તેજસ્વી પ્રતિભાએ ગુજરાતી સાહિત્યમાં અનોખી ભાત પાડી છે. એમની પૂર્વેના યુગના પાણ્ડિત્યના ભારમાંથી એમણે ગુજરાતી ભાષાને મુક્ત કરી છે દીર્ઘસૂત્રિતાને એમણે ગુજરાતી સાહિત્યમાંથી દૂર કરી છે. ગુજરાતી ભાષાના સ્વાભાવિક માધુર્યમાં એમણે અનેક વાર ઓજસ પૂર્યું છે અને લોકહૃદયના પ્રસુપ્ત ચેતનને જાગ્રત કર્યું છે.

ગાંધીજી જેવા પુરુષ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે હોય એ અવસર પરિષદ માટે અપૂર્વ હતો. એમની આંખ આગળ જ ગુજરાતની જોડણી એકધારી કરવાના પ્રયાસો થયા અને વ્યાપક બન્યા. એમના આશીર્વાદથી જ આજે વિદ્યાપીઠનો જોડણીકોશ ગુજરાતી ભાષાની જોડણીને સ્થિર સ્વરૂપ આપતો આગળ ધપતો જાય છે. ગુજરાતી ભાષા અને સાહિત્યને અમદાવાદના આ સંમેલનમાં એમના આશીર્વાદ મળ્યા એ સદ્‌ભાગ્ય પણ ઘણું મોટું જ ગણાય. ગુજરાતનું પાટનગર અને મહાનમા મહાન વિદ્યમાન ગુજરાતી પ્રમુખપદે એવી આ સંમેલનની અપૂર્વતા ઇતિહાસમાં બીજે સ્થળે ભાગ્યે જ મળશે.

ઉપોદ્ઘાત

તમારી પાસે ભાઈ મુનશીએ જે વાત કરી તે સત્યથી વેગળી છે તમને એમણે કહ્યુ કે '૨૫ ની સાલમા મે ઉલટથી કહી દીધુ કે પ્રમુખ નહિ જ થાઉ અને દરખાસ્ત આવશે તો લાચારી બતાવીશ એ તો ઠીક પણ મુનશીએ ઉતાવળમા કહી દીધુ કે જેટલી ઉલટથી તે વખતે ના પાડી હતી એટલી જ ઉલટથી આ વખતે પ્રમુખપદનો મે સ્વીકાર કર્યો એ વાત ગલત છે, સત્યથી વેગળી છે તે દહાડે આ પદ માટે હુ લાયક નહોતો જ આજે તેથી યે ઓછો લાયક છુ આ પદ લેવા હુ જરા યે ઉત્સુક જ નહોતો છતા મે પદ સ્વીકાર્યું છે, પણ તે ઉલટથી નહિ એ તો ધર્મસંકટ થઈ પડ્યુ એટલે આવ્યો જે મિત્રો પાસેથી કામ લેવા માગતો હોઉ તેઓ મારી પર ભાર લાદે ત્યારે સ્વીકારી લઉ છુ

સ્વીકાર કર્યા પછી તો હુ પડ્યો માંદો મે કહેવડાવ્યુ કે મહેરબાની કરી મને જવા દો અને આ અધિવેશનનુ કામ ઉકેલી લો પણ હુ રહ્યો 'મહાત્મા', એટલે આ વાત કોણ માને? હુ કોના હૃદયમા મહાત્મા હઈશ એ તો કોણ જાણે? પણ અલ્પાત્મા તો મારા હૃદયમા થઈ જ ગયો છુ 'મહાત્મા'ના શબ્દો મોળા પડ્યા, માંદો પડ્યો અને ન આવી શક્યો વળી બીજી મુશ્કેલી આવી સેગાવમા બે જણ માદા પડ્યા અને મને થયુ કે નહિ જવાય તો મહાત્માનો યે અલ્પાત્મા થઈ જઈશ અમુક સ્થિતિમા ના પાડી હોય તો કોઈક સંજોગોમા ના થઈ શકે છે એમ શાસ્ત્રો કહે છે પણ હૂં તો અક્ષરને પાળનારો રહ્યો એટલે આવ્યો, પણ દર્દીઓ બચી ગયા છે અને હૂં આવીને બેઠો છુ

ક્ષમાયાચના

મે આશા રાખી હતી કે પરિષદમા આવતા પહેલા બધુ

સાહિત્ય એકઠું કરીને વાંચી લઈશ અને બધું વાંચીને ભાષણ તૈયાર કરીશ. પણ આજે હું દેવાળિયો છું. ભાષણ ન લખી શકયો. અને લેખિત ભાષણની આશા છોડજો એમ કહેવડાવ્યું. ત્યાં દર્દીની સેવા છોડી શકું એમ નહોતું. પછી રાજકોટમાં શાન્તિની આશા રાખી હતી, પણ ત્યાં મિનીટે મિનીટ ભરાઈ ગઈ. અહીં આવ્યો ત્યાં તો જ્વાળા સળગી છે એમ જોયું. માલિકો અને મજૂરો વચ્ચે ઝગડા ચાલે છે. રાત્રે પણ કાંઈક જોઈ જઈશ એવી આશા હતી. જોવાની સામગ્રી પણ કઢાવી હતી. પણ અહીં આવ્યો ત્યાં સુધી હું મહત્ત્વની વાતોમાં જ રોકાયેલો રહ્યો. એટલે મારે શું કહેવાનું છે એ વિષે નોંધ પણ નથી કરી લાવ્યો. આના કરતાં વધારે નાલાયક પ્રમુખ કોઈ ચૂંટયો હતો ?

આ કહેવાય છે અધિવેશન આરમ્ભ. પણ મારે હાથે અધિવેશનનુ આરમ્ભ તો નહિ થઈ જાયને ? મારે નસીબે એ અપશુકન સૂચવનારો શબ્દ આવી પડ્યો છે. પણ હું નસીબદાર છું. હું જ્યાં જાઉં છું ત્યાં અનેક પ્રકારની આશા બંધાય છે; નોખા સ્વરૂપની આશા બંધાય છે. પણ નોખું સ્વરૂપ થાય તો આરમ્ભ જ થાય ના ? છાપાંની કાપલીઓ મારી ઉપર આવેલી છે. બંધારણમાં સુધારો કરવા વિષેના બાર મુદ્દાઓ મને મોકલવામાં આવ્યા છે. એ હું વાંચી ગયો છું, પણ બંધારણનો અભ્યાસ કર્યા વિના આવ્યો છું. એટલે કોઈ કાયદા-શાસ્ત્રી કોયડા ઉઠાવશે તો મારે મૂંઝાવું પડશે.

આપણી પાસે આજના કાર્યક્રમમાં દશ વસ્તુઓ છે. તેમાં એક મારું ભાષણ છે. આ બધી વસ્તુઓ સાડા પાંચ પહેલાં ઉકેલવી જોઈએ.

આટલી પ્રસ્તાવના કર્યા પછી મારા ઉપર જે બોજો લાદ્યો છે તે માટે આભાર માનું છું. સ્વામી લાત મારે તોપણ સેવક સ્વામીને કહે કે હું દિલગીર છું કે મેં ભૂલ કરી અને તમારે મને લાત મારવી પડી. મારે ત્રીસ કરોડ સ્વામી છે. એ લોકોએ મને સેવક ચૂંટયો નથી, પણ મેં માની લીધું કે હું ત્રીસ કરોડનો સેવક છું. એ ત્રીસ કરોડમાં તમે પણ છો. અને તમે મારા બમણા સ્વામી છો, કારણ તમે મને ચૂંટયો છે. પણ જેમ તેમ કરીને મને તમે નિભાવી લેશો એ આશાએ હું આવ્યો છું.

‘ડેમૉક્રસી’ની વ્યાખ્યા અને વ્યાપ્તિ

મારે વિષે છાપામા આવ્યુ અને છાપાની કાપલીઓ મને મોકલાઈ તે તો હુ ન વાચી શક્યો પણ મારા ઉપર કાગળો આવે તે તો વાચવા જ જોઈએ—વિનય ખાતર પણ વાચવા જોઈએ હુ ‘ડેમૉક્રેટ’ ગણાઉ છુ અને હુ છુ પણ ખરો એટલે એ લોકોએ મારા ઉપર આશા બાધી એ લોકોએ કહ્યુ કે પરિષદનુ બધારણ મુનશીનુ છે, એનો તો એ ઇજારો કહી શકાય, એ કાયદાશાસ્ત્રી રહ્યા, એટલે એણે એને ઘડ્યુ છે જ એવુ કે એની એક ઈંટ પણ અમે નથી ખસડાવી શકતા પણ તમે એકબે ઈંટ હલાવો તો કાઈક થાય, મને—કમને દબાણથી અમુક ફેરફાર કરાવી શકાય તો કરો આ ઉપરાત પણ કેટલીક સૂચનાઓ આવી

આ સૂચનાઓ હુ પચાવી નથી શક્યો હુ પોતાને ‘ડેમૉક્રેટ—લોકશાસનમા માનનારો—માનુ છુ અને એ અર્થમા જે ખરો ‘ડેમૉક્રેટ’ હોય તે તો સાનમા સમજી જાય કે પ્રજાનો કબજો એટલે શુ, ક્યા ‘ડેમૉક્રસી’ ચાલે અને ક્યા ન ચાલે? જ્યારે મહાસભાનુ બધારણ પહેલી વાર તૈયાર થયુ ત્યારે કેટલાકે કહ્યુ હતુ કે અમારે મહાસભામા ચાર આના શુ કામ આપના? જેણે ચાર આના ન આપનાનુ વ્રત લીધુ છે તેને મે કહ્યુ કે તમારે મહાસભામા આવવાનુ કારણ શુ છે? ધારો કે દેશની સેવા ખાતર ખરેખરી ‘પીપલ્સ બૅન્ક’ સ્થાપી હોય—મોટા મોટા શેઠિયાઓ સ્થાપે છે એવી નહિ પણ સાચી લોકહિતકારી બેંક—તેમા લોકોના હિતની ખાતર પણ જે પ્રામાણિક માણસો, કાબેલ માણસો હોય, નિસ્વાર્થ હોય, લોકહિત ચાહનાર હોય એવાને જ રાખવા જોઈએ ના? એમા લોકશાસનના સિદ્ધાન્ત પ્રમાણે માણસ ચૂટવા ન ચાલે વીણીને રાખવા લઈએ, વારુ કે આપણે હાયકોર્ટનુ બધારણ ‘ડેમૉક્રેટિક’ કરવુ છે ગામ-ગામ્યમા પણ હાઈકોર્ટ તો હશે પણ ‘ડેમૉક્રસી’ની અદર પણ એવી સસ્થાઓ હશે કે જેમા ‘ડેમૉક્રસી’ના હિતમા જ, ‘ડેમૉક્રસી’ના નિયમોથી નહિ પણ બીજા નિયમોએ, કામ ચલાવવુ પડશે મને તો ખબર જ છે કે ક્યા ‘ડેમૉક્રસી’ ચાલે ને ક્યા ન ચાલે અને એવી જ રીતે છુ કે સાહિત્ય પરિષદમા ‘ડેમૉક્રસી’ના બધા નિયમો નહિ હોય

ચાની જ છે. એ એ દિવસ માટેની નથી. સ્વરાજનો મંત્ર જાણુના છડીશું ત્યાં ગુધી વિદ્યાપીઠ રહેવાની છે. જેમ જંગમ આશ્રમ છે તેમ જંગમ વિદ્યાપીઠ પણ બને. કોઈએ અઢી લાખ રૂપિયા આપ્યા એટલે મકાન થયું. પણ એ ન હોત તો વિદ્યાપીઠ ન ચાલત? જ્યારે દ્રવ્ય નહોતું ત્યારે પણ વિદ્યાપીઠ તો હતી જ. તે ભૂતમાં થઈ. વર્તમાનમાં ચાલે છે અને ભવિષ્યમાં ચાલવાની છે. વિદ્યાપીઠનાં રૂપાન્તર થયાં છે અને થયાં કરશે. વિદ્યાપીઠમાં ગિદવાણી નથી. કિરપાલાની નથી. કાકા નથી. એમાં ગામડી માણસો છે. પણ શું સાક્ષરો જ વિદ્યાપીઠ ચલાવે? માણસ ભલે ગામડી હોય. એ ગામડી હૃદયવાળા જોઈએ, નાટકી ન જોઈએ. કાઠિયાવાડમાં એવા પડેલા છે જેમને વાલીડા કહે છે. તે જે વેશ ભજવવો હોય તે ભજવે. એવા નહિ. પણ જેનું હૃદય ખરેખરું ગામડી છે એવા વિદ્યાપીઠ ચલાવી શકશે. અમદાવાદનાં ઢીંગલાઢીંગલી માટે વિદ્યાપીઠ થોડી જ છે? ભલેને ભાઈ અંબાલાલની દીકરી ત્યાં આવી ગઈ. પણ વિદ્યાપીઠ એવી ડીપો નથી જ્યાં ઢીંગલાઢીંગલી આવે, તેને સુશોભિત બનાવીએ અને પાછાં હતાં તેવાં તેમનાં માબાપને 'ડિલીવર' કરીએ—સોંપી દઈએ. વિદ્યાપીઠ તો ગામડી સ્ત્રીપુરુષોને ઘડવા સારુ રચાયેલી છે. એમને ઘડતાં નથી આવડતું, પણ તેઓ પ્રયત્ન તો કરે જ છે. તેવાને માટે 'ગીતાજી'ના છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે કે એમનું અકલ્યાણ નહિ થાય. ભગવાનની એ પ્રતિજ્ઞા છે અને સાચી ભાવનાવાળાને વિષે એ સફળ થશે. વિદ્યાપીઠે ભૂતકાળમાં જે ફાળો આપ્યો છે તેથી એને પૈસા આપનારને પૂરું વળતર મળી ગયું છે. પણ સર ચિનુભાઈ, હું કહેવા ઇચ્છું છું કે વિદ્યાપીઠે જેમ પૈસા આપનારને પૂરાં દામ આપ્યાં છે તેમ ભવિષ્યમાં પણ આપશે અને આપ તે જોશો.

સાહિત્ય પરિષદ શું કરે

હવે પરિષદ વિષે. સાહિત્ય પરિષદે શું કરવું? પરિષદ પાસેથી શી આશા હું રાખું? કાકાએ એ વિષે નવ પાનાં લખીને મને આપ્યાં હતાં. તે હું વાંચી તો ગયો, છતાં ભૂલી ગયો છું. દાક્તર હરિપ્રસાદે કાગળ મોકલેલો, પણ તેય ક્યાંય રખડે છે. હશે તો સુરક્ષિત, પણ મને અહીં આવતાં ન મળ્યો. તેમને ફરી લખી આપવા કહ્યું તે તેમણે હું રાતે સૂઈ ગયો પછી મોકલ્યું. અને એ પણ અહીં નથી લાવ્યો. એટલે એમણે માગેલું કાંઈ આપી ન શકું. એવું મારું દુર્દૈવ છે. મને

વખત મળે ત્યારે રાંધુ અને સામગ્રી તૈયાર કરું ને? પણ અત્યારે જે કહું છું તે કાંઈ નહિ તો મારી પાસે તો ગોખેલું જ છે કારણ હૃદયમાંથી જે આવે છે તે કહું છું, ઓપ ચડાવ્યા વિના કહું છું

સ્વાગતાધ્યક્ષે મારો ભાર હળવો કર્યો છે મેં પહેલા સાહિત્ય પરિષદને જે કહ્યું હતું તે તેમણે આપને ફરી કહી સંભળાવ્યું છે એમ ધારીને કે રખેને મારે ચાબખા મારવા પડે પણ અહિંસાનો પૂજારી ચાબખા મારે? મારી પાસે ચાબખા ન હોય તે વખતે મેં તો વિનય જ કર્યો હતો આજે નરસિંહરાવભાઈ અહીં નથી એ મને બહુ સાલે છે એમની સાથેનો મારો સંબંધ ઉત્તરોત્તર વધતો ગયો છે એ અહીં હોત તો હું આજે બહુ રાજી થાત અને રમણભાઈ તો આજે દેહે પણ નથી તેમને મેં કહ્યું હતું કે મારી પાસેના કૂવા ઉપર કોસ ચલાવનાર કોળિયો કેવી ભાષા વાપરે છે એની એને ખબર નથી એ ગાળ બોલે છે એનું એને ભાન નથી તેને હું શું કહું? કવિ હોય તે એની પાસે જાય મુનશી તો નવલકથાકાર રહ્યા, એ તો જઈ ન શકે અદ્ભુત કળાકાર હોય તે એની પાસે જઈને એને સમજાવી શકે એ શબ્દ અહીં ટીકાડ્યા, એ શબ્દ ત્યાં ટીકાવ્યા અને એવું કહે કે પેલો ઝીલી શકે એવું હોય

આપણે સાહિત્ય કોને માટે રચીશું? કસ્તુરભાઈ ઍન્ડ કંપની માટે, કે અંબાલાલભાઈ માટે કે સર ચિનુભાઈ માટે? એમની પાસે તો પૈસા છે એટલે ગમે તેટલા સાહિત્યકારો રાખી શકે છે, ગમે તેટલા પુસ્તકાલયો વસાવી શકે છે પણ પેલા કોળિયાનું શું? તે વેળા મારી સામે એ બેઠો હતો, અને તે પણ કોઈ ખરા ગામનો નહિ, પણ કોચરબનો કોચરબ કાંઈ ગામ છે? એ તો અમદાવાદનો એક ભાગ ત્યાં જીવણલાલભાઈનો બંગલો હતો મારા જેવા ભૂત જ ત્યાં જઈને બેસે ને? ત્યાં એમને વધારે ભાડું આપનારા પણ તે વખતે કોણ મળે? પણ મને અહીં રાખવો હતો, એટલે જીવણલાલ-ભાઈએ બંગલો આપ્યો અને મંગળદાસ શેઠે પૈસા આપવાના કહ્યા પણ આજે તો એ કોળિયા જેવા ઘણા યે માણસ મારી સામે પડ્યા છે આજે હું સેગાવમાં જઈને પડ્યો છું ત્યાં ૬૦૦ માણસો છે તેમાંથી ૧૦ માણસો પણ વાંચી શકે એવા ભાગ્યે જ હશે ૧૦ એ અલ્પોક્તિ હોય તો ૫૦ કહું, પણ પચાસમાં અતિશયોક્તિ જરૂર છે ત્યાં હું શું કરું છું? વિદ્યાપીઠના કુલપતિનું પદ મારે શોભાવવું રહ્યું

એટલે મફત લાયબ્રેરી કાઢી ત્યાં પુસ્તકોનો સંગ્રહ કરવા માંડ્યો. પણ વાંચી શકે એવા દસમાંથી. સમજીને વાંચી શકે એવા બે ત્રણ અને બહેનોમાં તો એક પણ વાંચી શકે એવી નથી. ત્યાં ૭૫ ટકા હરિજનો રહ્યા વર્ધાનો તેને સ્પર્શ પણ લાગેલો નથી. લાગેલો હોત તો હું દૂર જાત. ત્યાં તો મૅલેરિયા છે. પણ હું જાઉં ત્યાં મૅલેરિયા ન નભી શકે એવી મૅલેરિયા સાથે અમારે સંધિ છે. ત્યાં અનેક ખાબોચિયાં છે. પણ એક ધનિક મળી ગયો એણે સડક કરી આપી છે. ૭ મહિના પહેલાં જેવી સ્થિતિ હતી તેવી સ્થિતિમાં આનંદશંકરભાઈ જેવા ત્યાં આવી પણ ન શકે.

ત્યાં મેં એક પુસ્તકાલય બનાવ્યું છે. એમાં સાહિત્ય તો શું હોય? એક બે છોકરીઓએ વાપરી લીધેલી એવી ચોપડીઓ તેમની પાસેથી ઉછીની લીધી. એ ધૂળ જેવાં પાઠ્ય પુસ્તકોના બનાવનારા વિષે બોલું તો તમને ખૂબ હસાવી શકું અને કલાકો સુધી વાત કરું, પણ વખત નથી.

ત્યાંનો પ્રદેશ તો મહારાષ્ટ્રી રહ્યો. ત્યાં ગુજરાત જેટલી નિરક્ષરતા નથી, પણ સેગાંવ ગામમાં નિરક્ષરતા છે. ત્યાં મારી પાસે એક એલએલ. બી. છે. એ કાયદો ભૂલી ગયો છે. ભૂલથી એલએલ. બી. થઈ ગયેલો. એ ગુજરાતનો છે, પણ થોડું મરાઠી જાણે છે. એને મેં કહી દીધું કે લોકો સમજી શકે એવી ચોપડીઓ ચલાવવી અને પોતે પોતાના જ્ઞાનમાંથી એમાં વધારો કરવો. આધુનિક છાપાં છે પણ ત્યાંના લોકો એમાં શું સમજે? એમને ભૂગોળ શીખવવી રહી. એ રશિયા શું જાણે? સ્પેન ક્યાં આવ્યું એની એયે શી ખબર? આ સાડા ત્રણ રૂપિયાની ચોપડીઓ માટે ઘર એવું કે ચોમાસામાં ત્યાં બેસી ન શકાય. કોઈ દીવાસળી મૂકે તો સળગી જાય. એ હતી તો મીરાંબહેનની ઝૂંપડી. મીરાંબહેન ત્યાગી છે, પણ મૂરખ છે. મેં એને કહેલું કે જ્યાં લોકો પાયખાનાં કરે ત્યાં તું નહિ રહી શકે. હું તો સીમાડા ઉપર જ રહું. મારે શુદ્ધ હવા, શુદ્ધ પાણી અને શુદ્ધ આહાર જોઈએ. એ દેહાતમાં વસવાની મારી શરત છે. સદ્‌ભાગ્યે હું જ્યાં પડ્યો છું તે પાદરને લોકો પાયખાના તરીકે નથી વાપરતા. પણ પેલી મીરાંબહેનવાળી ઝૂંપડીમાં અમે પુસ્તકાલય વસાવ્યું. આવા ગામમાં હું લોકોને શું વાંચી સંભળાવું? મુનશીની નવલકથા વાંચું? શ્રી કૃષ્ણલાલભાઈનું 'કૃષ્ણચરિત્ર' વાંચું? 'કૃષ્ણચરિત્ર' જોકે મૌલિક નથી,

તરજુમો છે, છતા એ તરજુમો મે વાચ્યો ત્યારે મને મીઠો લાગ્યો હતો હુ એ વાચીને રાજી થયો હતો પણ એ એમનુ પુસ્તક પણ હુ સેગાવમા નથી ચલાવી શકતો એ આપણુ દુર્દૈવ છે એ વસ્તુ સાક્ષર મારે મોઢેથી ન જાણે તો કોને મોઢેથી જાણે? સેગાવથી હુ એક પણ બાળકને અહી નથી લાવ્યો લાવુ આપુ તો વળી આવે પણ અહી આવીને શુ કરે? છતા વણમાગ્યો અને વણચૂટાયેલો હુ તેનો પ્રતિનિધિ છુ અને ગામના ગામડિયાઓનો આર્તનાદ તમને સભળાવુ છુ એ ખરી 'ડેમૉક્રસી' છે એ લોકો પાસેથી શીખીશીખીને હુ તમને સૌને કહુ છુ કે ખરુ સ્વરાજ જોઈતુ હોય તો અહી આવો તમારે માટે હુ માર્ગ સાફ કરી રહ્યો છુ ત્યા કાટા પડયા જ છે, પણ થોડા ગુલાબો પણ હુ ત્યા ઉગાડી દઈશ

આ વાત કહુ છુ ત્યા ડીન ફેરર યાદ આવે છે. એ જબરદસ્ત સાક્ષર હતો અગ્રેજીમા ભારે સાક્ષરો પડયા છે એ હુ સ્વીકારુ છુ ભલેને અગ્રેજોની સાથે હુ લડુ, પણ હુ ગુણગ્રાહી છુ મને થોડો જ કોઈ અગ્રેજનો કે અગ્રેજી ભાષાનો દ્વેષ છે? એ ડીન ફેરરને થયુ કે પ્રજાની આગળ મારે ઈસુનુ જીવન લખીને મૂકવુ છે તે કેમ લખવુ? અગ્રેજી ભાષામા ઈસુના જેટલા વૃત્તાન્ત છે તે એ વાચી ગયો, પણ એને સતોષ ન થયો પછી તે પૅલેસ્ટાઈન ગયો ત્યા બાઈબલ લીધુ અને તેમા આપેલા વૃત્તાન્તો પ્રમાણે બધુ નરી આખે જોઈ લીધુ પછી તેણે શ્રદ્ધાભાવથી પુસ્તક લખ્યુ એની પાછળ એણે કેટલી સામગ્રી એકઠી કરી, કેટલા શ્રમ અને કેટલા વર્ષો પછી એ પુસ્તક એણે લખ્યુ! અગ્રેજી ભાષામા એ અદ્ભુત પુસ્તક છે મે નાતાલ છોડયુ ત્યારે એક પાદરીએ મને વાચવા આપેલુ અગ્રેજી ભાષામા એ સુદર અને સર્વમાન્ય પુસ્તક છે એમા જૉન્સનનુ અગ્રેજી નથી, ડિકન્સના જેવુ સરસ અને સરલ અગ્રેજી છે અને સામાન્ય લોકોને માટે એ પુસ્તક લખાયુ છે ત્યારે સાક્ષરો શુ રઘુવશ વાચીને, ભવભૂતિ વાચીને કે અગ્રેજી પુસ્તકો વાચીને ગામડામા જશે? એ પુસ્તકો વાચતા વાચતા એને ક્ષય થાય, સગ્રહણી થાય કે બ્લડપ્રેશર થાય તો ય વાચવાનો લોભ નહી જવાનો પછી એ ગામડાને માટે પુસ્તક રચવા બેસે તો એનુ પુસ્તક પણ એના જેવુ રોગીલુ થશે એવા માણસનુ ગામડામા કામ નથી કવિ નર્મદ દાન કરે કહ્યુ છે તેવા બધી વાતે પૂરા માણસનુ ત્યા કામ છે ગામડામા તો 'થર્મૉસ'

લઈને જનારા મારા જેવા કરતાં પણ ખરા ગામડિયા તરીકે ત્યાં જઈને રહેનારાનું કામ છે. તેઓ જીવંત સાહિત્ય ત્યાંના લોકોને આપી શકશે.

સાચી કળા

રવિશંકર રાવળ જેવા અમદાવાદમાં બેઠા બેઠા પીંછી માર્યા કરે છે. પણ ગામડામાં જઈને શું કરે ? જો કે આજે તેમનું પ્રદર્શન જોઈને મારી છાતી ઊછળી. કારણ પહેલાં અહીં એવાં ચિત્રો નહોતાં. દાક્તર હરિપ્રસાદ મને અગાઉ કાંઈક જોવા લઈ ગયેલા, પણ તેના કરતાં ખૂબ પ્રગતિ થઈ છે. સાહિત્ય ચિત્રો વાટે પણ આપી શકાય. પણ એ ચિત્રો જુદાં. અહીં તો રવિશંકર રાવળ ચિત્રોમાં શબ્દનું જ્ઞાન પૂરતા હતા. પણ સાચી કળા તો તેઓ મૂંગા રહે છતાં હું સમજી શકું એવી હોવી જોઈએ. હું સાક્ષર હોઉં, રસ્કિન મેં વાંચ્યો હોય પછી એમની કળા હું સમજી શકું અથવા એ સમજાવે ત્યારે સમજું એમાં ભારે કળા નહિ. મારે તો ગામડી આંખે જોવું રહ્યું. છતાં મારી છાતી એમનાં ચિત્રો જોઈ ઊછળી. પણ ફરી મને થયું કે ચિત્ર મારી સાથે બોલે. મારી આગળ નાચે એવાં જોઈએ. એવાં ચિત્રો જગતભરમાં બહુ થોડાં જ છે. રોમમાં પોપના સંગ્રહમાં મેં એક મૂર્તિ જોયેલી તે જોતાં જ હું મૂર્છિત થઈ ગયો હતો. એ મૂર્તિ છે 'ક્રાઈસ્ટ ઑન ધી ક્રૉસ'ની. એ મૂર્તિ જોઈને માણસ દીવાનો બની જાય. એ સમજાવવા રવિશંકર રાવળ મારી પાસે નહોતા ઊભા. પણ એ જોઈને જ હું સ્તબ્ધ થઈ ગયો. આ તો પરદેશની વાત. પણ થોડાં વર્ષ ઉપર મહીસૂરમાં બેલુરમાં ગયો હતો. ત્યાંના પ્રાચીન મંદિરમાં નગ્નાવસ્થામાં ઊભેલી એક સ્ત્રીની પ્રતિમા જોઈ હતી. એ મને કોઈએ બતાવી નહોતી, પણ મારું ધ્યાન એકદમ ત્યાં ગયું અને હું આકર્ષાયો. હું નગ્નાવસ્થામાં ઊભેલી સ્ત્રીનું અહીં વર્ણન નથી કરવા ઇચ્છતો, પણ એ મૂર્તિનો જે ભાવ હું સમજ્યો તે જણાવું છું. એના પગની આગળ એક વીંછી પડ્યો છે. એનો કવિ બીભત્સ નહોતો, એટલે સ્ત્રીને કપડાથી કાંઈક ઢાંકી છે. એ કાળી સંગેમરમરની મૂર્તિ છે. એ જોતાં એમ થાય છે કે કોઈ રંભા પડી છે તે અકળાઈ રહેલી છે. હું એનું ગામડી વર્ણન જ કરું છું. હું તો જોઈ જ રહ્યો. એ પોતાના અંગ ઉપરનાં કપડાંને તોડી રહી છે. કળાને જિહ્વાની જરૂર નથી હોતી. મને થયું કે સાક્ષાત કામદેવતા અહીં વીંછી થઈને

બેઠા છે પેલી બાળાને અંગાર વ્યાપી ગયો છે કવિએ કામને વિજય મેળવના દીધો નથી એ સ્ત્રીના અગેઅગ ઉપર એની વેદના ચીત રાયેલી છે રવિનકર ભલે એનો ગમે તે અર્થ કરે, પણ એ એમનો શહેરી અર્થ ખોટો અને મારો ગામડી અર્થ ખરો

હુ શુ માગુ છુ તે મે કહ્યુ ઇચ્છા તો થાય છે કે એ ચિત્રમા વધારે રગ પૂરુ પણ આટલા ચિત્રથી ન સમજી જાય તે કળા-રસિક ન કહેવાય

આટલો મે બબડાટ કર્યો છે તે માટે મને માફ કરજો મારા હૃદયમા અગાર વ્યાપી રહ્યો છે ઇચ્છા તો થાય છે કે આલેખેલી ઝાખી ઝાખી લીટીઓ પૂરી કરુ, પણ લચારીથી આટોપી લઉ છુ મારે કહેવાનુ છે તેમાથી થોડુ જ કહ્યુ છે અત્યારે મારુ હૃદય રડે છે પણ હુ આખમાથી આસુ કેમ ઢાળુ ? મારે વેદના હોય છતા મારે તો હસવુ છે રડવાના પ્રસગો આવે છે છતા રડ્યો નથી હેયુ કઠણ કરુ છુ, પણ એ સેગાવ—ત્યાના હાડપિંજરો જોઉ છુ [અહી ડૂમો ભરાઈ આવ્યો થોડી વાર અટકીને બોલ્યા] ત્યારે મને તમારુ સાહિત્ય ગેઢિયાળ લાગે છે આનંદશકરભાઈ પાસે મે મો પુસ્તકો માગ્યા એમણે મહેનત કરીને મને મોકલ્યા પણ એ પુસ્તકોને હુ શુ કરુ ? ત્યા શી રીતે લઈ જાઉ ?

ત્યાની સ્ત્રીઓને જોઉ છુ ત્યારે થાય છે કે આ સ્ત્રીઓને અમદાવાદની સ્ત્રીઓની સાથે શો સબધ ? પેલી સ્ત્રીઓ સાહિત્યને નથી ઓળખતી ગરબા ગવડાવુ તો ઝીલી નથી શકતી તેઓ સર્પ-વીંછીની દરકાર રાખ્યા વિના, વરસાદ કે ટાઢતડકાની દરકાર વિના મારે સારુ પાણી લઈ આવે છે, ઘાસ કાપી લાવે છે, બળતણ લાવે છે, અને એને હુ પાચ પૈસા આપુ છુ ત્યારે મને અન્નદાતા માને છે ત્યા તેમને પાચ પૈસા આપનાર અબાલાલભાઈ નથી એ હિંદુસ્તાન અમદાવાદમા નથી, સાત લાખ ગામડામાં છે તેને તમે શુ આપશો ? એમનામાથી પાચ ટકા જેટલા લખીવાચી જાણે છે બાકી સોળસો નાજ્ઞાેા એમની પાસે બહોળ છે એની પાસે શુ લઈ જવુ એ હુ જાણુ છુ પણ હુ તમો કહીને શુ કરુ ? બોલીને મનાવવાનો મારા વિષય નથી કે બોલીને બતાવુ કરમ મે મારા વારે લીધેલી છે પરા ધીન ક્ષામા ચલાવુ છુ આજે બોલુ છુ પણ તે અમુક સજોગોમા ન રમા સુધી બોલ્યો નથી મિત્રોએ મો ' લગ ' મૂક નાખ્યો છે

નાના મંડળમાં પણ બોલી નહોતો શક્યો. કોર્ટમાં ગએલો ત્યાં 'માઈ લૉર્ડ' કે શું કહેવું તેની મને ખબર નહોતી. મને બોલતાં ન આવડે. બૅરિસ્ટર બનેલો પણ ગામડિયો, એટલે બોલવાનું માંડી વાળ્યું. થઈ શકતું હોય તે કરવું એ સૂત્ર મેં પકડ્યું. હું જાણું છું કે સ્વરાજની ચાવી મજૂરો પાસે પણ નથી. સ્વરાજની ચાવી ગામડામાં છે. ગામડું પણ હું શોધવા ન ગયો, જેમ સત્યાગ્રહ પણ શોધવા નહોતો ગયો. આ ગામડામાંની અનેક સ્ત્રીઓ મને પરાણે આવીને વરે છે. પણ હું તેમને વરું તો મારું એકપત્નીવ્રત લાજે, એટલે મેં તેમને માતાઓ બનાવી છે. એમને માતા તરીકે ઓળખું છું. એ માતાના મંદિરમાં તમને નોતરું છું. [કેશવલાલ ધ્રુવને ઉદ્દેશીને—'કેશવભાઈ, આપને પણ નોતરું છું.' કેશવલાલ—'સાથે આયુષ્ય પણ આપો તો.' ગાંધીજી—'એ તો હું પણ છવ્વીશ તો ના ? આપણામાં ક્યાં બહુ વર્ષોનો ફેર છે ?']

ઉપસંહારનું ભાષણ

આભાર

પ્રથમ તો મારે તમારો બધાનો અભાર માનવો જોઈએ. સામાન્ય રીતે પ્રમુખ આભાર માને જ, પણ હું રૂઢિને વશ થઈને આભાર નથી માનતો. હું તો તમારા પ્રેમને વશ થઈને આવ્યો. મારે તમને જેટલો વખત આપવો જોઈએ તે પણ ન આપ્યો. મેં તો ધૂળ જેવું, વગર વિચાર્યે બોલેલું ભાષણ કર્યું, આ માટે તો મારે તમારી માફી માગવી જોઈએ. મને નભાવી લેવાને માટે હું તમારો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

રૂડા રૂડા નિબંધો વાંચવા મને ન ગમે એમ નથી. મારામાં કેટલાય રસો ભરેલા છે જેને હું તૃપ્ત નથી કરી શકતો. એમાંના કેટલાક બળી ગયા છે, અને જે પડેલા છે તે 'પર' નું દર્શન ન થાય ત્યાં સુધી સંગપ્રસંગે પાંગર્યા કરવાના. આનંદશંકરભાઈએ મને કહ્યું કે અહીં મુશાયરો થયો, તેમાં નવયુવકોએ પણ સરસ ભાગ ભજવ્યો. શ્રી ઇનામદારનાં 'લૅન્ટર્ન સ્લાઇડ'વાળા પુરાતત્ત્વ વિષેના ભાષણમાં પણ મને જવાની ઇચ્છા હતી. પણ મેં ન એ ભાષણ સાંભળ્યું, કે ન એ મુશાયરો જોયો. આ મારી બધી ત્રુટિઓને તમે નભાવી લીધી એ તમારી ઉદારતા નહિ તો બીજું શું ?

શરતી દાન શા માટે ?

લાઠીના ઠાકોરના પાદપૂર્તિ માટેના ઇનામની અને શ્રી રમણલાલના નવલકથાના ઇનામની વાત તમે સાંભળી એ વાત જ્યારે કહેવાતી હતી ત્યારે અમેરિકન ક્રોડપતિ કાર્નેગી મને યાદ આવ્યો એણે સ્કોટલંડના સાહિત્યકારોને લાઇબ્રેરીઓની બક્ષિશ કરેલી તે યાદ આવ્યું સ્કૉટલેંડ તો વ્યવહારકુશળ દેશ છે, અને તે માટે ત્યાંના લોકો ગર્વ લે છે સ્કૉટલેંડમાં તમે જાઓ એટલે લાગે કે આપણે નવા પ્રદેશમાં પ્રવેશ કર્યો છે આપણી દૃષ્ટિએ તો ઇંગ્લંડ અને સ્કૉટલેંડ એક છે, પણ ત્યાં સ્કૉચ એકર અને અંગ્રેજ એકર વચ્ચે લડાઈ પણ થતી હોય આપણા સાહિત્યકારો માફક સ્કૉચ પ્રોફેસરોએ લાયબ્રેરીની બક્ષિશ સંબંધમાં શરત થતાં જણાવ્યું કે તમે અમને દાન આપો છો તો શરતો શા માટે મૂકો છો ? અથવા લાયબ્રેરીઓનું દાન શા માટે આપો છો ? તમને તમારા વેપારમાં ખબર પડે પણ આમાં શી ખબર પડે ? અમો અમારી મરજીમાં આવે તેવો ઉપયોગ કરીએ તમને સાહિત્યક્ષેત્રમાં શી ખબર પડે ? તમારો આશ્રય અમને વગર શરતે ગમે છે એ જ રીતે અહીં હું કેટલાક સાહિત્યક્ષેત્રમાં દાન કરવા ઇચ્છનારાઓને સલાહ આપવા ઇચ્છું છું કે તેમણે પરિષદને કે તેના અંગને કે જેના પર નજર ઠરે અને લાગે કે યોગ્ય ઉપયોગ થશે તો તેને દાન આપવું પ્રામાણિકતા તપાસો પાદપૂર્તિના ઇનામની જાહેરાત થઈ ત્યારે મને થયું કે બીજા માટે કેમ નહીં ? ટૂંક મુદતમાં પાદપૂર્તિ સારી ન પણ મળી આવે, તો એ રકમ પરિષદને આપી દેવી જોઈએ અથવા તો મને કહે કે તારા સારા બાળણ માટે હરિજન કામમાં વાપરવા આપું છું જેઓ કામ કરી રહ્યા છે, તેમના હાથમાં દાન મૂકવું જોઈએ દાન કરનારાઓને હું વિનતી કરું છું કે તમો દાન કરો તો શરત ન કરો, વિશ્વાસ હોય તે આપો ન હોય તો ગાંઠથી પૈસા છોડશો નહીં

નવલકથાના વાચનનો રોગ

શ્રી રમણભાઈના નવલકથાના ઇનામની વાત નવલકથા વાચવી એ તો રોગ છે જગતમાં ઘેર ઘેર એ ફેલાઈ ગઈ છે અને પરિણામે કિપ્લિંગ સ્કૉટ જેવા નવલોનો ગોટાળો છે તેમાં [illegible]

નાખ્યો કે ચોપડી નીકળી! એ ચોપડી કેવી હોય? એ તેની લાયબ્રેરી સુધી પહોંચે ખરી? ટ્રેનમાં લીધી, હાથમાં પાનાં ફેરવ્યાં, ચિત્ર જોયાં ને ફેંકી દીધી, ને સાહેબ ચાલતા થયા! લાઈબ્રેરીઓમાં ઉપાડ પણ નવલકથાઓનો જ વધુ થાય છે. વર્ષાઋતુમાં બિલાડીની ટોપીઓ ખવાતી નથી, પણ પરદેશમાં તો 'મશરૂમ'ને નામે તે સ્વાદિષ્ટ લાગે છે. ઇનામ કાઢો કે ન કાઢો, તે તો છપાયે જ જશે. એમાં કલ્પનાના ઘોડા સિવાય શું છે? નવલકથા કેમ લખાય છે, તે હું અહીં કહું. પણ ટોલ્સ્ટોયે તેનો ખ્યાલ આપ્યો છે કે કેવી સામગ્રી તેની આસપાસ તૈયાર કરવામાં આવે છે. આજે તો વિમાન પર ચઢે, જુએ અને પછી ઊતરીને લખે, તેના પર અંકુશ રહે નહિં. નવલકથાનું સાહિત્ય ગુજરાતીમાં ન હોય તો ગુજરાતી રાંડીરાંડ નહીં રહે. એટલે મેં ટેલરના વ્યાકરણમાંથી કાંઈ કહેવાનો વિચાર રાખ્યો હતો. હું દક્ષિણ આફ્રિકા ગયો ત્યારે સાથે કેટલાંક ગુજરાતી પુસ્તકો લઈ ગયો હતો. તેમાં ટેલરનું ગુજરાતી વ્યાકરણ હતું. એ મને બહુ જ ગમ્યું હતું. હું શાસ્ત્રી તો નહીં જ પણ ગુજરાતી ભાષાનો પ્રેમી તો છું જ. એ વ્યાકરણ સુંદર હતું અને આ વખતે પણ તે પરિષદના દિવસની અગાઉની રાતે–કતલની રાતે મેં વાંચવા કાઢ્યું હતું પણ ખરું. પણ વંચાય શેનું? આજે સવારે પણ ઉઘાડ્યું. પણ વિચાર કરવાનો વખત મળે ત્યારે ને? ચાર વાગ્યા સુધી તો મૌન હતું. તે પણ કોણ ગણકારે? ટેલરે એના વ્યાકરણને અંતે એક નિબંધ લખ્યો છે. એને હું ઉપગ્રન્થ કહું છું. એ મને યાદ રહી ગયો છે. સાહિત્યમાં ન પડ્યા હોય તે ભાષાની પૂર્ણતા–અપૂર્ણતા ન જાણે. આપણે તો અંગ્રેજી જાણતા હોઈએ લેટિન જાણતા હોઈએ એના શબ્દો ગુજરાતીમાં ન મળે, એટલે ગુજરાતીને અધૂરી કહીએ. પણ ટેલર એ નિબંધમાં છટાદાર કહે છે કે ગુજરાતી સંસ્કૃત ભાષાની દીકરી, તેને અધૂરી કોણ કહે? '**यथा भाषकस्तथा भाषा**' તેમ તેણે તો લખ્યું છે દળદર ગુજરાતી ભાષાનું નથી પણ એ બોલનારનું દળદર ગુજરાતીમાં દેખાય છે. આજે કોઈને પૂછીએ કે ગુજરાતી ભાષામાં છે શું તો કહેશે કે નવલકથાઓ જ છે. આપણુ એ દળદર નવલકથાઓથી નથી ધોવાવાનું. શામળભટ્ટની 'નંદબત્રીશી'જ લઈએ. તે પણ નવલકથા જ છે. થોડીક નંદબત્રીશીઓ વધવાથી કાંઈ ભાષાનો થોડો જ ઉદ્ધાર થવાનો હતો?

ગામડિયા માટે સાહિત્ય લખો

હુ તો ગામડામા પડેલો એટલે ગામડિયાની દૃષ્ટિએ મારી ભૂખ રજૂ કરુ મને તો ગામડામા રહેનાર માટે અનેક જાતના પુસ્તકો જોઈએ છે મારી એ ભૂખ તમે સાહિત્યકારો પૂરી પાડો એવા કોઈ પુસ્તકો લખાયા હોય તો મને મોકલજો મને કેટલાકો પુસ્તકો મોકલે છે એક ખગોળવિદ્યાની બે ચોપડીઓ મને એક લેખકે મોકલી એ ખગોળવિદ્યામા શુ છે? બનાવનાર આકાશમા જુએ છે ખરા? ખગોળવિદ્યાનુ પુસ્તક મે મેટ્રિકમા વાચેલુ પણ આકાશમા જોવાનુ કોઈએ કહેલુ નહિ પૃથ્વી ગોળ છે, તેના આઠેક કારણો મને ભણાવેલા, ચન્દ્રગ્રહણ કેમ થાય છે તે બતાવેલુ કાકા સાહેબ યરવડા જેલમા રોજ આકાશ સામુ જુએ અને મને હોરા થાય એ તો રહ્યા રસિક મને થયુ એ રોજ શુ જોતા હશે? એમણે મને રસ ઉપજાવ્યો ને પુસ્તકો મગાવ્યા પણ તે તો અગ્રેજી હતા એક ધૂળ જેવુ ગુજરાતી પુસ્તક મારી પાસે આવ્યુ ખરુ પણ એથી મારી ભૂખ કેમ ભાગે? મે કાકા સાહેબને કહ્યુ કે ગુજરાતીમા મૌલિક પુસ્તકો લખો પણ તે તો ન લખી શક્યા શહેરીઓને તો આજે ખગોળનુ મૂળભૂત જ્ઞાન પણ નથી, તે કરતા ખેડૂતો વધુ જાણે છે તેઓ સપ્તર્ષિ—ધ્રુવ વગેરેને તો બરોબર ઓળખે છે એ ગામડિયા સમજે અને તેઓના જ્ઞાનમા વધારો કરે તેવુ મને પુસ્તક જોઈએ પણ ખગોળ જવા દો ભૂગોળ પણ એ લોકોને લાયકની આજે ક્યા છે? સાચી વાત તો એ છે કે આપણે ગામડાની દરકાર જ કરી નથી આપણા અન્નવસ્ત્રને માટે આપણે ગામડા પર આધાર રાખીએ છીએ છતા તેના શેઠ હોઈએ તેમ વર્તીએ છીએ આપણે અહી મોજ માણીએ છીએ, પણ આપણા ખરા આશ્રયદાતા તો એ ગામડિયા છે ઘઉ, ચોખા, વગેરે કાઈ શહેરમા નથી થતુ તે તો ગામડામાથી આવે છે આપણે તો આશ્રિત છીએ, છતા આજે ગામડા આશ્રિત બન્યા છે આપણે તેમની જરૂરિયાતોનો વિચાર જ નથી કર્યો તમે શહેરી પ્રજા માટે લખશો તોપણ એ તો એના નગુણા છે કે અંગ્રેજી જ વાચશે

પોતાની ભાષા છોડીને પરભાષા દ્વારા બધો વ્યવહાર ચલાવે એવો કોઈ કગાળ મુલક છે કે? એટલે જ આપણો મુલક કગાળ રહ્યો અને આપણી ભાષા ગરીબડી રહી અગ્રેજીમા તો, એક પુસ્તક ફ્રેચ કે જર્મન ભાષામા એનુ ન હોય જો બહાર પડ્યુ કે થોડી જ

વારમાં એનું અંગ્રેજી ભાષાન્તર ન થયું હોય. એટલું જ નહિ, ત્યાં તો બાળકોને માટે પણ ઉત્તમ પુસ્તકોના અઢળક સંક્ષેપો તૈયાર થાય છે. ડિકન્સને બચ્ચાંઓ વાંચી શકે? છતાં ત્યાં તો બચ્ચાંઓને માટે પણ ડિકન્સના ગ્રંથોમાંથી સરળ ભાષામાં સાહિત્ય આપવામાં આવે, જેથી બચપણથી ભાષાની રસિકતાનો ખ્યાલ તેને આવવા માંડે. મને બતાવો આવું ગુજરાતીમાં શું છે? જો હોય તો હું તેનાં ઓવારણાં લઉં. ૯૦ લાખમાં બેચાર માણસો નીકળે તો તેથી શું પ્રજાનું દળદર ફીટવાનું હતું? મારો તો આ સંબંધમાં ઠરાવ મૂકવા વિચાર હતો; પણ તે પડતો મૂકયો. મારું કહેવાનું જે કોઈ સાહિત્યરસિકના હૃદયમાં સડેડાટ ઊતરી ગયુ હશે તે કાંઈક કરશે. કોઈ ભાઈ–બહેન અથવા કોઈ વિદ્યાર્થી–વિદ્યાર્થિની સાહિત્યના ક્ષેત્રમાં ઝંપલાવવા માગતાં હોય તો તો શહેરીઓને માટે નહીં પણ ગામડાંની મૂક પ્રજાને ઉપયોગી થાય, તેવું સાહિત્ય તેઓ આપે. એ મૂક પ્રજાનો સ્વયંનિર્મિત પ્રતિનિધિ હું છું. તેમના તરફથી કહું છું કે એ ક્ષેત્રમાં ઝંપલાવો. તમે મનોરંજન વાર્તાઓ લખતા હશો, પણ તેથી તેમની બુદ્ધિ ઉપર પ્રભાવ નથી પડવાનો. અમારે ત્યાં ગ્રામસેવક વિદ્યાલય છે, તેના આચાર્યને મેં કહ્યું કે ઉદ્યોગો શીખવો અને તેના પહેલાં ઉદ્યોગોનાં ઓજારનો અભ્યાસ કરો. વાંસલાની રચના સમજો. તમે વાર્તાઓ લખશો કે પાઠ્ય પુસ્તકો લખશો, તેથી બુદ્ધિનો વિકાસ નહિ થાય. તમારી બુદ્ધિનો વિકાસ કરવો હોય તો ગ્રામ્ય સાધનોનો અભ્યાસ કરો, તેની ખૂબી અને ખામી સમજો, અને પછી તેને વિષે લખો. જેનું મગજ તાજું છે તેમને ગામડામાં નવું નવું જોવા જાણવાનું મળશે. ગામડામાં જતાં બુદ્ધિ રૂંધાઈ જાય એમ નથી. જે એવું કહે તેને હું કહીશ કે તે રૂંધાયલી બુદ્ધિ લઈને ત્યાં ગયા હશે, ખરી રીતે બુદ્ધિના વિકાસને માટે ક્ષેત્ર જ ગામડું છે, નગર નથી.

સ્ત્રીઓની ફરિયાદ

કાલે મેં વિષયવિચારિણી સભા આગળ એક વાત કરી હતી તે અહીં કરું. મારા ઉપર જ્યોતિસંઘ તરફથી શ્રીમતી લીલાવતી દેસાઈનો કાગળ આવ્યો હતો. એ કાગળનું તાત્પર્ય તો બરોબર હતું, જો કે એની ભાષા મને ન ગમે એવી હતી. એનો ભાવાર્થ એ હતો કે સ્ત્રીઓને વિષે જે લખાય છે તે સ્ત્રીઓને કડે છે. જ્યોતિ-


મધ અભણ સ્ત્રીઓને ગુજરાતી શીખવે છે એ શીખવતા તેની પાસે કાર્ડ વાચનુ જોઈએ આજનુ સાહિત્ય વાચીને તેમા આવતા સ્ત્રીઓના વર્ણન વિષે તેમણે મને લખ્યુ હતુ આજના સાહિત્યમા સ્ત્રીઓના જે વર્ણનો આવે છે તે વિકૃત છે એ બહેનો અકળાઈને પૂછે છે કે અમને ઈશ્વરે ઘડી છે તે શુ અમારા શરીર તમે વર્ણવો એ માટે ? અમે મરશુ ત્યારે શુ અમારા શરીરમા તમે વસાણા ભરીને રાખવાના છો ? અમે રાધવા અને વાસણ માજવા માટે સરજાયલી છીએ એમ પણ માની બેસવાની જરૂર નથી મને એક માણસે 'મનુસ્મૃતિ' માથી વીણીવીણીને કેટલાક શ્લોકો મોકલ્યા છે સ્ત્રીને વિષે જેટલુ ખરાબ કહી શકાય એ બધુ એણે 'મનુસ્મૃતિ' માથી કાઢ્યુ છે પણ સ્મૃતિમા તો રત્નો પણ છે અને કાકરા પણ છે મિસ મેયોએ જેમ હિંદની ગટરોને જ હિંદ કહ્યુ તેમ સ્મૃતિઓમા સ્ત્રીઓને વિષે ખરાબમા ખરાબ લખેલુ ઘણુય મળી આવે એમ તો કેટલીક સ્ત્રીઓ પોતે પણ બાપડી કહે છે કે અમે અબળા, અમે અણઘડ, અમે ઢોર, તેથી શુ સ્ત્રી માત્રને એ વર્ણન લાગુ પાડી શકાય ? 'મનુસ્મૃતિ' મા કોઈકે એના ભૂડા શ્લોકો ઘુસાડેલા કેમ ન હોય ?

હવે આ બહેનો પૂછે છે કે અમને આવા સુદર વર્ણનો આપીને ચીતરે છે શા માટે ? અમે છીએ એવી શા સારુ નથી ચીતરતા ? અમે નથી રભાઓ અને અપ્સરાઓ કે નથી અમે ગુલામડી દાસીઓ અમે પણ તમારા જેવા સ્વતત્ર મનુષ્યો છીએ શા માટે તમે અમને ઢીગલી તરીકે વર્ણવો છો ?

મને સ્ત્રીના વિષે લાગણી છે, મે તે વિષે વિચાર્યું છે આજનુ એક પુસ્તકો એકકે એવા નથી કે જે સાચી સ્ત્રીને વર્ણવતા હોય। સ્ત્રીના શરીરના વર્ણન સાથે તમને શુ નિસ્બત છે તે જાણી શકાતુ નથી પણ સ્ત્રીઓની પરાધીનતા કે સ્વરૂપ વિષે સાક્ષરો લખે અને સ્ત્રીઓ વાચે તેની શી અસર થાય છે તે વિચારવાનુ છે શા માટે એને ઢીગલી તરીકે ચીતરવામા આવે છે ? શા માટે એને માતા તરીકે નથી ચીતરવામા આવતી ? હુ તો સ્ત્રીઓની વચ્ચે ખેલનારો છુ એક કાળ એવો હતો કે જ્યારે મારી આગળ ફરતો બહેનો રહેતી હતી દક્ષિણ આફ્રિકામા સધા જેલમા ગયા ત્યારે ૬૦ કુટુબોમા હુ જ એક બાપ થઈને બેઠો હતો તે વેળા હુ કાઈ ૧૯ વર્ષનો ડોસો ન હતો, તે સ્ત્રીઓના ટોળામા રભા પણ હતી અને કુરૂપ પણ હતી, નવુવા-

નોમાં ભામટાઓ પણ હતા. પણ કોઈની કોઈ સ્ત્રી ઉપર કુદષ્ટિ કરવાની હિંમત ન હતી. કોઈ અયોગ્ય કિસ્સા જ બન્યા હતા એમ મારું કહેવું નથી, એક કિસ્સાનું તો મેં વર્ણન આત્મકથામાં આપેલું છે. પણ સામાન્યરીતે કોઈની કોઈની સાથે છૂટ લેવાની કે કુદષ્ટિ કરવાની હિંમત નહોતી. એ અજ્ઞાન સ્ત્રીઓ હતી, અભણ હતી, પણ તેઓ જેલમાં જતાં શીખી અને ગઈ. એ કાંઈ અશિક્ષિત હોઈ બીજાનાથી દોરવાઈને જેલમાં ગઈ એમ નહતું.

એટલે હું તમને વિનયપૂર્વક કહેવા ઇચ્છું છું કે તમે તેમને—સ્ત્રીઓને અશિક્ષિત ગણી તેમનો અવાજ કાઢી નહિ નાખતા. જ્યોતિસંઘની ૫૦ કે ૧૦૦ બહેનો માટે હું નથી બોલતો, પણ સ્ત્રીનું હાર્દ વિચારી બોલું છું. તે જો તમે સાંભળી શકતા હો તો આને માટે વિચાર કરજો. સાહિત્યની કલમ ઉઠાવો તો એ જ વિચારથી ઉઠાવજો કે સ્ત્રી એ મારી જનની છે. એ વિચાર કરીને તમે લખશો તો તમારી કલમમાંથી જે ઝરશે તે સ્ત્રી સુંદર આકાશમાંથી વર્ષા ઝરે છે તેમ ઝરશે અને પૃથ્વીરૂપી સ્ત્રીને ફળદ્રુપ બનાવશે. પણ આજે તો તમે એ બાપડી સ્ત્રીને શાંતિ આપવાને બદલે એનું મન ઉત્તેજવાને બદલે એને ધગાવી મૂકો છો. એનામાં કદી ન હોય તેવા વિકારો ઉત્પન્ન કરવા તમે કેમ પ્રયત્નો કરો છો? સાહિત્યના વર્ણન પ્રમાણે તેનું નાક, તેના કાન છે કે નહિ તે જોવા માટે તેને અરીસામાં જોવાને માટે તમે પ્રેરો છો. તેના હૃદયમાં આ જ વિચાર ઘૂમી રહ્યો હોય, તેથી તે ખીસામાં અરીસો રાખતી થાય છે. એને શા સારુ એમ મનમાં થાય કે મને વર્ણવી છે તેવી હું છું કે નહીં? આવાં વર્ણનો એ સાહિત્યનો અનિવાર્ય ભાગ છે શું? તમે ચીતરો તો તેને વિકારી ન ચીતરો. 'ઉપનિષદો,' 'બાઇબલ,' 'કુરાન'માં શું આવું વાંચવામાં આવે છે? તુલસીકૃત 'રામાયણ' માં આવું છે? શું એ મહાગ્રંથો સાહિત્ય નથી? કહે છે કે અંગ્રેજી ભાષા પોણા ભાગ 'બાઇબલ' અને પા ભાગ શેક્સપીઅરની બનેલી છે. એ વિના અંગ્રેજી ક્યાં, કુરાન વિના અરબી ક્યાં અને તુલસી વિના હિંદી ક્યાં? પણ હજુ તમે વિચાર કરજો અને વિચાર કરતાં સાચું લાગે અને સૂઝે તો હજી્ય વિચારજો, ફરી વિચારજો, તમારા ખ્યાલ ફેરવવા પ્રયાસ કરજો, વિચાર કરતાં જો મારું કહેવું નિરર્થક લાગે તો મને માફી આપજો અને એને ફગાવી દેજો.



શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી
પ્રમુખ : ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન
તેરમુ અધિવેશન : કરાંચી
૧૯૩૭–૩૮

શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીનું ભાષણ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન
તેરમુ અધિવેશન કરાચી
ડીસેમ્બર-જાન્યુઆરી ૧૯૩૭-૩૮

શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી

[ઇ. સ. ૧૯૮૭]

પરિષદનું તેરમું સંમેલન બૃહદ્ ગુજરાતના એક સ્થાન સમા કરાંચીમાં મળ્યું હતું. એ સંમેલનનું પ્રમુખપદ શ્રીયુત મુનશીને વર્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદને બંધારણના ઝઘડામાંથી મુક્ત કરી સુસ્થિર બનાવવામા અને એની જડતાને ખંખેરી નાખી એને સચેત અને કાર્યશીલ બનાવવામા શ્રીયુત મુનશીએ જે જહેમત ઉઠાવી છે તે પરિષદના અહેવાલોનાં પાનામાં મોજૂદ જ છે. જ્યારથી એમણે પરિષદમા પ્રવેશ કર્યો ત્યારથી એમના સ્વત્વની છાપ પરિષદ ઉપર પડી, એમના પ્રતાપથી પરિષદ તેજસ્વી બની. પરિષદને મહાગુજરાતમાંથી બૃહદ્ગુજરાતમાં એમણે સંક્રમણ કરાવ્યું. અને સમસ્ત હિન્દને સ્પર્શતા એક રાષ્ટ્રભાષા અને એક રાષ્ટ્રલિપિના જેવા પ્રશ્નોની વિચારણામાં પરિષદનો અધિકાર સ્વીકારાયો.

શ્રીયુત મુનશીની સાહિત્યસેવામાં વૈવિધ્ય છે, વિશાળતા છે અને સમૃદ્ધિ પણ છે. એ ગુજરાતના સર્વશ્રેષ્ઠ નવલકથાકાર છે એ તો સિદ્ધ સત્ય જ છે. પણ તે ઉપરાંત વિવેચન અને સંશોધનના ક્ષેત્રમાં પણ એમણે રસપૂર્વક પ્રવેશ કર્યો છે અને 'થોડાંક રસદર્શનો', 'નરસૈયો : ભક્ત હરિનો', 'ગુજરાત એન્ડ ઈટ્સ લિટરેચર', વગેરે ગુજરાતને આપ્યાં છે. ગુજરાતની સંસ્કૃતિ અને ગુજરાતની અસ્મિતાના એ પરમ ભક્તે ગુજરાતી સાહિત્ય પરિષદને વધારે વ્યાપક અને વધારે વિપુલ બનાવી. અખંડ ગુજરાતના આદ્યદ્રષ્ટા હેમચંદ્રાચાર્યનો એમણે પરિષદ સાથે યોગ સાધ્યો અને એમની પ્રેરણાથી પરિષદે પાટણની ભૂમિમાં હૈમ સારસ્વત સત્ર ઊજવ્યું.

પરિષદ સાથે અને પરિષદની સમગ્ર પ્રવૃત્તિઓ સાથે તદ્રૂપતાની સાધના એ શ્રીયુત મુનશીનું ખાસ લક્ષણ છે; અને આજે પણ એમના માર્ગદર્શન પ્રમાણે પરિષદ નિર્ભયતાથી પોતાનું કાર્ય આગળ ધપાવતી જાય છે

નર્મદ અને કલાપી જેવા સંસ્મરણીય સાહિત્યકારોનાં સ્મારકોની એમણે પ્રેરણા આપી અને પરિષદે એ પ્રેરણાને કાર્યસ્વરૂપ આપ્યું

શ્રીયુત મુનશી એટલે કાર્યવેગ અને પ્રગતિ. અને એમના પ્રમુખપદના કામ દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદે ખરે જ પ્રગતિ સિદ્ધ કરી પોતાના અસ્તિત્વનું અને પોતાના મહત્ત્વનુ ભાન સમસ્ત ગુજરાતને અને ગુજરાતીઓને કરાવ્યું છે.

★

સત્કારમંડળના અધ્યક્ષ, સન્નારીઓ ને સદ્ગૃહસ્થો,

આજે આ સ્થાન સ્વીકારતાં હુ સંકોચ અનુભવુ છુ આ તો સાક્ષર શ્રી ગોવર્ધનરામથી માંડી મહાત્મા ગાંધીજી સુધીના ગુજરાતી સાહિત્ય અને જીવનના ચક્રવર્તીઓનુ સ્થાન છે, એટલે અહીં બેસતાં હુ આજે અણઅનુભવ્યો ક્ષોભ અનુભવુ છુ મને મારી અશક્તિઓનુ તીવ્ર ભાન થાય છે પણ જે સ્નેહ અને વિશ્વાસથી તમે મને સર્વાનુમતે આ સ્થાન સારુ પસંદ કર્યો, તે જ માત્ર મારામાં આત્મશ્રદ્ધાનો સંચાર કરાવે છે અને તેના વડે જ તમે મને સોંપેલા વિકટ અધિકારને ન્યાય આપી શકવાની કૈંક આશા હુ સેવુ છું અને તેને યોગ્ય નીવડુ એ સિવાય મારા અંતરની બીજી ઇચ્છા નથી

છેલ્લાં પંદરેક વર્ષથી હુ સાહિત્ય પરિષદ સાથે સંકળાયેલો રહ્યો છુ ઈ સ ૧૯૨૬થી સ્વ સર રમણભાઈ, સ્વ મટુભાઈ કાંટાવાળા અને ભાઈ હીરાલાલ પારેખના કહેવાથી મે એમાં રસ લીધો છે અને લેવડાવ્યો છે પણ મારી સેવાનુ ક્ષેત્ર સારી રીતે બદલાયેલુ હોઈ, ગયા જુલાઈમાં જ એ ભાર અન્યને સોંપવા મે પરિષદનુ ઉપપ્રમુખપદ છોડ્યુ પણ તમને, કરાચીના ગુજરાતીઓને, જાણે એ ન રુચ્યુ, અને આજે બે વર્ષને માટે તમે મને એની સાથે ફરી બાંધી દીધો છે

કરાચી મહાગુજરાતનુ ગર્વભર્યું કેન્દ્ર છે અહીં ગુજરાતના સીમાડાની બહાર વસ્યા છતાં તમારા હૃદયમાં ગુજરાત માટે માન છે, તેના સાહિત્ય માટે આદર છે, તેની વિશિષ્ટતા માટે પ્રેમ અને ગૌરવ છે અહીં રહ્યા રહ્યા પણ તમારી નજર ગિરિરાજ ગિરનાર

પર, સાબરમતીના પુણ્ય તટ પર, ભૃગુકચ્છના ભૂત ગૌરવ પર, નષ્ટ અણહિલવાડની અદ્‌ભુતરંગી મહત્તા પર, મુંબઈની વર્તમાન ભવ્યતા પર ઠરે છે; અને તમારા હૈયામાં પ્રચંડ ધ્વનિ ઉઠે છેઃ "જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત !" અને એ દૃષ્ટિથી અને આ ધ્વનિના ગુંજનથી પ્રમુખ શોધતાં 'ગુજરાતની અસ્મિતા'ના નશામાં તમને એ શબ્દોનો યોજક તો નથી જડી ગયોને ? એ કે ગમે તે કારણ હોય, પણ મને દીધેલા આ અધિકાર માટે હું તમારો સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

બારમા પરિષદ સંમેલન પછી થયેલા મુ. નરસિંહરાવભાઈના અવસાનની હું સખેદ નોંધ લઉં છું. નાટક ને નવલકથા સિવાયના ઘણાંખરાં સાહિત્યના ક્ષેત્રોમાં લગભગ પચાસ વર્ષ સુધી એમની હાક વાગતી હતી. ઘણા વિષયોમાં એમનો નિર્ણય અંતિમ ગણાતો. શુદ્ધિ અને સત્યશોધનની પ્રેરાયેલી આ ભીષ્મપિતામહની આણથી સાહિત્યકારો ને સાહિત્યરસિકો બંને ધ્રુજતા હતા. ઘણી વાર તો જાણે અચલ ધ્રુવ હોય એમ એ આપણા સાહિત્યવ્યોમમાં શોભતા. આજે એ ખર્યા, અને આપણું આભ સૂનું ને નિસ્તેજ લાગે છે. તમારા બધાના તરફથી, અને મારા પોતાના—એમનો ને મારો સંબંધ તો નિકટનો હતો—તરફથી હું એમને સ્મરણાંજલિ આપુ છું.

આજે તેત્રીસ વર્ષે પહેલી જ વાર સાહિત્ય સંમેલન મહાગુજરાતમાં ભરાય છે. જ્યારે પરિષદે અહીં આવવાનો સંકલ્પ કર્યો ત્યારે એણે ગુજરાતની સીમાઓને વિસ્તૃત કરી નાખી અને હું આશા રાખુ છું કે પરિષદ ભવિષ્યમાં વખત મળે ત્યારે મહાગુજરાતના મોટાં મથકોમાં જરૂર સંમેલન ભરશે.

ગુજરાતીઓને સદાય મહાગુજરાત રચતાં આવડ્યું છે. ઇતિહાસકાળની ઉષામાં પણ ગુજરાતીઓએ મીસર ને સિંહલ, જાવા ને ચીન ખેડ્યાની કથા કોણે નથી સાંભળી ? મધ્યકાલમાં ચોર્યાશી બંદર પર વાવટો ફરકાવતા ગુજરાતની કીર્તિ પણ કોણે નથી સાંભળી ? અને આજે ગુજરાતી ક્યા નથી ? કરાંચી ને કલકત્તા, દિલ્હી અને મદ્રાસનો ગુજરાતીસમૂહ એ તો હિંદી મહાગુજરાતનાં ચોદિશનાં સીમાચિન્હો છે; પણ ગુજરાતીઓ ક્યાં નથી ? ટાપુઓમાં

કયા નથી ? પેરીસમા કયા નથી ? ન્યુયોર્કમા કયા નથી ? ત્યા બધે પાદેપાદ રસાળ ગુર્જરગિરા બોલાય છે, ત્યા ગરબે રમવાને ગુર્જર ગોરીઓ નીસરે છે, ત્યા બધે જ ગુજરાતીઓ નમે છે—પૈસાની શોધમા અને જીવનના શોખમા મશગુલ, પોતાની ' નાની શી નાર ને નાકે રે મોતી'ને લડાવતા ને ધર્મન કાજે અર્થ વહેવડાવવામા તત્પર તેમને માટે તેલગણના કવિ વેકટધ્વરીએ સત્તરમી સદીમા જે કહેલુ તે આજે હુ પણ કહી શકુ તેમ છુ

" આ ગુર્જર દેશ જો, ને અખ ઠાર સર્વ સપત્તિથી ભરપૂર આ તો જાણે સ્વર્ગલોક કપૂર અને મીઠી સોપારીથી મઘમઘતા પાનથી એના યુવાનોના મુખ શોભે છે વિવિધ દિવ્યાબરો તે ધારે છે ને પ્રશસાને પાત્ર બને છે ચમકતા રત્નોના આભૂષણ તે પહેરે છે ચદનથી તેમના શરીરો મઘમઘે છે અને તે રતિ સમી યુવતીઓ સાથે મહાલે છે

અને અહીઆની સ્ત્રીઓનુ સૌન્દર્ય પણ અનુપમ છે તપ્ત સુવર્ણનો એમનો રગ છે, લાલ ને મૃદુ એમના ઓઠ છે, નવ પ્રવાલસમા એમના હાથ છે, એમની વાણી અમૃતસમી મીઠી છે, એમનુ મુખ છે કમલસમ, ને આખોમા છે નીલ કમલના તેજો ગુર્જર યુવતીઓની મોહિનીથી યુવાનો મુગ્ધ બને એમા શી નવાઈ ?

વળી આ લોકો દેશ દેશ ભમે છે, ત્યાના કૌતુકો જુએ છે, અને અમિત દ્રવ્ય મેળવે છે ત્યાથી તે પાછા આવે છે, અને લાબા વખતથી વિરહોત્કઠ એવી એમની સતીઓને પાછા મળે છે આ પ્રમાણે આ ધન્ય લોકો સર્વ સપત્તિથી સમૃદ્ધ કયુ સુખ નથી ભોગવતા ? " ×

× स एष सर्वसपदामास्पदतया त्रिदशालयस्यादेश इव गुर्जरदेशश्चक्षुषो मुखाकरोति ।

अत्र हि—

सकर्पूरस्वादुक्रमुकनववीटीरसलसन्—
मुखा सर्वश्लाघापदविविधदिव्यावरधरा ।
कनद्रत्नाकल्पा घुमघुमितदेहाश्च घुसृणै-
र्युवानो मोदन्ते युवतिभिरमी तुल्यरतिभि ॥

अत्र वधूनामप्यन्यादृश सौंदर्यम् ।

तप्तस्वर्णसवर्णमगकमिद ताम्रो मृदुश्चाधर

૨

આ જુદે જુદે સ્થળે વસતા ગુજરાતીઓ આજે શાથી એક બને છે? એમને શું એક બનાવે છે? ગુજરાતીપણું—ગુજરાતીતા—ગુજરાતની અસ્મિતા એટલે શું? એ વધે છે કે ઘટે છે? વધે છે તો કેટલી ને કેવીક વધે છે?

આ અસ્મિતા શબ્દ ૧૯૧૩–૧૪ માં હું 'યોગસૂત્ર'માંથી આપણા ઉપયોગમાં ખેંચી લાવ્યો*, ત્યારથી હું તેના પર વિચાર કરું છું, અને તેને પોષે એવી સામગ્રી એકઠી કરું છું. અમે જન્મે ગુજરાતી છીએ, અમે ગુજરાતી બોલીએ છીએ, અમારા સંસ્કાર ગુજરાતી છે એમ કહે આપણામાં ગુજરાતી અસ્મિતા આવતી નથી. અસ્મિતા જે મનોદશા સૂચવે છે તેના બે અંગ છે: 'હું છું' અને 'હું હું જ રહેવા માગું છું'. એમાં એક વ્યક્તિત્વની સુરેખ કલ્પના અને એ વ્યક્તિત્વને હસ્તીમાં રાખવાનો સંકલ્પ બન્ને રહ્યાં છે. જ્યારે આપણે 'ગુજરાતની અસ્મિતા' શબ્દો ઉચ્ચારીએ છીએ ત્યારે કયા અને કેવા ગુજરાતની કલ્પના સેવીએ છીએ? ને કયા ગુજરાતને હસ્તીમાં આણવાનો સંકલ્પ કરીએ છીએ?

पाणिप्राप्तनवप्रवालसरणी वाणी सुधाधोरणी ।
वक्त्रे वारिजमित्रमुत्पलदलश्रीसूचने लोचने
के वा गुर्जरसुभ्रुवामवयवा यूनां न मोहावहा ॥
देशे देशे किमपि कुतुकादद्भुतं लोकमाना:
संपाद्यैव द्रविणमतितं सद्य भूयोप्यवाप्य ।
संयुज्यन्ते सुचिरविरहोत्कंठिताभि: सतीभि:
सौख्यं धन्या: किमपि दधते सर्वसंपत्समृद्धा: ॥

* આ વિષે શ્રી. હીરાલાલ પારેખ 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન', ખંડ ૩ માં જણાવે છે કે "કવિવર ન્હાનાલાલ લખે છે, કે, 'ગુજરાતની અસ્મિતા એ શબ્દપ્રયોગ શ્રી. મુનશીજીનો; પણ એ ભાવ શ્રી. મુનશીજીએ રણજીતરામમાં સાક્ષાત મૂર્તિવન્ત નિરખેલો, ને ત્યાંથી લીધેલો.' પણ અમારા ધારવાં પ્રમાણે એ શબ્દ પ્રથમ રણજીતરામે યોજેલો." શ્રી. હીરાલાલની આ ધારણામાં ભૂલ છે.

એક સમય એવો હતો કે જોધપુરની આસપાસની ભૂમિ ગુજરાત—ગુર્જરત્રા ભૂમિ કહેવાતી, અને અમદાવાદ ગુજરાતની બહાર ગણાતુ એક વાર સાબરમતીની ઉત્તરે ગુજરાત ગણાતુ પણ આજે તો દક્ષિણે મુબઈ સુધી વિસ્તરે છે એક વાર શ્રીમાલ, ઝાલોર, વાસવાડા ને નદરબાર ગુજરાતના મથકો હતા, આજે તે ગુજરાતની ભૂગોળની બહાર છે, આજે ઉત્તર થાણા અને પશ્ચિમ ખાનદેશમા ગુજરાતીઓ વસે છે છતાં તેને કોઈ ગુજરાત ગણતુ નથી આશ્ચર્યની વાત એ છે કે કાઠિયાવાડ અને કચ્છને ય ગુજરાત બહાર ગણાવનારા કેટલાક છે કરાચી ને કલકત્તામાં હજારો ગુજરાતીઓ વસે છે અને તો ય તે ગુજરાતમા છે, એમ માનવા મથે છે એટલે સ્થળની ગુજરાતની સીમાઓ બાધવી એ અયોગ્ય છે હુ તો માનુ છુ અને કહુ છુ કે 'જ્યા જ્યા વસે એક ગુજરાતી ત્યા ત્યા સદાકાળ ગુજરાત' એ ગુર્જર રાષ્ટ્રકવિની કેવળ કલ્પના નથી, પણ વાસ્તવિક અને વ્યવહારિક સત્ય છે

પરતુ 'જ્યા જ્યા ગુજરાતી બોલાતી ત્યા ત્યા સદાકાળ ગુજરાત' કહેવામા કદાચ વાસ્તવિક સત્ય નથી મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં સદીઓ થયા વસતા ગુજરાતીઓ ગુજરાતી નથી બોલતા ઝાલોર ને વાસવાડા, ઇડર અને શ્રીમાલમા આજે મારવાડી વધારે બોલાય છે, છતાં એમા વસતા ગુજરાતીઓ નથી એમ કોણ કહેશે?—કેમ કહેવાશે? ગુજરાતીનુ પ્રાધાન્ય એ ગુજરાતનુ મુખ્ય લક્ષણ મનાય પણ એ પ્રાધાન્ય ન હોય ત્યા ગુજરાત નથી એમ કેમ કહેવાય? ત્યારે પ્રશ્ન થાય છે કે 'ગુજરાત' એટલે શુ? ત્રીસ વર્ષના મનને હું એની વ્યાખ્યા આપુ એની રાજકીય કે ધાર્મિક એકતામા એનુ મૂળ નથી, એનુ મૂળ હિંદી સસ્કારને લાક્ષણિક રીતે જીવનમા ઉતારવાની કળામા છે

પણ ગુજરાતને સીમાડા નથી 'ગુજરાત' એક જીવત અને જાગ્રત વ્યક્તિ છે—જે પોતાને એક કલ્પવામા, પોતાનુ અસ્તિત્વ એક દૃઢ સકલ્પ દ્વારા સરજવામા જીવનસાફલ્ય સમજે છે. એ ગુજરાતીઓનુ બન્યુ છે ખરુ પણ એ માત્ર માનવીઓનો સમૂહ નથી જ્યા ગુજરાતીઓ 'ગુજરાત' છે ને રહેશે એવી નિર્ણયાત્મક કલ્પના સેવી એકઠા મળે છે ત્યા ગુજરાતની હસ્તી છે જ ગુજરાત

વિસ્તરે છે જ્યા ગુજરાતીઓ પોતાની ઇચ્છાશક્તિ અને સંકલ્પબળથી એને સરજે છે ત્યાં. 'ગુજરાત' તો એક ભાવનાઘડી પણ જીવંત સાંસ્કારિક વ્યક્તિ છે. ગુજરાતના વ્યક્તિત્વના ભાનથી પ્રેરાઈ એનું વ્યક્તિત્વ સિદ્ધ કરવાનો જેણે સક્રિય સંકલ્પ કર્યો હોય તેનામાં ગુજરાતની અસ્મિતા હોય.

આ વ્યક્તિત્વના ઘડતરમાં પર્વત ને નદીઓનું સ્થાન ગૌણ છે. મુખ્ય સ્થાન તો જે મહાપુરુષોએ ગુજરાતની આ ભાવના સરજાવી છે તેમનું છે. તેમના પ્રરાક્રમો અથવા સાહિત્યકૃતિઓ ગુજરાતીઓની કલ્પના અને ઇચ્છાને કેન્દ્રસ્થ કરે છે. તે ઇતિહાસ કે સિદ્ધાન્ત રચી જાય છે, ઉત્સાહ અને આનંદ પ્રેરે છે, ગૌરવકથાઓનાં મંડાણ માંડે છે અને ગુજરાતનુ સૂક્ષ્મ શરીર બાંધી જાય છે.

૩

ઇતિહાસના પ્રવાહમાં આવા મહાપુરુષોમાં પ્રથમ તો એ સિદ્ધરાજ જયસિંહ એણે સામ્રાજ્ય સ્થાપ્યું, પાટણને વિદ્યાનું કેન્દ્ર બનાવ્યું, પોતાની કીર્તિગાથાથી લોકસાહિત્યને સમૃદ્ધ કર્યું. ગુજરાત એક છે, મહાન છે, વંદનીય છે એ ભાવના ઉપજાવવાની સામગ્રીઓ એણે સરજી. પણ જો કોઈએ ગુજરાતને સસંકલ્પ જીવંત વ્યક્તિ તરીકે કલ્પવાનો પહેલો પ્રયત્ન કર્યો હોય તો તે ધંધુકાના મોઢ વાણિયાએ, ગુજરાતનાં સાહિત્યસ્વામીઓના શિરોમણિએ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિએ. એનું 'કુમારપાલચરિત્ર' પાટણની મહત્તાની ભાવનામાંથી ગુજરાતની અસ્મિતા પ્રગટાવવાનો પહેલો પ્રયત્ન આ જ્યોતિર્ધરના તેજથી વસ્તુપાલ અને તેજપાલના કાળમાં અનેક કવિઓએ પોતાની કૃતિઓને ઉજ્જવળ કરી.

આજે આપે અવસર આપ્યો છે તો કહેવાની તક લઉં છું કે કોઈક દિવસ આ વિદ્યાનિધિનાં સ્મરણો સતેજ રાખતી પ્રવૃત્તિ સાહિત્ય પરિષદ આદરશે અને પાર ઉતારશે ત્યારે જ તે ઋણમુક્ત કહેવાશે.

પણ પછી પાટણ પડ્યું અને ગુજરાતની ભાવના ઘડીભર નષ્ટ થઈ ગઈ. પર હસ્તે ગયેલું ગુજરાત, વીખરાઈ ગયેલી એની વિદ્વત્તા, થરથર કાંપતો એનો જનસમૂહ જેમ તેમ જીવન વીતાડવા લાગ્યાં.

છતા સારે નસીબે માણભટ્ટોએ ગુજરાતી ભાષાને જીવતી રાખી અને સમૃદ્ધ કર્યા કરી છતા સત્તરમા સૈકાના મધ્ય સુધી એમની કૃતિઓમા ગુજરાતી અસ્મિતા રેખા દેતી નથી

આશરે ૧૬૪૫મા 'હારમાળા' રચાય છે સાહિત્યરસિકો 'મહેતાજી' તરફ આકર્ષાય છે, એમના જીવન અને કવનના પરિચયમા આનન્દ પ્રયત્ન કરે છે, અને પરિણામે એમના કેટલાક જીવનપ્રસગો વિશે સાહિત્ય સ જવા માડે છે. આ બધામા મુખ્ય કવિ પ્રેમાનદ એમણે મહેતાજીની જીવનગાથા ગાઈ, એમની 'હારમાળા', 'હુડી', 'શ્રાદ્ધ', અને 'મામેરા' વડે ગુજરાતીઓની કલ્પના જૂનાગઢના ભક્તશિરોમણી પર એકાગ્ર બની, ઢળી અને અણજાણી એ કલ્પનામૂર્તિની આસપાસ ગુજરાતની અસ્મિતાનો આછો આભાસ નીરખવા લાગી

વળી પાછી ભગ્ની પછીની ઓટ આવી ફરીથી દોઢસો વર્ષોનુ આવરણ છવાયુ—જ્યા સુધી નર્મદ આવ્યો ત્યા સુધી ઓગણીસમી સદીના મધ્યમા જ્યારે કેળવણીની કેવળ શરૂઆત હતી અને રાષ્ટ્રીયતા તો જન્મી નહોતી ત્યારે આ ઉત્સાહનો, અધીરા યૌવનભર્યા વીરે ગુજરાતી સાહિત્યનુ મથન કર્યું ને નવરત્નો કાઢ્યા એણે ઇતિહાસ ખખોળ્યો ને ગુર્જરવીરોની કથાઓ એકઠી કરી, એણે જીવન સશોધ્યુ અને ગુજરાતના સામાજીક લક્ષણોની ચર્ચા કરી એની જ્વલત કલ્પના થકી ગુજરાત ઊભુ થયુ—ભૌગોલિક નહી, પણ ભૂત મહત્તા અને વર્તમાન વિશિષ્ટતાથી સમૃદ્ધ ચેતનવત વ્યક્તિ—અને જીવનભર સેવેલી અસ્મિતાને શબ્દોમા ઉચ્ચારી

"જય જય ગરવી ગુજરાત!"

નર્મદના અનેક ઋણોમા આ પણ એક નાનુસૂનુ નથી ઉચ્ચારતા હૈયુ થનગન થાય એવા આ ચાર શબ્દો ગુજરાતી અસ્મિતાને પ્રાણ સમા પ્રિય અને પ્રેરક છે

નર્મદ અને એના સમકાલીનોના પ્રયાસોથી આ અસ્મિતા સાહિત્યમા અમર સ્થાન પામી ગુજરાતી સાહિત્યની સમૃદ્ધિ અને વિસ્તાર વધતા કેળવાયેલા ગુજરાતીઓ બે પાચ સાહિત્યકારો પ્રતિ એકાગ્ર દૃષ્ટિ રાખતા શીખ્યા જનતા આગળ 'સધરા જેસગ' ને 'વનરાજ ચાવડા'—ની કથાઓ દ્વારા ભૂત મહત્તા સજીવન કરવાના પ્રયત્ન શરૂ થયા

'ગુજરાત'—એક, અવિભાજ્ય, અભેદ્ય અને અજરામર—જીવંત વ્યક્તિ-રૂપે—કલ્પનામાં ને ભાવનામાં સરજાવા લાગ્યું.

આ ભાવનાના ઘડતરમાં કાળે કરીને બીજાં પણ કેટલાંક તત્ત્વોએ સારો ભાગ ભજવ્યો છે.

નર્મદ પછી તો ઘણા ગુજરાતીઓએ આ ભાવના સાહિત્ય દ્વારા વ્યક્ત કરી છે. 'ગુણવતી ગુજરાત',[1] 'ધન્ય હો ધન્ય જ પુણ્યપ્રદેશ, અમારો ગુણિયલ ગુર્જર દેશ',[2] 'જય ગાઓ, જય ગાઓ, ગુર્જર ગિરાનો જય ગાઓ', [3] 'ગુજરાત મોરી મોરી રે'. [4] 'આમ આ ભાવના પૂરેપૂરી પોષાઈ છે. નવલકથાકારોએ સરજેલાં ગુજરાતી વીરોના કાલ્પનિક વ્યકિતત્વે એને આશ્રયસ્થાન પૂરું પાડ્યું છે. સાહિત્ય ને સરકારના સંશોધનથી સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે. સામુદાયિક પ્રવૃત્તિઓમાં સાથે કામ કરતા કેટલાય ગુજરાતીઓએ અસ્મિતાનો સાક્ષાત્કાર કેળવ્યો છે. આ અસ્મિતાની અજબ ભાવનાને ગોષવા સ્વ. રણજીતરામ આ પરિષદની સંસ્થા સ્થાપી ગયા. ગુજરાતીઓ ગુજરાત સરજે એ એમના જીવનની મહત્ત્વાકાંક્ષા હતી.

પણ આવી ભાવના જો પ્રાંતીયતાની સિદ્ધિ સારુ સેવાય તો તે જરૂર સંકુચિત બને, અને રાષ્ટ્રવિધાનની આડે આવે. હિંદ જેવા વિશાળ દેશમા જ્યાં સામાજિક અને ધાર્મિક ભેદોના ઢગલા પડ્યા હોય ત્યાં પ્રાંતિક પ્રેમની નિસરણી દ્વારા જ રાષ્ટ્રીયતાની સિદ્ધિને પહોંચાય—જો આ ભાવો પરસ્પર વિરોધી ન હોય તો.

હિંદથી અલગ ગુજરાતનું અસ્તિત્વ ન હોવું જોઈએ, ન હોઈ શકે. એ મહારાષ્ટ્ર સાથે, સિંધ સાથે, મારવાડ ને રજપુતાના સાથે નિકટ સંબંધે સંકળાયેલું છે. રાષ્ટ્રીયતા જે વર્તમાન પર શાસન કરે છે તે તો ચિરકાલ ચાલવાની, અને બધી પ્રાંતિક વિશિષ્ટતા હિંદની પ્રચંડ એકતામાં ભળી જાય તો જ જીવનસાફલ્ય પ્રાપ્ત કરશે

અને ગુજરાતી અસ્મિતાએ આ સાફલ્ય પ્રાપ્ત કર્યું છે, તે ગાંધીજીને પ્રતાપે આ વૈષ્ણવજન, રાષ્ટ્રવિધાયક દિવ્યદર્શી મહર્ષિએ રાષ્ટ્રસેવાને ગુજરાતીઓનો ધર્મ બનાવી તેમને વ્યવસ્થિત અહિંસાત્મક

---

૧. ખબરદાર. ૨. નાનાલાલ. ૩. મનહરરામ. ૪. ઉમાશંકર.

રાષ્ટ્રીય વિગ્રહની શક્તિનો અને ક્રાંતિનો ઓપ આપ્યો છે રાષ્ટ્રીયતાને ગુજરાતી અસ્મિતાનુ લક્ષણ બનાવી જે વિરોધી ભાવનાઓ થાત તેનું સમીકરણ કર્યું છે એમનુ પ્રચંડ વ્યક્તિત્વ, એમનુ રાષ્ટ્રવિધાન, એમના દિગતગામી પરાક્રમો અને એમની મજીવની પ્રેરણાથી રાષ્ટ્રીય ઇચ્છાશક્તિના અગભૂત થવુ ગુજરાતીને સરળ થઈ પડ્યુ છે ગુજરાતની અસ્મિતા આમ રાષ્ટ્રીય આત્મસિદ્ધિનુ પગથિયુ બની રહે છે

પોતાની ભાષા ને સાહિત્ય, પોતાના સસ્કાર ને જીવનને અસ્મિતા વડે સજીવન કરતો ગુજરાતી રાષ્ટ્રધર્મનો સાક્ષાત્કાર કરે કે એ સકલ્પ વડે 'ગુજરાત'ને જીવત કરે છે, 'રાષ્ટ્રમા એને નિર્મૂળ કરી દેવા માટે—જેમ યોગી સમાધિ આદરે છે, પોતાના આત્મને પરબ્રહ્મમય બનાવી દેવા માટે—તેમ

૫

આ અસ્મિતા સાહિત્યને કેમ પ્રેરે છે તે તપાસતા પહેલા, ફરીથી, એ કેવી રીતે વ્યક્ત થાય છે તે તપાસીએ

૧ ગુજરાતીઓની ભાષા ને સાહિત્ય, સસ્કાર, પરાક્રમ ને પ્રવૃત્તિનો આપણે વિચાર કરીએ છીએ

૨ આપણી જ કલ્પનાવડે સમસ્ત ગુજરાતીઓના બન્યા 'ગુજરાત'ને આપણા મન આગળ રાખતા શીખીએ છીએ

૩ ગુજરાતને હિંદી રાષ્ટ્રના એક અવિયોજ્ય અગ તરીકે જ કલ્પીએ છીએ

૪ આપણી સામુદાયિક એકતા જેમા મૂર્તિમાન થઈ છે એવી 'ગુજરાત'ની ભાવના પર એકાગ્ર ચિત્તે ધ્યાન કરતા આપણા આચાર, વિચાર ને સકલ્પ આ ભાવનાથી જ પ્રેરાય છે

૫ પરિણામે આ ભાવના સેવના ને સમૃદ્ધ કરના ગુજરાતીઓનો સઘ મોટો થતો જાય છે

૬ એવુ સાહિત્ય પ્રગટે છે કે જેથી આ ભાવના પ્રસરે, એ અક્રિય સકલ્પમા પરિવર્તન પામે, અને એ ભાવનાથી પ્રેરાયેલા ગુજરાતીઓની ઇચ્છાશક્તિઓ એક જ જાતીના વણાટમા ગુથાઈ જાય

૭ એ ભાવનાની સિદ્ધિ અર્થે સેવેલી સંકલ્પજન્ય સામુદાયિક પ્રવૃત્તિઓ શરૂ થાય છે કે જેથી એકતાનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે.

૮ આ ભાવનાની જ્યોત કાયમની જળે અને ઇચ્છાશક્તિઓનું ગૂંથણ સરળ બની સમગ્ર ઇચ્છાશક્તિ—'કલેક્ટિવ વીલ'—પ્રભાવશાળી બને માટે સામુદાયિક હુંહુત્સુતા કેળવાય છે, આદરેલો વિગ્રહ ભલે બળનો, હોય જ્ઞાનનો, રસનો હોય કે નીતિનો. એમાં સમાઈ જતી કલ્પના, સંકલ્પ ને સિદ્ધિ દરેક માણસ પોતાના વ્યક્તિત્વના બળ વડે જ પ્રાપ્ત કરી શકે છે.

'ગુજરાત' ને 'રાષ્ટ્ર'ની મહાવ્યક્તિ સરજવાની શક્તિમાં દરેક માણસની ઇચ્છાશક્તિનો હેતુપૂર્વક સ્વીકારાયેલો પ્રયત્ન રહ્યો છે. આજ વસ્તુ આપણા પૂર્વજો વચ્ચેનો, તેમ જ આપણા જૂના સમુદાયો અને આજના સમુદાયો વચ્ચેનો મૌલિક ફેર બનાવે છે. આપણા પૂર્વજો અનિચ્છાએ સામુદાયિક ભાવનાના અંગ બની રહેતા; આપણે સંકલ્પપૂર્વક આપણને જોઈતી સામુદાયિક ભાવના સરજી શકીએ છીએ.

જૂના સમુદાયો સમયના પ્રવાહમાં પેઢીધર કેળવેલા આચારવિચારથી અને વ્યક્તિગત સર્જકતાના અભાવથી ચાલ્યા કરતા. બ્રાહ્મણ જન્મે થવાય; બ્રાહ્મણને પોતાના સમૂહ માટે ગર્વ હોય; પણ બ્રાહ્મણત્વના ખોખામા એ જન્મે, જીવે ને મરે; અને પોતાના આચારવિચાર માટે તે પ્રાણ પણ આપે તો ને વારસામાં મળેલા બંધનોને બળે જ. બ્રાહ્મણમાત્રના બન્યા વિરાટપુરુષની કલ્પના તે સેવતો નથી, અને સ્વતંત્ર પ્રયત્ને તેને જીવંત સ્વરૂપ આપતો નથી.

આજના સમુદાયો સ્વતંત્ર વ્યક્તિઓની અંગત કલ્પના દ્વારા સર્જાય છે, ને વ્યક્તિગત સંકલ્પ ને ઇચ્છાશક્તિને બળે જીવંત રહે છે.

'ગુજરાત' ને 'રાષ્ટ્ર' બંને વ્યક્તિગત કલ્પના, સંકલ્પ ને શક્તિઓનાં ગૂંથણથી પ્રગટે છે. એ બધાનો પાયો ને આશ્રય વ્યક્તિ છે, **સમૂહ નથી.**

અવિચળ એવા આ સત્યને કોઈ ઝાંખે એમ નથી. વ્યક્તિના વિકાસ વિના સૌંદર્ય નથી, સમૃદ્ધિ નથી, સામુદાયિક બળ નથી જ્યાં એ વિકાસને અવકાશ નથી ત્યાં જીવન નથી, પણ મૃત્યુની નિશ્ચેતન સમાનતા પ્રસરે છે.

ગયા સૈકામાં પ્રચલિત હતા તે વ્યક્તિવાદે માત્ર વ્યક્તિ **પર ભાર**

મૂક્યો, ને વ્યક્તિત્વની ગૂંથણી ધ્યાનમાં ન રાખી પરિણામે રાષ્ટ્રીય બળ ઘટ્યું. અને તેથી કેટલાક આજે કોઈ પણ પ્રકારે મેળવેલા સામુદાયિક બળની પૂજા કરી રહ્યા છે પણ જે સામુદાયિક બળ વ્યક્તિઓના અંગત સંકલ્પથી નથી રચાયું તે ગુલામોના જૂથના બળ જેટલું પાશવ છે ને તેટલું જ ટૂંકજીવી છે.

૬

વ્યક્તિત્વને સાહિત્ય ને કલા જોડે ગાઢ સંબંધ છે. બધું સરસ સાહિત્ય, ગમે તે કાળમાં કે સમુદાયમાં, પ્રખર ને સમૃદ્ધ વ્યક્તિત્વમાંથી જ ઝરે છે. જો નરસિંહ મહેતાનું વ્યક્તિત્વ ઘર છોડી, ગાંડા બની, ભગવાન ભજનામાં સાફલ્ય ન માનત, જો મધ્યકાલીન રજપૂત સંસારની શૃંખલાઓ ભેદી, સાધુડી બની દ્વારિકા નાસી જવાનું મીરામાં વ્યક્તિત્વ ન હોત તો એમના મુખમાંથી સદીઓ સુધી દઝાડતો ઊર્મિપ્રવાહ ક્યાંથી નીકળત? જે કવિ સૃષ્ટિનું મધ્યબિંદુ પોતાના વ્યક્તિત્વ પર નથી કેન્દ્રી શક્યો તેની કલ્પના સરસતાનું દર્શન નહીં કરી શકતી, તેનામાં સર્જકતા હોય તો યે નિર્બલ ને રોગિષ્ટ, તેની કલ્પના ચિરંજીવ સંતાન જન્માવી શકતી નથી. બધી સરસતા સમૃદ્ધ ને વિવિધરંગી વ્યક્તિત્વમાંથી જન્મે છે અને તેના વિકાસથી ખીલે છે.

તેથી જ રીતે સાહિત્યમાં સરસતાનું માપ પણ તેમાં પ્રતિબિંબિત થતા વ્યક્તિત્વ ઉપરથી નીકળે છે. આ વ્યક્તિત્વ બે રીતે દેખાય છે: અપરોક્ષ સ્વાનુભવ-કથનથી ને પરોક્ષ-પાત્રલેખનથી. મીરાંબાઈ ને દયારામ, આગળ ટૂંકે ભજન ગાતાં સ્વાનુભવકથન કરે છે ને વ્યક્તિત્વનું દર્શન કરાવે છે, નરસિંહ 'સુરતસંગ્રામ'માં ગવાતું પાત્ર ચીતરતાં તેને આછું આછું વ્યક્તિત્વ આપે છે પણ આપણા જૂના સમુદાયમાં વ્યક્તિત્વ અક્ષમ્ય ગણાતું. તેથી તે સાહિત્યકારોનું જે વ્યક્તિત્વ તેમની કૃતિઓમાં દેખાય છે તે અનેરું નથી. નરસિંહ મહેતા, મીરાંબાઈ ને દયારામ એ ત્રણ અપવાદરૂપ ઊભા થઈ જતાં કંઈક વ્યક્તિત્વ દેખાડ્યું પણ બાકીનાનું ક્યાં? પ્રેમાનંદનું ક્યાં? અને પરોક્ષ પાત્રલેખનમાં તો એ ક્યાંથી જડાવાય?

એટલે—

૧ જે સમુદાયમાં વ્યક્તિનો વિકાસ ન હોય ત્યાં સાહિત્યનો

વ્યકિતત્વદર્શન બહુ જ થોડું હોય છે અને તે પણ નછૂટકાનાં ઊર્મિકથન રૂપે જ;

૨ તે સમુદાયમાં પરોક્ષ—પાત્રલેખનમાં જીવંત વ્યકિતત્વ નહીં જેવું હોય છે. આ પરોક્ષ રીતે કરેલું પાત્રલેખન કાં તો (૧) કોઈ ગુણના પ્રતીકરૂપે કરવામાં આવે છે કે (૨) સામાજિક આદર્શના બીબાંરૂપે;

૩ અને જે સમુદાયમાં વ્યકિતત્વના વિકાસને અવકાશ હોય ત્યાં ઊર્મિકથન દ્વારા વ્યકિતત્વ સહેલાઈથી દર્શાવાય છે અને પાત્રલેખનમાં વ્યકિતત્વનિરૂપણ સરસ થાય છે.

હું પરોક્ષ વ્યકિતત્વનિરૂપણ પર આટલો ભાર મૂકું છું, કારણ કે તેમાં સાહિત્યકારના સર્જકતાની કસોટી છે. આત્મોર્મિનું કથન એ તો પંખીના કિલકિલાટ જેવું પણ નૈસર્ગિક ને પ્રયત્નહીણું હોય છે; એનો ઊભરો તો બહાર પડે ત્યારે જ શમે. પરોક્ષ પાત્રાલેખનમાં લેખકની સર્જકતા સર્જનહારની શકિતનું પ્રતિબિમ્બ ઝીલે, અને શબ્દો દ્વારા જીવંત સૃષ્ટિ નજર આગળ સર્જી મૂકે છે. આથી જ ઊર્મિકથન કરતાં નાટક સાહિત્યનું સ્વરૂપ વધારે સુંદર છે, જેમ સંગીતથી શિલ્પ ને ચિત્રકલા છે તેમ. તેથી જ બધા મહાન કલાસ્વામીઓએ 'ઑબ્જેક્ટિવ ક્રીયેશન' માં—પરોક્ષ સર્જનમાં—કૃતકૃત્યતા માની છે.

જ્યારે આચાર કે બળથી સમુદાય બંધાયેલો હોય ત્યારે સાહિત્યમાં મનુષ્યનું દર્શન પ્રતીક કે બીબાંરૂપે થાય છે. જ્યારે વ્યકિતત્વનો વિકાસ શરૂ થાય ત્યારે વ્યકિતત્વનિરૂપણમાં વાસ્તવિકતા આવતી જાય છે અને ત્યારે પરોક્ષ સર્જન દ્વારા સાહિત્ય સરસતાની ઊંચી કક્ષા પર ચઢે છે.

આપણા સંસ્કૃત સાહિત્યમાં વ્યકિતત્વનિરૂપણ ઘણે ભાગે બીબાંરૂપ છે. 'મહાભારત'માંના કેટલાક ભાગ ને 'મૃચ્છકટિક' જેવા અપવાદ છે ખરા; પણ થોડા જ. આથી નાટકો માત્ર નાટકરૂપી કવિતાઓ—'ડ્રામેટીક પોએમ્સ'—બને છે. વંશપરંપરાગત રચાયેલા સમુદાયનું આ પરિણામ છે.

ગ્રીસમાં પહેલેથી વ્યકિતત્વના વિકાસ માટે સંપૂર્ણ અવકાશ હતો. મનુષ્ય મનુષ્યરૂપે માન પામતો, માત્ર સમુદાયના અંગરૂપે નહીં. તેથી જ ત્યાં લોકશાસનનાં બી સૌથી પહેલાં નખાયાં, તેથી જ

ગ્રીક સાહિત્ય ને કલા એ અદ્ભુત સમૃદ્ધિ પ્રાપ્ત કરી સર્વ કલાના સત્ત્વરૂપ નાટકે પણ ત્યા જ અપૂર્વતા પ્રાપ્ત કરી ગ્રીક સાહિત્યકારોની કૃતિઓનુ પરોક્ષ વ્યક્તિત્વ નિરૂપણ આજે પણ જીવત નરનારીઓની સૃષ્ટિ નજર આગળ ઊભી કરે છે

ગુજરાતી સાહિત્યમા પહેલેથી વ્યક્તિવિકાસનો અભાવ જોવામા આવે છે હરિભદ્રની ‘સમરાઇચ્ચાકહા’ (ઈ સ ૭૫૦) ગુજરાતીએ લખેલી એક જૂનામા જુની વાર્તા છે એમા પાત્રો માત્ર ગુણના પ્રતીક છે ગુણસેન રાજા સદ્ગુણનું સ્વરૂપ, અને અગ્નિશર્મા બ્રાહ્મણ નીચતા ને ક્રોધનુ સ્વરૂપ બેમાથી એકેયને વ્યક્તિત્વ જ ન મળે ‘ઉપમિતિભવપ્રપચકથા’ (ઈ સ ૯૦૬) મા સદ્ગુણો ને દુર્ગુણો જ, મનુષ્યના નામ નીચે, વિહરે છે

હેમચદ્રાચાર્ય જેના અધિષ્ઠાતા હતા એવા યુગમા—હૈમયુગમા—ગુજરાતમાં અનેક કાવ્યો ને નાટકો લખાયા, કલાએ અનેક સર્જનાત્મક પ્રયત્નો કર્યા, પણ પાત્રને વ્યક્તિત્વ આપવા તરફ નજર ન ગઈ તે ન જ ગઈ એ નાટકો આજે રસથી વાચના અઘરા થઈ પડે તેમા કે નવાઈ? પૌરાણિક આખ્યાનોમા, સામાજીક કથાઓમાં એક રાજા ને બીજા વચ્ચે, એક સ્ત્રી ને બીજી વચ્ચે એક નગરશેઠ ને બીજા વચ્ચે માત્ર નામનો જ ફેર બધા માત્ર ‘ટાયૂપ્સ’—નિશ્ચેતન બીબા! ‘સુરતસગ્રામ’ની રાધા ને પ્રેમાનદના કેટલાક પાત્રોને કવિ સર્જકતાના આવેશમા આછુ આછુ વ્યક્તિત્વ આપે છે, પણ તેને સૌદર્યવિધાનનુ મૂળ બનાવવાનો પ્રયત્ન નથી

પણ નર્મદથી નવુ વિશ્વ રચાતુ થયુ ઊછળતો, કાદવ ઉછાળતો આવ્યો વ્યક્તિવાદ માનવસૃષ્ટિનુ મધ્યબિદુ સમૂહ નહી પણ વ્યક્તિ થઈ પોતાના વિચારો, અનુભવો અને આચાર દરેકને ઘડવાનો અધિકાર હતો, એટલુ જ નહિ, પણ તેને પોતાના જ રાખવા એ એનુ પ્રથમ ને અનિવાર્ય કર્તવ્ય મનાયુ આ દૃષ્ટિથી ઉચ્છૃખલતા આવી, સ્વચ્છદ આવ્યો ને બેપરવાઈ આવી, સાથે સ્વાનુભવી સાહિત્ય પણ આવ્યુ પોતાના વ્યક્તિત્વમાં આત્મશ્રદ્ધા જાગી, કલા ને સાહિત્યમા પ્રાણ આવ્યો, સાથે પોતાની કલ્પના ને

સંકલ્પ વડે ગુજરાતનું સામુદાયિક વ્યકિતત્વ રચવાની હિંમત પણ આવી. ગુજરાતીઓએ પોતાના ધર્મ ને સમાજનાં બંધનો શિથિલ કર્યાં, પોતાની કલ્પનાના બળ વડે, બધા ગુજરાતીઓ જોડે કંઠી બાંધી, નવી એકતા સર્જવા માંડી. આમ વ્યકિતત્વ વંશપરંપરાગત સામુદાયિક બંધનોમાંથી છૂટું થવા માંડ્યું અને સ્વેચ્છાથી નવાં જીવંત બંધનો બાંધવા લાગ્યું.

સાહિત્યમાં આ દૃષ્ટિબિંદુએ નવું ચેતન અર્પ્યું. પ્રતીકથી બીજું : બીજાંથી વ્યકિત. સામાન્ય અનુભવોને વિશિષ્ટ સ્વાનુભવ : એકધારા સાહિત્ય સ્વરૂપોને બદલે વ્યકિતગત સ્વરૂપાંતર : સમશીલતાને બદલે વૈવિધ્ય. આ આપણા સાહિત્યવિકાસનો ક્રમ થયો.

ગુજરાતમા વ્યકિતત્વવિકાસને અવકાશ નહોતો, સાહિત્યકારની દૃષ્ટિએ વ્યકિતત્વની કિંમત ઘણી ઓછી હતી અને તેના સમૃદ્ધ નિરૂપણમાં રહેલી સરસતા પારખવાની શકિત ગુજરાતીઓમાં હતી નહી. આ કારણોને લીધે અહીં સદીઓ થયાં નાટકનુ નામ ને નિશાન ન હતા. સ્વ રણછોડભાઈ ઉદયરામે અર્વાચીન નાટકની પ્રણાલી આરંભી, પણ એનું મૂળ તત્ત્વ તેમની કલાદૃષ્ટિની બહાર રહી ગયું.

અર્વાચીન ગુજરાતી સાહિત્યની પહેલી બે જીવંત વ્યકિતઓ—નવ વસંતનાં પહેલાં બે મઘમઘતાં કલ્પનાપુષ્પો—તે સરસ્વતીચંદ્ર અને કુમુદ: સાક્ષરશ્રી ગોવર્ધનરામની નવલકથાના એ બે અમર સ્તંભો. એના પહેલા ભાગમાં એ હસતાં, રડતાં, ઇચ્છા ને સિધ્ધાન્ત વચ્ચે ઝોલાં ખાતાં જીવતાં મનુષ્યો આપણા નિકટબાંધવો સમાં આપણા જીવનમાં વણાઈ જાય છે. એમનાં ટપકતાં અશ્રુઓ આપણને ભીંજવે છે, એમના પ્રેમ ને કર્તવ્યની જ્યોત આપણને હૂંફ આપે છે.

છેલ્લા ત્રીસ વર્ષોમાં ગુજરાતમાં વ્યકિત સામુદાયિક પરાધીનતામાંથી છૂટી થઈ, વિકાસનાં ક્ષેત્રો શોધતી ચાલી છે ન્યાતોના બંધન શિથિલ થયાં, કુટુંબની ઘટના બદલાઈ ગઈ. લગ્નની ગ્રંથિ પર ગુલામગીરીની મુદ્રા હતી તે ખરી પડી; સ્ત્રીઓના સ્વતંત્ર વ્યકિતત્વનો સ્વીકાર થયો. પ્રેમે જનતાની કલ્પના મુગ્ધ કરી. સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં પ્રેમની ભાવના વ્યકિતસ્વાતંત્ર્ય પર રચાઈ છે. પોતે જાતે ન સ્વીકાર્યાં હોય

એવા સામુદાયિક બંધનોની એ વિઘાતક છે, કારણ કે એનો આખો ખ્યાલ ને કલ્પના વ્યક્તિગત છે. જીવનમાં અને સાહિત્યમાં એને સ્થાન મળ્યે મનુષ્ય મનુષ્ય તરીકે સ્થપાય છે. આ બધાં વ્યક્તિત્વવિકાસનાં સીમાચિહ્નો છે.

જેમ આ વિકાસ વધ્યો તેમ વ્યક્તિત્વનિરૂપણ સમૃદ્ધ થતું ગયું. આ સદીની શરૂઆતમાં બે પાત્રો નવા સ્ત્રીત્વનું દર્શન કરાવે છે: શ્રી ગોવર્ધનરામની કુસુમ ને કવિ નાનાલાલની જયા—બંને સ્ત્રીઓ બંડખોર, વ્યક્તિત્વશીલ ને તેજસ્વી. શ્રી રમણભાઈનો ભદ્રંભદ્ર, અવિસ્મરણીય ને આડંબરધારી; શ્રી ધૂમકેતુનો ભૈયાદાદા ને શ્રી રામનારાયણ પાઠકની ખેમી, અને શ્રી દવે ને શ્રી ધનસુખલાલનાં વિપિન ને નિર્મળા—બધાં આબેહૂબ મનુષ્યો, ઝીણી મોટી શક્તિ અને અશક્તિઓનાં જીવંત ને ચેતનવંત વ્યક્તિઓ. હું તો વ્યક્તિત્વનિરૂપણનો જ રસિયો રહ્યો છું. જીવંત સ્ત્રીપુરુષો ચીતરાયાં છે કે નહીં એ સિવાય મને બીજી પડી જ નથી.

મનુષ્યના વ્યક્તિત્વનું સર્જન આમ સમૃદ્ધ થયે કલાદૃષ્ટિ વિશુદ્ધ થતી ગઈ છે. પણ જેને આપણે સ્વજનથીયે નિકટ ગણીએ એવાં કેટલાં પાત્રો આપણી કલ્પનાસૃષ્ટિમાં જીવતાંજાગતાં બેઠાં છે? વ્યક્તિત્વમાં આપણો રસ એટલો નથી વધ્યો. આપણે ત્યાં નવલકથા લોકોને રુચે છે પણ નાટક પર પ્રીતિ નથી, એ કોઈ પણ પુસ્તક વેચનાર કહી શકશે. હજી નવલકથા અને ઊર્મિકાવ્યમાં રાચવા જેટલી જ આપણી વ્યક્તિગત રસિકતા વિકસી છે. સફળ નાટક એટલે વાર્તાલાપ દ્વારા આલેખાતાં આચારાત્મક વ્યક્તિત્વોની સુરેખ ઘટના. આવા વ્યક્તિત્વવિહારી સાહિત્યમાં રસ લેવાની શક્તિ જોઈતા પ્રમાણમાં હજી ગુજરાતમાં નથી આવી, એટલે એ અંગે આપણી સર્જકતા ને રસિકતા બંને અધૂરાં છે.

૬ ઞ

આત્મોક્તિના સાહિત્યમાં વ્યક્તિત્વદર્શન કરાવવું સહેલ નથી. ઊર્મિકાવ્ય કે આત્મકથા એ આ સાહિત્યના લોકપ્રિય પ્રકારો છે, પણ કેટલુંય એવું સાહિત્ય જન્મતાં જ મૃત્યુ પામે છે, કારણ કે તેમાં સાહિત્યકારના વ્યક્તિત્વનું દર્શન થતું નથી. ઊર્મિકાવ્ય

રચતાં ઘણી વાર તે પોતાની ઊર્મિને બદલે પોતે કેવી ઊર્મિ કેળવવા માગે છે તેનુ કથન આવી જાય છે; આત્મકથામાં ઘણીવાર પોતે છે એવો નહીં, પણ પોતે કેવો હોવો જોઈએ અથવા પોતાને લોકોએ કેવો માનવો જોઈએ તેનું કથન આવે છે. અને પરિણામે આવા પ્રયત્નોમાં વ્યક્તિત્વદર્શન સ્પષ્ટ ને સુરેખ બનતું નથી; સનાતન માનવને બદલે આડંબરી નટનું એક કે વધારે સ્વરૂપનું દર્શન થાય છે ને કૃતિ સરસ બનતી નથી. પોતે હોય એવાનું જ દર્શન થવા દેવું એ માનવીને માટે આપણે ધારીએ છીએ એવી સરલ વસ્તુ નથી, જીવનભર સંસારની રંગભૂમિ પર આપણે નવા નવા ભાગો ભજવવા માગીએ છીએ અને તે ટેવ સાહિત્ય રચતી વખતે દૂર થઈ શકતી નથી. પણ જ્યારે કોઈ કલાપી પોતાનું દર્દ મુક્ત કંઠે ગાય છે, ત્યારે તે જેવા હતા તેવાનું, અને તેના નિર્બલ ને સ્નેહવશ, ભોળા, ઊર્મિઘેલા, પ્રણય ને પ્રતિષ્ઠા વચ્ચે કચરાતા આત્માના સમૃદ્ધ વ્યક્તિત્વનું દર્શન થાય છે. અને આપણે આટલે વર્ષે પણ તેને આપણા સનાતન સ્વજન ગણી કોટે વળગાડીએ છીએ.

પૂજ્ય ગાંધીજીના આત્મકથનમાં પણ તેવુંજ વ્યક્તિત્વદર્શન થાય છે. તેથી જ તે શિષ્ટ સાહિત્ય બને છે. સમૃદ્ધ ને ભાવનાશીલ વ્યક્તિત્વ: પ્રચંડ ઊર્મિથી ને શક્તિથી તરવરતું, આત્મનિર્ણિત નિયમોમાં વિકાસ પામતુ આપણે જોઈએ છીએ; અને આપણને પ્રતીતિ થાય છે કે એમાં દેખાતો, સત્યની શકિત અને માનવ નિર્બળતા વચ્ચે વિકટ મુસાફરી કરતો આત્મા આપણા સનાતન સ્વજનનો છે. અને આ પ્રતીતિથી એ કૃતિની કિંમત અંકાય છે. આ બે અમર ગુજરાતી કૃતિઓમાં બે તદ્દન ભિન્ન વ્યકિતત્વોનું દર્શન થાય છે. અને કલાપી ને ગાંધીજી, એ કૃતિઓ દ્વારા, આપણા જીવનસાથીઓ બને છે.

પરોક્ષ સાહિત્યમાં વ્યકિતત્વનિરૂપણ કરવું એમાં સાહિત્યકારની સર્જકતાની કસોટી છે. શબ્દશિલ્પીનો ખરો કીમિયો એમાં રહ્યો છે. કલાપી ને પૂજ્ય ગાંધીજી નૈસર્ગિક નિખાલસતાથી જે વ્યકિતત્વદર્શન કરાવે છે તે સાહિત્યકારને સમૃદ્ધ સર્જકશકિતથી કરવું પડે છે.

પાત્રસર્જનની એની પ્રયોગશાળા તપાસીએ

સાહિત્યકની સ્ત્રી મિત્રની સ્ત્રીને મળવા ગઈ છે સ્ત્રી ને મિત્ર બને વિશ્વસનીયતાની સપૂર્ણ કસોટીએ ચઢેલા છે એટલે એના હૃદયમા જરાય સદેહ નથી પણ માત્ર વિચાર આવે છે કે એ વિશ્વસનીય ન હોય તો! આમ કલ્પનાના શાત સાગર પર વહેમ ને ઇર્ષ્યાનો તરગ આવે છે, મિત્ર ને સ્ત્રી એકલા મળે, ન મળ્યો પ્રસગ મળે, ન કહેવાનુ કહેવાઈ જાય, ન ધાર્યો સ્નેહ સબધ ઊભો થાય, પોતાનુ જીવન વહેમથી વિષમય બને, સ્ત્રી અકારી બને, છોકરાના મુખ પર બીજાની રેખાઓ દેખાય—તો પોતે શુ કરે? લઢે, ઝગડે છૂટો પડે? કે ભગીરથ આત્મત્યાગથી હૃદયના ઝેર હૃદયમા શમાવી કર્તવ્યની મૂર્તિ બની રહે? પોતે કર્તવ્યમૂર્તિ બની રહેવાનો સકલ્પ કરે છે, નવી સૃષ્ટિમા નવી જીવનદીક્ષા સ્વીકારતા એનુ વ્યક્તિત્વ નવા રગે ચમકે છે

સાહિત્યકાર કલમ પકડે છે અને આ ઉડ્ડયનોથી પોતાના વ્યક્તિત્વને આવેલા નવા નવા રગો કાલ્પનિક નવી સૃષ્ટિ પર ચમકાવે છે સ્ત્રી ને મિત્ર પણ નવા સ્ત્રીપુરુષો બની જાય છે, અને એ બે વચ્ચે પોતે નાયક બની કાલ્પનિક આત્મકથા લખી રહે છે

સ્વ કલાપી ને પૂજ્ય ગાધીજીને પોતાનુ હતુ તેવુ વ્યક્તિત્વ દર્શાવવુ હતુ, સાહિત્યકારને પોતે રચેલી નવી સૃષ્ટિમા તે હોત તો પોતાનુ વ્યક્તિત્વ કેવુ બનત તે દર્શાવવુ રહ્યુ આ ક્રિયા અઘરી બને છે, કારણ કે—

(૧) પોતે ક્ષણ વાર અનુભવેલી ઊર્મિને ઘૂટી ઘૂટીને સુદર સ્થાયી સ્વરૂપ આપવાની એનામા રસવૃત્તિ જોઈએ

(૨) એ ઊર્મિના સ્થાયી સ્વરૂપને કલ્પનામા મહલાવતા નવી સામગ્રી એકઠી કરવાની એની કલ્પનામા સમૃદ્ધિ જોઈએ,

(૩) એ સામગ્રી એકઠી કરી તેમાથી એ સ્વાનુભવને અનુકૂલ વાસ્તવિક સૃષ્ટિ રચવાની શક્તિ જોઈએ

(૪) એ નવી સૃષ્ટિને યોગ્ય પોતાનુ વ્યક્તિત્વ પલટાવને માટે વિકસાવવાની શક્તિ જોઈએ

(૫) પોતે વિકસાવેલા વ્યક્તિત્વને અણદીઠી સૃષ્ટિમાં નવા અનુભવો કરાવવાનું કલ્પનાવૈવિધ્ય જોઈએ અને

(૬) એ નવા સમગ્ર વ્યકિતત્વની રેખાઓમાં કંઈક મૌલિક માનવતાની અપૂર્વતાનો ભાસ થવો જોઈએ.

આ બધી શકિતઓના સંયુકત ઉપયોગથી સાહિત્યકાર નવી કલ્પનાસૃષ્ટિ ઊભી કરી, પોતે, નવે ને સમૃદ્ધ સ્વરૂપે ન જોયેલા અનુભવો કરે છે, અને તે કાલ્પનિક સ્વાનુભવો શબ્દોમાં વ્યકત કરે છે.

તે જ પ્રમાણે પોતાની સ્ત્રી ને મિત્રનાં વ્યકિતત્વો જે એને પરિચિત છે તેમાં એ નવા રંગો ઉમેરે છે. નવી સૃષ્ટિમાં શકય એવા અનુભવો એમની પાસે કરાવવા માટે તે પર–સ્વભાવ–પ્રવેશ કરે છે : જેમ લોકો અસલ પર–કાયા–પ્રવેશ કરતા હતા તેમ. અને પરિણામે એનો મિત્ર ને સ્ત્રી જુદાં જ બની જાય છે.

આ ત્રણે પાત્રોમાં—

(૧) અસલ વ્યકિતત્વનો પાયો એટલો મજબૂત જોઈએ અને લેખકની સર્જકતા એટલી સપ્રમાણ જોઈએ કે નવું વિકસિત વ્યકિતત્વ વાસ્તવિક લાગે અને તેણે કરેલાં કાલ્પનિક અનુભવો સ્વાભાવિક લાગે;

(૨) અને છતાં એ વ્યકિતત્વ એવું હોય કે જેથી પુસ્તક વાંચનારને એમાં પોતાનો જ મિત્ર કે સાથી દેખાય

આમ સાહિત્યમાં આલેખેલું વ્યકિતત્વ આબેહૂબ કોઈ જીવંત અને પરિચિત માણસનું હોય એવું લાગે, અને છતાં એમાં એવી હૃદયસ્પર્શતી માનવતા હોય કે અનેક વાચકોને પોતાના કોઈ સ્વરૂપનું પ્રતિબિમ્બ એમાં જણાય, ત્યારે વ્યકિતત્વનિરૂપણ સફળ થયું ગણાય. આપણા સાહિત્યમાં કવિની સર્જકતાએ પેદા કરેલી પ્રૌઢમાં પ્રૌઢ ને જીવંતમાં જીવંત વ્યકિત હોય તો તે શ્રીકૃષ્ણની. ભાગવત-કારની કલ્પનાનું એ પરિણામ છે. એ પુરાણમાંથી નીતરતી વ્યકિતનાં લક્ષણ લાડકડા પુત્રનાં, છેલબટાઉ વરણાગિયાનાં, પ્રેરક સખાનાં, સર્વદર્શી મુત્સદ્દીનાં લાગે છે; અને છતાં એનાં દરેક સ્વરૂપમાં સર્વ સામાન્ય માનવ હૃદયની કેઈ ઊર્મિઓને મૂર્તિમાન કરતી અપૂર્વતા દેખાય છે. જેમ કાવ્યસૃષ્ટિ આપણી વ્યવહારુ સૃષ્ટિ કરતાં અપૂર્વ

હોય છે, તેમ સાહિત્યમા નિરૂપેલુ વ્યક્તિત્વ વ્યવહારમા દેખાતા વ્યક્તિત્વથી વધારે સંવાદી છે

આમ વ્યક્તિઓ સર્જતો સાહિત્યસ્વામી, શિલ્પીઓની સર્જકતાને નીસર્ગની, વિશ્વકર્માની કલાને વધારે અપૂર્વ બનાવે છે આમ હોમરનો એકીલીસ ને હેક્ટર, વાલ્મીકિના રામચદ્ર, કાલિદાસની શકુતલા ને ભાગવતકારના શ્રીકૃષ્ણ, શેક્સપિયરના હેમ્લેટ, ઓથેલો ને ફૉલ્સ્ટાફ, હ્યુગોનો ઝા વાલઝા અને ડૂમાનો દાર્તાન્યા, ઇબ્સનની નોરા ન ટૉલ્સ્ટોયની એના કેરેનીના ખરા સ્ત્રીપુરુષોથી વધારે માનવી છે, ખરી વ્યક્તિઓથી વધારે અપૂર્વ છે, અને તેથી આપણી જીવનયાત્રાના અણવિછોડયા ને નિકટના સાથી બને છે અને સાહિત્ય આમ જીવનથી વધારે સત્ય ને પ્રબળ બની આપણને, વધારે સમૃદ્ધ અનુભવસૃષ્ટિનું સામ્રાજ્ય અપાવે છે

૭

છેલ્લા પચીસ વર્ષમા ગાધીજીએ હિદના અને ખાસ કરીને ગુજરાતના ઘડતરને નવુ સ્વરૂપ આપ્યુ છે એ વિધાયકનો અગત ફાળો પલવાર નજર બહાર રાખી આપણે એમણે પેદા કરેલા બળનુ નિરીક્ષણ કરીએ

ગાધીવાદ એટલે શુ ? એના અગો કયા ?

ગાધીવાદનુ પહેલુ અગ સત્ય સત્ય એટલે દરેક માણસે પોતાના સ્વભાવ ને સ્વાનુભવની કસોટીએ ચઢાવેલો સ્વધર્મ આ સત્ય તે દરેકનુ પોતાનુ જ નીરાળુ, એની અને એના ઈશ્વર વચ્ચે બાધેલો બ્રહ્મસબધ, જેને માટે એ પ્રાણ પાથરવા તૈયાર હોય તે દૃષ્ટિ આમ માનવીનુ વ્યક્તિત્વ સત્ય સ્વરૂપે પોતાનો વિકાસ શોધે છે અને કર્તવ્યની કસોટી પર ચઢી વિશુદ્ધ અને બલિષ્ઠ બને છે અને જેમ જેમ આ સત્યના સ્વરૂપ પર ભાર મૂકાય તેમ તેમ આ વ્યક્તિત્વ વધારે ભવ્યતા પ્રાપ્ત કરે છે

ગાધીવાદનું બીજુ અગ અહિસા છે અહિસાનો અર્થ એક વખત 'અમારિ' થતો હતો કુમારપાલ રાજાના રાજ્યકાલમા જૂ મારનારે 'જૂકાસહિકા' બધાવી પાપનુ પ્રાયશ્ચિત કર્યું હતું આ

વ્યક્તિગત બળને ગાંધીજીએ સામુદાયિક ઉપયોગમાં આણ્યું અને તેમાંથી સત્યાગ્રહનું વજ્ર ઘડ્યું. પોતાની દૃષ્ટિએ નીરખેલા સત્યથી ન ચળવાનો સંકલ્પ તે સત્યાગ્રહ: આ એનું વ્યક્તિગત સ્વરૂપ; એ જ્યારે સમુદાય દ્વારા આરંભાય ત્યારે એ આગ્રહમાં અનેકનાં સત્યો સમાઈ જાય, અનેકોની કલ્પના ને સંકલ્પ એકાકાર બને અને અનેક વ્યક્તિત્વોની ગૂંથણી થઈ જાય. આ સામુદાયિક સત્યાગ્રહથી જુદા જુદા વર્ગો ને ધર્મોનાં નરનારીઓને એક જ સક્રિય સંકલ્પ દ્વારા રાષ્ટ્ર સર્જતાં આપણે દીઠાં છે. ફ્રાંસ જેવા દેશોએ હિંસાત્મક વિગ્રહો દ્વારા સંકલ્પ સિદ્ધ કરી રાષ્ટ્ર રચ્યું છે. પણ એ વિગ્રહો તો વિકટ હતા અને લાંબો કાળ ચાલેલા. હિંદે અહિંસાત્મક વિગ્રહથી થોડે ભોગે ને ટૂંક વખતમા એ ભાવના સિદ્ધ કરી. આનું કારણ એટલું જ કે અહિંસાત્મક વિગ્રહમાં વ્યક્તિગત સંકલ્પ—સ્વેચ્છાએ સ્વીકારેલા ત્યાગને વધારે સ્થાન હતુ. અને તેથી તેમાં જોડાનારને વધારે વ્યક્તિબળ કેળવી સામુદાયિક ઇચ્છાશક્તિના અંગ બનવું પડતું. આમ ગાંધીજી જગતના સમયબલના અધિષ્ઠાતા બને છે. એમની પ્રેરણાથી વ્યક્તિત્વ વિકસ્યું છે અને સામુદાયિક એકતા સર્જવાનું દરેકને સહેલું થઈ પડ્યુ છે.

ગાંધીવાદ સ્પષ્ટ કરે છે કે વિકાસ પામેલું વ્યક્તિત્વ અને સંકલ્પજન્ય સમુદાય બે સાથે રહી શકે છે. ખરું જોતાં જેમ વ્યક્તિત્વ વિકસે તેમ સમુદાય; વ્યક્તિઓની સંકલ્પગૂંથણીથી વધારે પ્રબલ અને ગતિમાન બને, વ્યક્તિ અને રાષ્ટ્ર બન્ને ભાવના પરસ્પરાવલંબી થાય.

૮

સાહિત્યમાં પણ આનું જ પ્રતિબિમ્બ દેખાય છે. વ્યક્તિત્વનું સૌંદર્ય સાહિત્યકારો વધારે ને વધારે નીરખતા જાય છે. અને સાથે હેતપૂર્વક આદરેલા પ્રયત્નથી જનસમૂહની ઉત્તરોત્તર વિસ્તરતી સમગ્ર એકતા વધારે ને વધારે અનુભવતા થયા છે. ગરીબો ને દલિતોના અનુભવોનાં વર્ણનો સાહિત્યમાં ઊતરવા લાગ્યાં છે. સામાજિક અન્યાય કવિઓના હૃદયમાં જ્વાલા પ્રગટાવે છે. રાષ્ટ્રની ભાવના તો સાહિત્ય માત્રમાંથી નીતરે છે. પણ તે ઉપરાંત કવિ જગતના પીડિતોને પણ સમુદાય કલ્પી તેના તરફ પોતાના ભાવો વહેવડાવે છે.

કવિ નવી દૃષ્ટિ કેળવે છે

'મન ! કાંક નિહાળના તારલિયા, કાળા કેદખાના કેરા જે સળિયા,

એના ક્રંદન શું નથી સાંભળિયા ?

એની ભીતર મૌન એકાકી રીબાઈ રીબાઈ હજારોના પ્રાણ દમે,

ત્યારે હાય રે હાય કવિ ! તુને સાગરતીર કેરા ગોખે ગાન ગમે ?' ૨

કવિ એ સમુદાય રચવા કાલ્પનિક વિપ્લવની નોબતો વગાડે છે.

અમે કંટકનો પુનિત તાજ પહેરી શિર પરે આજ પીડિત દલિતોનાં
રાજ રચવાને આવ્યા

અમે જુગ જુગ કેરા કંગાલ ભાગી નરકોના દ્વાર દેતા ડગ એ તાલ
ધરણી પર આવ્યા ૩

વળી કવિનો ભાવ ઊભરાય છે

ભૂખે શું ભૂખ્યાને જળ બસ સિંચ્યે ટાઢક વળે ?

તરસ્યા અંગોને જળથી કયમ રે દૂધ જ મળે ?

દરિદ્રી નોધારા હૃદય જળ દેખી કયમ ઠરે ? ૩

પણ એક જ ચેતવણી આપું. સમસ્ત જગતને પોતાની આર્દ્રતાના સમભાગી કરવાની જેમને ઇચ્છા હોય તે પણ એ ન ભૂલે કે સાહિત્યમાં વ્યક્તિનું સ્થાન ભૂલવું એ તો વૃષ્ટિને એના રોપ પર ફાંસી ગોઠવવા જેવું છે. વ્યક્તિનો પ્રેમ અને અશ્રુ, ભક્તિ ને વિભાર, અસ્મિતા અને કલ્પના, સ્વાનુભવ ને સ્વદૃષ્ટિ એ જ જીવન ને સાહિત્યના બળો છે, એના વિનાનું ગદ્ય, નર્મ કે વૃષ્ટિ વર્ણવતું સાહિત્ય એ તો માત્ર કાચવું છે. જેને ગમતી ન ગમતો હોય તે સમષ્ટિના આવેશે, જેને વ્યક્તિની સુરગીઓ ન પ્રેરે ને ભાતે ગામડાની 'ગોરી'ની પ્રેરણા ને પણ વ્યાપકતાની ભાવનાથી નકારનારા એકુંગોના અંતિ જીવનના ત્યાં દર્શન થતા નથી ત્યાં સાહિત્ય નથી ને સર્જન નથી

૧ મેઘાણી 'યુગવન્દના'

૨ મેઘાણી એકતારો

૩ સુન્દરમ્ 'કાવ્યમંગલા'

૯

આ સંમેલન આગળ કેટલાક વ્યવહારુ પ્રશ્ન પડયા છે તેનો ઉલ્લેખ અસ્થાને નહીં ગણાય.

૧. ગયા સંમેલનને કરેલી ભલામણ મુજબ પરિષદના બંધારણમાં સુધારા સૂચવવા મધ્યસ્થ સભાએ એક સમિતિ નીમી હતી. પૂ. ગાંધીજી અસ્વસ્થ તબિયતને લીધે એના કાર્યમાં જોડાઈ શકયા નથી. પણ બાકીના સભ્યો એકમતે સૂચનાઓ રજૂ કરવાની આશા રાખે છે. એ સૂચનાઓના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે છે:—

(અ) આજે પરિષદનું તંત્ર છે તેને ઘણે અંશે સમવાયતંત્ર બનાવવું;

(આ) મધ્યસ્થ સભા મોટી કરવી અને તેના કેટલાક અધિકાર કાર્યવાહી સભાને આપવા

૨. બીજો પ્રશ્ન ગુજરાતી લિપિનો છે:

(અ) જે અક્ષરો દેવાનાગરી સ્વરૂપમાંથી ચળ્યા છે તેને પાછું અસલી સ્વરૂપ આપવું કે કેમ ?

આ) દેવનાગરી અક્ષરોને વધારે વૈજ્ઞાનિક કે સુઘડ સ્વરૂપ આપવું કે કેમ ? આપવું તો કેવું આપવું ? અને તે અત્યારે આપી શકાય એવા સાનુકૂલ સંયોગો છે કે કેમ ?

૩. અને આ બધાથી મોટો પ્રશ્ન તો એ છે કે તમે આ સંસ્થાને કેવું સ્વરૂપ આપવા માંગો છો ?

રણજીતરામે સાહિત્ય પરિષદને ને ગુજરાતી સાહિત્યને સંસ્કારનું મંદિર કલ્પ્યુ હતું; મને એ ગુજરાતી અસ્મિતાની પ્રયોગશાળા રૂપે દેખાઈ છે. અહીં ગુજરાતીઓ રાજકીય ને ધાર્મિક ભેદો છોડી ગુજરાતી તરીકે ભેળા મળી શકે; ગુજરાતના સાહિત્યરસિકો એમાં સરસતાની લહાણ કરી શકે; ગુજરાતી વિદ્વાનો ને કલાકારો અહીં આદર્શો અને પદ્ધતિની આપ લે કરી શકે; ગુજરાતનું જીવન, સાહિત્ય, નાટક, નૃત્ય, સંગીત ને કલા દ્વારા સર્વાંગસુંદર બનાવવાના પ્રયત્નો

ઊભી થઈ શકે, ગુજરાત ને મહાગુજરાતમાં વસનારાઓને એ દ્વારા સામુદાયિક અસ્મિતાની સિદ્ધિ સાંપડી શકે.

હું આ પ્રશ્નનો નિકાલ કરવા આ સમેલનને વિનવું છું. તમારે માત્ર એ વર્ષ નથી, વચમાં મંદ મંદ કાર્ય કરતી સંસ્થા ચલાવવી હોય, તો તો વધારે કંઈ કરવાની જરૂર નથી. તો વેપારીઓ વેપાર કર્યા કરો, સાહિત્યકારો ટીકા કર્યા કરો અને ગુજરાતની અસ્મિતાનો વ્યય થવા દો. મેં ૧૯૦૬થી એમ થવા ન દેવાના પ્રયત્નો આરંભ્યા હતા. પણ દસ વર્ષે મારે કબૂલ કરવું પડે છે કે નોકરી રૂપે ગુજરાતીઓ આ માર્ગે ચાલવા તૈયાર નથી. પણ જો તમારી રુચિ એવી હોય કે પરિષદ દ્વારા અસ્મિતાની ગંગા વહેતી મૂકવી છે તો માત્ર દર વર્ષે કામ નથી આવવાનું. બંધારણના નિયમો ફેરવે પણ સરઘસમાં વધારે મેળન નથી આવવાનું. કાર્યકરોની, પ્રચારની ને પૈસાની જરૂર પડશે, અતિન્ન ઉત્સાહ વગર ચાલવાનું નથી. સ્થળે સ્થળે જુદી સાહિત્યસભાઓ સ્થાપવી પડશે કે ચેતનની કડી પડશે. જ્યાં જ્યાં ગુજરાતીપણાનું ભાન કમી થયું છે કે ધીમું થયું છે ત્યાં તેને ફરી પ્રગટાવવું પડશે.

પ્રચાર, સામયિક, સંમેલન ગુજરાતના આ અનુપૂર્વ [illegible]ને તમારે અપનાવવા છે? મહાગુજરાતમાં પરિષદની પ્રતિષ્ઠા પ્રસારવી છે!

તમારી હિંમત અને દૃઢ સંકલ્પના પર આ સૂત્રોના [illegible] આપવાનું હું માગી રહ્યો છું.

★

શબ્દસૂચિ

અ

ઝ

ટ

ફ

ભ

 લ

શ

★